જૈન સિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૪૧ મો

મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો

卐

જૈન ધર્મ એક જ છે
એજ ખરો મોક્ષ માર્ગ છે
તેમાં
ફાંટા હોઈ શકે જ નહિ
સંપ્રદાય વાદ અને
સંપ્રદાય મોહ ભવ-
ભ્રમણ વધારનાર છે
મૂળ શુદ્ધ જૈન ધર્મ જ
ત્રાણરૂપ, શરણરૂપ છે
માટે
મૂળ શુદ્ધ સત્ય ધર્મ
સમજવો અને અનુસરવો
એ જ જૈનોનું કર્તવ્ય છે

卐

લેખક સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

અર્પણ

જે

મહાનુભાવો

(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા)

મિથ્યાત્વનો એક અંશ પણ

પોતાનામાં રહેવા દેવા

ઇચ્છતા નથી અને

મૂળ શુદ્ધ જૈન ધર્મને

અનુસરવાને ઇચ્છે છે

તે સર્વ

મહાનુભાવોને

સપ્રેમ

અર્પણ

☆

સાધુઓ, શ્રાવકો, સર્વ જૈનો યાદ રાખે કે—

ભગવાનને સર્વજ્ઞ ન માને તેને
જૈનધર્મ મિથ્યાત્વી ગણે છે.

❀

ભગવાનના વચનના ખોટા અર્થ કરે
અથવા સાચા અર્થ છુપાવે તેને
જૈનધર્મ મિથ્યાત્વી ગણે છે.

❀

ભગવાનના વચનોમાંથી એક વચન
સ્વીકારી બીજું વચન ન સ્વીકારે તેને
જૈનધર્મ મિથ્યાત્વી ગણે છે.

❀

પોતાની નિર્બળતાથી સંયમમાં લીધેલી
છૂટ ભગવાનને નામે ચડાવે તેને
જૈનધર્મ મિથ્યાત્વી ગણે છે.

❀

ભગવાનના વચનોમાં ઉમેરો કે ફેરફાર કરી
ભગવાનની સર્વજ્ઞતાને બાધા પહોંચાડે
તેને જૈનધર્મ મિથ્યાત્વી ગણે છે.

❀

પ્રસ્તાવના

જૈન ધર્મના જુદા જુદા સંપ્રદાયોની એકતા કેમ થાય તેનો વિચાર કરવા માટે, ધર્મમાં જુદાઈ થવાના એટલે સંપ્રદાયો થવાનાં કારણો જાણવાની જરૂર રહે છે. અને તે કારણોમાં સત્ય શું છે અને ભૂલ કોની છે તે જાણવાની જરૂર રહે છે. કારણ કે ભૂલની સમજ પડે ત્યારે ભૂલ કરનારને તે ભૂલ સુધારવાની ઇચ્છા થાય,

જ્યાં સુધી સંપ્રદાયવાદીને પોતાની ભૂલની ખબર પડે નહિ ત્યાંસુધી તે પોતાની માન્યતાને સાચી જ માને તેથી ભૂલ સુધારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ.

દરેક સંપ્રદાયને પોતાની ભૂલની ખબર પડે અને તેની ખાત્રી થાય તો પછી સત્યધર્મ તરફ વળવાનું તેનું દિલ થાય. અને ત્યારે બધા સંપ્રદાયોમાં એકતા થવાનો સંભવ પ્રાપ્ત થાય. તેથી જૈન ધર્મની એકતા સાધ્ય કરવા માટે સંપ્રદાયોમાં જે જે ખોટી માન્યતાઓ ઘર કરી બેઠેલી છે તે બતાવવાની જરૂર રહે છે.

બે વર્ષ પહેલાં "જૈન ધર્મ અને એકતા" નામનું પુસ્તક પ્રગટ કરીને મે મતભેદના મુખ્ય ચાર મુદ્દાઓ સંબંધી વિવેચન કરીને એકતા અથવા સમન્વય કેમ થાય તે બતાવવાનો પ્રયત્ન કર્યો હતો.

તે ઉપરાંત મતભેદના ઘણા મુદ્દાઓ બાકી છે અને તે દરેક મુદ્દાનો શાસ્ત્રીય રીતે વિચાર કરીને સત્ય શું છે તે બતાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેથી આ પુસ્તકમાં કેટલાક મતભેદો સંબંધી ઐતિહાસિક વિગતો તથા શાસ્ત્રીય રીતે વિસ્તૃત વિવેચન સહિત છણાવટ કરવામાં આવેલ છે. અને તે દરેકમાં સત્ય શું છે બતાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

પૂર્વાચાર્યોએ સૂત્રો શાસ્ત્રોમાં તેમની નવી નવી માન્યતા પ્રમાણે અનેક ફેરફાર અને ઉમેરા કર્યા છે તેથી મૂળ શુદ્ધ જૈન ધર્મ સમજવાની ઘણી મુશ્કેલી પડે છે તેથી સત્ય ધર્મ સમજવા માટે મેં કેટલાક નિયમો બનાવેલા છે તે વાંચકોની જાણ માટે અત્રે આપું છું.

જૈનધર્મ

જૈનધર્મ શાશ્વત છે. જૈનધર્મ એક જ છે. દરેક તીર્થંકર એક જ જાતનો અને એક જ સરખો જૈન ધર્મ પ્રરૂપે છે.

સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના વચનોમાં ક્યાંય પણ વિરોધ, અસંગતતા કે વિસંવાદિતા હોય નહિ. સૂત્રોમાં જ્યાં જ્યાં પૂર્વાપર વિરોધતા ભાસે ત્યાં ત્યાં નવા ફેરફાર કે ઉમેરા થયેલા છે એમ નક્કી માનવું જોઈએ.

જ્ઞાની

જ્ઞાની પોતાના જ્ઞાનને આચારમાં ન મૂકે તે શુષ્ક જ્ઞાની કહેવાય.

મતભેદને ટાળે તે સાચો જ્ઞાની

સાચો જ્ઞાની કદી મતભેદ ઉત્પન્ન કરે નહિ, મતભેદને પોષે નહિ કે વધારે નહિ. અને એવું કરે તે નિશ્ચયે અજ્ઞાની.

જ્ઞાનીનો તેમના જ્ઞાન માટે આદર હોય એટલે કે જ્ઞાનીના સત્યજ્ઞાન માટે આદર હોય. પણ છદ્મસ્થ જ્ઞાનીના જ્ઞાનમાં જેટલે અંશે અસત્યતા હોય તેટલા અંશનો તો અનાદર જ હોય.

પૂર્વાચાર્યો વિદ્વાન જ્ઞાની હતા તેની સાથે જ તેઓ સંપ્રદાય વાદી પણ હતા જ. તેમણે સંપ્રદાય મોહથી મૂળ સિદ્ધાંત વિરુદ્ધ લખ્યું હોય તો તે અસ્વીકાર્ય ગણાય.

જ્ઞાનીના અસત્ય વચનને પણ સત્ય તરીકે સ્વીકારી લેવા તે તો અંધ-શ્રદ્ધા અને મિથ્યાત્વ જ ગણાય.

જ્ઞાની સાધુ

જ્ઞાની સાધુ પોતાની નિર્બળતાના કારણે પોતે લીધેલી છૂટ ભગવાને કહી છે એમ બતાવે ત્યારે તે જ્ઞાની સાધુ દંભી અસત્યવાદી કહેવાય.

જ્ઞાની સાધુ પોતે લીધેલી છૂટ નિર્બળતાના કારણે લીધી છે એમ કબૂલ કરે તે સાચો પ્રમાણિક સાધુ કહેવાય.

સત્યાર્થીના લક્ષણો

સત્યાર્થી ભગવાનને સર્વજ્ઞ માને છે.

સત્યાર્થી ભગવાનના વચનોમાં વિરોધતા, વિસંવાદિતા, અસંબદ્ધતા કે અસંગતતા કયારેય પણ ન હોય એમ માને છે અને વિરોધતા હોય તેવા વચનને ભગવાનના વચન તરીકે સ્વીકારતો નથી.

શ્વેતાંબર તેમ જ દિગંબરના સર્વ પૂર્વાચાર્યો છદ્મસ્થ તેમજ સંપ્રદાયમોહી હતા. તેથી તેમના વચનમાં સત્યાસત્યનું મિશ્રણ હોય ને સંભવિત છે. તેવા સત્યાસત્ય મિશ્રિત વચનને સત્યાર્થી સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારતો નથી. પણ પોતાનો વિવેક વાપરી જેટલું સત્ય લાગે તેટલું જ સ્વીકારે છે.

ભગવાનની સર્વજ્ઞતાને બાધક થાય તેવું અથવા ભગવાનના વચનની વિરુદ્ધ જાય તેવા પૂર્વાચાર્યના કથનને ભગવાને કહેલ સત્ય તરીકે સ્વીકારતો નથી.

શ્વેતાંબર તેમ જ દિગંબર પૂર્વાચાર્યોનું તે બહુમાન કરે છે. પણ તે ત્યાં સુધી જ અથવા એટલા પૂરતું જ કે પૂર્વાચાર્યનું વચન સત્ય હોય.

પૂર્વાચાર્યોના વચનોમાંથી સત્ય જણાય તે સ્વીકારે છે અને અસત્યનો

અસ્વીકાર કરે છે. પૂર્વાચાર્યનું વચન અસત્યના મિશ્રણવાળું હોય, ભગવાનની સર્વજ્ઞતાને બાધક હોય તેવું વચન તે સ્વીકારતો નથી.

સર્વ પૂર્વાચાર્યો સંપ્રદાયવાદથી ઓતપ્રોત હતા, માટે સત્યાર્થી તેમના વચનોમાં સંપ્રદાયવાદનું ઝેર હોય કે તેમનું વચન સંપ્રદાયના એકાંત આગ્રહવાળુ હોય તેને સત્યાર્થી સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારતો નથી. પરંતુ પૂર્વાચાર્યનું જે કથન તીર્થંકર ભગવાનની પ્રરૂપણાને અનુસરતું હોય તેટલુ જ સત્ય તરીકે સ્વીકારે છે.

પૂર્વાચાર્યના સત્ય જ્ઞાન માટે તેમને માન આપવું અને તેમના જ્ઞાનમાં અસત્યપણાનું મિશ્રણ હોય તેનો અસ્વીકાર કરવો તેને સત્યાર્થી ધર્મ માને છે અને અંધશ્રદ્ધાથી પૂર્વાચાર્યના સત્યાસત્ય મિશ્રિત સર્વ વચનોને સંપૂર્ણ સત્ય તરીકે માનવા તેને સત્યાર્થી મિથ્યાત્વ ગણે છે.

સત્યાર્થીના મનમાં કોઈ પણ ખોટી વાત, ખોટી માન્યતા ઘુસી ગઈ હોય તેની તેને ખબર પડે કે તરત જ તે ખોટી માન્યતાને કાઢી નાખે છે.

સત્યાર્થી હમેશ નવું સત્ય જ્ઞાન મેળવવામાં જ ઉદ્યમવંત રહે છે.

સંપ્રદાયવાદીના લક્ષણો

પૂર્વાચાર્યો છદ્મસ્થ હોઈને તેમના વચનમાં સત્યાસત્યનું મિશ્રણ હોય તે સર્વને સંપ્રદાયવાદી પરમ સત્ય તરીકે સ્વીકારી લીએ છે.

પૂર્વાચાર્યોના સત્યાસત્ય મિશ્રિત વચનોને સંપ્રદાયવાદી સર્વજ્ઞના જેવા જ માની તેનું બહુ માન કરે છે.

પૂર્વાચાર્યો ભગવાનના વચનના ખોટા અર્થ કરે તે પણ સંપ્રદાયવાદી વગર વિચાર્યે સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારી લીએ છે.

ગુરુએ જે કંઈ શબ્દ, વાકય કે સૂત્રના અર્થ જે રીતે કહ્યા, બતાવ્યા કે સમજાવ્યા હોય તે અર્થને સંપ્રદાયવાદી તે રીતે જ સમજે કે માને છે અને તેના જ બીજા અર્થ થતા હોય તેને ગૌણ કરી દીએ અથવા માને નહિ.

સંપ્રદાયવાદી સત્યાસત્યના વિવેક વિના અથવા અર્થની સત્યતાની ચકાસણી કર્યા વિના ગુરુએ જે વસ્તુ જે રીતે સમજાવી હોય તે રીતે જ તેને સંપૂર્ણ સત્ય તરીકે માને છે.

સંપ્રદાયવાદી ગુરુએ શિખડાવેલી રીતે જ વિચાર કરવાને ટેવાઇ જવાથી ને બીજી કોઇ રીતે વિચાર કરી શકતો નથી. એટલે સંપ્રદાયવાદી સત્યને કદી સત્ય તરીકે સમજી, માની કે ઓળખી શકતો નથી.

સંપ્રદાયવાદી ગુરુએ શિખડાવ્યું હોય તેટલું જ અને તે રીતે જ વિચાર કરી શકે છે. પરંતુ સ્વતંત્ર રીતે સત્યાસત્યનો વિવેક કરી શકતો નથી.

સંપ્રદાયવાદી ભગવાનની સર્વજ્ઞતાને બાધ આવે તેવું પૂર્વાચાર્યનું વચન પણ સત્ય તરીકે સ્વીકારી લીએ છે.

સત્યાસત્યના મિશ્રણુવાળી માન્યતા મિથ્યાત્વ ગણાય એમ સંપ્રદાયવાદી માનતો કે સમજતો નથી.

ઉપરના નિયમો ધ્યાનમાં રાખીને વાંચકો મૂળ સત્ય જૈન ધર્મ સમજવાનો અને તે પ્રમાણે અનુસરવાનો પ્રયત્ન કરશે તો હું મારો શ્રમ સફળ થયેલો માનીશ.

આ પુસ્તકના અગીઆરમા પ્રકરણમાં ચૈત્ય શબ્દ ચિતા ઉપરથી ઉપજેલો હોવાથી તેનો અર્થ મૃતક માટેનું કોઈ પણ જાતનું સ્મારક થાય છે એમ મેં બતાવેલું છે.

પરંતુ અહીં આપણે જૈન પરંપરા પ્રમાણેનો અર્થ જ વિચારવો જોઈએ અને જૈન પરંપરામાં ચૈત્યનો અર્થ મૂર્તિ કે મંદિર જ થાય છે. જૈન સૂત્રોમાં પણ ચૈત્ય શબ્દ મૂર્તિ મંદિરના અર્થમાં જ બધે ઠેકાણે વપરાયો છે પણ બીજા કોઈ અર્થમાં વપરાયેલ નથી. એ વાત આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિએ તેમના "તીર્થંકર મહાવીર" પુસ્તક ભાગ ૨ માં "ચૈત્ય શબ્દ પર વિચાર" નામના પ્રકરણમાં સૂત્રોમાંના દાખલાઓ તથા અવતરણો આપીને લંબાણથી સમજાવેલ છે.

માટે વાંચકોએ જૈન સૂત્રો અને જૈન સાહિત્યમાં ચૈત્ય શબ્દનો અર્થ મંદિર કે મૂર્તિ જ થાય છે એમ સમજવું.

આ પુસ્તકમાંના નંબર બાવીશથી સત્તાવીશ સુધીના છ પ્રકરણો બીજા લેખકોના છે. પરંતુ તે છયે પ્રકરણો આ પુસ્તકના વિષયને અનુરૂપ હોવાથી અહીં લીધેલા છે અને તેનું સંપાદન મેં કરેલું છે. બાકીના પ્રકરણો મારા લખેલા છે. પરંતુ તેમાં જ્યાં જ્યાં બીજાના લેખનો આધાર લીધેલો છે ત્યાં ત્યાં તેનું નામ દર્શાવેલ છે.

દરેક જૈન સંપ્રદાયના વિદ્વાન મુનિઓ, શ્રાવકો, પંડિતો આ પુસ્તકમાં ચર્ચેલા વિષયો બરાબર ધ્યાનમાં લેશે અને સત્ય તારવીને તેને અનુસરવા પ્રયત્ન કરશે તો હું મારો શ્રમ સફળ થયેલો માનીશ.

નગીનદાસ ગિરધરલાલ શેઠ

અનુક્રમણિકા

સંપ્રદાયવાદીઓના તર્ક અને તેના સમાધાન

માંગલિક

नमो अरिहंताणं

नमो सिध्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सव्व साहूणं

અરિહંત ભગવાન મોક્ષમાર્ગ બતાવે છે.

સિધ્ધના ગુણને જાણીને જીવ મોક્ષ માટે પ્રયત્ન કરે છે.

આચાર્ય પાસેથી ભવ્ય જીવ આચારનું જ્ઞાન પ્રાપ્ત કરીને તે પ્રમાણે આચરણ કરે છે.

ઉપાધ્યાય પાસે ભવ્યાત્મા વિનયની આરાધના કરે છે.

સાધુ મોક્ષ માર્ગની સાધનામાં સહાયક હોય છે.

એ પ્રમાણે

એ પાંચેય પદ મોક્ષ પ્રાપ્તિના હેતુરૂપ છે તેથી

હું એ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરૂં છું.

મતભેદ છેદે તે જ સાચા પુરુષ

•

સો જ્ઞાનીનો એક મત

સો અજ્ઞાનીના સો મત

•

મુમુક્ષુ પુરુષ વિદ્વાન હોવા છતાં પણ જો તે સાંપ્રદાયિક દુરાગ્રહમાં પડી જઈ પોતાની મનોવૃત્તિને કષાયથી કલુષિત બનાવે અને પરિણામે ઊંધે રસ્તે ચડી જાય તો એવો સંપ્રદાયચુસ્ત માણસ કષાયથી પોતાના જીવનની દુર્ગતિ કરે છે ત્યારે બિનસંપ્રદાયી માણસ કષાયના અભાવે પોતાના આત્માને ઉચ્ચ પદે સ્થાપિત કરે છે.

•

આજ્ઞાએ ધર્મ

દરેક જૈન સંપ્રદાય કહે છે કે આજ્ઞા એ જ ધર્મ. અને એમ કહી પોતપોતાના શાસ્ત્ર પ્રમાણે આજ્ઞા માનવાનું કહે છે. પરંતુ સાચું તો એ છે કે—

જિન આજ્ઞા એ જ ખરી આજ્ઞા છે

તેથી પરીક્ષા વડે જિન આજ્ઞાનું સત્યપણું ઓળખીને જિન આજ્ઞા માનવી એ જ યોગ્ય છે. કારણકે પરીક્ષા કર્યા વિના જેમ અન્યમતી પોતપોતાના શાસ્ત્રોની આજ્ઞા માને છે તેમ જૈન સંપ્રદાયો પણ પોતપોતાના શાસ્ત્રની આજ્ઞા માને તો પક્ષ વડે જ આજ્ઞા માનવા બરાબર થયું.

प्रकरण पहेलुं

सर्व जैन संप्रदायो माटे

कटु सत्य

तीर्थंकर भगवाने जैन धर्म एक ज प्ररूपेलो छे, काळक्रमे मतभेदथी जैनधर्ममां बे फांटा पड्या—(१) श्वेतांबर संप्रदाय अने (२) दिगंबर संप्रदाय. अने ते पछी तेना पेटा संप्रदायो थया जेवा के—स्थानकवासी, तेरापंथी वगेरे. ते उपरांत दरेकना गच्छ, संघाडा वगेरे अनेक फांटाओ छे.

आ सर्व फांटाओ अथवा संप्रदायो पोतपोतानी मान्यता प्रमाणेनो धर्म ज सत्य छे एवी जातनुं गुमान धरावे छे एटलुं ज नहि पण पोतानी मान्यताने साची ठरावववाने माटे अनेक कावादावा पण करे छे. आवी स्थितिमां जैन धर्मनी एकतानी वात करवी ते मूर्खाई ज गणाय. कारण के ज्यां कट्टर संप्रदायवादीओ सत्य समजवाने ज तैयार न होय त्यां जैन धर्मनी एकता आकाशकुसुम जेवी असंभवित ज गणाय, मनाय.

छतां हुं जैन धर्मनी एकतानी वात हरवखत कर्या करुं छुं कारणके आजे असंभवित देखाती वातने पण कुदरत काले संभवित बनावी शके. कुदरतमां अणधार्या फेरफारो थया ज करे छे. जगतमां युगपलटा थया ज करे छे अने ते वखते पहेलां असंभवित गणाता फेरफारो एक क्षण मात्रमां थई जाय छे. आवा युगपलटा वखते एवो कोई महान पुरुष जागे छे के जे युगनी चालती धाराने एकदम पलटावी नाखे छे.

જૈન ધર્મ તો એવા પલટાઓ થવાનું માનતો જ આવ્યો છે અને અમુક અમુક વર્ષના આંતરે મહાન યુગપુરુષ થવાની વાત પણ જૈન શાસ્ત્રોએ સેંકડો નહિ પણ હજારો વર્ષ પહેલાં કરી દીધી છે. અને ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ભૂતકાળમાં યુગપલટા થયા હતા.

પાંચમાં આરામાં આજ સુધી જૈન ધર્મની અવનતિ થતી રહી છે. અને આ રીતે જ અવનતિ થતી રહે, ધર્મનો હ્રાસ થતો રહે તો તો બીજા એક હજાર વર્ષ પણ જૈન ધર્મ ટકી રહેવાનું અસંભવિત જ ગણાય. એમ બનવાનું જ નથી. ભગવાને કહ્યું છે કે જૈન ધર્મ આ આરાના અંત સુધી એટલે કે હજુ બીજા સાડા અઢાર હજાર વર્ષ સુધી જૈન ધર્મ ટકવાનો જ છે.

જૈન ધર્મ એટલો લાંબો વખત ત્યારે જ ટકી રહે કે જો તે હાલના કરતાં ઉચ્ચ સ્થિતિએ પહોંચે. તો પછી જૈનધર્મની ઉન્નતિ કરનાર કોઈ મહાપુરુષ જાગશે એમ નક્કી માની શકાય.

હવેનો કાળ ધર્મની ઉન્નતિ માટેનો જ આવશે એવા ચિન્હો વિચારકો, નિરીક્ષકો જોઈ શકયા છે, જોઈ શકે છે. એટલે હવે નજીકના ભવિષ્યમાં કોઈ મહાન આત્મા યુગપુરુષ તરીકે ઉત્પન્ન થશે એમ માની શકાય છે.

અને એ મહાત્મા યુગપુરુષ હાલ પ્રવર્તતા સર્વસંપ્રદાયોને તેમની જુદી જુદી માન્યતાઓમાં રહેલી ભૂલો સિદ્ધાંતની રૂએ સમજાવીને સર્વ સંપ્રદાયોને એક કરશે, સાંપ્રદાયિક માન્યતાઓને નાબુદ કરી એક ફક્ત શુદ્ધ જૈન ધર્મની જ પ્રરૂપણા કરશે અને એ રીતે જૈન ધર્મની ઉન્નતિ કરશે એમ સ્વાભાવિક રીતે જ માની શકાય છે.

જ્યાં સુધી સંપ્રદાયો પોતપોતાની માન્યતા સંપૂર્ણ રીતે સત્ય હોવાનું ગુમાન રાખે છે, ત્યાં સુધી જૈન ધર્મની એકતા થવાનું અશકય છે એ વાત સૌ કોઈ સ્વીકારશે જ. અને તેથી યુગપુરુષનુ પહેલું કર્તવ્ય

સર્વ સંપ્રદાયોને તેમની માન્યતામાં રહેલી ભૂલો સિદ્ધાંતની રૂએ બતાવવાનું અને સમજાવવાનું રહેશે.

યુગપુરુષ માટે પણ એ કાર્ય મહાન જ ગણાય. પરંતુ અત્યારથી જ આ વિચારોની ચર્ચા કરવામાં આવે, એવી જાતનાં આંદોલનો ફેલાવવામાં આવે તો તે યુગપુરુષના કાર્યમાં જરૂર સહાયક નીવડી શકે. અને તેથી એ મહાત્મા પુરુષનું કાર્ય સરળ અને સહેલું બને અને ધર્મની એકતા ઝડપથી સાધી શકાય.

આ ઉદ્દેશને અનુસરવાનો હું મારાથી બનતો પ્રયત્ન કરી રહ્યો છું. અને તેથી જ દરેક સંપ્રદાયોમાં ચાલી રહેલી ખોટી માન્યતાઓ અને ખામીઓ સ્પષ્ટ રીતે બતાવતો રહ્યો છું. આજસુધીમાં મેં સ્થાનકવસીઓની કેટલીક ખોટી માન્યતાઓ અને ખામીઓ સ્પષ્ટ રીતે બતાવી તેમજ શ્વે. મૂર્તિપૂજક તથા દિગંબર સંપ્રદાયની કેટલીક ખોટી માન્યતાઓ સ્પષ્ટ રીતે બતાવવાનો પ્રયત્ન કરેલો છે.

મારા એ સર્વ લખાણોમાં મારો ઉદ્દેશ એ જ છે કે દરેક સંપ્રદાય પોત પોતાની ભૂલ સમજે અને અત્યારથીજ એ ભૂલ સુધારવાનો પ્રયત્ન કરે તેવીજ રીતે હવે પછીના મારા લખાણોમાં પણ એજ ઉદ્દેશ છે એમ સમજી લેવું.

સંપ્રદાય-મોહ એ બહુ ખરાબ વસ્તુ છે. એ મોહ પહેલાં તો સત્ય વાતને સત્ય તરીકે સમજવા જ દેતો નથી. અને જેઓ કેટલાક સમજુ માણસો સત્ય સમજે છે તેઓ પણ વ્યવહારિક નિર્બળતાના કારણે સત્યને જાહેર રીતે સ્વીકારી શકતા નથી.

જ્યાં સુધી સંપ્રદાયો છે ત્યાં સુધી સંપ્રદાયવાદ પણ રહેવાનો જ. અને દરેક સંપ્રદાયના અનુયાયી સંપ્રદાયવાદી જ રહેવાના. પરંતુ તેમાંય કેટલાક કટ્ટર ચુસ્ત સંપ્રદાયવાદી હોય ત્યારે બીજા કેટલાક સામાન્ય પણ હોય. કટ્ટર સંપ્રદાયવાદી ચુસ્ત મતાગ્રહી હોઈને તેઓ કદી સત્ય

સમજવા ઇચ્છતા જ નથી. પણ સામાન્ય સંપ્રદાયવાદી સત્ય સમજવાને ઇંતેજાર હોય છે અને સત્ય જલ્દી સમજી પણ શકે છે.

કટ્ટર સંપ્રદાયવાદીઓ મારા લેખોથી રોષે ભરાઇ મને વિરોધી ગણે છે જેમ સ્થાનકવાસી શ્રી રતનલાલજી ડોશીએ મને વિરોધી ગણ્યો છે તેમ. પરંતુ મારા માટેની તેમની સમજણમાં મોટી ભૂલ એ છે કે હું કોઇપણ સંપ્રદાયનો વિરોધી નથી પણ તે સંપ્રદાયમાં જે કંઈ ખોટી માન્યતા પ્રવર્તતી હોય તેનો વિરોધી છું.

જૈન ધર્મનો એક મહાન સિદ્ધાંત એ છે કે ભૂલ કરી હોય તેની ખબર પડે કે તરત તેની માફી માગવી જોઈએ. ભૂલની માફી ન માગે તે સાચો જૈન જ કહેવાય નહિ. અનુભવ કહે છે કે જૈન નામધારી કોઇપણ સંપ્રદાય ભૂલની માફી માગવામાં ધર્મ માનતો જ નથી. એટલું જ નહિ પણ કરેલી ભૂલને કોઇપણ રીતે સાચી ઠરાવવાંમાં જ ધર્મ માને છે.

ખોટી માન્યતા એ પણ એક જાતની ભૂલ જ છે. સમજદાર માણસનું કર્તવ્ય એ જ ગણાય કે—(૧) કાંતો બતાવેલી ભૂલ ખોટી છે એટલે કે ભૂલ જ નથી એમ દાખલા દલીલથી સાબિત કરવું અથવા (૨) બતાવેલી ભૂલ ખરેખર ભૂલ જ હોય તો તેને સુધારવાનો પ્રયત્ન કરવો.

મારા લખાણથી જેઓને રોષ ઉત્પન્ન થાય તેમને પણ મારી એજ વિનંતિ છે કે મારી લખેલી કોઈપણ વાત તેમને ખોટી લાગતી હોય તો તેમણે તેને ખોટી તરીકે સાબિત કરી દેવી અને મારી વાત સાચી હોય તો મારા ઉપર રોષ કરવાને બદલે તે ભૂલ સુધારવા યથાશક્તિ પ્રયત્ન કરવા લાગી જવું તે લાભકારક થશે.

આ વાત વાંચક શ્રાવક, શ્રાવિકા તેમજ સાધુ સાધ્વી દરેકને લાગુ પડે છે. ખરૂં કહીએ તો સંપ્રદાયવાદ ઉત્પત્તિ કરનાર સાધુઓજ છે. તેમજ શ્રાવકોને સંપ્રદાયવાદમાં પ્રેરનાર અને શ્રાવકોને કટ્ટર સંપ્રદાયવાદી,

મતાગ્રહી, અભિનિવેશી બનાવનાર પણ સાધુઓજ છે. તેથી સાધુઓને પણ મારી વિનંતિ છે કે તેમણે સંપ્રદાયવાદ, મતાગ્રહ, અભિનિવેશ છોડીને સત્ય સમજવા પ્રયત્નવાન થવું અને શ્રાવકોને પણ સત્ય સમજવા પ્રેરવા અથવા સત્ય સમજાવવુ.

સામાન્ય રીતે જગતમાં જ્ઞાની કરતાં અજ્ઞાનીની સંખ્યા હમેશ વિશેષ હોય છે. તેવી જ રીતે જૈનોમાં આજે મોટે ભાગે સંપ્રદાયવાદી હોય એ સ્વાભાવિક છે. છતાં આજે ઘણા જૈનો એવા છે કે જેઓ સંપ્રદાયવાદને પાપ સમજે છે. તેમની સંખ્યા આજે ભલે પ્રમાણમાં ઓછી હોય પરંતુ તેઓ ઘણા બીજાને બિનસાંપ્રદાયિક બનાવશે એટલે ટુંક સમયમાં બિનસાંપ્રદાયિકોનુ મોટું જુથ થઈ જવા સંભવ છે.

જેઓ યુગ પુરુષ ઉત્પન્ન થવાની મારી વાતને અસંભવિત માનતા હોય તેઓ તે વાત છોડીને પણ પોતપોતાના સંપ્રદાયમાં જે કંઈ ખોટી માન્યતા પ્રવર્તતી હોય તે સુધારવા સુધરાવવા પ્રયત્ન કરશે તો પણ બધા સંપ્રદાયો એકતાની વિશેષ નજીક આવી જશે અને તેટલી ધર્મમાં વિશુદ્ધિ થશે.

☆

પ્રકરણ બીજું

પ્રાચીન કોણ ?

પ્રાચીન આચાર્યોની હકીકત
મતભેદ અને બે શાખા
ઉત્પન્ન થવાનાં કારણ

તીર્થંકર ભગવાન પ્રણીત જૈનધર્મ એક જ છે. દરેક તીર્થંકર ભગવાન એક સરખો જ જૈનધર્મ પ્રરૂપે છે. છેલ્લા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પણ એક જ ધર્મપ્રરૂપ્યો છે. પણ જૈન ધર્મના નામે હાલમાં પ્રવર્તતા સંપ્રદાયો ભગવાન મહાવીરે પ્રરૂપ્યા નથી. એટલે **મૂળ શુદ્ધ જૈન ધર્મ જ પ્રાચીન છે છતાં હાલના જૈન સંપ્રદાયોએ મૂળ ધર્મનું પ્રાચીન તત્ત્વ ટકાવી રાખ્યું છે કે કેમ તે તપાસીએ.**

મતભેદની શરૂઆત

જૈન ધર્મના મુખ્ય બે ફાંટા, બે સંપ્રદાય—એક શ્વેતાંબર અને બીજો દિગંબર.

ભગવાન મહાવીર પછી ત્રણ કેવળી થયા તે આ પ્રમાણે—(૧) ગૌતમસ્વામી, (૨) સુધર્માસ્વામી અને (૩) જંબૂસ્વામી. આ ત્રણ કેવળીના નામ બન્ને સંપ્રદાયમાં એક સરખા માન્ય છે.

પરંતુ તે પછીના આચાર્યોના નામો બન્ને સંપ્રદાયો જુદા જુદા જણાવે છે.

શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે પહેલા પાંચ શ્રુતકેવળી આચાર્યોનાં નામ

આ પ્રમાણે છે—(૧) પ્રભવ, (૨) શય્યંભવ, (૩) યશોભદ્ર, (૪) સંભૂતિવિજય અને (૫) ભદ્રબાહુ.

દિગંબર સંપ્રદાય પ્રમાણે પહેલા પાંચ શ્રુતકેવળી આચાર્યોનાં નામ આ પ્રમાણે છે—(૧) વિષ્ણુ, (૨) નન્દિમિત્ર, (૩) અપરાજિત, (૪) ગોવર્ધ્ધન અને (૫) ભદ્રબાહુ

આ ઉપરથી જોઈ શકાય છે કે જૈનધર્મમાં મતભેદની શરૂઆત છેલ્લા કેવળી શ્રી જંબૂસ્વામીના નિર્વાણ પછી તરત જ થઈ હતી. અને તેથી જંબૂસ્વામી પછીના બન્ને સંપ્રદાયના આચાર્યોના નામ જુદા જૂદા છે.

પરતુ પાંચમા શ્રુતકેવળી ભદ્રબાહુનું નામ બન્નેમાં એક સરખું જ છે. તેનું કારણ એમ છે કે દિગંબરો છૂટા પડ્યા પછી તેમણે પોતાની પટ્ટાવલી બનાવી ત્યારે શ્વેતાંબર સાથેના દ્વેષ-ઝઘડાના કારણે શ્વેતાંબર માન્ય આચાર્યોથી પોતાને માન્ય આચાર્યોના નામ જુદા રાખ્યા. પરંતુ ભદ્રબાહુના સમયમાં ચૌદપૂર્વધર ભદ્રબાહુ સ્વામી એક જ હતા. બીજા કોઈ ચૌદપૂર્વી હતા જ નહિ અને ભદ્રબાહુ છેલ્લા જ ચૌદપૂર્વી હતા. તેથી દિગંબરોને ભદ્રબાહુ સ્વામીનું નામ તેઃ રાખવું જ પડેલું.

શ્રી ભદ્રબાહુ પછી શ્રી સ્થૂળભદ્ર પણ ચૌદપૂર્વ ધારી હતા. પરંતુ દિગંબરો પોતાને ભદ્રબાહુના વખતથી જ છૂટા પડેલા મનાવવાનો પ્રયત્ન કરે છે તેથી સ્થૂળભદ્રની વાત તેમણે લખી જ નથી. વળી સ્થૂળભદ્ર છેલ્લા ચાર પૂર્વ ફક્ત મૂળ જ, અર્થ રહિત જાણતા હતા.

જૈનધર્મમાં પહેલો મતભેદ જિનકલ્પ સંબંધી થયો હતો અને બીજો મતભેદ સાધુના વસ્ત્રધારણ માટે થયો હતો.

જિનકલ્પ

તીર્થંકર ભગવાનના વખતમાં જિનકલ્પ કે સ્થવિર કલ્પ જેવાં કોઈ ભેદવાળા નામ નહોતાં એટલું જ નહિ પણ છેલ્લા કેવળી

શ્રી જંબૂસ્વામી સુધી જિનકલ્પ કે સ્થવિર કલ્પનાં જુદાં ખાસ નામો નહોતા. પરંતુ તે પછી પાંચમા આરાના કાળના પ્રભાવથી શરીર શક્તિ ઘટવાથી ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવામાં સાધુઓ અશકત થવા લાગ્યા. એવા શિથિલ અથવા અશકત સાધુઓએ ઉત્કૃષ્ટ ચારિત્રને જુદું પાડી તેને જિનકલ્પનું નામ આપી, જિનકલ્પ વિચ્છેદ ગયાની વાત કરવા માંડી.

પરંતુ તે વખતે ય હજુ ઘણા સાધુઓ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનારા હતા. તેમણે જિનકલ્પ વિચ્છેદ જવાની વાતનો સખત વિરોધ કર્યો. અને એ રીતે મતભેદ ઉત્પન્ન થયો.

પંડિત શ્રી બેચરદાસજી દોશીએ પણ તેમના "જૈન સાહિત્યમાં વિકાર" નામના પુસ્તકમાં લખ્યું છે કે—

> "જંબૂસ્વામી પછી અર્થાત્ વર્ધમાનના નિર્વાણ બાદ ૬૪ વર્ષે તેમના નિર્ગ્રંથોમાં બે તડ પડ્યા હતા. તેમાંનું એક નરમ તડ એમ કહેતું કે હવે જિનકલ્પ વિચ્છિન્ન થઈ ગયો છે તેથી આપણે તેને આચરી શકીએ જ નહિ. ત્યારે બીજું ગરમ તડ તે જિનકલ્પનું પક્ષપાતી હતું અને તેની આચરણાની પણ હિમાયત કરતું હતું."

આ મતભેદ હોવા છતાં જૈન ધર્મના ખુલ્લી રીતે બે તડા પડ્યા નહોતા. તો પણ બંને પક્ષ પોતપોતાની માન્યતા પ્રમાણેનું પોતાના શિષ્યોને શિક્ષણ આપતા.

વખત જતાં જિનકલ્પ વિચ્છેદ ગયાની વાતનો વિરોધ કરનારાઓમાં પણ શારીરિક અશકિતએ પ્રવેશ કરી દીધો. તેથી તેમને પણ જિનકલ્પ વિચ્છેદ જવાનું કબૂલ કરવું પડ્યું. એટલે બન્ને પક્ષે દશ કે નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય, જંગલમાં રહેતા હોય, જિન-તીર્થંકર ભગવાનના જેવું ઉત્કૃષ્ટ ચારિત્ર હોય એવા ચારિત્રને જિનકલ્પનું નામ આપી તે વિચ્છેદ ગયાનું કબૂલ કર્યું. આ રીતે પહેલા મતભેદનું સમાધાન થયું.

આચારાંગ સૂત્રમાં જિનકલ્પનું નામ નિશાન નહિ હોવા છતાં કાળ પ્રભાવે સાધુના આચારના જિનકલ્પ અને સ્થવિરકલ્પ એમ બે વિભાગ પાડવા પડયા. અને તેથી જ ભગવતી સૂત્રમાં એક બે ઠેકાણે જિનકલ્પનો ઉલ્લેખ છે. અને તે આ વાતની સાક્ષી પૂરે છે.

દિગંબર સાહિત્યમાં પણ જિનકલ્પ અને સ્થવિર કલ્પના આચાર જુદા બતાવેલા છે. પરંતુ શ્વેતાંબરોના જિનકલ્પ-સ્થવિરકલ્પ આચારોમાં અને દિગબરોના એ જ આચારોમાં થોડો ફરક છે. તે સંપ્રદાય ભેદને લીધે છે.

બે હજાર વર્ષ પહેલાંના પ્રાચીન શિલાલેખોમાં શ્વેતાંબર પટ્ટાવલીઓમાં આપેલ આચાર્યોના નામ તથા તેમના ગણુ, કુળ, શાખાના નામ મળી આવ્યા છે. પરંતુ દિગંબરોની પટ્ટાવલીઓ પ્રમાણેના 'જંબૂસ્વામી પછીના ચૌદ પૂર્વધર, દશપૂર્વધર એકાદશ અંગધર, એકાંગધર કે તેમની પછીના કોઇ પ્રાચીન આચાર્યના નામ કે તેમના ગણુ, ગચ્છ, સંઘનો કયાંય પણ નામોલ્લેખ સુદ્ધાં મળતો નથી.

આ ઉપરથી સાબિત થાય છે કે જિનકલ્પના મતભેદને લીધે દિગંબરોએ પાછળથી શ્વેતાંબર પટ્ટાવલીની વિરુદ્ધ પોતાના પ્રાચીન આચાર્યોના કલ્પિત નામોવાળી પટ્ટાવલીઓ ઘડી કાઢી છે. કારણ કે નહિતર શ્વેતાંબર દિગંબર છૂટા પડયા પહેલાંની બન્નેની પટ્ટાવલી એક સરખી મળવી જોઈએ.

વસ્ત્ર ધારણ

બાલ્યકાળની સ્થિતિ

ઉપર કહ્યું તેમ જિનકલ્પના મતભેદનું સમાધાન થઈ ગયું હતું. છતાં તે પ્રશ્ન ફરીથી કેમ ઉપસ્થિત થયો તથા વસ્ત્ર પાત્ર ધારણમાં કેમ વૃદ્ધિ થઈ તે સંબધીની ટુંકી વિગત પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા અને

ઇતિહાસ વિશારદ પં. શ્રી કલ્યાણ વિજયજી ગણીએ આપી છે તે જ અત્રે ઉદ્ધૃત કરું છું.

ભાષ્યકાળ (વિક્રમની બીજી ત્રીજી સદી)માં સ્થવિરોના ઉપકરણોમાં કંઇક વૃદ્ધિ થઇ ગઈ હતી. જોકે ત્રણ વસ્ત્ર, કટિબંધ અને એક પાત્ર રાખવાની રીત પહેલેથી ચાલી આવતી હતી પણ તેમાં ખાસ પરિવર્તન એ થયું કે પહેલાં કટિબંધ નામનું એક નાનું ચીંથડું કમરને ફરતું વીંટાળવામાં આવતું હતું અને તેના બન્ને છેડા ગુહ્યભાગ ઢાંકવાને માટે મોઢા આગળ લટકતા રાખવામાં આવતા હતા. અને તેથી તેનું નામ 'અગ્રાવતાર' કહેવાતું. તે કટિબંધનું સ્થાન હવે ચોલપટ્ટે લીધું.

પહેલાં દરેક વ્યક્તિ એક જ પાત્ર રાખતી પણ આર્ય રક્ષિત સૂરિએ વર્ષાકાળમાં બીજું એક નાનું 'માત્રક' નામનું પાત્ર રાખવાની આજ્ઞા આપી હતી તેના પરિણામે આગળ જતાં 'માત્રક' પણ એક અવશ્ય ધારણીય ઉપકરણ થઇ ગયું.

એ જ રીતે ઝોળીમાં ભિક્ષા લાવવાનો રિવાજ પણ લગભગ આ સમયમાં ચાલુ થયો અને તે પાત્ર નિમિત્તક ઉપકરણોની વૃદ્ધિ થઇ, એટલે સ્થાવિરોના કુલ ૧૪ ઉપકરણોની સંખ્યા થઈ તે આ પ્રમાણે—

૧. પાત્ર	૮, ૯. બે સુતરાઉ ચાદર
૨. પાત્ર બંધ	૧૦. ઉનની કંબલ (કાંબળી)
૩. પાત્રસ્થાપન	૧૧. રજોહરણ
૪. પાત્ર પ્રમાર્જનિકા	૧૨. મુખવસ્ત્રિકા
૫. પટલ	૧૩. માત્રક
૬. રજસ્ત્રાણ	૧૪. ચોલપટ્ટક
૭. ગુચ્છક	

આ ઉપધિ આધિક એટલે સામાન્ય માનવામાં આવી અને આગળ જતાં તેમાં જે જે ઉપકરણો વધારતા ગયા તે "ઓપગ્રહિક" કહેવાયા. ઔપગ્રહિક ઉપધિમાં સંસ્તારક, ઉત્તરપટ્ટક, દંડાસન અને દંડક એ ખાસ ઉલ્લેખનીય છે. આ સર્વ ઉપકરણો હાલના શ્વેતાંબર જૈન મુનિઓ રાખે છે.

દિગંબર મત પ્રમાણે સ્થવિર કલ્પ

દિગંબર આચાર્ય દેવસેન તેમના 'ભાવસંગ્રહ' નામના ગ્રંથમાં લખે છે કે—

> "**જિને સાધુઓને માટે સ્થવિર કલ્પ પણ કહેલ છે.** તે આ પ્રમાણે—પંચવસ્ત્રત્યાગ, અકિંચનત્વ, પ્રતિલેખન, પંચમહાવ્રતોનું ધારણ, ઉભા ઉભા ભોજન, એકવાર ભોજન, હાથમાં ભોજન (તે પણ સમયસર ભક્તિપૂર્વક દીધેલું હોય), ભિક્ષાની યાચના ન કરવી, બે પ્રકારના તપમાં ઉદ્યમ કરવો, સદાકાળ છ પ્રકારના આવશ્યક કરવા, ભૂમિશયન, કેશલોચ જિનવરના જેવું પ્રતિરૂપ ગ્રહણ કરવું.
>
> "સંહનનના ગુણ તથા દુષમકાળના પ્રભાવથી આજકાલ સ્થવિર કલ્પ સ્થિત સાધુ પુર, નગર અને ગ્રામવાસી થઇ ગયા તેમણે એવા ઉપકરણો ગ્રહણ કર્યા છે કે જેનાથી ચારિત્રનો ભંગ ન થાય. યોગ્ય હોય તો પુસ્તક દાનનો પણ સ્વીકાર કરે છે. સમુદાયથી વિહાર, યથાશક્તિ ધર્મ પ્રભાવના, ભવ્ય જીવોને ધર્મોપદેશ, શિષ્યોનું પાલન તથા ગ્રહણ સ્થવિર કલ્પીનો આચાર છે."
>
> "પૂર્વ કાળના શરીરથી હજાર વર્ષમાં જેટલા કર્મોનો નાશ કરતા હતા તેટલા જ કર્મોની નિર્જરા આજના હીન સંહનનવાળા ફક્ત એક વર્ષમાં કરે છે."

બે શાખા થવાનાં કારણ

હવે આપણે મહાવીરના શાસનમાં શ્વેતાંબર તથા દિગંબર નામની બે શાખાઓ નીકળવાના કારણ ઉપર વિચાર કરીએ.

અમારી સમજ પ્રમાણે મતભેદનું બીજ આચારાંગ સૂત્રમાં સાધુને અચેલક રહેવાનો લાભ બતાવેલ છે તે ઉલ્લેખમાં રહેલું છે.

મહાવીર નિર્વાણ પછી ૬૪ વર્ષ સુધી તેમના શિષ્યોમાં જિન-કલ્પિક તથા સ્થાવરકલ્પિક એ બન્ને પ્રકારના સાધુ રહ્યા. તે પછી જિનકલ્પનું આચરણ બંધ પડી ગયું. અને લગભગ દોઢસો વર્ષ સુધી તેની કંઈ પણ ચર્ચા થઈ નહિ. (આ કથન શ્વેતાંબર મત પ્રમાણે છે.—**ન. ગિ. શેઠ**)

સ્થવિર કલ્પમાં રહેવાવાળા સાધુ પ્રાયે નગ્ન રહેતા હતા તથાપિ શીતનિવારણ અર્થે કંઈક વસ્ત્ર તથા એક પાત્ર અવશ્ય રાખતા હતા. આ સ્થિતિ ભદ્રબાહુના પટ્ટધર આર્ય સ્થૂળભદ્ર સુધી બરાબર ચાલતી રહી.

આર્ય સ્થૂળભદ્રના શિષ્યોમાંથી સૌથી મોટા આર્ય મહાગિરિએ પાછલા સમયમાં તેમના સાધુગણને આર્ય સુહસ્તીને સોંપી દીધો અને પોતે વસ્ત્રપાત્રનો ત્યાગ કરીને જિનકલ્પિક સાધુના જેવો આચાર પાળવા લાગ્યા. જો કે તેઓ પોતે જિનકલ્પી હોવાનો દાવો કરતા ન હોતા તો પણ તેમનો ઝુકાવ જિનકલ્પ તરફ જ હતો.

તે સમયના તેઓ સૌથી મોટા શ્રુતધર હોવાના કારણે આર્ય મહાગિરિના આ આચરણનો કોઇએ વિરોધ કર્યો નહિ પરંતુ તેમને જિનકલ્પની તુલના કરવાવાળા કહીને તેમના સતીર્થ આર્ય સુહસ્તી જેવા યુગપ્રધાને પણ તેમની પ્રશંસા કરી. પણ આગળ જતાં આ પ્રશંસા મોંઘી પડી ગઈ.

આર્ય મહાગિરિ વીર નિર્વાણ સંવત ૨૬૧ માં સ્વર્ગવાસી થઈ

ગયા પણ તેમણે જે જિનકલ્પનું અનુકરણ કર્યું હતું તે પ્રવૃત્તિ બંધ પડી નહિ. તેમના કેટલાક શિષ્યોએ પણ તેમનું અનુકરણ કર્યું. એના પરિણામે આર્ય મહાગિરિ તથા સુહસ્તી સૂરિના શિષ્ય ગણમાં અંતર તથા મનમુટાવ વધવા લાગ્યો અને અંતમાં ખુલ્લંખુલ્લા નગ્નચર્યા તથા કરપાત્રવૃત્તિનો વિરોધ થવા લાગ્યો.

મહાગિરિની પરંપરાવાળા આચારાંગ સૂત્રના અચેલકત્વ પ્રતિપાદક સૂત્રના ઉલ્લેખથી પોતાની પ્રવૃત્તિનું સમર્થન કરતા હતા. ત્યારે વિરોધપક્ષવાળા તે સૂત્રનો અર્થ જિનકલ્પનો આચાર હોવાનું બતાવતા હતા. અને સ્થવિરોને માટે એમ કરવું તે નિષિદ્ધ સમજતા હતા.

તેઓ કહેતા હતા કે "બિલકુલ વસ્ત્ર ન રાખવા અને હાથમાં ભોજન કરવું તે જિનકલ્પીનો આચાર છે. સ્થવિરકલ્પીઓએ તેમની તુલના કરવી ન જોઈએ. કારણ કે જ્યારે આ સમયે ઉત્તમ સંહનન નહિ હોવાથી જિન કલ્પ પાળી શકાતો નથી તો તેનો સ્વાંગ કરવાથી શો લાભ?"

આ પ્રમાણે બન્ને પક્ષમાં વિરોધ વધતો જતો હતો. સંભાવિત છે કે આર્ય મહાગિરિના શિષ્ય રોહગુપ્ત તથા પ્રશિષ્ય આર્યગંગ પણ પાછળથી જિનકલ્પિક પક્ષમાં મળી ગયા હતા. અને તેથી થોડા સમય સુધી તે પક્ષ વિશેષ આગ્રહી બની ગયો હતો પણ અંતમાં તે નિર્બળ થઈ ગયો. આર્યમહાગિરિના શિષ્ય પ્રશિષ્યના સ્વર્ગવાસ પછી બે ત્રણ પેઢી સુધી ચાલીને તે પક્ષ નામશેષ રહી ગયો.

આ પ્રમાણે **આચારાંગ સૂત્રના** ઉલ્લેખરૂપ બીજથી સચેલકતા-અચેલકતાના મતભેદનો અંકુર ઉત્પન્ન થયો અને થોડા સમય પછી શમી ગયો. જો કે તેની અસર કાયમ ન રહી **તો પણ એટલું તો જરૂર થયું કે પાછળના આચાર્યોના મનમાં આર્ય મહાગિરિના**

શિષ્યોના સંબંધમાં એવી શ્રદ્ધા ન રહી કે જેવી શ્રુતધરો ઉપર રહેવી જોઈએ.

આ કારણથી જ વલ્લભી યુગપ્રધાન પટ્ટાવલીમાં આજે આપણે મહાગિરિના શિષ્ય બલિસ્સહ તથા સ્વાતિ જેવા બહુશ્રુતોના નામ પણ જોઈ શકતા નથી.

આર્ય સુહસ્તીની સ્થવિર પરંપરા પ્રતિદિન વ્યવસ્થિત અને પ્રબળ થતી ચાલી અને આર્ય વજ્ર સુધી એ જ પ્રકારે ઉન્નતિ કરતી રહી પણ આર્ય વજ્રના સમયમાં બે વખત પડેલા દીર્ઘકાલિન દુકાળના કારણે જૈન શ્રમણ સંઘ બહુ છિન્નભિન્ન થઈ ગયો. વજ્રપ્રમુખ સેંકડો સ્થાવિરો દુષ્કાળના કારણે અનશન કરીને પરલોક સીધાવી ગયા. જે જીવિત રહ્યા તેઓ એકબીજાથી બહુ દૂર ચાલી ગયા.

આર્ય વજ્ર પછી સર્વ સંમતિથી આર્યરક્ષિત સંઘસ્થવિર નિમાયા અને અંત સુધી સંઘસ્થવિર રહ્યા. પરંતુ તેમના સ્વર્ગવાસ પછી સ્થવિરોમાં બે દળ થઈ ગયા.

દુષ્કાળને લીધે જે શ્રમણસંઘ પૂર્વ કે ઉત્તરમાં દૂર સુધી ચાલી ગયો હતો તેમણે આર્ય રક્ષિતની પછી આર્યનન્દિલને પોતાના નવા સંઘ સ્થવિર નિમ્યા. અને જે શ્રમણસંઘ દક્ષિણ, પશ્ચિમ અને મધ્ય ભારતમાં વિચરતો હતો તેમણે આર્યરક્ષિતની પછી તેમના શિષ્ય પુષ્યમિત્રને સંઘ સ્થવિર માન્યા. કારણ તે આર્યરક્ષિતના ઉત્તરાધિકારી હતા.

આ પ્રમાણે વિક્રમની બીજી સદીમાં શ્રમણસંઘની બે શાખા થઈ ગઈ તો પણ **તેમના આચાર માર્ગમાં કંઈ પણ શિથિલતા આવી નહોતી. સર્વ શ્રમણગણ આચારાંગ સૂત્રની અનુસાર એક એક પાત્ર અને માત્ર શીતકાળમાં ઓઢવાને માટે એક, બે કે ત્રણ વસ્ત્ર રાખતા હતા.**

ચોલપટ્ટનો હજુ સુધી પ્રચાર થયો નહોતો પણ કટિબંધ (અગ્રાવતાર)નો લગભગ સાર્વત્રિક પ્રચાર થઈ ગયો હતો.

જો કે વસ્તીની બહાર કોઈ ચોલપટ રાખતા અને કોઈ બિલકુલ નગ્ન રહેતા, પણ વસ્તીમાં જતી વખતે સૌને તેનો ઉપયોગ કરવો પડતો.

શીત નિવારણને માટે એક કંબલ અને એક કે બે સુતરાઉ વસ્ત્ર રાખતા હતા તે પણ ઠંડીના સમયમાંજ ઓઢતા હતા પણ બાકીના વખતમાં ઓઢવાની પ્રવૃત્તિ નહોતી.

આર્યરક્ષિતના સ્વર્ગવાસ પછી ધીરે ધીરે સાધુઓનો નિવાસ વસ્તીમાં થવા લાગ્યો અને તેની સાથે જ નગ્નતાનો અંત આવી ગયો.

પહેલાં બહુધા વસ્તીમાં જતી વખતે કટિબંધનો ઉપયોગ થતો હતો તે હવે વસ્તીમાં વસવાથી નિરંતર થવા લાગ્યો ધીરે ધીરે કટિવસ્ત્રના આકાર પ્રકાર બદલી ગયા. પહેલાં માત્ર શરીરના મોઢા આગળના ગુહ્ય અંગને ઢાંકવાનો વિશેષ ખ્યાલ રખાતો હતો અને પછી સંપૂર્ણ નગ્નતા ઢાંકવાની જરૂર સમજીને તે વસ્ત્રનો આકાર બદલવો પડયો. તેથી તેનું નામ 'કટિબંધ' બદલીને 'ચોલપટ્ટ' (ક્ષુલ્લપટ્ટ, નાનુંવસ્ત્ર) રાખ્યું. એ રીતે સ્થવિર કલ્પીઓમાં પહેલાં ઐચ્છિક નગ્નતાનો પ્રચાર હતો તેનો અંત આવી ગયો.

(નોંધ—આચારાંગ સૂત્રમાંની ફરજીઆત નગ્નતાને શ્વે. સંપ્રદાયને અનુકૂળ રહેવા માટે મુનિશ્રીએ મરજીઆત બનાવી દીધી છે. ફરજીઆત હોવાથીજ લજ્જા માટે લંગોટની છૂટ હતી. નહિતર લંગોટની છૂટની જરૂરજ રહેતી નહોતી.—ન. ગિ. શેઠ)

આર્ય મહાગિરિના સમયથી "જિનકલ્પની તુલના"ના નામથી કેટલાક સાધુઓએ નગ્ન રહેવાની પરંપરા ચાલુ રાખી હતી તે આ સમયથી ઘણા વખત પહેલાં બંધ થઈ ચૂકી હતી. અને—

આચારાંગના નગ્નતા પ્રતિપાદક સૂત્રોને જિનકલ્પપ્રતિપાદક ઠરાવી ચૂકયા હતા અને તે સમયના ગ્રંથકાર ચોલપટ્ટની ગણના સ્થવિર કલ્પીઓના મૂળ ઉપકરણમાં કરી ચૂકયા હતા.

—શ્રી કલ્યાણ વિજયજીના 'શ્રમણ ભગવાન મહાવીર' પુસ્તકના પાનાં ૨૮૭ થી ૨૯૨ સુધીના લખાણનો ઉપર પ્રમાણે અનુવાદ આપેલો છે.

ઈતિહાસ પરથી ઉપજતો બોધ

શ્રી કલ્યાણ વિજયજીના ઉપર ઉદ્ધૃત કરેલા લખાણ ઉપરથી સમજી શકાય છે કે—

(૧) જંબૂસ્વામીના નિર્વાણ પછી તુરત જ કડક સાધુ આચારને જિનકલ્પનું નામ આપવાની શરૂઆત કરી હતી. અને તે વખતે પાળી શકાતા સામાન્ય આચારને સ્થવિર કલ્પનું નામ આપ્યું હતું. તે સ્થવિર કલ્પના આચારમાં નગ્નત્વ ચાલુ રાખ્યું હતું.

(૨) જિનકલ્પ વિચ્છેદ ગયો છે એમ મનાવ્યા છતાં આર્ય મહાગિરિ વગેરે ઘણા સાધુઓએ જિનકલ્પીનો કેટલોક આચાર પાળવાનું ચાલું રાખ્યું. તેથી તેમને "જિનકલ્પીની તુલના કરવાવાળા" એમ કહીને ઓળખાવતા હતા.

મહારાજા ખારવેલે બોલાવેલા સાધુ સંમેલનનું હિમવંત સ્થવિરાવલીમાં વર્ણન કર્યું છે તેમાં ૨૦૦ બસો "જિનકલ્પીની તુલના કરવાવાળા જિનકલ્પી" સાધુઓ તે સંમેલનમાં હાજર હતા એમ કહેલું છે.

(૩) શ્વે. સંપ્રદાયના વસ્ત્રધારણના હિમાયતી પૂર્વજોએ વીર-નિર્વાણથી ત્રણસો વર્ષ પછીથી આચારાંગસૂત્રના નગ્નત્વ પ્રતિપાદક સૂત્રના ખોટા અર્થ કરવાની શરૂઆત કરી હતી.

(૪) એ વસ્ત્રધારણના હિમાયતી પૂર્વજોને શુદ્ધ આચારી સાધુઓ તરફ એટલો બધો દ્વેષભાવ હતો કે તેમણે પટ્ટાવલીઓમાં એ જિનકલ્પની તુલના કરવાવાળા સાધુઓના નામ પણ લખ્યા નહિ.

(૫) દિગંબરોએ પણ જિનકલ્પ અને સ્થવિર કલ્પના ભેદ ભગવાન મહાવીરના નામે ચડાવી દીધા છે.

આ પ્રમાણે આર્યરક્ષિત સૂરિ સુધીના ઇતિહાસ ઉપરથી માલુમ પડે છે કે **વિક્રમની પહેલી સદીના અંત સુધી બધાય જૈન શ્રમણો—સાધુઓ નગ્ન જ રહેતા હતા.**

આચાર્ય શ્રી આર્ય રક્ષિત સૂરિએ તેમના પિતા સોમદેવ પુરોહિતને દીક્ષા આપી ત્યારે " પોતાના પુત્રપુત્રી સમક્ષ નગ્ન કેમ રહી શકાય ? " એમ કહીને સોમદેવ પુરોહિતે નગ્ન રહેવાની ચોખ્ખી ના પાડી. છતાં ભવિષ્યમાં તેમને સમજાવી લેવાશે એમ ગણીને આર્યરક્ષિત સૂરિએ તેમના પિતાને વસ્ત્રરહિત રહેવા દઈને દીક્ષા આપી. અને પાછળથી અનેક યુક્તિઓ કરીને આર્યરક્ષિત સૂરિએ સોમદેવ મુનિને નગ્ન મુનિ બનાવી દીધા હતા.

વસ્ત્રસહિત જૈન મુનિ તરીકે રહેવાનો આ પહેલો જ દાખલો છે. જૈન ઇતિહાસમાં વસ્ત્રસહિત જૈનદીક્ષા લેવાનો આ પહેલો જ બનાવ છે.

આર્યરક્ષિત સૂરિનું યુગપ્રધાન ૫૬ વીર સંવત ૫૮૪ (વિક્રમ સંવત ૧૧૪) અને તેમનો સ્વર્ગવાસ વીર સંવત ૫૯૭ (વિક્રમ સંવત ૧૨૭)માં થયો હતો. એટલે કે તેઓ યુગપ્રધાનપદે તેર વર્ષ રહ્યા હતા.

એટલે સોમદેવ પુરોહિતની દીક્ષા વિક્રમ સંવત ૧૧૫ કે ૧૧૬ માં થઈ હશે. અને તે તેમના વસ્ત્ર ધારણના સમાચાર કડક આચારના હિમાયતી સાધુઓને પડયા હશે ત્યારે તેમણે ઉગ્ર વિરોધ કર્યો હશે એ સમજી શકાય તેવી વાત છે.

આર્યરક્ષિતે કરેલા ફેરફારો

આર્ય રક્ષિત સૂરિએ સમયનો વિચાર કરીને સાધુઓના કડક નિયમોને મંદ કર્યા હતા. તેમના વખત સુધી એક સાધુને ફક્ત એક જ પાત્ર રાખવાનું વિધાન હતું તેથી સાધુઓને અડચણ પડતી હશે તેથી આર્યરક્ષિત સૂરિએ વર્ષાઋતુના ચાર માસ માટે એક પાત્ર ઉપરાંત બીજું એક માત્રક એટલે નાનું પાત્ર રાખવાની છૂટ આપી હતી.

આર્યરક્ષિતનો સમય તે પ્રાચીન સંસ્કૃતિનો હ્રાસ અને નવીન આચાર પદ્ધતિનો પ્રારંભ કાળ હતો.

પૂર્વે સાધુઓ સાધુની પાસે આલોચના લેતા અને **સાધ્વીઓ સાધ્વીની પાસે આલોચના – પ્રાયશ્ચિત લેતી હતી. પણ આર્યરક્ષિતથી સાધ્વીઓનો એ અધિકાર રદ કરવામાં આવ્યો અને સાધ્વીઓએ પણ સાધુઓ પાસે જ આલોચના કરવાનું ઠરાવવામાં આવ્યું.**

આ બધા ફેરફારોથી કડક આચારી ગરમ દળ ઉકળી ગયું હશે. તેમણે સખ્ત વિરોધ કર્યો હશે. પરન્તુ બીજી બાજુ નરમ દળ વસ્ત્રધારણ તરફ વિશેષ ઝુકેલું રહ્યું હશે. તેથી બન્ને પક્ષ પોતા-

પોતાના મંતવ્યમાં દૃઢ રહ્યા. પહેલાં જિનકલ્પ સંબંધી સમાધાન તો થયેલું પરંતુ તે મતભેદે દિલમાં ઉપજાવેલું દ્વેષનું ઝેર નાબુદ થયું ન હોતું. તેથી આ વખતે વિરોધનો પ્રસંગ ઉપસ્થિત થતાં વિરોધ એકદમ ઉગ્ર થઈ ગયો.

આર્યરક્ષિત સૂરિનો સ્વર્ગવાસ વીરસવંત ૫૯૭ માં થયો. શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે બન્ને પક્ષ વીર સં. ૬૦૯ માં છૂટા પડ્યા. એટલે કે આર્યરક્ષિત સૂરિના વખતમાં ઉત્પન્ન થયેલો વિરોધ એટલો બધો વધી ગયો કે આર્યરક્ષિતસૂરિના સ્વર્ગવાસ પછી નવ કે બાર વર્ષની અંદર બન્ને પક્ષ છૂટા પડી ગયા.

છૂટા પડવા માટેના તાત્કાલિક કારણની આખ્યાયિકા બન્ને પક્ષ તરફથી જુદી જુદી કહેવામાં આવે છે. એ તો મનુષ્ય સ્વભાવનો સામાન્ય રિવાજ છે કે બે વિરોધીઓ જુદા પડે ત્યારે દરેક પક્ષ સામા પક્ષનો જ દોષ કાઢે. તે જ પ્રમાણે અહીં પણ બન્ને પક્ષે સામાનો દોષ કાઢે એટલું જ નહિ પણ સામાને બદનામ કરે તેવી હદ સુધીની આખ્યાયિકા જોડી કાઢી હોય એમ દેખાય છે.

પરંતુ એ આખ્યાયિકાઓ તથા તે પછીના ઇતિહાસ ઉપરથી તટસ્થ માણસ એટલું તો ચોક્કસ સમજી શકે છે કે **બન્ને પક્ષમાં દ્વેષ અને વેરનું ઝેર ઘણું જ વ્યાપી ગયેલું હતું. અને તેઓએ જૈનત્વનો ત્યાગ કરીને ફક્ત પોતાના મતના સમર્થનની જ વાતો કરવા માંડી.**

એક પક્ષે એકાંતથી વસ્ત્રધારણનું જ પ્રતિપાદન કર્યું તે શ્વેતાંબર કહેવાયા. અને બીજા પક્ષે એકાંતથી નગ્નત્વનું જ પ્રતિપાદન કર્યું અને તે દિગંબર કહેવાયા.

શ્વેતાંબરોનો દાવો

મૂળ સૂત્રો અમારી પાસે છે એમ કહી શ્વેતાંબરો પોતે પ્રાચીન છે એમ દાવો કરે છે. પણ તેમના જ મૂળ આચારાંગ સૂત્રમાં સાધુઓ માટે વસ્ત્રધારણ પ્રરૂપેલ નથી એ વાત છુપાવે છે. એટલું જ નહિ પણ વસ્ત્રધારણને શાસ્ત્ર સિદ્ધ કરવા માટે તેમણે જુદે જુદે વખતે સૂત્રોના અર્થમાં ફેરફાર કર્યા છે, સૂત્રોમાં અનેક નવા ફેરફારો કર્યા તથા વસ્ત્રપાત્રાદિ વધારતા જવા માટે અનેક નવા નવા શાસ્ત્રો બનાવ્યા.

એટલે શ્વેતાંબરોએ મૂળ જૈન ધર્મનું સ્વરૂપ કાયમ રાખ્યું નથી.

દિગંબરોનો દાવો

દિગંબરોએ પણ અપવાદનો ઈન્કાર કરીને નગ્નત્વનો એકાંતવાદ પકડયો કે જે જૈન સૂત્ર સિદ્ધાંતની વિરુદ્ધ છે. અને મૂળ પ્રાચીન સૂત્રો શાસ્ત્રો પોતાના મતની વિરુદ્ધ જતા હોવાથી તેમણે શ્વે. મૂળ પ્રાચીન સૂત્રો વિચ્છેદ ગયાનું જાહેર કર્યું.

નગ્નત્વના એકાંત આગ્રહથી ઘણી બાબતોમાં વિરોધ આવ્યો ત્યારે નગ્નત્વના આગ્રહને, મતાગ્રહને વળગી રહીને સ્ત્રી મુક્તિ વગેરે વિરોધો ઉત્પન્ન કર્યા કે જે વિરોધોની સંખ્યા એક વખત ૮૪ સુધીની ગણાતી હતી. આજે વખતે એથી પણ વધારે સંખ્યા થઈ હોય.

દિગંબરો પાસે કોઇ પણ પ્રાચીન ગ્રંથ નથી. દિગંબરોએ પોતાના મતને પુષ્ટિ આપનારા નવા શાસ્ત્રો બનાવ્યા. પરંતુ બધા મતભેદો એકદમ ઉભા થઇ જતા નથી એટલે તેમના જ જુના શાસ્ત્રો તેમની હાલની માન્યતા ખોટી છે એમ સાબિત કરવા લાગ્યા. દાખલા

તરીકે—તેમનું મૂળ શાસ્ત્ર ષટ્ખંડાગમ સ્ત્રી મુક્તિ સાબિત કરે છે તેથી દિગંબરોએ સ્ત્રી મુક્તિ સાબિત કરનારો **संजय** શબ્દ શાસ્ત્રમાંથી રદ કરવાનો આદેશ કાઢયો.

આ પ્રમાણે દિગંબરોએ તેઓ પોતે સત્ય ધર્મના અનુયાયી નથી પણ મતાગ્રહના અનુયાયી છે એમ પૂરવાર કર્યું.

વળી પ્રાચીન જૈન શાસ્ત્રોનો અસ્વીકાર કરીને જૈન આચારશાસ્ત્રને બદલે દિગંબરોએ પોતાના માટે વૈષ્ણવી માન્યતાઓવાળુ નવું આચારશાસ્ત્ર બનાવ્યું.

આ રીતે દિગંબરોએ પણ મૂળ જૈન ધર્મનું સ્વરૂપ કાયમ રાખ્યું નથી.

એટલે—

હાલના સર્વ સંપ્રદાયો અર્વાચીન છે:
અને એક ફક્ત સાચો
મૂળ શુદ્ધ જૈન ધર્મ જ પ્રાચીન છે.

પ્રકરણ ત્રીજું

જૈન સૂત્રો ઉપલબ્ધ કે વિચ્છેદ ?

ઐતિહાસિક હકીકત અને તટસ્થ સમીક્ષા

શ્વેતાંબર જૈન સંપ્રદાય જૈન સૂત્રોને ઉપલબ્ધ માને છે કારણ કે તેમની પાસે સૂત્રો મોજુદ છે. ત્યારે દિગંબર જૈન સંપ્રદાય કહે છે કે જૈન સૂત્રો વિચ્છેદ ગયા છે.

આ બંને માન્યતામાં તથ્ય શું છે તે જાણવા માટે આપણે જૈન સૂત્રોનો પહેલેથી આજ સુધીનો ઇતિહાસ તપાસવો જોઇએ.

ભગવાન મહાવીરના વખતમાં ગણધરોએ બાર સૂત્રો રચેલા હતા. અને એ સૂત્રો સર્વ સાધુઓ મોઢે યાદ રાખતા હતા. તે વખતની યાદશક્તિ એટલી તીવ્ર હતી કે સૂત્રોને પુસ્તકમાં લખવાની જરૂર નહોતી.

ભગવાનના નિર્વાણ પછી તેમની સાતમી પાટે આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી આવ્યા ત્યાં સુધી સર્વ સૂત્રો યથાસ્થિત મુખપાઠ હતા. પરંતુ તેમના સમયમાં ભારતવર્ષના મગધ વિગેરે મધ્યભારતના દેશોમાં બાર વર્ષનો દુકાળ પડયો હતો. તેથી સાધુઓને ભિક્ષા મળવી પણ મુશ્કેલ થઇ ગઇ હતી.

દુર્ભિક્ષના કારણે સાધુઓ બીજા દેશોમાં ચાલી ગયા. કોઇ વૈતાઢય પર્વતની ગુફાઓમાં, કોઇ નદીઓના તટ પર અને કેટલાક પૂર્વ તરફના દેશમાં અને સમુદ્રના તટ પર જઇને પોતાનું નિરવદ્ય જીવન વીતાવવા

લાગ્યા. કેટલાક સાધુઓ જેઓ વિરાધનાના ભીરૂ હતા તેઓએ પોતાની ખુશીથી અન્નજળનો ત્યાગ કરી, અનશન કરી દેહત્યાગ કર્યો.

ઘણાં વર્ષે જ્યારે સુકાળ થયો ત્યારે બધા સાધુઓ મગધમાં આવવા લાગ્યા. ત્યારે તેઓ એક બીજાને પૂછવા લાગ્યા કે તેમને શું શું યાદ છે. કારણ કે દુકાળના કષ્ટમાં પઠન પાઠનના અભાવે ઘણું ભૂલાઈ ગયું હતું. ત્યારે સમસ્ત શ્રમણ સંઘે એક એક થઈને બારે અંગ સાંગોપાંગ વ્યવસ્થિત કરવાનું નક્કી કર્યું.

આ વખતે જૈનધર્મ એક જ હતો. તેમાં કોઈ તડ કે સંપ્રદાય નહોતો. પરંતુ શ્વેતાંબરો તરફના દ્વેષને લીધે દિગંબરો ભગવાન મહાવીર પ્રણિત સૂત્રો તરફ પણ એટલા બધા દ્વેષી થઈ ગયા હતા કે તેમણે શ્રુત વિચ્છિન્ન થયાનું જાહેર કર્યું તે પહેલાં શ્રુતરક્ષાના પ્રયત્નો થયેલા તેની પણ કશી નોંધ દિગંબરોએ રાખી નથી. કારણ કે ખરી રીતે તેમણે જાહેર કર્યું ત્યારે પણ સૂત્રો વિચ્છેદ ગયા નહોતા તે વાત દિગંબરોના ગ્રંથો ઉપરથી જ સાબિત થાય છે.

તેથી જ અહીં શ્રુતરક્ષાના જે જે પ્રયત્નોની વિગત આપી છે તે શ્વેતાંબરોના "તિત્થોગાલી પયન્ના" વગેરેમાં આપેલ નોંધો ઉપરથી આપી છે.

પહેલું મુનિસંમેલન
પાટલીપુત્રી વાચના

વીર નિર્વાણથી ૧૬૦ વર્ષની આસપાસમાં નંદરાજાના રાજ્ય અમલમાં સમસ્ત જૈન શ્રમણસંઘની સમક્ષ પાટલીપુત્રમાં પહેલી વાચના થઈ. તેથી તે પાટલીપુત્રી વાચના કહેવાય છે.

આ વખતે પટ્ટધર યુગપ્રધાન તરીકે શ્રી ભદ્રબાહુ આચાર્ય હતા. પરંતુ મુનિસંમેલન વખતે તેઓ નેપાલમાં બાર વર્ષનો "મહાપ્રાણ"

નામનો ધ્યાનયોગ ધારણ કરી રહેલ હતા તેથી સંમેલનમાં આવી શકયા નહોતા. અને સમેલન મુનિશ્રી સ્થૂળભદ્રની અધ્યક્ષતામાં મળ્યું હતું.

જેમને જે જે યાદ હતું તે તે દરેક મુનિ કહેતા ગયા. તો તે રીતે પહેલા અગીઆર અંગસૂત્રો બરાબર વ્યવસ્થિત થઈ ગયા. પરંતુ બારમું દૃષ્ટિવાદ અંગ જાણનાર ત્યાં કોઈ નહોતું. બારમું દૃષ્ટિવાદ અંગ એક ફકત શ્રી ભદ્રબાહુ સ્વામીને યાદ હતું. અને તેઓ તો નેપાલમા "મહાપ્રાણ" ધ્યાન ધરતા હતા.

તેથી શ્રમણસંઘે તેમના પ્રતિનિધિ તરીકે બે સાધુઓને નેપાલ મોકલ્યા અને ભદ્રબાહુ સ્વામીને કહેવડાવ્યુ કે—હે પૂજ્ય ક્ષમાશ્રમણ ! વર્તમાન કાળમાં આપ જિનતુલ્ય છો. તેથી પાટલીપુત્રમાં ભ. મહાવીરનો સંઘ આપને પ્રાર્થના કરે છે કે આપ વર્તમાન શ્રમણ સંઘને પૂર્વશ્રુતની વાચના આપો.

ભદ્રબાહુ સ્વામીએ કહ્યું – શ્રમણો ! હું આ સમયે તમને વાચના દેવા અસમર્થ છું. અને હું મારા આત્મિક કાર્યમાં લાગેલો હોવાથી મને વાચનાનું પ્રયોજન પણ શું ?

શ્રમણો—ક્ષમાશ્રમણ ! સંઘની પ્રાર્થનાનો અનાદર કરવાથી આપને કેવો દંડ મળી શકે તેનો વિચાર કરો.

ભદ્રબાહુ—હું જાણું છું કે સંઘ એમ બોલનારનો બહિષ્કાર કરી શકે.

શ્રમણો—જાણવા છતાં આપ સંઘની પ્રાર્થનાનો અનાદર કરો છો તો આપને સંઘમાં સામિલ કેમ રાખી શકાય ? અમે આપને વિનંતિ કરીએ છીએ છતાં આપ વાચના દેવા તૈયાર નથી તેથી શ્રમણ સંઘ આજથી તમારી સાથે બારે પ્રકારનો વ્યવહાર બંધ કરે છે.

ભદ્રબાહુ—શ્રમણો ! હું પાટલીપુત્રમાં આવીને વાચના આપી શકું

તેમ નથી. પણ તમે બુદ્ધિમાન અને ગ્રહણ કરવાની શક્તિવાળા શ્રમણોને અહીં મોકલો તો હું તેમને એક શરતે વાચના આપીશ. તે શરત એ કે મારૂં ધ્યાન પૂરૂં ન થાય ત્યાં સુધી તેઓ મને બોલાવે નહિ (મારી સાથે વાતચીત કરે નહિ) અને હું તેમને બોલાવીશ નહિ. પણ હું તેમને પ્રતિદિન સાત સાત વાચના આપીશ. તે આ પ્રમાણે—એક વાચના ગોચરીથી આવ્યા પછી, ત્રણ વાચના ત્રણ કાળ વેળાએ અને ત્રણ વાચના સાંજના પ્રતિક્રમણ પછી.

શ્રમણો—જેમ આપ કહેશો તેમ આપની મરજી પ્રમાણે કરીશું.

તેઓએ પાટલીપુત્ર પાછા આવી સંઘને સવિસ્તર હકીકત જણાવી. પછી ૫૦૦ બુદ્ધિમાન મુનિઓ અને તેમની દરેકની વૈયાવૃત્ય માટે બબે એટલે ૧૦૦૦ મુનિઓ વૈયાવૃત્ય માટે એમ એકંદર પંદરસો મુનિઓ નેપાલમાં શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે આવ્યા. અને તેમણે કહ્યા પ્રમાણે બધાને વાચના આપવા માંડી.

આ પ્રમાણે કટકે કટકે અને બહુ થોડી વાચના મળતી હોવાથી મુનિઓને સંતોષ થતો નહોતો. અને તેથી કંટાળીને વાચના લેવાવાળા મુનિઓ ધીરે ધીરે ચાલી જવા લાગ્યા. એમ કરતાં છેવટ એક મુનિ સ્થૂળભદ્ર જ રહ્યા.

સ્થૂળભદ્ર આઠ વર્ષ રહ્યા અને તેટલા વખતમાં તેઓ આઠ પૂર્વનું અધ્યયન પૂરૂ કરી શક્યા. અને ત્યારે ભદ્રબાહુ સ્વામીની "મહાપ્રાણ ધ્યાન"ની યોગસાધના પણ પૂરી થઈ ગઈ. ત્યારે તેમણે પહેલવહેલી સ્થૂળભદ્ર સાથે વાત કરતાં પૂછ્યું—કેમ મુનિ! તમને ભિક્ષા કે સ્વાધ્યાય યોગમાં કંઈ તકલીફ તો નથી?

સ્થૂળભદ્ર—નહીં ભગવન! એ કંઈ તકલીફ નથી. પણ હું આપને પૂછવા ઈચ્છું છું કે અત્યાર સુધીમાં હું કેટલું શીખ્યો અને કેટલું બાકી છે.

ભદ્રબાહુ—તેં સરસવ જેટલું ગ્રહણ કર્યું છે અને મેરૂ પર્વત જેટલું બાકી છે.

સ્થૂળભદ્ર—પૂજ્ય ! હું અધ્યયનથી થાકયો નથી પણ મને ચિંતા એમ છે કે મારી ટુંકી જીંદગીમાં મેરૂતુલ્ય શ્રુતજ્ઞાન હું કેમ પ્રાપ્ત કરી શકીશ ?

ભદ્રબાહુ—વીર સ્થૂળભદ્ર ! હવે તું ફિકર નહિ કર. મારૂં ધ્યાન સમાપ્ત થયું છે, તું બુદ્ધિમાન છે. હું તને રાતદિવસ વાચના આપ્યા કરીશ તેથી દૃષ્ટિવાદનો જલ્દી પાર આવી જશે.

ધ્યાન પૂરૂં થઈ ગયું હોવાથી શ્રી ભદ્રબાહુ સ્વામી તથા સ્થૂળભદ્ર બન્ને પાટલીપુત્રમાં આવ્યા. ત્યાં સ્થૂળભદ્ર પ્રયત્નપૂર્વક અધ્યયન કરવા લાગ્યા. અને દશ પૂર્વ પૂરેપૂરા શિખી ગયા.

એક દિવસ સ્થૂળભદ્ર એકાંત સ્થાને બેસીને અગીયારમું પૂર્વ યાદ કરતા હતા. તે વખતે સ્થૂળભદ્રની સંસાર પક્ષની સાત બહેનો જેઓ દીક્ષા લઈ સાધ્વી થઈ હતી તેઓ ભદ્રબાહુ પાસે વંદન કરવા આવી. ત્યાં સ્થૂળભદ્રને જોયા નહિ એટલે તે કયાં છે એમ પૂછયું.

ભદ્રબાહુએ તેમને સ્થૂળભદ્રનું સ્થાન બતાવ્યું. એટલે સાધ્વીઓ ભાઈના દર્શન કરવા ત્યાં ગઈ.

સ્થૂળભદ્રે સાધ્વી બહેનોને પોતાની શકિતનો પરિચય કરાવવાને માટે પોતાનું રૂપ બદલીને સિંહનું રૂપ ધારણ કર્યું. સિંહને જોઈ સાધ્વીઓ ભયભીત થઈ ગઈ અને ભદ્રબાહુ પાસે આવીને કહ્યું—ક્ષમાશ્રમણ ! ત્યાં સ્થૂળભદ્રજી તો નથી પણ એક વિકાળ સિંહ ત્યાં બેઠો છે. કોણ જાણે સ્થૂળભદ્રજી કયાં હશે ?

ભદ્રબાહુ—આર્યાઓ ! તે સિંહ તે જ તમારો સંસારપક્ષનો ભાઈ સ્થૂળભદ્ર છે.

આચાર્યના કહેવાથી ફરી તેઓ ત્યાં ગઈ તો સ્થૂળભદ્રના દર્શન થયા. તેથી આશ્ચર્યની સાથે આનંદ પામતાં સાધ્વીઓએ કહ્યું—ભાઈ ! તમને સિંહરૂપ જોઈને અમને તો બહુ ડર લાગ્યો હતો.

સ્થૂળભદ્ર—એ તો મેં તમને શ્રુતજ્ઞાનની ઋદ્ધિ બતાવી હતી.

બહેનોને વિદાય કરીને સ્થૂળભદ્ર આચાર્યશ્રી પાસે વાચના લેવા આવ્યા ત્યારે ભદ્રબાહુએ કહ્યું—હે અણગાર! તું જેટલું શિખ્યો છે તેટલું જ બસ છે. હવે તારે વધુ શિખવાની જરૂર નથી.

ગુરુનાં વચન સાંભળીને સ્થૂળભદ્રને તરત પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. તેને બહુ પસ્તાવો થયો અને ગુરુના ચરણોમાં નમીને વંદન કરીને પોતાના અપરાધની માફી માગતા કહ્યું—પૂજ્ય ક્ષમાશ્રમણ! આ મારી પહેલી જ ભૂલ છે. કૃપા કરી ક્ષમા કરો. બાકીના પૂર્વ વિચ્છેદ જાય તેમ છે. તો ભવિષ્યના મહત્તર સ્થવિરો કહેશે કે સ્થૂળભદ્રે શ્રુતમદ કર્યો તેથી શેષ પૂર્વનો નાશ થયો.

ગચ્છના સર્વ સાધુઓએ પણ ભદ્રબાહુ સ્વામીને પ્રાર્થના કરી કે—સ્થૂળભદ્રને વાચના આપવાની કૃપા કરો. તે હવે ફરીથી અપરાધ ન કરવાની પ્રતિજ્ઞાની સાથે ક્ષમા માગે છે.

ભદ્રબાહુ—શ્રમણો! તમે હવે આ બાબતમાં વિશેષ આગ્રહ ન કરો. હું વાચના દેવાની ના શા માટે પાડું છું તેનુ કારણ સાંભળો—

સ્થૂળભદ્રના અપરાધના કારણથી નહિ પણ ભવિષ્યનો વિચાર કરીને બાકીના પૂર્વનો પ્રચાર કરવાનું બંધ કરું છું. જુઓ, રાજકુળ જેવા શકટાલ મંત્રીના ખાનદાન કુળમાં જન્મેલા હોવા છતાં સ્થૂળભદ્ર જેવા ગંભીર પુરુષ કે જેણે બાર વર્ષની સંગિની કોશાના પ્રેમને ક્ષણભરમાં ત્યાગ કરી દીધો અને નંદ રાજાએ આપેલા મંત્રીપદને છોડીને વિરક્તભાવથી દીક્ષા ગ્રહણ કરી એવા સ્થૂળભદ્ર પણ શ્રુતજ્ઞાનનો દુરૂપયોગ કરવામાં તત્પર થઈ ગયા તો બીજાની તો વાત જ શું કરવી?

શ્રમણો! દિવસે દિવસે સમય નાજુક આવતો જાય છે. મનુષ્યની માનસિક શક્તિઓનો પ્રતિસમય હ્રાસ થઈ રહ્યો છે. તેની ક્ષમતા અને ગંભીરતા નષ્ટ થતી જાય છે. એવી દશામાં પૂર્વનો પ્રચાર કરવામાં હું કુશળ જોઈ શકતો નથી.

સ્થૂળભદ્ર—ભગવન ! હવે પછી કદી પણ હું પરરૂપ ધારણ નહિ કરૂં, આપ કહો તે શરત પર ચાલીશ પણ કૃપા કરી બાકીના ચાર પૂર્વ મને શિખડાવો.

ભદ્રબાહુ—સ્થૂળભદ્ર ! તું એટલો બધો આગ્રહ કરે છે તો હું તને ચાર પૂર્વ બતાવીશ. પણ **બીજાને તે શિખવવાની અનુજ્ઞા હું નહિ આપું. અનુજ્ઞા તો માત્ર દશ પૂર્વની જ દઈશ. બાકીના ચાર પૂર્વ તારી સાથે નષ્ટ થયા સમજવા.**

આ પ્રમાણે શ્રી સ્થૂળભદ્રના વીર સંવત ૨૧૯ માં સ્વર્ગગમન પછી છેલ્લા ચાર પૂર્વ વિચ્છેદ થયા.

બીજું મુનિ સંમેલન
બીજી આગમ વાચના

ઉપર વર્ણવેલ પહેલી આગમ વાચના પછી પણ ઉતરતા કાળના પ્રભાવે મુનિઓને સૂત્રો કંઠસ્થ રાખવામાં ઘણી અડચણો નડવા માંડી. આથી સમ્રાટ સંપ્રતિએ ઉજ્જૈનમાં આર્ય સુહસ્તિ સૂરિની અધ્યક્ષતામાં એક શ્રમણ સંમેલન મેળવી નાનકડી આગમ વાચના કરાવી હતી અને મુનિવરો દૂર દૂરના ક્ષેત્રમાં વિચરે અને ત્યાં પણ આગમનો અભ્યાસ ચાલુ રહે એમ વ્યવસ્થા કરાવી હતી. એટલે ત્યાં સુધી પઠન પાઠન બરાબર ચાલ્યાં હતાં.

પરંતુ ત્યારપછી થોડા વર્ષોમાં જ રાજકીય અને કુદરતી એમ બે મોટા આંચકા લાગ્યા.

પટણામાં પુષ્પમિત્ર (જે કલકીના નામથી પણ ઓળખાય છે) રાજદ્રોહ કરીને પટણાની ગાદીએ ચડી બેઠો. તે બ્રાહ્મણ હતો. તેણે ધર્માંધતાથી જૈન શ્રમણો તેમજ બૌધ શ્રમણો ઉપર કાળો કેર વર્તાવ્યો.

તે જ અરસામાં કુદરતે પણ અનાવૃષ્ટિથી બાર વર્ષનો દુકાળ વર્તાવી કાળો કેર વર્તાવ્યો. તેથી જૈન શ્રમણોને ગોચરી મળવી પણ

મુશ્કેલ થઇ પડી. તેથી જૈન શ્રમણો કલિંગ દેશ તરફ ચાલ્યા ગયા. આ વખતે કલિંગમાં મહારાજા ભિખ્ખુરાય મહામેઘવાહન ખારવેલ રાજ કરતા હતા.

મહારાજા ખારવેલ વૈશાલીના ગણસત્તાક રાજતંત્રના પ્રમુખ પરમ અર્હંત ઉપાસક ચેટક રાજાના વંશજ હતા. મગધરાજ શ્રેણિકના પુત્ર કોણિકે (અજાતશત્રુ) ચેટકરાજ સાથે ભયંકર યુદ્ધ કરેલું ત્યારે ચેટક મહારાજા અનશન કરી સ્વર્ગે ગયા અને તેમનો પુત્ર શોભનરાય નાસીને તેના સસરા કલિંગરાજ સુલોચન પાસે ગયા. સુલોચનરાય પણ જૈન હતા અને તેમને સંતાનમાં માત્ર એક પુત્રી હતી. એટલે તેમના મૃત્યુ પછી શોભનરાય કલિંગાધિપતિ થયા.

શોભનરાયની દશમી પેઢીએ ભિખ્ખુરાય વીર સં. ૩૦૦ માં કલિંગનો રાજા બન્યો. તે તેના પૂર્વજોની પેઠે જૈન ધર્મી અને મહા પ્રતાપી હતો. તેના ત્રણ નામો છે—

૧. **ભિખ્ખુરાય**—જૈન નિર્ગ્રંથ ભિક્ષુઓ-શ્રમણોનો પરમભક્ત હોવાથી તે ભિખ્ખુરાય કહેવાતો.

૨. **મહામેઘવાહન**—એને એના પૂર્વજોથી ચાલ્યા આવતા મહામેઘ જેવા હાથીનું વાહન હોવાથી મેઘવાહન કહેવાતો.

૩. **ખારવેલાધિપતિ**—તેની રાજધાની સમુદ્ર કિનારે હોવાથી અને તેના રાજ્યની સીમા સમુદ્ર સુધી હોવાથી તે ખારવેલાધિપતિ કહેવાતો.

આ ભિખ્ખુરાયે મગધના રાજા પુષ્પમિત્રને હરાવ્યો હતો.

આચાર્ય હિમવંત કૃત સ્થવિરાવલીમાં બીજી આગમવાચનાનું વર્ણન કરતાં નીચે પ્રમાણે લખ્યું છે—

બાર દુકાળી પડી તેમાં આર્ય મહાગિરિ તથા આર્ય સુહસ્તિજીના અનેક શિષ્યો શુદ્ધ આહાર ન મળવાથી કુમારગિરિ (પર્વત) નામના તીર્થમાં અનશન કરીને દેહમુક્ત થયા હતા. એ દુકાળના પ્રભાવથી

ઘણાં સિદ્ધાંત નષ્ટપ્રાયઃ થઈ ગયા હતા એમ સમજીને મહારાજા મહામેઘવાહન ભિખ્ખુરાય ખારવેલે જૈન સિદ્ધાંતના સંગ્રહ અને જૈન ધર્મનો વિસ્તાર કરવા માટે શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિનીઓની એક સભા કુમારી પર્વત નામના તીર્થ ઉપર મેળવી હતી.

તેમાં આર્ય મહાગિરિની પરંપરાના બલિસ્સહ, દેવાચાર્ય ધર્મસેનાચાર્ય, નક્ષત્રાચાર્ય આદિ ૨૦૦ **જિનકલ્પની તુલના કરવાવાળા જિનકલ્પી સાધુ,** આર્ય સુસ્થિત, આર્ય સુપ્રતિબદ્ધ, ઉમાસ્વાતિ, શ્યામાચાર્ય વગેરે ૩૦૦ ત્રણસો **સ્થવિરકલ્પી નિર્ગ્રંથો** આવ્યા હતા. તથા પોઇણી આદિ ૩૦૦ ત્રણસો નિર્ગ્રંથિણી સાધ્વીઓ પણ એકત્ર થઇ હતી.

મહારાજા ભિખ્ખુરાય ખારવેલ, સીવંદ, ચૂર્ણક વગેરે ૭૦૦ સાતસો શ્રમણોપાસક તથા ભિખ્ખુરાયની રાણી પૂર્ણમિત્રા આદિ સાતસો શ્રાવિકાઓ પણ તે સભામાં ઉપસ્થિત હતી.

પુત્ર, પૌત્ર, રાણીઓ વગેરે પરિવારથી સુશોભિત મહારાજા ભિખ્ખુરાય ખારવેલે નિર્ગ્રંથ નિર્ગ્રંથિણીઓને નમસ્કાર કરીને કહ્યું—હે મહાનુભવો! હવે આપ તીર્થંકર ભગવાન વર્દ્ધમાન સ્વામીના પ્રરૂપિત જૈન ધર્મની ઉન્નતિ તથા વિસ્તાર કરવા માટે સર્વ શક્તિથી ઉદ્યમવંત થાઓ.

મહારાજા ભિખ્ખુરાય ખારવેલના ઉપર્યુક્ત પ્રસ્તાવ પર સર્વ નિર્ગ્રંથ નિર્ગ્રંથિણીઓએ પોતાની સંમતિ પ્રગટ કરી અને ભિખ્ખુરાય પૂજિત સન્માનિત નિર્ગ્રંથ નિર્ગ્રંથિણીઓ મગધ, મથુરા, વંગ આદિ દેશોમાં તીર્થંકર પ્રણીત ધર્મની ઉન્નતિને માટે ચાલી નીકળ્યા.

તે પછી ભિખ્ખુરાયે કુમારગિરિ તથા કુમારીગિરિ નામના પર્વતો ઉપર જિન પ્રતિમાઓથી સુશોભિત અનેક ગુફાઓ બનાવરાવી. ત્યાં જિનકલ્પીની તુલના કરવાવાળા નિર્ગ્રંથો વર્ષાકાળમાં કુમારી પર્વતની ગુફાઓમાં રહેતા. અને જેઓ સ્થવિર કલ્પી નિર્ગ્રંથ હતા. તે કુમાર

પર્વતની ગુફાઓમાં ચાતુર્માસ રહેતા. એ પ્રમાણે મહારાજા ખારવેલે નિર્ગ્રંથો માટે વિભિન્ન વ્યવસ્થા કરી હતી.

ઉપરોક્ત વ્યવસ્થા કરવાનો સભામાં નિર્ણય કરી લીધા પછી ભિખ્ખુરાયે કૃતાર્થતા અનુભવી. તે પછી તેમણે બલિસ્સહ ઉમાસ્વાતિ, શ્યામાચાર્ય આદિ સ્થવિરોને વંદના નમસ્કાર કરીને, જિનાગમમાં મુકુટ તુલ્ય દષ્ટિવાદના દશપૂર્વ સુધીના શ્રુતનો સંગ્રહ કરવા માટે પ્રાર્થના કરી.

ભિખ્ખુરાયની પ્રેરણાથી પૂર્વોક્ત સ્થવિર આચાર્યોએ અવશિષ્ટ દષ્ટિવાદને શ્રમણ સમુદાય પાસેથી થોડું થોડું એકત્ર કરીને, વ્યવસ્થિત કરીને, **ભોજપત્ર, તાડપત્ર તથા વલ્કલ પર અક્ષરોથી લિપિબદ્ધ કરીને ભિખ્ખુરાયનો મનોરથ પૂર્ણ કર્યો અને એ પ્રમાણે સુધર્માસ્વામી રચિત દ્વાદશાંગીના સંરક્ષક થયા.**

એ પ્રસંગે **શ્યામાચાર્યે** નિર્ગ્રંથ સાધુ સાધ્વીઓના સુખબોધાર્થે **પન્નવણા (પ્રજ્ઞાપના) સૂત્રની** રચના કરી. જે વીર સં. ૩૪૦માં સંપૂર્ણ થયું હતું.

સ્થવિર શ્રી **ઉમાસ્વાતિજી**એ એ જ ઉદ્દેશથી નિર્યુક્તિ (ભાષ્ય) સહિત **તત્ત્વાર્થ સૂત્રની** રચના કરી.

અહીં સ્થવિરાવલી લેખકની સરખા નામથી ભૂલ થઈ હોય એમ લાગે છે. કારણ કે એ વખતે સર્વ જૈન મુનિઓ અર્ધમાગધી ભાષામાં જ લખતા હતા. **તે વખતે મુનિઓ સંસ્કૃત ભાષા વાપરતા જ નહોતા. અને તત્ત્વાર્થ સૂત્ર સંસ્કૃત ભાષામાં રચાયેલું છે. તેથી તે પહેલા ઉમાસ્વાતિનું હોઈ શકે નહિ.** પણ વિક્રમની પહેલી બીજી સદીમાં થયેલા બીજા ઉમાસ્વાતિએ તત્ત્વાર્થ સૂત્ર રચેલું છે.

સ્થવિર આર્ય બલિસ્સહે વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી **અંગવિદ્યા આદિ શાસ્ત્રોની રચના કરી.**

ઉપરોક્ત ત્રણેય ગ્રંથો આજે પણ વિદ્યમાન છે.

આ રીતે જિનશાસનની ઉન્નતિ કરવાવાળા કલિંગાધિપતિ મહારાજા ભિખ્ખુરાય ખારવેલ અનેકવિધ ધર્મ કાર્યો કરીને મહાવીર નિર્વાણથી ૩૩૦ વર્ષ બાદ સ્વર્ગવાસી થયા.

ઉપરના વર્ણનમાં 'જિનકલ્પની તુલના કરવાવાળા જિનકલ્પી' અને સ્થવિરકલ્પી નિર્ગ્રંથોને જુદા બતાવેલા છે. કારણ કે જિનકલ્પને વિચ્છેદ ઠરાવ્યા પછી આર્ય મહાગિરિ તથા તેમના અનુયાયીઓએ જિનકલ્પના જેવો કેટલોક આચાર ચાલુ રાખ્યા હતા. તેથી તેમને એ રીતે જુદા જુદા નામથી ઓળખાવેલા છે. જંબુસ્વામીના નિર્વાણ પછી તુરત જ જિનકલ્પ વિચ્છેદ ગયાની ઘોષણા કરી હતી. પણ જિનકલ્પ ચાલુ છે એમ માનવાવાળા કડકપક્ષના મુનિઓએ આ સંમેલનમાં હાજરી આપી ન હોય તે બનવા જોગ છે.

અને તેથી જ દિગંબરોએ શ્રુતરક્ષા માટેના આ મુનિ-સંમેલનોની નોંધ લીધી નહિ હોય.

આ સભામાં ફક્ત દૃષ્ટિવાદ સૂત્રના પહેલા દશ પૂર્વનું શ્રુત જે સ્થૂળભદ્ર પછી ચાલુ રહ્યું હતું તેના કોઈ કોઈ અંશો વિસ્મૃત થયા હશે અને તે યાદ કરીને બરાબર વ્યવસ્થિત કર્યા હશે. પણ પહેલા અગીઆર અંગો વિસ્મૃત થયા નહિ હોય એમ લાગે છે.

બીજી વાત એ કે અત્યાર સુધી સર્વ શ્રુત મુનિઓને મુખપાઠ જ હતું. પરંતુ આ સભામાં પહેલ વહેલું તે ભોજપત્ર તાડપત્ર વગેરે ઉપર લિપિબદ્ધ કરવામાં આવ્યું હતું. પરંતુ તેની ઝાઝી નકલો બનાવવામાં આવી હોય એમ લાગતું નથી. અને તેથી જ તે પછીના સમયમાં ફરી પાછું શ્રુત વિસ્મૃત થવા પામ્યું હતું.

ત્રીજું મુનિ સંમેલન
ત્રીજી આગમ વાચના

આર્ય વજ્રસૂરિના સમયમાં ત્રીજી વાર ભયંકર બાર વર્ષનો દુકાળ પડ્યો હતો. ત્યારે ઘણા મુનિઓએ જ્યાં ત્યાં અનશન કરી સ્વર્ગગમન કર્યું, શ્રી વજ્રસૂરિ પણ રથાવર્ત પર્વત પર અનશન કરી સ્વર્ગે સીધાવ્યા હતા આ દુકાળથી શ્રમણોના ઘણાં ગણો, કુળો અને વાચક વંશોનો વિચ્છેદ થઈ ગયો હતો. મુનિવરોની સંખ્યા બહુ નાની થઈ ગઈ હતી.

સુકાળ થતાં જ શ્રી આગમરક્ષાનો પ્રશ્ન પહેલાં હાથમાં લીધો. આ સમયે શ્રી સંઘમાં વાચનાચાર્ય શ્રી નંદિલસૂરિ, યુગપ્રધાન શ્રી આર્યરક્ષિતસૂરિ અને ગણાચાર્ય શ્રી વજ્રસેનસૂરિ પ્રધાન પ્રભાવકો હતા.

આર્યરક્ષિતસૂરિ ૯।। પૂર્વના જ્ઞાતા હતા તેથી શરીરવિજ્ઞાન, મતિવિજ્ઞાન અને માનસવિજ્ઞાન વગેરેના ઊંડા જાણકાર હતા. તેમણે વિચાર્યું કે આ પડતો કાળ છે, બાર બાર વર્ષનો દુકાળ પડવાથી શ્રુતજ્ઞાનમાં મોટો હ્રાસ થયો છે અને હવે કદાચ ફરી વાર દુકાળ પડે તો શ્રુતજ્ઞાનનો સર્વથા નાશ થશે.

વળી સંહનન બળ પણ ઘટ્યું છે. દરેક સૂત્રોમાં ચાર અનુયોગો તો છે જ. એ દરેકને ધારણ કરે એવી બુદ્ધિવાળા મુનિઓ થોડા છે. અને નવા મુનિઓને જલદી શ્રુતજ્ઞાન આપી શકાય તેવો પ્રબંધ થવો જોઇએ.

આર્યરક્ષિત સૂરિએ ગંભીર વિચાર કર્યો, વિદ્યમાન પ્રભાવક આચાર્યોની સંમતિ લીધી. અને સૂત્ર પાઠોનો એક એક પ્રધાન અર્થ કાયમ રાખી ગૌણ અર્થોને જતા કર્યા એ રીતે દરેક આગમોને નીચે પ્રમાણે ચાર અનુયોગોમાં વહેંચી નાખ્યા—

૧. દ્રવ્યાનુયોગ દૃષ્ટિવાદ.

૨. ચરણકરણાનુયોગ--૧૧ અંગો, છેદ સૂત્રો, મહાકલ્પ, ઉપાંગો, મૂળસૂત્ર.

૩. ગણિતાનુયો—સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞતિ.

૪. ધર્મકથાનુયોગ—ઋષિભાષિત, ઉત્તરાધ્યયન.

આર્ય રક્ષિતસૂરિએ વીરસંવત ૫૧૦ ની લગભગમાં અનુયોગો જુદા પાડ્યા છે. આજે આ અનુયોગ પ્રમાણે જ આગમોનું અધ્યયન અધ્યાપન થાય છે.

આ વખતે આર્યરક્ષિત સૂરિએ અનુયોગદ્વાર સૂત્ર રચ્યું.

દિગંબર ઇતિહાસ પણ કહે છે કે આ. અર્હદ્‌બલિએ આગમોનું ચાર અનુયોગોમાં વિભાજન કર્યું. સંભવ છે કે આર્યરક્ષિતે કરેલ અનુયોગો પ્રમાણે તેમને પણ અનુયોગોમાં શાસ્ત્રગ્રંથોની વહેંચણી કરવી આવશ્યક લાગી હોય.

આ વખતે વસ્ત્રપાત્ર ધારણ સંબંધી મતભેદ શરૂ થઈ ગયો હતો તેથી આ સંમેલનમાં પણ કડક પક્ષ હાજર નહિ હોય એમ સમજી શકાય છે. પરંતુ અનુયોગોની વહેંચણી તેમને પણ પસંદ પડી એમ દેખાય છે અને તેમણે પણ એ જ પ્રમાણે અનુયોગોની વહેંચણી કરી પરંતુ તેમાં થોડો ફેરફાર કર્યો કે જેની વિગત મેં મારા જૈનધર્મ અને એકતા પુસ્તકમાં આપેલી હતી.

વીર સં. ૬૦૬ અથવા ૬૦૯ માં શ્વેતાંબર અને દિગંબર નામથી જૈન ધર્મમાં બે સંપ્રદાય ઉભા થયા. સાધુઓના નગ્નત્વ માટે એકાંત આગ્રહ રાખનારાએ દિગંબર નામ ધારણ કર્યું અને વસ્ત્રપાત્રનો એકાંત આગ્રહ રાખનારે શ્વેતાંબર નામ ધારણ કર્યું.

ચોથું મુનિ સંમેલન
માથુરી વાચના

આચાર્ય સ્કંદિલના યુગ પ્રધાનત્વના સમયમાં ફરી પાછો બાર વર્ષનો દુકાળ પડયો. તેથી સાધુઓને ભિક્ષા મળવાનો અસંભવ થઈ ગયો. તેથી સાધુઓ શાસ્ત્રાભ્યાસ કરી શકયા નહિ તેમજ શિખેલા શાસ્ત્રોને યાદ કરી જઈ તેનું પુનરાવર્તન પણ કરી શકયા નહિ. આ કારણથી ઘણા શ્રુતધર સ્થવિર પરલોકવાસી થઈ ગયા અને વિદ્યમાન શ્રમણ સંઘમાં પઠનપાઠનની પ્રવૃત્તિ બંધ થતી ગઈ. તેથી ઘણા અલૌકિક શ્રુતનો વિનાશ થયો.

તે સમયે તે પ્રદેશમાં આચાર્ય સ્કંદિલ એક જ વિશેષ શ્રુતધર રહેવા પામ્યા હતા. તેથી સુકાળ થતાં **વીર સં. ૮૨૭ થી ૮૪૦ (વિક્રમ સંવત ૩૫૭ થી ૩૭૦**)ની વચમાંના કોઈપણ વર્ષમાં મથુરા નગરીમાં યુગપ્રધાન શ્રી સ્કંદિલાચાર્યની પ્રમુખતામાં ઉત્તરાપથનો શ્વેતાંબર શ્રમણ સંઘ એકઠો થયો અને તેઓ આગમને વ્યવસ્થિત કરવામાં લાગી ગયા.

જેને જે આગમ સૂત્ર કે તેનો ખંડ યાદ હતો તે તેઓ કહેતા ગયા અને એ રીતે અગીઆર અંગ અને થોડુંક પૂર્વશ્રુત સંઘટિત કરાયું અને તે વ્યવસ્થિત કરીને લખી લેવામાં આવ્યું. ને પછી સંકદિલાચાર્યે તે અનુસાર સાધુઓને વાચના આપી. તેથી તે વાચના **સ્કંદિલી વાચનાના** નામથી પ્રસિદ્ધ થઈ અને મથુરામાં સંપન્ન થઈ હોવાથી તે **માથુરીવાચના** કહેવાઇ.

પાંચમું મુનિ સંમેલન
વાલભીવાચના

મથુરામાં આચાર્ય સ્કંદિલે આગમોદ્ધાર કરીને વાચના શરૂ કરી તે જ વખતે સૌરાષ્ટ્રમાં વલ્લભી નગરીમાં (હાલનું વળા) આચાર્ય

નાગાર્જુનસૂરિએ દક્ષિણા પથના શ્વેતાંબર શ્રમણ સંઘને એકત્ર કરેલો અને દુકાળમાં ભૂલાઈ ગયેલા આગમનો ઉદ્ધાર કરવાનું શરૂ કરેલું. વાચક નાગાર્જુનને તથા શ્રમણસંઘને જે જે આગમ પાઠ યાદ હતા તે વ્યવસ્થિત કરીને સ્થાપન કર્યા. અને જે ભૂલાઈ ગયા હતા તે સ્થળે પૂર્વાપર સંબંધ જોઈને વ્યવસ્થિત કર્યા.

એ પ્રમાણે આગમ ઉપરાંત પ્રકીર્ણ (પ્રકરણ) ગ્રંથોનો પણ ઉદ્ધાર કર્યો. અને પછી તે અનુસાર વાચના આપવા લાગ્યા. તેને **નાગાર્જુની વાચના** કહે છે. અને વલ્લભીમાં સંપન્ન થયેલ હોવાથી તેને **વાલભી વાચના** પણ કહે છે.

આચાર્ય સ્કંદિલ અને આચાર્ય નાગાર્જુન સમકાલિન હતા, અને લગભગ એક સમયે જ બન્ને વાચના સંપન્ન થઈ હતી, પરંતુ તે પછી તે બન્ને આચાર્યો એક બીજાને મળી શકયા ન હોતા. તેથી બન્નેની વાચનામાં કયાંક કયાંક ભિન્નતા રહી ગઇ હતી તે એમની એમ રહી ગઇ.

વિસ્મૃત થયેલ તેને યાદ કરીને બે ઠેકાણે વ્યવસ્થિત કરવામાં વાચનાભેદ આવે તે સમજી શકાય તેમ છે. બન્ને આચાર્યો મળી શકયા હોત તો તેઓ પરસ્પર રૂબરૂ ચર્ચા કરીને ભિન્નતા મટાડી શકયા હોત. પરંતુ તેમ નહિ બની શકેલ હોવાથી મતભેદના – ભિન્નતાઓના ઉલ્લેખ આજે પણ ટીકાઓમાં જોઇ શકાય છે.

છઠું મુનિ સમેલન
દેવર્દ્ધિ ગણિનું પુસ્તક લેખન
વાલભીવાચના બીજી

આચાર્ય સ્કંદિલ સૂરિએ મથુરાની વાચનામાં જે આગમ લખ્યાં હતાં તેનો વારસો આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પાસે હતો. અને આચાર્ય નાગાર્જુને વલ્લભીમાં વાચના કરી જે આગમો લખ્યાં હતાં તેનો વારસો આચાર્ય ભૂતદિન્ન તથા આચાર્ય કાલકસૂરિ (ચોથા) પાસે હતો.

આ બન્ને વાચનાના વારસાવાળા આચાર્યોના વખતમાં વળી પાછો બાર વર્ષનો ભારે દુકાળ પડ્યો. તેથી થોડું જીર્ણશીર્ણ રહેલું શ્રુત પણ છિન્નભિન્ન થઈ ગયું. તેથી સુકાળ થતાં તેમણે વીર સંવત ૯૮૦ માં વલ્લભીમાં (વળામાં) મોટું મુનિસંમેલન મેળવ્યું અને તે સંમેલનની રૂબરૂમાં બન્ને વાચનાના પાઠોને તપાસી એક ચોક્કસ પાઠ તૈયાર કર્યો. તે વખતે બન્ને વાચનાઓના સિદ્ધાંતોના પરસ્પર સમન્વય કરવામાં આવ્યા. અને બની શકયો તેટલો ભેદભાવ મટાડીને એકરૂપ કરવામાં આવ્યા.

અને જે જે મહત્વપૂર્ણ ભેદ રહ્યા તેને પાઠાંતરના રૂપમાં ટીકા ચૂર્ણીઓમાં સંગ્રહીત કરવામાં આવ્યા. કેટલાક પ્રકીર્ણ ગ્રંથો ફક્ત એક જ વાચનામાં હતા તેને પ્રમાણ માની લીધા.

એ પ્રમાણે વ્યવસ્થા કર્યા પછી આચાર્ય સ્કંદિલની માથુરી વાચના અનુસાર સર્વ સિદ્ધાંત લખવામાં આવ્યા. જ્યાં જ્યાં નાગાર્જુન વાચનાનો મતભેદ કે પાઠભેદ હતો ત્યાં તે ટીકામાં લખી લેવામાં આવ્યો. પણ જે પાઠાંતરો નાગાર્જુની અનુયાયીઓ કોઈ રીતે છોડી દેવા તયાર નહોતા તેને મૂળ સૂત્રમાં પણ वायणंतरे पुण એવા શબ્દોની સાથે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

લખવાની સરળતા માટે ફરી ફરી આવતા પાઠોને પૂર્વે લખેલ સ્થાનોની સાક્ષી આપી ટુંકાવી દીધા છે. આ પ્રમાણે અભ્યાસ કરવામાં સુગમતા રહે એવી રીતે શૃંખલાબદ્ધ સર્વ આગમ ગ્રંથો લખાયા.

આ રીતે બન્ને વાચનાઓમાં લખેલા સિદ્ધાંતો ઉપરાંત જે જે ગ્રંથ પ્રકરણ હતા તે સર્વને લખાવીને સુરક્ષિત કરવામાં આવ્યા. આ પ્રમાણે દેવર્દ્ધિગણિ બધા આગમ ગ્રંથ પ્રકરણના સંપાદક બન્યા.

આ વખતે શ્રી દેવર્દ્ધિગણિએ નંદીસૂત્ર રચ્યું.

સૂત્રો ક્યારથી લખાવા માંડયા ?

સર્વ શ્વેતાંબર સંપ્રદાયોમાં સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે આગમશાસ્ત્રો શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના વખતમાં જ વીર

સં. ૯૮૦ માં જ પુસ્તકારૂઢ થયા, અને તે પહેલાં તો સર્વ આગમ ગ્રંથો આચાર્યો તથા સાધુ સાધ્વીઓને મુખપાઠે જ રહેતા હતા.

દેવર્દ્ધિગણિના સમયમાં સર્વ સૂત્રશાસ્ત્ર ગ્રંથ પ્રકરણ પુસ્તકારૂઢ થયા એ તો ખરૂં જ પરંતુ તેની પહેલાં સૂત્રશાસ્ત્ર લખાયા જ નહોતા એમ ચોક્કસપણે કહેવાય જ નહિ.

આપણે ઉપર જોયું કે બીજા સાધુ સંમેલનમાં મહારાજા ખારવેલે સૂત્રો ભોજપત્ર, તાડપત્ર વગેરે ઉપર લખાવ્યા હતા. એટલે સૂત્રો પહેલ વહેલા વીર સં. ૩૩૦ની લગભગમાં લિપિબદ્ધ થયા હતા. પરંતુ એની નકલો બહુ જુજ કરેલી અને તેનો જરૂર પડયે જ ઉપયોગ કરવાનો હતો. બાકી સૂત્રો તો સાધુઓ નિયમિત રીતે મુખપાઠ જ રાખતા.

ત્રીજી આગમ વાચના વખતે આર્યરક્ષિત સૂરિએ અનુયોગદ્વાર સૂત્ર રચ્યું હતું. તેના સૂત્ર ૩૪માં કહ્યું છે કે—से किं तं जाणय शरीर भवि असरीर वइरित्त द्रव्वसुअं। पत्तय पोत्थय लिहिअं। એટલે પત્ર પુસ્તક (પોથી) પર લખેલ શ્રુતને દ્રવ્ય શ્રુત કહેલ છે.

ભોજપત્ર, તાડપત્ર પર તો બીજા સાધુ સંમેલન વખતે સૂત્ર લખાયા હતા. તે પછી કાગળ પર લખવાની પણ શરૂઆત થઈ ગઈ હશે. માટે જ આર્યરક્ષિતે કહ્યું છે કે પત્ર તેમ જ પોથી પુસ્તક પર લખેલ શ્રુતને દ્રવ્યશ્રુત કહેવાય છે.

એટલે તે વખતે સૂત્ર શાસ્ત્રો લખવાની પ્રવૃત્તિ ચાલુ તો થઈ ગઈ હતી. અને તેથી નિશીથ સૂત્રમાં કાલિક શ્રુત તથા કાલિક શ્રુત નિર્યુક્તિને માટે પાંચ પ્રકારના પુસ્તકો રાખવાનો સાધુઓને અધિકાર આપવામાં આવ્યો છે. જો પૂર્વકાળમાં સૂત્રો લખવામાં આવતાં જ ન હોત તો નિશીથ ભાષ્યકાર વગેરે તેની ચર્ચા અને વિધાન કરત નહિ.

એટલે માથુરી અને વાલભી વાચનાના સમયમાં સ્કંદિલાચાર્યે અને નાગાર્જુનાચાર્યે સૂત્રો પુસ્તકોમાં લખાવ્યા હતા એમાં તો કંઈ શક

નથી. પરંતુ તેની પહેલાં પણ આગળ લખાતા હતા અને કારણુયેઃમથી સાધુઓ તે પુસ્તકો પોતાની પાસે રાખતા હતા.

છતાં પણ જ્યાં સુધી યાદ શકિત સારી હતી ત્યાં સુધી વિશેષે કરીને સાધુઓ સર્વ શ્રુત મુખપાઠે રાખતા હતા અને જરૂર પડયે પુસ્તકનો ઉપયોગ કરતા હતા.

આ પ્રમાણે સૂત્રોશાસ્ત્રો પહેલેથી આજસુધી કેવી રીતે જાળવી રાખવામાં આવ્યા તેનો ઇતિહાસ છે.

હવે દિગંબરો મૂળ સૂત્રો જળવાયા નથી તેનાં કારણો આપે છે તે અને શ્વેતાંબરો તેનું સમાધાન કરે છે તે જોઇએ.

મૂળસૂત્રો જળવાયા નથી તે માટે દિગંબરોનાં કારણો

૧. દિગંબરો પહેલું કારણ એમ કહે છે કે અંગસૂત્રોનો મૂળમાં જેટલો વિસ્તાર હતો તેટલો નથી. કાળપ્રભાવે કેટલુંક ભૂલાઈ ગયું હોય તે સંભવિત છે. પરંતુ હાલના સૂત્રોમાં કયાંય કાંઈપણ ખંડિત થયું હોય એમ દેખાતું નથી. બધા સૂત્રોમાં પહેલીથી છેલ્લે સુધી એકસરખો સંબંધ જળવાઈ રહેલો દેખાય છે તો તેનો કોઈ ભાગ ખંડિત થયો હતો એમ કેમ માની શકાય ?

શ્વેતાંબરનું સમાધાન—ઉપર આપેલા ઇતિહાસ ઉપરથી જોઇ શકાય છે કે મૂળ જેટલું જેટલું યાદ હતું તે દરેક વખતે યાદ કરીને તેને વ્યવસ્થિત રૂપે એટલે સંબંધ જાળવીને ગોઠવી દેવામાં આવ્યું હતું. કારણકે નહિતર પઠનપાઠનમાં બહુ અડચણ પડે તેથી સર્વ શાસ્ત્રોને દરેક વખતે સંબંધ પ્રમાણે ગોઠવીને લખાયા હતા.

તેથી દિગબરોની એ દલીલ ટકી શકતી નથી.

૨. **દિગંબરોની** બીજી દલીલ એ છે કે—પદોની સંખ્યા મૂળ પ્રમાણે મળતી નથી જો કે સૂત્રમાં સળંગ નંબર સંખ્યા દેખાય છે.

શ્વેતાંબરોનું સમાધાન—દરેક વખતે વ્યવસ્થિત કરવા માટે યાદ રહ્યું હોય તેટલાને જ સળંગ નંબરો આપ્યા છે. તેમ કરવામાં ન આવે તો પઠનપાઠનમાં ગરબડ ઉભી થાય. સળંગ નંબર અપાઈ જાય ત્યારે જ સૂત્ર વ્યવસ્થિત થયું કહેવાય અને તે પછી જ વાચના યથાર્થ રીતે અને વ્યવસ્થિત રીતે આપી શકાય.

એટલે દિગંબરોની એ દલીલ પણ વજુદ વિનાની છે.

૩. હાલના સૂત્રોની ગણધરોના જેવી ગંભીર વાણી નથી.

શ્વેતાંબરોનું સમાધાન—દિગંબર દલીલકારનું કહેવું એમ લાગે છે કે હાલના સૂત્રોની ભાષા ગણધરોની ભાષા જેવી નથી. એમ કહેવું હોય તો તે બનવું સંભવિત છે. કારણ કે—

મૂળસૂત્રો મગધ દેશમાં અઢી હજાર વર્ષ પહેલાં રચાયેલાં તે પછી સાધુ મુનિઓ આસ્તે આસ્તે પૂર્વ હિંદુસ્તાનમાંથી પશ્ચિમ તરફ વિહાર કરતા આવ્યા. તેમના વિહારમાં વચમાના અનેક પ્રદેશની ભાષાઓના શબ્દોનું મિશ્રણ થયું હોય તે સ્વાભાવિક છે. કારણ કે વિસ્મૃત થયેલ શ્રુતને ફરી વાર યાદ કરતાં મૂળ શબ્દને બદલે એ જ અર્થનો બીજો શબ્દ મૂકાઈ જાય તે સંભવિત છે. એ પ્રમાણે પુસ્તક લખાયા ત્યાં સુધીના એક હજાર વર્ષમાં શબ્દોમાં પરવિર્તન થયું હોય તે સંભવિત છે.

પરંતુ ભાષા ગંભીરતા તેના શબ્દોના અર્થમાં છે. અને આજે પણ વિદ્વાન સાધુઓ સૂત્રોના શબ્દોના જુદા જુદા અનેક અર્થ કરી બતાવી શકે છે.

એટલે દિગંબરોની એ દલીલમાં ખાસ વજુદ નથી

૪. **દિગંબરો** ચોથી દલીલમાં **કહે** છે કે ઉપરની ત્રીજી દલીલના જવાબમાં વખતે તમે એમ કહેશો કે અંગસૂત્રોને ગણધરોના કથનાનુસાર મહર્ષિઓએ (પૂર્વાચાર્યોએ) બનાવ્યા છે. તો મહર્ષિઓએ કર્તા તરીકે પોતાનું નામ ન રાખતાં ગણધરનું નામ કેમ રાખ્યું છે? એથી તો તેમના બીજા મહાવ્રતનું ઉલ્લંઘન થયું. એથી જૈનજાતિ ઉપર કેવો પ્રભાવ પડે?

શ્વેતાંબરોનું સમાધાન—એ વાત તો ખરી જ છે કે હાલનાં ઉપલબ્ધ સૂત્રોનો બધો ભાગ મૂળનો જ નથી. કારણ કે પૂર્વાચાર્યો તેમના શિષ્યોને શિખડાવવાને માટે મૂળ સૂત્રો ઉપર વિવેચન કરતા. તે વિવેચન પદ્યમાં કરતા કે જેથી શિષ્યોને સહેલાઇથી યાદ રહી જાય. કારણ કે બધું શ્રુત મુનિઓને મુખપાઠ જ રહેતું.

મૂળ સૂત્ર અને પૂર્વાચાર્યોના વિવેચનો બધું એક સાથે શિષ્યો યાદ રાખતા. પૂર્વાચાર્યો પોતાના વિવેચનો પોતાના નામથી જુદા પાડતા નહોતા કારણ કે તેમને નામનો મોહ નહોતો. તેમનો ઉદ્દેશ ફક્ત શિષ્યોને જ્ઞાન આપવાનો હતો.

હાલના ઉપલબ્ધ સૂત્રોમાં મૂળ તથા વિવેચનોનું મિશ્રણ જરૂર છે. પણ તેનું કારણ એવું નથી કે જેથી સૂત્રોને વિચ્છેદ ગણાય અથવા સૂત્રો અમાન્ય ગણાય.

વિવેચન તે મૂળના સ્પષ્ટીકરણરૂપે છે અને તેથી તે જરૂરનું જ ગણાય. **સૂત્ર કે ગ્રંથ અમાન્ય તો ત્યારે જ ગણાય કે જ્યારે તેની અંદરનું લખાણ સિદ્ધાંત વિરુધ્ધનું હોય. અને સૂત્રોમાં સિધ્ધાંત વિરુધ્ધનું શું શું છે તે તો દિગંબરોએ બતાવ્યું જ નથી.**

સૂત્રો વિચ્છેદ ગયાની દિગંબરોની વાત તેમના જ ગ્રંથોથી ખોટી ઠરે છે.

દિગંબરો કહે છે કે સૂત્રો વીર સંવત ૬૮૩ માં વિચ્છેદ ગયા હતા. આ વાત તેમના જ ગ્રંથો ઉપરથી ખોટી પૂરવાર થાય છે તેની કેટલીક વિગત મેં મારા **જૈનધર્મ અને એકતા** પુસ્તકના 'સૂત્રો અને આગમ' નામના પ્રકરણ નં. ૨ માં આપી છે તે જિજ્ઞાસુએ જોઈ લેવી.

દિગંબર ગ્રંથકારોએ વિક્રમની છઠ્ઠી સદી સુધી શ્વેતાંબર સૂત્રો શાસ્ત્રોનો તેમના ગ્રંથોમાં છૂટથી ઉપયોગ કર્યો છે; જેમ કે

શ્રી શિવકોટિ આચાર્યના ભગવતી આરાધના ગ્રંથમાં શ્વેતાંબરીય નિર્યુક્તિઓ તથા ભાષ્યોની સંખ્યાબંધ ગાથાઓ જેમની તેમ અથવા નજીવા ફેરફાર સાથે ઉપલબ્ધ છે.

દાખલા તરીકે—ભગવતી આરાધનાની ગાથા નં. ૪૨૧ મી છે તે શ્વે. માન્ય કલ્પનિર્યુક્તિની દશકલ્પ પ્રતિપાદિકાની ગાથા છે. ગાથા નં. ૧૧૨૩ તે શ્વે. બૃહત્ કલ્પ ભાષ્યની છે. તેની અંદર તાલપ્રલંબ સૂત્રનો નામોલ્લેખ છે તે બૃહત્કલ્પનું પ્રથમ સૂત્ર છે. ગાથા નં. ૧૯૮૩ તથા ૧૯૯૨ તે આવશ્યક સૂત્રની ગાથા નં. ૪૮ તથા ૫૧ છે તેમાં થોડો થોડો ફેરફાર કરીને ભગવતી સૂત્રમાં મૂકેલી છે.

વળી મૂળાચાર ગ્રંથમાં શ્રી કુંદકુંદાચાર્યે કેટલીયે શ્વેતાંબરીય ગાથાનો ઉપયોગ કર્યો છે તે "કુંદકુંદાચાર્ય" નામના પ્રકરણ નં. ૨૦ માં બતાવેલ છે.

શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયો વીર સં. ૬૦૬ અથવા ૬૦૯ માં છૂટા પડ્યા તે ખરૂં. પરંતુ છૂટા પડ્યા પછી પણ ઘણા વખત સુધી દિગંબરોએ શ્વેતાંબર સૂત્રોને માનવાનું ચાલુ રાખ્યું હતું. અને તે ઠેઠ વિક્રમની પાંચમી સદીના અંત સુધી અથવા છઠ્ઠી સદીની શરૂઆત સુધી દિગંબરો શ્વેતાંબર સૂત્રોને માનતા હતા. માટે જ દિગંબર ગ્રંથકારોએ શ્વેતાંબર સૂત્રશાસ્ત્રમાંથી અનેક ગાથાઓ લઈને તેમના ગ્રંથોમાં મૂકેલી છે.

દિગંબરો શ્વેતાંબર સૂત્રોને માનતા હતા તેનો અર્થ એમ જ સમજવાનો છે કે શ્વેતાંબરોએ સૂત્રોમાં વસ્ત્રધારણ સંબંધી કરેલા નવા ફેરફારો કે ઉમેરાને તેઓ માનતા નહોતા. પણ તે સિવાયની બાકીની વાતમાં તે વખતે મતભેદ નહિ હોવાથી તે માનતા હતા.

શ્રી કુંદકુંદાચાર્યે દિગંબર માન્યતાઓને ચોકકસ રીતનું નવું સ્વરૂપ આપ્યા પછી તેમણે શ્વેતાંબર સૂત્રશાસ્ત્રનો ઉપયોગ કરવાનું સદંતર બંધ કર્યું.

સૂત્ર વિચ્છેદ કહેવાનું ખરૂં કારણ

જો કે દિગંબરો કહે છે કે સૂત્રો વીર સં. ૬૮૩ માંજ વિચ્છેદ ગયા હતા પણ તે વાત ખોટી છે તે ઉપર બતાવાઈ ગયું છે. સૂત્રો વિચ્છેદ ગયાની વાત તેમણે ઘણા વખત પાછળથી કરી હતી. તેનું કારણ એ હતું કે—

શરૂઆતમાં તો ફક્ત નગ્નત્વનો જ મતભેદ હતો. અને આચારાંગ સૂત્રમાં નગ્નત્વનું પ્રતિપાદન હતું જ તેથી તેમને સૂત્રો વિચ્છેદ ગયા એમ કહેવાની જરૂર જ નહોતી. નગ્નત્વને વળગી રહેવા છતાં તે વખતે દિગંબરો અપવાદ તરીકે વસ્ત્રપાત્રની જરૂરીયાત પણ સ્વીકારતા હતા. કે જે પ્રમાણે ભગવતી આરાધનામાં પ્રતિપાદન કરેલું છે અને આચારંગ સૂત્રમાં પણ તે જ પ્રમાણે છે તેથી દિગંબરો છૂટા પડ્યા છતાં શ્વેતાંબર સૂત્રોને માન્ય ગણતા હતા.

પરંતુ શ્રી કુંદકુંદાચાર્યે દિગંબર માન્યતાને નવું સ્વરૂપ આપ્યું. તેમણે અપવાદ માર્ગનો ઇન્કાર કર્યો અને નગ્નત્વનું એકાંત આગ્રહથી પ્રતિપાદન કર્યું. તેથી અનેક નવી સમસ્યાઓ ઉત્પન્ન થઈ. જેવી કે—કવળાહાર, સ્ત્રી મુક્તિ, સ્ત્રીદીક્ષા વગેરે. તે વખત સુધી દિગંબર લેખકોની એ વિષયમાં શ્વેતાંબરોના જેવી જ માન્યતા હતી. પણ શ્રી કુંદકુંદાચાર્યે આગ્રહ પૂર્વકની જે નવી માન્યતાઓ શરૂ કરી તેના પરિણામે તેમને શ્વે. સૂત્રોને અમાન્ય કરવાની ફરજ પડી. પણ લગભગ ચારસો વર્ષ પછી અમાન્ય કરવા તે અયોગ્ય કહેવાય એટલે ચારસો વર્ષ પહેલાંથી જ વિચ્છેદ ગયા છે એમ જાહેર કર્યું.

એ કારણથી જ કુંદકુદાચાર્યની પૂર્વના દિગંબર આચાર્યોના ગ્રંથો કરતાં પણ શ્રી કુંદાકુંદાચાર્યના ગ્રંથોને પરમાગમ કહી પ્રધાનપદ આપવામાં આવ્યું.

ત્યારે હવે પ્રશ્ન એ રહે છે કે—

શ્વેતાંબર સૂત્રો
માન્ય કે અમાન્ય?

શ્વેતાંબર સૂત્રશાસ્ત્રો દિગંબર માટે અમાન્ય ગણાય અને શ્વેતાંબર સંપ્રદાયી માટે માન્ય ગણાય એ દેખીતું જ છે પરંતુ જે ભિન્નસંપ્રદાયી છે અને શુદ્ધ જૈન ધર્મના અનુયાયી રહીને મૂળ શુદ્ધ જૈન ધર્મને અનુસરવા માંગે છે તેને માટે વિચાર કરવાનો રહે છે. કારણ કે—

૧ અંગ સૂત્રો ભગવાનના ઉપદેશ પ્રમાણે ગણધર મહારાજના રચેલા મનાય છે. તો ગણધર મહારાજના નિર્વાણ પછી બનેલી અનેક હકીકતો અને તે પણ ઠેઠ સૂત્રો છેલ્લા લિપિબંધ થયાં ત્યાં સુધીની હકીકત પણ સૂત્રની અંદર આવે છે તે સાબિત કરે છે કે સૂત્રોમાં નવા ઉમેરા અને ફેરફાર સારી રીતે કરવામાં આવ્યા છે. એટલે સૂત્રો ભગવાન પ્રણીત રહ્યા નથી.

૨. સૂત્રોમાં શરૂઆત એવી રીતે હોય છે કે—જંબૂસ્વામીના પૂછવાથી સુધર્મા સ્વામીએ કહ્યું કે—એ ઉપરથી સમજી શકાય છે કે હાલના સૂત્રો જંબુસ્વામી પછી થયેલા આચાર્યે અથવા આચાર્યોએ રચેલા છે.

૩. આર્ય મહાગિરિના શિષ્યોના વખતથી જ નરમ ઢળે ભગવાનના વચનોના ખોટા અર્થો કરીને પોતાનો શિથિલાચાર સૂત્ર સિદ્ધ કરવાના પ્રયત્નો આદર્યા હતા. અને તે પ્રમાણે શિષ્યો પ્રશિષ્યોને શિખડાવતાં પરંપરાએ સૌ ખોટા અર્થને સાચા તરીકે માનવા લાગ્યા.

૪. તે પ્રમાણે પછીના સર્વ ટીકાકારોએ પણ સૂત્રના ખોટા અર્થો જ સમજાવ્યા છે.

૫. સૂત્રોનો ઘણો ભાગ ભલે ભૂલાઈ ગયો હોય પરંતુ યાદ રહ્યો હોય તેટલો પણ મૂળ ભાગ જુદો રાખ્યો નથી. પહેલેથી જ મૂળને, વિવેચનને તથા ઉમેરાઓને જુદા જુદા રાખવાની દરકાર જ કરી ન હોતી. કારણ કે મૂળ અને ઉમેરાઓને જુદા રાખે તો ઉમેરાઓ પણ શિષ્યોને ભગવાનના નામે શિખડાવી શકાય નહિ.

૬. સંપ્રદાયવાદીઓએ પોતાની માન્યતાઓને સૂત્રસિદ્ધ ઠરાવવા માટે સૂત્રોમાં અનેક જાતના ઉમેરા કર્યા છે, ફેરફારો કર્યા છે. જેમકે—

ભગવાને સાધુને વસ્ત્ર પહેરવાની છૂટ આપી છે એમ બતાવવા માટે નગ્નતા પ્રતિપાદક સૂત્રોને ગૌણ બનાવી દીધા અને ઓઢવાના વસ્ત્રને પહેરવાના વસ્ત્ર તરીકે ગણાવવા જેવા ખોટા અર્થ કર્યા.

વસ્ત્રધારી પણ અપરિગ્રહી જ ગણાય તેમ બતાવવા માટે અનેક જાતની નવી ગાથાઓ ઉમેરી.

સાધુઓ ભગવાનના વખતમાં પણ વસ્ત્ર પહેરતા એમ બતાવવા માટે પણ અનેક જાતના ઉમેરા કર્યા.

જિનકલ્પ અને સ્થવિર કલ્પના ભેદ પાડી તે ભેદો ભગવાને જ પાડેલા છે એમ બતાવવા માટે અનેક જાતના નવા ઉમેરા કર્યા.

સાધુના વસ્ત્રપાત્રની સંખ્યા દિવસે દિવસે વધારતા ગયા.

સાધુના અપવાદ માર્ગોમાં અનેક જાતની નવી છૂટછાટ ઉમેરતા ગયા તે એટલે સુધી કે સાધુને સંયમી કેમ કહેવા તે પણ વિચાર થઈ પડે.

મૂર્તિની દ્રવ્ય પૂજા શરૂ કરી એટલું જ નહિ પણ તેમાં અનેક જાતની ખર્ચાળ નવી વિધિઓ ઉમેરતા જ ગયા જાણે કે ધર્મ પૈસાવાળા માટે જ છે!

મૂર્તિની પ્રતિષ્ઠા માટેની પણ એ જ પ્રમાણે વિધિઓ બનાવી.

હિંસાના ત્રણ પ્રકાર પાડીને સાવદ્ય પૂજા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો.

આવા આવા અનેક એટલા બધા ઉમેરઓ અને ફેરફારો કર્યા કે મૂળ શું હતું તે શોધવાનું કામ ઘણું જ મુશ્કેલ થઇ પડયું.

વ્યવહાર ધર્મના પ્રકારો અને તેની મહત્તાઓ એટલ બધાં હદ ઉપરાંતના વધારી દીધા છે કે તે વાતો જૈન ધર્મના કર્મ સિધ્ધાંતની જ વિરુધ્ધ જાય છે. અને લોકોને વ્યવહાર ધર્મમાં એવા ખુડાડી દીધા છે કે તેઓને નિશ્ચય ધર્મની તો ઝાંખી પણ થતી નથી.

નિશ્ચય તરફ ન લઈ જાય તે વ્યવહાર ધર્મ અસદ્‌ભૂત જ ગણાય છે.

૭. સચેલકવાદને મૂળ સ્વરૂપ આપવા માટે સૂત્રોના ખોટા અર્થ કર્યા છે, નવી વાતો ઉમેરી છે તે ઉપરાંત નગ્ન મુનિ સંબંધની વાતો, કથાઓ શ્વે. સાહિત્યમાંથી સદંતર કાઢી નાખી છે. કે જેથી સાધુની નગ્નતાનું કદિ અસ્તિત્વ જ નહોતું એમ સમજાય.

૮. તાપસો જૈન દીક્ષા લીએ ત્યારે તથા ગૃહસ્થલિંગી વગેરે કેવળીને કેવળજ્ઞાન થાય કે તરત દેવેંદ્ર આવીને તેમને મુનિવેષ આપે એમ કહી નગ્નતા સદંતર નહોતી એવી ખોટી માન્યતા ઉપજાવી છે.

૯. ભગવાન મહાવીર છદ્મસ્થ નિર્ગ્રંથ અવસ્થામાં ચાર જ્ઞાનના ધણી અને અપ્રતિમ શકિતવાળા હતા તે વાત ધ્યાનમાં લેતાં કલ્પસૂત્રમાં વ્યંતરદેવ વગેરેની અનેક વાતો કાલ્પનિક અને ભગવાનના જ્ઞાન તથા શકિતની અવહેલના કરતી હોય એમ લાગે છે.

૧૦. શ્વેતાંબર સંપ્રદાયની માન્યતા મુજબની અનેક વાતો સૂત્રોમાં એવી રીતે ઉમેરી દીધી છે કે તે સર્વ ભગવાન મહાવીરે પ્રરૂપેલું છે એમ જ સમજાય કારણ કે સૂત્રોમાં ભગવાન મહાવીરની જ પ્રરૂપણા હોય.

૧૧. સૂત્રોને આગમ કહેવાનું કારણ એ જ છે કે સૂત્રનામધારી ગ્રંથો એ મૂળ સૂત્રો નથી પણ મૂળ, વિવેચન અને ઉમેરાના સમૂહમાંથી યાદ રહેલું અને પરંપરાથી ચાલ્યું આવેલું તે આગમ છે.

શ્વેતાંબરોએ જાળવી રાખેલું આગમ શ્રુત તે મૂળ કે

તેનું વિવેચન માત્ર જ નથી પણ તેની અંદર શ્વે. માન્યતા મુજબ કરેલા અનેક ઉમેરા અને ફેરફારો સહિતનું છે.

દરેક 'આગમવાચના' વખતે સૂત્રો વ્યવસ્થિત કર્યા એમ કહ્યું છે. તેમાં વ્યવસ્થિત શબ્દ ખાસ અર્થમાં વપરાયેલા છે. સામાન્ય કરતાં તેમાં વિશેષ અર્થ રહેલો છે. મૂળ તથા વિવેચન ઉપરાંત તેમાં શ્વેતાંબર માન્યતા મુજબના ઉમરા અને ફેરફારોને એવી સુંદર રીતે ગોઠવીને વ્યવસ્થિત કર્યા છે કે વાંચના તે સર્વને મૂળ જેવું જ સમજી લીએ, બધું ભગવાને પ્રરૂપ્યું છે એમ જ માની લીએ. એટલે કે—

વ્યવસ્થિત શબ્દનો અર્થ એમ થાય છે કે—મૂળ, વિવેચન તથા નવા કરેલા ઉમેરા અને ફેરફારો એ સર્વને સુંદર રીતે ગોઠવીને ભગવાનના નામે ચડાવી દેવાની કળા.

આ બધા ઉમેરાઓ, ફેરફારો આચાર સંબંધીના છે. પરંતુ નવતત્ત્વ. છ દ્રવ્ય, પંચાસ્તિકાય, ગુણસ્થાન વગેરે સર્વ તાત્ત્વિક બાબતો જેમની તેમ છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું કે હાલના સૂત્રો-શાસ્ત્રોમાં જે કંઇ ફેરફારો, ઉમેરાઓ થયા છે તે સર્વ ખોટા છે અથવા અમાન્ય છે એમ કહેવાનો હેતુ નથી પણ તે સર્વ ફેરફારો ભગવાનના નામે ચડાવાયા છે તે ખોટી રીત સામે વાંધો છે. કારણ કે જે વસ્તુ ભગવાને કહી નથી તે વસ્તુ ભગવાનના નામે સૂત્રમાં ઉમેરવી તેથી અનંત સંસાર વધારવા જેવું થાય છે.

નવા ફેરફાર. ઉમેરા કે નવા નિયમો હાલના સંજોગો માટે અનુકૂળ હોય અને ઉપાદેય હોય તેને માન્ય ગણવામાં વાંધો નથી. પરંતુ એ સર્વ મૂળથી, ભગવાનના વખતથી ચાલ્યુ

આવતું નથી એમ તો કબૂલ કરવું જોઈએજ. અને જે વસ્તુ સિદ્ધાંત વિરૂદ્ધ જતી હોય તે ખોટી છે અથવા અમાન્ય છે એમ પણ કબૂલ કરવું જ જોઈએ.

એટલે શુદ્ધ જૈન ધર્મને અનુસરવા ઈચ્છતા હોય તેમણે આચાર સંબંધી સર્વ બાબતોને સિદ્ધાંતની બારિકાઈથી ચકાસવી જોઇએ અને તેમ કર્યાં પછી જે સત્ય લાગે તેટલું જ સ્વીકારવું જોઈએ.

સાધ્વી પ્રત્યેના વર્તનમાં ફેરફાર

જૈન આચાર શાસ્ત્રમાં પૂર્વાચાર્યોએ અનેક ફેરફારો કરી નાખ્યા છે તેમાંનો એક ફેરફાર એ છે કે—૮૦ કે ૧૦૦ વર્ષની દીક્ષા પર્યાયવાળી સાધ્વીએ એક જ દિવસના દીક્ષિત સાધુને પણ વંદન કરવું જોઈએ!

આવો ફેરફાર કરતી વખતે તેઓ જૈન સૂત્ર સિદ્ધાંત વિરુદ્ધનું જ વર્તન કરી કરાવી રહ્યા છે તેની પણ તેમણે પરવા કરી નથી.

મુનિશ્રી વિદ્યાવિજયજીએ જણાવ્યુ છે તેમ સર્વ શ્વેતાંબરો ભગવાન મલ્લિનાથ સ્ત્રીતીર્થંકર હતા એમ માને છેજ અને તે સ્ત્રીતીર્થંકરને સર્વ પુરુષ સાધુઓ વંદન કરતા હતા એમ પણ માને છે જ. આમ તીર્થંકરોએ પણ સાધુ માટે સ્ત્રીને વંદન કરવાની મના કરી નથી. ત્યારે **પૂર્વાચાર્યોએ તીર્થંકર ભગવાનોની આજ્ઞા વિરુદ્ધ સાધ્વીને વંદન કરવાની સાધુઓને મના ફરમાવી છે!**

સાધુ માટેની આવી મના જૈન સિદ્ધાંત વિરુદ્ધની છે તેની પુરુષ તરીકેના અભિમાનમાં પૂર્વાચાર્યોએ પરવા કરી નથી. અને અંધશ્રદ્ધાળુ

સાધુઓ એવા ખોટા ફરમાનને સાચું માની ચુસ્તપણે વળગી રહ્યા છે કારણ કે તેથી તેમનું અભિમાન પોષાય છે.

જૈન ધર્મ પુરુષાર્થ પ્રધાન છે એ સિદ્ધાંતને ફેરવીને પોતાના અભિમાનને અનુકૂળ બનાવવા માટે પૂર્વાચાર્યોએ જૈન ધર્મને પુરુષ પ્રધાન બનાવી દીધો!

વિક્રમની બીજી સદીથી પૂર્વાચાર્ય–પુરુષોએ સાધ્વી–સ્ત્રીઓની કક્ષા નીચી પાડી નાખવા માટે જે અનેક નવા નિયમો દાખલ કર્યા તેમાંના કેટલાક આ પ્રમાણે છે—

૧. થયેલા દોષની આલોચના સાધ્વી પોતાના સંઘની પ્રવર્તિની કે ગુરુણી પાસે કરતી હતી. તેનો એ હક ઝુંટવી લેવામાં આવ્યો. અને સાધ્વીએ મુનિ પાસે જ આલોચના લેવી જોઈએ એમ ઠરાવવામાં આવ્યું.

૨. ધર્મપુરુષ પ્રધાન છે એમ કહી સાધ્વીની તેજસ્વીતા હરી લેવામાં આવી અને ભક્તિભાવને કારણે વંદન કરતા પુરુષોને એની મનાઈ ફરમાવવામાં આવી.

૩. સ્ત્રીપુરુષોની એકત્ર સભામાં વ્યાખ્યાન કે ઉપદેશ આપવાનો પણ સાધ્વીનો હક ઝુંટવી લેવામાં આવ્યો.

૪. પાટ ઉપર બેસીને વ્યાખ્યાન આપવાની પણ સાધ્વીને મના કરવામાં આવી.

૫. જનતાની માગણી હોય છતાં જ્યાં કોઈ મુનિ હોય ત્યાં એની પરવાનગી વિના વ્યાખ્યાન કે ઉપદેશ ન આપી શકે એવું બંધન નાખવામાં આવ્યું. એથી સાધ્વીની શક્તિ કચડાઈ જાય છે.

૬. ૮૦ વર્ષની કે તેથી પણ લાંબી દીક્ષા પર્યાયવાળી ચારિત્ર્યવાન સાધ્વીને માથે પણ આજના નવા દીક્ષિતને વંદન કરવાની ફરજ નાખવામાં આવી છે.

અને આ રીતે સ્ત્રીને હલકી પાડવાના દોષના બચાવમાં આચાર્યોએ સ્ત્રીઓના જે દોષના બહાનાં બતાવ્યા છે તે સર્વ જૂઠા છે કારણ કે **એ જ દોષો સ્ત્રીઓમાં તેમ જ પુરુષોમાં પણ હોઈ શકે છે.** છતાં સાધુઓએ એ બહાનાંને સત્ય તરીકે શ્રાવકોને સમજાવ્યા એટલે શ્રાવકો પણ અંધશ્રદ્ધાથી સાધુની વાત સાચી માની બેઠા !

મૂર્તિપૂજકોમાં સાધ્વીઓ માટેની ઉપરની છ યે બાબતો કડક રીતે પાળવામાં આવે છે. પરંતુ સ્થાનકવાસીઓ નં. ૩ અને ૪ ની બાબતમાં ઉદાર બન્યા છે. છતાં બાકીની બાબતોમાં સ્થાનકવાસીઓ પણ મૂર્તિપૂજક જેટલા જ સંકુચિત વિચાર ધરાવે છે. દિગંબરોએ તો સાધ્વીની કક્ષા એટલી બધી ઉતારી પાડી છે કે તેમની તો વાત જ શી કરવી ?

સાધ્વી સ્ત્રીઓને પુરુષ સાધુઓથી ઉતરતી કક્ષાની માનનાર સાધુ તેમ જ શ્રાવકોએ નીચેની બાબતો વિચારવી ઘટે છે.

૧. જીવ સ્ત્રીત્વ પ્રાપ્ત કરે છે તે તેના પૂર્વભવના પાપનું ફળ છે પણ આ ભવના પાપનું ફળ નથી. આ ભવે સાધ્વી સ્ત્રી જ્ઞાને, વિદ્યાએ, ઉંમરે વૃદ્ધ હોય તેને નવો દીક્ષિત યુવાન મુનિ વંદન ન કરે પણ એથી ઊલટું એ વૃદ્ધ સાધ્વી યુવાન નવદીક્ષિત સાધુને વંદન કરે. એનો અર્થ એ થયો કે સાધ્વી સ્ત્રીના પૂર્વભવના પાપને માટે આ ભવે તેનો તિરસ્કાર કરવામાં આવે છે.

આવું વર્તન જૈન સિદ્ધાંતની વિરુદ્ધનું છે.

૨. પૂર્વ ભવના પાપ માટે ચાલુ ભવે એટલે વર્તમાન ભવે તે જીવ ધર્મી, ગુણવાન, વિદ્વાન, ચારિત્રવાન હોય તો પણ તેનો તિરસ્કાર કરવાનું જૈન સિદ્ધાંતમાં કયે ઠેકાણે જણાવ્યું છે ? સિદ્ધાંતમાં એવો કયો નિયમ છે ?

૩. ચાંડાલત્વ પ્રાપ્ત થાય તે પણ પૂર્વ ભવનું જ પાપ છે. પણ જ્યારે ચાંડાલ ધર્મીષ્ટ, તપસ્વી સાધુ બને ત્યારે તે **ચાંડાલને પણ જૈનધર્મ પૂજ્ય ગણે છે તો તેજ પ્રમાણે સાધ્વી સ્ત્રી પૂજ્ય કેમ નહિ?**

૪. ધર્મ પુરુષ પ્રધાન છે એ વાત તો તદ્દન જૂઠી છે. **ધર્મ તો પુરુષાર્થ પ્રધાન છે. સ્ત્રી કે પુરુષ બન્ને એકસરખી રીતે પુરુષાર્થ કરી શકે છે એમ તો જૈનધર્મે સ્વીકાર્યું જ છે.**

૫. જો ધર્મને પુરુષ પ્રધાન માનતા હો તો તીર્થંકર પુરુષ જ હોઇ શકે પણ સ્ત્રી તીર્થંકર હોઈ શકે નહિ. ત્યારે તમે તો ભગવાન મલ્લિનાથને સ્ત્રી તીર્થંકર માનો છો. જ્ઞાતા સૂત્રમાં ભગવાન મલ્લિનાથને સ્ત્રી તરીકે વર્ણવેલા છે. પણ **તમારા નિયમ પ્રમાણે તો તીર્થંકર પુરુષ જ હોય. તો શું મલ્લિનાથ પુરુષ હતા એમ માનો છે? મલ્લિનાથ સ્ત્રી તીર્થંકરની માન્યતાને ખોટી માનો છો? જ્ઞાતાસૂત્રની કથા ખોટી છે એમ માનો છો?**

૬. જૈન સિદ્ધાંત કહે છે કે જીવનો વેદ-ભાવ નાશ પામે અને અવેદીપણું પ્રાપ્ત કરે ત્યારે જ તેને કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે, પુરુષ વેદનું ભાન, અભિમાન હોય ત્યાં સુધી કેવળજ્ઞાન થઈ શકે નહિ. **તેથી સાબિત થાય છે કે ધર્મ પુરુષ પ્રધાન નથી.**

૭. સૂત્રોમાં ત્યાગી વર્ગના આચારના વર્ણનમાં નિર્ગ્રંથ નિર્ગ્રંથિણી અથવા ભિક્ષુ ભિક્ષુણી શબ્દો વાપરીને **સાધુ સાધ્વીઓને સમાન કક્ષામાં મૂકેલા છે.** ત્યારે અન્ય દર્શનોનું અનુકરણ કરીને સ્ત્રીને પુરુષ કરતાં હલકી ઠરાવવી એ સિદ્ધાંત વિરુદ્ધનું કાર્ય છે અને ઉત્સૂત્ર પ્રરૂપણા છે.

૮. જૈન સિદ્ધાંત સ્ત્રી તેમજ પુરુષ સર્વના આત્મા એક સરખા

હોવાનું માને છે. છતાં પુરુષ તરીકેના અભિમાનથી સ્ત્રીને હલકી ઠરાવવી કે ગણવી ને સિદ્ધાંત વિરુદ્ધનું કાર્ય છે.

૯. વ્યવહારમાં માતા વગેરે વડીલ સ્ત્રીઓને પૂજ્ય ગણુવામા આવે છે તેજ રીતે ધર્મમાં કેમ નહિ ?

માતા ગુણવંતીએ દીક્ષા લીધી છે અને સાધ્વી બનેલ છે. થોડા વખત પછી પુત્ર વિનયચંદ્રની પત્ની ગુજરી જતાં વૈરાગ્ય ભાવ આવવાથી વિનયચદ્ર પણ દીક્ષા લઈ સાધુ બને છે. સંસારમાં માતા તરીકે, વિનયચંદ્ર ગુણવંતીને પૂજ્ય ગણી નિયમિત વંદન કરતો. અને ગુણવંતી સાધ્વી થયા પછી પણ વિનયચંદ્ર સાધ્વી ગુણવંતીને ભકિત અને વિનયથી વંદન કરતો. હવે વિનયચંદ્ર સાધુ થયેલ છે તેથી શું સાધ્વી ગુણવંતી વિનયચંદ્રને વંદન નમસ્કાર કરશે ? નહિ જ.

સાધ્વી ગુણવંતીએ વિનયચંદ્રને નમસ્કાર કરવા જ જોઇએ, વંદન કરવું જ જોઇએ એમ માનનારા કે કહેનારાને જૈન ધર્મના સિદ્ધાંતનું જ ભાન નથી એમ કહેવું જોઈશે. અથવા તો એવું કહેનારા માનનારા જૈન ધર્મી નથી પણ જૈન હોવાનો દંભ કરે છે એમ જ માનવું જોઇએ.

૧૦. **જૈન ધર્મમાં સર્વ ઠેકાણે ચારિત્ર અને ગુણની મહત્તા ગાઇ છે પણ ક્યાંય પુરુષ વેદની મહત્તા બતાવી નથી.** આત્માનો વિકાસ, આત્માનો ઉત્કર્ષ ગુણ અને ચારિત્રથી થઈ શકે છે. તેમાં વેદના ભેદ સ્વીકારવામાં આવ્યો નથી. છતાં સાધ્વી સ્ત્રીના ગુણુ ચારિત્રની મહત્તા ટાળી નાંખીને તેને નવદીક્ષિત મુનિથી પણ હલકી ગણવામાં આવે ત્યારે જૈન સિદ્ધાંતનું જ ખૂન કરવામાં આવે છે એમ જ ગણાય.

૧૧. "થેરી ગાથા" નામના બૌદ્ધ ભિક્ષુણીઓના "ગાથા સંગ્રહ"માં **ભદ્રા કુંડલા કેશા નામની એક જૈન સાધ્વીનું વર્ણન આવે છે**

કે એણે અંગ, મગધ, વજ્જ, કાશી અને કોશલ દેશમાં પચાસ વર્ષ સુધી વિહરીને ધર્મપ્રચાર કર્યો હતો. બુદ્ધના યુગમાં બૌદ્ધ શાસ્ત્રમાં એ જૈન સાધ્વીની જે પ્રશંસા કરવામાં આવી છે તે **બતાવી આપે છે કે સાધ્વી સ્ત્રી પણ કેવું ઉત્તમ કામ કરી શકે છે.**

૧૨. શ્રી વિજયસેન સૂરિકૃત 'સેન પ્રશ્ન' પુસ્તકમાં પંડિત કીર્તિવિજયજી ગણીકૃત પ્રશ્નમાં એવો પાઠ છે કે **ગુરુઓના ઉપદેશથી જેટલા જીવો સિદ્ધ થાય છે તે કરતાં સાધ્વીઓના ઉપદેશથી પ્રતિબોધિત પામેલા જીવો સંખ્યાત ગુણા સિદ્ધ થાય છે.**

૧૩. તીર્થંકરોના સમયમાં સાધુ કરતાં સાધ્વીની સંખ્યા વિશેષ બતાવેલ છે. આજે પણ સાધુ કરતાં સાધ્વીની સંખ્યા વિશેષ છે એમ કહેવામાં આવે છે. જે સાધ્વીઓ વિશેષ પ્રમાણમાં ધર્મારાધન કરે છે અને વિશેષ જીવોને ધર્મ પમાડી શકે છે તેને સાધુથી હલકી ગણવી તેમાં અભિમાન કે મિથ્યાત્વ સિવાય બીજું કાંઈ દેખાતું નથી.

સૂત્રકર્તાના નામમાં ગોટાળો

સૂત્રકર્તાના નામ સબંધી પણ ગોટાળો પ્રવર્તે છે. શ્વેતાંબરોની માન્યતા એવી છે કે હાલના ઉપલબ્ધ સૂત્રો મૂળ સુધર્માસ્વામીના રચેલા છે. ત્યારે દિગંબરો એમ માને છે કે તેમનું શ્રુત પરંપરાથી ગૌતમસ્વામી તરફથી મળેલું છે.

વિક્રમની બીજી સદીમાં શ્વેતાંબર દિગંબર જુદા પડ્યા ત્યાં સુધી જૈન સંઘ એક જ હતો અને ત્યારે સૂત્રો પણ એક જ દ્વાદશાંગી હતા. તે વખતે બે દ્વાદશાંગી અસ્તિત્વમાં હતી એવો કોઈ પણ ઉલ્લેખ કોઈ પણ સંપ્રદાયમાં નથી.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે—હાલના ઉપલબ્ધ સૂત્રો મૂળ કોનાં રચેલાં છે અથવા શ્વેતાંબર દિગંબર એ બેમાંથી કોની માન્યા સાચી છે?

એક દલીલ એમ થાય છે કે છૂટા પડ્યા પછી દિગંબરોએ શ્વેતાંબરોથી પોતાનું કાંઈક જુદું બતાવવા માટે તેમનું શ્રુત ગૌતમ-સ્વામીથી ઉતરી આવેલું જણાવ્યું છે.

પરંતુ એમ માનતાં વિરોધ એ આવે છે કે હાલના ઉપલબ્ધ સૂત્રોમાં ઠેકઠેકાણે ગૌતમસ્વામીનું જ નામ આવે છે પણ ક્યાં ય સુધર્મા-સ્વામીનું નામ આવતું નથી. જો કે મૂળ સૂત્રો સુધર્માસ્વામીના બનાવેલા હોય તો તેમાં સુધર્માસ્વામીનું જ નામ આવવું જોઈએ.

એના જવાબમાં એમ કહેવામાં આવે કે ગૌતમ સ્વામી મોટા હોવાથી ગૌતમ સ્વામીનું નામ મૂકેલું છે. બાકી સૂત્રો તો સુધર્મા-સ્વામીના જ બનાવેલા છે.

તો ત્યાં પણ આપણી મૂળ માન્યતામાં જ વિરોધ આવે છે. કારણ કે મૂળ માન્યતા એમ છે કે—અગીઆર ગણધરે અગીઆર દ્વાદશાંગી બનાવી હતી. અને દરેક ગણધર પોતાની દ્વાદશાંગી પ્રમાણે તેમના શિષ્યોને શિક્ષા આપતા. દશ ગણધરો વહેલા કેવળજ્ઞાન પામ્યા તેથી તેમની દ્વાદશાંગીઓ વિચ્છેદ ગઈ અને સુધર્મા સ્વામી છેલ્લા રહ્યા તેમની દ્વાદશાંગી ચાલુ રહી.

એટલે કે ગણધર તરીકે બધા સરખા હતા માટે અગીઆર દ્વાદશાંગી બની. અને તેથી દરેકની દ્વાદશાંગીમાં તેના બનાવનાર ગણધરનું જ નામ હોઈ શકે. ત્યાં મોટાના વિનયનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

છતાં હાલના ઉપલબ્ધ સૂત્રો જે સુધર્મા સ્વામીના મૂળ બનાવેલા માનવામાં આવે છે તેમાં દરેક ઠેકાણે ગૌતમ સ્વામીજીનાં જ સંબોધનો છે. એ હકીકત છે જ.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ગૌતમ સ્વામી યુગપ્રધાનપદે ન આવ્યા કારણકે કેવળી યુગપ્રધાનપદ પર ન આવે એવી માન્યતા છે. પરંતુ તેમાં વિરોધ આવે છે તે આ પ્રમાણે—

ભગવાન મહાવીર પછી સુધર્માસ્વામી તેમની વાટે વીશ વર્ષ સુધી યુગપ્રધાનપદે રહ્યા. આ વીશ વર્ષમાં તેઓ બાર વર્ષ છદ્મસ્થ તરીકે અને આઠ વર્ષ કેવળી તરીકે રહ્યા હતા.

તે પછી જંબૂસ્વામી યુગપ્રધાનપદે આવ્યા હતા. તેઓ ૪૪ વર્ષ યુગપ્રધાનપદે રહ્યા અને તે બધાય ૪૪ વર્ષ તેઓ કેવળીપણે જ રહ્યા હતા.

કેવળી યુગપ્રધાનપદે અથવા આચાર્યપદે ન આવે એ માન્યતા સાચી હોત તો સુધર્માસ્વામી કેવળી તરીકે આઠ વર્ષ અને જંબૂસ્વામી કેવળી તરીકે ૪૪ વર્ષ યુગપ્રધાનપદે રહ્યા નહોત.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ગૌત્તમસ્વામી કેવળી તરીકે યુગપ્રધાનપદે નહિ રહેવાથી તેમની દ્વાદશાંગી લુપ્ત થઈ એ માન્યતા યથાર્થ લાગતી નથી. કારણ હાલના સૂત્રોમાં પણ સંબોધનમાં કે પ્રશ્નોત્તરોમાં બધેય ગૌતમસ્વામીનું જ નામ આવે છે. એટલે આ જે દિગંબરોની માન્યતા છે કે ગૌતમસ્વામીની દ્વાદશાંગીમાંથી પરંપરાએ હાલનુ શ્રુત ઉતરી આવેલું છે તે માન્યતા યથાર્થ લાગે છે.

અહીં એમ સવાલ થશે કે શ્વેતાંબર સાહિત્ય ભેળસેળવાળું છે તો પછી તેના કરતાં દિગંબર સાહિત્યને જ કેમ ન અનુસરવું ? તો તેવી ભૂલ પણ કરવી નહિ કારણ કે—

દિગંબર સાહિત્યમાં વૈદિક માન્યતાઓનું મિશ્રણ

દિગંબર સાહિત્યમાં તો વૈદિક માન્યતાઓનું ઘણું મિશ્રણ છે. દિગંબરોએ શ્વેતાંબર સાહિત્યને અમાન્ય કર્યું અને તેમણે પોતાનું સ્વતંત્ર સાહિત્ય નિર્માણ કર્યું ત્યારે તેમણે જૈન તત્ત્વજ્ઞાન તો જેમનું તેમ રાખ્યું પરંતુ બીજી બાબતોમાં તેમણે વૈષ્ણવ ધર્મનું ખૂબ અનુકરણ કર્યું.

વિષ્ણુપુરાણ, ગરૂડપુરાણ વગેરેની પેઠે દિગંબરોએ પણ તીર્થંકરો

તથા મહાપુરુષોનાં ચારિત્રોને પુરાણ નામ આપ્યું. બ્રાહ્મણોમાં નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેમ દિગંબરોએ નૈષ્ઠિક શ્રાવક બનાવ્યા.

આચારોમાં તો દિગંબરોએ વૈષ્ણવીય આચારોને ખૂબ પ્રધાનતા આપી. જૈન ધર્મમાં જેવા આચારોનું નામ નિશાન પણ હોઈ ન શકે તેવા આચારો દિગંબરોએ પ્રચલિત કર્યા અને આજે પણ પ્રચલિત છે.

બાળક જન્મે ત્યારથી વૈષ્ણવોના જેવા સંસ્કાર આપવા યજ્ઞોપવિત, કમંડલુ, છુતાછુત, સ્ત્રીમુક્તિ નિષેધ, શુદ્રમુક્તિ નિષેધ, જૈન સિવાય બીજાને ઘેર જૈન સાધુએ આહાર લેવાનો નિષેધ, આહવનીય આદિ અગ્નિઓની પૂજા, સંધ્યા, તર્પણ, આચમન વગેરે વગેરે આચાર વિચારો જૈન ધર્મના નહિ પણ વૈષ્ણવ ધર્મના પ્રતિક છે.

શ્વેતાંબર તરફના દ્વેષને લીધે શ્વેતાંબરોથી નવું અથવા ઊલટું કરવાની ભાવનાથી દિગંબરોએ ઘણા વૈષ્ણવ આચારો અપનાવી લીધા છે.

એટલે દિગંબર આચાર સાહિત્ય અપનાવવાનો વિચાર કરતાં પહેલાં તેમાં જૈન આચાર કેટલો છે તે જ શોધવું જોઈશે.

માટે સત્ય મૂળ ધર્મને અનુસરવા ઈચ્છનારાએ સંપ્રદાયવાદી સાહિત્યમાંની વાતોની ચકાસણી કરીને સત્ય જણાય તે જ માનવું.

સંપ્રદાયવાદથી દૂર રહેવું

સંપ્રદાયોની ઉત્પત્તિ અહંભાવ અને અજ્ઞાનતાથી ઉપજેલા એકાંત આગ્રહથી થયેલી છે.

સંપ્રદાય શરૂ કરનાર ગુરૂ અથવા ગુરૂઓએ જે વસ્તુ જે રીતે કહી, શિખવાડી કે સમજાવી તે રીતે જ તેને બરાબર સમજવી અને માનવી તે **સંપ્રદાયવાદ.**

ગુરૂએ જે કોઈ શબ્દ, વાકય કે સૂત્રના અર્થ જે રીતે કહ્યા, બતાવ્યા કે સમજાવ્યા તે અર્થને તે રીતે જ સમજવા કે માનવા અને

તેના જ બીજા અર્થ થતા હોય તેને ગૌણ કરી દેવા અથવા તેને માનવા જ નહિ તે **સંપ્રદાયવાદ.**

સત્યાસત્યના વિવેક વિના અથવા અર્થની સત્યતાની ચકાસણી કર્યા વિના ગુરુએ જે વસ્તુ જે રીતે સમજાવી તે રીતે જ તેને સંપૂર્ણ સત્ય તરીકે માનવી તે **અંધ શ્રદ્ધા.**

સંપ્રદાયવાદમાં અમુક અંશે ભગવાનના વચનની વિરુદ્ધની માન્યતા હોય છે. **જેટલે અંશે ભગવાનના વચનની વિરુદ્ધ માન્યતા, તેટલે અંશે મિથ્યાત્વ.**

સંપ્રદાયવાદમાં અમુક પ્રકારનો મતાગ્રહ હોય છે. **મતાગ્રહથી કદી મોક્ષ નથી એટલે—**

સંપ્રદાયવાદ એ શુદ્ધ સમકિતનો બાધક છે.

અંધશ્રદ્ધાળુ સંપ્રદાયવાદીમાં સ્વતંત્ર રીતે વિચાર કરવાની શકિતનો સદંતર અભાવ હોય છે. કારણ કે તે તેના ગુરુએ શિખડાવેલી રીતે જ વિચાર કરવાને ટેવાઈ જાય છે તેથી તે બીજી કોઈ રીતે વિચાર કરી શકતો નથી. એટલે તે સત્યને કદી સત્ય તરીકે સમજી, માની કે ઓળખી શકતો નથી.

અંધશ્રદ્ધાળુ સંપ્રદાયવાદી પોતાની માન્યતાના વર્તુલની બહાર નીકળી શકતો નથી, વર્તુલની બહાર જોઈ શકતો નથી, વર્તુલની બહારનુ જોવા કે જાણવાની ઈચ્છા પણ કરતો નથી તેથી તે સત્ય સમજી શકવાને અસમર્થ હોય છે.

સત્યાસત્ય વિવેકપૂર્વક સ્વતંત્ર રીતે વિચાર કરી શકે તે જ માણસ સત્ય સમજી શકે છે અને સત્ય સમજણ એજ સમકિત છે, એ જ મોક્ષનો દરવાજો છે.

માટે મોક્ષની અભિલાષાવાળાએ સંપ્રદાયવાદના મતાગ્રહથી અળગા રહી, મૂળ શુદ્ધ જૈન ધર્મને સમજવા, માનવા અને અનુસરવાનું જ લક્ષ રાખવું.

卐

પ્રકરણ ચોથું

તીર્થની મહત્તા

સ્થાનકવાસી જૈનો તીર્થ સ્થળોની મહત્તા માનતા નથી, તીર્થ સ્થળોને કોઇ રીતે ઉપયોગી સાધન તરીકે સ્વીકારતા નથી. ત્યારે સ્થાનકવાસી સિવાયના સર્વ જૈનો તીર્થની મહત્તા માને છે, સમજે છે અને તીર્થ સ્થળોને ભક્તિભાવ વધારનારૂં, ધર્મભાવના વધારનારૂં એક ઉત્તમ સાધન ગણે છે.

તેથી તીર્થ સંબંધી વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે.

સ્થાનકવાસીઓએ પોતાની માન્યતા શી છે તેનું કયાંય પણ સ્પષ્ટીકરણ કર્યું હોય એમ દેખાતું નથી. માન્યતા માટે મુખ્ય સવાલ એ છે કે—

(૧) સ્થાનકવાસી સૂત્ર સિદ્ધાંતને બાધ ન આવતો હોય તો ધાર્મિક બાબતો માને છે કે નહિ અથવા—

(૨) સ્થાનકવાસી ફક્ત સૂત્રોમાં હોય તેટલું જ માને છે?

જો સૂત્રોમાં હોય તેટલું જ માનવાનું સ્થાનકવાસીઓ કહેતા હોય તો તેમની માન્યતા એક ક્ષણ પણ ટકી શકે તેમ નથી. કારણ કે સૂત્રમાં નથી તેવી સેંકડો બાબતો સ્થાનકવાસીઓ શ્વેતાંબરોની પેઠે જ માને છે.

ત્યારે એમ નક્કી સમજાય છે કે સૂત્ર સિદ્ધાંતને બાધ ન આવે તેવી વાતો સ્થાનકવાસીઓ માનતા આવ્યા છે અને તેથી આજે પણ તેઓ તેવી વાતો માનવા તૈયાર છે અથવા તૈયાર હોવા જોઇએ એમ સમજવું જોઈએ જ.

એટલે તે રીતે તીર્થ સંબંધી પણ વિચાર કરીએ.

તીર્થ બે પ્રકારના છે—(૧) જંગમ અને (૨) સ્થાવર.

જંગમ તીર્થ તે નિશ્ચયનયથી છે અને સ્થાવર તીર્થ તે વ્યવહાર નયથી છે.

જંગમ તીર્થ તે ચતુર્વિધસંઘ અને તેમાં પણ શ્રાવક શ્રાવિકા માટે વિશેષે કરીને સાધુ સાધ્વી તે જંગમ તીર્થ છે. કારણ કે તેમની પાસેથી આપણને મોક્ષ માર્ગનું જ્ઞાન મળે છે. આ જંગમ તીર્થને સ્થાનકવાસીઓ પણ માને છે.

સ્થાવર તીર્થ તે તીર્થંકર દેવો, ગણધરો વગેરે મહાપુરુષો જે સ્થળોએ નિર્વાણ પામ્યા હોય તે સ્થળો. આવા સ્થાવર તીર્થો તે અષ્ટાપદ પર્વત, સમેત શિખર, ગિરનાર, શત્રુંજય પર્વત વગેરે અનેક સ્થળો છે.

ઉપરાંત તીર્થંકર દેવોની પ્રભાવક મૂર્તિવાળા મંદિરો પણ તીર્થ સ્થળો ગણાય છે.

સ્થાનકવાસીઓ આ સ્થાવર તીર્થોને તદ્દન નકામા ગણી અવગણી કાઢે છે. તે માટે સ્થા. મુનિશ્રી જેઠમલજીએ તેમના સમકિતસાર પુસ્તકમાં આ પ્રમાણે દલીલ કરી છે—

> "જેમ કોઈ વ્યવહારીઓ કોઇ હાટે બેસી નાણાવટ કરે ત્યારે લોક વ્યવહારીઆને હાટે આવીને તેમની થાપણ મૂકી જાય. પછી કાળાંતરે વ્યવહારીએ તે હાટ મૂકી દીધું. એટલે ધણીનો ફેરફાર થયો. હાટ તો તેનું તે જ છે પણ લોક વ્યવહારીઆનું હાટ જાણીને ત્યાં થાપણ કેમ નથી મૂકતા?
>
> "તેવી જ રીતે એ પર્વતો (તીર્થના) તો હાટ સમાન છે. વ્યવહારીઆ સમાન (પર્વત ઉપર) સાધુઓ સીધ્યા તે છે. હવે તે પહાડ તો સૂનાં હાટ સમાન રહ્યા. ત્યાં હુંડીનો સીકારનાર કોઈ નથી તે માટે અવંદનીક થયા."

આ દલીલમાં સ્થાનકવાસીઓની મુખ્ય ભૂલ એ છે કે તેઓ મહાત્મા પુરુષોના સ્થળોને સંસારી જનના સ્થળ સાથે સરખાવે છે. એ સરખામણી જ ખોટી છે. સંસાર વ્યવહારના સ્થળને ધર્મના સ્થળ સાથે સરખાવી શકાય જ નહિ.

સંસારી માણસના સ્થળમાં આખો દિવસ સંસાર વાસનાના વિચારો જ ચાલતા હોય છે તેથી તે સ્થળમાં તેવા વિચારના પુદ્ગળ પરમાણુઓ જ ભરેલા પડયા હોય છે. તેથી તેવા સ્થળે જનારને સંસાર સંબંધીના જ વિચાર ઉપજે છે.

ત્યારે મહાપુરુષોના સ્થળે તો પવિત્ર વિચારો જ થતા હોય છે. ત્યાં પવિત્ર ધાર્મિક વિચારોના પુદ્ગળો ફેલાયલા હોય છે. અને તેથી તેવા સ્થળે જનારને પવિત્ર ધાર્મિક વિચારો જ વિશેષ કરીને ઉદ્ભવે છે.

યોગી જે કુટિરમાં હમેશાં તેની યોગ સાધના કરતા હોય છે તે આખી કુટિર યોગીના પવિત્ર વિચારોના પુદ્ગળ પરમાણુઓથી ભરાયેલી હોય છે. તેથી તે કુટિરમાં જનારને જરૂર પવિત્ર વિચારો જ ઉત્પન્ન થાય છે.

ધર્મસ્થાનોમાં જતાં મનને શાંતિ પ્રાપ્ત થાય છે તેનું કારણ પણ એ જ છે કે ત્યાં અનેક ધર્મિષ્ટ મનુષ્યો ધર્મારાધન કરે છે. તેમના ધાર્મિક વિચારોના પુદ્ગળ પરમાણુઓ તે ધર્મસ્થાનમાં ફેલાય છે તેથી ત્યાં જનારને ધાર્મિક વિચાર ઉત્પન્ન થાય છે અને તેનું મન શાંતિ પ્રાપ્ત કરે છે.

આ રીતે જ તીર્થ સ્થળોમાં એક તો ત્યાં શાંત વાતાવરણ હોવાને લીધે મનને શાંતિ ઉપજે છે અને બીજું એ કે ત્યાં અત્યારે તે તે મહાપુરુષો નહિ હોવા છતાં ત્યાં સંખ્યાબંધ યાત્રાળુઓ નિરંતર જતા હોય છે. તેમના ધાર્મિક વિચારોના પુદ્ગળ પરમાણુઓ તે સ્થળોમાં ફેલાય છે. તેથી ત્યાં જનાર મનુષ્યમાં પણ તે પવિત્ર પરમાણુઓ પ્રવેશ કરીને તેનામાં ધાર્મિક વિચારો અને ધર્મભાવના ઉત્પન્ન કરે છે.

યાત્રાળુઓ ઉપરાંત તીર્થ સ્થળોમાં તેના અધિષ્ટાયક દેવો હોય છે તેઓ પણ ત્યાં સદૈવ ભકિત, પૂજા, આરાધના કરતા હોય છે. તેમના તે શુદ્ધ ધાર્મિક પરમાણુઓ પણ તે તીર્થ સ્થળોમાં ફેલાયલા હોય છે. તેથી સરળ પ્રકૃતિના માણસને તો તીર્થ સ્થળોમાં શુભ વિચારો, ધાર્મિક વિચારો આવ્યા વિના રહેતા જ નથી. અને એ શુભ વિચારો શુભ ફળદાયક જ નીવડે એ તો સૈદ્ધાંતિક નિશ્ચિત વાત છે.

આ ઉપરાંત તીર્થના અધિષ્ટાયક દેવો ત્યાં જતા યાત્રાળુઓને અદશ્ય રીતે પણ ઘણી રીતે સહાયક થાય છે. અને એ રીતે તેઓ તીર્થનો મહિમા પણ વધારે છે.

આખું જગત પુદ્દગળ પરમાણુઓથી ભરેલું પડ્યું છે એમ તો સ્થાનકવાસીઓ માને જ છે. પુદ્દગળની શકિત શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેની જ સ્થાનકવાસીઓ માને જ છે. વિચારોના અને શબ્દોના પુદ્દગળો આખા વિશ્વમાં ફેલાઈ જાય છે વગેરે શાસ્ત્રીય હકીકતો પણ સ્થાનકવાસીઓ માને છે જ. પુદ્દગળ પરમાણુની શકિતને ન માને તેને જૈન જ કહી શકાય નહિ.

વળી અમુક અમુક ભૂમિની ખાસ અમુક અમુક રીતે પણ મહત્તા હોય છે. દાખલા તરીકે, મહાભારતની લડાઈનું સ્થાન કુરુક્ષેત્ર. આજે પણ બે પરમ મિત્રો કુરુક્ષેત્રમાંથી પસાર થાય તો તે વખતે તેમના મનમાં દુશ્મનાવટનો ભાવ ઉત્પન્ન થાય છે અને તેઓ લડવાને તૈયાર થઈ જાય છે અથવા લડી પડે છે એમ સાંભળ્યું છે.

તો સખ્યાતા કે અસંખ્યાતા વર્ષથી પવિત્ર ભૂમિ તરીકે પંકાયલી ભૂમિ આજે પણ પવિત્ર ગણવામાં આવે તો તેમાં અજુગતું શું છે? તેમાં સૈદ્ધાંતિક રીતે શો બાધ છે?

અને તીર્થ સ્થળોમાં શુભ અને શુદ્ધ ધાર્મિક પરમાણુઓ વિશેષ પ્રમાણમાં ફેલાયલા હોઇને તીર્થ સ્થળોની તે કારણે ખાસ મહત્તા છે તે માનવું જ જોઇએ. તેમજ તીર્થ સ્થળોના અધિષ્ટાયક દેવો યાત્રાળુને

સહાયક બનીને તેમજ બીજી અનેક રીતે તીર્થની મહત્તા વધારે છે. તો પછી તીર્થ સ્થળોની અવહેલના, અવગણના કે આશાતના કરવી તે સારું કાર્ય નથી એમ સિદ્ધ થાય છે.

મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે તેમનાં "પ્રતિમા પૂજન" પુસ્તકમાં તીર્થયાત્રાના લાભ બતાવતાં નીચે પ્રમાણે લખ્યું છે.

પ્રશ્ન—તીર્થયાત્રા વિષે કયા સૂત્રમાં લખ્યું છે અને તેથી શો લાભ થાય?

ઉત્તર—તીર્થ બે પ્રકારે છે—(૧) જંગમ તીર્થ તે ચતુર્વિધ સંઘ અને (૨) સ્થાવર તીર્થ તે શત્રુંજય, ગિરનાર, નંદીશ્વર, અષ્ટાપદ, આબુ, સમેત શિખર વગેરે.

શ્રી ભગવતીજી સૂત્રમાં જંઘાચારણ વિદ્યાચારણ મુનિવરો નંદીશ્વર વગેરેની યાત્રાએ ગયા હતા એમ ફરમાવ્યુ છે.

શ્રી ગૌતમ સ્વામી પણ શ્રી અષ્ટાપદ પર ગયા હતા.

શ્રી આચારાંગ સૂત્રમાં બીજા શ્રુત સ્કંધમાં ત્રીજી ચૂલિકામાં દર્શનભાવનામાં ગાથા ૩૩૧-૩૩૨ માં નીચે પ્રમાણે તીર્થભૂમિ બતાવી છે—

> जम्माभिसेय निक्खमणचरणनाणुप्पया य निव्वाणे ।
> दियलोअ भवणमंदरनंदीसर भोमनगरेसुं ॥ ३३१ ॥
> अट्ठावयमुज्जिंते गयग्गपयए य धम्मचक्के य ।
> पासरहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३२ ॥

ભાવાર્થ—શ્રી તીર્થંકરદેવના જન્માભિષેકની ભૂમિ, દીક્ષા લેવાની ભૂમિ, કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું તે ભૂમિ, નિર્વાણભૂમિ, દેવલોકના

સિદ્ધાયતન, ભૂવનપતિઓનાં સિદ્ધાયતન, નંદીશ્વર દ્વીપનાં સિદ્ધાયતન, અષ્ટાપદ, ગિરનાર, ગજપદતીર્થ, ધર્મચક્રતીર્થ, શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં સર્વતીર્થ, શ્રી મહાવીરસ્વામી કાઉસગ્ગમાં રહ્યા તે તીર્થને હું વંદન કરું છું.

તીર્થયાત્રાનો લાભ—ઘર પર વ્યાપાર, રોજગાર, સગાસંબંધી આદિની ઉપાધિઓ આડી આવે છે. તેમાં જ આખો દિવસ સંકલ્પ વિકલ્પ આદિ રહેવાથી ધર્મધ્યાનમાં ચિત્ત સ્થિર રહી શકતું નથી. પરંતુ ઘર છોડયા પછી યાત્રામાં તે સર્વ ઉપદ્રવો દૂર થઈ જાય છે.

યાત્રામાં અન્ય સ્વધર્મી બંધુઓ હોવાથી તેમની સાથે ધાર્મિક વાર્તાલાપથી મન પ્રફુલ્લિત થાય છે, શાસ્ત્રનું જ્ઞાન મળે છે.

માર્ગમાં અનેક ગ્રામો શહેરો આવે ત્યાં ઉત્તમ સાધુજનો તથા સુજ્ઞ શ્રાવકોનો જોગ મળવાથી નવીન શિક્ષા અને બોધ પ્રાપ્ત થાય છે.

તીર્થભૂમિ ઉપર એવા ઘણા સજ્જનોની મુલાકાતનો લાભ થાય તથા તેમની સમીપ રહેવાથી ઘણો ફાયદો થાય.

ઘર ઉપર આવા મહાત્મા અને ઉત્તમ પુરુષોનો જોગ કવચિત જ મળે અને નવરાશ થોડો મળવાથી વિશેષ લાભ ન લઈ શકાય.

તીર્થભૂમિ ઉપર શ્રી તીર્થંકર, શ્રી ગણધર તથા બીજા ઉત્તમોત્તમ પુરુષોનાં નિર્વાણ થયા છે તેથી તેઓ યાદ આવે છે અને તેમના ગુણાનુવાદ કરવાનો ઉત્તમ પ્રસંગ મળે છે, બુદ્ધિ નિર્મળ થવાનું તે એક ખાસ કારણ છે, તથા તે પૂજ્ય પુરુષો જે રસ્તે ચાલી ગુણવંત થાય તે રસ્તે ચાલવાની આપણને પણ ઇચ્છા થાય છે.

તે વખતે સંસાર અસાર જેવો લાગે છે તથા તે પર ઉદાસીનતા પેદા થઈ આત્મધ્યાન કરવાનું મન થાય છે. પરભવમાં રમણ કરવાનું મન થતું નથી. આત્મિક ગુણોને પ્રગટ કરવાના અનેક સાધનો મળવાથી

તેમાં ઉદ્યમવંત બની શકાય છે. જે જે પ્રકારે આત્મવિશુદ્ધિ થઈ શકે તે તમામ ઉપાયો યોજવાની કિંમતી તક મળે છે.

કેટલાક ધ્યાની પુરુષો પહાડની ગુફાઓમાં જઈ એકાંતમાં બેસી, આત્મા તથા જડના વિભાગો તથા તે બન્નેમાં રહેલી ભિન્નતાનો વિચાર કરે છે, ધર્મધ્યાનમાં તલ્લિન બને છે અને શુકલ ધ્યાન આદિ ધ્યાવી શકાય તે માટેનો અભ્યાસ કરે છે.

વધારે શુદ્ધિનું બીજું કારણ તો એ છે કે—ઉત્તમ મનુષ્યોના શરીરના પુદ્ગળ–પરમાણુઓ ત્યાં ફેલાએલા હોય છે તે સર્વે ઉત્તમ હોય છે.

જે પુરુષોની મુક્તિ થવાની હોય તેવા ઉત્તમ પુરુષોના શરીરમાં ધ્યાનને પુષ્ટિ આપે એવાં પુદ્ગળો એકત્ર થયેલાં હોય છે. હવે તે પુરુષો તો નિર્વાણ પામી ગયા પણ તે પુદ્ગળો તેમની નિર્વાણભૂમિમાં વિખરાએલાં હોય છે. ત્યાં ઘણું કરીને સારા પુદ્ગળોનો જ જથ્થો હોય છે. અને તે આપણામાં દાખલ થાય છે. જો કે ઘણો કાળ વ્યતીત થયો છે છતાં તે સર્વ પુદ્ગળો કાંઈ નાશ પામતા નથી.

આવી વિશુદ્ધ જગ્યા પર પુણ્યવાન સ્ત્રી પુરુષોને આ નિર્મળ પુદ્ગળોનો સ્પર્શ થતાં બુદ્ધિ કેટલી બધી નિર્મળ થતી હશે તેનો ખ્યાલ અનુભવ સિવાય આવી શકતો નથી. કદાચ દુર્ભાગી મનુષ્યને ત્યાં સારાને બદલે અશુભ પુદ્ગળોનો સ્પર્શ થાય તો તે તેના કર્મનો જ દોષ છે.

મુખ્યત્વે કરીને તો ત્યાં ઉત્તમ પુદ્ગળોનો જ સદ્ભાવ છે. એ રીતે ઘર કરતાં તીર્થયાત્રામાં ઘણો વિશેષ લાભ મળે છે. અને ધર્મધ્યાન નિર્વિઘ્ન અને સુગમ બની જાય છે.

આ પ્રમાણે તીર્થસ્થળ એ ધર્મારાધનનું એક અચૂક સાધન છે, ભક્તિભાવની વૃદ્ધિનું એક અચૂક સાધન છે અને એ રીતે જીવને મોક્ષ

માર્ગમાં પ્રવર્તન કરવાની પ્રેરણા કરનારું ઘણું ઉપયોગી સાધન છે. અને તેટલા માટે જ તીર્થસ્થળોની મહત્તા માનવામાં આવે છે.

સૂત્રોમાં નિશ્ચયનયથી તીર્થ શું અને યાત્રા શું તે બતાવ્યું છે, અને તે પ્રમાણે જ શ્વેતાંબરો તેમજ દિગંબરો પણ માને છે, પરંતુ વ્યવહારનયથી તીર્થ શું અને યાત્રા શું તે સૂત્રમાં બતાવ્યું ન હોય તો પણ વ્યવહારને ઉવેખવો નહિ એમ તો સૂત્રો કહે છે જ. તો ધર્મની બાબતમાં વ્યવહાર કેમ ઉવેખાય? અને એમ તો સૂત્રોમાં બીજી પણ ઘણી બાબતોનું વ્યવહાર નયથી સ્પષ્ટીકરણ કરેલ નથી. છતાં તેજ બાબતોનું સ્પષ્ટીકરણ બીજા શાસ્ત્રીય ગ્રંથોમાંથી લઇને તેને માનવામાં આવે છે જ. તો તીર્થને માનવામાં શો સૈદ્ધાંતિક વાંધો આવી ગયો?

તીર્થની મહત્તા માનવામાં સૈદ્ધાંતિક રીતે શી વિરુદ્ધતા આવે છે તે સ્થાનકવાસીઓએ બતાવવું જ જોઇએ. પણ બતાવ્યું નથી તેથી સ્થાનકવાસીઓની માન્યતામાં ધર્મ નથી પણ ફક્ત એકાંત આગ્રહ અથવા દુરાગ્રહ જ છે એમ સ્પષ્ટ રીતે સમજાય છે.

☆

પ્રકરણ પાંચમું

મુહપત્તિ

મુહપત્તિ માટે જૈનોના ત્રણ ફિરકામાં ત્રણ જુદી જુદી માન્યતાઓ છે–

દિગંબરો નિશ્ચયને પ્રાધાન્ય આપે છે. તેથી મુહપત્તિને માનતા નથી.

શ્વેતાંબરો વ્યવહારને પ્રાધાન્ય આપે છે તેથી તેઓ મુહપત્તિની જરૂરીઆત સ્વીકારે છે. પણ શ્વેતાંબરમાં બે સંપ્રદાય છે—(૧) મૂર્તિપૂજક અને (૨) સ્થાનકવાસી. ત્રીજો તેરાપંથ છે પણ તે સ્થાનકવાસીમાંથી જ નીકળેલો હોઈ તે સ્થાનકવાસી પ્રમાણે જ મુહપત્તિ સંબંધી માન્યતા ધરાવે છે. આ બન્ને સંપ્રદાય મુહપત્તિ માટે જુદી જુદી માન્યતા ધરાવે છે.

મૂર્તિપૂજક મુહપત્તિને હાથમાં રાખી જરૂર પડયે તેનો ઉપયોગ કરવો એમ હાલ માન્યતા ધરાવે છે.

સ્થાનકવાસી મુહપત્તિ અહોરાત્ર મોઢે બાંધી રાખવાની માન્યતા ધરાવે છે.

સ્થાનકવાસી મુનિઓએ પોતાની માન્યતા સિદ્ધ કરવાના અતિરેકમાં જુદા જુદા પુસ્તકો બહાર પાડી તેમાં તીર્થંકર ભગવાનના મુહપત્તિ સહિતના ચિત્રો બનાવી તેમના પુસ્તકોમાં છપાવ્યાં તેમજ પ્રાચીન કાળમાં થઈ ગયેલા પ્રસિદ્ધ મુનિવરોનાં પણ ચિત્રો બનાવી તે ચિત્રો તેમના પુસ્તકોમાં છપાવ્યા.

સ્થાનકવાસી મુનિઓ એ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરતાં જરાય અચકાયા નહિ. કારણ કે તીર્થંકર ભગવાનો સંપૂર્ણ રીતે અચેલક હોય છે એ સૂત્ર-સિદ્ધ હકીકત છે.

ત્યારે મૂર્તિપૂજક મુનિઓએ, શું તીર્થંકર ભગવાનો તેમના મુખ પર મુહપત્તિ દોરાથી બાંધી રાખતા હતા ? એવો પ્રશ્ન કરી મુહપત્તિ હાથમાં રાખવાની છે અને મોઢે બાંધી રાખવાની નથી પણ હાથમાંની મુહપત્તિનો જરૂર પડયે મોઢા આડી રાખીને ઉપયોગ કરવાનો છે એમ પ્રતિપાદન કરનારાં પુસ્તકો છપાવ્યા.

તેના જવાબમાં સ્થાનકવાસીઓએ એવા મૂર્તિપૂજક લેખકોને ચારિત્રભ્રષ્ટ કહી અનેક વિશેષણોથી તેમને બદનામ કરનારાં લખાણો તેમના પુસ્તકોમાં લખી સાથે સાથે મુહપત્તિ બાંધી રાખવી એ જ સાચો નિયમ છે એમ પ્રતિપાદન કર્યું.

તેમાં પણ તેમની એક દલીલ તો ખરેખર હાસ્યાસ્પદ દેખાય છે, કારણ કે તે દલીલ તેમની જ વિરૂદ્ધ જાય છે, તેઓ કહે છે કે મૂર્તિ-પૂજકોના શાસ્ત્રોમાં મૃત મુનિના દેહને મુહપત્તિ બાંધવાનુ લખેલું છે, એટલે મુહપત્તિ કાયમ બાંધી રાખવાનું પૂરવાર થાય છે. પરતુ મૃતના મોઢા ઉપર મુહપત્તિ બાંધી દેવાનું કહ્યું છે એ જ સાબિત કરી બતાવે છે કે પહેલાં મુહપત્તિ બાંધેલ નહોતી. એટલે કે બાંધી રાખવામાં આવતી નહોતી. આવો છે તર્કનો ઊંધો ઉપયોગ !

આમ બન્ને પક્ષ તરફથી અનેક રીતે તર્કબાજીઓ ચલાવીને પોતપોતાના મતની પુષ્ટિ કરનારા લખાણો દલીલો કરી છે, પણ ખૂબીની વાત એ છે કે એ બન્ને પક્ષના બધા લેખકોએ ફક્ત પોતાની માન્યતાના જ ગાણા ગાયા છે પરંતુ કોઈએ સત્ય શોધવાની મહેનત કરી નથી તેમજ તેનો સમન્વય કરવામાં તેમનું ચિત્ત લગાડયુ નથી.

"હું સાચો છું" એવી જાતનો મહાગ્રહ બન્ને પક્ષોએ પકડી રાખ્યો તેને બદલે તેઓએ સમાધાનકારક સમન્વય કરવામાં ચિત્ત લગાડયું હોત તો કયારનું એ સમાધાન થઈ ગયું હોત અને એકતામાં એક પગલું આગળ વધી શકાયું હોત.

સમાધાનની ઇચ્છા હોય તો સમાધાનના ઘણા રસ્તા નીકળી શકે

જ, ફક્ત સમાધાનની ઇચ્છા જોઈએ. પણ પોતાના મતને એકાંતથી પકડી રાખવાનો આગ્રહ ન જોઈએ.

મતાગ્રહથી કોઈકાળે મોક્ષ નથી પણ મતાગ્રહથી ભવ-ભ્રમણનો વધારો જ છે.

એટલું જો સ્થાનકવાસીઓ તેમ જ મૂર્તિપૂજકો ધ્યાનમાં રાખે તો વિરોધને ઠેકાણે એકતા આવીને ઉભી રહે તેમાં જરાય સંશય નથી.

સમન્વય

ખરું કહીએ તો આ એક નજીવો વિરોધ છે. ને વિરોધ ટળે અને બન્ને વચ્ચે સંતોષકારક સમાધાન થાય તેવી અભિલાષાથી, હું મારી અલ્પમતિ પ્રમાણે સમન્વય માટે નીચે પ્રમાણેની મારી સૂચના બન્ને પક્ષની વિચારણા માટે મૂકું છું.

મુહપત્તિનો ઉદ્દેશ બોલતી વખતે વાયુકાય જીવોની રક્ષા કરવાનો છે. એટલે કે મુહપત્તિ એ અહિંસા પાલનની તાલિમ માટે છે અથવા તો યતના જાળવવાની તાલિમ માટે છે.

જેમ મુહપત્તિ માટે ત્રણ જાતની માન્યતા છે તેમ તેના સમન્વય માટે પણ ત્રણ વિભાગ પાડી શકાય. મુહપત્તિ એ એક આચાર ધર્મ છે અથવા તો વ્યવહાર છે. જુદી જુદી કક્ષાના બધા મુનિઓ માટે એક-સરખો કડક નિયમ હોઈ શકે નહિ કારણ કે બધા મુનિઓ એકસરખી કક્ષાના હોતા નથી પણ જુદી જુદી કક્ષાના હોય છે. એમ તો દરેક મુનિની કક્ષા જુદી કહી શકાય પણ સમુચ્ચય રીતે તે કક્ષાના ત્રણ વિભાગ પાડી શકાય. તે નીચે પ્રમાણે—

(૧) જેઓ ઉપયોગ જાળવવા અને યતના પાળી શકવા અશક્ત હોય તેમણે અહોરાત્ર કાયમ મુહપત્તિ મુખ પર બાંધી રાખવી.

(૨) જેઓ ઉપયોગ રાખવામાં સતત જાગૃત રહી શકે છે તેઓ મુહપત્તિ હાથમાં રાખી જરૂર પડયે બરાબર ઉપયોગ કરે.

(૩) જેઓ નિરંતર સંપૂર્ણપણે ઉપયોગવંત રહે છે અને જેઓ અચેલક છે તેઓને મુહપત્તિની જરૂર નહિ.

(૧) મુનિપણાની શરૂઆતમાં સર્વ વ્યવહારમાં યત્નાપૂર્વક બોલવા જેટલી જાગૃતિ રાખી શકાય નહિ તે સમજી શકાય તેવી વાત છે. અને તેથી તેવા મુનિ માટે કાયમ મુહપત્તિ બાંધી રાખવાનો નિયમ રાખવામાં આવે તો તે તેને માટે લાભકારક જ ગણાય. તેમ જરૂરનો પણ ગણાય.

(૨) ત્યાર પછી અભ્યાસ વધતાં મુનિમાં વિશેષ જાગૃતપણું આવે અને તેથી તે બોલવા વગેરેના પ્રસંગોએ મુહપત્તિ મોઢા આગળ રાખવાનું ચૂકે નહિ. તેવા જાગૃત મુનિવરો મુહપત્તિ હાથમાં રાખે તો પણ તેમને કોઈ જાતનો બાધ નડે નહિ. અને જ્યારે તેમના બન્ને હાથ રોકાયલા હોય ત્યારે તેમણે પણ મુહપત્તિ મોઢે બાંધી રાખવી. જેમકે—

વ્યાખ્યાન વખતે બન્ને હાથ રોકાયલા રહે.

સ્વાધ્યાય વખતે વાંચવા લખવામાં બન્ને હાથ રોકાયલા હોય.

ગોચરી વખતે બન્ને હાથ રોકાયલા હોય.

સ્થંડિલ જતી વખતે બન્ને હાથ રોકાયલા હોય.

પડિલેહણ કરતી વખતે બન્ને હાથ રોકાયલા હોય.

બન્ને હાથ રોકાયલા હોય ત્યારે કોઈ પણ કારણે બોલવાની જરૂર પડે તેથી તે વખતે મુહપત્તિ બાંધેલ ન હોય તો જયણા સચવાય નહિ. માટે તેવા વખતે મુહપત્તિ બાંધી રાખવી તે જરૂરનું કહેવાય.

મુહપત્તિ એ સાધુના લિંગ અથવા ચિન્હ તરીકે છે. માટે તે બાંધી રાખવાની જ જરૂર છે એમ દલીલ છે. તેનું સમાધાન. સાધુનું ચિન્હ બતાવવાનું તો અન્ય ધર્મી માટે જ ખાસ કરીને હોય. સ્વધર્મી

તો સૌ કોઈ જાણતા જ હોય કે આ અમારા મહારાજશ્રી છે. અજૈનને મુનિની ઓળખાણ મુહપત્તિથી પડે એમ દલીલ છે. પરંતુ મુહપત્તિ સિવાય પણ મુનિ તેમના વેષથી જૈન સાધુ તરીકે ઓળખાઈ શકે છે. બીજું આવી ઓળખાણનો પ્રસંગ તો મુનિ બહાર નીકળે ત્યારે જ આવે. અને બહાર નીકળતી વખતે મુનિએ મુહપત્તિ બાંધી રાખવાનો નિયમ હોય તો પછી તે સંબંધનો વાંધો રહે નહિ.

(૩) જેમનું હૃદય સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ કરુણાથી ભરપૂર છે. જેઓ સૂક્ષ્મહિંસા કરવાથી ડરે છે એટલું જ નહિ પણ અનિચ્છાએ ય સૂક્ષ્મ હિંસા થઈ જતાં હૃદયમાં દુઃખ ધરે છે. જેઓ નિરંતર યત્ના જાળવવામાં સાવધાન છે અને જેઓ સદાયે આત્મસ્વરૂપની ભાવનામાં લીન રહે છે તેમને મુહપત્તિની જરૂર નથી એમ ગણવું.

આ સમન્વયમાં પણ એક વિરોધ તો કાયમ રહેશે. જેમ અચેલકને જ સાધુ માનનારા સચેલકને સાધુ માનતા નથી તેમ મુહપત્તિને જ સાધુનું ચિન્હ માનનારાઓ અચેલકને સાધુ તરીકે સ્વીકારશે નહિ, આ બન્ને વિરોધો તો કાયમ રહેવાના. એ વિરોધો જૈન ધર્મની એકતા થશે ત્યારે જ ટળશે.

એકતા ઇચ્છનારે તો તત્ત્વ સમજવું જોઈએ અને તત્વને માન આપી વર્તવું જોઈએ.

મુહપત્તિ માટે તત્ત્વ તો એ છે કે—

પુણ્ય કે પાપ બન્ને કર્મનો આધાર જીવના ભાવ ઉપર છે. ભાવ ખરાબ ન હોય, હિંસાની વૃત્તિ ન હોય, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ પ્રત્યે પણ દયાભાવ વર્તતો હોય ત્યારે **જીવને તેની સ્વાભાવિક ક્રિયાથી પાપ લાગી શકે નહિ.**

બોલવું એ સ્વાભાવિક ક્રિયા છે. અને મુનિ તો જરૂર પૂરતું જ બોલે અને તે પણ ધર્મને, સત્યને અનુસરીને જ બોલે. મુનિમાં

સર્વ જીવ પ્રત્યે દયાભાવ જ વર્તતો હોય તેથી મુનિની સ્વાભાવિક ક્રિયાથી તેને પાપ લાગે નહિ.

પરંતુ જીવને અનાદિકાળથી હિંસાનો અભ્યાસ ચાલ્યો આવ્યો છે. તેથી ઘણા પ્રયત્ન પછી, ઘણી તાલિમ પછી જ તેના ભાવ દયાપૂર્ણ બની શકે. તેથી **શરૂઆતમાં મુનિને અહિંસાની તાલિમ આપવાની જરૂર રહે છે. તે તાલિમના એક સાધન તરીકે મુહપત્તિ છે.**

મુનિને જ્યાં સુધી યતના જાળવવાનો અભ્યાસ ન હોય, બોલવાની જરૂર પડયે મુખ આડી મુહપત્તિ રાખવા જેટલી જાગૃતિ આવી ન હોય તેને માટે મુહપત્તિ ચોવીશે કલાક મુખ પર બાંધી રાખવી જરૂરની ગણાય.

અભ્યાસથી બોલતી વખતે મુહપત્તિ મોઢા આગળ રાખવા જેટલી જાગૃતિ આવી જાય ત્યારે મુનિ મુહપત્તિ હાથમાં રાખી શકે અને બોલતી વખતે મોઢા આગળ રાખી શકે.

અને મુનિ જ્યારે ઉત્કૃષ્ટ અધ્યાત્મ દશામાં આવી જાય, જ્યારે તેમનામાં સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ દયાભાવ જ વર્તતો હોય ત્યારે પછી તેમને મુહપત્તિ રાખવાની જરૂર ગણાય નહિ.

તીર્થંકર ભગવાન દીક્ષા લીએ ત્યારથી જ તેઓ મુહપત્તિ રાખતા નથી. કારણ કે છદ્મસ્થ અવસ્થામાં પણ તીર્થંકર ભગવાનમાં સંપૂર્ણ કરુણાભાવ વર્તતો હોય છે, સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર સર્વ જીવો પ્રત્યે ભગવાનમાં એકસરખો કરુણાભાવ વર્તતો હોય છે તેથી તેમને મુહપત્તિની જરૂર રહેતી નથી.

પોતાનું હિત ઇચ્છનારે તો હમેશ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે, રાગદ્વેષ ભાષાના પુદ્દગળ, વાદ, લિંગ, શરીર, ઉપકરણ એ

સર્વ પરવસ્તુ છે અને જડ છે; સ્વવસ્તુ તો કેવળ ચૈતન્યઘન આત્મા જ છે. પરવસ્તુ એટલા પુરતી જ માનવાની છે કે તેનો ઉપયોગ થઈ શકે તો કરીને સ્વવસ્તુ પ્રાપ્ત કરવી. સ્વવસ્તુ પ્રાપ્ત કરવામાં મદદગાર થવાને બદલે આડખીલ રૂપ થતી પરવસ્તુ ત્યાજ્ય છે, આવી સમજ જ્યાં હોય ત્યાં ટંટા કે ગાળાગાળી, નિંદા કે વિતંડાવાદ હોવા સંભવે જ નહિ. પોતાનો અને જગતનો ઉદ્ધાર એવા પુરુષોથી જ થઈ શકે.

અહોહો કેવું આશ્ચર્ય છે કે જે વીતરાગ પ્રભુની વાણી સાંભળવાથી સિંહ અને બકરી, વાઘ અને મનુષ્ય સર્વ એક પાસે એક બેસવા છતાં સ્વાભાવિક વૈરભાવ ભૂલી જતા અને બન્ધુતા તથા શાન્તિ અનુભવતા, તે જ વીતરાગની વાણીને આજે કલહ ટંટાનું હથીઆર બનાવવામાં આવે છે, અને તે છતાં એમ કરનારાઓ પોતાને વીતરાગના પુત્ર કહેવડાવે છે, રે એકના એક પુત્ર (The only heirs) કહેવડાવે છે!

વિવેકી પુરુષોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, સત્યનો છેવટનો અને ચોક્કસ નિર્ણય તો અતીંદ્રિય જ્ઞાન સિવાય થઈ જ શકે નહિ; અને અતીંદ્રિય જ્ઞાન રાગદ્વેષની ગેરહાજરીમાં જ થઈ શકે છે. બાકી તો અતીંદ્રિય જ્ઞાનવાળા મહાત્માઓએ કથેલા એકેક વચનના અનંતા અર્થ થાય છે. જેવી અર્થ કરનાર માણસની યોગ્યતા તેવો તે અર્થ કરે. વધારે કે ઓછો અપૂર્ણ અને વધારે કે ઓછો દોષિત અર્થ કરે. સમ્પૂર્ણ અને દોષરહિત અર્થ તો **સ્વાનુભવી**–અતીંદ્રિય જ્ઞાનવાળો મનુષ્ય જ કરી શકે. આવું સમજનારો માણસ કોઈ દિવસ બીજાના અર્થ (Interpretation) માટે ટંટા કરવા તૈયાર થશે નહિ.

અતીંદ્રિય જ્ઞાનીઓ જેટલું જાણે છે તેટલું સર્વ ભાષામાં લાવી શકતા નથી, અને જેટલું તેઓ કહી શકે છે તેનો અનંતમો ભાગ પણ સાધારણ મનુષ્યો સમજી શકતા નથી. અને તે છતાં આજકાલના

બાળજીવો, જેઓ નથી જાણતા પદાર્થવિજ્ઞાનશાસ્ત્રના મૂળ તત્ત્વો કે નથી જાણતા ભાષાના નિયમો, પણ અતીંદ્રિયજ્ઞાનીના કથનનું ખરું અને સંપૂર્ણ રહસ્ય સમજવાનો ખોટો ફાંકો ધરાવે છે; આહા કેવું તૂત!

એક પિતા પોતાના નાનામોટા પુત્રો વચ્ચે કલહ જોઈ ખુશી થાય નહીં; દોષ ગમે તેનો હોય તો પણ પિતા તો કલહની પહેલ કરનાર પુત્રને તેમ જ તે વખતે સહિષ્ણુતા નહિ બતાવી શકનારા બીજા પુત્રને—એમ બન્નેને—કપૂત જ કહેશે. એ જ ન્યાયે (વ્યવહારથી) મહાવીર પિતા પોતાના ટંટાખોર પુત્રો માટે એમ કહે.

ખરા પુત્ર તે છે કે જે પોતાના પિતાના બીજા પુત્રોને માત્ર બંધુ જ નહિ પણ આત્મવત્ માને છે અને તેનો અપરાધ થવા છતાં ઉદાર દિલથી અને ચુપકીથી તેને ક્ષમા ઉપરાંત બને તેટલી સેવાબુદ્ધિથી તેની મતિ સુધારવા કોશિશ કરે છે.

પ્રકરણ છઠ્ઠું

જૈન ધર્મમાં એકતાની જરૂર

હું અગાઉ જાહેર કરી ચૂકયો છું તે પ્રમાણે હું કોઈ પણ એક સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી નથી. પણ શુદ્ધ જૈન ધર્મનો અનુયાયી છું અને શુધ્ધ જૈન ધર્મનો જ અનુયાયી રહેવા ઇચ્છું છું. એટલે મને કોઇ પણ સંપ્રદાય તરફ પક્ષપાત કે રાગ નથી તેમ કોઇના પણ તરફ દ્વેષ નથી.

શુધ્ધ જૈન ધર્મ, તત્ત્વ, સિધ્ધાંત જાણવા સમજવા માટે દરેક જૈન સંપ્રદાયનું સાહિત્ય, ખાસ કરીને એકબીજાથી વિરુધ્ધ પડતું સાહિત્ય વાંચવું જોઇએ.

મારા એવા સ્વતંત્ર અધ્યયન, વાંચન, મનન, ચિંતનથી મને જે કંઈ નવું જ્ઞાન પ્રાપ્ત થયું તેના ફળ રૂપે આ પુસ્તક છે. તેની અંદર મારા કથનની પુષ્ટિ માટે જરૂરના પ્રમાણો આપ્યા છે. છતાં તેમાં ક્યાંય પણ મારી ભૂલ થઇ હોય તો તે મને જણાવવાની મારી વિનંતિ છે. મારી ભૂલની ખાત્રી થયે તે હું હમેશાં સુધારવાને તૈયાર છું.

શુદ્ધ જૈન ધર્મ એક જ છે

એ તો સર્વમાન્ય વાત છે કે શુદ્ધ સાચો જૈન ધર્મ એક જ હતો અને એક જ રહેશે. ભગવાન તીર્થંકર દેવોએ એક જ શુદ્ધ ધર્મ પ્રરૂપ્યો છે. તેમાં કોઈ પણ સપ્રદાય પ્રરૂપ્યો નથી. એટલે કે સંપ્રદાયવાદ એ શુદ્ધ જૈન ધર્મ નથી.

એટલે કોઈ પણ સંપ્રદાય પોતે શુદ્ધ જૈન ધર્મ હોવાનો દાવો કરી શકે જ નહિ. અને એવો દાવો કરનાર પોતે પોતાનું અજ્ઞાન જ પ્રદર્શિત કરે છે એ ચોક્કસ વાત છે. કારણ કે સંપ્રદાય એટલે એકાંતવાદ અને શુદ્ધ જૈન ધર્મ એટલે અનેકાંતવાદ.

જૈન ધર્મના દરેક ફિરકા અનેકાંતવાદ એ જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે એમ તો કબૂલ કરે જ છે. છતાં વિચિત્રતા એ છે કે દરેક ફિરકો પોતાની માન્યતાને એકાંત આગ્રહથી પકડી રાખે છે.

માન્યતાનો સવાલ આવે ત્યાં દરેક ફિરકો અનેકાંતવાદને તિલાંજલી આપે છે! શુદ્ધ જૈન ધર્મને દૂર રાખે છે અને પોતાની માન્યતા શુદ્ધ જૈન ધર્મ પ્રમાણે ખોટી હોય તો પણ તે માન્યતા છોડવાને તૈયાર નથી એમ સ્પષ્ટ રીતે જાહેર કરે છે!

આગળના વખતમાં અહંભાવથી, અભિમાનથી કે અજ્ઞાનતાથી એકાંતવાદનો આશ્રય લઈને ભલે ગમે તેટલા સંપ્રદાયો, ફિરકાઓ, ગચ્છો વગેરે ભેદો જૈનધર્મમાં પડી ગયા છે. પરંતુ આજે જમાનો એકતાનો છે. એટલે આ બધા છુટા પડેલા સંપ્રદાયોએ એકતા કરવી જ જોઈશે. નહિંતર એકબીજાની હરીફાઈમાં, અદેખાઈમાં, દ્વેષમાં કે અહંભાવમાં રહેવાથી દરેક સંપ્રદાયને નુકશાન થતુ જ રહેશે. દરેક સંપ્રદાયની સંખ્યા ઘટતી જ જશે અને છેવટે નામ માત્ર જ રહેશે.

જૈનધર્મ આ પાંચમા આરાના અંત સુધી રહેવાનો છે એ ભગવાનના વાક્ય ઉપર શ્રદ્ધા રાખી **નિષ્ક્રિય બેસી રહેવું એ આત્મઘાતક છે.** ધર્મના ભાગલા પડતા જોઈને કે પડેલા છે તે નિભાવીને શાંત બેસી રહેવું એ આત્મઘાતક છે. કારણ કે તેથી તો જૈનધર્મીઓની સંખ્યા ઘટતી જ જવાની. જૈનધર્મ ભલે પાંચમા આરાના અંત સુધી ચાલુ રહે પણ તે વખત સુધી જૈનધર્મ પાળનારા મોટી સંખ્યામાં હોય એ જોવાનું, એમ કરવાનું આપણું કર્તવ્ય છે.

અને તેથી સંપ્રદાયોમાંના મતભેદો મટાડવાની કે બને તેટલા મતભેદ ઓછા કરવાની કોશિશ કરવી તે દરેક જૈનનું પહેલું કર્તવ્ય છે.

એકતાનો અર્થ

અહીં એકતાનો વ્યવહારિક એકતા અથવા બાહ્ય એકતા જેવો અર્થ લેવાનો નથી. પણ ધર્મની એકતાનો અર્થ લેવાનો છે. કારણ કે જૈનધર્મ એક જ છે.

સંપ્રદાયવાદને કાયમ રાખવાથી શાબ્દિક એકતા આવી શકે, બાહ્ય એકતા આવી શકે પણ આંતરિક એકતા કે જે સાચી એકતા છે તે આવી શકે જ નહિ. શાબ્દિક કે બાહ્ય એકતાથી ધર્મમાં શાંતિ કદી આવી શકે જ નહિ. કારણ કે મનુષ્ય સ્વભાવ જ એવો છે કે તે સંપ્રદાયવાદથી પ્રેરાઈને પ્રસંગોપાત કલહ, કંકાશ, ઝઘડા કર્યા વિના રહે જ નહિ. એકતાની વાતો કરવા છતાં જુદા જુદા સંપ્રદાયમાં અવારનવાર ધાર્મિક ઝઘડા થયા જ કરે છે તે મારી વાતની સાબિતી છે.

જ્યાં સુધી અંતકરણમાં સત્ય સમજાય નહિ. સત્યની પ્રતીતિ થાય નહિ ત્યાં સુધી કોઈ માણસ એકતાના પંથે પળી શકે નહિ. તેથી ધાર્મિક એકતા માટે પણ શુદ્ધ મૂળ સત્યધર્મની જાણકારી થવી જોઈએ. શુદ્ધ ધર્મ સમજવા માટે સંપ્રદાયવાદની ખામીઓ, ખોટી માન્યતાઓ પણ બતાવવી જ પડે. સંપ્રદાયવાદીઓને તેમની ખામીઓ, અને ખોટી માન્યતાઓ જાહેર રીતે બહાર આવતાં ઉદ્વેગ થાય તે સ્વાભાવિક છે. પણ તેથી શુદ્ધ ધર્મની વાત ખોટી ઠરી શકતી નથી. પરંતુ—

એકતા કરવા માટે દરેક સંપ્રદાયમાં જે જે ખોટી માન્યતાઓ ઘુસી ગઇ હોય તે તે માન્યતાઓ સિદ્ધાંતથી, અનેકાંતવાદથી, તર્કથી, શાસ્ત્રખોળથી વગેરે રીતે ખોટી પૂરવાર થાય તે માન્યતાઓને તે સંપ્રદાયે છોડવા તૈયાર થવું જ જોઇએ. તેમજ

જે જે માન્યતા સાચી પૂરવાર થાય તેને અપનાવવા તૈયાર થવું જોઇએ. કારણ કે એ રીતે જ શુદ્ધ ધર્મ શું છે તે સમજી શકાય અને તેથી એકતા કરી શકાય.

દાખલા તરીકે હું મારી જ વાત કરૂં. હું સત્યાર્થી છું. હુ શુદ્ધ જૈન ધર્મનો જ અનુયાયી રહેવા માગું છું. પરંતુ મારી માન્યતા એ હતી કે મૂર્તિને માનવી એ જૈન ધર્મમાં નહિ દર્શાવેલું કાર્ય છે. હવે મૂર્તિને માનવી એ જૈન ધર્મ વિરુદ્ધનું કાર્ય નથી એમ સિદ્ધાંતથી, પ્રમાણથી, શોધખોળથી સાબિત થાય તો મારે તે પ્રમાણે માનવું જ જોઈએ. હું સત્યને ન સ્વીકારૂં તો હું હઠવાદી, દુરાગ્રહી કે મતાગ્રહી કહેવાઉં.

તે જ પ્રમાણે તીર્થંકર ભગવાને પ્રરૂપેલા શુદ્ધ જૈન ધર્મના અનુયાયી રહેવા ઇચ્છતા મુમુક્ષુઓએ મતભેદના દરેક વિષયમાં જે જે સત્ય તરીકે પૂરવાર થાય તે સત્ય તરીકે સ્વીકારવું જ જોઈએ અલબત્ત જેઓ સંપ્રદાયવાદને જ અથવા મતાગ્રહને જ ચુસ્તપણે વળગી રહેવા માગતા હોય તેમને માટે કાંઇ કહેવાનું જ નથી.

હું તો મતાગ્રહથી મોક્ષ નથી પણ ભવ ભ્રમણ છે એમ જ માનું છું.

તો હવે સૌથી પહેલાં ધર્મ એટલે શું એ આપણે સમજવું જોઈએ. જીવને ઊંચે ધરી રાખે તે ધર્મ અથવા **જીવની ઉત્ક્રાંતિ કરીને, ઉત્ક્રાંતિ કરાવતો કરાવતો તેને મોક્ષ સુધી પહોંચાડે તે ધર્મ કહેવાય.**

ધર્મના બે પ્રકાર

ભગવાને એવો ધર્મ બે પ્રકારનો કહ્યો છે—(૧) વ્યવહાર ધર્મ અને (૨) નિશ્ચય ધર્મ. ખરેખર પરમાર્થ ભૂત તો નિશ્ચય જ છે. નિશ્ચય ધર્મ જ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ અનાદિકાળથી કર્મથી બંધાયેલો આત્મા એકદમ નિશ્ચય ધર્મમાં આવી શકતો નથી. અલબત્ત,

જવલ્લે અપવાદ પણ બની જાય છે. પરંતુ તેવા અપવાદ સિવાય સામાન્ય રીતે વ્યવહાર ધર્મનું અવલંબન લઈને જીવ નિશ્ચય ધર્મમાં પહોંચી શકે છે. માટે ભગવાને વ્યવહાર ધર્મનું અવલંબન લઇને ધીરે ધીરે ઊંચે ચડીને નિશ્ચય ધર્મમાં આવવાનું કહ્યું છે.

નિશ્ચય તરફ લક્ષ રાખીને જ વ્યવહાર ધર્મ પાળવાનો છે અને એમ કરવાથી જ નિશ્ચય તરફ પહોંચાય છે.

કહ્યું છે કે—

નિશ્ચય દૃષ્ટિ હૃદય રાખી પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવસાગરનો પાર.

—શ્રીમદ્ યશોવિજયજી

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.

— શ્રીમદ્ રાજચંદ્ર (આત્મ સિદ્ધિ)

વ્યવહાર ધર્મમાં મતભેદ

નિશ્ચય ધર્મ સંબંધી જૈનોના કોઈપણ સંપ્રદાયમાં મતભેદ નથી. પણ વ્યવહાર ધર્મમાં મતભેદ છે. આપણે અત્યારે શ્વેતાંબરના જે સંપ્રદાયો, મૂર્તિપૂજક અને સ્થાનકવાસીના મતભેદ સંબંધી થોડો વિચાર કરીશું. તેમનો મુખ્ય વિરોધ અથવા મોટો વિરોધ મૂર્તિ પૂજા સંબંધી છે. બીજા વિરોધો મુહપત્તિ, તીર્થક્ષેત્રો વગેરે વિષે છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એ બન્ને પક્ષ મૂર્તિપૂજાને જ વિરોધ તરીકે ગણે છે. પરંતુ **મૂર્તિ અને મૂર્તિપૂજા એ બન્ને જુદા જુદા વિષયો છે.** માટે તે બન્ને વિષયોની જુદી જુદી છણાવટ કરવી જોઈએ.

મુનિશ્રી જ્ઞાનસુંદરજીના બે પુસ્તકો—(૧) મૂર્તિ પૂજાકા પ્રાચીન ઇતિહાસ અને (૨) શ્રીમાન લોંકાશાહ—તે પુસ્તકો વાંચ્યા પછી તે સંબંધી મારા સ્વતંત્ર અભ્યાસ તથા ચિંતન અને મનનથી મને જણાયું

કે આ સંબંધી સ્થાનકવાસીઓએ હજુ ઘણું ઘણું વિચારવા જેવું છે. તેથી મને જણાયું કે મારા વાંચન મનનના ફળ તરીકે મારા જે વિચારો થયા છે તે મારે જાહેર કરવા જોઈએ કે જેથી સત્યાર્થી મુમુક્ષુ વાંચકો યથાર્થ વસ્તુ સ્થિતિ ધ્યાનમાં લઈને તેઓ પોતાની મેળે જ સત્ય શું છે તેનો નિર્ણય કરી શકે.

અલબત્ત, સંપ્રદાય મોહથી પ્રેરાઇને કોઇ, મૂર્તિપૂજકને અજ્ઞાન પુરંદર કહી કે એવું બીજું યદ્વાતદ્વા બોલી, તેનો તિરસ્કાર કરવામાં આવે કે મૂર્તિપૂજકોને હિંસાધર્મી કહી તેમનો તિરસ્કાર કરવામાં આવે. એમ તિરસ્કાર કરવો તો સહેલો છે પણ આવા તિરસ્કારથી તે તિરસ્કાર કરનાર પોતે જ મહા મહા કષાયી છે એટલું તો તે પોતે જ પોતાની મેળે સાબિત કરી આપે છે અને તીવ્રકષાયનું ફળ શું છે તે તો જૈન સિદ્ધાંતે સ્પષ્ટ રીતે બતાવેલું છે જ.

દલીલનો જવાબ દલીલથી જ હોય એટલું જ નહિ પણ જેટલું સાચું હોય તેનો સ્વીકાર પણ કરવાનો હોય જ. સત્યને સ્વીકારે તે જ સાચો જૈન કહેવાય. પણ દલીલ કર્યા વિના વિતંડાવાદથી કોઇ પણ જવાબ આપવામાં આવે કે કોઈને ઉતારી પાડવામાં આવે તો તે જૈન નામધારી શ્રાવકને યોગ્ય પણ ગણાય નહિ એટલે પછી તે સાધુને યોગ્ય તો ન જ હોઈ શકે.

સત્યાર્થી મુમુક્ષુ જે સંપ્રદાયવાદને, એકાંતવાદને કે મતાગ્રહને ઝેર સમાન ગણે છે તે તો બન્ને બાજુની દલીલો વિચારીને તટસ્થ ભાવથી પોતે પોતાની મેળે જ સત્ય શું છે તેનો નિર્ણય કરવાનું પસંદ કરશે. અને જે વસ્તુનો નિર્ણય પોતે ન કરી શકે તેને કેવળીગમ્ય રાખશે. પરંતુ તે નિશ્ચિત રીતે કોઇપણ તરફ ઢળી પડશે નહિ. એમ માનીને હું અત્રે મારા વિચારો પ્રગટ કરું છું.

☆

પ્રકરણ સાતમું

મૂર્તિનું અસ્તિત્વ

મૂર્તિ એ મુખ્યત્વે ભાવનો વિષય છે ત્યારે મૂર્તિપૂજા એ મુખ્યત્વે બાહ્યાચારનો વિષય છે.

તેથી પહેલાં આપણે મૂર્તિસંબંધી જ વિચાર કરીશું. અને તે વિચારાઈ રહ્યા પછી મૂર્તિપૂજાનો વિચાર કરીશું.

અહીંઆ આપણે મૂર્તિ એટલે તીર્થંકર ભગવાનોની મૂર્તિ અથવા પ્રતિમાની જ વાત કરીએ છીએ એમ સમજવાનું છે. મૂર્તિ, પ્રતિમા, પ્રતિબિંબ, ચિત્ર, ફોટો, છબી વગેરે પર્યાયવાચી શબ્દો છે.

સ્થાનકવાસીઓની માન્યતા

સ્થાનકવાસીઓની માન્યતા એવી છે કે પ્રાચીનકાળમાં મૂર્તિ કે મૂર્તિપૂજાનું અસ્તિત્વ જ નહોતું. અને તેથી આપણા સૂત્રોમાં મૂર્તિ કે મૂર્તિપૂજાનું નામનિશાન પણ નથી. માટે મૂર્તિ કે મૂર્તિપૂજા એ ધર્મ વિરુદ્ધનું કાર્ય છે.

પહેલાં તો સ્થાનકવાસીઓ એમ જ માનતા હતા કે મૂર્તિ અને મૂર્તિપૂજા ઘણા અર્વાચીન કાળથી શરૂ થઈ છે. પણ તે કાળ કયો તે નિશ્ચિત રીતે કોઈ કહી શકતું નહોતું. અને હજીસુધી પણ કોઈ નિશ્ચિત રીતે કહી શક્યું નથી. કારણ કે તે વાતની તેમને ખબર જ નથી.

પરંતુ જેમ જેમ શોધખોળો થતી ગઈ તેમ તેમ તે અર્વાચીન કાળની મર્યાદા સ્થાનકવાસીઓ તરફથી લંબાવાતી ગઈ. અને થોડા વર્ષ પહેલાં શોધખોળ ઉપરથી મૂર્તિ લગભગ ૨૩૦૦ વર્ષ પહેલાં પણ

વિદ્યમાન હતી એમ સાબિત થતાં સ્થાનકવાસીઓને તે પ્રમાણે માનવું પડયું છે.

મૂર્તિના વિચાર માટે ત્રણ મુદ્દા

એટલે મૂર્તિ સંબધી આપણે વિચાર કરવાનું કે નક્કી કરવાનું એ છે કે—

(૧) મૂર્તિની માન્યતા ધર્મ વિરુદ્ધ છે કે નહિ.

(૨) પ્રાચીનકાળમાં મૂર્તિ હતી કે નહિ.

(૩) સૂત્રોમાં મૂર્તિનો ઉલ્લેખ કે ઉલ્લેખો છે કે નહિ.

આ મુદ્દાઓ જાણવાથી કોની માન્યતા સાચી છે એ નકકી કરી શકાય. એટલે આપણે આ ત્રણેય મુદ્દાઓ એક પછી એક તપાસીશું.

દેવલોકમાં શાશ્વતી મૂર્તિઓ

દેવલોકમાં તેમજ નંદીશ્વર વગેરે સ્થળોએ પર્વત ઉપર શાશ્વતી મૂર્તિઓ છે અને દેવદેવીઓની તે મૂર્તિઓની પૂજા ભક્તિ કરે છે એ વાત સ્થાનકવાસીઓ માને છે કારણ કે તે વાત સ્થાનકવાસીઓના માન્ય સૂત્રોમાં પણ જણાવેલી છે. એટલે એ વાત ન માને તો તેઓ સૂત્ર જ માનતા નથી એમ ઠરે.

જોકે સ્થા. ઋષિ સંપ્રદાયના મુનિશ્રી અમોલખ ઋષિજીએ તેમના અનુવાદ કરેલા સૂત્રોમાં એ શાશ્વતી મૂર્તિઓના ઉલ્લેખો છે ત્યાં કેટલેક ઠેકાણે નોંધ મૂકીને તે મૂર્તિઓને કામદેવની મૂર્તિઓ ઠરાવી છે. પરંતુ એવી નોંધ મૂકતી વખતે તેમણે આગળ પાછળના શબ્દોનો સંબંધ તૂટી જાય છે તે વિચાર્યું જ નહિ અને તેથી વિદ્વાનો પાસે તેમની નોંધો ખોટી છે, સાંપ્રદાયિક મોહથી લખાયલી છે તે સિદ્ધ થઈ ગયું છે.

પરંતુ ખૂબીની વાત તો એ છે કે સ્થાનકવાસીઓ મોટે ભાગે શાશ્વતી મૂર્તિઓ તીર્થંકર ભગવાનોની છે એમ માને છે છતાં મનુષ્યકૃત

મૂર્તિઓને તેઓ માનતા નથી! શાશ્વતી મૂર્તિ માનવાથી ધર્મ વિરુદ્ધતા આવતી નથી તો કૃત્રિમ મૂર્તિ માનવાથી પણ ધર્મ વિરુદ્ધતા આવી ન શકે એ તો એક સામાન્ય બુદ્ધિની સમજની વાત છે.

દેવલોકની મૂર્તિ માનવી અને મનુષ્યલોકની મૂર્તિને ન માનવી તેનો અર્થ એ થાય કે એક સમકિતી સ્થા. શ્રાવક મૃત્યુ પામી દેવલોકમાં ઉપજ્યા પછી તે જ જીવ મૂર્તિને માનતો થઈ જાય!

શુદ્ધ ધર્મમાં આવી બેવડી માન્યતા હોઈ જ ન શકે. જે જીવ મનુષ્યલોકમાં અને દેવલોકમાં વારાફરતી ઉત્પન્ન થાય ત્યારે તે વારાફરતી તેની માન્યતા ફેરવતો રહે તે સમકિતી જ ન કહી શકાય અથવા તેને સાચો ધર્મી જ કહી ન શકાય. કારણકે સાચો ધર્મી સમકિતી તેની માન્યતામાં ફેરબદલી ન કરે.

આ ઉપરથી સમજી શકાશે કે જે લોકો દેવલોકની મૂર્તિને માનતા હોય તેમણે મનુષ્ય લોકમાં પણ મૂર્તિને માનવી જ જોઈએ, એમ ન કરે તો તેઓ સાચા શુદ્ધ ધર્મને અનુસરતા નથી એમ ચોક્કસપણે કહી શકાય.

મૂર્તિને માનવી ને પૂજવી તે દેવદેવીઓનો જીત વ્યવહાર છે એમ કહેવું તે પણ ખોટું છે કારણ કે દેવો મૂર્તિપૂજા વ્યવહાર તરીકે નથી કરતા પણ ધર્મ માટે કરે છે એમ તો સૂત્રોમાં સ્પષ્ટ ઉલ્લેખો છે જ. અને તે આગળ ઉપર બતાવાશે.

મૂર્તિ એ વ્યવહાર ધર્મ છે

મૂર્તિ અને મૂર્તિ પૂજા એ વ્યવહાર ધર્મના વિષયો છે એ ધ્યાનમાં રાખવું. એટલે અહીં જે વિચારણા થાય છે તે વ્યવહારને અનુસરીને જ કરવામાં આવે છે.

જ્યાં પાપ છે અથવા જ્યાં મિથ્યાત્વ છે ત્યાં ધર્મ નથી. તો જ્યાં

સુધી મૂર્તિ જીવને પાપ ક્રિયામાં લઈ ન જાય ત્યાં સુધી તેને વ્યવહાર ધર્મમાં લઈ જવાને વાંધો લઈ શકાય નહિ. તેમ જ મૂર્તિ જીવને મિથ્યાત્વમાં ધસડી ન જાય ત્યાં સુધી તેને વ્યવહાર ધર્મમાં લેવાને વાંધો કાઢી શકાય નહિ.

ભગવાનની મૂર્તિ ભક્તિ ઉત્પન્ન કરે છે

તીર્થંકર ભગવાનની મૂર્તિ જીવને પાપમાં તો ખેંચી શકે જ નહિ. એ તો જીવને વૈરાગ્ય કે ભક્તિભાવમાં પ્રેરક બને છે. કારણ કે મૂર્તિના શાંત મુદ્રાવાળા ધ્યાનમય આકારને જોવાથી જોનારના હૃદયમાં પણ વૈરાગ્ય અને ભક્તિ ઉત્પન્ન થાય છે.

કોઈ એમ કહેશે કે જેને આ મૂર્તિ કોની છે એમ ખબર હોય તેને જ તેવા ભાવ ઉત્પન્ન થઈ શકે. પરંતુ અજ્ઞાનીને તેવા ભાવ ઉત્પન્ન ન થાય. તેના જવાબમાં કહેવું જોઇએ કે—

અજ્ઞાનીઓ પણ સંસારીના બાહ્ય દેખાવમાં અને સાધુ વેરાગીના બાહ્ય દેખાવમાં ભેદ છે એટલુ તો સમજે જ છે. જંગલી લોકો પણ સાધુને જોઈને તેમને વંદન નમસ્કાર કરે છે. એ વાત અનેક પ્રાચીન કથાઓમાં પણ આવે છે. એનું એ જ કારણ છે કે સંસારીનો દેખાવ સાધુના દેખાવથી તદન ભિન્ન છે. અને તેમાં પણ ધ્યાનસ્થ સાધુનો દેખાવ ભિન્ન હોય છે એટલું જ નહિ પરંતુ તે પૂજ્યભાવ, ભક્તિભાવ ઉત્પન્ન કરનાર છે. તેથી જ જંગલી લોકો પણ સાધુને તુરત ઓળખી શકે છે. અને તે જ પ્રમાણે અજ્ઞાની જંગલી લોકો મૂર્તિ જોઈને તે મૂર્તિ ભગવાનની છે એમ ન જાણતા હોય તો પણ તે મૂર્તિ કોઈ સંત મહાત્માની છે એમ તો સમજે જ છે. એટલે મૂર્તિ અજ્ઞાનીમાં પણ ભક્તિભાવ પ્રેરે છે.

તો પછી જ્ઞાની અને સમજુ માણસને મૂર્તિ જોઈને પૂજ્યભાવ, ભક્તિભાવ ઉત્પન્ન થાય તો તેમાં નવાઈ જેવું પણ કાંઈ નથી.

મૂર્તિની માન્યતા ધર્મ વિરુદ્ધ નથી

આ પ્રમાણે મૂર્તિ મનુષ્યને પાપ તરફ તો લઈ જઈ શકતી જ નથી પણ ધર્મ તરફ વાળવામાં તો જરૂર નિમિત્ત બની શકે છે. એટલે એ રીતે મૂર્તિને ધર્મ વિરુદ્ધ કહી શકાય નહિ.

તીર્થંકર ભગવાન તો મિથ્યાત્વના નાશક છે. એટલે તેમની મૂર્તિ કદી જીવને મિથ્યાત્વમાં પાડી શકે જ નહિ. મૂર્તિમાં શ્રદ્ધાભક્તિ એટલે તીર્થંકર ભગવાનમાં શ્રદ્ધાભક્તિ એ તો સમ્યક્ત્વનું લક્ષણ છે. એટલે એ રીતે પણ મૂર્તિને ધર્મ વિરુદ્ધની કહી શકાય નહિ.

આમ જ્યારે મૂર્તિની માન્યતા ધર્મ વિરુદ્ધની ઠરી શકતી નથી તેમ જ મૂર્તિ ધર્મભાવપ્રેરક થઈ રહે છે ત્યારે તેને વ્યવહાર ધર્મમાં માન્ય રાખવામાં કોઈ જાતનો વાંધો રહેતો હોય એમ જણાતું નથી.

સંસાર વ્યવહારમાં મૂર્તિનો આદર

સંસાર વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે કોઈ મહાભાગ્યશાળી પુરુષે તેના કુટુંબને સમૃદ્ધ બનાવ્યુ હોય તો તે કુટુંબ તે ભાગ્યશાળી પુરુષની યાદગીરી માટે તેની રંગીન તૈલચિત્ર છબી કે બાવલું (મૂર્તિ) બનાવીને પોતાના ઘરમાં રાખે છે અને દરરોજ તેમનાં દર્શન કરી વદન નમસ્કાર કરી તેની યાદગીરીથી તેમના જેવા થવાની પ્રેરણા મેળવે છે.

કોઈ મહાપુરૂષે સમાજ માટે કોઈ ઉત્તમ કાર્ય કર્યું હોય તો સમાજ તેની યાદગીરી માટે ચિત્ર કે બાવલું બનાવીને યોગ્ય સ્થળે મૂકે છે કે જેથી સૌ તેના દર્શન કરી વદન નમસ્કાર કરી શકે.

ગામ કે દેશને માટે કોઈ વીર પુરૂષે શૂરવીરતાનું કામ કર્યું હોય તો તેનું બાવલું (મૂર્તિ) પાળીઓ કોઈ સારા જાહેર સ્થળે મૂકીને તેની યાદગીરી જાળવી રાખવામાં આવે છે. આવા પાળીઆ કે બાવલા વિનાનું ભાગ્યે જ કોઈ ગામ ખાલી હશે.

વ્યાપાર ધંધામાં પણ કોઈ મહાપુરૂષે વ્યાપાર ઉદ્યોગ ધંધો ખૂબ ખીલવ્યો હોય તો તેનું પણ ચિત્ર કે બાવલુ તેમના ધંધાના મકાનમાં મૂકીને તેના દરરોજ દર્શન કરી, વંદન નમસ્કાર કરી તેની યાદગીરીથી તેના જેવું કામ કરવાની પ્રેરણા મેળવે છે.

આમ સંસારના દરેક ક્ષેત્રમાં મહાપુરુષોની મૂર્તિ બનાવી, તેમના દર્શન કરી, તેમની યાદગીરીથી તેમના જેવા થવાની પ્રેરણા મેળવાય છે.

તેવી જ રીતે ધર્મમાં ધર્મના મહાપુરુષ, ધર્મનાયક તીર્થંકર ભગવાનની યાદગીરી માટે તેમની મૂર્તિ બનાવી, તેમના દરરોજ દર્શન કરવામાં આવે, ભક્તિથી તેમને વંદન નમસ્કાર કરવામાં આવે અને એ રીતે તેમના જેવા થવાની પ્રેરણા લેવામાં આવે તો **તેને પણ એક ધર્મકાર્ય કહી શકાય. અથવા તે પણ એક જાતનો વ્યવહાર ધર્મ જ કહી શકાય.**

મૂર્તિ એટલે શું ?

મૂર્તિ એટલે આકૃતિ, બાવલું, ચિત્ર, ફોટો, છબી, પ્રતિબિંબ અથવા પ્રતિમા. એટલે મૂળનું કોઈપણ જાતનું પ્રતીક.

ઉપર કહ્યું તેમ **સંસારવ્યવહારમાં મૂર્તિનો ખૂબ આદરભાવ છે.**

આપણે આપણા ઘરમાં પણ આપણા બાપદાદાઓ, વડીલોના ફોટા કે રંગીન ચિત્રોને પવિત્ર માનીએ છીએ. વડીલોના ફોટા ચિત્રોને જોઈને પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય છે અને એ ફોટો કે ચિત્રને કોઈ ફાડી નાખે. તેના ઉપર કોઈ પગ મૂકે તો તેણે ફોટામાંના વડીલનું અપમાન કર્યું એમ પણ માનીએ છીએ.

તેજ પ્રમાણે ભગવાનની મૂર્તિ એ પણ ભગવાનનું પ્રતીક છે તો ભગવાનના ચિત્ર કે તેમની મૂર્તિની કોઈ આશાતના કરે તેણે ભગવાનની જ આશાતના કરી એમ ગણાય.

મૂર્તિની હાંસી કરનારા વિચારે

મૂર્તિને જડ પત્થર તરીકે ગણી હસી કાઢનારે, અવગણી કાઢનારે એ પણ વિચારવું જોઇએ કે તેમના વડીલનો ફોટો કે ચિત્ર પણ જડ વસ્તુ જ છે. તેના તરફ તમે પૂજ્યભાવે શા માટે જુઓ છો? વડીલ કરતાં ભગવાન તો અનંતગણા વિશેષ પૂજ્ય છે તો તેમની મૂર્તિને કે તેમના ચિત્રને ન માનવું એમાં ડહાપણ કેવી રીતે ગણાય?

સ્થા. પુસ્તકોમાં ચિત્રો

સ્થાનકવાસી આચાર્ય શ્રી જવાહરલાલજી મહારાજે તેમના "સચિત્ર અનુકંપા વિચાર" નામના પુસ્તકમાં કેશી શ્રમણનું ચિત્ર છાપ્યું છે. શ્રી શંકર મુનિજીએ તેમના "સચિત્ર મુખવસ્ત્રિકા" પુસ્તકમાં પાંડવ મુનિઓ, પ્રસન્નચંદ્ર રાજર્ષિ તથા ગજસુકુમાલ મુનિના ચિત્રો છાપેલાં છે. શ્રી ચોથમલજી મહારાજે તેમના "મહાવીર યાંચા સંદેશ" નામના પુસ્તકમાં ભગવાન મહાવીરનું ચિત્ર છાપેલ છે.

સ્થા. આચાર્ય શ્રી આત્મારામજીના પુસ્તકોમાં, તેમના શિષ્ય જ્ઞાન મુનિના પુસ્તકોમાં તેમજ બીજી પંજાબી, મારવાડી, ગુજરાતી સાધુઓના પુસ્તકોમાં તેમના પોતાના તેમજ બીજા સાધુસાધ્વીઓના ચિત્રો (ફોટા) છપાયા છે અને છપાય છે.

પૂજ્ય શ્રી રત્નચંદ્રજી મહારાજની સમુદાયના મુનિઓનો ગ્રુપ ફોટો છપાયેલો છે. જેમાં અગિયાર મુનિઓના ફોટા છે.

ગુજરાત, કચ્છ, કાઠિયાવાડના સાધુ મંડળનો ગ્રુપ ફોટો જેમાં તેર મુનિઓના ફોટા છે તે ફોટો અમદાવાદમાં ત્રણ ત્રણ પૈસે વેચાયો હતો.

સ્થા. મુનિઓની મૂર્તિ

વળી મારવાડના ગામ ગિરિમાં સ્થાનકવાસી સાધુ હર્ષચંદ્રજીની તથા મારવાડના ગામ સાદડીમાં સ્થાનકવાસી મુનિશ્રી તારાચંદજીની પાષાણમય મૂર્તિ પૂજાય છે.

આગ્રામાં સ્થાનકવાસી મુનિશ્રી રત્નચંદ્રજીની પાદુકાઓની પૂજા થાય છે.

બડોદ તથા અંબાલામાં સ્થાનકવાસી સાધુઓની ઘણા કાળથી સમાધિઓ છે અને તે અતિ આદરથી પૂજાય છે. ત્યાં દર સાલ મેળો ભરાય છે અને હજારો લોક એકઠા થાય છે.

ઉપર લખ્યા સ્થા. સાધુઓના ફોટા તથા મૂર્તિ વગેરેના ચિત્રો મૂર્તિપૂજાકા પ્રાચીન ઈતિહાસ પુસ્તકમાં વિગત સાથે છપાયેલા છે.

આ પ્રમાણે મૂર્તિના રૂપાંતરો સ્થાનકવાસીઓમાં ઘણા લાંબા કાળથી પ્રચલિત છે જ. અને આમ જ્યારે **સ્થા. મુનિઓના ફોટા. મૂર્તિ, પાદુકા વગેરેને વંદન પૂજન થાય છે ત્યારે સાધુઓથી અનંત ગુણા ગુણવાન અને પૂજ્ય તીર્થંકર ભગવાનની મૂર્તિ માટે જ વિરોધ કરવો એમાં ન્યાય કે ડહાપણ કેમ ગણી શકાય?**

અને જ્યારે સ્થાનકવાસી મુનિઓ ભગવાનના, પ્રાચીન કાળના મુનિઓના અને અત્યારે તેમના પોતાના ચિત્રો કે ફોટાઓ છાપે છે તો પછી ભગવાનની મૂર્તિ માટે જ શા માટે વાંધો હોઇ શકે તે સમજાતું નથી. સિવાય કે સંપ્રદાયવાદના મોહનો કે મતાગ્રહનો આશ્રય લઇને ખોટી રીતે વાંધો ઉઠાવવામાં આવે.

૨૩૦૦ ત્રેવીશ સો વર્ષ પહેલાં મૂર્તિની માન્યતા ચાલુ હતી તે તો કલિંગ દેશના (ઓરિસાના) ખંડગિરિ, ઉદયગિરિ વગેરે પહાડોમાં

કોતરેલી મૂર્તિઓ તથા શિલાલેખો ઉપરથી સિદ્ધ થઈ ચૂક્યું છે. તે વખતે તો ચૌદ પૂર્વધર અને દશ પૂર્વધર મુનિ મહાત્માઓ અસ્તિત્વ ધરાવતા હતા.

સ્થાનકવાસીઓ વિચારે

આપણા હાલના કોઇ પણ સાધુ મુનિરાજ કરતાં એ પૂર્વધર મહાત્માઓ ઘણા ઘણા વિશેષ જ્ઞાની હતા એ તો સૌ કોઇને કબૂલ કરવું જ પડશે એટલું જ નહિ પણ ૫૦૦ પાંચસો વર્ષ પહેલાંના એટલે કે લોંકાશાહના વખતના કોઇ પણ સાધુ કે શ્રાવકના જ્ઞાન કરતાં ૨૩૦૦ ત્રેવીશસો વર્ષ પહેલાંના પૂર્વધરોનું જ્ઞાન ઘણું ઘણું જ વધારે હતું એ પણ કબૂલ કરવું જ પડશે.

તો એ મહાજ્ઞાની પૂર્વધર મહાત્માઓએ મૂર્તિને ધર્મ-વિરુદ્ધની કેમ ન ઠરાવી? આ બાબતનો સ્થાનકવાસીઓ અથવા તો મૂર્તિવિરોધીઓએ વિચાર કરવો ઘટે છે. અથવા તો પૂર્વધરોએ મૂર્તિને ધર્મવિરુદ્ધ ઠરાવી હતી એમ તેઓએ બતાવી આપવું જોઇએ. અથવા તો પૂર્વધર મહાત્માઓએ પણ ભૂલ કરી હતી એમ સ્થાનકવાસીઓએ જાહેર કરવું જોઇએ અને જો પૂર્વધરોએ ભૂલ કરી ન હોય તો મૂર્તિની માન્યતા એ વ્યવહારધર્મ છે એમ કબૂલ કરવું જોઇએ.

પ્રકરણ આઠમું

અવલંબન માટે મૂર્તિની જરૂરીઆત

મૂર્તિએ વ્યવહાર ધર્મમાં જ આવે છે. વ્યવહાર ધર્મ અલ્પજ્ઞ માટે અથવા બાળજીવો માટે છે. પરંતુ નિશ્ચય ધર્મમાં પહોંચવા માટે વ્યવહાર ધર્મ અનિવાર્ય રીતે જરૂરનો છે. વ્યવહાર ધર્મ પાળતાં કે અનુસરતાં જીવને કંઇકપણ અવલબનની જરૂર પડે છે જ.

આ વાત તપસ્વી મહાત્મા સ્થાનકવાસી મુનિશ્રી માણેકચંદ્રજી સ્વામીએ તેમના **કાળજ્ઞાન તત્ત્વ ચિંતામણી** નામના પુસ્તકમાં સારી રીતે સમજાવેલ છે. તેથી તેમનું તે લખાણ અત્રે ઉધ્ધૃત કરું છે.

જડ પદાર્થના ત્રણ ગુણ

દરેક જડ પદાર્થમાં ત્રણ ગુણ રહ્યા છે-(૧) અવલંબન ગુણ, (૨) ઓળખાણ ગુણ અને (૩) મંગળ ગુણ.

અવલંબન ગુણ—જેને જેટલો વૈભવ છે તેને તેટલો જડ પદાર્થનો અવલંબન ગુણ જાણવો. ઉદાહરણ તરીકે-રસ્તે ચાલતાં લાકડીનું અવલબન, દાદરે ચડતાં પગથીઆં અને દોરડાનું અવલબન, હાલતાં ચાલતાં રસ્તાનું અવલંબન, પૂલ ઉપર ચાલતાં કઠેડાનું અવલંબન, ભૂખ તરસમાં અનાજ અને પાણીનું અવલંબન, રોગમાં ઔષધનું અવલબન વગેરે જડ પદાર્થોના હજારો અવલબન લેવાં પડે છે. જડ પદાર્થોનું અવલંબન તે જીવતરનું જીવન છે.

ઓળખાણ ગુણ—માતા પિતા, દીકરા, દીકરી, હેતુમિત્રો વિગેરેના તથા પશુ પક્ષી વગેરેના જે જે ફોટા છે તે તેમની ઓળખાણના છે.

તે પોતે ફોટો જડ પદાર્થ છે. પણ માવતરના ફોટા ઓળખાણ ખાત્રી આપે છે. તે ફોટા દેખીને માવતરોના ગુણોની ભાવના ઉત્પન્ન થાય છે અથવા યાદી આપે છે, તે **ઓળખાણ ગુણ મહા મોટામાં મોટો દ્રવ્ય સ્થાપના નિક્ષેપો છે.**

મંગળગુણ—તે સારાં રૂડાં સુગંધી પદાર્થો છે, તે મંગળ કાર્યોમાં મંગળરૂપ થાય છે. અને વિઘ્નોને દૂર કરે છે. જેમકે—લાપશીનું મંગળ, ગોળનું મંગળ, સાકરનું મગળ વગેરે. મિષ્ટાન્નમગળ તે રૂડાં ભોજન છે. તે દરેક કાર્યના વિઘ્નોનો નાશ કરે છે. તેમ વસ્ત્રમંગળથી વસ્ત્ર મળે છે. શુકનના મગળથી કામ શુભ થાય છે.

"તેવા માંગલિક જડ પદાર્થોથી હજારો જાતના મંગળ ગુણ થાય છે ને આ સ્થળે ગ્રંથ ગૌરવના ભયથી સંક્ષેપી લઈને **સિદ્ધાંતની સાક્ષી** આપવામાં આવે છે કે—

"**શ્રીઠાણાંગ સૂત્રના આઠમે ઠાણે આઠ*** **મંગળના** મંગળરૂપે નામો જણાવ્યા છે તે આઠેય મગળ જડપદાર્થ છે. છતાં અનેક દુઃખ અને વિઘ્નોનો નાશ કરે છે... જ્યાં સુધી કર્મને આધીન છે, ત્યાં સુધી મંગળનું સાધન સુખરૂપ છે.

જેમ રસ્તે ચાલતાં ભોમીઆનો આધાર લેવો પડે તથા ચરતાં, તરતાં અને ફરતાં વાહનોનો આધાર લેવો પડે છે તેમ જ્યાં સુધી મોક્ષે નથી પહોંચ્યા ત્યાં સુધી પુણ્ય મંગળનો આધાર લેવો પડે છે. તેમ જ ગુરુનો ફોટો, તીર્થંકર ભગવાનનો ફોટો મંગળ રૂપે, ઓળખાણ રૂપે અને ધ્યાનના અવલંબન માટે લેવાથી ગુરુના ગુણની અને તીર્થંકર ભગવાનના ગુણની ભાવના ઉત્પન્ન થશે.

અવલંબનથી અનેક ગુણોની ભાવના પ્રગટ થતાં ગુણી થવાશે. વળી ફોટા ઉપરથી ગુરુની અને ભગવાનની ઓળખાણ રહેશે અને

* દેવલોકમાં પણ આઠ મંગળ ગણાય છે—સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગલ અને દર્પણ—રાજપ્રશ્નીય સૂત્ર.

અનેક જાતના મંગળો થશે. વિઘ્નોનો નાશ થશે. પણ ફોટા લેનાર પણ ફોટા લેનાર તથા સદાકાળ રાખનારે એવો નિર્ણય કરી રાખવો કે **તેના ગુરુશ્રીના કે પ્રભુજીના ફોટાને (મૂર્તિને) સાવદ્ય પાપ પૂજાથી પૂજવાની ત્રણે કાળમાં પદ્ધતિ પાડવી નહિ. એમ સિદ્ધાંતિક વાક્યો છે તેને સિદ્ધ કરી રાખવા.**

ધ્યાનમાં અવલંબન

" જ્ઞાનવાણીના સિદ્ધાંતે ધર્મ ધ્યાન તથા શુક્લ ધ્યાનના બત્રીશ ભેદ કહ્યા છે. તેમાં અવલંબન ધ્યાનના ચાર ભેદ જણાય છે. તે પદસ્થ ધ્યાન, પિંડસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યાન. એ ચાર પદમાં ત્રણપદ તો સાકારી મૂર્તિ માટે છે. તેમાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટી રહેલી છે. જ્ઞેય વિના જ્ઞાન નહિ તેમ જ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીમાં ગુરુશ્રીનો અથવા તીર્થંકર ભગવાનનો જે ફોટો (અથવા મૂર્તિ) તે જ્ઞેય પદાર્થ છે અને તે જ્ઞેય-ધ્યેયનો ધ્યાતા આત્મા જીવ પોતે ધ્યેય રૂપ લક્ષ પામે છે, ત્યારે ધ્યાનનું સ્વરૂપ એક વૃત્તિએ થાય છે. તે વખતે **પ્રતિમાનું અવલંબન લેવા ગુરુનો દ્રવ્ય ફોટો સ્થાપના સ્વરૂપે થાય છે. એ સિદ્ધાંત સાક્ષી છે."**

પ્રતિમા આરાધનાનો હેતુ

સ્થાનકવાસી મહાત્માજીએ ઉપર પ્રમાણે વ્યવહાર ધર્મમાં મૂર્તિના અવલંબનની જરૂરીઆત બતાવી છે તેમ ધ્યાન માટે પણ મૂર્તિની જરૂરીઆત બતાવી છે. વળી તેઓશ્રી પ્રતિમાની આરાધનાનો હેતુ જણાવતાં લખે છે કે—

" અનંત ગુણના ધણી અનંત શક્તિના ધણી શ્રી જિનેશ્વર પ્રભુની પ્રતિમાઓ આ લોકમાં શાંતિ સુખ માટે, હિત માટે, પરલોક હિત માટે અવલંબન તરીકે આરાધાય છે.

"તે પ્રભુના પ્રતિમાજીને જ્ઞાની લોકો પ્રતિમાજી તરીકે માને છે પણ સાક્ષાત પ્રભુ તરીકે માનતા નથી. જે જે સ્થળે જે જે તીર્થંકર દેવો નિર્વાણ પદને પામ્યા હોય તે તે સ્થળ શ્રી દયાળુ અરિહંત પ્રભુની અનંત યોગ સાધનાની શકિતનાં જે જે અનંત ગુણરૂપ, દ્રવ્યરૂપ પર્યાયરૂપ પદાર્થોમાં વાસના પરિણમી ગઇ હોય તેવા પવિત્ર પરમાણુ-વાળા જે જે સ્થળો છે તે તે સ્થળોએ જવાથી ઊંચી ઊંચી ભાવનાઓ ઉત્પન્ન થતાં ઊંચા ઊચા પવિત્ર ગુણોની પ્રાપ્તિ થાય છે અને અનંત નિર્જરા થાય છે. તેવા હેતુથી જ શ્રી અરિહંત દેવની પ્રતિમાઓ પૂજાય છે પણ છકાયની હિંસા માટે પૂજાતી નથી તેમ કોઇ જ્ઞાની મહાપુરુષો હિંસા સ્વરૂપે પૂજતા પણ નથી."

પ્રકરણ નવમું

શાશ્વતી પ્રતિમાનું મહાત્મ્ય

દેવલોકમાંની મૂર્તિઓ સંબંધી સ્થાનકવાસી સમાજમાં કંઇક ભ્રમ પ્રવર્તે છે તેથી તે સંબંધી પણ થોડાક વિચાર કરી લઇએ.

સ્થાનકવાસી મહાત્મા મુનિશ્રી **તપસ્વી શ્રી માણેકચંદજી** સ્વામીએ તેમના "**કાળજ્ઞાન તત્ત્વ ચિંતામણિ**" પુસ્તકમાં દેવલોકમાંની શાશ્વતી મૂર્તિઓનું મહાત્મ્ય દર્શાવતાં આ પ્રમાણે લખ્યું છે—

"સ્વર્ગમાં જે જે જિનપ્રતિમાઓ છે તે તો અનાદિ કાળની શાશ્વતી છે. તે જિનપ્રતિમામાં સ્વાભાવિક અનંત ગુણો રહ્યા છે. તેવા ગુણનું અવલંબન દેવતા લોકો સુખ સમાધિના હિત માટે લીએ છે. જેમ મૃત્યુલોકમાં મહા ચમત્કારી વસ્તુઓ પૈકી કલ્પવૃક્ષ ચિંતામણી, ચંદનવૃક્ષ અને સુગંધી મહા પદાર્થોનાં અવલંબનથી અનંત દુઃખોનો નાશ થાય છે તેમજ તે ન્યાયે શ્રી જિન પ્રતિમા પણ મહાન ચમત્કારી ચિંતામણી છે. તેના અવલંબનથી દેવોને અનંત શાંતિ મળે છે.

"સ્વર્ગના દેવો શ્રી જિનેશ્વરના પ્રતિમાજીના પ્રભાવથી પોતપોતાની હદ મર્યાદા લોપી શકતા નથી. તેમ બીજા કોઈ દેવો પણ એકબીજાની હદ લોપવાની મરજી કરતા નથી. એ વગેરે અનેક પ્રભાવ શ્રી જિન પ્રતિમાના માનથી સચવાય છે. શ્રી જિન પ્રતિમા સર્વ વિઘ્નોને હરે છે, સર્વ દુઃખોને ટાળે છે અને મહામંગળ આપે છે. એવો પ્રૌઢ પ્રતાપ શ્રી જિન પ્રતિમાજીનો છે."

શાશ્વતી મૂર્તિ કયા તીર્થંકરની ?

દેવલોકમાં શાશ્વતી મૂર્તિઓ છે એટલે તે કોઇ અમુક તીર્થંકરની નથી તેથી તે માનવા લાયક નથી એમ કેટલાક સ્થાનકવાસીઓ વાંધો

કાઢે છે: પણ તેનું સમાધાન પણ રાજપ્રશ્નીય સૂત્રમાં આપેલું છે. તે નીચે પ્રમાણે—

રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યું છે કે ત્યાં દેવચ્છંદામાં એકસો આઠ પ્રતિમા છે તે પર્યંકાસને બેઠેલી સ્થિતિની છે અને તે તીર્થંકરોની ઊંચાઇના પ્રમાણુની છે એટલે કે પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરવત ક્ષેત્રમાં અથવા મનુષ્ય લોકમાં જુદા જુદા વખતે જે જે તીર્થંકરો થાય તેમની ઊંચાઇ કાળના પ્રમાણુમાં જુદી જુદી હોય છે. તેથી તીર્થંકરોના પ્રતીક તરીકે અને સર્વ તીર્થંકરોની ઊંચાઇના પ્રતીક તરીકે આ એકસો આઠ જિન પ્રતિમાઓ છે.

વળી એ જ સૂત્રમાં તે જ ઠેકાણે એમ પણ કહેલું છે કે ત્યાં મણિપીઠિકા ઉપર ચાર જિન પ્રતિમા છે તેના નામ—ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ છે. પાંચ ભરત ક્ષેત્ર અને પાંચ ઐરવત ક્ષેત્રમાં મળીને દરેક ચોવીશીમાં આ ચાર નામના તીર્થંકર તો થાય છે જ. જેમ કે આ ચોવીશીમાં આ ભરતક્ષેત્રમાં પહેલા ઋષભદેવ અને છેલ્લા વર્ધમાન નામના તીર્થંકર થયા અને ઐરવત ક્ષેત્રમાં પહેલા ચંદ્રાનન અને છેલ્લા વારિષેણ નામના તીર્થંકર થયા. એ પ્રમાણે આ ચાર નામના તીર્થંકર થયા અને થતા રહેશે માટે આ ચાર નામની શાશ્વતી પ્રતિમાઓ છે.

દેવો તેમજ મનુષ્યો મૂર્તિને વાંદે પૂજે છે. તેઓ અમુક તીર્થંકરની મૂર્તિ છે એમ કહીને અથવા ગણીને તેઓ તે અમુક તીર્થંકરને જ વાંદે પૂજે છે એમ હોતું નથી. પરંતુ તીર્થંકર અરહિંત ભગવનના પ્રતીક રૂપ એ મૂર્તિ છે તેને અરિહંતના પ્રતીક તરીકે ગણીને જ વાંદે પૂજે છે.

દાખલા તરીકે—અહીંઆ મંદિરમાં મૂર્તિ તો કોઇ પણ એક તીર્થંકર ભગવાનની હોય પણ તેની પૂજા કરનાર ગમે તે બીજા તીર્થંકરનું સ્તુતિસ્તોત્ર બોલીને, મૂર્તિને પૂજા કરે છે. કારણ કે બધા તીર્થંકર ભગવાનો સરખા છે. અને એકની સ્તુતિ કરી તે બધાની સ્તુતિ કરી એમ સમજીને સ્તુતિ થાય છે.

જેમ અહીંઆ તેમ દેવલોકમાં પણ સર્વ તીર્થંકરો અથવા સર્વ સિદ્ધોના પ્રતીક તરીકે ત્યાંની મૂર્તિઓને ગણીને પૂજા કરતા હોય તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ જ નથી.

દેવોનો જીત વ્યવહાર શેને માટે છે?

દેવલોકમાં દેવ દેવીઓ તીર્થંકર ભગવાનોની શાશ્વતી મૂર્તિઓ પ્રતિમાઓની પૂજાભકિત કરે છે એ વાત સ્થાનકવાસીઓના માન્ય સૂત્રમાં આવે છે. એટલે તે વાત સ્થાનકવાસીઓ કબૂલ તો કરે છે જ. પરંતુ તેનું મહત્વ ઉડાડી દેવા માટે સ્થાનકવાસીઓ કહે છે કે—

"એ તો દેવોનો જીત વ્યવહાર છે એટલે કે એક રિવાજ છે. પણ દેવો ધર્મ માટે, કલ્યાણ માટે કે તરવા માટે ભક્તિપૂજા કરતા નથી પરંતુ રાજ્યશાંતિ માટે સુખની બુદ્ધિએ દેવો પ્રતિમાજીને માને છે. કારણ કે દેવલોકમાં ધર્મ ક્રિયા નથી, પુણ્ય ક્રિયા નથી, દાન ક્રિયા નથી, દેવો તો ફકત પૂર્વપુણ્યના ફળ ભોગવવા માટે જ દેવપણે ઉત્પન્ન થયા છે અને તેથી સુખ ભોગવે છે."

ત્યારે પ્રશ્ન ઉઠે છે કે—દેવોમાં શું ધર્મ ભાવના નથી હોતી? કલ્યાણ ઇચ્છા નથી હોતી?

અલબત્ત મિથ્યાદૃષ્ટિને એવો વિચાર ન હોય. પણ તો શું દેવલોકમાં બધા મિથ્યાદૃષ્ટિ જ હોય છે! એમ તો બને જ નહિ. કારણ કે સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો દેવલોકમાં ઉપજે તે ત્યાં સમ્યગદૃષ્ટિપણે જ રહે કે નહિ?

આ પ્રશ્નોનું સમાધાન **રાજપ્રશ્નીય સૂત્રમાંથી** મળી શકે છે. સૂર્યાભદેવ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી પહેલો જ વિચાર એ કરે છે કે—

> "અહીં ઉત્પન્ન થઈને મારૂં પહેલું કર્તવ્ય શું છે? હવે પછી નિરંતર શુ કરવાનુ છે? **તત્કાળ અને ભવિષ્યમાં સહ્રાને માટે શ્રેય રૂપ એવું શું કામ મારે કરવાનું છે?"**

જો દેવોને તેમના આત્મકલ્યાણની ઇચ્છા ન હોય તો "મારે અવશ્ય શું કરવાનું છે?" એવો વિચાર કેમ આવે? સૂર્યાભદેવનો વિચાર જ તેની આત્મકલ્યાણની ઇચ્છા બતાવી આપે છે.

સૂર્યાભદેવે ઉપર પ્રમાણે વિચાર કર્યો ત્યારે તેના સામાનિક દેવોએ કહ્યું કે—

> "અહીંઆ સૂર્યાભ વિમાનમાં સિદ્ધાયતનમાં ૧૦૮ જિનપ્રતિમા છે તે આપને અર્ચા, વંદના, પર્યુપાસના કરવા યોગ્ય છે. એ આપનું પહેલું કરવા લાયક કામ છે તેમજ પછી કરવા લાયક કામ છે. અને તે વર્તમાનમાં તેમજ ભવિષ્યમાં સદાને માટે શ્રેયસ્કર છે, હિતકારી છે, સુખકારી છે, કલ્યાણકારી છે, નિસ્તાર એટલે મોક્ષનું કારણ છે અને અનુગામિ એટલે આત્માની સાથે આવનારું છે."

આથી સિદ્ધ થાય છે કે દેવો તીર્થંકરની પ્રતિમાને વાંદે પૂજે છે તે આત્મકલ્યાણ સમજીને કરે છે. એટલે કે તે જીતવ્યવહાર આત્મકલ્યાણ માટેનો કોઈ પહેલાં અને પછી અર્થાત્ હમેશ કરવા યોગ્ય ગણે છે.

આ ઉપરથી સમજી શકાશે કે દેવોના જીતવ્યવહારમાં ધર્મ નથી એમ માનવું એ તદ્દન ભૂલભરેલું છે. પરંતુ એ જીત વ્યવહાર પણ વ્યવહાર ધર્મ છે એમ સમજવું.

જ્યારે ભગવાન મહાવીર સ્વામી આમલકપ્પા નગરીમાં પધાર્યા ત્યારે સૂર્યાભદેવે ત્યાં દેવલોકમાં રહીને જ ભગવાનને વાંધા અને મનમાં વિચાર્યું કે—

> "શ્રમણ ભગવાન મહાવીરની એ પર્યુપાસના મારે માટે જન્મજન્માંતરમાં હિતકર, સુખકર, ક્ષેમકર, કલ્યાણકર નીવડવાની છે અને નીવડશે."

સૂર્યાભદેવનો આ વિચાર બતાવી આપે છે કે તે આત્મકલ્યાણના ભારે ઈચ્છુક હતા, તે પ્રમાણે ઘણા દેવો આત્મકલ્યાણની ઈચ્છાવાળા હોય છે.

વળી સૂર્યાભદેવ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે આવીને વંદન નમસ્કાર કરીને પોતાનું નામ જણાવે છે ત્યારે ભગવાન તેને કહે છે કે—

> "હે સૂર્યાભ! (ઉપર પ્રમાણે વંદન વગેરે) એ પુરાતન છે, જીત્ત છે, કૃત્ય છે, કરણીય છે, આચરાએલું છે. અને હે સૂર્યાભ! એ સંમત થએલું છે કે ભવન પતિના, વાણવ્યંતરના, જ્યોતિષિકના અને વૈમાનિકવર્ગના દેવો અરિહંત ભગવંતોને વાંદે છે, નમે છે અને પછી પોતપોતાનાં નામ ગોત્રો કહે છે."

એટલે કે ભગવાન કહે છે કે—હે સૂર્યાભ! આ પ્રમાણે તારા પૂર્વજો પુરાતનકાળથી કરતા આવ્યા છે અને તારે પણ કરવા જેવું છે. આ પ્રમાણે અરિહંત ભગવંતોને વંદન નમસ્કાર કરવાનો દેવોનો જીત વ્યવહાર છે એમ મહાવીર ભગવાન કહે છે. તો શું દેવોમાં ધર્મભાવના ન હોય તો ભગવાન તેમના જીત વ્યવહારને પ્રશંસે ખરા? નહિ જ. એ રીતે ભગવાને બતાવ્યું છે કે દેવો ધર્મશીલ છે. એટલે કે જીત વ્યવહાર તે ધર્મભાવના સહિતનો છે, ધર્મ કૃત્ય તરીકેનો છે. એમ ભગવાનના શબ્દો ઉપરથી સમજી શકાય છે.

ત્યારપછી ભગવાનની દેશના સાંભળી લીધા પછી સૂર્યાભદેવ ભગવાન મહાવીરસ્વામીને પૂછે છે કે—

> "હે ભગવન! શું સૂર્યાભદેવ (તે પોતે) ભવસિદ્ધિક—ભવ્ય છે કે અભવસિદ્ધિક—અભવ્ય છે? સમ્યગ્ દૃષ્ટિવાળો છે કે મિથ્યા દૃષ્ટિવાળો છે? સંસારમાં પરિમિતપણે ભમનારો છે કે અનંતકાળ સુધી ભમનારો છે? બોધિની પ્રાપ્તિ થવી તેને માટે

સુલભ છે કે દુર્લભ? શું તે આરાધક છે કે વિરાધક? તે ચરમ શરીરી છે કે અચરમ-શરીરી?"

ભગવાન જવાબમાં કહે છે કે—

"હે સૂર્યાભ? તું ભવ્ય છો, સમ્યગ્ દષ્ટિવાળો છો, સંસારમાં પરિમિતપણે ભમનારો છો, તને બોધિની પ્રાપ્તિ સુલભ છે, તું આરાધક છો અને તું ચરમ શરીરી છો."

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે દેવલોકમાં સમ્યગ્ દષ્ટિ દેવો ઘણા હોય છે, તેઓ ધર્મ ભાવનાવાળા હોય છે, આત્મકલ્યાણની ઇચ્છાવાળા હોય છે અને અરિહંત ભગવંતોની તથા **તેમની પ્રતિમાની ભક્તિપૂજા કરવી એ તેમનો ધર્મ માટેનો જીત વ્યવહાર** છે.

મનુષ્યોની માફક દેવો વ્રત પચ્ચખ્ખાણ કરી શકતા નથી કે સામાયિક વગેરે ક્રિયા કરી શકતા નથી પરંતુ તેઓમાં ધર્મભાવના હોય છે, અરિહંત ભગવંતોની તથા તેમની પ્રતિમાની ભક્તિ પૂજા કરે છે એટલું જ નહિ પણ જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે—

નંદીશ્વર દ્વીપે બાવન પર્વત ઉપર બાવન સિદ્ધાયતન છે. ત્યાં ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક દેવતા આષાડ, કાર્તિક અને ફાગણ એ ત્રણ ચોમાસામાં, પર્યુષણ પર્વ, સંવત્સરી તથા બીજી ઘણી તિથિને વિષે તીર્થંકરના જન્મ કલ્યાણિક, દીક્ષા કલ્યાણિક, કેવળ જ્ઞાનપ્રપ્તિ કલ્યાણિક, પરિનિર્વાણ કલ્યાણિક ઇત્યાદિ વખતે દેવો એકઠા થઈને અષ્ટાન્હિકા મહા મહોત્સવો કરે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે દેવો ધર્મભાવના સહિત હોય છે, ધર્મોત્સવ ક્રિયાઓ કરે છે અને આત્મકલ્યાણની ભાવના ભાવતા રહે છે.

દેવોને પુણ્યક્રિયા કે પાપક્રિયા નથી એમ કહેવું તે ભૂલભરેલું છે. દેવભવમાં ઘણા પાપ કરીને નરક કે તિર્યંચ ગતિમાં જાય છે અને

પુણ્યક્રિયા કરનારા જ મનુષ્યગતિમાં આવે છે. માટે દેવોને ધર્મક્રિયા, પુણ્યક્રિયા અને પાપક્રિયા છે જ એમ માનવું એ જ સિદ્ધાંતાનુકૂળ છે.

જીત વ્યવહારમાં

ભાવ પ્રમાણે ફળ

બીજી એક દલીલ એમ છે કે--દેવલોકમાં મિથ્યાદષ્ટિ જીવ ઉત્પન્ન થાય તે પણ એ જ પ્રતિમાઓને પૂજે છે. તો મિથ્યાદષ્ટિ જિનપ્રતિમાને તો પૂજે નહિ, માટે તે જિનપ્રતિમા નથી. અને મિથ્યાદષ્ટિ તેમજ સમ્યગ્દષ્ટિ બન્ને જાતના સર્વદેવો પૂજે છે માટે તે દેવોનો સામાન્ય જીત વ્યવહાર છે.

અહીં પહેલી વાત તો એ કે મિથ્યાદષ્ટિ દેવો પણ એ પ્રતિમાઓ પૂજે છે કે કેમ તે માટે સૂત્રમાં સ્પષ્ટ પાઠ નથી. પરંતુ તેની જ સામે તે જ ન્યાયે પ્રશ્ન એ છે કે સમ્યગ્દષ્ટિ દેવ વીતરાગ તીર્થંકર દેવની જ પ્રતિમાને પૂજે, અન્યદેવની પ્રતિમાને પૂજે નહિ.

હવે એ પૂજન તે માત્ર જીત વ્યવહાર છે તેમાં ધર્મ જ નથી એમ દલીલ થાય છે તે બહુ વ્યાજબી નથી. કારણ કે **મુખ્ય આધાર ક્રિયા પર નહિ પણ ભાવ ઉપર છે. ધર્મિષ્ઠ જીવે ધર્મભાવથી કરેલી ધર્મ ક્રિયામાં ધર્મ જ નથી એમ કેમ માની શકાય? એ ધર્મ ક્રિયા ભલેને જીત વ્યવહાર હોય પણ ભાવ તો ધર્મના છે જ. એ જીત વ્યવહાર તે વ્યવહાર ધર્મ છે.**

મિથ્યાદષ્ટિની ધર્મભાવ વિનાની ક્રિયા પાપમાં પરિણમે તેમ સમ્યગદષ્ટિની ધર્મભાવ સહિતની ક્રિયા ધર્મમાં જ પરિણમે અથવા પુણ્યમાં પરિણમે. એકની એક ક્રિયા ભાવ પ્રમાણે જુદી જુદી રીતે પરિણમે.

કલ્યાણકના જીતવ્યવહારનું કારણ ?

તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળ જ્ઞાન પ્રાપ્તિ કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક ઉજવવા એ સર્વ દેવદેવીઓનો જીતવ્યવાર છે તેમાં ધર્મ નથી એવી સ્થાનકવાસીઓની દલીલ છે.

તો તીર્થંકર ભગવાન સિવાય બીજા કોઈ પણ મહાપુરુષના કલ્યાણક ઉજવવાનો જીતવ્યવહાર દેવો માટે કેમ નથી ? જીતવ્યવહાર રૂઢ થવાનું કારણ શું ?

તીર્થંકર ભગવાનના જ કલ્યાણક ઉજવવાનો જીત વ્યવહાર રૂઢ થવાનું કારણ એ જ હોઈ શકે કે તીર્થંકર ભગવાનની ભક્તિમાં જ ધર્મ છે માટે તીર્થંકર ભગવાનના કલ્યાણકો ઉજવવા તે પણ ભગવાનની ભક્તિ છે માટે ધર્મ છે.

પણ બીજા કોઈ પુરુષના જન્મ વગેરે કલ્યાણક કહેવાતા નથી અને તે ઉજવવામાં ધર્મ પણ નથી માટે દેવોના જીત વ્યવહારમાં આવેલ નથી.

એટલે દેવોનો જીત વ્યવહાર ધર્મના કારણે જ રૂઢ થયો છે. અને તે કલ્યાણકો ઉજવવામાં દેવની જેવી ભાવના હોય તે પ્રમાણે તેને ધર્મ અથવા પુણ્ય કે પાપની પ્રાપ્તિ થાય.

જીત વ્યવહાર એટલે વ્યવહાર ધર્મ

જૈન ધર્મ એક જ છે અને તે સંસારના સર્વ જીવો માટે એક સરખો જ છે. તેમાં ફેરફાર નથી. તિર્યંચ, મનુષ્ય કે દેવમાંની ગમે તે ગતિનો જીવ હોય પણ તેને માટે ધર્મ તો એક જ અને એકસરખો જ છે. ધર્મના સિદ્ધાંતો, ધર્મના નિયમો દરેક ગતિના દરેક જીવ માટે એક સરખા છે.

દેવો માટે ધર્મના નિયમો જુદા નથી તેમ મનુષ્ય માટે ધર્મના નિયમો જુદા નથી. પરંતુ દેવો માટેના ધર્મના નિયમો મનુષ્ય કે તિર્યંચને પણ એક સરખા લાગુ પડે છે. એટલે દેવોના જીત વ્યવહાર મનુષ્યને કોઈ રીતે લાગુ પડી શકતા નથી એમ માનવું એ ભૂલ ભરેલું છે. **દેવોના જીત વ્યવહાર એટલે દેવોનો વ્યવહાર ધર્મ** મનુષ્યને પણ એક સરખો લાગુ પડે છે.

દેવોનો વ્યવહાર ધર્મ અને જીત વ્યવહાર મનુષ્યને લાગુ પડતો નથી એમ જેઓ માનતા હોય તેમણે તે માટેના કારણો દર્શાવી સાબિત કરવું જોઈએ કે દેવોનો ધર્મ મનુષ્યથી જુદો છે તેથી મનુષ્ય માટે ઉપયોગી નથી. એમ સાબિત કરવામાં ન આવે તો મારી ઉપરની વાત સાચી છે એમ સૌ કોઈ સમજી શકશે.

★

प्रकरण दशमुं

प्राचीनकाळनी मूर्तिओ

मूर्ति संबंधी आपणे त्रण रीते विचार करवानो छे एम में सातमा प्रकरणमां जणाव्युं हतुं. पहेलो विचार मूर्तिनी मान्यता धर्म विरुद्ध छे के नहि ते विषे करवानो हतो. आ पहेलांना बे प्रकरणमां आपणे जोई गया के मूर्तिनी मान्यता धर्मविरुद्ध तो नथी ज पण ते व्यवहार धर्मनुं एक अंग छे.

हवे आपणे बीजा नंबरनो एटले के प्राचीनकाळमां मूर्ति हती के नहि ते संबंधी अहीं विचार करवानो छे.

हालमां मंदिर मूर्तिओ विद्यमान छे ते उपरना शिलालेखो तथा प्राचीन शहेरोनी शोधखोळ माटे थता खोदकाममांथी मळी आवेल मूर्तिओ तथा बीजा साधनो उपरथी मूर्ति भगवान श्री पार्श्वनाथ स्वामीना वखतमां अने ते पहेलां पण हती ते सिद्ध थाय छे. आ माटेनां सेंकडो उदाहरणो छे ते अत्रे आपी शकाय तेम नथी. पण तेमांना बहु ज थोडा अने ते पण टुंकी विगतथी अहीं आपवामां आवेल छे.

आ बधानी पूरी विगत माटे पुरातत्त्व खाताना रिपोर्टो तथा पुस्तको, शिलालेखोना प्रसिद्ध थयेला पुस्तको, भारतवर्षनो प्राचीन इतिहास, मूर्ति पूजाका प्राचीन इतिहास वगेरे अनेक पुस्तको उपलब्ध छे ते जोई लेवानी जिज्ञासु वांचकोने विनंति छे.

પ્રાચીન કાળમાં મૂર્તિ હતી તે સાબિત કરતા ઉદાહરણો

૧. સ્તભંનતીર્થ—ગૌડ દેશના આષાડ નામના શ્રાવકે એકવીશમાં તીર્થંકર શ્રી નમિનાથ ભગવાનના શાસન કાળમાં આત્મકલ્યાણ અર્થે ત્રણ પ્રતિમા બનાવીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાંથી એક પ્રતિમા ચારૂપ નગરમાં, બીજી શ્રીપતન નગરમાં અને ત્રીજી સ્તંભન (ખંભાત) નગરમાં સ્થાપિત કરવામાં આવી હતી.

કાળક્રમે ચારૂપ તથા શ્રીપતનની મૂર્તિઓનો પત્તો નથી. પણ સ્તંભન તીર્થમાં ત્રીજી પ્રતિમા અત્યારે પણ મોજુદ છે. તે પ્રતિમાના પાછલા ભાગમાં નીચે પ્રમાણે શિલાલેખ છે—

नमेस्ती कृतस्तीर्थे वर्षे द्विक चतुष्टये।
अषाड श्रावको गौडोऽकारयत् प्रतिमा त्रयम ॥

આ શિલાલેખ ઉપરથી સમજાય છે કે એકવીશમા નમિનાથ ભગવાનના પછી અથવા તો બાવીશમા નેમિનાથ ભગવાન પછી ૨૨૨૨ વર્ષ પછી એટલે કે ભગવાન પાર્શ્વનાથના પણ વખત પહેલાં ગૌડદેશના આષાડ શ્રાવકે આ પ્રતિમા તથા બીજી બે પ્રતિમા એમ ત્રણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

૨. હરપ્પા—સિંધ અને પંજાબની સરહદ પર ખોદકામ કરતાં હરપ્પા નામનું નગર દટાયેલું તે મળી આવ્યું છે. તેમાંથી મળી આવેલી મૂર્તિઓ તે નગરના જેટલી જ પ્રાચીન ગણાય એટલું જ નહિ પણ તેથી વિશેષ પ્રાચીન પણ હોઈ શકે એમ પુરાતત્ત્વવિદોએ કહેલ છે અને નગર ઈ. સ. પૂર્વ પાંચથી દશ હજાર વર્ષ પહેલાંનું છે. એટલે ઈ. સ. પહેલાં દશ હજાર વર્ષ પહેલાં મૂર્તિ હતી એમ કહી શકાય છે.

૩. પ્રભાસપાટણનું તામ્રપત્ર—ઇતિહાસ સંશોધક મંડળને પ્રભાસપાટણના એક સોમપુરા બ્રાહ્મણ પાસેથી એક તામ્રપત્ર મળી આવ્યું છે. તેની ભાષા ઘણી દુર્ગમ્ય છે. સાધારણ પંડિતો તેને ઉકેલી શકતા નહોતા. પણ હિન્દુ વિશ્વ વિદ્યાલયના અધ્યાપક પ્રખર ભાષાશાસ્ત્રી શ્રીમાન પ્રાણનાથજીએ ઘણા પરિશ્રમે તે તામ્રપત્રનું લખાણ ઉકેલીને તેનો ભાવાર્થ આ પ્રમાણે પ્રગટ કર્યો છે—

> "રેવાનગર રાજ્યના સ્વામી સુ.........જાતિના દેવ નેબુસદનેઝર થયા. તે યદુરાજ (કૃષ્ણ)ના સ્થાન (દ્વારકા) આવ્યા ત્યારે તેમણે એક મંદિર બનાવીને સૂર્ય...... દેવ "નેમ" જે સ્વર્ગસમાન રૈવતપર્વતના દેવ છે તેમને સદાને માટે અર્પણ કર્યું."—જૈનપત્ર તા. ૩-૧-૧૯૩૭

આ નૃપતિનો સમય ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દિ બતાવેલ છે એટલે કે મહાવીર સ્વામીના જન્મ પહેલાંનો વખત બતાવેલ છે. આ ઉપરથી અનુમાન થઈ શકે છે કે રાજા નેબુસદનેઝર જૈનધર્મનો ઉપાસક હતો અને તેણે રૈવતગિરિ (ગિરનાર) પર્વત ઉપર એક ભવ્ય મંદિર બનાવીને તેમાં ભગવાન નેમિનાથની પ્રતિમા સ્થાપન કરી હતી.

૪. મોહન જો ડેરો—તક્ષશિલાની પાસે અંગ્રેજોએ ખોદકામ કરાવેલું તેમાં એક નગર દટાયેલું મળી આવ્યું છે તેનું નામ "મોહન જોડેરો" છે. તેમાંથી એક મૂર્તિ ધ્યાનમુદ્રાવાળી મળી આવી છે. તે ૫૦૦૦ પાંચ હજાર વર્ષ પહેલાંની છે એમ પુરાતત્ત્વવિદો કહે છે એટલે પાંચ હજાર વર્ષ પહેલાં મૂર્તિની વિદ્યમાનતા સિદ્ધ થાય છે.

૫. બારસી તાકલી—આકોલા જીલ્લાના બારસી તાકલી નામના એક નાના ગામમાં ખોદકામ થતાં ત્યાંથી ૨૬ છવીસ જૈન મૂર્તિઓ મળી આવી છે. તેમાંની કેટલીક ઈ. સ. પૂર્વે ૬૦૦-૭૦૦ છસોથી સાતસો વર્ષ પહેલાંની છે એમ પુરાતત્ત્વ વિદોએ નક્કી કરેલ છે.

તે મૂર્તિઓ નાગપુરના સેન્ટ્રલ મ્યુઝીઅમમાં રાખવામાં આવી છે એમ સને ૧૯૩૬ના સમાચાર પત્રોમાં જાહેર થયું છે.

૬. **વડલી (અજમેર)**ના સ્તૂપનો શિલાલેખ વીરાત્ ૮૪ વર્ષનો છે. આ શિલાલેખ અજમેરના મ્યુઝીઅમમાં સુરક્ષિત છે. અને તેમાં માઝિમિકા એટલે માધ્યમિકા નગરીનો ઉલ્લેખ છે. આ નગરી ઘણી પ્રાચીન છે. આ શિલાલેખવાળો સ્તૂપ ભગવાન પાર્શ્વનાથની પણ પહેલાંનો મનાય છે. એટલે કે ભગવાન પાર્શ્વનાથના પહેલાં પણ મૂર્તિ હતી.

૭. **જીવંત સ્વામીની પ્રતિમા**—જીવંત સ્વામીની મૂર્તિ હાલ ઉજ્જૈનમાં છે. તે ભગવાન મહાવીરના સમયની છે. તેનો ઇતિહાસ ઘણો લાંબો છે. ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાંના મહાવીર ચરિત્રમાંથી તથા બીજા ઘણા પુસ્તકો પ્રસિદ્ધ થયેલ છે તેમાંથી જિજ્ઞાસુએ વાંચી લેવો.

૮. **હસ્તીગુફાનો શિલાલેખ**—કલિંગાધિપતિ મહામેઘવાહન મહારાજા ખારવેલના હસ્તીગુફામાંના શિલાલેખમાં ઉલ્લેખ છે કે—

નંદ રાજા જે શ્રેણિક મહારાજા પછી દોઢસો વર્ષે થયેલ હતો તેણે કલિંગ ઉપર ચડાઈ કરીને ત્યાંથી જિનપ્રતિમા લઈ જઈને પોતાને ત્યાં મંદિર બનાવી તેમાં સ્થાપન કરી હતી.

હેમવંતસૂરિની પટ્ટાવલી કે જેનો સમય વિક્રમની પહેલી શતાબ્દિનો છે એટલે તે સૌથી પ્રાચીન પટ્ટાવલી છે તેમાં પણ જણાવે છે કે નંદ રાજા કલિંગથી જિનમૂર્તિને મગધમાં લઇ ગયા.

કલિંગમાં આ મૂર્તિ તથા તે મંદિર મહારાજા શ્રેણિકે ભગવાન મહાવીરની વિદ્યમાનતામાં બનાવ્યું હતું.

આ કાર્ય આત્મકલ્યાણ તથા ધર્મકાર્યસાધનાનું એક અંગ હોવાથી ભગવાન મહાવીરે તેની મના કરી નહોતી કે કાંઈ વિરોધ કર્યો ન હતો. શ્રેણિક મહારાજનું મંદિરમૂર્તિ બનાવવાનું કાર્ય ધર્મવિરુદ્ધ હોત તો મહાવીર ભગવાને તેમના અનન્ય ભક્ત શ્રેણિક મહારાજને તે કામ કરતાં જરૂર અટકાવ્યા હોત.

૯. **શ્રાવસ્તી નગરીની** શોધ માટે ખોદકામ કરતાં ત્યાંથી એક શ્રી સંભવનાથ સ્વામીનું મંદિર મળી આવ્યું છે. આ મંદિર ભગવાન મહાવીર સ્વામીની પહેલાંનું છે. ખુદ મહાવીર ભગવાન પણ ત્યાં વિચરેલા હતા.–જૈન જ્યોતિ. તા. ૨૫–૪–૧૯૩૬.

૧૦. **રાજગૃહમાં સુપાર્શ્વમંદિર**-બૌદ્ધ ગ્રંથ **મહાવગ્ગાના** ૧–૨૨-૨૩ માં લખેલ છે કે મહાત્મા બુદ્ધ પહેલવહેલા રાજગૃહમાં ગયેલા ત્યારે સુપાર્શ્વનાથના મંદિરમાં ઉતર્યા હતા. સુપાર્શ્વતીર્થને સંક્ષેપમાં પાલી ભાષામાં **સુપ્પતિથ્થ** લખેલ છે. પરંતુ દિગંબર વિદ્વાન બાબુ કામ્તાપ્રસાદજીએ તેમના "મહાવીર ભગવાન અને બુદ્ધ" નામના પુસ્તકમાં ૫૧ મા પાના ઉપર અનેક દલીલો અને પ્રમાણોથી સિદ્ધ કર્યું છે કે મહાત્મા બુદ્ધ સૌથી પહેલી વાર રાજગૃહમાં આવ્યા ત્યારે સુપાર્શ્વનાથના મંદિરમાં રહ્યા હતા.

એટલે ભગવાન મહાવીરના વખતમાં રાજગૃહ નગરમાં સુપાર્શ્વ-નાથની મૂર્તિ તથા મંદિર વિદ્યમાન હતા.

૧૧. **મુંડસ્થળ મંદિર**—ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી વિહાર કરતાં કરતાં સાતમા વર્ષે આબુની નજીક મુંડસ્થળ નામના ગામમાં પધારેલા ત્યારે તેમના દર્શનાર્થે રાજા નંદિવર્ધન ત્યાં ગયેલા. તેની યાદગીરી તરીકે તેમણે ત્યાં એક મંદિર બનાવી તેની પ્રતિષ્ઠા શ્રી કેશી શ્રમણાચાર્ય પાસે કરાવેલી હતી, તેના શિલાલેખની વિગત તા. ૧૫–૩–૧૯૩૧ ના "જૈન" પત્રમાં પ્રગટ થઈ ચુકી છે.

૧૨. **કોટિકાપુર સ્તૂપ**-"રાજાવલી કથા"માં આચાર્ય શ્રી ભદ્રબાહુના ગુરુ, તેમના શિષ્ય સમુદાય સાથે કોટિકાપુરમાં શ્રી જંબૂ સ્વામીના સ્તૂપના દર્શન કરવા ગયા હતા. એવો ઉલ્લેખ છે. જંબૂ સ્વામી અંતિમ કેવળી હતા. એટલે તેમનો સ્તૂપ ૨૪૦૦ વર્ષ પહેલાંનો ગણી શકાય. (જુઓ–Inscriptions at Shravan Belgola by W. Lewis Rice)

૧૩. પાવાપુરીનો સ્તૂપ—ભગવાન મહાવીરના નિર્વાણ પછી પાવાપુરીમાં દેવોએ એક સ્તૂપ નિર્માણ કર્યો હતો. તેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. (જુઓ—પાવાપુરીકા પ્રાચીન ઇતિહાસ પૃષ્ઠ ૧.)

૧૪. પાટલીપુત્રનાં પાંચ સ્તૂપ—**તિત્થોગાલી પયન્નામાં** કલ્કિ પ્રકરણમાં પાટલીપુત્રમાં પાંચ સ્તૂપ હતા અને તે એક દુષ્ટ કલ્કિ નામના રાજાએ ધનની લાલસાથી ખોદી નખાવ્યા હતા. ચીની યુવાન ચ્વાંગે પાટલીપુત્રની પાસે પશ્ચિમમાં પાંચ સ્તૂપો ભગ્નાવસ્થામાં જોયેલા હતા (જુઓ—Yuen Chawang's Travels in India પૃષ્ટ ૯૬).

૧૫. વિશાલા—નગરીની આસપાસ ખોદકામ કરતાં ઘણા ધ્વંસાવશેષો મળી આવ્યા છે તેમાં મંદીર, મૂર્તિ, સ્તૂપ, પાદુકા વગેરે છે અને તે ભગવાન મહાવીર સ્વામીના વખતના સિદ્ધ થાય છે.

૧૬. કંકાલીટીલા—મથુરા પ્રાંતના કંકાલીટીલામાં ખોદકામ કરતાં સેંકડો મૂર્તિઓ, અનેક પાદુકાઓ, તોરણ, સ્તૂપ વગેરે મળી આવ્યા છે. તેમાં ૧૧૦ એકસોદશ પ્રાચીન શિલાલેખ છે અને અનેક તીર્થંકરોની મૂર્તિઓ તથા એક પ્રાચીન સ્તૂપ જૈનોના છે. આ શિલાલેખો મૌર્યકાળના. ગુપ્તકાળના અને કુશાનવંશના રાજાઓના સમયના છે. એટલે તે ૨૦૦૦ બે હજારથી ૨૨૦૦ બાવીશસો વર્ષ પહેલાંના છે. જૈન સ્તૂપ તો તેથી પણ ઘણો પ્રાચીન છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઘણા પ્રાચીનકાળથી ધાર્મિક સાધનોમાં જૈન મંદિરો, મૂર્તિઓ, સ્તૂપો, પાદુકાઓ આદિને પ્રધાન સમજવામાં આવતા હતા.

૧૭. ભદ્રેશ્વરનું મંદિર—કચ્છના ભદ્રેશ્વર નગરમાં એક પ્રાચીન મંદિર અત્યારે પણ વિદ્યમાન છે. તે મંદિર ભગવાન મહાવીરના નિર્વાણ પછી ફક્ત ૨૩ (ત્રેવીશ) વર્ષ પછી બનેલું છે. તેના શિલાલેખની વિગત શ્રી વિજ્યાનંદસૂરિએ તેમના "અજ્ઞાન તિમિર ભાસ્કર" નામના ગ્રંથમાં આપેલી છે.

૧૮. પટણાના આગમકુંઆથી મળેલ બે મૂર્તિઓના શિલાલેખો ઉપરથી પુરાતત્ત્વવિદોએ જાહેર કર્યું છે કે આ મૂર્તિઓ મહારાજા કોણિક (અજાતશત્રુ)ના વખતની છે.—ભારતની ઈતિહાસકી રૂપરેખા ભાગ ૧. પૃષ્ટ ૫૦૨.

૧૯. ઉપકેશપુર તથા કોરંટામાં મહાવીર મંદિરની પ્રતિષ્ઠા વીરાત્ ૭૦મા વર્ષે આચાર્યશ્રી રત્નપ્રભસૂરિએ કરી હતી. એ બન્ને મંદિરો આજે પણ વિદ્યમાન છે. તે માટે આચાર્ય કક્કસૂરિએ લખ્યું છે કે—

उपकेशे च कोरंटे तुल्यं श्री वीरबिम्बयोः ।
प्रतिष्ठा निर्मिता शक्त्या श्री रत्नप्रभसूरिभिः ॥

૨૦ માલાનાની મૂર્તિઓ—સુઘોષ પત્રના તંત્રી શ્રી મૂળચંદ આશારામ વૈરાટી જણાવે છે કે—

પ્રેવીસ જીલ્લાના માલાના ગામમાં ખોદકામ કરતાં બે પ્રતિમા મળી આવી છે. તેમાં એકના ઉપર વીર સંવત ૮૨ અને બીજી ઉપર વીર સંવત ૧૦૪ નો શિલાલેખ છે. તે મૂર્તિઓ પૂરતી કોશીશ કરવાથી ત્યાંના જૈનોને સોંપવામાં આવી છે.—"જૈન" પત્ર તા. ૨૬-૧-૧૯૩૦.

૨૧. પ્રાચીન કાળના સિક્કાઓ—પ્રાચીન કાળના જે સિક્કાઓ મળી આવ્યા છે તેમાંના લગભગ ૨૦૦ બસો સિક્કાના ચિત્રો ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહે તેમના પ્રાચીન ભારતનો ઇતિહાસ નામના પુસ્તકમાં આપેલ છે. તેમાં ઘણા મૌર્ય કાળના એટલે ૨૩૦૦ ત્રેવીશ સો વર્ષ પહેલાંના છે. તેમાંના કેટલાક સિક્કામાં એક બાજુ મંદિર (ચૈત્ય) અને બીજી બાજુ હસ્તિની છાપ છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે ત્રેવીશ સો વર્ષ પહેલાં મંદિર અને મૂર્તિને સર્વે લોકો માનતા હતા.

૨૨. બેનાતટની મૂર્તિ—બેનાતટ નગરના પ્રદેશમાં ખોદકામ કરતાં ત્યાંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિ મળી આવી છે.

ને વિક્રમ સંવત પહેલાં બીજી શતાબ્દિની છે.—ભારત વર્ષનો પ્રાચીન ઇતિહાસ ભાગ ૨ જો પૃષ્ટ ૧૨૨.

૨૩. **કલિંગના શિલાલેખો**—કલિંગ દેશ (ઓરિસા) ના ખંડગિરિ, ઉદયગિરિ વગેરે પર્વતો ઉપર અનેક ગુફાઓ, મૂર્તિઓ, શિલાલેખો છે. અને તે મહારાજા મહામેઘવાહન ખારવેલના છે. તે લગભગ ૨૧૧૦ વર્ષ પહેલાંના છે.

સેંકડો ઉદાહરણોમાંથી અહીં આ તો થોડાક જ ઉદાહરણો આપેલા છે. પરંતુ એટલા ઉપરથી પણ વાંચકને પ્રાચીનકાળમાં મૂર્તિ હતી તેનો પૂરતો ખ્યાલ આવી શકશે. પૂરી વિગત માટે તો વાંચકોએ આ શિલાલેખો સંબંધી અનેક પુસ્તકો પ્રગટ થઈ ચૂકયા છે તે જોઈ લેવા. જેવા કે— Epigraphia India Vol. 20, Hathi gunpha Inscription of Kharvel. Jainism in South ludia by Chimanlal Shah, The Jain Stupa and other antiquaries of Mathura by Smith. Legends of Jain Stupa at Mathura by Beuler વગેરે.

મૂર્તિની માન્યતા
તીર્થંકર માન્ય ઠરે છે.

મૂર્તિની માન્યતા આ અવસર્પિણી કાળની શરૂઆતથી અથવા પહેલા તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવના વખતથી ચાલુ થઇ હતી કે નહિ એનો વિચાર બાજુએ રાખીએ તો પણ ઉપરની વિગતો ઉપરથી એટલું જોઈ શકાય કે ભગવાન નેમિનાથના વખત પહેલાંની તો મૂર્તિની માન્યતા ચાલુ હતી જ.

બૌદ્ધગ્રંથની સાક્ષી

આ ઉપરાંત બૌદ્ધગ્રંથ **મહાવગ્ગ** (૧-૨૨-૧૩) અનુસાર બુદ્ધના સમયમાં રાજગૃહમાં સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથનું મંદિર હતું. વળી

એ જ ગ્રંથ જણાવે છે કે આજીવક સંપ્રદાયનો ઉપક નામે તપસ્વી ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ સ્વામીનો ઉપાસક હતો.

આ ઉપરથી સાબિત થાય છે કે—**ભગવાન મહાવીરના સમયમાં તેમજ તેમની પૂર્વે પ્રાચીનતર તીર્થંકરોની મૂર્તિઓ પૂજાતી હતી.**

સ્થાનકવાસીઓ વિચારે

ત્યારે હવે મૂર્તિ નહિ માનનારે વિચાર એ કરવાનો છે કે ભગવાન મહાવીરની પહેલાંના પણ બે તીર્થંકર ભગવાનોના વખતમાં તો મૂર્તિની માન્યતા ચાલુ હતી જ. છતાં એ ત્રણે તીર્થંકર ભગવાનોએ એ માન્યતાને ધર્મવિરુદ્ધ કહી નથી તેમ તે માન્યતાને અટકાવી નથી તેથી જ તે માન્યતા ચાલુ રહી હતી અને ચાલુ રહી છે.

તો હવે વિચારવાનું કે જે વસ્તુને તીર્થંકર ભગવાનોએ ધર્મ વિરુદ્ધ ઠરાવી નથી તેને આપણે કેવી રીતે ધર્મ વિરુદ્ધ ઠરાવી શકીએ? અરે, ઠરાવવાનું તો એક બાજુએ રહ્યું પણ તેને ધર્મ વિરુદ્ધનું કહી પણ કેમ શકાય? કારણ કે એમ કહેવામાં પણ તીર્થંકર ભગવાનોની આશાતના કરી કહેવાય. મૂર્તિ નહિ માનનારાઓએ આ વાત ખૂબ ઊંડી રીતે વિચારવી ઘટે છે.

☆

પ્રકરણ અગીઆરમું

સૂત્રોમાં મૂર્તિ મંદિરના વિધાનો

મૂર્તિની માન્યતા ધર્મવિરુદ્ધ નથી તેમ જ પ્રાચીન કાળમાં મૂર્તિ હતી. ઘેર ઘેર શ્રાવકો મૂર્તિ રાખતા એ આપણે આગલા લેખોમાં પ્રમાણોથી સિદ્ધ કરી ચૂકયા, હવે સૂત્રોમાં મૂર્તિના ઉલ્લેખો છે કે કેમ અને મૂર્તિની માન્યતા સૂત્રાનુસાર છે કે કેમ તેનો આપણે વિચાર કરીશું.

ચેઇય – ચૈત્ય શબ્દનો અર્થ

મૂર્તિનો સંબંધ **ચૈત્ય** શબ્દથી છે. પ્રાકૃતમાં ચૈત્યનું ચેઇય થાય છે.

સૂત્રોમાં ઠેકઠેકાણે ચેઇય શબ્દ આવે છે તેમ જ અરિહન્ત ચેઇયા શબ્દ પણ આવે છે. ચેઇય **ચૈત્ય** શબ્દના અર્થમાં મતભેદ થવાથી જ સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક સંપ્રદાયોમાં મતભેદ ઉત્પન્ન થયો છે.

સ્થાનકવાસીઓ **ચૈત્ય** શબ્દના આ પ્રમાણે અર્થ કરે છે.— અરિહંત, જ્ઞાનવંત, જ્ઞાન, સાધુ, વ્યંતરાયતન અને વૃક્ષ, ચોતરો, સ્તૂપ વગેરે સ્મારક ચિહ્ન.

ચૈત્ય શબ્દ મૂળ ચિતા, ચિતિ કે ચિત્યા ઉપરથી બનેલો છે. એ ત્રણે શબ્દોનો અર્થ ચેહ થાય છે. એટલે ચિતા અથવા ચેહ સાથે સંબંધ ધરાવે તે ચૈત્ય છે. એટલે કે મૃતકના અગ્નિ સંસ્કારના સ્થળે તેની સ્મૃતિ માટે યાદગીરી માટે સ્થાપવામાં આવતું ચિન્હ તે ચૈત્ય. જે કંઈ સ્મારક વસ્તુ કે સ્મારક ચિન્હ તે ચૈત્ય.

ચિતાની ઉપર કે પાસે સ્થાપવામાં આવેલ શિલાપટ, વૃક્ષ, કુંડ, સ્તૂપ, છત્રી, નાની દેરી વગેરે ચૈત્ય કહેવાય. તેજ પ્રમાણે પ્રતિમા અથવા મૂર્તિ પણ સ્મારક ચિન્હ છે તે પણ ચૈત્ય કહેવાય.

ચૈત્યના સ્થાને વ્યંતર દેવ વાસ કરે ત્યારે તેને વ્યંતરાયતન કહેવાય.

ચૈત્યનો અર્થ જ્ઞાન થતો નથી

ચિત્ એટલે જાણવું તે ઉપરથી જ્ઞાન અર્થ ઉપજાવેલો હોય એમ લાગે છે. પરંતુ વ્યાકરણની દૃષ્ટિએ ચિત્ ધાતુ ઉપરથી ચેત્ય શબ્દ થાય પણ ચૈત્ય ન થાય એમ વિદ્વાન પંડિતો કહે છે. અને ચૈત્યનું પ્રાકૃત રૂપાંતર ચેઇય ન બની શકે એમ પણ તેઓ કહે છે. એટલે સૂત્રમાં આવતા ચેઇય=ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન કરવામાં આવે છે તે યથાર્થ કેમ ગણાય તે સમજાતું નથી.

સ્થાનકવાસીઓનું વ્યાકરણના વિરોધનું કારણ

વ્યાકરણ શિખવાથી શબ્દોના સાચા અર્થ સમજી શકાય છે એ કારણથી જ સ્થાનકવાસી સાધુઓએ વ્યાકરણ શિખવાની મના કરી હતી એમ સમજી શકાય છે. કારણ કે વ્યાકરણ શિખવાથી ચૈત્ય વગેરે શબ્દોના સ્થાનકવાસીઓએ જે ખોટા અર્થ કરેલા છે તે સમજી જવાય છે.

ચૈત્ય વગેરે શબ્દોના સ્થાનકવાસીઓએ કરેલા અર્થ ખોટા છે એમ જાણવાથી જ જેમણે ઘણા વર્ષ સુધી સ્થા. સાધુ પર્યાય પાળી હતી તેવા સંખ્યાબંધ સત્યાર્થી અને હિંમતવાળા સ્થાનકવાસી સાધુઓએ સ્થા. સંપ્રદાય છોડીને મૂર્તિ પૂજક સંપ્રદાયને અપનાવ્યાના ઘણા દાખલા બની ગયા છે.

આજે પણ એવા ડરથી જ ઘણા અંધશ્રદ્ધાળુ શ્રાવકો વ્યાકરણ શિખવાની અને શિખડાવવાની વિરુદ્ધ પ્રરૂપણા કરતા હોય એમ દેખાય છે. પરંતુ એમ ખોટી રીતે સત્યને છુપાવી શકાય નહિ. વહેલું કે મોડું સત્ય બહાર આવે છે જ.

દરેક સાધુ કે શ્રાવકે સૂત્રોના અર્થ બરાબર યથાર્થ રીતે જાણવા સમજવા હોય તેમણે પ્રાકૃત તેમજ સંસ્કૃત વ્યાકરણ શિખવું જોઇએ જ. અને વ્યાકરણ શિખે તો ચૈત્ય વગેરે શબ્દોના સાચા અર્થ જાણી શકે. અને પછી જો તે સંપ્રદાયવાદમાં તણાઈ કે લોભાઈ ન જાય તો સૂત્રોના શબ્દોના સાચા અર્થ જ કરે.

देवयं चेइयंનો અર્થ

દાખલા તરીકે—ભગવાનની સ્તુતિ કરતાં અથવા ભગવાનનો મહિમા બતાવતાં कल्लाणं मंगलं देवयं चेइयं શબ્દો ઘણે ઠેકાણે સૂત્રોમાં આવે છે. તિખુત્તોના પાઠમાં પણ સ્થાનકવાસીઓ હંમેશા તે શબ્દો બોલે છે. તેના અર્થ આમ થાય છે—હે ભગવાન! આપ કલ્યાણકારી, મંગળકારી, દેવસ્વરૂપ, ચૈત્ય સ્વરૂપ છો. અહીંઆ ભગવાનને ચૈત્ય સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ અથવા જ્ઞાનવંત છે એમ કહી શકાય. પરંતુ આત્મા પોતે જ્ઞાનરૂપ જ છે. આત્મા અને જ્ઞાન જુદા જુદા નથી. **ભગવાનને દેવસ્વરૂપ કહ્યા તે દેવસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપ અંતર્ગત છે જ. જે જ્ઞાનસ્વરૂપ નથી તેને દેવસ્વરૂપ કહી શકાય જ નહિ.** એટલે દેવ અને જ્ઞાન એકરૂપ છે તેને જુદા કેમ પાડી શકાય તે સમજાતું નથી.

અને અહીં ચૈત્ય સ્વરૂપ એટલે આપ સ્મરણીય છો અથવા સ્મારક રૂપ છો અથવા પ્રતિમા સ્વરૂપ છો એમ કહેવામાં આવે તો પણ વાંધા જેવું લાગતું નથી. કારણ કે ભગવાનની પ્રતિમાને પણ તીર્થંકરોના વખતમાં પણ માનવામાં આવતી તે આપણે આગળના લેખોમાં જોઈ ગયા છીએ. એટલે **ભગવાનને કલ્યાણકારી, મંગળકારી દેવસ્વરૂપ અને પ્રતિમા સ્વરૂપ** એમ જો કહેવાયું હોય તો પણ તે અસંભવિત લાગતું નથી તેમ અયોગ્ય પણ લાગતું નથી. પ્રતિમા એ સ્મૃતિરૂપ સ્મારક છે એટલે ભગવાનને સ્મરણીય કે સ્મારકરૂપ પણ કહેવાય.

સ્થાનવાસીઓના અર્થ ખોટા છે

વળી જ્ઞાન માટે તો સીધો શબ્દ नाण છે અને સૂત્રોમાં બધે ઠેકાણે જ્ઞાન માટે नाण શબ્દ જ વપરાયો છે.

ચૈત્ય શબ્દનો અર્થ અરિહંત કર્યો છે તે તો જ્ઞાનવંત તે અરિહંત એમ ગણીને કર્યો હોય એમ લાગે છે. કારણ કે ચૈત્યનો અર્થ સાધુ તો કોઈપણ રીતે બંધબેસતો થઈ શકતો નથી. અને સાધુ માટે નિર્ગ્રંથ, ભિક્ષુ, અણગાર, સંયતિ વગેરે શબ્દો સૂત્રોમાં મોટે ભાગે વપરાયા છે તો સાધુના અર્થ સાથે સીધો સંબંધ ધરાવતા શબ્દો છોડી દઈને કોઈક જ ઠેકાણે સાધુ માટે चैइय શબ્દ વાપરવામાં આવે તે સંભવિત લાગતું નથી.

પ્રતિમા–પડિમા શબ્દસૂત્રોમાં પ્રતિજ્ઞાના અર્થમાં વપરાયેલ છે.

પ્રતિમા અર્થ માટે સૂત્રોમાં पडिमा શબ્દ વપરાયો છે જેમકે, नागपडिमा, यक्षपडिमा, વગેરે. એટલે તે પ્રમાણે અરિહંતની પ્રતિમા માટે પણ पडिमा શબ્દ જ વપરાયો હોવો જોઈએ એમ પણ સ્થાનકવાસીની દલીલ છે. એક રીતે એ દલીલ પણ બરાબર છે.

પરંતુ पडिमा શબ્દ મૂર્તિના અર્થમાં બહુ જુજ ઠેકાણે વપરાયો છે. पडिमा = પ્રતિમા શબ્દના બીજા ઘણા અર્થ થાય છે. જેમકે શ્રાવકોની અગીઆર પડિમા અથવા પ્રતિમા. સાધુઓની બાર પડિમા અથવા પ્રતિમા. તેમજ તપના કેટલાક નામમાં પણ પડિમા શબ્દ વપરાયો છે. જેમકે—સમાધિપ્રતિમા, ઉપધાનપ્રતિમા, વિવેકપ્રતિમા, વિહારપ્રતિમા વગેરે વગેરે. આ બધે ઠેકાણે પડિમા–પ્રતિમાનો અર્થ પ્રતિજ્ઞા, નિયમ કે અભિગ્રહ જેવો થાય છે પણ મૂર્તિ અર્થ થતો નથી.

સૂત્રોમાં ઝાઝે ભાગે પડિમા શબ્દ પ્રતિજ્ઞા, નિયમ કે અભિગ્રહના અર્થમાં જ વપરાયો છે; ત્યારે ચેઈય = ચૈત્ય શબ્દ

બધે જ ઠેકાણે મંદિર, મૂર્તિ, પાદુકા વગેરે કોઇપણ પ્રકારના સ્મારક માટે જ વપરાયો છે. એટલે ચૈત્યનો મુખ્ય અર્થ સ્મારકની વસ્તુ માટેનો જ સમજવો જોઇએ.

સ્થા.ઓએ પણ કેટલેક ઠેકાણે ચૈત્યનો અર્થ મૂર્તિ કરેલ છે.

સ્થાનકવાસી મુનિશ્રી અમોલખ ઋષિજીએ બત્રીશ સૂત્રોનાં હિન્દી અનુવાદ કરી બહાર પાડેલા છે તેમાં તેમણે પણ કેટલેક ઠેકાણે ચૈત્યના અર્થ મંદિર અથવા પ્રતિમા કરેલ છે. જેમકે—

(૧) ઉવવાઇ સૂત્રમાં ચેઇય (ચૈત્ય) શબ્દનો અર્થ યક્ષનું મંદિર કર્યો છે.

(૨) ઉવવાઇ સૂત્રમાં પૂર્ણભદ્ર ચૈત્યનો અર્થ કર્યો છે—મંદિર.

(૩) પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં પૃષ્ટ ૮માં ચૈત્યનો અર્થ પ્રતિમા કર્યો છે.

(૪) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર પૃષ્ટ ૧૧માં ચૈત્યનો અર્થ વેદિકા કર્યો છે.

(૫) પશ્ન વ્યાકરણ સૂત્ર પૃષ્ટ ૧૨૨ માં ચૈત્યનો અર્થ પ્રતિમા કર્યો છે.

સૂત્રોમાં વપરાયલા શબ્દો અને તેના અર્થ

આ ઉપરથી સમજી શકયા હશો કે સૂત્રોમાં—

चेइय = **ચૈત્ય** શબ્દ કોઈ પણ જાતના સ્મારક તરીકે વપરાયો છે. જેમકે—મંદિર, મૂર્તિ, સ્તૂપ, ચોતરો વગેરે અથવા તેવા સ્મારકવાળા ઉદ્યાનને પણ ચૈત્ય કહ્યુ છે.

पडिमा = **પ્રતિમા** શબ્દ મુખ્યત્વે વ્રત, નિયમ કે અભિગ્રહ માટે વપરાયો છે.

नाण = **જ્ઞાન.** જ્ઞાન માટે नाण શબ્દ જ વપરાયો છે.

સાધુ માટે અણુગાર, ભિક્ષુ, નિર્ગ્રંથ, મુનિ વગેરે શબ્દો વપરાયા છે કે જેનો સીધો અર્થ સાધુ થાય છે.

અરિહંત માટે अरिहंत અથવા अर्हत શબ્દ જ વપરાયેલ છે.

સૂત્રોમાં चेइय શબ્દ આવે છે તેવા થોડાક દાખલા આપણે વિચારીશું ત્યારે ઉપરની હકીકત ધ્યાનમાં રાખવી. કારણ કે તેથી તે દરેક ઠેકાણે ચૈત્યનો કયો અર્થ લાગુ પડે છે તે સમજવાનું સહેલું થઇ પડશે.

સ્થાનકવાસીઓ નિક્ષેપાથી મૂર્તિ અવંદનીય છે એમ સિદ્ધ કરે છે તેથી પહેલાં આપણે નિક્ષેપા સંબંધી થોડો વિચાર કરી લઈએ.

ચાર નિક્ષેપા

મૂર્તિપૂજક અને સ્થાનકવાસીમાં નિક્ષેપા સંબંધી મતભેદ છે.

વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવા માટે **અનુયોગદ્વાર સૂત્રમાં** વસ્તુના ચાર નિક્ષેપા કરી વસ્તુનુ સ્વરૂપ જાણવાનું, સમજવાનું કહ્યું છે એમ તો બન્ને સંપ્રદાય માને છે. તે ચાર નિક્ષેપા આ પ્રમાણે છે—(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય અને (૪) ભાવ.

હવે મતભેદ એ છે કે સ્થાનકવાસી માન્યતા પ્રમાણે ત્રણ નિક્ષેપા જ્ઞેય છે, જાણવા યોગ્ય છે પણ વંદનીક પૂજનીક નથી. ફક્ત છેલ્લો ભાવ નિક્ષેપો વાંદવા પૂજવા યોગ્ય છે. ત્યારે મૂર્તિપૂજકો જેનો ભાવ નિક્ષેપો વંદનીક પૂજનીક હોય તેના ચારે નિક્ષેપા વંદનીક પૂજનીક ગણાય એવી માન્યતા ધરાવે છે.

આ મતભેદને કારણે સ્થાનકવાસીઓ મૂર્તિને વંદનીક પૂજનીક ગણતા નથી. કારણ કે મૂર્તિમાં અરિહંતના ગુણ નથી, ત્યારે મૂર્તિપૂજકો ભાવ નિક્ષેપાથી અરિહંત વંદનીક પૂજનીક છે માટે સ્થાપના નિક્ષેપાથી પણ મૂર્તિને વંદનીક પૂજનીક ગણે છે. આ મતભેદના કારણથી નિક્ષેપા સંબંધી વિચાર કરવો પડે છે.

અનુયોગદ્વારમાં કયા નિક્ષેપા વંદનીક પૂજનીક છે એમ અનુયોગદ્વાર સૂત્રમાં બતાવ્યું છે કે નહિ તે બેમાંથી એકે પક્ષે સ્પષ્ટ રીતે જણાવ્યું નથી. પરંતુ પોતપોતાની રીતે તર્ક કરીને પોતાની માન્યતા સાચી ઠરાવી છે.

એકલા ભાવ નિક્ષેપાને માનવો એ નિશ્ચય નયની વાત થઈ અને ભાવ નિક્ષેપો જેનો પૂજનીક હોય તેના ચારે નિક્ષેપા પૂજનીક ગણવા એ વ્યવહાર નયની વાત થઈ એમ વિચાર કરતાં જણાય છે. અને એ રીતે બન્નેની વાત સાચી છે એમ કહી શકાય છે.

ત્યારે હવે અહીં વિચારવાનું એ પ્રાપ્ત થાય છે કે નિક્ષેપામાં સ્થાનકવાસીઓ જેમ ફક્ત નિશ્ચયને જ સ્વીકારે છે તેમ બીજી બધી બાબતમાં પણ નિશ્ચયને જ સ્વીકારે છે કે કેમ. તો સ્થાનકવાસીઓ એકલા નિશ્ચયને જ માને છે અને વ્યવહારને નથી માનતા એમ નથી એ તો તેમના વર્તનો, લખાણો વગેરે ઉપરથી ચોખ્ખું દેખાય છે. સ્થાનકવાસીઓ જો વ્યવહારને માને છે જ તો પછી મૂર્તિ સામે જ વિરોધ શા માટે? મૂર્તિ એ વ્યવહાર ધર્મમાં જ આવે છે એમ તો સર્વ મૂર્તિપૂજકો માને છે નિશ્ચયમાં કોઈ મૂર્તિને સ્થાન આપતું જ નથી.

તો પછી ન્યાયની રીતે, મૂર્તિને ન માનવાની સ્થાનકવાસીની માન્યતા અસંગત ઠરે છે, અયોગ્ય ઠરે છે. માટે સ્થાનકવાસીઓએ એ સંબંધમાં વિશેષ વિચાર કરવો ઘટે છે. કારણ કે ધર્મની બાબતમાં અસંગતતા અયોગ્યતા કે વિરોધતા હોવી ન જોઈએ અને અસંગતતા કે વિરોધતા હોય તે સાચો ધર્મ કહી ન શકાય. એવો ધર્મ એકાંતવાદી જ કહી શકાય. સાચો ધર્મ અનેકાંતવાદી જ હોય.

નિક્ષેપાની સંપૂર્ણ વિગત માટે આ પુસ્તકમાં જ "ચાર નિક્ષેપા" નામનું પ્રકરણ જુઓ.

હવે આપણે સૂત્રોમાં ચેइय = ચૈત્યનો ઉલ્લેખ કયાં કયાં આવે છે અને તેનો શો અર્થ થાય છે તે બાબતનો થોડા દાખલાઓ ઉપરથી વિચાર કરીએ.

સૂત્રોમાં ચૈત્યના ઉલ્લેખો

નગરનું વર્ણન

સૂત્રોમાં જ્યાં જ્યાં નગરનું વર્ણન આવે છે ત્યાં ત્યાં ઉવવાઈ સૂત્રમાંના ચંપા નગરીના વર્ણન પ્રમાણે સમજી લેવાનું કહ્યું છે. એટલે સૂત્રમાંનું વર્ણન જોવું જોઈએ. તે વર્ણન આ પ્રમાણે છે—

(૧) आयारवंत चेइया जवइ विविह सन्निविह बहुवा

(૨) પાઠાંતર—आयारवंत अरिहंत चेइया.......

અર્થ—આકારવંત એટલે સુંદર આકારના સુશોભિત ઘણા ચૈત્યો અને વિવિધ પ્રકારના વૈશ્યોના ઘણા સન્નિવેશો હતા.

અહીંઆ સ્થાનકવાસીઓએ પહેલા પાઠમાં ચૈત્યનો અર્થ યક્ષાદિના મંદિર એમ કર્યો છે. તેઓ પાઠાંતર બતાવે છે પણ એ અર્થ સ્વીકારતા નથી. કારણ કે પાઠાંતરમાં अरिहंत चेइया નો અર્થ અરિહંતના મંદિરો એમ થાય તે વાત સ્થાનકવાસીઓને કબૂલ નથી.

હવે વિચારવાનું એ છે કે આગળ આપણે જોઈ ગયા તે પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના વખત પહેલાંથી તો મૂર્તિની માન્યતા ચાલુ હતી જ. અને મૂર્તિ હોય ત્યાં ચૈત્ય-મંદિર પણ હોય જ. અને જ્યાં જૈનોની વસ્તી હોય ત્યાં જૈનોના અરિહંતના મંદિર પણ હોય જ. એટલે ચંપા-નગરીમાં જિનમંદિરો ઘણાં હતા એમ સૂત્રમાંના ઉલ્લેખનો અર્થ માનવો જ જોઈએ.

એટલે કે પાઠાંતરમાંનો અરિહંત શબ્દ કબૂલ કરવામાં ન આવે તો પણ ચંપાનગરીમાં જિનમંદિરો હતા એમ સાબિત થઈ જાય છે.

ચમરેન્દ્ર

શ્રી ભગવતી સૂત્રના ત્રીજા શતકના બીજા ઉદ્દેશામાં **અસુરેન્દ્ર** ચમરેન્દ્ર પહેલા દેવલોકે જતાં શક્રેન્દ્રે વિચાર્યું કે ચમરેન્દ્ર કોઈનું શરણુ લઈને આવેલ હોવો જોઈએ. તેનો મૂળ પાઠ—

णणत्थ अरिहंते वा अरिहंत चेइयाणि वा अणगारे वा भावियप्पाणो णीसाए उढ्ढ उप्पयन्ति ।

અર્થ—અરિહંત, અરિહંત ચૈત્ય કે ભાવિતાત્મા અણગાર (સાધુ) એ ત્રણમાંથી કોઈ એકનું શરણુ લઈને આવી શકે.

અહીંયા સ્થાનકવાસીઓ અરિહંત ચૈત્યનો અર્થ **છદ્મસ્થઅરિહંત** કરે છે. ચૈત્યનો અર્થ છદ્મસ્થ તો કોઇ રીતે થતો જ નથી. એટલે સ્થાનકવાસીઓએ ચૈત્યનો સાચો અર્થ પોતાની માન્યતાની વિરુદ્ધ જાય છે માટે છદ્મસ્થ અર્થ ઉપજાવી કાઢયો છે. કારણુ કે કયાંય પણ ચૈત્યનો અર્થ છદ્મસ્થ થતો જ નથી.

ચમરેંદ્રે મહાવીર ભગવાન હજુ છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે તેમનું શરણુ લીધું હતું. તે નિમિત્ત જોઈને સ્થાનકવાસીઓએ ચૈઇયનો અર્થ છદ્મસ્થ એમ ઉપજાવી કાઢયો ! આવી રીતે ખોટા અર્થ ઉપજાવી કાઢવા તે સીધા સરળ સત્યાર્થીનું કામ નથી જ.

વળી તેમની એ ઉપજાવી કાઢવા માટેની દલીલ પણુ એટલી જ હાસ્યાસ્પદ છે. તેઓ કહે છે કે પ્રતિમા મૂર્તિની ચમરેંદ્રને શરણુ આપવા જેવી શક્તિ હોઇ શકે નહિ. આવી તર્ક બુદ્ધિને ધન્યવાદ ! દેવો બધાય અવધિજ્ઞાનવાળા હોય છે એ તો સ્થાનકવાસીઓ માને જ છે. અને અવધિજ્ઞાનવાળો દેવ અરિહંતની મૂર્તિમાં તેવી શક્તિ હોય કે નહિ તે મનુષ્ય કરતાં તો ઘણી વધારે સારી રીતે જાણી શકે જ.

વળી દેવલોકમાં શાશ્વતી મૂર્તિઓ છે. તે પણુ સ્થાનકવાસીઓ માને છે જ. હવે જો તે મૂર્તિઓમાં કોઈ

પણ જાતનું દૈવત ન હોય તો અવધિજ્ઞાનવાળા દેવો તે શાશ્વતી મૂર્તિઓને માને જ નહિ. દેવ પોતે જ મહાશક્તિશાળી હોય છે. તે તેમના કરતાં વિશેષ શક્તિશાળી મૂર્તિને માને પણ શક્તિ વિનાની મૂર્તિને અવધિજ્ઞાની દેવો માનવાની મૂર્ખાઈ કરે જ નહિ.

આથી સિદ્ધ થાય છે કે અહીંઆ अरिहंत चेइयाणि નો અર્થ અરિહંતની પ્રતિમા જ થાય છે અને એ જ અર્થ થઈ શકે.

સમવાયાંગમાં
ઉપાસક દશાંગની નોંધ

ઉપાસક દશાંગ સૂત્રમાં શું શું આવે છે. તેની નોંધ **સમવાયાંગ** સૂત્રમાં આપેલ છે. તેમાં લખ્યું છે કે—**તેમાં શ્રાવકોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, ધર્માચાર્ય.... શ્રવણ...ઇત્યાદિ."**

અહીંઆ ચૈત્યનો અર્થ સ્થાનકવાસીઓએ વ્યંતરાલય એમ કર્યો છે. વ્યતરાલય તો શ્રાવક માટેના જ ન હોય પણ બધા લોકો માટે હોય. કારણ કે જૈન કરતાં અજૈન જ બધા વ્યંતરને વિશેષે કરીને સંસારના સુખ માટે માને પૂજે. જૈન તો વિશેષે કરીને આત્મકલ્યાણ માટે જિનપ્રતિમાને જ માને પૂજે.

એટલે અહીંઆ ચૈત્યનો અર્થ ખાસ કરીને જિનમંદિર થવો જોઈએ. કારણ કે આ સૂત્રમાં **શ્રાવકના ચૈત્ય** છે એમ કહ્યું છે.

છતાં માનો કે ગામનું વર્ણન છે તેમાં સર્વ લોક માટેનાં ચૈત્ય હોય તો પણ ચૈત્યને સમુચ્ચય તરીકે લેવાથી તેમાં જિનમંદિર અને અજૈનના વ્યંતરાલય વગેરે મંદિરોનો સમાવેશ થઈ જાય છે.

આનંદ શ્રાવક

ઉપાસક દશાંગ સૂત્રમાં આનંદ શ્રાવકે વ્રત લેતી વખતે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે—

" મને (આનંદ શ્રાવકને) આજથી અન્ય તીર્થિક, અન્યતીર્થિક દેવ અને અન્ય તીર્થિકોએ ગૃહણ કરેલ ચૈત્યને વંદના નમસ્કાર કરવા... એ કલ્પતું નથી."

અહીંઆ સ્થાનકવાસીઓએ મૂર્તિની માન્યતા અને મૂર્તિની પૂજા બન્નેને એક ગણીને મૂર્તિપૂજાનો વિરોધ કરવાના ઈરાદાથી અહીંઆ ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરેલ છે. પણ આ અર્થ ખોટો છે. કારણકે—

પહેલું તો એ કે અહીં પૂજાની વાત જ નથી. બીજું, અન્ય તીર્થિકોએ ગૃહણ કરેલ સાધુ જૈન તરીકે ગણી શકાય જ નહિ. જૈન સાધુ બીજા કોઈ ધર્મમાં ભળી જાય પછી તો તે, તે ધર્મના સાધુ તરીકે જ ગણાય. એટલે અહીં સ્થાનકવાસીઓએ ઉપજાવી કાઢેલ અર્થ બંધ બેસતો થઈ શકતો નથી.

વળી સ્થાનકવાસીની બીજી દલીલ છે કે આનંદ શ્રાવકની પ્રતિજ્ઞામાં આહારપાણી મુખવાસ વગેરે આપવાની વાત પણ છે અને મૂર્તિને ખાવાપીવાનું હોય નહિ માટે તે અર્થ થઈ શકે નહિ. અહીં એ જોવું ઘટે છે કે પ્રતિજ્ઞા તો સમુચ્ચયે લેવાય છે પછી તેમાં બધા શબ્દ બધાને લાગુ પડવા જ જોઈએ એમ ન હોય પણ જેને જેટલું લાગુ પડતું હોય તેટલું સમજવું જોઈએ.

તે વખતે મૂર્તિ હતી તે તો અગાઉના લેખો ઉપરથી આપણે જાણી ચૂકયા છીએ. અને અહીં સાધુ કરતાં મૂર્તિ અર્થ વિશેષ બંધબેસતો થાય છે. કારણકે તે સમયે પણ મૂર્તિઓ દેવોથી અધિષ્ટત હોઈ મહા ચમત્કારી અને પ્રભાવિક હતી. અને તેથી જ અન્યધર્મીઓ ચોરી

છૂપીથી જિનમૂર્તિઓ ઉપાડી જતા હતા. અને તેને પોતાના દેવ તરીકે પૂજતા હતા.

એવી અન્ય ધર્મીઓએ લઈ ગયેલી મૂર્તિને જૈન શ્રાવક વંદન નમસ્કાર ન કરે એ સ્વાભાવિક છે. એટલે આનદ શ્રાવકે તેવી મૂર્તિને વંદન નમસ્કાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

અંબડ શ્રાવક

ઉવવાઈ સૂત્રમાં અંબડ શ્રાવકે આનંદ શ્રાવકની પેઠે જ પ્રતિજ્ઞા લીધી છે કે—

> "મને અરિહંત અને અરિહંતના **ચૈત્ય** સિવાય અન્ય તીર્થિક, અન્યતીર્થિક દેવો અને અન્યતીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંત **ચૈત્યને** વંદના કરવી, નમસ્કાર કરવા, પર્યુપાસના-સેવા-ભક્તિ વગેરે કરવુ કલ્પે નહિ."

અહીં બે ઠેકાણે ચૈત્ય આવે છે તેમાં પહેલા ઠેકાણે સ્થાનકવાસીઓ અરિહંતના જ્ઞાનીગણ એવો અર્થ કરે છે અને બીજી વાર આવતા ચૈત્યનો અર્થ અરિહંતનું જ્ઞાન એવો અર્થ કરે છે !

આનંદ શ્રાવકના અધિકારમાં સ્થાનકવાસીઓએ સાધુ અર્થ કર્યો ત્યારે અહીંઆ જ્ઞાનીગણ અને જ્ઞાન એમ બે જુદા જુદા અર્થ કર્યા ! અહીં પણ મૂર્તિપૂજાની તો વાત જ નથી પણ મૂર્તિપૂજાનો ભ્રમ મનમાં પેસી ગયેલો તે ભ્રમે સ્થાનકવાસીઓ પાસે જૂદા જુદા ઠેકાણે જુદા જુદા અર્થ કરાવ્યા છે.

મતાગ્રહ સીધી વાત સમજવા ન દીએ અને સીધા સાચા અર્થ પણ કરવા ન આપે.

અહીં પણ અંબડ શ્રાવકની પ્રતિજ્ઞા તો એ જ છે કે અરિહંત અને અરિહંતની પ્રતિમાને જ વંદન કરીશ. પણ અન્ય તીર્થિક, તેના દેવો અને તેણે ગ્રહણ કરેલ અરિહંત પ્રતિમાને વંદન નમસ્કાર કરીશ નહિ.

સ્થાનકવાસીઓની દલીલ એ છે કે એમ અર્થ કરવાથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને વંદન કરવાનો નિષેધ થઈ જાય છે.

મારી પાસે ઉવવાઇ સૂત્ર નથી તેથી તેનો આગળપાછળનો સંબંધ હું જોઇ શકયો નથી. પણ અંબડ શ્રાવકનો એવો ભાવ તો ન જ હોઇ શકે કે તે આચાર્ય વગેરેને વંદન નહિ કરે. પરંતુ અરિહંતમાં જ તેણે તેના અનુયાયી સર્વ સાધુને ભેગા ગણી લીધા હશે.

ગમે તેમ પણ ચૈત્યનો અર્થ તો આનંદ શ્રાવકના અધિકારમાં કહ્યું તેમ અહીં પણ જિનપ્રતિમા જ થઇ શકે છે.

વિદ્યાચારણ-જંઘાચારણ

શ્રી ભગવતી સૂત્ર શતક ૨૦ ઉદ્દેશા ૯ માં વિદ્યાચારણ જંઘાચારણ મુનિઓ ચૈત્યવંદન કરવા ગયાની વાત આવે છે.

વિદ્યાચારણ માનુષોત્તર પર્વત, નંદીશ્વર દ્વીપ, પાંડુકવન અને નંદનવન ગયાની વાત છે. ને તે ઠેકાણે જઈને તેઓએ चेइयाइं वंदइ ચૈત્યોને વંદન કર્યાનો પાઠ છે અને પાછા અહીં આવીને અહીંના ચૈત્યોને વંદન કરવાનો પાઠ છે.

અહીં પણ મૂર્તિપૂજાની કશી વાત જ નથી. છતાં સ્થાનકવાસીઓએ વિરોધ કરતાં ચેઇયનો અર્થ જ્ઞાન કરીને તે તે ઠેકાણે જઇને વિદ્યાચારણ તથા જંઘાચારણ મુનિઓએ અરિહંતના જ્ઞાનની સ્તુતિ કરી એમ કહે છે! તર્કબુદ્ધિની બલિહારી છે ને!

અરિહંતના કેવળજ્ઞાનની સ્તુતિ શું અહીં બેઠાં ન થઇ શકે કે ત્યાં એટલા બધે લાંબે ઠેકાણે ગયા? અને અહીં चेइयाइं બહુવચન છે એટલે ઘણા ચૈત્યોને વાંધા એમ પાઠ છે ત્યારે જ્ઞાન તો એકવચન છે એટલે વ્યાકરણથી પણ એ અર્થ તદ્દન ખોટો છે.

મૂળ અર્થ એટલો જ છે કે તે તે ઠેકાણે જઈ તેઓએ અરિહંતની પ્રતિમાઓને વંદન નમસ્કાર કર્યા. અહીં જ્ઞાન અર્થ બેસતો જ નથી.

નંદનવન તથા પાંડુકવનમાં શાશ્વતી પ્રતિમાઓ છે તેનો ઉલ્લેખ **જંબૂદ્વીપપન્નતિ** સૂત્રમાં છે. નંદીશ્વર દ્વીપ પર શાશ્વતી પ્રતિમાઓ છે તેનો ઉલ્લેખ **જીવાભિગમ સૂત્ર**માં છે. માનુષોત્તર પર્વત, ઇક્ષુકાર પર્વત, નંદીશ્વર દ્વીપ, રુચકવર દ્વીપ ઉપર જિનમંદિરો છે તેનો ઉલ્લેખ **દ્વીપસાગર પન્નતિ** સૂત્રમાં છે.

સ્થાનાંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પન્નતિ સૂત્રોના નામ આપ્યા છે તે—(૧) જંબૂદ્વીપ પન્નતિ, ચંદ્રપન્નતિ, સૂર્ય પન્નતિ અને દ્વીપસાગર પન્નતિ.

એટલે એ બાબત સ્થાનકવાસીઓનો વાંધો ખોટો છે.

આ પાઠમાં છેલ્લે કહ્યું છે કે વિદ્યાચારણ જંઘાચારણ મુનિઓ પાછા આવીને આલોયણા ન લીએ તો વિરાધક કહેવાય. એ માટે પણ સ્થાનકવાસીનો વિરોધ છે. પરતુ સાધુ ૧૦૦ કદમથી આગળ જાય તો તેને આલોયણા લેવી પડે છે. અને લબ્ધિધારી મુનિઓને લબ્ધિનો ઉપયોગ કરવો તે પ્રમાદ છે. લબ્ધિનો ઉપયોગ કર્યો હોય અને તેની આલોચના કરી ન હોય તો તેને ચારિત્રની આરાધના નથી થતી. માટે સ્થાનકવાસીઓનો તે વાંધો પણ ખોટો છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—સાધુ ગોચરી લાવી ગુરુની પાસે સમ્યક્ પ્રકારે આલોવે તે આલોયણા ગોચરીની નહિ પણ તેમાં

પ્રમાદથી આવવા જવામાં ઉપયોગ ન રહેવાથી જે કોઈ દોષ લાગ્યો હોય તેની આલોયણા કહી છે.

સાધુને આવતાં જતાં, પ્રતિક્રમણ કરતાં કે બીજું હરકોઈ કામ કરતાં આલોયણા તથા ઇરિયાવહી પડિક્રમવાની છે. તે પ્રમાદને આશ્રયીને છે પણ નહિ કે—તે શુભ કાર્યોને આશ્રયીને !

પ્રશ્ન વ્યાકરણ સૂત્ર

પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ત્રીજા સંવરદ્વારમાં આ પ્રમાણે પાઠ છે—

अत्यंत बाल दुब्बल गिलाण बुड्ढ खवके पवत्ति आयरिय उवज्झाए सेहे साहम्मिए तवस्सीकुळगण संघचेइयट्ठे य णिज्जरट्ठी....

અર્થ—અત્યંત બાળ, દુર્બળ, ગ્લાન, વૃદ્ધ, માસક્ષમણ આદિ તપની પ્રવૃત્તિ કરનાર આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક તપસ્વી કુળગણ, સંઘચૈત્ય એટલાની વૈયાવૃત્ય નિર્જરાને માટે...

અહીં **સંઘચેઇયટ્ઠે** શબ્દ છે તેમાં સ્થાનકવાસીઓ "સંઘ તથા જ્ઞાનાર્થીની" વૈયાવૃત્ય એમ અર્થ કરે છે. ત્યારે મૂર્તિપૂજકો સંઘ તથા મૂર્તિની વૈયાવૃત્ય એમ અર્થ કરે છે. અથવા સંઘની મૂર્તિની વૈયાવૃત્ય એમ અર્થ કરે છે. સંઘ અને ચેઇય એ બે શબ્દોને ભેગા ગણવાથી સંઘની મૂર્તિ અથવા સંઘનું મંદિર એવો અર્થ થઇ શકે છે. મૂર્તિ મંદિર સંઘના જ હોય એટલે એમ પણ અર્થ થઇ શકે.

મૂર્તિની કોઈ આશાતના કરતો હોય તેને સાધુ અટકાવે તે સાધુએ મૂર્તિની વૈયાવૃત્ય કરી એમ ગણાય છે.

સ્થાનકવાસી "જ્ઞાનાર્થી" એમ અર્થ કરે છે તો આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક વગેરે પણ જ્ઞાનાર્થી તો હોય જ. તેમને

જ્ઞાનાર્થી ન માનવા તો બીજા કોને જ્ઞાનાર્થી માનવા ? એટલે જ્ઞાનાર્થી અર્થ ખોટો જ દેખાય છે.

વળી સ્થાનકવાસીઓ બીજો અર્થ, જ્ઞાનને માટે વૈયાવૃત્ય એમ કરે છે. વૈયાવૃત્યથી નિર્જરા થાય પણ જ્ઞાન પણ કેવી રીતે થઇ શકે ? નિર્જરા એટલે જ્ઞાનાવરણની નિર્જરા થઇ ગયા પછી જ્ઞાન થઈ શકે માની શકાય. પણ અહીં **ચેઇય** શબ્દ તો પહેલાં આવ્યો છે અને **નિર્જરા** શબ્દ પછી છે. એટલે સ્થાનકવાસીઓનો આ અર્થ પણ બરાબર લાગતો નથી.

આ ઉપરથી ચેइय શબ્દનો સાચો અર્થ ચૈત્ય એટલે મંદિર અથવા મૂર્તિ જ હોવો જોઇએ એમ સમજી શકાય છે.

નંદી સૂત્ર

શ્રેણિક મહારાજાના પુત્ર કોણિક (અજાતશત્રુ) રાજાએ વિશાલાનગરી ઉપર ચઢાઈ કરી હતી અને તે નગરીમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પાદુકાસ્તૂપ હતો તેથી તે નગરી જીતી શકાતી નહોતી એ વાત પ્રસિદ્ધ છે. અને **શ્રી નંદી સૂત્રમાં** પારિણામિકી બુદ્ધિના દૃષ્ટાંતમાં આ સંબંધી ઉલ્લેખ છે. તેનો પાઠ આ પ્રમાણે છે—

विशालायं पुरी कूलबालकेन विशालाभङ्गाय यन्मुनिसुव्रत स्वामि पादुका स्तूपोत्स्वात् सा तस्य पारिणामिकी बुद्धिः।

અર્થ—વિશાલા નગરીના નાશને માટે કુલવાલુક મુનિએ કહ્યુ કે—શ્રી મુનિસુવ્રત સ્વામીના પાદુકાયુક્ત સ્તૂપને ઉખેડી નાખવાથી નગરીનો ભંગ થઇ શકશે. મુનિની આ પરિણામિકી બુદ્ધિ થઇ.—**સ્થાનકવાસી મુનિશ્રી હસ્તીમલજીના નંદીસૂત્રનું પાનું ૯૧.**

ભગવાન મહાવીર સ્વામીના વખતની આ વાત છે. એટલે પ્રાચીન કાળમાં તીર્થંકર ભગવાનોના વખતમાં સ્તૂપો, મૂર્તિઓ હતી એટલું જ નહિ પણ તે ઘણા પ્રભાવશાળી હતા એ પૂરવાર થાય છે.

વ્યવહાર સૂત્ર

વ્યવહાર સૂત્ર ઉ. ૧ માં પાઠ છે કે—**जत्थेव सम्मभवियाइं चेइयाइं पासेज्जा कप्पइ से तस्संतिए आलोइत्ताए वा ।**

અર્થ—આચાર્ય આદિ બહુશ્રુતનો સંયોગ ન હોય તો **चेइय** જિનચૈત્ય–પ્રતિમા પાસે જઇને આલોચના લઈ શકાય છે.

મૂર્તિની મહત્તા

દેવલોકમાં મૂર્તિ છે અને તેની મહત્તા પણ છે. સઘળા દેવો અવધિજ્ઞાની હોય છે. તેથી દેવો પોતાના જ્ઞાનથી જાણી શકે છે કે મૂર્તિ શકિતશાળી કે પ્રભાવશાળી છે કે નહિ. દેવો પોતે જ ભારે શકિતશાળી હોય છે. તેઓ તેમના કરતાં પણ મૂર્તિ વિશેષ શકિતશાળી હોય તો જ મૂર્તિને માને. દેવો મૂર્તિને માને છે. વંદે છે, નમસ્કાર કરે છે એ તો સૂત્રસિદ્ધ હકીકત છે. એટલે દેવલોકમાંની શાશ્વતી મૂર્તિઓ દેવો કરતાં વિશેષ શકિતશાળી છે એમ સિદ્ધ થાય છે.

અહીંઆ પણ પ્રાચીન કાળથી જ મૂર્તિઓ, સ્તૂપો વગેરે પ્રભાવ-શાળી, શકિતશાળી હતા તેના દાખલા મળી આવે છે. જેમકે—

(૧) વિશાલા નગરીમાં શ્રી મુનિસુવ્રત સ્વામીનો સ્તૂપ હતો ત્યાં સુધી કોણિક મહારાજાથી તે નગરી જીતી શકાતી નહોતી.

(૨) શય્યંભસ્વામી દીક્ષા લીધાં પહેલાં વૈદિક બ્રાહ્મણ હતા અને યજ્ઞો કરાવતા. તેમના યજ્ઞના સ્તંભ નીચે તેમના ગુરુએ સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ સ્વામીની મૂર્તિ છુપાવી હતી કે જેથી સર્વ વિઘ્નો ટળી જતા. તે મૂર્તિના દર્શનથી શય્યંભસ્વામી બોધ પામી દીક્ષા લઇ શ્રમણ બની ગયા.

આપણા કથા સાહિત્યમાં આવા બીજા પણ ઘણા દાખલાઓ મળી આવે છે. અને અત્યારના ઘણા તીર્થોની મૂર્તિઓની મહત્તા જાણીતી છે.

મૂર્તિનું કાર્ય

આ પ્રમાણે આપણે મૂર્તિની માન્યતા ધર્મ વિરુદ્ધ નથી, પ્રાચીન કાળમાં મૂર્તિઓ હતી અને સૂત્રોમાં પણ ઠેકઠેકાણે મૂર્તિના ઉલ્લેખો છે તે આપણે વિસ્તારથી જોઈ ગયા. અને એ રીતે મૂર્તિની માન્યતા વ્યવહાર ધર્મમાં સહાયરૂપ છે એ પણ જોઇ ગયા.

વ્રત, અનુષ્ઠાન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધાર્મિક ક્રિયાઓ મનને કાબુમાં લાવવાને માટે તાલીમરૂપ છે. મનને સંસારમાં ભટકતું અટકાવીને ધર્મમાં વાળવા માટે ધાર્મિક ક્રિયાઓ તાલીમરૂપ છે.

તેવી જ રીતે મૂર્તિ પણ મનને ધર્મભાવમાં લાવવા માટેનું એક ઉત્તમ સાધન છે. મૂર્તિથી ધર્મભાવના જાગૃત થઈ શકે છે તેમજ હમેશ ભાવપૂર્વક મૂર્તિના દર્શન કરવાથી ધર્મભાવના ટકી રહે છે અને ધર્મશ્રદ્ધા દૃઢ બને છે.

એટલે બીજી ધાર્મિક ક્રિયાઓની પેઠે મૂર્તિના દર્શન પણ મનને કાબુમાં રાખવાના એક ઉત્તમ સાધનરૂપ બને છે.

જેમ બીજી ધાર્મિક ક્રિયાઓ સીધો મોક્ષ પ્રાપ્ત કરાવી શકતી નથી તેમ મૂર્તિ પણ સીધો મોક્ષ અપાવી શક્તિ નથી. મોક્ષ પ્રાપ્ત કરવા તો મનને કાબુમાં લેવાના બધા સાધનોનો ઉપયોગ કરી પહેલાં મનને કાબુમાં લેવાની જરૂર છે. તે પછી મનને ધર્મ ધ્યાનમાં લીન કરવાનું એ પ્રમાણે મનની એકાગ્રતા સાધ્યા પછી મનને આત્મસ્વરૂપના ચિંતનમાં લીન કરવાનું છે એમ થાય ત્યારે જ મોક્ષ થઈ શકે છે.

મૂર્તિ–વંદનનો ફાયદો

ભક્તિભાવપૂર્વક ભગવાનની મૂર્તિને વંદન નમસ્કાર કરવાથી શો ફાયદો થાય છે તે મૂર્તિપૂજકો આ પ્રમાણે બતાવે છે—

(૧) ચૈત્યવંદન આદિ ભગવાનની ગુણસ્તુતિ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

(૨) ભગવાનના દર્શન કરવાથી દર્શનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

(૩) અરિહંત તથા સિદ્ધ ભગવાનના ગુણનું સ્મરણ કરવાથી સમ્યગ્ દર્શનની પ્રાપ્ત અને મોહનીય કર્મનો ક્ષય થાય છે.

(૪) પ્રતિમા સમક્ષ ભાવપૂજામાં તલ્લિન થવાથી તથા શુભ અધ્યવસાયથી શુભ ગતિના આયુષ્યનો બંધ પડે છે.

(૫) અરિહંતનું નામ લેવાથી અશુભ નામ કર્મનો ક્ષય થાય છે.

(૬) અરિહંતના વંદન ભક્તિથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે.

(૭) ચૈત્યવંદનમાં શક્તિનો સદુપયોગ કરવાથી અંતરાય કર્મનો ક્ષય થાય છે.

સ્થાનકવાસીઓનું કર્તવ્ય

હવે જ્યારે મૂર્તિની માન્યતા સૂત્રાનુસાર સાચી સિદ્ધ ઠરે છે ત્યારે સ્થાનકવાસીઓએ તે વાત કબુલ કરી લેવી એ તેમનું યોગ્ય કર્તવ્ય ગણાય. સ્થાનકવાસીઓ સૂત્રને અનુસરવાનું માને છે તેથી મૂર્તિને માનવી એ તેમનું કર્તવ્ય થઈ પડે છે. સત્યાર્થી હોય તે તો સત્યની ખાત્રી થયેથી સત્ય સ્વીકારે જ. સત્ય ન સ્વીકારે તો સંપ્રદાયવાદી મતાગ્રહી એકાંતવાદી કહેવાય.

★

પ્રકરણ બારમું

સૂત્રોમાં દ્રવ્ય મૂર્તિપૂજાનો ક્યાં ય ઉલ્લેખ નથી

મૂર્તિની માન્યતા તીર્થંકર માન્ય, સૂત્ર-માન્ય અને ધમ-માન્ય છે એમ પ્રમાણોથી બતાવી આપ્યા પછી એટલે કે મૂર્તિની માન્યતા સૂત્રાનુસાર સાચી છે એમ સિદ્ધ થઈ ગયા પછી હવે અહીંઆ આપણે મૂર્તિપૂજા સંબંધી વિચાર કરીશું. મૂર્તિપૂજા પ્રાચીન કાળમાં હતી કે કેમ, સૂત્રોમાં મૂર્તિપૂજાના ઉલ્લેખો છે કે કેમ અને મૂર્તિપૂજકો મૂર્તિપૂજાને સિદ્ધ કરવા માટે જે દાખલાઓ આપે છે તે યથાર્થ છે કે કેમ તે હવે આપણે વિચારીશું.

પૂજા કોની અને શા માટે?

મૂર્તિપૂજાનો વિચાર કરતી વખતે બે વાત સૌથી પહેલાં વિચારવાની છે—

(૧) પૂજા કોની કરવાની છે?

(૨) પૂજાનો હેતુ શો?

પહેલા પ્રશ્નના જવાબમાં કહીશું કે તીર્થંકર ભગવાનની, અરિહંત ભગવાનની કે સિદ્ધ ભગવાનની પૂજા કરવાની છે.

બીજા પ્રશ્નના જવાબમાં કહીશું કે ધર્મ માટે, આત્મકલ્યાણ માટે અથવા મોક્ષ પ્રાપ્તિ માટે પૂજા કરવાની છે?

૧

પૂજા કોની ?

પૂજા બે પ્રકારની છે—ભાવપૂજા અને દ્રવ્યપૂજા. અહીંઆ મૂર્તિપૂજા એ દ્રવ્યપૂજાનો વિષય છે. કારણ કે ભાવપૂજામાં તો કોઈનો મતભેદ નથી.

પૂજ્યને કલ્પતી વસ્તુથી જ પૂજા થાય

દ્રવ્યપૂજામાં પણ ભાવ જોઈએ, ભક્તિ જોઈએ. ભાવ અને ભક્તિ વિનાની પૂજા તો તદ્દન નિષ્ફળ ગણાય. ભગવાનને ખપતી, કલ્પતી વસ્તુથી ભગવાનની પૂજા કરવામાં આવે તો જ તે સાચા ભાવ અને સાચી ભક્તિવાળી પૂજા કહી શકાય.

વ્યવહારમાં કોઈ ભાઈને ત્યાં તેનો શેઠ આવ્યો હોય તો તે તેનું બહુમાન કરવાની સાથે શેઠને ગમતી વસ્તુ આપીને તેનું સન્માન કરે છે; કોઈ જમવા આવ્યું હોય તો તે મહેમાનને ગમતી વાનીઓ બનાવીને જમાડાય તો તેનું સારૂં સન્માન કર્યું ગણાય છે. જેનું સન્માન કરવું હોય તે વ્યક્તિને તેને પસંદ પડતી વસ્તુ અપાય તો જ તેનું સાચું સન્માન થયું ગણાય છે અને તેને પસંદ ન હોય તેવી વસ્તુ તેને આપવામાં આવે તો તે નારાજ થઈને જાય છે એટલે તેનું સાચું સન્માન થયું ગણાતું નથી.

જે વ્યક્તિનું સન્માન કરવું હોય તે વ્યક્તિની પસંદગી કે ઇચ્છા પહેલી જોવાય છે, સન્માનીય વ્યક્તિની ઇચ્છાને જ પ્રાધાન્ય અપાય છે તો તે જ પ્રમાણે ધર્મમાં પણ સન્માનીય વ્યક્તિ એટલે ભગવાનની ઇચ્છાને પ્રાધાન્ય હોવું જ જોઈએ. એટલે કે ભગવાનને ખપતી, કલ્પતી વસ્તુ તેમને અર્પણ કરવાથી જ સાચી પૂજાભક્તિ કરી ગણાય.

સાધુને પણ તેમને કલ્પતી વસ્તુઓ જ વહોરાવાય છે.

એટલે ભગવાનને ખપતી, કલ્પતી ન હોય તેવી વસ્તુ જો ભગવાનને અપર્ણ કરવામાં આવે તો તે સાચી ભક્તિ કે સાચી પૂજા ન ગણાય એટલું જ નહિ પણ એ તો તીર્થંકર ભગવાનનું અપમાન ગણાય.

તીર્થંકર ભગવાન સચેત વસ્તુના ત્યાગી છે. ભગવાને સચેત વસ્તુ ત્યાગવાનો ઉપદેશ આપ્યો છે કારણ કે તેમાં હિંસા છે. છતાં આપણે ભગવાનના ઉપદેશની વિરુદ્ધ ભગવાનને જ તેમને નહિ કલ્પતી વસ્તુ અર્પણ કરીએ તો તેમાં ભગવાનની ભક્તિ નહિ પણ ભગવાનનુ અપમાન અને ભગવાનની આશાતના જ કહેવાય.

પૂજા કરનારનો ભાવ ભલે ઉત્તમ છે કે ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરવી. પરંતુ પૂજા કરનારની ઇચ્છા કરતાં પણ પૂજ્યની ઇચ્છા જ પ્રાધાન્ય ગણાય. પૂજ્યની ઇચ્છાને જે માન ન આપે તે સાચો પૂજક જ ન કહેવાય. માટે ભગવાનને સચેત વસ્તુ અર્પણ કરનારને આરાધક કહી શકાય જ નહિ. ભગવાનને ન ખપતી વસ્તુ અર્પણ કરે તે વિરાધક જ કહેવાય.

ભગવાન દીક્ષા લીએ ત્યારથી તેમણે સ્નાન કરવાનું છોડી દીધું હોય છે, વસ્ત્ર પાત્ર રાખવાનું છોડી દીધું હોય છે: એટલે ન્હાવણ કે વસ્ત્રાલંકાર ભગવાનને ખપે નહિ છતાં તે તેમને અર્પણ કરવામાં આવે તો તેમાં પણ ભગવાનની આશાતના છે. ભગવાનને સ્નાન કરાવવું તેમાં ભલેને ગરમ કરેલું અચેત પાણી હોય પરંતુ ભગવાને જ્યાં સ્નાન કરવાનું જ છોડી દીધું હોય ત્યાં પછી તેમને સ્નાન કરાવવું તે ભગવાનની આશાતના નહિ તો બીજું શું કહેવાય?

થોડા પાપવાળી ક્રિયા

મૂર્તિપૂજકોની દલીલ એ છે કે પૂજા કરનારની ભાવના ધર્મ અને ભક્તિ મારેની હોવાથી પૂજા કરનારને તેમાં પાપ લાગતું જ નથી.

ભગવાનની પૂજામાં મારે મનથી તો આ સવાલ તદ્દન ગૌણ છે. મુખ્ય વાત તો એ છે કે ભગવાનને શું કલ્પે છે અને શું કલ્પતું નથી એ જ જોવું જોઈએ. એ જોવામાં જ ખરો ધર્મ અને ખરી ભક્તિ છે.

વળી રાગભાવથી થતી પ્રવૃત્તિમાં હિંસા થાય ને હિંસાનું પાપ લાગે જ. મૂર્તિપૂજા રાગભાવથી જ થાય છે. એટલે તેમાં થતી હિંસાથી પાપ લાગે જ.

પાપ પુણ્ય માટે જૈન ધર્મનો સિદ્ધાંત તો એ છે કે શ્રાવકના કોઈ પણ કાર્યમાં પાપપુણ્ય હોય તેમાં જેટલે અંશે હિંસાકારી કાર્ય થાય તેટલે અંશે પાપ અને જેટલે અંશે શુભ કાર્ય હોય તેટલે અંશે પુણ્ય તેમાં પણ જે પ્રમાણે તીવ્ર કે મંદરસથી તે પાપકાર્ય કર્યું હોય*તે પ્રમાણે તીવ્ર કે મંદ ફળ મળે. પુણ્યના અંશ ઘણા હોય અને પાપના અંશ બહુ ઓછા હોય, બહુ થોડા હોય અને તે પણ મંદ રસના હોય તો તેનું ફળ ઘણું મંદ અથવા પુણ્યના પ્રમાણમાં નજીવું હોય. તેથી વ્યવહારથી તે પાપનું ફળ નથી એમ કહેવાય પણ **સિદ્ધાંતની દૃષ્ટિએ નાની હિંસાને પણ પાપ તો કહેવાય જ. ભલે પછી તેનું ફળ નજીવું હોય.**

વળી તે થોડા અંશવાળા પાપનું કાર્ય હમેશાં જ કરવામાં આવે તો તેનું ફળ કેવું હોય તે પણ વિચારવા યોગ્ય છે.

હિંસાના ત્રણ પ્રકાર

સાવદ્ય પૂજાના બચાવમાં મૂર્તિપૂજકોએ હિંસાના ત્રણ પ્રકાર પાડીને ત્રીજા પ્રકાર સ્વરૂપ હિંસામાં પાપ નથી એમ તેમણે ઠરાવ્યું છે ત્યારે તે સંબંધમાં પણ થોડો વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે.

હિંસાના ત્રણ પ્રકાર આ પ્રમાણે બતાવવામાં આવે છે—

(૧) અનુબંધહિંસા, (૨) હેતુહિંસા અને (૩) સ્વરૂપહિંસા.

અનુબંધહિંસા—વીતરાગની આજ્ઞા વિરુદ્ધ આચરણ કરવાવાળાને તથા મિથ્યાત્વનુ સેવન કરવાવાળા જીવોને અનુબંધહિંસાનો કર્મબંધ થાય છે.

હેતુહિંસા—ગૃહસ્થ પોતાના જીવન વ્યવહારના કાર્યોમાં જે હિંસા કરે તે હેતુહિંસા.

સ્વરૂપહિંસા—શુભ યોગોની પ્રવૃત્તિ કરતાં બહારથી હિંસા જોવામાં આવે પરંતુ પરિણામ વિશુદ્ધ હોવાથી તેનો અશુભ કર્મબંધ થતો નથી.

તો હવે વિચારો કે—પ્રત્યક્ષ પ્રમાણથી હિંસા થાય છે અને તે હિંસાની પરંપરા ચાલે છે તેવા અનુષ્ઠાનો દાખલ કરે તેને પણ અનુબંધ હિંસા કેમ ન લાગે ?

જળ, પુષ્પ, ધૂપ, દીપક, ફળ વગેરે દ્રવ્યોથી ફક્ત ગૃહસ્થ જ દ્રવ્યપૂજા કરી શકે છે પણ સાધુ તેવી દ્રવ્ય પૂજા કરી ન શકે એવું મૂર્તિપૂજકનું વિધાન જ સાબિત કરે છે કે દ્રવ્યપૂજામાં હિંસા છે અને સાધુએ નવકોટિએ હિંસાનો ત્યાગ કરેલ હોવાથી તે દ્રવ્યપૂજા કરી શકતા નથી. તો ગૃહસ્થની આવી જાતની દ્રવ્યપૂજાને અનુમોદન આપે, તેનો ઉપદેશ આપે તો શું તેથી નવકોટિનો ભંગ થતો નથી ?

આમ જ્યારે તેમાં પ્રત્યક્ષ હિંસા સાબિત થાય છે અને જેમાં સૂત્રના ન્યાય પ્રમાણે યતના પણ નથી તેને સ્વરૂપ હિંસા કહેવી કે ગણવી એ તો મોટી ભૂલ ગણાય.

જ્યારે મનમાં સૂક્ષ્મ હિંસાનો જરા પણ ભાવ વર્તતો ન હોય, સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ સંપૂર્ણ દયાભાવ વર્તતો હોય ત્યારે યતના સહિત જીવને બોલવું, ચાલવું વગેરે સ્વાભાવિક ક્રિયા કરવી પડે ત્યારે જ તેમાં હિંસાનું પાપ ન

લાગે. સ્વાભાવિક ક્રિયા સિવાયની બીજી ક્રિયામાં તો જીવના ભાવ પ્રમાણે પાપ તથા પુણ્યનો બંધ પડે.

હિંસા થતી હોય ત્યાં હિંસા માનવામાં આવે તો તે મિથ્યાત્વ નથી. પરતુ હિંસા હોવા છતાં તેમાં બિલકુલ હિંસા નથી એમ માનવામાં આવે તો ત્યાં મિથ્યાત્વ ગણાય.

હિંસાવાળા અનુષ્ઠાનથી સંવર કે નિર્જરા થવાનું પણ માની શકાય નહિ.

જૈન ધર્મનો પાયો અહિંસા ઉપર જ રચાયો છે, અને તેથી **સૂત્રોમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે હિંસા તથા અહિંસાના બારિક વર્ણનો કરેલા છે. છતાં તેમાં ક્યાંય હિંસાના ત્રણ પ્રકાર પાડેલા નથી. હિંસાના ત્રણ પ્રકાર એ તો મુખ્ય વાત કહેવાય અને જ્યારે બારિકમાં બારિક વર્ણન કરવામાં આવ્યું હોય ત્યારે હિસાના પ્રકાર જેવી મુખ્ય વાત છોડી દેવામાં આવે એવું બની જ ન શકે.**

એટલે પોતાના મતની પુષ્ટિ માટે આપમેળે હિંસાના પ્રકાર પાડવા જેવો હિંસાનો નવો અર્થ ઉપજાવવો એ તો સર્વજ્ઞ ભગવાનની અને ગણધર ભગવાનની ભૂલ સુધારવા જેવું કામ ગણાય. તેરાપથી તો તીર્થંકર ભગવાન ભૂલ કરે એમ માને છે પણ શ્વેતાંબર મૂર્તિપૂજકો આવી રીતે ભગવાનની ભૂલ કાઢી બતાવે તે નવાઈ જેવું છે.

પાપ બહુ થોડું અને પુણ્ય ઘણું હોય ત્યાં સમુચ્ચયે બોલતાં તેમાં પાપ નથી એમ વ્યવહારથી સામાન્યપણે કહી શકાય પરંતુ નિયમ તરીકે અથવા સિદ્ધાંત તરીકે વાત કરતી વખતે તેમાં પાપ નથી એમ કહી શકાય નહિ અથવા તેમાં પાપ નથી એવો સિદ્ધાંત સ્થાપી શકાય નહિ.

મૂર્તિપૂજકોએ ઊંડો વિચાર કરી હિંસાના પ્રકાર પાડવા જેવી ભૂલને સુધારી લેવી જોઈએ.

હિંસાની વ્યાખ્યા

જૈન સિદ્ધાંત પ્રમાણે હિંસાની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય—આત્મદર્શનપૂર્વક જીવને સમભાવથી આત્મવત્ જાણીને. દેખીને તેમને ઉપયોગથી બચાવતાં છતાં જો કોઈ જીવ પોતાના શરીરથી હણાઈ જાય તો ફક્ત દ્રવ્યહિંસા થાય, ત્યાં ભાવહિંસા નથી.

ભગવાનને સચેત વસ્તુનો ભોગ ધરતી વખતે તેમાંના જીવોને આત્મવત્ સમભાવે જાણીને ઉપયોગથી તેમનું રક્ષણ કરવાની ક્રિયા થતી નથી. જો એવો ભાવ પૂજકમાં હોય તો તો તે સચેત વસ્તુને હાથ પણ લગાડે નહિ કારણ કે ફક્ત સ્પર્શથી જ કેટલાય જીવ મરી જાય છે.

જો આવા ભાવની ઉપેક્ષા કરીને વિષય કષાયની પ્રવૃત્તિમાં જ હિંસા ગણવામાં આવે તો પણ દશમા ગુણસ્થાનક સુધી કષાયની સત્તા છે અને નવમા ગુણસ્થાનક સુધી કષાયનો ઉદય છે તો ત્યાં સુધી ક્યાં છૂટા થવાય તેમ છે?

ધર્મના નામે સાંસારિક વસ્તુઓથી સાંસારિક રીતે પ્રવૃત્તિ કરીને સંવર નિર્જરાની આશા રાખવી એ આત્મવંચનાવાળું ખોટું આશ્વાસન છે.

ફૂલ માટેની દલીલ

મૂર્તિપૂજામાં ફૂલ વપરાય છે તેનો બચાવ કરતાં મૂર્તિપૂજકો દલીલ કરે છે કે—ભગવાનના સમવસરણમાં પણ દેવો સચેત ફૂલની વૃષ્ટિ કરે છે તેનો તેને વાંધો આવતો નથી ત્યારે પૂજાના ફૂલ માટે કેમ વાંધો લઈ શકાય? આ તેમની દલીલ ખોટી છે. જુઓ—

સમવસરણમાં દેવો વૈક્રિય અચેત પુષ્પ અને અચેત પાણીની વૃષ્ટિ કરે છે, તે માટે શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં સ્પષ્ટ પાઠ છે. સૂર્યાભદેવે

ભગવાન મહાવીરના સમવસરણમાં જવાની ઘોષણા કરાવી ત્યારે તેણે સેવકોને આજ્ઞા કરી કે—

"તમે આમલકપ્પા નગરીએ જાઓ અને અંબસાલવણ ચૈત્યમાં બિરાજનાન...........શ્રમણ ભગવાન મહાવીરના ઉતારાની આસપાસ ચારે બાજુ યોજન પ્રમાણ જમીનમાં અપવિત્ર, સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો જે કાંઈ પડ્યું હોય તેને ત્યાંથી ઉઠાવી દૂર કરો અને એ જમીનને તદ્દન ચોખ્ખી કરો, વળી તેટલી જમીન ઉપર સુગંધી પાણીનો છંટકાવ એવી રીતે કરો કે જેથી ત્યાંની ઉડતી બધી ધૂળ બેસી જાય, બહુ પાણી પાણી ન થાય અને વધારે કિચ્ચડ પણ ન થાય. પછી જરા પણ રજ ઉડતી નથી એવી જમીન ઉપર **જળજ** (जलया), **થળજ** (थलया) એવા પાંચ પ્રકારના સુગંધી પુષ્પોનો **વરસાદ** એવી રીતે વરસાવો કે ત્યાં બધાં પુષ્પો ચત્તાં જ પડે, તેમનાં ડિંટિયા નીચે જ રહે.........એવી રીતે એ ભૂમિને સર્વ પ્રકારે દિવ્ય કરો. જ્યાં ઉત્તમ દેવ આવી શકે એવી સુંદરમાં સુંદર, સુગંધી અને પવિત્રમાં પવિત્ર બનાવો."

અહીંઆ ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે સૂર્યાભિદેવે કહ્યું છે કે **अमवद्दलं विउवइ रत्ता पुप्फद्दलं विउवइ रत्ता** એટલે પાણીના વાદળ અને ફૂલના વાદળ વિકુર્વા. અને **વિકુર્વેલા પાણી અને ફૂલ અચેતજ હોય.**

ભગવાનની સમક્ષ તેમના સમવસરણમાં સચેત વસ્તુ રખાય જ નહિ માટે દેવે અચેત પાણી અને અચેત ફૂલને વિકુર્વીને વૃષ્ટિ કરવાનું કહ્યું છે.

સમવસરણમાં સચેત વસ્તુનો ત્યાગ

ભગવાનના સમવસરણમાં જતી વખતે પાંચ અભિગમ સાચવવાના હોય છે તેમાં પહેલો અભિગમ સચેત વસ્તુનો ત્યાગ કરવાનો છે. અહીં

મૂર્તિપૂજાના હિમાયતીઓ એવી દલીલ કરે છે કે સમવસરણમાં જતા શ્રાવકના ખીસ્સામાં સચિત ખાવાની વસ્તુ હોય તો તે કાઢી નાંખવી. સમવસરણમાં જતી વખતે શ્રાવક ખાવાની વસ્તુ ખીસ્સામાં લઈ જાય તે વાત અસંભવિત લાગે છે.

પરંતુ સમવસરણમાં જતા શ્રાવકના મોઢામાં પાન હોઈ શકે તેમજ તેની પાસે ફૂલનો હાર કે ગજરો હોઈ શકે અથવા તેના પહેરેલા કપડા ઉપર છાતીએ ફૂલ ભરાવેલું હોય એમ બની શકે. એવી જે કંઈ સચિત વસ્તુ પાસે હોય તેને દૂર કરીને જ સમવસરણમાં જવાય.

જિન પ્રતિમા જિન સરિખી એટલે શું ?

"જિન પ્રતિમા જિન સરિખી" એ મૂર્તિપૂજકોનો મુદ્રાલેખ છે તે પ્રમાણે પણ પ્રતિમા–મૂર્તિને ભગવાનના જેવી ગણીને વર્તવું જોઈએ. એટલે કે મૂર્તિપૂજામાં ભગવાનને નહિ કલ્પતી કોઈ પણ વસ્તુ રાખી શકાય નહિ.

અથવા મૂર્તિ ભગવાનના જેવી નથી એમ મૂર્તિપૂજકોએ જાહેર કરવું જોઇએ કે જેથી મૂર્તિને ભગવાન જેવી ગણવામાં ન આવે, એટલે પછી કંઇ પણ કહેવાનું રહે જ નહિ. જ્યાંસુધી પોતાના મતની પુષ્ટિ થઈ શકતી હોય ત્યાં સુધી "જિન પ્રતિમા જિન સરિખી"નો મુદ્રાલેખ આગળ ધરવો અને જ્યાં પોતાના મત વિરુદ્ધ વાત જતી હોય ત્યાં "આ તો સ્થાપના છે" કહીને છૂટી જવાની કોશીશ કરવી એ ન્યાયસંગત વાત નથી. તો પછી જિન પ્રતિમા કઈ કઈ બાબતમાં—જ્ઞાનમાં, ગુણમાં, પ્રતિભામાં, મહાત્મ્યમાં, આકારમાં વગેરે કઈ કઈ બાબતમાં અને કેટલે અંશે જિન પ્રતિમા જિન સરિખી છે તે મૂર્તિપૂજકોએ સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ.

સૂત્રમાં સાવદ્ય પૂજાનો નિષેધ

સાવદ્ય પૂજા એટલે જે પૂજન વિધિમાં સૂક્ષ્મ જીવની પણ હિંસા **થતી હોય તેવી વિધિવાળી પૂજા. એવી સાવદ્ય પૂજાનો ભગવાને નિષેધ** કર્યો છે. તે નિષેધના વચનો આ પ્રમાણે છે—

શ્રી આચારાંગ સૂત્રમાં પહેલા શ્રુતસ્કંધમાં પાંચમાં ઉદ્દેશામાં વનસ્પતિના અધિકારમાં પાંચમા સૂત્રમાં કહેલ છે કે—

> "ભગવાને જીવન નિભાવવાનો વિવેક સમજાવ્યો છે છતાં કોઈ **વંદન**, માન, **પૂજાસત્કાર**, જીવન, **જન્મમરણથી મુક્તિ** અને શારીરિક તથા માનસિક દુઃખના નિવારણ માટે સ્વયં વનસ્પતિ આરંભી હિંસા કરે છે, બીજાઓ દ્વારા કરાવે છે કે કરનારને અનુમોદન આપે છે તો તે વસ્તુ તેના હિતને બદલે હાનિકર્તા અને જ્ઞાનને બદલે અજ્ઞાનજનક જ છે."

એટલે વંદન પૂજામાં વનસ્પતિકાયની હિંસા થવી ન જોઈએ એમ જિનેશ્વરની આજ્ઞા છે. વળી જન્મમરણની મુક્તિ અને દુઃખનુ નિવારણ ધર્મથી જ થઈ શકે તેથી ધર્મારાધનમાં પણ વનસ્પતિ કાયની હિંસામાં જિનેશ્વરની આજ્ઞા નથી.

આવી જ રીતે બીજા અધિકારોમાં પણ કહેલું છે. તે ઉપરથી સમજી શકાય છે કે **સચેત વસ્તુથી ભગવાનની પૂજા થઈ શકે નહિ. સચેત વસ્તુ ભગવાનને ચડાવતાં કે સચેત વસ્તુથી ભગવાનની પૂજા કરતાં ભગવાનની આજ્ઞાનો લોપ થાય છે અને ભગવાનની મહાન આશાતના થાય છે.**

આની સામે મૂર્તિપૂજકો એવી દલીલ કરે છે કે આચારાંગ સૂત્રમાંની વાતો તો સાધુમુનિઓ માટે છે પણ શ્રાવકો માટે નથી.

તેના જવાબમાં જણાવવાનું કે સાધુ તેમ જ શ્રાવક બન્ને માટે ધર્મ તો એક જ છે. અહિંસા તો બન્નેયે પાળવાની જ છે. સાધુએ

સંસાર છોડેલો હોવાથી તે સર્વાંશે અહિંસા પાળી શકે, ત્યારે ગૃહસ્થને સંસારમાં રહેવાનું હોવાથી તેના ચાલુ કર્તવ્યોમાં જે હિંસા અનિવાર્ય હોય તે કરવી જ પડે. પણ ગૃહસ્થને હિંસાનું પાપ નથી લાગતું એમ તો નથી જ તેમજ ગૃહસ્થને હિંસા કરવાની ધર્મ છૂટ આપે છે એમ પણ નથી.

ધર્મના કાર્યમાં ધર્મનો સિદ્ધાંત સાધુ તેમ જ શ્રાવક બન્નેને એકસરખો જ લાગુ પડે. હિંસામાં ધર્મ નથી એ જૈન ધર્મનો સિદ્ધાંત છે. ત્યારે સાવદ્ય પૂજા કરનાર ગૃહસ્થ હોય કે સાધુ હોય તે બન્નેને એકસરખું જ પાપ લાગે અને એકસરખું જ પુણ્ય થાય.

જ્ઞાતાસૂત્રમાં મલ્લિકુંવરીએ ચોકખા નામની પરિવ્રાજિકાને કહ્યું હતું કે—**જેમ લોહીથી ખરડાયેલું કપડું લોહીથી સાફ થઈ શકતું નથી તેમ હિંસાથી મલિન થયેલ શૌચધર્મથી આત્મા શુદ્ધ થઈ શકે નહિ. મતલબ કે નાની હિંસાથી પણ મલિન થયેલી ક્રિયાથી ધર્મ થઇ શકે નહિ.**

જૈન દર્શનમાં **આજ્ઞાએ ધર્મ** કહેલો છે. જૈન ધર્મમાં વીતરાગી પુરુષો માટે સચેત વસ્તુ આજ્ઞા બહારની કહી છે. એટલે **વીતરાગ ભગવાનને સચેત વસ્તુ અર્પણ કરવી એ આજ્ઞા બહારનું કાર્ય છે, ધર્મ વિરુદ્ધનું કાર્ય છે. જિનાજ્ઞાનું પાલન એ જ ખરી પૂજા છે. એ જ ખરો ધર્મ છે.**

મહાનિશીથ સૂત્રનો દાખલો

સૈલાનાના તખતમલ કટારીયાએ "સ્થાનકવાસી જૈન ધર્મની સત્યતા" નામનું પુસ્તક લખ્યું છે. તેમાં જૈન ધર્મના બીજા બધા સંપ્રદાયોની સાચી ખોટી વાતો લખી તેની નિંદા કરેલી છે તેમાં પણ ખાસ કરીને મૂર્તિપૂજક સંપ્રદાય માટે ખુબ વિસ્તારથી લખ્યું છે, અને તેમનાં આચારો ધર્મવિરુદ્ધના છે એવો ચિતાર આપ્યો છે. એટલે ખરી

રીતે બીજા સંપ્રદાયોની નિંદાથી સ્થા. સંપ્રદાયની સત્યતા ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે.

તેમાં મૂર્તિપૂજા વિષે તેમણે લખ્યું છે તે ઘણુંખરૂં સાચું લખ્યું છે. તેમાં તેમણે મહાનિશીથ સૂત્રનો તથા વિવાહ ચૂલિયા સૂત્રનો દાખલો આપીને મૂર્તિપૂજકોને માન્ય સૂત્રો પણ સાવદ્યપૂજાનો વિષેધ કરે છે તે બતાવ્યું છે. તે બન્ને દાખલા અત્રે ઉદ્ધૃત કરૂં છું.

મહાનિશીથ સૂત્રનો દાખલો

એક વખત ગણધર શ્રી ગૌતમસ્વામી ધ્યાનમાં બેઠા હતા તે વખતે તેમને સંકલ્પ થયો કે "પ્રભુનાં વચન અથવા તેમનાં સિદ્ધાંત કોઈ જીવ અન્યથા વિપરીત પ્રરૂપે તો તે શું ફળ આપે?"

એવો વિચાર થતાં જ તેઓશ્રી મહાવીર ભગવાન પાસે આવ્યા અને વિધિપૂર્વક વંદન કરી શંકાનું સમાધાન પૂછ્યું. અનંતજ્ઞાની ભગવાને સંક્ષેપમાં ગર્ભિત જવાબ આપ્યો કે "હે ગૌતમ! 'સાવદ્યાચાર્ય' જે ફળ પામ્યો તેવું પામે."

ગૌતમસ્વામીએ જિજ્ઞાસાથી 'સાવદ્ય આચાર્ય'નો ઈતિહાસ પૂછ્યો ત્યારે ભગવાને નીચે પ્રમાણે કહ્યું—

ઋષભાદિક તીર્થંકરની ચોવીશી પહેલાં જે અનંત કાળ વ્યતીત થયો તે અનતી ચોવીશીમાં 'કમળપ્રભ' નામે સાત હાથના દેહવાળો, ત્રણ જગતને આશ્ચર્યરૂપ પંડિત આચાર્ય થયો. તે વખતના ચોવીશમા તીર્થંકર ધર્મસીરીના વખતમાં તે થયો.

ધર્મસીરી તીર્થંકર મુક્તિ પામ્યા પછી કેટલેક કાળે અસંયતિના પૂજા-સત્કાર નામનું અચ્છેરૂં થયું. મિથ્યાત્વનું જોર વધ્યું.......ચૈત્યના સ્થાનક દહેરાને અંગીકાર કરી બળ, પરાક્રમ, પુરુષાકારને જેણે ગોપવ્યો છે એવા નામધારી આચાર્યો શિથિલ થઈ અસંયમાદિને વિષે રહ્યા. તેઓ વિચિત્ર પ્રકારની પુષ્પમાળા આદિ વડે દેવની પ્રતિમાની પૂજા અર્ચા કરવામાં તત્પર થયા છે.

શ્રી ગૌતમ સ્વામીએ પૂછ્યું—" જે કોઈ સાધુ, સાધ્વી, નિર્ગ્રંથ, અણુગાર, મહાવ્રતી જળ, ફુલ, ધુપ આદિ વડે દ્રવ્યપૂજા કરે અથવા પ્રરૂપે તેને કેવા કહીએ?"

ભગવાને ઉત્તરમાં કહ્યું કે—" હે ગૌતમ! જે સાધુ સાધ્વી અથવા નિર્ગ્રંથ અણુગાર જળ, ફુલ આદિથી દ્રવ્યપૂજા કરે છે અગર પ્રરૂપે છે તેઓ અયત્નાવંત હોઈ પંચમહાવ્રતપાલક કહેવાય નહિ. તેઓને અસંયતિ દેવના ભોજક કહીએ અગર તો દેવના પૂજારા કહીએ. ટુંકામાં તેઓ અવળે માર્ગે ગયેલા કહેવાય. અથવા તો શીલાદિક આચાર છાંડવાથી કુત્સિત આચારવાળા કહીએ. તીર્થંકરની આજ્ઞા છાંડીને સ્વેચ્છાથી વર્તે તેમને એમ જ કહેવું ઠીક છે."

કમળપ્રભ આચાર્યનો ઇતિહાસ

તે પછી કમળપ્રભ આચાર્યનો ઇતિહાસ આગળ ચલાવતાં કહ્યું કે—

દ્રવ્ય પૂજાના એ જમાનામાં કમળપ્રભ આચાર્ય મહા તપસ્વી, ઘણા દયાળુ, લજ્જાવંત અને સાધુના સર્વે ગુણ સહિત હતા. એક વખતે મહાનુભાવ કમળપ્રભાચાર્ય પોતાના સુશિષ્યો સહિત વિહાર કરતા કરતા પેલા વેષધારી સાધુઓના સ્થાનકને વિષે આવી પહોંચ્યા. તેઓએ તેમને યોગ્ય આદર સહિત ત્યાં ઉતાર્યા. જ્યારે આચાર્ય ત્યાંથી વિહાર કરવા તત્પર થયા ત્યારે તે વેષધારીઓએ કહ્યું કે—

" હે ભગવન! જો આપ અત્રે ચાતુર્માસ કરો તો કેટલાંક ચૈત્ય, સ્થાનક, દેહરાં અહીં બને. માટે કૃપા કરી અત્રે ચોમાસું કરો."

ભગવાનની આજ્ઞા યાદ કરીને કમળપ્રભાચાર્ય બોલ્યા કે—હે પ્રિયવર્ય નિમંત્રણકારો! જેટલાં દેહરાં છે તેટલાં આરંભના સ્થાનક જાણવાં. એ સાવદ્ય કર્મ હું તો વચનથી પણ નહિ કરૂં. તો કરવું, કરાવવું અને અનુમોદવું તે તો કયાં જ રહ્યું?

ભગવાન ગૌતમ સ્વામીને કહે છે કે—આ શુદ્ધ પ્રરૂપણાથી કમળપ્રભે તીર્થંકર નામ કર્મ ગોત્રના દળીયાં ઉપરાજ્યાં.

પરંતુ પેલા શોખીલા જીવડાને આ શબ્દો શરરૂપ થઇ પડ્યા. તેઓ ખીજવાયા અને કમળપ્રભનું નામ સાવદ્યાચાર્ય પાડીને તે નામથી જગ્યાએ જગ્યાએ તેને નિંદ્યો.

કમળપ્રભ વિહાર કરી ગયા પછી તે વેષધારીઓ પરસ્પર વિચાર કરવા લાગ્યા કે—"શ્રાવક ન હોય તે દ્રવ્યસંપતિ સાધુઓ દેવળને સમરાવે, ઉદ્ધાર કરે, બીજાં પણ દેહેરાં વગેરેનાં કામ કરે, કરાવે, અનુમોદે તો યતિને સાવદ્ય કર્મના દોષનો સંભવ નથી." ત્યારે તેમનામાંના જ કેટલાક કહેવા લાગ્યા કે—"યતિને સંયમ એ જ મોક્ષનું કારણ છે."

આમ મતભેદ થતાં નિરાકરણ કરવા માટે તેમણે એ જ કમળપ્રભ આચાર્યને બોલાવ્યા. કમળપ્રભ આચાર્ય આવીને સભામાં બિરાજમાન થયા તેવા જ તે વેષધારીઓમાંની એક સાધ્વીએ ભક્તિવશ થઈ આચાર્યના પગને પોતાના મસ્તકનો સ્પર્શ કરાવ્યો. તે સર્વેએ પ્રત્યક્ષ જોયું.

પછી તેમણે ઉપદેશમાં મહાનિશીથ સૂત્રનું પાંચમું અધ્યયન કહેવા માંડયું તેમાં સ્પષ્ટ આવ્યું કે—"રોગાદિ ગમે તે કારણ છતાં તીર્થંકર પણ એક વસ્ત્રને આંતરે જો સ્ત્રીના હાથનો સ્પર્શ કરે તો તે ગચ્છ મૂળ ગુણરહિત થાય."

એ પાઠનો અર્થ સમજાવતાં પહેલાં આચાર્ય અચકાયા. દરમ્યાનમાં પેલા સાધુઓ તેને વિચારમાં પડેલો જોઇ, શંકાઈ, કોલાહળ કરી મૂકવા લાગ્યા: "શું તું ઉત્તર જોડી કાઢવામાં ગુંથાયો છે તને મોટો જાણીને તેડાવ્યો તે શું આટલા માટે કે?" એમ અનેક પ્રકારનાં મેણાં મારી ગાભરો બનાવ્યો.

આચાર્યે જવાબ આપ્યો કે—"શું તમે નથી જાણતા કે ભગવાને ઉત્સર્ગ અને અપવાદ એવા બે રસ્તા કહ્યા છે?"

એટલે એણે એમ કહેવા માંગ્યું કે મને સાધ્વીએ સ્પર્શ કર્યો તે અત્યંત ભક્તિવશ થઈ અપવાદ માર્ગે કર્યો માટે સૂત્ર વિરુદ્ધ કાંઇ થયું નથી. અને એ જ બારીમાંથી પેલા મૂર્તિપૂજકોને પણ નાસી છૂટવાનું મળ્યું. તેઓ કહેવા લાગ્યા કે—"અમે પણ પ્રભુ ઉપરના અત્યંત ભકિતભાવને લીધે દેહેરાં કરાવીએ છીએ અને ફળફુલ આદિ ચડાવીએ છીએ તો તેનું પણ પ્રાયશ્ચિત નથી."

મહાવીર દેવે ગૌતમને કહ્યું કે—હે ગૌતમ! આ ચલિત સ્વભાવના આચાર્યે અનંત સંસાર ભમવારૂપ લાભ મેળવ્યો. કાળ સમયે કાળ કરીને તે વાણ વ્યંતર દેવ થયો.... એમ તિર્યંચ, નારકી, મનુષ્ય આદિ અવતાર લઈ મહા દુઃખ તે જીવ પામ્યો. છેવટે મહાવિદેહ ક્ષેત્રે મનુષ્ય થઈ તીર્થંકરની વાણી સાંભળી બુઝયો અને મુકિત પામ્યો."

આ પ્રમાણે મહાનિશીથ સૂત્રમાં ભગવાનના શબ્દમાં સાવદ્યપૂજાનો નિષેધ કર્યો છે.

વિવાહ ચૂલિયા સૂત્રનો દાખલો

ગૌતમસ્વામી—જિનેશ્વરોની પ્રતિમાનું વંદન પૂજન કરવાથી શ્રુતધર્મ કે ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય!

મહાવીર પ્રભુ—ગૌતમ, તેં કહ્યું તે બરાબર નથી.

ગૌતમ સ્વામી—આપ એમ કેમ કહો છો?

મહાવીર પ્રભુ—એ બાહ્ય પૂજામાં નાના મોટા જીવોની હિંસા થાય છે.

ગૌતમ સ્વામી—ભલે સૂક્ષ્મ હિંસા થાય પરંતુ તેનું ફળ સુંદર મળે તો શા માટે મૂર્તિપૂજા જૈનધર્મમાં વિધેય ન હોઈ શકે?

મહાવીર પ્રભુ—હિંસા એ ચોખ્ખી રીતે અધર્મનું કાર્ય છે અને તેથી હિંસાને પરિણામે આઠ કર્મો પૈકીના માત્ર આયુષ્ય કર્મને છોડીને

સાત કર્મોની પ્રકૃતિઓ જો શિથિલ બંધવાળી હોય તો ગાઢ બંધનવાળી બાંધે છે.

આ પ્રમાણે વિવાહચૂલિયા સૂત્રમાં પણ સાવદ્યપૂજાનો નિષેધ કર્યો છે.

૨

પૂજાનો હેતુ

જૈન ધર્મનો હેતુ મોક્ષ પ્રાપ્તિનો છે. સર્વે લોકો મોક્ષ પ્રાપ્તિના હેતુથી જ જૈન ધર્મની આરાધના કરે છે અથવા કરતા હતા. એટલે મૂર્તિ પૂજાનો હેતુ પણ મોક્ષ પ્રાપ્તિનો જ હોવો જોઈએ. અને તેથી પૂજાની સામગ્રી પણ મોક્ષ માર્ગને અનુસરતી જ હોવી જોઈએ. તે સામગ્રીમાં એક પણ વસ્તુ એવી હોવી ન જોઈએ કે જે ધર્મના સિદ્ધાંતને બાધા કરનારી હોય.

અત્યારે દ્રવ્ય મૂર્તિપૂજામાં જળ, પુષ્પ, ધુપ વગેરે અનેક વસ્તુઓ વપરાય છે કે જે ધર્મના સિદ્ધાંતને બાધ કરતા છે.

લૌકિક દેવોની દ્રવ્યપૂજા થાય છે અને તેમાં જળ, ધૂપ, દીપ વગેરે અનેક પ્રકારની સાવદ્ય સામગ્રી હોય છે. પરંતુ લૌકિક દેવોની પૂજા ઐહિક સુખ માટે જ કરવામાં આવે છે. તેમની પ્રાર્થનામાં સંસારની સુખશાંતિની જ યાચના હોય છે. પણ પારમાર્થિક સુખની, મોક્ષના સુખની યાચના હોતી નથી.

જેમકે—કુબેરની પૂજા ધન માટે કરવામાં આવે છે, કૃષ્ણની કે શિવની પૂજા સંસારના સુખ માટે કરવામાં આવે છે. અનેક પ્રકારના સુખ માટે જુદી જુદી રીતે લૌકિક દેવોની દ્રવ્ય પૂજા કરવામાં આવે છે.

જૈનોએ જિનદેવની પૂજામાં પણ લૌકિક દેવોની પૂજાનું અનુસરણ કર્યું હોય એમ લાગે છે. પરંતુ તેવી પૂજા મોક્ષનો હેતુ થઈ શકે નહિ.

અલબત્ત, જિનદેવની દ્રવ્ય પૂજા સ્વર્ગ પ્રાપ્તિનો હેતુ બની શકે. પરંતુ જૈનોની પૂજાનો હેતુ સ્વર્ગ પ્રાપ્તિનો નથી પણ મોક્ષ પ્રાપ્તિનો છે.

જૈનોની સર્વ સાધના મોક્ષ પ્રાપ્તિ માટે જ છે અથવા હોય છે. પરંતુ સાધના અધૂરી રહે અને આયુષ્ય પૂરું થાય તેથી સ્વર્ગની પ્રાપ્તિ પણ થઈ શકે છે. પરંતુ જૈનની સાધના સ્વર્ગ પ્રાપ્તિ માટે જ હોતી નથી. સ્વર્ગપ્રાપ્તિ એ તો અધૂરી સાધનાને લીધે મળેલો વિસામો માત્ર છે. સાધકનું લક્ષ્ય તો મોક્ષનું જ છે.

પરંતુ ઘણા લાંબા વખતથી જૈનોનો હેતુ જ બદલાઈ ગયો છે અથવા બદલી નાખવામાં આવ્યો છે એમ જણાય છે. કારણ કે ઘણી સ્તુતિઓમાં ભગવાનની સ્તુતિથી સ્વર્ગ પ્રાપ્તિની અથવા તો ઐહિક સુખના લાભની વાત જ બતાવી હોય છે.

જૈનોનો આ પ્રમાણે જીવનનો હેતુ બદલાઇ જવાનું મૂળ દ્રવ્યપૂજાની શરૂઆતમાં જ હોય એમ દેખાય છે.

દ્રવ્યપૂજા ગમે તેવા શુભ આશયથી શરૂ કરવામાં આવી હોય પરંતુ તેનું પરિણામ તો વિપરીત જ આવેલું છે એમ સ્પષ્ટ જોઈ શકાય છે. અને આવું પરિણામ જ આવે તે સ્વાભાવિક જ છે.

દ્રવ્યપૂજાથી પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે એમ કહેવું એ પણ એક પ્રકારનો વદતો વ્યાઘાત છે. કારણકે **દ્રવ્યપૂજાથી સ્વર્ગના સુખની પ્રાપ્તિ થાય છે તેમાં આનંદ માન્યા પછી મોક્ષના સુખની ઇચ્છા રહેતી જ નથી. એ ઇચ્છા ક્યાંય વિલાઈ જાય છે. અને પૂજક સ્વર્ગના સુખના આનંદમાં જ મગ્ન રહ્યા કરે છે. તેને પછી મોક્ષ પ્રાપ્તિની જરૂર પણ જણાતી નથી.**

અનેક પ્રકારની નવનવી દ્રવ્ય પૂજામાં જ રચ્યાપચ્યા રહેનારને

તાત્કાલિક સ્વર્ગ સુખના લાભની જ ઇચ્છા રહ્યા કરે છે. તેને પછી મોક્ષ માટેની કષ્ટપૂર્ણ સાધના તરફ કંટાળો જ આવે છે.

એટલે દ્રવ્ય પૂજાનું અનિષ્ટ પરિણામ એ આવે છે કે જૈન ધર્મની સાધનાનો મૂળ હેતુ માર્યો જાય છે અને સ્વર્ગના પૌદ્ગલિક સુખમાં જ તેનો આનંદ પૂર્ણ રીતે સમાઈ જાય છે.

મૂર્તિ પૂજકોએ મૂર્તિ અને મૂર્તિ પૂજાનો એક જ વિષય બનાવી દઈને જે ગોટાળો કર્યો છે તેમાંથી હવે તેઓ છૂટી શકતા નથી. તેથી મૂર્તિ પૂજાને–દ્રવ્ય પૂજાને સિદ્ધાંત અનુસાર ઠરાવવા માટે વિચિત્ર દલીલો રજુ કરે છે. મુનિ શ્રી ભદ્રંકર વિજયજીએ "પ્રતિમા પૂજન" નામનું પુસ્તક લખેલ છે તે પુસ્તક બીજી રીતે સુંદર હોવા છતાં તેમાં મુનિશ્રીએ પૂજા માટે જે દલીલો કરી છે તે વિચિત્ર અને ધર્મ સિદ્ધાંતને ઊલટારૂપમાં બતાવનારી છે. જેમકે—

દલીલ ૧. (પ્રતિમા પૂજન પૃષ્ટ ૯)માં મુનિશ્રી લખે છે કે—

"ઉપાસ્યના આકારની ભક્તિ માટે જે હિંસા કરે છે તે હિંસા **વ્યક્તિ-નિમિત્તક** નથી. કિંતુ ઉપાસકના સ્વાભાવિક હિંસક જીવનને જ આભારી છે.

મુનિશ્રીની દલીલ વિચિત્ર છે. ઉપાસક હિંસક સ્વભાવનો હોય અથવા તેનું જીવન હિંસામય હોય તેથી તેને હિંસામય પૂજા કરવાનો પણ અધિકાર છે અને તેથી તેની હિંસા ભક્તિને કારણે નથી એમ કહેવું તે અસત્યને સત્ય તરીકે ઠરાવવા જેવું છે.

દલીલ ૨. (પ્રતિમા પૂજન પૃષ્ટ ૯)માં મુનિશ્રી લખે છે કે—

"ત્રસ જીવ નિકાયની હિંસાથી પણ સર્વથા નહિ વિરમેલા આત્માઓ, તે હિંસાથી વિરમવા માટે ત્રસની અપેક્ષાએ અતિ અલ્પ હિંસા જેમાં રહેલી છે એવા પદાર્થો વડે ઉપાસ્યની ભક્તિ કરે તથા સર્વ જીવ નિકાયના વધથી વિરામ

પામવા સ્વરૂપ સર્વ વિરતિ સ્વરૂપ મહાન ગુણની પ્રાપ્તિને નિકટ લાવવા માટે ઉદ્યમ કરે, તે કાર્ય હિંસાનું કાર્ય છે કે તેથી તે સાવદ્યને આચરે છે એમ કહેવું તે સમજણ વિનાનું તથા ઉપહસનીય છે."

મૂર્તિની સાવદ્ય પૂજાને સાચી ઠરાવવા માટે મૂર્તિપૂજક મુનિઓ જૈન ધર્મના સિદ્ધાંતને કેવી ખોટી રીતે સમજાવે છે તેનો આ એક નમૂનો છે.

તીર્થંકર ભગવાનોએ તો કહેલુ છે કે **લોહીથી ખરડાયેલું લુગડું લોહીથી ધોવાથી સાફ થતું નથી.** ભગવાન મલ્લિનાથના ચરિત્રમાં એ વાત ઘણી સ્પષ્ટ રીતે સમજાવેલી છે. એટલે **અલ્પ હિંસાવાળી ભક્તિથી સર્વવિરતિ ગુણની પ્રાપ્તિ થાય એમ કહેવું તે તો ધર્મના સિદ્ધાંતને જ ઉલટાવવા જેવું છે.**

ખરી રીતે સાધુઓ આવી રીતે શ્રાવકોને દ્રવ્યપૂજાના કાર્યોમાં જ રચ્યાપચ્યા રાખીને તેમને આગળ વધવા દેતા નથી. જાણે કે પૂજામાં જ ઇતિ કર્તવ્યતા છે એવી જાતનો ભ્રમ શ્રાવકોમાં ઉત્પન્ન કરે છે.

અલબત્ત કેટલાક શાસ્ત્રજ્ઞ મૂર્તિપૂજક સાધુઓ એટલું તો કબૂલ કરે છે કે સૂત્રોમાં ક્યાં ય દ્રવ્ય મૂર્તિપૂજાની વાત નથી.

પૂજા શા માટે?

હાલમાં ચાલતી મૂર્તિપૂજાની વિધિના બચાવમાં મૂર્તિપૂજકો એવી દલીલ કરે છે કે તેઓ ભગવાનની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને નિર્ગ્રંથ તીર્થંકર અવસ્થાની એમ ત્રણ અવસ્થાની પૂજા કરે છે.

પૂજા જો ધર્મ માટે કે મોક્ષ માટે કરવામાં આવતી હોય તો ભગવાનની સંસારાવસ્થાની પૂજા હોઈ શકે જ નહિ. કારણ કે સંસારીની પૂજામાં ધર્મ નથી. વ્યવહાર ધર્મમાં પણ સંસારીની પૂજા હોઈ શકે જ નહિ. **સંસારી અવસ્થાની પૂજા તો સંસાર ભાવની જ વૃદ્ધિ કરે અને તે તો ભવભ્રમણનું કારણ બને.**

સંસારી દેવની પૂજામાં ધર્મ છે એમ મૂર્તિપૂજકો માનતા હોય તો પછી તેઓ જ અન્યધર્મના સંસારી દેવોની પૂજાનો વિરોધ શા માટે કરે છે?

જે ધર્મ બતાવે તેની જ પૂજા હોય. તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રગટ કર્યા પહેલાં ધર્મ બતાવતા જ નથી તો કેવળી સર્વજ્ઞ થયા પહેલાંની અવસ્થાની પૂજા કેવી રીતે હોઈ શકે?

સાચી પૂજા સર્વજ્ઞ તીર્થંકર અરિહંત ભગવાનની કે સિદ્ધ ભગવાનની જ હોઇ શકે. તે સિવાયની બીજી કોઇપણ અવસ્થાની પૂજા મોક્ષના કારણરૂપ હોઈ શકે નહિ.

પૂજાનો સાચો અર્થ

ઉપરના લખાણથી વાંચકો સમજી શકયા હશે કે વીતરાગ ભગવાનની પૂજા દ્રવ્યપૂજા વિધિથી થઈ શકે નહિ. દ્રવ્યપૂજા સંસારી દેવની જ હોઇ શકે. વીતરાગ દેવની ખરી પૂજા ભાવપૂજા જ છે. પૂજ્યની આજ્ઞાને અનુસરીને ચાલવું, વર્તન કરવું, પૂજ્યને વંદન નમસ્કાર કરવા, પૂજ્યનું બહુમાન કરવું એ જ પૂજાનો સાચો અર્થ છે.

તીર્થંકરોના જન્મ કલ્યાણક વખતે તેમના માતાપિતાની દેવેન્દ્ર પૂજા કરે છે એમ કહ્યું છે ત્યાં પણ દેવેન્દ્ર તીર્થંકરના માતાપિતાને વંદન નમસ્કાર કરે છે, તેમની સ્તુતિ કરે છે, તેમની પ્રશંસા કરે છે અને એ રીતે **તેમનું બહુમાન કરે છે. એ જ તેમની પૂજા કરી કહેવાય છે.**

મહિયા

મૂર્તિપૂજા સિદ્ધ કરવા માટે મૂર્તિપૂજકો **महिया** શબ્દનો દાખલો આપે છે. મહિયાનો અર્થ પૂજા અથવા પુજન થાય છે અને પૂજા ફૂલ વગેરે પૂજનસામગ્રી દેવ પાસે ધર્યા વિના થઈ શકતી નથી. એમ દલીલ કરી મૂર્તિપૂજકો તેમની પૂજા વિધિ સિદ્ધ કરે છે.

આ દલીલ તદ્દન ખોટી છે કારણ કે એક તો હું આગળ જેમ બતાવી ગયો તેમ ભગવાનની પૂજા તેમને કલ્પે તે જ રીતે થવી જોઇએ. ભગવાનને ન કલ્પે તેવી ચીજો તેમને અર્પણ કરવી તે મારે મન ભગવાનની આશાતના છે.

બીજું महिया શબ્દનો અર્થ પૂજા થાય છે પણ તેની સાથે પુષ્પનો અર્થ બતાવનારો पुप्फ જેવો બીજો કોઈ શબ્દ જોડાયેલો નથી. અને મહિયા શબ્દનો પુષ્પ સહિતની પૂજા એવો અર્થ થતો જ નથી.

સૂત્રોમાં ફૂલ ચડાવીને પૂજા કરવાનું કહ્યું છે ત્યાં पुप्फ શબ્દ ખાસ વાપરેલ છે. જેમકે અર્જુનમાળી મોગરપાણી યક્ષની પૂજા કરે છે ત્યાં पुप्फ શબ્દ સૂત્રમાં આપેલો છે.

ભગવાનની પૂજા માટે महिया શબ્દ વપરાય છે જેમકે લોગસ્સમાં कित्तिय वंदीय महिया એમ પાઠ આવે છે તેના અર્થ આ પ્રમાણે થાય છે—

कित्तिय = **કીર્તન** = વચનથી ભગવાનની સ્તુતિ, કીર્તન.

वंदीय = **વંદન** = કાયાથી ભગવાનને વંદન નમસ્કાર.

महिया = **પૂજન** = મનથી ભગવાનની ભાવ પૂજા.

એમ મન, વચન અને કાયાથી ભગવાનની સ્તુતિ, પૂજા, ભકિત કરવાનું કહેલ છે.

ભગવાનની ભકિત મન, વચન અને કાયાથી કરવાની છે. મહિયાનો અર્થ પુષ્પ વડે ભકિત કરવાનો હોય તો મનથી ભકિત કરવા માટે બીજો કોઈ શબ્દ હોવો જોઈએ. લોગસ્સમાં તેવો બીજો કોઈ શબ્દ નથી.

લોગસ્સનો પાઠ સર્વ સાધુઓ બોલે છે અને સાધુ પુષ્પથી પૂજા ન કરી શકે એમ તો મૂર્તિપૂજકો સ્વીકારે છે જ. એટલે મહિયાનો અર્થ ભાવપૂજા જ છે એમ સિદ્ધ થાય છે.

કયબલિકમ્મા

कयबलिकम्मा = कृत बलि कर्म = **બલિ કર્મ કર્યું અથવા કરીને.** સૂત્રોમાં જ્યાં જ્યાં કયબલિકમ્મા શબ્દ આવે છે ત્યાં ત્યાં આ પ્રમાણે પાઠ આવે છે—

ण्हाया कयबलिकम्मा कय कोउय मंगलपायच्छित्ता

અર્થ—ન્હાઈને, બલિકર્મ કરીને, કૌતુક અને મંગળરૂપ પ્રાયશ્ચિત કરીને.

અહીંઆ મતભેદ કયબલિકમ્મા શબ્દના અર્થ માટેનો છે સ્થાનકવાસીઓ કયબલિકમ્માનો અર્થ **મુખ્યત્વે** આ પ્રમાણે કરે છે— બળવર્ધક પીઠી ચોળીને અને પછી ન્હાઈને, અને (૨) **ગૌણરૂપે** અર્થ કરે છે કે—ગોત્રદેવી કે કુળદેવીનું પૂજન કરીને.

શ્રીમદ્ રાજચંદ્ર જિનાગમ શાસ્ત્રમાળા તરફથી બહાર પડેલ ભગવતીસૂત્રમાં પંડિત બેચરદાસે "ગોત્રદેવીનું પૂજન કરીને" એવો અર્થ કર્યો છે. ત્યારે મૂર્તિપૂજકો કયબલિકમ્માનો અર્થ કરે છે કે— ગૃહદેવની પૂજા કરીને એટલે કે જિનપ્રતિમાની પૂજા કરીને.

મૂળ પાઠમાં ન્હાવાનું પહેલાં અને બાલિકર્મ પછી કરવાનું છે એટલે ન્હાયા પછી પીઠી ચોળવાનું તો હોય નહિ, પીઠી ચોળ્યા પછી જ ન્હાઈ શકાય. એટલે સ્થાનકવાસીઓનો "પીઠી ચોળવા"નો અર્થ તો તદ્દન ખોટો જ છે.

બલિનો અર્થ "દેવને પ્રસન્ન કરવાને અપાતો ભોગ" એવો અર્થ થાય છે, એટલે કયબલિકમ્માનો સંબંધ દેવ સાથે છે એટલું તો ચોક્કસ સમજી શકાય છે. પણ તે દેવ એટલે કુળદેવ સમજવા કે જિનદેવ સમજવા તે નક્કી કરવાનું છે.

"બલિ કર્મ કરીને પછી કૌતુક અને મંગળરૂપ પ્રાયશ્ચિત કરીને" એમ સૂત્રના પાઠમાં છે. તો કૌતુક અને મંગળરૂપ પ્રાયશ્ચિત શું? એની

સમજણુ આ પ્રમાણે આપવામાં આવે છે—રાત્રે આવેલા કુસ્વપ્ન આદિના નિવારણુ અર્થે તેમ જ શુભ શુકનને અર્થે કરાતી તિલકધારણુની ક્રિયા તથા સરસવ, દહીં વગેરે માંગલિક વસ્તુનું દર્શન વગેરે. **સ્થાનકવાસી શા. પં. મુનિશ્રી રત્નચંદ્રજીએ** તેમના "અર્ધ માગધી કોષ"માં એ પ્રમાણે જ સમજુતી આપી છે.

કપાળે કેસરનું તિલક કરવું એ અત્યારે પણુ માંગલિક ગણુાય છે તે પ્રમાણે પ્રાચીનકાળમાં પણુ માંગલિક ગણુાતું હોય તે સંભવિત ગણુાય. આ તિલક ભગવાનની ભકિતરૂપ છે. અથવા ભક્તિના પ્રતીકરૂપ છે. એટલે તિલકથી અથવા ખરી રીતે પ્રભુભકિતથી કુસ્વપ્નની અસર એટલે મનમાંના કુવિચાર ઉડી જાય અને ભકતને મંગળરૂપ થાય એવા ભાવવાળો અર્થ હોય એમ સમજાય છે.

સમકિતી શ્રાવકના સંબંધમાં વાત હોય ત્યારે ગોત્રદેવ તે જિનદેવ હોય એમ વધારે બેસતું આવે છે. કારણુ કે તિલક જિનદેવની ભક્તિનુ ચિન્હ છે ત્યારે કુળદેવની ભકિત માટે કોઈ ખાસ તિલકનું ચિન્હ હોતું નથી.

અજૈન અથવા મિથ્યાત્વીના સંબંધમાં વાત હોય ત્યારે ગોત્રદેવ, કુળદેવ તે ગમે તે કોઈ પણુ અન્ય દેવ હોય. મિથ્યાત્વીના દેવોના પણુ જુદા જુદા તિલક હોય છે.

ત્યારે હવે શ્રાવકો કેવું બલિકર્મ કરતા તે વિચારવાનું રહે છે. ઉપર કહ્યું તેમ બલિનો અર્થ ભોગ આપવાનો છે. તો શ્રી જિનેશ્વર ભગવાન કેવા ભોગથી પ્રસન્ન થાય? ભગવાન તો પરિપૂર્ણ છે. તેમને તો કંઈ જોઈતું નથી. પણુ આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાનું સ્વીકારીને આપણુા સ્વચ્છંદ વિચાર વર્તનનો ત્યાગ કરવો, અસદ્ વિચાર વર્તનનો ત્યાગ કરવો એ જ સાચો ભોગ છે. એવા ભોગથી જ વીતરાગ ભગવાન પ્રસન્ન થાય છે.

એટલે કે શ્રાવકે બલિ કર્મ કર્યાનો અર્થ એ થયો કે શ્રાવકે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાનો સંકલ્પ કરતાં ભગવાનને પ્રાર્થના કરી કે—

હે ભગવાન! હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણ આદિ આ સંસારના સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરવાનો માર્ગ બતાવી આપે અનહદ ઉપકાર કર્યો છે તે ઉપકારનો કંઇ પણ બદલો વાળવાને હું તદ્દન અસમર્થ છું. વળી હે પ્રભુ! આપ તો કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો. તેથી હે દેવ! હું મન, વચન અને કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું. આપના પ્રત્યે પરમ ભક્તિ અને આપે બતાવેલા ધર્મની ઉપાસના મારા હૃદયમાં જીવનપર્યંત અખંડ જાગૃત રહે એવી મારી ઇચ્છા સફળ થાઓ.

હવે આ ઉપરથી મને એમ સમજાય છે કે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકની વાત હોય ત્યાં તેણે જિનદેવની ભક્તિ કરી એટલે વંદન નમસ્કાર કરીને તથા તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાનો ઉપર પ્રમાણે સંકલ્પ કરીને કેસરનું કપાળે તિલક કર્યું એવો આ પાઠનો અર્થ હોવા વિશેષ સંભવ છે. પણ બલિ કર્મના અર્થમાં પૂજા કરવાનો ભાવ તો છે જ નહિ.

મૂર્તિનો પ્રાદુર્ભાવ કેમ થયો?

મૂર્તિનો પ્રાદુર્ભાવ કેમ થયો તે દર્શાવતાં પં. શ્રી કલ્યાણ વિજયજી ગણિ તેમના "જિનપૂજા પદ્ધતિ" પુસ્તકમાં લખે છે કે—

"જે દેશમાંથી તીર્થંકર ભગવાનો વિહાર કરી જતા તે દેશના તેમના પરમોપાસક બનેલા ગૃહસ્થો તેમના વિરહમાં તેમનું દર્શન કરવાને તલસતા અને ઝૂરતા પણ તે કંઈ એવી વસ્તુ નહોતી કે કોઈની ઇચ્છા માત્રથી મળી જાય. પરિણામે તેઓ પોતાની દર્શનેચ્છાને પૂર્ણ કરવા

તેમના આકારો ચીતરાવીને કે તેમનાં પ્રતિબિંબો કરાવીને પોતપોતાના ઘરમાં રાખતા અને તેમના દીદાર નીરખીને નયનોને તૃપ્ત કરતા. આમ મનુષ્યની દર્શનેચ્છામાંથી મૂર્તિનો પ્રાદુર્ભાવ થયો."

આમાં કોઈને અતિશયોક્તિ લાગશે પણ તેમ નથી. વર્તમાનકાળમાં પણ સરળ હૃદયી ભક્તાને તેના ધર્મ ગુરુના બીજે ગામ જવાથી વિરહદુઃખ પડતાં આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યા જવાના દાખલા બનેલા છે. તો ચોથા આરાના અત્યંત સરળ ભવ્યાત્માઓને ભગવાનના વિરહનું દુઃખ અસહ્ય થાય તે સ્વાભાવિક છે. તે દુઃખ ટાળવાને માટે તેઓ ઘરમાં ભગવાનની મૂર્તિ રાખતા અને તેમના દરરોજ દર્શન કરી તેમને વંદન નમસ્કાર કરતા.

એટલે કયબલિકમ્માનો અર્થ શ્રાવકના ઘરમાંની તીર્થંકર ભગવાનની મૂર્તિને વંદન નમસ્કાર કરવા એ જ અર્થ વિશેષ સુસંગત લાગે છે.

સ્થાનકવાસીઓની એક દલીલ અથવા શંકા એમ પણ છે કે સ્નાનગૃહમાં ન્હાવા ગયા અને ત્યાં બલિ કર્મ કર્યું તો સ્નાનગૃહમાં મૂર્તિ ક્યાંથી હોય ? તો મૂળ પાઠમાં એમ છે કે—" ન્હાઇને, બલિકર્મ કરીને, કૌતુક અને મંગળરૂપ પ્રાયશ્ચિત કરીને, બહાર જવાને યોગ્ય શુદ્ધ સુંદર વસ્ત્રો પહેરીને..." તો આ બધું કામ સ્નાનગૃહમાં જ કર્યું એમ માનવું ભૂલ ભરેલું છે. સ્નાનગૃહમાં ન્હાઈને બહાર નીકળીને મૂર્તિને (જ્યાં રાખેલી હોય ત્યાં) વંદન નમસ્કાર કરીને પછી તિલક કરવાના ઠેકાણે જઈને તિલક કરીને પછી વસ્ત્ર પહેરવાના ઠેકાણે જઈને વસ્ત્ર પહેરીને....એવી રીતે પાઠનો અર્થ સમજવો જોઈએ. એટલે સ્થાનકવાસીની એ શંકા યથાર્થ નથી.

વળી શેઠીઆઓ, ધનવાનો, રાજા મહારાજાઓના બંગલામાં તો નિવાસગૃહ, રસોઇગૃહ, સ્નાનગૃહ, અતિથિગૃહ વગેરે અનેક જુદા જુદા મકાનો હોય છે. તેમાં સ્નાન ઘર એટલે ન્હાવાની એક ઓરડી કે ઓરડો નહિ પણ મોટું મકાન. તેમાં ટબથી, ફુવારાથી

વગેરે જુદી જુદી રીતે ન્હાવા માટે જુદી જુદી ઓરડીઓ હોય છે. કેટલેક ઠેકાણે તો અંદર તરી શકાય એવા મોટા હોજ હોય છે. તેમજ ન્હાયા પછી શરીર લુછવાને, વસ્ત્ર પહેરવાને વગેરે માટે જુદી જુદી ઓરડી હોય છે. તેવી રીતે ભકત શ્રીમંતો અને રાજાઓ ન્હાઈને તુરત ભગવાનને વંદન નમસ્કાર કરવા માટે એક જુદા ઓરડામાં ભગવાનની મૂર્તિ રાખતા હોય તો તે કાંઈ નવાઈ જેવું નથી. એ આખું મકાન સ્નાનગૃહ જ કહેવાય પરંતુ તેમાં જુદા જુદા કામ માટે જુદા જુદા ઓરડા હોય. તે બધું કામ પતાવીને બહાર નીકળે ત્યારે સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યા એમ કહેવાય.

ભગવતી સૂત્ર શ ૨. ઉ. ૫ માં તુંગિયાનગરીના શ્રાવકો તથા **નિરયાવલિકા સૂત્ર** તેમજ **બીજા કથાપ્રધાન સૂત્રો**મા જ્યાં જ્યાં શ્રાવકોને ભગવાનના સમવસરણમાં કે ગણધર મહારાજ અથવા કેશીશ્રમણ વગેરે આચાર્યોને વંદન કરવા તથા પ્રવચન સાંભળવા જવાની વાત આવે છે ત્યાં ત્યાં તેઓ ન્હાઈ, બલિકર્મ કરીને ગયા એવો પાઠ આવે છે.

એ બધે ઠેકાણે ઉપર કહ્યું તેમ પ્રતિમાને વંદન નમસ્કાર કર્યાં એમ સમજવાનુ છે પણ તેમાં પૂજા કર્યાની વાત નથી.

દેવલોકમાં મૂર્તિપૂજા

અંગસૂત્રોમાં કયાંય દેવોની મૂર્તિપૂજાની વિધિ બતાવી નથી. ફકત હાલમાં મળતા **જ્ઞાતાસૂત્ર**માં દ્રૌપદીએ તેના સ્વયંવર મંડપમાં જતાં પહેલાં ન્હાઈને જિનપૂજા કરી હતી તેવો ઉલ્લેખ છે. અને તેમાં તેની વિધિ સૂર્યાભદેવે કરેલી પૂજાની વિધિ રાજપ્રશ્નીય સૂત્રમાં આપેલી છે તે પ્રમાણે જાણી લેવી એમ કહેલું છે. તે પાઠ આ પ્રમાણે છે—

"જિન પ્રતિમાને પ્રણામ કરીને જેમ સૂર્યાભદેવે જિન પ્રતિમાની પૂજા કરી હતી તેમ પૂજા કરી નમોત્થુણંનો પાઠ બોલી વંદન નમસ્કાર કરી જિન ઘરમાંથી બહાર આવી."

પરંતુ સ્થાનકવાસી સંપ્રદાયના શતાવધાની પંડિત મુનિશ્રી રત્નચંદ્રજીએ જ્ઞાતા સૂત્રની આઠસો વર્ષ પહેલાંની પ્રતિ ઉપરથી પૂરવાર કર્યું હતું કે એ પાઠ પ્રક્ષિપ્ત છે. કારણ કે તે આઠસો વર્ષની જૂની પ્રતિમાં તો પાઠ જ નથી.

દેવોની પૂજાની વિધિ ફક્ત **રાજપ્રશ્નીય** તથા **જીવાભિગમ** એ બે સૂત્રોમાં જ બતાવેલ છે. અને એ બંને સૂત્રો તો ભ. મહાવીરના નિર્વાણ પછી પણ પાંચ સાત સૈકા પછી જ બનેલા છે. એટલે તેમાં જે પૂજા વિધિ આપેલ છે તે તો અહીં ભારત વર્ષમાં તે વખતે જે પુજાવિધિ પ્રચલિત થઈ ગઈ હતી. તેનું વર્ણન કરેલું હોય તે સ્વાભાવિક છે.

બાકી દેવો મહાવિનયી અને વિવેકી હોય છે. તેઓ તીર્થંકર ભગવાનના સમવસરણોમાં પણ જતા હોય છે. અને તેનો ઉપદેશ સાંભળતા હોય છે. તેથી પૂજા એટલે શું ? અને ભગવાનની પૂજા કેમ થાય ? તે પણ તેઓ સારી રીતે જાણતા હોય છે. એટલે વીતરાગ ભગવાનને કલ્પે નહિ તેવી વસ્તુ ભગવાનની પ્રતિમા પાસે ધરીને ભગવાનની આશાતના થાય એવી સાવદ્ય પ્રકારની દ્રવ્યપૂજા દેવો કરે એવી વાત તો કદી માની શકાય નહિ.

એટલે દેવો પણ વંદન નમસ્કાર વગેરે ભાવપૂજા જ કરે છે. એમ જ માની શકાય.

ઉવવાઈ સૂત્રમાં પૂજાનો દાખલો

મૂર્તિપૂજા સાબિત કરવા માટે મૂર્તિપૂજકો **ઉવવાઇ સૂત્રમાં** अप्पेगइया वंदणवत्तियं, अप्पेगइया पूयणवत्तियं એ પાઠનો ઉલ્લેખ કરીને કહે છે કે તેનો અર્થ વંદન કરવાને તથા પૂજન કરવાને એમ થાય છે અને પૂજા તો પુષ્પ આદિ દ્રવ્યોથી જ થાય એટલે મૂર્તિ પૂજા સિદ્ધ થાય છે.

આ દલીલ કરતી વખતે એ જ ઉવવાઈ સૂત્રનો બીજો પાઠ તેઓ ભૂલી જાય છે કે જેમાં ભગવાનની પૂજાની વિગત આપી છે. કોણિક મહારાજાએ મહાવીર ભગવાન પાસે જઈને તેમની પૂજા કેવી રીતે કરી તેનુ વર્ણન ઉવવાઈ સૂત્રમાં આ પ્રમાણે છે—

(૧) **શરીરથી**—હાથપગ સંકોચીને, બંને હાથ જોડીને નમ્રતા તથા વિનયપૂર્વક ભગવાનના સામે બેસી ગયા અને ભગવાનની સુશ્રૂષા કરવા લાગ્યા. એમ શરીરથી ભક્તિ પૂજા કરવા લાગ્યા.

(૨) **વચનથી**—જેમ જેમ ભગવાન વચન ઉચ્ચારતા તેમ તેમ હે ભગવાન! એમ જ છે. હે ભગવાન! સત્ય છે, હે ભગવાન! બરાબર સત્ય છે. સંદેહરહિત છે. હે ભગવાન! હું ઇચ્છું છું, હું વિશેષ ઇચ્છું છું અને આપે જે કાંઈ કહ્યું તે બરાબર છે. એમ કહીને તે ભગવાનની વચન દ્વારા સેવા–ભક્તિ–પૂજા કરવા લાગ્યા.

(૩) **મનથી**—મનમાં મહાન વૈરાગ્યભાવ ધારણ કરીને તેમજ તીવ્ર ધર્માનુરાગ રત બનીને મનથી ભગવાનની સેવા–ભક્તિ–પૂજા કરવા લાગ્યા.

આ પાઠથી સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરની પૂજા ત્રણ પ્રકારે કરવામાં આવતી. માનસિક, વાચિક અને કાયિક. મનમાં તેમનું ધ્યાન કરવું, સ્મરણ કરવું એ માનસિક પૂજા છે. વચનથી તેમના ગુણગાન કરવા એ વાચિક પૂજા છે. અને પંચાગ નમાવીને નમ્રતાપૂર્વક નમસ્કાર કરવા એ કાયમી પૂજા છે. વીતરાગ ભગવાનની પૂજા એ પ્રકારે થાય છે.

જે પદાર્થ રાગ ઉત્પન્ન કરનાર તરીકે મનાય છે તે વીતરાગ ભગવાન પર ચડાવવા અથવા તેમને ભેટ ધરવા એ પૂજા નથી પણ ભગવાનની અવજ્ઞા છે. રાગ ઉત્પન્ન

કરનાર વસ્તુઓનો તો ભગવાન પહેલેથી જ ત્યાગ કરી ચૂક્યા છે. ભગવાને ત્યાગેલી વસ્તુઓ ભગવાનને અર્પણ કરવી એમાં તેમની પૂજા નહિ પણ અવજ્ઞા છે, આશાતના છે.

આનંદ શ્રાવક

ઉપાસક દશાંગ સૂત્રમાં આનદ શ્રાવકે વ્રત લેતાં પ્રતિજ્ઞા કરી છે કે—"મને (આનંદ શ્રાવકને) આજથી અન્ય તીર્થિક, અન્ય તીર્થિક દેવ અને અન્ય તીર્થિકોએ ગૃહણ કરેલ ચૈત્યને (પ્રતિમાને) વંદન નમસ્કાર કરવા... એ કલ્પતું નથી."

અહીં પૂજા કરવાની કાંઈ વાત જ નથી. જો તે વખતે મૂર્તિપૂજન પ્રચલિત હોત તો તેમણે અન્ય તીર્થિકોએ ગૃહણ કરેલ મૂર્તિને વદન નમસ્કાર ન કરવાની પ્રતિજ્ઞાની સાથે તેની પૂજા પણ ન કરવી એવી પ્રતિજ્ઞા લીધી હોત. પણ તેવી પ્રતિજ્ઞા લીધી નથી.

એટલે તે વખતે મૂર્તિપૂજા પ્રચલિત નહોતી તે સાબિત થાય છે.

અંબડ શ્રાવક

આનંદ શ્રાવકની પેઠે જ અંબડ શ્રાવકે પણ અન્ય તીર્થિકોને, તેમના દેવોને તેમજ અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંત ચૈત્યને વંદન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કારણ કે તે વખતે મૂર્તિપૂજા થતી નહોતી. મૂર્તિની પૂજા પણ કરવામાં આવતી હોત તો અન્ય તીર્થિકે ગ્રહણ કરેલ અરિહંતની મૂર્તિને વંદન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી તેમ અરિહંતની મૂર્તિની પૂજા નહિ કરવાની પણ સાથે સાથે પ્રતિજ્ઞા લીધી હોત. પણ ફક્ત વંદન નમસ્કાર પર્યુપાસના—સેવા ભક્તિ નહિ કરવાની જ પ્રતિજ્ઞા લીધી. એટલે તે વખતે મૂર્તિપૂજા નહોતી તે સિદ્ધ થાય છે.

સૂત્રોમાં પૂજા વિધિ નથી કારણ દ્રવ્યપૂજા થતી નહોતી

પ્રાચીન કાળમાં મૂર્તિ હતી, મૂર્તિનાં દર્શન, વંદન, નમસ્કાર હતા. પણ મૂર્તિની પૂજા થતી નહોતી. એટલે જ અંગ સૂત્રોમાં ક્યાંય મૂર્તિપૂજાનો ઉલ્લેખ નથી તેમ મૂર્તિપૂજાની વિધિ પણ ક્યાંય બતાવી નથી. એક ફક્ત જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીના અધિકારમાં દ્રૌપદીએ સ્વયંવર વખતે મૂર્તિપૂજા કરી હતી એમ ઉલ્લેખ છે. તેથી અહીં તેનો પણ વિચાર કરી લઈએ.

દ્રૌપદી

મૂર્તિપૂજા સાબિત કરવા માટે મૂર્તિપૂજક સંપ્રદાય જ્ઞાતાસૂત્રમાંના દ્રૌપદીના સ્વયંવરના અધિકાર ઉપર બહુ ભાર મૂકે છે. પણ દ્રૌપદીના અધિકારથી મૂર્તિપૂજા સાબિત થઈ શકતી નથી.

દ્રૌપદીના સ્વયંવર અધિકારમાં બે વાત છે—(૧) સ્નાન કરી બલિકર્મ કર્યું, (૨) જિનઘરમાં પૂજા કરી.

દ્રૌપદી સ્વયંવર વખતે મિથ્યાદષ્ટિ હતી કે સમ્યગદષ્ટિ હતી તેમાં મતભેદ છે. સ્થાનકવાસી દ્રૌપદીને તે વખતે મિથ્યાદષ્ટિ માને છે તેના કારણમાં તેઓ જણાવે છે કે—

(૧) દ્રૌપદીએ નિયાણુ કરેલું હોવાથી તે નિયાણું પૂરું ન થાય ત્યાં સુધી તેને સમકિત પ્રાપ્ત થઈ શકે નહિ.

(૨) ઓઘનિર્યુક્તિમાં પાઠ છે કે દ્રૌપદી લગ્ન પછી સમકિતી થઈ હતી.

મૂર્તિપૂજકો કહે છે કે દ્રૌપદી સમ્યગ્દષ્ટિ હતી, તેના માતાપિતા પણ સમ્યગદષ્ટિ હતા કારણ કે દ્રૌપદીનું નિયાણું મંદ રસે થયેલું હતું તેથી સમકિત પામી શકે અને નિયાણું તો ભવપૂરો થાય ત્યારે જ પૂરું થાય.

વાસુદેવ પદ્દી નિયાણું કરવાથી જ પ્રાપ્ત થાય છે. છતાં કૃષ્ણ વાસુદેવને સમકિત પ્રાપ્ત થયું હતું અને શ્રી નેમિનાથ તીર્થંકર ભગવાનના તેઓ અનન્ય ભક્ત હતા એટલે દ્રૌપદીને પણ સમકિત પ્રાપ્ત થઈ ગયું હોય તે સંભવિત છે.

ત્યારે બીજો પ્રશ્ન એ રહે કે મૂર્તિપૂજકોના કહેવા પ્રમાણે દ્રૌપદીએ બે વાર જિનપુજા કેમ કરી? કારણ કે એક તો કયબલિકમ્મા શબ્દ પ્રમાણે અને પછી જિનઘરમાં એમ બે ઠેકાણે દ્રૌપદીએ પૂજા કરી હતી એમ મૂર્તિપૂજકો કહે છે.

અહીંઆ મને એ સંભવિત લાગે છે કે દ્રૌપદીએ સ્નાનગૃહમાં કયબલિકમ્માના અર્થ પ્રમાણે જુદી ઓરડીમાં જિનપ્રતિમા હશે તેને વંદન નમસ્કાર કર્યા. અને બીજી વાર જિનઘરે જવાની વાત નવી અને બનાવટી લાગે છે, કારણ કે—

રાજમહેલની અંદર બે જિનઘર હોવાનું સંભવિત નથી (૧) સ્નાનગૃહના મકાનની અંદર અને (૨) બીજા મકાનમાં પણ રાજમહેલની વંડીની અંદરજ. જો જિનઘર એટલે મંદિર રાજમહેલની બહાર હોય તો સૂત્રકાર તે પ્રમાણે જણાવત. વળી રાજમહેલની બહાર મંદિર હોત તો દ્રૌપદી ચાલીને નહિ પણ રથમાં બેસીને જ જાત. પણ સૂત્રમાં તો ચાલીને જવાનીજ વાત છે. એટલે બીજીવાર દ્રૌપદી જિનઘરમાં ગઈ તે આખી વાત પ્રક્ષિપ્ત લાગે છે. કારણ કે આ જ્ઞાતાસૂત્ર કે બીજા કોઈપણ અંગસૂત્રમાં કોઈએ પણ બીજી વાર પ્રતિમાનું પૂજન કે દર્શન કર્યાની વાત હોય એમ કોઈએ કહ્યું નથી.

જ્ઞાતા સૂત્રની આઠસો વર્ષની જૂની પ્રતમાં તેવો પાઠ નથી. તેથી સ્થા. શ. પં. મુનિશ્રી રત્નચંદ્રજીએ તે પાઠ પ્રક્ષિપ્ત છે એમ સાબિત કર્યું હતું.

આ દ્રૌપદીની વાત સિવાય બીજા કોઈ પણ પ્રસંગમાં મનુષ્યો (પુરુષે કે સ્ત્રીએ) મૂર્તિ પૂજા કરી હતી એવો સૂત્રમાંનો કોઈ દાખલો કોઈએ રજૂ કર્યો નથી.

પ્રક્ષેપ પાઠો

કોઈપણ અંગ સૂત્ર હાલમાં મૂળ શુદ્ધ તો ઉપલબ્ધજ નથી. જે છે તે પણ મૂળ સૂત્રનો ઘણો થોડો અંશ અને બાકીનું તો તેના ઉપરનું પૂર્વાચાર્યોનું વિવેચન જ છે. અને પાછળથી જ્યારે મૂર્તિપૂજા ચાલુ થઈ ગઈ હતી, લોકોનું મન મૂર્તિપૂજા તરફ, બાહ્યાચાર તરફ આડંબર તરફ વિશેષ આકર્ષાયું હતું, ત્યારે તે વલણને પુષ્ટ કરવા માટે પુર્વાચાર્યોએ સૂત્રમાં પૂજાની વાત ઉમેરી દીધી હોય તો તેમાં કશી અસંભવિતતા કે નવાઈ જેવું નથી.

જીવાભિગમ સૂત્રમાં તથા રાજપ્રશ્નીય સૂત્રમાં દેવલોકમાં દેવો મૂર્તિપૂજન કરે છે તેની વિધિ માટે "રાજપ્રશ્નીય સૂત્રમાંની સૂર્યાભદેવની પૂજાવિધિ પ્રમાણે" એમ બતાવેલું છે. જીવાભિગમ અને રાજપ્રશ્નીય એ બન્ને સૂત્રો મૂર્તિપૂજા શરૂ થઈ ગયા પછી પણ ઘણા વખતે બનેલા છે. એટલે તે સૂત્રો બનાવનાર આચાર્યોએ અહીં થતી હતી તે પ્રમાણેની વિધિ તે સૂત્રોમાં દાખલ કરી દીધી હોય તો તેમાં કંઈ જ અસંભવિત કે નવાઈ જેવું નથી.

અને **જ્ઞાતાસૂત્ર**માં સૂર્યાભદેવની પૂજાનો ઉલ્લેખ જ બતાવે છે કે દ્રૌપદીની મૂર્તિપૂજાનો આખો ય પાઠ પ્રક્ષિપ્ત છે, નવો જ ઉમેરેલો છે.

અંગસૂત્રમાં એવું કેમ બની શકે? એવી કોઈને શંકા થાય તો તેનું સમાધાન એ છે કે હાલના ઉપલબ્ધ સૂત્રોમાં ઘણો મોટો ભાગ તો મૂળસૂત્ર ઉપરના વિવરણ કે વિવેચનનો જ છે. મૂળસૂત્રનો બહુ જ નજીવો ભાગ તેમાં હશે. અને તેથી જ સૂત્રોમાં ભગવાન મહાવીરના વખતમાં બનેલી વાતો આવે છે કે જે ભગવાને પોતે **કહેલી** ન જ

હોય એમ સમજી શકાય છે, વિવેચનમાં જેમ એવી વાતો ભગવાનના નામે સૂત્રોમાં ઘૂસી ગઈ છે તેવી જ રીતે દ્રૌપદીની મૂર્તિપૂજાની વાત પણ ઘૂસી ગઈ હોય તો તેમાં કંઈ જ નવાઈ જેવું નથી.

બાકી સમ્યગ્દૃષ્ટિ દેવો તો મહા વિનયી અને વિવેકવંત હોય છે. અને તેઓ અરિહંત ભગવાનની પૂજા કેવી રીતે કરવી જોઈએ એ વાત તેઓ તેમના અવધિજ્ઞાનથી સારી રીતે જાણે છે તેથી તેઓ અરિહંત ભગવાનની આશાતના થાય તેવી રીતે સાવદ્ય પ્રકારની મૂર્તિપૂજા કરે જ નહિ. એટલે પૂર્વાચાર્યોના સૂત્રોમાં પૂજાની વિધિ છે તે અહીંયા તે વખતે જે વિધિ ચાલતી હતી તેનું જ વર્ણન કરેલું છે એમ સમજવું જોઈએ.

પ્રાચીન મૂર્તિઓ શું બતાવે છે?

સરકારી શોધખોળ ખાતા તરફથી થતા ખોદકામમાંથી અત્યાર સુધીમાં જે જે મૂર્તિઓ મળી આવી છે તે સર્વ જે દટાયલા શહેરમાંથી મળી આવી છે તે શહેર દટાયા પહેલાં પણ ઘણા વખત પહેલાં તે મૂર્તિઓ બનેલી હશે જ. અને જો પ્રાચીન કાળમાં મૂર્તિ પૂજા ચાલુ હોત તો તે મળી આવેલ મૂર્તિઓ ઘસાયલી હોત. પણ મળી આવેલી મૂર્તિઓ જરા પણ ઘસાયલી નથી તે વાત પૂરવાર કરે છે કે પ્રાચીનકાળમાં મૂર્તિપૂજા નહોતી. એટલે પણ દ્રૌપદીએ મૂર્તિપૂજા કરી નહોતી.

જિનઘરને કામદેવના મંદિર તરીકે લઈએ તો પણ તે વાત સંભવિત લાગતી નથી કારણકે દ્રૌપદી દૃઢ સમકિતી હતી તે તો સૂત્રમાંના બીજા ઉલ્લેખોથી નક્કી થાય છે જ એટલે તેણે કામદેવની પૂજા કરી હોય તે સંભવિત લાગતું નથી.

ઓઘનિર્યુક્તિનો પાઠ સ્થાનકવાસીઓએ રજૂ કર્યો છે અને તેમાં દ્રૌપદીને લગ્ન પછી સમકિત થવાનું બતાવ્યું છે. પરંતુ મૂર્તિપૂજકો

ચોક્કસપણે કહે છે કે ઓઘનિર્યુક્તિમાં એ પાઠ જ નથી. એટલે દ્રૌપદી લગ્ન પહેલાંથી જ સમકિતી હતી એમ સમજી શકાય છે.

"જિન પ્રતિમા જિનસરિખી" એ મૂર્તિપૂજકોનો મુદ્રાલેખ છે. જિન ભગવાનને કોઈ સ્ત્રી અડી ન શકે તે સૂત્રથી, સિદ્ધાંતથી સિદ્ધ વાત છે. જિનપ્રતિમા જિન સરિખી છે તો જિન પ્રતિમાને પણ સ્ત્રી અડી ન શકે એ સમજી શકાય તેવી વાત છે. છતાં દ્રૌપદીએ જિન–પ્રતિમાને ન્હવરાવવા વગેરેની વાત છે એટલે દ્રૌપદી મૂર્તિને અડીને જ તે બધું કરી શકી તે તો નક્કી જ. ત્યારે "આ તો સ્થાપનારૂપ છે માટે સ્ત્રી અડી શકે" એમ કહેવું તે કેટલું ન્યાયસંગત છે તે વાંચકો સહેલાઈથી સમજી શકશે.

મતલબ કે દ્રૌપદીએ મૂર્તિપૂજા કરી જ નહોતી પણ સ્નાનગૃહમાંના મૂર્તિના ઓરડામાં કે જેને જ જિનઘર કહેતા હોય તો તે સંભવિત છે ત્યાં દ્રૌપદીએ મૂર્તિને વંદન નમસ્કાર કર્યા હતા, વખતે પ્રાર્થના પણ કરી હોય.

મૂર્તિ પૂજા નહોતી તેનાં દૃષ્ટાંત

પ્રાચીન કાળમાં મૂર્તિપૂજા નહોતી તેના શાસ્ત્રીય દાખલા પણ છે, જેમ કે—

"ભરત ચક્રવર્તીની ઇચ્છા થઈ અને અષ્ટાપદ ગિરિ ઉપર ભગવાન ઋષભદેવના અગ્નિ સંસ્કારના સ્થાન ઉપર "સિંહ નિષધા" ચૈત્ય બનાવી દીધું. અને ઋષભાદિ તીર્થંકરોની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરીને ચિરસ્થાયી સ્મારક બનાવી પોતાનું કર્તવ્ય પૂરું કર્યું. ન તેની પૂજા વ્યવસ્થા માટે કોઈ ગામ ગરાસ દીધો, ન પૂજારિઓનો બંદોબસ્ત કર્યો.

"ભારતના વંશજ સગર ચક્રવર્તીના પુત્રોએ પોતાના પૂર્વજોની કૃતિને ચિરસ્થાયી અને સુરક્ષિત બનાવવા માટે તેના માર્ગો દુર્ગમ બનાવ્યા. અને ફરતી ખાઈ ખોદીને પર્વતને દુરારોહ બનાવ્યો. તેના

નિર્વાહ માટે બીજી કોઈ ચિંતા ન કરી. કેમકે તેવી ચિંતાનું કોઈ કારણ જ ન હતું. કોઈ દેવ વિદ્યાધર પહોંચી જતો અને ઇચ્છા થતી તો યથેચ્છ ભકિત કરી લેતો. નહિ તો દર્શન તો કરતો જ અને ભરતની પિતૃભકિત તથા જિન ભકિતને સંબંધે બે શબ્દો બોલતો જ.

"આપણા શાસ્ત્રોના લેખાનુસાર નંદીશ્વર, રુચક, કુંડલ આદિ દ્વીપોમાં શાશ્વત ચૈત્યો અને પ્રતિમાઓનું અસ્તિત્વ છે, અષ્ટાહ્નિક પર્વોના દિવસોમાં કે જિન કલ્યાણક આદિના પ્રસંગોમાં દેવો, અસુરો કે સિદ્ધ વિદ્યાધરો ત્યાં જઈ ઉત્સવો મનાવે છે. પણ સદાકાળ ત્યાં કોણ પૂજા કરે છે એનો ખુલાસો શાસ્ત્રથી મળતો નથી.

"આપણે સમજવું જોઈએ કે આપણી પ્રાચીન પૂજા પદ્ધતિ આજના જેવી ન હતી. તે સાચી અને સ્વાભાવિક હતી. આજની પદ્ધતિમાં કૃત્રિમતાનાં બંધનો છે, ભાવનાં સ્થાને ફરજ કર્તવ્યની કડિઓ સંકળાયેલી છે. એટલે પૂજકની આત્મભાવનાઓનો વિકાસ થઈ શકતો નથી."—જિનપૂજા પદ્ધતિ પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત.

પૂજાવિધિ નાની શરૂઆત પછી વધતી ગઈ

મૂર્તિપૂજાની શરૂઆત બહુ નાની હતી. શરૂઆતમાં (૧) સુગંધી ચૂર્ણની પુડી, (૨) પુષ્પમાળા, (૩) ધૂપ, (૪) ચાવલ (ચોખા) અને (૫) દીપક દેવને (મૂર્તિને) ધરાવતા. આ પ્રમાણે પંચોપચારી પૂજાની શરૂઆત થઈ. પછી વધીને અષ્ટોપચારી થઈ. પછી તો વધતી જ ગઈ. ચૈત્યવાસીઓએ ખાસ કરીને ખૂબ વધારી દીધી.

પૂજાવિધિ આસ્તે આસ્તે વધતી જ ગઈ તે પૂજાવિધિ અને પ્રતિષ્ઠાના જુદા જુદા વખતે થયેલા જુદા જુદા આચાર્યોના પુસ્તકો ઉપરથી સિદ્ધ થાય છે.

પૂજાવિધિથી કંટાળેલાઓએ પૂજાવિરોધ અપનાવ્યો

આ પૂજાવિધિએ લોકોને એટલો બધો ત્રાસ કંટાળો આપ્યો કે જ્યારે મુનિઓ શ્રી ધર્મસિંહજી, ધર્મદાસજી, લવજી ઋષિએ મૂર્તિપૂજા વિરુદ્ધ પોકાર ઉઠાવ્યો ત્યારે તેમને અણચિંતવી, અસાધારણ ફત્તેહ મળી. પૂજાવિધિથી કંટાળેલા સર્વ લોકોએ આ મુનિઓના પોકારને વધાવી લીધો અને તેઓ આ મુનિઓના અનુયાયી બની ગયા. આ પ્રમાણે સ્થાનકવાસી સંપ્રદાયની મોટી સંખ્યા બની ગઈ.

સ્થાનકવાસીઓના આ મૂર્તિપૂજા વિરોધી પોકારમાં મૂર્તિવિરોધ પણ સમાઈ ગયો એટલે એ વિરોધ મૂર્તિ અને મૂર્તિ પૂજા એ બે તદ્દન જુદી જુદી બાબતો છે તેની ખબર જ નહોતી. તેથી તેમણે તો તર્કથી મૂર્તિપૂજા વિરુદ્ધ તેમજ મૂર્તિની વિરુદ્ધ પણ પ્રમાણો શોધી કાઢયા અથવા ઉપજાવી કાઢયા.

પરંતુ મૂર્તિપૂજકો તો તે વખતે આ બંને જુદી જુદી બાબતો છે તેમ જાણતા જ હશે તો તેમણે મૂર્તિપૂજાનો બચાવ કરી વિરોધ વધારવાને બદલે વિરોધીઓને બંને જુદી જુદી બાબતો છે એમ સમજાવ્યું હોત તો મૂર્તિ વિરોધ તો તે જ વખતે અટકી ગયો હોત. અને પૂજા વિધિ તદ્દન બંધ તો એકદમ થઈ ન જ શકે તેથી તેમાં સુધારો ફેરફાર કરવાનું શરૂ કર્યું હોત તો મૂર્તિ પૂજા માટેનો વિરોધ પણ ઉગ્ર ન બનત.

અથવા તો તે વખતે મૂર્તિપૂજક સાધુઓ પણ મૂર્તિ અને મૂર્તિપૂજામાં એવા ઓતપ્રોત એકરૂપ બની ગયા હતા કે તે બે ભિન્નભિન્ન વિષયો છે એવી તેમને કલ્પના પણ થઈ ન હોય. અને તેથી તેમણે એ રીતે વિચાર પણ કર્યો ન હોય તો એ પણ સંભવિત છે.

ગમે તેમ પણ આ વિષયમાં યથાર્થ વસ્તુસ્થિતિ સમજવાની કોશીશ નહિ કરવાના કારણે જ હાલની સ્થિતિ સર્જાઈ છે.

સાધુઓ માટે સમાધાન કરવું અશક્ય નથી.

કાળ ધર્મે બનવાનું હતું તે તો બની ગયું પણ હવે "જાગ્યા ત્યારથી સવાર" ગણવામાં આવે અને ઉપર પ્રમાણેની સત્ય હકીકત સ્વીકારવામાં આવે તો સ્થાનવાસી અને દેરાવાસી (મૂર્તિપૂજક) બંનેની એકતા થવામાં કંઈ પણ અડચણ નડે નહિ. વાત એટલી જ કે બંને પક્ષે સત્ય હકીકત સ્વીકારવી જ જોઇએ, સંપ્રદાયવાદમાં તણાવું ન જોઇએ, સ્વમતનો દુરાગ્રહ રાખવો ન જોઈએ અને તીર્થંકર ભગવાનોના વખતમાં જે સ્થિતિ હતી, જે પ્રરૂપણા હતી તેનો સ્વીકાર કરવા તૈયાર થવું જોઈએ.

બંને પક્ષો એવી દલીલ કરી શકે કે લોકોમાં વર્ષો જુનો જે ખ્યાલ, ભાવના કે આગ્રહ પેસી ગયેલ છે તે કાઢવો મુશ્કેલ છે. તેના જવાબમાં હું કહી શકું કે લોકોમાં ખોટો આગ્રહ પેસાડનાર જ સાધુઓ છે. અને હવે સાધુઓ જ જો સત્યને હૃદયથી સ્વીકારીને તે પ્રમાણે પ્રરૂપણા કરવાને ઇચ્છે તો ઘડીકમાં લોકોને સમજાવી શકે. લોકો તો સત્યાર્થી જ છે. પણ લોકોને સત્ય શું છે તેની ખબર નહિ હોવાથી તેઓ સાધુઓના કથનને અનુસરે છે.

અત્યારે પણ સાધુઓ સત્યનો પ્રચાર કરવા માંડે, મૂર્તિની માન્યતા સાચી છે અને મૂર્તિપૂજા સૂત્રસિદ્ધ નથી તથા અરિહંત ભગવાનની આશાતના કરનારી છે તે વાત બન્ને સંપ્રદાયના સાધુઓ સ્પષ્ટતાથી લોકોને સમજાવે તો લોકો તો તરત જ સાધુની વાતને માની જાય તેમ જ છે. પહેલી વાત સાધુઓએ સત્યાર્થીપણાથી, સત્યના સ્વીકારથી, સત્ય પ્રરૂપણાથી ભવકટ્ટિ છે એમ દૃઢપણે માનવું અને પછી સાધુઓ એટલું ધ્યાનમાં રાખે અને તે પ્રમાણે વર્તે તો સ્થાનકવાસીઓ અને મૂર્તિપૂજકોની એકતામાં જરાપણ વિલંબ લાગે તેમ નથી.

મૂર્તિની માન્યતા અને મૂર્તિની પુજા વિશેનો વિચાર અત્રે પુરો થાય છે.

પાંચમા આરાના અંત સુધી
સંપ્રદાયો નહિ પણ
શુદ્ધ જૈન ધર્મ જ ટકી રહેશે

ભગવાને કહેલું છે કે જૈન ધર્મ પાંચમા આરાના અંત સુધી ટકી રહેવાનો છે એ વાત સર્વ સંપ્રદાયના સર્વ જૈનો માને છે. અને તે ઉપરથી દરેક સંપ્રદાય પોતાને ઠેઠ સુધી ટકી રહેવાની વડાઇ લીએ છે. આવી વડાઇ લેવામાં તેમની ગંભીર ભૂલ છે. કોઇ પણ એક સંપ્રદાય ઠેઠ સુધી ટકી રહેશે એમ ભગવાને કહ્યું જ નથી પણ શુધ્ધ જૈન ધર્મ જ પાંચમાં આરાના અંત સુધી રહેશે એમ જ ભગવાને કહ્યું છે.

ભસ્મગૃહને લીધે જૈન ધર્મ ચાળણીમાં ચળાશે એમ કહેલું તે ભવિષ્યવાણી સિધ્ધ થઈ ચૂકી છે. જૈન ધર્મ જુદા જુદા સંપ્રદાયો, ગચ્છો, પંથોમાં વિભિન્ન થઈને છિન્નભિન્ન થવાનો હતો તે થઈ ચૂકયો છે. હવે તો ફરીને સારો કાળ આવશે, ધર્મકાળ આવશે અને તે કાળ એકતાનો હશે, ત્યારે સર્વ સંપ્રદાયોને પોતપોતાના મતાગ્રહો છોડીને એક થવું જ પડશે અને એક જ શુધ્ધ જૈનધર્મના ઝંડા નીચે રહેવું પડશે.

એ વખત હવે બહુ દૂર નથી. સંપ્રદાયવાદીઓને, મતાગ્રહીઓને ભલે આ મારી વાત અત્યારે માનવામાં ન આવે. પરંતુ હું માનું છું કે થોડા વખતમાં જ કોઈ યુગ

પ્રધાન મહાત્મા જાગશેજ. અને તે મહાત્મા બધા સંપ્રદાયોને તેમની ભૂલો સમજાવી તેમને શુધ્ધ ધર્મમાં લાવશે જ. અને એ રીતે તે મહાત્મા સર્વને એકત્રિત કરી શુદ્ધ જૈન ધર્મનો ફેલાવો કરશે.

માટે આપણે અત્યારથી જ મતભેદોને બને તેટલા અને બને તેમ ઓછા કરતા જવું જોઈએ. અને બને તેટલા એક થવું જોઈએ. કે જેથી એ યુગ પ્રધાન મહાત્માને એકતા કરવામાં વિશેષ મહેનત પડે નહિ અને તેથી તેઓ શુધ્ધ જૈન ધર્મનો સહેલાઈથી વિશેષ ફેલાવો કરી શકે.

મારી આલોચના

અહીં મારે એક વાતની સ્પષ્ટતા કરવી જોઈએ કે મારા આગલા બે પુસ્તકો—(૧) સત્ય ધર્મ પ્રકાશ અને (૨) જૈન ધર્મ અને એકતા—તેમાં મેં મૂર્તિપૂજાનો વિરોધ કરેલ છે. પરંતુ તે વખતે મૂર્તિની માન્યતા અને મૂર્તિની પૂજા એ બે જુદી જુદી બાબતો છે તે મારા ધ્યાનમાં નહોતું. મારા વાંચન મનનના પરિણામે મને તે સત્ય લાગ્યું કે તરત મેં મૂર્તિ સૂત્ર સિદ્ધ છે તે જાહેર કર્યું હતું. એટલે મારા ઉક્ત પુસ્તકોમાં મૂર્તિપૂજાની અંતર્ગત મૂર્તિનો પણ મારાથી વિરોધ થઈ ગયો છે. તે ખોટો છે અને તેથી તેને માટે અનંતા સિદ્ધ કેવળીની સાખે આ જાહેર રીતે मिच्छामिदुक्कडं લઉં છું. મારું તે દુષ્કૃત્ય મિથ્યા હો.

❀

પ્રકરણ તેરમું

કેટલુંક સ્પષ્ટીકરણ

સાધના માર્ગમાં મિથ્યાત્વનો એકપણ અંશ હોય ત્યાં સુધી મોક્ષ દૂર જ છે

આજે બિન સાંપ્રદાયિક જૈન તો ભાગ્યે જ મળશે. મોટે ભાગે દરેક વાંચક તેના સાંપ્રદાયિક રંગથી રંગાયેલો જ હોય છે. અને તે જ્યારે કોઈ વાત તેની માન્યતાની વિરુદ્ધની વાંચે છે. ત્યારે તેનું દિલ કોઈને કોઈ રીતે ઉકળી ઊઠે તે સ્વાભાવિક છે. તે ઉકળાટ તેના શબ્દોમાં વ્યક્ત થઈ જાય છે.

તે ઉકળાટને લીધે તે લેખના ભાવને યથાર્થ સમજવાની કોશિષ કરતા નથી અને પોતાની માન્યતાની રીતે ચર્ચા કરવા માંડે છે. પરંતુ દલીલોમાંની કઈ દલીલ કઈ રીતે ખોટી છે તે બતાવવાની દરકાર કરતા નથી.

સંપ્રદાયવાદી વાંચકોમાં આવું બને તે સ્વાભાવિક છે. છતાં બધાં વાંચકોમાં ખોટી રીતે ગેરસમજુતી ફેલાવા ન પામે તેથી કેટલોક ખુલાસો કરવાની જરૂર જણાય છે. મે પહેલેથી જ જણાવેલું છે કે મારી કોઈ પણ દલીલમાં સિદ્ધાંતની રૂએ ભૂલ છે તેની કોઈ ખાત્રી કરી આપશે તો તે પ્રમાણે હું સુધારવા તૈયાર છું.

આ પુસ્તકમાંના લેખોનો હેતુ શો છે?

મૂર્તિ, મૂર્તિપૂજા, દશ પ્રશ્નો અને તેનું સમાધાન વગેરે આ પુસ્તકમાંના લેખો લખવામાં મારો હેતુ શો છે? તે ઘણાં વાંચકોમાં ગેરસમજ ન થાય માટે સૌથી પહેલાં તેનો ખુલાસો કરી દઉં છું.

મારો હેતુ ફક્ત સત્ય શોધવા, જાણવા અને જણાવવાનો છે. ભગવાન મહાવીરે શું પ્રરૂપ્યું છે તે શોધવાનો જાણવાનો અને સમજવાનો છે.

એમ તો દરેક સંપ્રદાય પોતાના મતને જ સત્ય જ માને છે. ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ તેઓ બધાય માને છે એમ તેઓ દૃઢતાથી કહે છે. છતાં ખૂબી એ છે કે બધા સંપ્રદાયોની ઘણી વાતો એક બીજાથી વિરુદ્ધ છે, પણ સર્વજ્ઞ ભગવાનના કથનમાં વિરોધ હોઈ શકે જ નહિ. એટલે જ્યારે જુદા જુદા સંપ્રદાયોની વાતોમાં વિરોધ માલુમ પડે ત્યારે એટલું તો નક્કી સમજી શકાય કે બધાની વાત સત્ય હોઈ શકે જ નહિ.

તેથી સત્ય શું છે? ભગવાને શું પ્રરૂપ્યું છે તે જાણવા ની સમજવાની અને તે પ્રમાણે વર્તવાની ભગવાનમાં શ્રદ્ધા રાખનાર દરેક જૈનની ફરજ છે તેમ મારી પણ ફરજ છે એમ હું સમજું છું અને તેથી એક સત્યાર્થી તરીકે સત્ય ધર્મ અથવા મૂળ શુધ્ધ જૈનધર્મ જાણવાની ઇચ્છા એ જ આ પુસ્તકનો હેતુ છે.

એવી સત્યની શોધ શા માટે?

સંપ્રદાયવાદીઓ કહેશે કે એવી રીતે સત્યની શોધ કરવાની જરૂર જ શી છે? તમે તમારા સંપ્રદાયની માન્યતા પ્રમાણે માનો અથવા તમને પોતાની મેળે જે સત્ય લાગે તે પ્રમાણે માનો. પણ આવી ભાંજગડમાં શું કામ પડો છો?

હા. ભાઈ તમારી વાત તો ઠીક છે. પણ તમે જ મને સમજાવ્યું છે કે—**મિથ્યાત્વથી બચો તો જ મોક્ષ પ્રાપ્ત કરી શકાય. મિથ્યાત્વનો એક અંશ હોય ત્યાં સુધી તો મોક્ષ દૂર જ છે. અને હું તો મોક્ષનો પ્યાસી છું તેથી મારામાં એક અંશ પણ મિથ્યાત્વનો રહે તે મને પરવડે તેમ નથી.**

જૈનધર્મની પ્રાપ્તિ વિના પણ જીવને મનુષ્ય ગતિ અને દેવતા ગતિના સુખો પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ મોક્ષના શાશ્વત સુખનો લાભ તો જૈનધર્મની આરાધનાથી જ મળી શકે છે. **જૈનધર્મની એ વિશિષ્ટતા છે.**

જૈનધર્મ સિવાયની અન્ય સર્વ પ્રવૃત્તિને મિથ્યાત્વ પ્રવૃત્તિ ગણેલી છે. મિથ્યાત્વરૂપ પ્રવૃત્તિ એ પાપરૂપ પ્રવૃત્તિ ગણાય છે. અને તેથી **જૈનધર્મમાં મિથ્યાત્વનો ખાસ નિષેધ કરવામાં આવ્યો છે.**

જૈન ધર્મે પાપ પ્રવૃત્તિના અઢાર સ્થાનક બતાવેલા છે તેમાં મોટામાં મોટું પાપસ્થાનક મિથ્યાત્વને કહેલું છે.

ત્યારે હું મિથ્યાત્વથી ડરીને શુદ્ધ જૈન ધર્મને શોધીને સમજવાની કોશિશ કરૂં તેમાં ખોટું શું છે?

પાંચમો સંપ્રદાય ઉમેરવો છે?

આટલું લખ્યું ત્યાં મારા કાનમાં એક અવાજ અથડાય છે તે કહે છે કે—તમે તમારી મેળે શોધ કરીને જેમ માનવું હોય તેમ માનો, પણ આવી રીતે જાહેરમાં લખીને ઊહાપોહ શા માટે કરો છો? શું તમારે પાંચમો સંપ્રદાય ઉમેરવો છે?

સત્ય વાત જાહેર કરીએ ત્યારે સંપ્રદાયવાદીઓ કેવો ઊંધો અર્થ કરી નાખે તેનો આ એક નમૂનો છે. અરે, ભાઈ, ભગવાને એક પણ સંપ્રદાય પ્રરૂપ્યો નથી અને ભગવાને શું પ્રરૂપ્યું છે તેની શોધ કરનાર પાંચમા સંપ્રદાયનો મનમાં પણ વિચાર કેમ કરી શકે? ના. ભાઈ, એવો ડર રાખશો નહિ તેમ એવું કહેશો પણ નહિ.

અને સત્યની શોધ ખાનગી રીતે થઈ શકે તેવો સંભવ નથી એમ ખાત્રી થયા પછી જ જાહેર ચર્ચા જરૂરની ગણી છે. **વળી આજે મારા જેવા સત્યાર્થી ઘણા છે તેમને પણ સત્ય જાણવાનો લાભ મળે તેમ પણ થવું જ જોઈએ.**

મિથ્યાત્વની વ્યાખ્યા

હું તો ફક્ત મારામાં મિથ્યાત્વ હોય તેનો નાશ કરવા માગું છું તો હવે મિથ્યાત્વની વ્યાખ્યા શું છે તે જોઈએ.

જૈનધર્મમાં મિથ્યાત્વની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવે છે—વીતરાગદેવ, નિર્ગંથ ગુરુ અને સર્વજ્ઞ પ્રણીત ધર્મ ઉપર શ્રદ્ધા ન હોય તે મિથ્યાત્વ.

વીતરાગદેવ ઉપર શ્રદ્ધા રાખવી એટલે વીતરાગ ભગવાન ખરેખર થઈ ગયા હતા એટલું જ માનવાનું નહિ પણ **વીતરાગ સર્વજ્ઞ દેવે કહેલું છે તે જ સત્ય છે એમ દઢતાથી માનવું તે સાચી શ્રદ્ધા કહેવાય. એટલે કે સર્વજ્ઞ દેવે પ્રણીત કરેલો ધર્મ જ સત્ય છે એમ દઢતાથી માનવું તે સાચી શ્રદ્ધા કહેવાય. અને તેનાથી વિપરીત માનવું તે મિથ્યાત્વ.**

તે જ પ્રમાણે નિર્ગંથ મુનિ ઉપર શ્રદ્ધા રાખવી એટલે કે **સર્વજ્ઞ વીતરાગ ભગવાને કહેલ છે તે પ્રમાણે જ બરાબર જે નિર્ગંથ મુનિ ધર્મ સમજાવે તે મુનિને જ સાચા ગુરુ તરીકે માનવા.** અને તેમના ઉપર શ્રદ્ધા રાખવી.

પરંતુ **ભગવાને કહેલા વચનોને ઉલટા રૂપમાં સમજાવે, સત્ય વાતને ગોપવીને કે છુપાવીને તેને જુદા જ રૂપમાં ખોટી રીતે સમજાવે તેને સાચા ગુરુ તરીકે મનાય નહિ, એટલે—**

ભગવાનના વચનોને ઉલટા સ્વરુપમાં સમજાવનાર મુનિ ઉપર શ્રદ્ધા રાખવી અને તે ગુરુ સાચું જ કહે છે એમ માનવું તે પણ મિથ્યાત્વ કહેવાય.

ભગવાનના વિરહમાં ભગવાનના વચનોને બરાબર સમજાવનાર ગુરૂ જ છે. અને તેથી જ ગુરુની ખાસ મહત્તા છે. પરંતુ તે જ કારણે

સત્યાર્થીએ ગુરુની યથાર્થ પરીક્ષા કરીને જ તેમને ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. અને ગુરુ મારફત પણ કંઈ ખોટું સમજાઈ ન જાય તેની સત્યાર્થીએ સાવચેતી રાખવી જોઈએ.

કયો જૈન ધર્મ સત્ય ?

એમ તો અત્યારે પણ જૈન ધર્મના સર્વ સંપ્રદાયો કહે છે કે જૈન ધર્મ સત્ય છે એટલું જ નહિ પણ—

જૈન ધર્મ જ સત્ય છે

(બીજો કોઈ ધર્મ સત્ય નથી)

એમ પણ બધા જ સંપ્રદાયો સ્પષ્ટ રીતે કહે છે.

ત્યારે સવાલ એ થાય છે કે—**એ જૈન ધર્મ કયો ?**

તે તે સંપ્રદાયે માનેલો જૈન ધર્મ સત્ય છે એમ માનવું ? એમ માનીએ તો એ રીતે દરેક સંપ્રદાયનો ધર્મ સત્ય છે એમ માનવું પડે. એનો અર્થ એ થાય કે જૈન ધર્મ એક નહિ પણ અનેક છે.

પરંતુ જૈન ધર્મ તો એક જ છે. ભગવાન મહાવીરે એક જ ધર્મ પ્રરૂપ્યો છે એટલું જ નહિ પણ જૈન ધર્મ અનાદિથી એક જ છે અને દરેક તીર્થંકરદેવ એક જ પ્રકારનો જૈન ધર્મ પ્રરૂપતા આવ્યા છે એમ પણ અત્યારના જૈન ધર્મના દરેક સંપ્રદાય કબૂલ કરે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે આજના કોઈ પણ સંપ્રદાયે માનેલો ધર્મ તે સંપૂર્ણપણે સાચો જૈન ધર્મ નથી, પણ જૈન ધર્મનું કોઈ અંશે રૂપાંતર છે. દરેક સંપ્રદાય મૂળ જૈન ધર્મના કોઈ ને કોઈ સિદ્ધાંતને અથવા નિયમને ઊલટા રૂપમાં પ્રવર્તાવી પોતાને સત્ય ધર્મી કહેવડાવે છે.

પરંતુ એમ એકાંતવાદ ધારણ કરનાર સંપ્રદાયને સત્ય ધર્મનો અનુયાયી માની શકાય નહિ. **જૈન ધર્મ અનેકાંતવાદ ઉપર સ્થિર**

છે. એટલે એકાંતવાદને ધારણ કરનારા સંપ્રદાયો સત્ય ધર્મને સંપૂર્ણપણે અનુસરતા નથી. જેટલે અંશે એકાંતવાદ એટલે અંશે અસત્ય ધર્મ એમ સમજી શકાય છે.

હિંદમાં મુખ્ય છ દર્શન કહેવાય છે. તે દરેક અમુક અમુક રીતે એકાંતવાદી છે, દરેક વસ્તુને જુદી જુદી બાજુથી જુદા જુદા દૃષ્ટિકોણથી જોઈને તેનું સ્વરૂપ સમજવું જોઈએ. તેમ કરવાને બદલે એ છયે દર્શનો અમુક રીતે અસત્ય ઠરે છે. પરંતુ તે બધાના દૃષ્ટિકોણ ભેગા કરીને નિર્ણય કરવામાં આવે તો તે સત્ય નિર્ણય બની જાય. અને એ રીતે જ જૈનધર્મમાં છયે દર્શન સમાઈ જાય છે એમ કહેવાય છે.

એ જ પ્રમાણે જૈનધર્મના દરેક સંપ્રદાયો અમુક અમુક બાબતોમાં એક જ દૃષ્ટિકોણથી નિર્ણય કરી વસ્તુના સ્વરૂપને ઊલટું અથવા સંકુચિત કરીને તેને સત્યધર્મનું રૂપ બતાવી રહ્યા છે. એટલે તે તે પ્રકારે તેઓ શુધ્ધ સાચા જૈનધર્મથી દૂર છે.

અને જેટલે અંશે ભગવાનના વચનની વિરુદ્ધની માન્યતા તેટલે અંશે મિથ્યાત્વ ગણાય છે.

પરંતુ એ સર્વ સંપ્રદાયોના જુદા જુદા દૃષ્ટિકોણને એકઠા કરીને વસ્તુનો નિર્ણય કરવામાં આવે તો તે શુધ્ધ ધર્મ બની જાય અથવા શુદ્ધ ધર્મની એટલા બધા નજીક આવી જાય કે તેમાં મિથ્યાત્વનો અનર્થકારી અંશ રહે નહિ.

સંપ્રદાય એ દુષમકાળનો પ્રભાવ છે.

ભગવાન મહાવીરે એક જ પ્રકારનો શુદ્ધ ધર્મ પ્રરૂપેલો છે. તેમાં કોઈ સંપ્રદાય, ગચ્છ, પંથ, ફાંટા કે વાડાને સ્થાન નહોતું. આજે અનેક સંપ્રદાય, ગચ્છ વગેરેના ભેદ પડી ગયા છે. તે ફક્ત ભેદ પાડનારની અજ્ઞાનતા અથવા અહંભાવની વૃત્તિનું જ ફળ હતું. એ આ દુષમકાળના પ્રભાવનું જ પરિણામ હતું.

આજે કાળના પ્રભાવે, અજ્ઞાનતાને લીધે, અહંભાવને લીધે કે માન પ્રતિષ્ઠાના લોભને લીધે, પૂર્વ સંસ્કારથી કે વર્તમાન સંસર્ગથી કોઈ સિદ્ધાંતને પોતાની અલ્પ બુદ્ધિ પ્રમાણે ઊલટા રૂપમાં સમજાયો હોય તેને જ સત્યરૂપે દૃઢતાથી માની લેવો અને જૈનધર્મના અનેકાંત વાદને નહિ સમજવાથી એકાંતવાદ ધારણ કરવો. એ રીતે જૈનધર્મમાં અનેક સંપ્રદાયો ગચ્છો, વાડાઓ ઉત્પન્ન થયા છે.

ધર્મમાં આવી જાતનો કોઈ પણ વિષયમાં, કોઈ પણ બાબતમાં એકાંત આગ્રહ એ તીર્થંકર ભગવાનના વચનની વિરુદ્ધનું કાર્ય છે અને ભગવાનના વચનની વિરુદ્ધના કાર્યને મિથ્યાત્વની સંજ્ઞા આપવામાં આવે છે.

શોધમાં મુશ્કેલી

આજના સાંપ્રદાયિક વાતાવરણમાં સત્યની શોધ કરવી એ મુશ્કેલ કાર્ય છે. પરંતુ લાધેલ સત્યને પ્રકાશમાં મૂકવું એ હમેશાં એથી પણ મુશ્કેલ કાર્ય ગણાતું રહ્યું છે. છતાં સત્યાર્થીને તો સત્ય શોધવું જ રહ્યું, તે તેની શોધમાંથી પાછો હટી શકે નહિ.

તેથી મેં મારાથી બનતી મહેનત કરીને જે કંઈ સત્ય શોધી શકાયું તે આ પુસ્તકમાં મારા લેખોમાં બતાવેલું છે. તેમાં મેં જરૂર પૂરતી સૂત્રોની સાક્ષીઓ, ઉલ્લેખો આપેલા છે.

છતાં તેમાં કેટલુંક સ્થાનકવાસી માન્યતા વિરુદ્ધનું છે તે તેઓ એકદમ સ્વીકારવા તૈયાર ન થાય તો તે સ્વાભાવિક છે. તેવી જ રીતે કેટલુંક મૂર્તિપૂજક માન્યતા વિરુદ્ધનું છે. તે તેઓ એકદમ સ્વીકારવા તૈયાર ન થાય તો તે પણ સ્વાભાવિક છે તે ઉપરાંત કંઈક બંને સંપ્રદાયને માન્ય ન હોય તેવું બંને ય સ્વીકારવા તૈયાર ન થાય એ પણ સમજી શકાય તેમ છે.

પરંતુ અહીંયા સવાલ સાંપ્રદાયિક માન્યતાનો નથી. કે અંગત રુચિનો સવાલ નથી. પણ ભગવાને શું પ્રરૂપ્યું હતું તે શોધી કાઢવાનું

છે. અને એ રીતે કોઈ પક્ષ જે કંઈ મારી ભૂલ અંગ સૂત્રને અનુસરીને બતાવશે તે સંબંધમાં હું જરૂર વિચાર કરીશ.

મૂર્તિ સંબંધી સ્પષ્ટિકરણ

મૂર્તિ સંબંધમાં એક બે જરૂરી સ્પષ્ટીકરણ કરી લઉં.

(૧) મૂર્તિએ વ્યવહાર ધર્મ છે અને મૂર્તિ તે આલંબનરૂપ છે.

આલંબન એટલે ટેકો. સશક્ત માણસને ટેકાની જરૂર પડતી નથી. પણ અશકત કમજોર માણસને ટેકાની જરૂર પડે છે.

તે પ્રમાણે ધર્મમાં પણ—ધર્મ જ્ઞાન અને ધર્માચરણમાં કમજોર-અશક્ત માણસને ટેકાની જરૂર પડે છે. તેવા માણસને મૂર્તિનો ટેકો, મૂર્તિનું અવલબન આશીર્વાદરૂપ મઈ પડે છે.

(૨) એક ભાઈએ સવાલ પૂછયો છે કે—અવલબન મિથ્યાત્વીને કે સમકિતીને ?

તેનો જવાબ. સમકિતના ઘણા પ્રકારો છે. તેમાં ભાવસમકિત, નિશ્ચય સમકિત વગેરે જીવોની ઉચ્ચ સમકિતી અવસ્થાના ભેદો છે તેને કોઈ આલંબનની જરૂર હોય નહિ.

પરંતુ સમકિતની પ્રાથમિક દશાના કેટલાક ભેદો છે જેવાકે—

દ્રવ્ય સમકિત—જિનેશ્વરનું વચન તત્ત્વરૂપી છે એવી સામાન્ય રુચિ.

સંક્ષેપરૂચિ—જે જૈન દર્શન યથાર્થ સમજ્યો નથી. વિશેષ ભણેલો નથી પણ વીતરાગ માર્ગની શુદ્ધ શ્રદ્ધા છે.

આવા પ્રાથમિક દશાવાળા સમકિતીને આલંબનની જરૂર રહે છે તે; ઉપરાંત સારૂં ધર્મજ્ઞાનવાળાનું મન પણ દૃઢ થયું ન હોય ત્યાં સુધી તેને આલંબનની જરૂર રહે છે.

આલંબન મૂર્તિનું જ જોઈએ અથવા હોય એમ નહિ. ગુરુનું પણ આલંબન હોઈ શકે. પણ ગુરુનું આલંબન હમેશ ન મળે ત્યારે મૂર્તિનું આલંબન હમેશ મળી શકે છે.

મૂર્તિનો અસ્વીકાર કરવો તે સામાન્ય માણુસ માટે ધર્મના એક મુખ્ય સાધનનો એટલે ધર્મનો જ અસ્વીકાર કરવા જેવું ગણાય. જૈનધર્મ ફક્ત વિશેષ જ્ઞાનવાળા માટે જ નથી. જૈન ધર્મ તો આબાલવૃદ્ધ સર્વ માટે છે. એટલે દરેક કક્ષાના માણુસ માટે જૈનધર્મમાં ધર્મ સાધનની જોગવાઈ છે તેથી જૈનધર્મે સામાન્ય કક્ષા માટે મૂર્તિનું અવલંબન આવશ્યક ગણેલું છે.

પૂજા સંબંધી સ્પષ્ટીકરણ

એક દલીલ છે કે—સૂત્રોના ઘણા અર્થો થાય છે. તે અર્થો બધા બરાબર સમજવા માટે સૂત્રોની ટીકાઓ વાંચવી જોઈએ. એટલે મૂર્તિપૂજા વિષે પૂર્વાચાર્યોએ શું સમજાવેલું છે તે ધ્યાનમાં લેવું જોઈએ.

તે સંબંધમાં ખુલાસો.

સૂત્રોમાં એક શબ્દના ઘણા અર્થ થાય છે અને તે સમજવા માટે ટીકા, ચૂર્ણી વગેરે પંચાંગી વાંચવી જોઈએ તે વાત તાત્ત્વિક શબ્દોના અર્થ માટે વ્યાજબી કહી શકાય.

અહીં મૂર્તિપૂજા સંબંધી વાતમાં તેથી કાંઈ ખાસ ફરક પડતો નથી. કારણુ કે મુખ્ય વાત તો એ છે કે અંગ સૂત્રોમાં મૂર્તિપૂજાના વિધાનની કોઈ વાત જ નથી. એટલે પછી તે વાત ટીકામાં નવી તો આવી શકે નહિ.

અંગસૂત્રો સિવાય બીજા સૂત્રો તો મૂર્તિ પૂજા રૂઢ થયા પછી બનેલા છે એટલે તેમાં મૂર્તિ પૂજાનું વિધાન હોય તેથી મૂળ વિષયમાં કાંઈ ફરક થતો નથી.

આજનો શ્રાવક વર્ગ ગાડરીઆ પ્રવાહ જેવો છે, હાજી હા કરનારો છે પણ પોતાની સ્વતંત્ર વિચાર શક્તિનો ઉપયોગ કરવાની ઇચ્છાવાળો નથી અથવા તો વિચાર શક્તિ ધરાવતો જ નથી. ત્યારે આગળનો શ્રાવક વર્ગ જિજ્ઞાસુ હતો, સમજુ હતો, ધર્મના સિદ્ધાંતોને સારી રીતે સમજનારો હતો. તેથી જ્યારે રાજપ્રશ્નીય જીવાભિગમ જેવા પાછળથી બનેલા સૂત્રોમાં તથા પૂજા વિધાન માટેના નવા બનાવેલા પુસ્તકોમાં મૂર્તિપૂજાની વાત દાખલ થઈ હશે ત્યારે શ્રાવકોમાં ઉહાપોહ થવો શરૂ થયો હશે.

સિદ્ધાંત તત્વથી અજાણ્યા લોકોએ ભક્તિભાવથી પૂજાવિધિને આવકારી હશે પરંતુ સિદ્ધાંત સમજનારા શ્રાવકોની સંખ્યા વિશેષ હોવાથી તેમનો વિરોધ પૂર્વાચાર્યોને ભારે પડ્યો હશે જ.

તેથી તે ઉહાપોહ સમાવવાને માટે જુદી જુદી યુક્તિઓ યોજવામાં આવી હશે તેમાંની એક યુક્તિ હિંસાના ત્રણ પ્રકાર પાડીને શ્રાવકોને તે રીતે મૂર્તિપૂજા શ્રાવકો માટે સિદ્ધાંત વિરુદ્ધ નથી, એમ તેમને સમજાવી લેવાની યુક્તિ અજમાવી હશે એમ સમજી શકાય છે.

પૂર્વાચાર્યોએ શ્રાવકોને ધર્મ ભાવનામાં દૃઢ કરવા માટે પૂજાવિધિ શરૂ કરી હશે એમ માની શકાય છે. પરંતુ **અંગસૂત્રમાં હિંસા, અહિંસાની વાત સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે સમજાવવામાં આવી છે ત્યાં હિંસાના આવા મુખ્ય ભેદ સંબંધી બિલકુલ વાત જ કરી નથી. ત્યારે એવી નવી વાત ઉપજાવી કાઢવી એ શું સૂત્રકાર ગણધર મહારાજની ભૂલ કાઢવા જેવું નથી? ભગવાને નહિ કહેલી વાત આવી રીતે ઉપજાવી કાઢવી તે ઉત્સૂત્ર પ્રરૂપણા કેમ ન કહેવાય?**

હિંસાના ત્રણ પ્રકાર ઉપજાવી કાઢવા તે ભગવાનના વચનને ઉલટા રૂપમાં સમજાવવા જેવું કેમ ન ગણાય તે કોઈ સમજાવશો?

બોધિદુર્લભતાનું કારણ

તીર્થંકર ભગવાનના વચનથી વિરૂદ્ધ માનવું તે મિથ્યાત્વ કહેવાય છે. અને તે બોધિદુર્લભતા થવાનું તથા ભવભ્રમણ વધવાનું કારણ બને છે.

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે તેમાં પહેલો પ્રકાર **આભિગ્રહિક મિથ્યાત્વનો** છે. આભિગ્રહિક મિથ્યાત્વની વ્યાખ્યામાં કહ્યું છે કે— ખોટી માન્યતાને હઠથી પકડી રાખવી તે આભિગ્રહિક મિથ્યાત્વ છે.

જેઓ હઠાગ્રહથી, કદાગ્રહથી, દુરાગ્રહથી સૂત્રના શબ્દોના સાચા અર્થ નહિ માનતા તેના ઊલટા અર્થ કરે અને તે ઊલટા અર્થ જ સાચા છે એવો આગ્રહ પકડી રાખે અને એ રીતે આગમ વિરુદ્ધ વર્તે તેઓને આભિગ્રહિક મિથ્યાત્વવાળા સમજવા જોઈએ.

છતાં સૌ જૈનો પોતપોતાના સંપ્રદાયની એકાંતિક માન્યતાને દઢપણે વળગી રહ્યા છે તે એક આશ્ચર્યની વાત છે.

જ્યાં સુધી સાધના માર્ગમાં મિથ્યાત્વના અંશો હોય ત્યાં સુધી તેને સાચો મોક્ષમાર્ગ કહી શકાય નહિ. કારણ કે મિથ્યાત્વનો એક અંશ પણ હોય ત્યાં સુધી મોક્ષ દૂર જ છે.

તેથી જૈન નામધારી દરેક સંપ્રદાયે ઊંડો વિચાર કરવાની જરૂર છે. જ્યાં સુધી એકાંતવાદ, સંપ્રદાયવાદનું અનુસરણ છે ત્યાં સુધી મિથ્યાત્વના અંશ છે જ. અને મોક્ષના અભિલાષી મુમુક્ષુજનોએ તો મિથ્યાત્વના મહાપાપમાંથી બચવાની બની

શકતી ઉગ્ર કોશિશ કરવી જોઈએ. માટે દરેક મુમુક્ષુએ એકાંત આગ્રહ, ખોટી માન્યતાઓ છોડી દઈને શુદ્ધ જૈન ધર્મને અનુસરવાનો, સર્વજ્ઞતીર્થંકર ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતને તે રીતે જ સત્ય માનવાનો આગ્રહ ધારણ કરવો જોઈએ.

જૈનધર્મને છિન્નભિન્ન કરનારો દુષ્ટકાળ વીતી ગયો છે. અને જૈનધર્મની ઉન્નતિ માટેનો સારો કાળ બહુ નજીકમાં આવી રહેલ છે. ત્યારે સર્વ સંપ્રદાયોએ ખોટી માન્યતાઓને તજી દઈને સર્વેએ એકત્ર થઈને આવતા સારા કાળમાં જૈન ધર્મની ઉન્નતિને ખૂબખૂબ વેગ મળે તેમ કરવાની સર્વ જૈનોની ફરજ છે, ધર્મ છે.

ધર્મની એ ઉન્નતિના કાળમાં કોઈક મહાન યુગપુરૂષ જરૂર ઉત્પન્ન થશે અને તે જૈનધર્મની એકતા કરી જૈનધર્મની ઉન્નતિ કરશે. તે વખતે તે યુગપુરુષને ઉન્નતિનાં કાર્યમાં પૂરતી સફળતા મળે તે માટે સર્વ જૈન સંપ્રદાયોએ આજથી જ પોતપોતાના મતાગ્રહો છોડી દઈને એકતાના કાર્યમાં લાગી જવું જોઇએ.

પ્રકરણ ચૌદમું

દશ પ્રશ્નો અને તેનું સમાધાન

મૂળ જૈન ધર્મ એક જ છે અને તેમાં સાધુઓ માટે અચેલકત્વ, નગ્નત્વજ પ્રરૂપેલું હોવા છતાં હાલમાં શ્વેતાંબર સંપ્રદાયો એકાંતિક રીતે સચેલક ધર્મ જ પ્રરૂપે છે તેથી સત્ય તારવવા માટે મેં નીચે પ્રમાણે દશ પ્રશ્નો તૈયાર કર્યા હતા અને તે સ્થાનકવાસી તેમજ મૂર્તિપૂજક શ્વેતાંબર સંપ્રદાયોના પત્રોમાં પ્રગટ થયા હતા. તે દશ પ્રશ્નો નીચે પ્રમાણે છે—

દશ પ્રશ્નો

(૧) તીર્થંકર ભગવાન દીક્ષા લીધા પછી નગ્ન જ રહે છે પણ તેઓ નગ્ન દેખાય નહિ. કારણ કે નગ્ન દેખાવું તે અશિષ્ટ ગણાય માટે નગ્ન દેખાતા નથી એમ શ્વેતાંબર મૂર્તિ પૂજકો તથા સ્થાનકવાસીઓ માને છે. તો કેટલાક માને છે તેમ આ જો તીર્થંકર ભગવાનનો અતિશય હોય તો તે ભગવાનના ૩૪ અતિશયોમાંનો કેટલામો અતિશય ગણાય છે? અથવા—

(૨) જો તે અતિશય ન હોય તો શા કારણથી તેઓ નગ્ન દેખાતા નથી? અને તીર્થંકર ભગવાન નગ્ન દેખાય નહિ એવું કયા સૂત્રમાં કયે ઠેકાણે જણાવ્યું છે?

(૩) નગ્ન દેખાવું એ અશિષ્ટ છે માટે તીર્થંકર ભગવાન નગ્ન દેખાતા નથી તો પણ આચારાંગ સૂત્રમાં ભગવાને અચેલક (નગ્ન) નિર્ગ્રંથો પ્રરૂપ્યા છે. જો અચેલકપણું (નગ્નત્વ) અશિષ્ટ છે તો ભગવાને નગ્નત્વ શા માટે પ્રરૂપ્યું?

(૪) ભગવાને નગ્નત્વ પ્રરૂપ્યું છે અને નગ્નત્વ અશિષ્ટ નથી એમ માનવામાં આવે તો ભગવાનના નગ્ન દેખાવામાં અશિષ્ટતા ન ગણાય એમ માનવું પડે ને?

(૫) ભગવાન નગ્ન દેખાય તે અશિષ્ટ હોય તો ભગવાનના શિષ્યો નગ્ન દેખાય તે અશિષ્ટ કેમ ન ગણાય?

(૬) ભગવાન મુહપત્તિ બાંધતા હતા એવું કયા સૂત્રમાં છે? ન હોય તો કેમ .નથી?

(૭) શ્વેતાંબર સાહિત્યમાં અચલેક અથવા જિન કલ્પી સાધુની કથા કયા સૂત્ર શાસ્ત્રમાં છે? સચેલક સાધુઓની અનેક કથાઓ છે તે પ્રમાણે અચેલકની કથા પણ હોવી જોઈએ. તેવી કથા ન હોય તો તેનું શું કારણ?

શ્વેતાંબર સપ્રદાયની ઘણી કથાઓમાં જ્યાં ગૃહસ્થને કેવળજ્ઞાન ઉપજે ત્યાં એમ આવે છે કે તેમને કેવળજ્ઞાન ઉપજ્યા પછી દેવ આવીને તેમને મુનિવેષ આપે અને કેવળી મુનિવેષ ધારણ કરે તે પછી જ તેમને વદન નમસ્કાર કરે. ત્યારે નીચેના ત્રણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૮) કેવળી મુનિવેષ ન પહેરે તે પહેલાં તેમને નમસ્કાર કેમ ન કરે? કારણ કે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તેની દેવને ખબર છે જ. તેમજ તે વખતે કેવળીની પાસે બીજા ગૃહસ્થો હોય તેમને પણ કેવળીને કેવળજ્ઞાન ઉપજ્યું છે તેની ખબર તો પડી જ હોય અથવા તો દેવ તેમને ખબર આપી શકે. તો પછી તેમને મુનિવેષ પહેર્યા પહેલાં કેવળી તરીકે વંદન કરવામાં શો વાંધો?

(૯) કેવળજ્ઞાન ઉપજ્યા પછી કેવળીને મુનિવેષ પહેરવો જ જોઈએ એવું વિધાન કયા સૂત્રમાં અને કયે ઠેકાણે છે? તે કેવળી અચેલક રહે તો શું તે અશિષ્ટ ગણાય? અને તેમને વસ્ત્રનો પરિગ્રહ શા માટે જોઈએ?

(૧૦) અચેલક મુનિને કેવળજ્ઞાન ઉપજે ત્યાર પછી તેમને પણ મુનિવેષ પહેરવો જ જોઈએ ને?

દશ પ્રશ્નોનું સમાધાન

ઉપરના દશ પ્રશ્નો શ્વેતાંબર મૂર્તિપૂજક તેમજ સ્થાનકવાસી પત્રોમાં છપાયા હતા. તેનો જવાબ "સમ્યગ્દર્શન" પત્ર તથા "જૈન" પત્રમાં છપાયેલ હતા. સમ્યગ્દર્શન પત્રના તા. ૫-૨-૧૯૬૧ ના અંકમાં તથા "જૈન" પત્રના તા. ૬-૫-૧૯૬૧ ના અંકમાં છપાયેલ જવાબો યથાર્થ નથી તેમ સંતોષકારક પણ નથી, કારણ કે એ જવાબો સાંપ્રદાયિક માન્યતા ધ્યાનમાં રાખીને જ અપાયા છે પણ મૂળ શુદ્ધ જૈન ધર્મને લક્ષીને અપાયા નથી.

તે પછી 'સમ્યગ્દર્શન' પત્રના તા. ૫ મી તથા ૨૦ મી માર્ચ ૧૯૬૧ ના અંકમાં સ્થાનકવાસી મુનિશ્રી પાર્શ્વકુમારજીએ જવાબો આપેલા છે. મુનિશ્રીએ ભ. મહાવીર નગ્ન જ દેખાતા હતા વગેરે કેટલુંક સત્ય સ્પષ્ટ રીતે સ્વીકારેલ છે તે માટે તેમને ધન્યવાદ, પરંતુ કેટલીક બાબતમાં મુનિશ્રી સાંપ્રદાયિકતાથી પર રહી શકયા નથી.

એ પ્રમાણે કોઈએ યથાર્થ જવાબ આપેલ નહિ હોવાથી મેં અમારા "જૈન સિદ્ધાંત" માસિકના મે ૧૯૬૧ ના અંકમાં તે પ્રશ્નોનું સમાધાન પ્રગટ કર્યું હતું. તે ઉપરથી છેડાઈ પડીને "સમ્યગ્દર્શન" પત્રના કટ્ટર સંપ્રદાયવાદી તંત્રી શ્રી રતનલાલજી ડોશીએ ચર્ચા ઉપસ્થિત કરી હતી અને અનેક જૂઠા વિધાનો પ્રતિપાદિત કર્યા હતા ત્યારે મારે તેના જવાબો આપવા પડેલા.

અહીં આપેલા મારા આ સમાધાનમાં તે ચર્ચામાંના મુખ્ય મુદ્દાઓનો પણ મેં સમાવેશ કરી દીધો છે. શ્રી રતનલાલજી ડોશીના જેવા જ કટ્ટર સંપ્રદાયવાદીઓ શ્વેતાંબર સંપ્રદાયોમાં અનેક છે. તેથી મારા આ સમાધાનમાં એ સંપ્રદાયવાદીઓની દલીલો રજૂ કરી તેનું સમાધાન આપેલ છે. તે એકંદર સમાધાન નીચે પ્રમાણે છે.

સત્યને નહિ ગોપવતાં સત્ય તરીકે જાહેર કરવામાં વાંધો શો ?

ધર્મમાં સત્યને જાણવાની, સમજવાની અને અનુસરવાની ઇચ્છા રાખવાથી ધર્મની એકતાને નજીક લાવી શકાય છે અને સત્યને અપનાવી તે પ્રમાણે વર્તવાથી ધર્મની એકતા સાધી શકાય છે.

ધર્મમાં સત્યને સત્ય તરીકે નહિ સ્વીકારતાં સત્યને ગોપવીને જુદા રૂપથી પ્રરૂપણા કરવાથી અસત્યનો દોષ લાગે છે અને એ રીતથી એકતા પાછી હઠે છે, ત્યારે સત્યને સત્ય તરીકે સ્વીકારવાથી એકતાનો અથવા સમન્વયનો માર્ગ સરળ બને છે.

પહેલાં પાંચ પ્રશ્નોનું સમાધાન

આ દશેય પ્રશ્નોનું કેન્દ્રસ્થાન મુનિશ્રી પાર્શ્વકુમારજી બરાબર સમજ્યા છે તે પ્રમાણે સાધુઓનું નગ્નત્વ અથવા અચેલકત્વ છે, કારણ કે નગ્નત્વને અનુલક્ષીને જ મેં આ બધા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. તેથી પાંચ પ્રશ્નોનો એકી સાથે વિચાર કરીશું.

સ્થાનકવાસી તેમ જ મૂર્તિપૂજક બન્ને સંપ્રદાયો તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી નગ્ન વિચરતા હતા એમ તો કબૂલ કરે છે જ. **પરંતુ ભગવાને સાધુ માટે મુખ્યત્વે નગ્નત્વ જ પ્રરૂપેલ છે એ વાત જાણે કરીને છુપાવે છે.**

ઐતિહાસિક સત્ય

સચેલકત્વ અને અચેલકત્વનો વાદવિવાદ એક વાત તો **સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે તે બન્ને ભગવાન મહાવીરના વખતમાં પણ અસ્તિત્વ ધરાવતા હતા.**

ભગવાન મહાવીર સ્વામીએ **સામાન્ય રીતે સર્વ સાધુ માટે અચેલકત્વ એટલે** નગ્નતા પ્રરૂપેલ ન હોત તો અચેલકત્વના આગ્રહીઓ કોઈ નવી વાત ઉપસ્થિત કરી શકત નહિ. **જો અચેલકત્વ સામાન્ય-પણે અસ્તિત્વમાં ન હોત તો અચેલકત્વાદીને તેમના આગ્રહ માટે કોઈ સ્થાન હતું જ નહિ.** પરંતુ ભગવાને અચેલકત્વ પ્રરૂપેલું હોવાથી જ તેમને તેમના આગ્રહમાં બળ મળ્યું હતું.

તેવી જ રીતે **ભગવાન મહાવીરે અપવાદરૂપે પ્રરૂપેલુ સચેલકત્વ પણ અસ્તિત્વમાં હતું.** તેથી જ સચેલકત્વવાદીને તેમના આગ્રહમાં બળ મળ્યુ હતુ.

આ હકીકત પૂરવાર કરે છે કે ભગવાન મહાવીરે સાધુઓ માટે સામાન્ય રીતે નગ્નત્વ પ્રરૂપેલું હતુ.

સચેલકવાદીઓએ ઘોષણા કરેલી કે જિનકલ્પીપણું જંબુસ્વામીના નિર્વાણ પછી વિચ્છેદ ગયું છે. આ ઘોષણાની અંદર જિનકલ્પ શબ્દ વાપર્યો છે. તેમાં અચેલકત્વનો સમાવેશ કર્યો છે, અને **આ ઘોષણા પણ પૂરવાર કરે છે કે જંબૂસ્વામી સુધી સાધુનો આચાર અચેલકત્વ—નગ્નતાનો જ હતો.**

વિક્રમની પહેલી સદી સુધી પણ બધા સાધુઓ નગ્ન જ રહેતા

અરે! ચોથા આરામાં તો શું પણ પાંચમા આરામાં ય ઠેઠ **વિક્રમની પહેલી સદી સુધી પણ સર્વ જૈન સાધુઓ નગ્ન જ રહેતા હતા.**

શ્રી જંબૂ સ્વામી પછી થયેલા આચાર્યોના શ્વેતાંબરો જે નામો આપે છે તેમાં અને દિગંબરો જે નામો આપે છે તેમાં તફાવત છે. પરંતુ શ્વેતાંબરોના આચાર્યોના નામોમાં જ આર્યરક્ષિત સૂરિનું નામ છે. તે આચાર્યના વખત સુધી સર્વ સાધુઓ નગ્ન જ રહેતા હતા.

આચારાંગ સૂત્રમાં પ્રરૂપેલો
સાધુ ધર્મ

સાધુઓના આચાર માટેનું ભ. મહાવીરે પ્રરૂપેલું આચારાંગ સૂત્ર એ મૂળ અને મુખ્ય સૂત્ર છે.

આચારાંગ સૂત્રના લોકસાર નામના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં ચારિત્રનું વર્ણન છે. તેના સૂત્ર બીજામાં લખ્યું છે કે-

> "લોકમાં જેટલા પરિગ્રહવાળા છે તેમને પરિગ્રહ અલ્પ હોય કે ઘણો હોય. સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય, સચેત હોય કે અચેત હોય પરંતુ તે સર્વ પરિગ્રહવાળા, ગૃહસ્થોમાં જ અંતર્ભૂત થાય છે. આ પરિગ્રહ તે પરિગ્રહવાળા માટે મહાભયનું કારણ છે. સંસારની દશા જાણીને તેને છોડો. જેઓ આ પરિગ્રહને જાણતા નથી તેઓને પરિગ્રહથી થવાવાળો મહાભય નથી હોતો."—સળંગ સૂત્ર ૧૪૯

અહીં અલ્પ-અણુમાત્ર પણ પરિગ્રહને મહાભયનું કારણ બતાવેલ છે. તથા અલ્પ, ઘણા, સૂક્ષ્મ, સ્થૂળ તથા સચેતન અચેતન વિશેષણોથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે અહીં સૂત્રકાર દ્રવ્ય પરિગ્રહ ઉપર જોર દઈ રહેલ છે. કારણ કે તે મમત્વનું કારણ હોવાથી ભયકારક છે. એટલે કે સર્વ મુનિઓ માટે વસ્ત્રના અલ્પ પણ પરિગ્રહરહિત—નગ્ન રહેવાનું કહેલું છે.

તે પછી છઠા **અધ્યયનના ત્રીજા ઉદ્દેશાના પહેલા સૂત્રમાં** કહ્યું છે કે—

"એ પ્રમાણે સુઆખ્યાત ધર્મવાળા તથા આચારના પરિપાલક જે મુનિ કર્મબંધના કારણ કર્મોને છોડીને **અચેલક-વસ્ત્રરહિત રહે** છે તે ભિક્ષુને—"મારા વસ્ત્ર જીર્ણ થઈ ગયા છે, વસ્ત્ર માગીશ અથવા સાંધવાનો દોરો માગીશ, સોય માગીશ. ફાટેલા વસ્ત્રને સાંધીશ, જો વસ્ત્ર નાનું હોય તો તેમાં બીજું વસ્ત્ર જોડીને મોટું કરીશ, મોટું હશે તો ફાડીને નાનું કરીશ ત્યારે તેને પહેરીશ અથવા ઓઢીશ, અથવા ભ્રમણ કરતા તે અચેલ-નગ્ન ભિક્ષુને તૃણ સ્પર્શ થાય છે, ઠંડી લાગે છે, ગરમી લાગે છે, ડાંસ મચ્છર ડંખ દીએ છે (કરડે છે)" —આવી આવી ચિંતા તે ભિક્ષુને સતાવતી નથી.

"**અચેલકપણામાં લાઘવતા** માનીને તે ભિક્ષુ પરસ્પરમાં અવિરુદ્ધ અનેક પ્રકારના પરિસહોને સહે છે. એમ કરવાથી તે ભલા પ્રકારથી તપને ધારણ કરે છે. એ રીતે ચિરકાળ સુધી સંયમનું પાલન કરવાવાળા મહાવીર ભગવાને ભવ્ય જીવોને જે તૃણસ્પર્શ આદિ પરિસહો સહન કરવાનું બતાવ્યું છે તે પ્રમાણે સહન કરે."—સળંગ સૂત્ર ૧૮૫.

અહીં વસ્ત્રથી મુનિને જુદી જુદી કેવી કેવી ચિંતાઓ સતાવે છે તે બતાવીને મુનિને અચેલ—નગ્ન રહેવાનું સ્પષ્ટ રીતે કહેલ છે એટલું જ નહિ પણ નગ્નતામાં લાઘવતા બતાવીને, મુનિઓએ નગ્ન રહીને તૃણસ્પર્શ આદિ પરિસહો સહન કરવાનું ફરમાવ્યું છે.

ફક્ત ઠંડીમાં ઓઢવા માટે જ
ત્રણ વસ્ત્રની છૂટ

આચારાંગ સૂત્રના આઠમા વિમોક્ષ અધ્યયનના ચોથા ઉદ્દેશામાં સૂત્ર ૧-૨ માં લખ્યું છે કે—

"જે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને ચોથું પાત્ર રાખે છે તેને એમ નથી થતું કે ચોથું વસ્ત્ર માગીશ. (જો તેની પાસે વસ્ત્ર ન હોય અને શીત કાળ આવી જાય તો) તેણે એષણાને અનુસાર જ વસ્ત્ર માગવું જોઇએ અને જેવું મળે તેવું જ રાખવું જોઈએ. તેણે વસ્ત્રને ધોવું ન જોઈએ. ધોઈને રંગેલું વસ્ત્ર તેણે રાખવું ન જોઇએ. ગામાંતરે જતાં વસ્ત્રો છૂપાવવા ન જોઈએ. એ પ્રમાણે એ અવમચેલક એટલે અલ્પવસ્ત્રવાળો સાધુ થાય છે. આ વસ્ત્રધારી સાધુની સામગ્રી છે.

જ્યારે શીતકાળ વીતી જાય અને ગ્રીષ્મ ઋતુ આવી જાય ત્યારે વસ્ત્ર જીર્ણ ન થયાં હોય તો તેને ક્યાંય રાખી દીએ (અને નગ્ન વિહાર કરે. પણ શીતકાળ ચાલ્યો જવા છતાં ઠંડી પડતી હોય તો) વસ્ત્રોને પોતાની પાસે રાખે, જરૂર પડે ત્યારે ઓઢે, જરૂર ન હોય ત્યારે ઉતારી નાખે, અથવા ત્રણમાંથી બે વસ્ત્ર રાખી લીએ અથવા એક શાટક રાખી લીએ અથવા અચેલ—નગ્ન થઈ જાય."—સળંગ સૂત્ર ૨૧૧ ૨૧૨.

અહીંઆ ફક્ત ઠંડીમાં ઓઢવા માટે એકથી ત્રણ વસ્ત્ર સુધી રાખવાની છૂટ આપી છે પણ ઠંડી ઊડી ગયા પછી એક પણ વસ્ત્ર રાખવાની વાત નથી. ઠંડી ચાલી જતાં તે વસ્ત્રો ક્યાંય પણ રાખી મૂકીને સાધુ અચેલ—નગ્ન થઈ જાય એમ સ્પષ્ટ આજ્ઞા છે.

લજ્જા સહન નહિ કરી શકનાર માટે લંગોટની આજ્ઞા

આચારાંગ સૂત્રના આઠમા અધ્યયનના સાતમા ઉદ્દેશાના પહેલા સૂત્રમાં લખ્યું છે કે—

> "જે ભિક્ષુ અચેલ-સંયમ ધારણ કરે છે તેને જો એવો વિચાર આવે કે હુ તૃણસ્પર્શની બાધાને સહન કરી શકું, શીતસ્પર્શની બાધા સહન કરી શકું, ઉષ્ણ સ્પર્શની બાધા સહન કરી શકું પરંતુ લજ્જાના પ્રચ્છાદનને છોડવાને અસમર્થ છું, તો તે કટિબંધ—લંગોટ ધારણ કરે."
>
> —સળંગ સૂત્ર નં. ૨૨૩

આ ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે કે—

(૧) ભગવાને સાધુ માટે મૂળ અથવા મુખ્યત્વે અચેલકત્વ જ પ્રરૂપેલ છે. પણ

(૨) જે સાધુ શીત (ઠંડી) સહન કરી ન શકે તેને માટે ૧ થી ૩ એકથી ત્રણ વસ્ત્રની છૂટ આપી છે અને તે પૂણ ફક્ત ઠંડી પડતી હોય ત્યાં સુધીની, ઠંડીના કાળ પૂરતી જ છૂટ આપી છે.

(૩) જે સાધુ લજ્જા સહન કરવાને અશક્ત હોય તેને કટિબંધ-લંગોટ રાખવાની છૂટ આપી છે.

આ પ્રમાણે આચારાંગ સૂત્રમાં શીત પરિસહ સહન કરવાને અસમર્થ સાધુને માટે ફક્ત શીતકાળમાં વધારેમાં વધારે ત્રણ વસ્ત્ર સુધીનું વિધાન કરેલ છે અને લજ્જાશીલ સાધુને માટે ફક્ત લંગોટીની અનુજ્ઞા

આપી છે. બાકી તો અચેલ-નગ્ન વિહાર કરવાની આજ્ઞા આપી છે. અને તેમાં લાઘવ બતાવ્યું છે.

આચારાંગ સૂત્રમાં મહાવીર ચરિત્રના અંતે સૂત્રકારની ભલામણ

વળી, શ્રી આચારાંગ સૂત્રમાં મહાવીરચરિત્રને અંતે સ્પષ્ટ કહ્યું છે કે—"एस विही अणुक्कंते माहणेण मतीमता। बहुसो अपडिन्नेणं भगवया एवं रियंति–त्तिबेमि" અર્થાત્, 'આ (સર્વ) રીતિ શ્રી શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર મહાવીરે પાલન કરી છે તે **પ્રમાણે બીજા મુનિઓએ પણ વર્ત્તવું.'**

આમાં ભવિષ્યનું જાણપણું ધરાવતા શાસ્ત્રકારે બીજા મુનિઓને પણ ભગવાનનું અનુકરણ કરવા જ ફરમાવ્યું છે.

આ કાળ પૂર્વકાળ કરતાં નિર્બળ છે એ વાતની કોઈ ના કહી શકે તેમ નથી; પરન્તુ લોકલજ્જાનો પરિસહ જીતવાનું ન જ બની શકે એટલી હદની નિર્બળતા અને તે પણ સર્વત્ર આવી ગઈ છે એમ માનવાને આપણી પાસે કશું કારણ નથી. તેથી ઊલટું, **જૈન તેમ જ અજૈન સમ્પ્રદાયોના નગ્ન સંતો ઘણી વાર આજે પણ આપણી નજરે પડે છે. આ પ્રત્યક્ષ પ્રમાણ** 'આ કાળમાં નગ્ન રહી શકાય જ નહિ' એવી શંકાને સમૂળ ઉડાડી દે છે.

હા, જેઓ એટલી કોટિએ હજી ન પહોંચ્યા હોય, જેઓને એ સ્થિતિ હજી અનુકૂળ ન થઈ હોય, તેઓ ખુશીથી માનોપેત વસ્ત્ર ધારણ કરે. **પરંતુ તેમણે પણ ક્રમેક્રમે આત્મબળ ખીલવીને વસ્ત્રસંખ્યા ઓછી કરતા કરતા એક દિવસ તદ્દન નગ્ન બનવાની ઉત્કટ ઉત્કંઠા રાખવી જ જોઈએ.**

તેને બદલે એ ઈષ્ટ સ્થિતિને-દિગમ્બર દશાને-જેઓ ધિક્કારે છે, અને જૈન ધર્મના કાયદા વિરુદ્ધનો પાખંડ મત ઠરાવે છે તેઓ તો માત્ર બાળજીવો છે, દયાખાવા જેવી અજ્ઞાન દશામાં સડતા તુચ્છાત્માઓ જ છે.

અમુક ચીજ દુષ્કર છે એટલા જ ખાતર એને અધર્મ્ય ઠરાવવાની કોશીશ કરવી એ માત્ર અજ્ઞાનીનું કામ છે.

બીજાસૂત્રોમાં ઉલ્લેખો

શ્રી સ્થાનાંગ સૂત્રમાં ફરમાન છે કે—"**पंच महव्वइय सपडिक्कमणे अचेल धम्मे पणंते**" સાધુને પાંચ મહાવ્રત પ્રતિક્રમણ સહિત, અચેલ એટલે વસ્ત્ર રહિત ધર્મ કહેલ છે. આમાં પણ '**अचेल**' શબ્દથી વસ્ત્રરહિતપણું સિદ્ધ થાય છે.

શ્રી સૂયગડાંગ-સૂત્રકૃતાંગ-સૂત્રમાં ફરમાન છે કે—

अप्पेगे वइजुंजंति नगिणा पिंडोवगाहमा ।
मुंडा कंडूविणटंगा उज्जल्ला असमाहिता ॥

આત્મજ્ઞાની મુનિઓ **વસ્ત્રરહિત** તથા **સ્નાનરહિત** હોવાથી અજ્ઞાની લોકો તેમને જોઈને તેમની મશ્કરી કરતાં બોલે છે કે—"એ અડોદા આત્મધ્યાની પુરુષો નાગા, દિગંબર, પરપિંડના આસીઆળા, અધમ દુર્ગચ્છાના સ્થાનક, મુંડા, ખાજીએ કરી એમના શરીર વિણઠા છે, મળ પ્રસ્વેદ સહિત તથા સર્વકાળ અસમાધિમાં એટલે કે દેહભાનરહિત રહેવાવાળા છે."

આ વચનમાં પણ નાગા-દિગમ્બર વૃત્તિવાળા, રૂપ-રંગ-ગંધની હદ વટાવી ગયેલા, એવા મુનિઓની સાબીતી થાય છે.

અત્રે કોઈને શંકા થશે કે, આવી રીતે વર્તવાથી તો લાંબો કાળ જીવી જ શકાય નહિ. આ શંકાનું સમાધાન **ભગવાન સૂત્રકાર સુયગડાંગજી સૂત્રમાં** જ કરે છે કે

"णो अभिकंखेज्जजीवियं"

મુનિઓ અચેલ પરિસહ, મેલ પરિસહ, ડાંસ પરિસહ વગેરે પરિસહોને સહન કરે, પણ જીવિત વાંચ્છે નહિ.'

જીવવાની લોલુપતા વગરના અને મરણની દરકાર વગરના (તેમજ જીવનનાં દુઃખોથી કંટાળવાને પરિણામે બીજાઓ મરણને વાંચ્છે છે તેમ મરણને નહિ વાંચ્છનારા)—એવા સ્વઆનંદમાં મસ્ત રહેતા ખરા સાધુ હોય છે.

શ્રી ભગવતીજી સૂત્રમાં "नग्गभावे जावतमहं आराहेत्ता जाव सव्वं दुक्खापहीणे" **નગ્નભાવ એટલે વસ્ત્રરહિતપણું-દિગંબરપણું-આદરવાને પરિણામે દુઃખમાત્રને પ્રક્ષીણ કરવાનું લખ્યું છે;** અર્થાત્ દિગંબરપણાનો મહાવરો પડવાથી દુઃખમાત્રની **લાગણી** મરી જાય છે. (One is disciplined to the extent of being proof against good and bad emotions.)

આ પ્રમાણે મૂળ સૂત્રોમાં સાધુઓ માટે નગ્નત્વનું જ વિધાન છે પરંતુ હાલને માટે **અલબત્ત, હું એ કબૂલ કરૂં છું કે હાલના નિર્બળ સંઘયણના કારણે અને દેશાચાર કારણે સાધુને વસ્ત્ર પહેરવાની જરૂર છે. પણ આજની પેઠે ઢગલાબંધ વસ્ત્ર તો રાખવા ન જ જોઈએ.**

અને આપણી નિર્બળતા છુપાવવાને માટે વસ્ત્રની છૂટ ભગવાનના નામે ચડાવી દેવી એ તો અનંત સંસાર વધારવાનું જ કારણ બની શકે.

અત્યારે પણ જે સાધુ નગ્નત્વ પાળી શકે તેને માટે નગ્નત્વનો નિષેધ કરી શકાય નહિ.

જ્યારે ભગવાન મહાવીરે સાધુઓ માટે નગ્નત્વ જ પ્રરૂપ્યું છે ત્યારે ભગવાનના વખતમાંય "વિશેષ સંખ્યામાં વસ્ત્રધારી સાધુ હતા" એમ કહેવું તે નરી અજ્ઞાનતા છે અથવા નર્યું જૂઠાણું છે.

સાધુના દશ કલ્પ

કલ્પસૂત્રમાં સાધુઓ માટે દશ પ્રકારના સ્થિત કલ્પ (આચાર) બતાવ્યા છે. તે આ પ્રમાણે છે—

(૧) અચેલકપણું
(૨) ઉદ્દિષ્ટનો ત્યાગ
(૩) વસતિકર્તાના પિંડઆદિનો ત્યાગ
(૪) રાજપિંડનો ત્યાગ
(૫) કૃતિકર્મ
(૬) મહાવ્રત
(૭) પુરુષની જ્યેષ્ઠતા
(૮) પ્રતિક્રમણ
(૯) એક માસ સુધી જ એક સ્થાને રહેવું.
(૧૦) વર્ષાકાળમાં ચાર માસ એક સ્થાને રહેવું.

અહીં ધ્યાનમાં રહે કે આ કલ્પોમાં મહાવ્રતોને ગણી લેવા છતાં **અચેલક કલ્પને જુદો તથા સૌથી પહેલો ગણેલો છે. કારણ કે ભગવાન મહાવીરે અચેલક ધર્મનું જ પ્રતિપાદન કરેલ છે.**

આ પ્રમાણે ભગવાન મહાવીરે સ્પષ્ટ રીતે અચેલક ધર્મ (નગ્નત્વ) પ્રરૂપેલ છે છતાં તેને ખોટું રૂપ આપી, ખોટા અર્થ કરીને ભગવાન મહાવીરે સર્વ સાધુ માટે સામાન્ય રીતે સચેલક ધર્મ પ્રરૂપ્યો છે એમ સંપ્રદાયવાદીઓ કહે છે તે સ્પષ્ટ રીતે

ભગવાનના વચનનું ઉલ્લંઘન કરનારી પ્રરૂપણા છે. અને ભગવાનના વચનની વિરુદ્ધ પ્રરૂપણા કરવાનું ફળ શું આવે છે તે સંપ્રદાયવાદીઓએ સમજી લેવાનું છે.

ઇતિહાસવેત્તા મુનિશ્રી કલ્યાણવિજયજી મહારાજ તેમના "શ્રમણ ભગવાન મહાવીર" પુસ્તકના ૨૯૨ મે પાને લખે છે કે—

"આચારાંગ સૂત્રના અચેલકતા પ્રતિપાદક ઉલ્લેખોને જિનકલ્પ પતિપાદક ઠરાવી દીધા અને તે સમયના ગ્રંથકાર ચોલપટ્ટકની ગણના સ્થવિર કલ્પીઓના મૂળ ઉપકરણોમાં કરી ચૂક્યા હતા."

એકની એક વાત
ત્રણ રીતે કહી શકાય

સચેલકત્વ ધારણ કરવાની વાત નીચે પ્રમાણે ત્રણ જુદી જુદી રીતે કહી શકાય છે—

૧. સત્ય સ્વીકારીને

ભગવાન મહાવીરે સર્વ સાધુ માટે સામાન્ય રીતે અચેલકત્વ–નગ્નત્વ પ્રરૂપ્યું હતું તે વાત ખરી પરંતુ હાલના પાંચમા આરામાં શરીરનું બંધારણ નિર્બળ થઇ જવાથી તેમ જ અત્યારના દેશાચાર પ્રમાણે વ્યવહારિક સંયોગો નગ્નત્વ નીભાવી શકે તેમ નહિ હોવાથી નગ્નત્વ ધારણ કરી શકતા નથી. પરંતુ ભગવાન મહાવીરે અપવાદ તરીકે જે સચેલકત્વ પ્રરૂપ્યું છે તેનો આશ્રય લઇને સચેલકત્વ સ્વીકારીએ છીએ.

૨. સત્ય છુપાવીને

ભગવાને સર્વ સાધુ માટે સામાન્યપણે નગ્નત્વ પ્રરૂપ્યું નહોતું એમ ખોટી રીતે સમજાવીને અને નગ્નત્વ વિચ્છેદ ગયું છે એવી ખોટી ઘોષણા કરીને સચેલકપણાની પ્રરૂપણા કરવામાં આવે તે.

૩. ભગવાનના વચનોનો લોપ કરીને

संजय શબ્દથી સ્ત્રીમુક્તિ પૂરવાર થતી હોવાથી દિગંબરોએ જેમ તેમનાં પટ્ખંડાગમમાંથી સંજય શબ્દ કાઢી નાખવાનું ઠરાવ્યું તે પ્રમાણે સચેલકવાદીઓ પણ આચારાંગ, દશવૈકાલિક વગેરે સૂત્રમાંના અચેલકત્વ સંબંધના સૂત્રો કાઢી નાખે પછી સચેલકત્વ નિર્વિવાદ રીતે સાબિત રહી શકે. કારણ કે પછી ભગવાને શું કહ્યું હતું તે જાણવાનું સાધન કોઈને રહે નહિ.

પહેલી રીતથી—**સત્યનું પાલન થાય છે.**

બીજી રીતથી—**મિથ્યાત્વનું પાલન થાય છે.**

ત્રીજી રીતથી—**સ્વમતનું પાલન થાય છે.**

સંપ્રદાયવાદીઓએ કઈ રીત અંગીકાર કરી છે અને સાચા જૈન ધર્મીએ કઈ રીત અંગીકાર કરવી જોઈએ તે વાંચક સારી રીતે સમજી શકે તેમ છે.

સૂત્રોમાં વિરોધાભાસ

ભગવાનના વચનમાં ક્યાંય પણ વિરોધાભાસ કે અસંગતતા કે વિસંવાદ હોઈ શકે નહિ તે નિર્વિવાદ અને નિશ્ચિત વાત છે. એટલે ઉપરના ભગવાનના વચનો સાથે બીજા સૂત્રમાંના કોઈ પણ વચન સાથે વિરોધાભાસ, અસંગતતા કે વિસંવાદ જણાતો હોય ત્યારે ત્યાં કાંઈ પણ

ભૂલ છે એમ માનવું જ જોઈએ. તે વિરોભાસ કે અસંગતતાનું કારણ સામાન્ય રીતે નિષ્પક્ષ વિદ્વાનો જાણતા જ હોય છે અને કોઈ ન જાણતા હોય તો પણ તે શોધવાનું વિદ્વાનો માટે મુશ્કેલ નથી.

અચેલકના પલટાવેલા અર્થો

સંપ્રદાયવાદીઓ અચેલનો અર્થ "અલ્પવસ્ત્રવાળા" એમ અર્થ કરવાનું ઉચિત ગણે છે. કારણ કે પૂર્વાચાર્યોએ તેવો અર્થ કરેલ છે.

સાંપ્રદાયિકતાના હિસાબે એવો ઉચિત અર્થ કહી શકાય પરંતુ મૂળ અર્થની વાત કરવી હોય તો અચેલકનો અર્થ નગ્નતા જ થાય છે.

પૂર્વાચાર્યના મતને અનુસરીને વાત કરવી હોય તો પૂર્વાચાર્યોએ તો અચેલકના અર્થ જુદે જુદે વખતે જુદા જુદા કર્યા છે. જેમકે પહેલાં અચેલકનો અર્થ જિનકલ્પ સાથે જોડી દીધો, પછી તેનો અર્થ અલ્પચેલ કર્યો, પછી અચેલનો અર્થ અલ્પ મૂલ્ય વાળું વસ્ત્ર એવો કર્યો.

પૂર્વાચાર્યોએ અચેલકના અર્થમાં કેવા કેવા ફેરફારો કર્યા છે તેની વિગત મે મારા પુસ્તક **જૈન ધર્મ અને એકતા**ના પૃષ્ઠ ૬૭ થી ૭૩ માં આપેલી છે તે જિજ્ઞાસુએ વાંચી લેવી.

ભગવાનનું સ્વરૂપ

શ્રી જીવાભિગમ સૂત્રમાં એકરૂપ દ્વીપના યુગલિક પુરુષોના શરીરના વર્ણન અનુસાર ઔપપાતિક સૂત્રમાં ભગવાન મહાવીરના શરીરના વર્ણનમાં वरतुरंग मुजाय मुगुज्झ देसे.......વગેરે વર્ણન આવે છે એમ સંપ્રદાયવાદીઓ જણાવે છે તે ઠીક છે.

એ યુગલિયાના શરીરો ભરત ક્ષેત્રના કર્મભૂમિના મનુષ્યોના શરીરો જેવા નથી એ તો સ્પષ્ટ વાત છે જ. અને ભિન્ન ભિન્ન પ્રકારના શરીરોની સરખામણી કરી શકાય નહિ તે સમજી શકાય તેવી વાત છે. છતાં તેથી મુખ્ય વિષયમાં જરાય પણ ફરક પડતો નથી.

કારણ કે મૂળ વાત એ છે કે **ભગવાન મહાવીરે સર્વ સાધુઓ માટે સામાન્ય રીતે નગ્નત્વ પ્રરૂપ્યું છે અને પ્રભુ પોતે પણ નગ્ન રહેતા અને નગ્ન દેખાતા હતા તે વાત તો સિદ્ધ થઈ ગઈ છે.**

સંપ્રદાયવાદીઓના તર્ક અને તેનાં સમાધાન

તર્ક ૧. નગ્નભાવ-મુંડભાવ

સંપ્રદાયવાદીઓ નગ્ન માવનો અર્થ ભાવ-નગ્નતા કરે છે. "નગ્નભાવ શબ્દમાં ભાવ શબ્દ આવે છે તેથી ભાવનગ્નતા અર્થ સ્પષ્ટ છે. સર્વ સાચા સાધુઓ નગ્નભાવથી રહે છે પછી ભલે તે વસ્ત્રધારી હોય." આ પ્રમાણે તેઓ કહે છે.

સંપ્રદાયવાદીઓ એ પણ કબૂલ કરે છે કે શ્રી સૂત્રકૃતાંગ વગેરે સૂત્રોમાં શ્રમણોના વર્ણનમાં આ બન્ને શબ્દો ઘણે ઠેકાણે આવેલા છે. પરંતુ કહે છે કે તેનો અર્થ તો ભાવનગ્નતા થાય છે!

સંપ્રદાયવાદીઓ **ભગવાનના વચનોને પોતાના મતને અનુકૂળ બનાવવા માટે તેના કેવી રીતે ખોટા અર્થ કરે છે તેનો આ નમૂનો છે.**

નગ્નભાવ એટલે નગ્ન રહેવાનો ભાવ, કાયમ નિરંતર નગ્ન રહેવાનો ભાવ અથવા વૃત્તિ.

મુંડભાવ એટલે માથાના કેશનો લોચ કરીને મુંડિત રહેવાનો ભાવ અથવા વૃત્તિ.

આ બન્ને શબ્દો સાધુના શરીરના બાહ્ય લક્ષણના વર્ણનના દ્યોતક છે. અહીં સાધુના આત્માના આંતરિક ભાવ સાથે કાંઈ સંબંધ નથી.

નગ્નભાવ શબ્દને ઉલટાવવાથી એટલે ભાવ શબ્દને નગ્નની પહેલાં મૂકવાથી ભાવનગ્ન શબ્દ બની શકે છે. એટલે કે સંપ્રદાયવાદીઓએ **ભગવાનના શબ્દને ઉલટાવીને તેનો ભાવનગ્નતા અર્થ કર્યો છે.**

એટલે કે—સૂત્રકારને નગ્નભાવના ઠેકાણે "ભાવ-નગ્ન" શબ્દ વાપરવાની ખબર નહોતી તેથી સંપ્રદાયવાદીઓએ સૂત્રકારની ભૂલ સુધારી છે. મતલબ કે સર્વજ્ઞ ભગવાને વાપરેલા શબ્દો ખોટા હોવાથી સંપ્રદાયવાદીઓએ ભગવાનની ભૂલ સુધારી છે!

આવા તો ઘણા શબ્દોના અર્થ ફેરવવામાં આવ્યા છે. જેમકે—**શ્રી દશવૈકાલિક સૂત્રના અ. ૬ ની ગાથા ૬૫ નીચે પ્રમાણે છે—**

नगिणस्स वा वि मुंडस्स, दीहरोमनहंसिणो ।
मेहुणा उवसंतस्स, किं विभूसाइ कारियं ॥

અર્થ—નગ્ન, મુંડિત, લાંબા નખ અને વાળવાળા તથા મૈથુનથી વિરત (ઉપશાંત) સાધુને વિભૂષાનું શું પ્રયોજન?

સંપ્રદાયવાદીઓએ બહાર પાડેલ દશવૈકાલિક સૂત્રમાં આ ગાથાનો અર્થ નીચે પ્રમાણે આપ્યો છે—

> "**પ્રમાણોપેત શ્વેત વસ્ત્ર રાખવાવાળા સ્થવિર કલ્પી અથવા સર્વથા નગ્ન રહેવાવાળા જિનકલ્પી દ્રવ્ય તથા ભાવથી** મુંડિત, જેના નખ તથા કેશ મોટા વધેલા છે તથા જે મૈથુન ભાવથી ઉપશાંત અર્થાત દૂર રહેવાવાળા છે એવા સાધુને શરીરની શોભા એવં શૃંગારનું શું પ્રયોજન છે? અર્થાત કશું પ્રયોજન નથી.

આ ગાથામાં સ્પષ્ટ એકલો નગ્ન શબ્દ જ વાપરેલો છે. નગ્ન શબ્દ સાથે ભાવ શબ્દ જોડેલો નથી. તેથી **ઉપરની પેઠે શબ્દને ઉલટાવીને "ભાવ-નગ્ન" શબ્દ બનાવી શકાય તેમ નથી. અને સ્પષ્ટ નગ્ન શબ્દ તો તેમની સાંપ્રદાયિક માન્યતાને જબ્બર ફટકો લગાવનાર છે. તેથી નવી યુક્તિ કરી કે તે**

ગાથામાં જેનું નામ નિશાન જ નથી તેવા—પ્રમાણોપેત શ્વેત વસ્ત્ર રાખવાવાળા સ્થવરિ કલ્પી અથવા સર્વથા નગ્ન રહેનારાવાળા જિનકલ્પી—**એમ એક નગ્ન શબ્દની બદલીમાં અગીઆર શબ્દની હાર-માળા ગોઠવી દીધી !**

વળી અહીં પણ આખી ગાથાનો સંબંધ ફક્ત શરીરના બાહ્ય લક્ષણ સાથે જ છે. વિભૂષા, શણગાર એ પણ શરીરની બાહ્ય વસ્તુ છે. ગાથામાં કયાંય પણ આત્માના આંતરિક ભાવ સાથે સંબંધ નથી. છતાં ગાથામાં નહિ વપરાયેલા એવા "દ્રવ્ય અને ભાવ" નવા શબ્દો ગાથાના અર્થમાં ઉમેરી દીધા છે.

તર્ક ૨. વસ્ત્રધારી પરિગ્રહી ગણાય ?

વસ્ત્રધારણ કરનાર સાધુ પરિગ્રહી ગણાય એવી કાંઈ મારા ઘરની વાત નથી પણ ભગવાન મહાવીરે આચારાંગ સૂત્રમાં લોકસાર નામના પાંચમા અધ્યયના બીજા ઉદ્દેશામાં સૂત્ર ૧૪૯ માં અલ્પ કે સૂક્ષ્મ પરિગ્રહવાળાને સાધુ નહિ પણ પરિગ્રહી ગણ્યા છે. વસ્ત્રને પરિગ્રહ ન કહેવાય તેવું ભગવાને કયાંય પણ કહ્યું નથી.

પરંતુ અત્યારના સંજોગાનુસાર સાધુને અલ્પ વસ્ત્રના પરિગ્રહની છૂટ લેવી પડે છે એમ કહી શકાય. પણ ભગવાને વસ્ત્ર પરિધાનની છૂટ આપી છે એમ કહેવું તે સંસાર વધારવાનું કારણ બની શકે છે.

તર્ક ૩. આચારાંગમાં વસ્ત્રધારણનું વિધાન

આ મુદ્દો જ ખોટી રીતે ઉભો કરેલો છે. કારણ કે આચારાંગ સૂત્રમાં સાધુને પહેરવાના વસ્ત્રના વિધાનનું કયાંય નામ નિશાન પણ નથી.

અલબત્ત, સચેલકત્વવાદ અસ્તિત્વમાં આવ્યા પછી બીજા સૂત્ર શાસ્ત્રોમાં સચેલકત્વની પ્રરૂપણા કે પુષ્ટિની વાતો ઉમેરવામાં આવી છે. અને તે વાતો એકસરખી નહિ પણ પાછળ પાછળ બનેલા શાસ્ત્રોમાં પરિગ્રહ (વસ્ત્ર પાત્ર વગેરે) વધારતા જવાની જ વાતો છે તે સાબિત કરે છે કે એ બધું પાછળથી ઉમેરાયેલું છે.

સર્વજ્ઞ ભગવાનના વચનમાં કે વિધાનમાં ક્યાંય પણ વિરોધ હોઇ શકે જ નહિ એટલે નગ્નતા વિરુદ્ધના કે સચેલકત્વ નિરૂપણના જે જે વિધાનો છે તે બધાય પાછળથી ઉમેરાયેલા છે એમ ચોક્કસપણે કહી શકાય.

ભગવાન મહાવીરે સાધુઓ માટે વસ્ત્રધારણ પ્રરૂપ્યું હતું. એમ બતાવવા માટે સંપ્રદાયવાદીઓ આચારાંગ સૂત્રના પહેલા શ્રુત સ્કંધના બીજા અધ્યયનના પાંચમા ઉદ્દેશાનું ૫ મું સૂત્ર (સળગ સૂત્ર ૮૯) ઉદ્ધૃત કરીને કહે છે કે—

"અહીં મુનિઓને વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, સ્થાન અને આસન વિવેકપૂર્વક ગ્રહણ કરવાની આજ્ઞા આપી છે."

આચારાંગ સૂત્રના મેં ઉપર ઉલ્લેખો આપ્યા છે તેમાં સર્વ સાધુ માટે નગ્નતા, લજ્જા નહિ સહન કરનાર માટે લગોટ અને શીત (ઠંડી) સહન કરી નહિ શકનાર માટે એકથી ત્રણ વસ્ત્રની ભગવાને છૂટ આપી છે એ મેં બતાવેલું છે. મારા આ ઉલ્લેખો ખોટા છે એમ તો કોઈ કહી શકતા નથી. પણ તેની સામે ઉપરના સૂત્રનો ઉલ્લેખ કરી સર્વ સાધુ માટે વસ્ત્ર ધારણની ભગવાને છૂટ આપી છે એમ કહે છે.

એટલે કે—એક વખત ભગવાન સર્વ સાધુ માટે નગ્નત્વ પ્રરૂપે છે અને બીજી વખત ભગવાન સર્વ સાધુઓ માટે

વસ્ત્રધારણ પ્રરૂપે છે એવા ભગવાન દ્વિમુખી છે એમ સંપ્રદાય વાદીનું કહેવું છે.

આથી તો સાબિત થાય છે કે તેઓ ભગવાનને સર્વજ્ઞ માનતા જ નથી.

મતાગ્રહી અંધ શ્રદ્ધાળુઓ જ આવી અસંબદ્ધ વાતોને સત્ય તરીકે સ્વીકારે.

સત્ય જાણુવા સમજવા ઇચ્છનાર માણુસ તો સમજી શકે છે કે એ સૂત્રમાં ભગવાને **પહેરવાના વસ્ત્ર માટે નહિ** પણ શીત સહન નહિ કરી શકનાર સાધુ માટે કહ્યું છે કે.તેણે **તેની જરૂરીઆત પ્રમાણે** એકથી ત્રણ વસ્ત્ર (બે સુતરાઉ અને એક ઉનનું ગરમ વસ્ત્ર તે કંબલ, કામળી)ની ઓઢવા માટે શ્રાવક પાસેથી વિવેકપૂર્વક યાચના કરવી.

શ્વેતાંબર પૂર્વાચાર્યોએ લખેલા મહાવીર સ્વામીથી તે વિક્રમની પહેલી સદી સુધીમાં થઇ ગયેલા સાધુઓના ચરિત્રો સાબિત કરે છે કે ત્યાં સુધી સર્વ સાધુ નગ્ન રહેતા હતા. અલબત્ત તેઓ ઠંડીમાં ઓઢવા માટે એકથી ત્રણ વસ્ત્ર રાખતા અને લજ્જાના આચ્છાદન માટે કટિબંધ રાખતા હતા.

દિગંબરોએ સૂત્રો વિચ્છેદ ગયાની વાત કરી છે તેનું મુખ્ય કારણ એ જ દેખાય છે કે શ્વેતાંબરોએ સચેલકત્વને પુષ્ટ કરવા માટે સૂત્રોમાં તેવી જાતના ઉમેરા કર્યા. કારણકે દિગંબરો અને શ્વેતાંબરોને તત્ત્વની બાબતમાં કાંઇ મતભેદ નથી.

દિગંબરો તેમ જ શ્વેતાંબરોએ અચેલકત્વ અને સચેલકત્વનો પોતપોતાનો એકાંત આગ્રહ ન રાખ્યો હોત તો આવી સ્થિતિ આવત જ નહિ.

વળી સર્વ સૂત્રો વિચ્છેદ ગયાનું જાહેર કરવા કરતાં સચેલકત્વ સંબંધીનો નવો ઉમેરેલો ભાગ અમને માન્ય નથી. એમ કહી દિગંબરોએ સૂત્રોને કબૂલ રાખ્યા હોત તો પણ વિરોધ ઓછો થઈ જાત. કારણ કે તે વખતે પણ દિગંબરોમાંય સૂત્રોના થોડા થોડા ભાગો મોજુદ હતા એમ દિગંબરોના પુસ્તકો ઉપરથી જ ઇતિહાસ સાબિત કરે છે. કાળ પ્રભાવે બન્યું તે ખરૂં.

તર્ક ૪. ગણધરો સચેલક હતા

સંપ્રદાયવાદીઓ કહે છે કે ભગવાન મહાવીરના ગણધરો સચેલક હતા અને તેને માટે તેમણે સૂત્રોના ઉલ્લેખ આપેલ છે.

જ્યારે ભગવાને સર્વ સાધુ માટે નગ્નત્વ પ્રરૂપ્યું છે ત્યારે ભગવાનના જ પટ્ટશિષ્યો એટલે કે ગણધર મહારાજાઓ વસ્ત્રધારી હતા એમ માનવું એનો અર્થ એ થયો કે તેમને ભગવાનના વચનની વિરુદ્ધ વર્તનારા માનવા. આ તો એ મહાત્મા પુરુષોના અવર્ણવાદ બોલવાના પાપમાં પડવા જેવું થાય છે.

અલબત્ત જેઓ ભગવાનના વચનના સાચા અર્થ ગોપવીને ખોટા અર્થ સમજાવવામાં પાપ માનતા નથી અને તેથી ભગવાને સચેલકપણું પ્રરૂપ્યું હતું એવું પ્રતિપાદન કરે છે અને જેઓ ભગવાનના વચનોના પોતાની મરજી માફક અર્થ કરવાનો પોતાનો જન્મસિદ્ધ હક્ક માને છે તેઓ, ગણધરોને વસ્ત્રધારી માનતા હોય તેને માટે કાંઇ કહેવાનું હોય જ નહિ. અહીં તો સર્વજ્ઞ ભગવાનના વચન ગોપવવામાં પાપ માનતા હોય તેને માટે જ વાત છે.

આચારાંગ સૂત્રમાં ભગવાને સાધુ માટે નગ્નત્વ પ્રરૂપ્યું છે અને

ભગવાનના વચનોમાં કદી કયાંય પણ વિરોધ કે અસંગતતા આવી શકે જ નહિ એમ જે માનતા હોય તેઓ ગણધરોને વસ્ત્રધારી માનવાનું પાપ કરી શકે જ નહિ. અને તેઓ સમજી શકે છે કે ગણધરોના વસ્ત્રધારીપણાની કયાંય પણ વાત હોય તે ક્ષેપક જ છે.

તર્ક ૫—૨૨ જિનના સાધુ બહુમૂલ્ય વસ્ત્રધારી હતા

વચ્ચેના (એટલે પહેલા અને છેલ્લા તીર્થંકરોની વચ્ચેના) ૨૨ બાવીશ તીર્થંકરોના સાધુ સાધ્વીઓ બહુ મૂલ્યવાળા વસ્ત્રો પહેરતા તેમને પરિગ્રહી માનવા પડશે. એમ સંપ્રદાયવાદી કહે છે.

અહીં સવાલ એ થાય છે કે આવી વાત કયા સૂત્રમાં કરી છે?

કોઈ પણ સૂત્રમાં આ વાત છે જ નહિ પણ ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં એ માન્યતાના મૂળ દેખાય છે. **ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૩ની ૨૯ મી ગાથા આ પ્રમાણે છે—**

अचेलगो य जो धम्मो इमो संतरुत्तरो।
देसियो वद्धमाणेण पासेण य महामुणी॥

અર્થ—(શ્રી કેશીસ્વામી ગૌતમસ્વામીને પૂછે છે કે—) ભગવાન વર્દ્ધમાન (મહાવીર) સ્વામીએ અચેલક ધર્મ ઉપદેશ્યો છે ત્યારે संत्तरुत्तरो (સચેલક) ધર્મ મહામુનિ પાર્શ્વનાથનો છે. (એ ફરકનું શું કારણ?)

અહીં સંત્તરુત્તરનો અર્થ ટીકાકાર શ્રી નેમિચંદ્ર આચાર્યે આ પ્રમાણે કર્યો છે—

यश्चायं सान्तराणि वर्धमान शिष्य वस्त्रापेक्ष या कस्यचित् कदाचिन्मान वर्ण विशेषितानि, उत्तराणि च बहु मूल्यतया प्रधानानि वस्त्राणि यस्मिन्न सौ सान्तरोत्तरो धर्मः।

એટલે કે વર્દ્ધમાનના શિષ્યના વસ્ત્રની અપેક્ષાએ પ્રધાન એટલે રંગબેરંગી અને બહુ મૂલ્યવાળા વસ્ત્રો એવો સાંતરોત્તર ધર્મ ભગવાન પાર્શ્વનાથનો છે.

અહીં વસ્ત્રધારી સાધુઓના વધતા જતા વસ્ત્ર મોહના બચાવ માટે ઉપજાવી કાઢેલો સાંતરોત્તરનો અર્થ "વિવિધ રંગી બહુ મૂલ્યવાળા વસ્ત્રો" એવો અર્થ કર્યો તે તદ્દન ખોટો છે.

આચારંગ સૂત્રના વિમોક્ષ અધ્યયનમાં સૂત્ર ૧૧૨ માં વસ્ત્રના પ્રકરણમાં પણ संतरुत्तर પદ આવે છે. ત્યાં **ટીકાકાર શ્રી શીલાંકાચાર્યે** તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે—

"સાંતર છે ઉત્તર ઓઢવાનું જેનું" એમ અર્થ કર્યો છે. એટલે કે વસ્ત્રની જરૂર હોય ત્યારે ઓઢી લીએ અને પછી ઉતારીને પાસે રાખી લીએ. એ જ સાચો અર્થ છે.

તે પ્રમાણે ઉપરની ગાથાનો પણ સાચો અર્થ એ છે કે શ્રી મહાવીર સ્વામીના શિષ્યો અચેલક હતા અને શ્રી પાર્શ્વનાથનો ધર્મ સાંતરોત્તર હતો એટલે કે તેમના સાધુઓ આવશ્યકતા પડયે વસ્ત્ર ઓઢી લેતા હતા. આ અર્થ જ સંગત પ્રતીત થાય છે.

જેમ 'અચેલક'માં ચેલ શબ્દ વસ્ત્રના અર્થમાં છે અને 'અ' તેનો નિષેધક છે તેવી રીતે સાંતરોત્તરમાં "ઉત્તર" પદ વસ્ત્ર-વિશેષ અર્થમાં છે અને 'સાંતર' તેની અવધિ બતાવે છે. **ઉત્તર શબ્દનો અર્થ પ્રધાન કરવાથી મહામૂલ્યવાન વસ્ત્રની એક વિચિત્ર કલ્પના કરવી પડી છે.**

અને આ ઉપરથી વચ્ચેના બાવીશેય તીર્થંકરોના સાધુ સાધ્વીને બહુમૂલ્ય વસ્ત્રવાળા ઠરાવી દીધા!!

સચેલકવાદી શિથિલાચારીઓ વસ્ત્ર માટેના પોતાના ગાઢ મોહના બચાવ માટે બાવીશ જિનના સાધુને બહુમૂલ્યવસ્ત્રવાળા ઠરાવતાં જરાય અચકાયા નહિ! **બાવીશ જિનના ઉત્તમ સંહનનવાળા અને સાચા નિર્ગ્રંથોને પોતાના કરતાં પણ વિશેષ શિથિલાચારી બનાવતાં સચેલકવાદીઓને અસત્યનો જરાપણ ડર લાગ્યો નહિ!! અને બહુમૂલ્યવાળા એટલે રેશમી વસ્ત્રો પહેરનાર ઠરાવી દીધાં!! સંયમી મહાત્માઓની કેવી નિંદા!**

લોક વ્યવહારની દૃષ્ટિએ પણ નિર્ગ્રંથ સાધુને રંગીન બહુમૂલ્યવાળા વસ્ત્રો હોય તે કેટલું બધું અજુગતું લાગે છે! એનો તો વસ્ત્રના આગ્રહવાળાઓએ કંઈ પણ ખ્યાલ રાખ્યો નહિ. બહુમૂલ્યવસ્ત્રવાળાને અપરિગ્રહી કેમ કહેવાય તે વિચાર્યું જ નહિ!!

જેનો મમત્વભાવ દૂર થયો હોય તેને બાહ્યમાં પણ વસ્ત્ર ન હોય એવો નિમિત્ત નૈમિત્તક સંબંધ છે. એટલે સાચા નિર્ગ્રંથ સાધુ દ્રવ્યથી અને ભાવથી અપરિગ્રહી, અચેલક નગ્ન જ હોય. **બહુમૂલ્યવસ્ત્રવાળા સાધુઓને દ્રવ્યથી નિર્ગ્રંથ કહી શકાય નહિ. એટલે કે બાવીશ જિનના એ મહામુનિઓને દ્રવ્યથી નિર્ગ્રંથપણું જ નહોતું એમજ ઠરાવી દીધું!**

મોહ કેવાં કેવાં અનુચિત કાર્યો કરાવે છે!

એટલું ધ્યાનમાં રાખવું કે જૈનધર્મે સાધુ માટે જ નગ્નત્વ પ્રરૂપ્યુ છે પરંતુ સ્ત્રીઓને નગ્નત્વનો નિષેધ કર્યો છે. સાધ્વીજીઓ વસ્ત્રધારી જ હોય.

સૂત્રના સત્ય શુદ્ધ અર્થને છુપાવે, ગોપવે, ફેરવે તો મહા મોહનીય કર્મ બંધાય તેમજ સંયમી આચાર્ય, ઉપાધ્યાય, સાધુની નિંદા કરે તો મહામોહનીય કર્મ બંધાય તે કોઈએ ભૂલવું જોઈએ નહિ.

દરેક તીર્થંકરનો ધર્મ એકસરખો જ હોય

જૈન ધર્મ શાશ્વત છે. જૈન સિદ્ધાંત શાશ્વત છે. સર્વે તીર્થંકરો એક સરખો જ ધર્મ પ્રરૂપે છે....એટલે કોઈ તીર્થંકરનો ધર્મ સચેલક હોય અને કોઈ તીર્થંકરોનો ધર્મ અચેલક હોય એમ માનવું ઉચિત નથી.

તીર્થંકર ભગવાન પોતે નગ્ન રહે અને તેમના શિષ્યોને બહુમૂલ્ય વસ્ત્ર ધારણ કરાવે એ વદતો વ્યાઘાત છે. એવું બની શકે જ નહિ. તીર્થંકર ભગવાન પોતે જેવો આચાર પાળે તેવો જ આચાર પાળવાનું શિષ્યોને કહે.

પ્રાચીન શહેરોના ખોદ કામમાંથી લગભગ દશહજાર વર્ષ પહેલાંની જૈન તીર્થંકરોની મૂર્તિઓ મળી આવી છે. તે સર્વ મૂર્તિ નગ્ન જ છે. તે સાબિત કરે છે કે જૈન તીર્થંકરો નગ્ન હતા એટલે બધા તીર્થંકરોએ સાધુઓ માટે પણ નગ્નત્વ જ પ્રરૂપ્યું હતું.

મૂર્તિ નગ્ન માણસની બનાવી શકાય છે તેમ જ વસ્ત્રધારીની પણ બનાવી શકાય છે. એટલે તીર્થંકરો વસ્ત્રધારી હોત તો તેમની મૂર્તિઓ પણ વસ્ત્રધારી મનુષ્ય રૂપે જ બની હોત. પરંતુ સર્વ મૂર્તિઓ નગ્ન જ બનેલી છે તે સાબિત કરે છે કે સર્વ તીર્થંકરો નગ્ન જ હતા. અને તેમણે સાધુઓ માટે નગ્નત્વ જ પ્રરૂપ્યું હતું.

દરેક તીર્થંકરે નિર્બળ સાધુ માટે જરૂર પડયે વસ્ત્ર ઓઢવાની છૂટ આપી હોય તો તે સંભવિત છે. પરંતુ તે અપવાદરૂપ જ ગણી શકાય. ઉત્સર્ગ તો નગ્નત્વ જ હોય. કારણકે—

નિર્ગ્રંથપણું મોહના ક્ષય માટે લેવાય છે. અને મોહક્ષય સંપૂર્ણ ત્યાગ સિવાય થઈ શકતો નથી. સંપૂર્ણ ત્યાગ એટલે સંપૂર્ણ અપરિગ્રહતા.

ભાવથી સર્વ કષાયોનો ત્યાગ, રાગદ્વેષનો ત્યાગ, તેમ જ દ્રવ્યથી સર્વ પ્રકારના વસ્ત્ર તેમ જ આભૂષણ,

શરીરવિભૂષાનો ત્યાગ. એટલું જ નહિ પણ પોતાના શરીર ઉપરના મમત્વનો પણ ત્યાગ હોય ત્યારે જ સંપૂર્ણ ત્યાગ કહેવાય.

જ્યાં સુધી શરીર ઉપર વસ્ત્ર પરિધાન છે ત્યાં સુધી મોહનું રાજ્ય પ્રવર્તે છે એ સમજી શકાય તેવી વાત છે અને મહાત્માઓએ અનુભવથી સિદ્ધ કરેલી વાત છે.

એટલે ઉપર કહ્યા પ્રમાણે, દ્રવ્યથી અને ભાવથી સંપૂર્ણ ત્યાગ થાય ત્યારે જ મોહનો ક્ષય થાય એ શાશ્વત જૈન સિદ્ધાંત છે. એટલે નિર્ગ્રંથપણામાં નગ્નતા અનિવાર્ય ઠરે છે.

આ ઉપરથી દરેક તીર્થંકરનો ધર્મ એકસરખો અચેલક જ હોય એમ સમજવું જોઈએ.

તર્ક ૬. મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે

મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે એ સૂત્રનું વાક્ય છે. મૂર્ચ્છા એટલે આસક્તિ, મોહ. એટલે કે કોઈ પણ વસ્તુ ઉપર આસક્તિ કે મોહ હોય એ જ પરિગ્રહ છે.

આ સૂત્રનો આશ્રય લઈને સંપ્રદાયવાદીઓ કહે છે કે—મૂર્ચ્છા રહિતપણે વસ્ત્ર ધારણ કરનારને પરિગ્રહી માનવા ન જોઈએ. અને કેવળીને વસ્ત્ર ત્યાગની જરૂર ન હોય.

પહેલું તો એ કે **ભગવાન મહાવીરે વસ્ત્ર ધારીને મૂર્ચ્છા રહિત માન્યા નથી માટે જ નગ્નત્વ પ્રરૂપ્યું છે.** અને જ્યાં સુધી વસ્ત્ર ધારણ હોય ત્યાં સુધી મૂર્ચ્છા પણ હોય છે જ એ અનુભવ સિદ્ધ વાત છે.

વસ્ત્રધારીને જોઈતા વસ્ત્રની પ્રાપ્તિ ન થાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે, મનમાં ક્લેશ ઉત્પન્ન થાય છે. વળી વસ્ત્રની

કોમળતા, સુંવાળપ અને મજબૂતાઈ જોઈ તેમાં મોહભાવ ઉત્પન્ન થાય છે, રાગ થાય છે અને તેનો કઠોર, ખરબચડો કે લુખો સ્પર્શ, જલ્દી ફાટી જવું વિગેરે દોષ જોઈને તેના ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે. વસ્ત્રનો ત્યાગ કરવાથી એવા કોઈ પણ રાગાદિ દોષ રહેતા નથી.

વસ્ત્રધારી ભલે મોઢેથી કહે કે—"વસ્ત્ર તરફ મને મૂર્ચ્છા નથી." પણ એ ફક્ત બાહ્ય શબ્દમાં જ રહે છે. બાકી પોતાને મન ગમતું વસ્ત્ર ન મળ્યું કે તુરત મનમાં કલેશ પેદા થાય છે અને મન ગમતું મળવાથી ખુશાલી ઉત્પન્ન થાય છે. અને એ જ મૂર્ચ્છા છે.

સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ એ જ મુક્તિ માર્ગ છે. વસ્ત્રધારીએ પોતાને **મૂર્ચ્છા ટળી ગઈ છે એવો ઢોંગ કરવાને બદલે એમ ચિંતવવું જોઈએ** કે મને પરિસહોનો ભય હોવાથી પાપોદયથી આ વસ્ત્ર પાત્રાદિ ગ્રહણ કર્યા છે. એમ મનમાં પશ્ચાતાપપૂર્વક કહે તો આસ્તે આસ્તે તે મૂર્ચ્છા ઓછી કરી શકે. પણ **વસ્ત્રની જરૂરીઆતના હિમાયતીને મૂર્ચ્છા નથી એ કદી કહી શકાય નહિ.**

વસ્ત્રાદિ બાહ્ય પરિગ્રહનો ત્યાગ આંતરિક કષાયોનો ત્યાગ કરવામાં સહાયક, ઉપકારી થાય છે એટલે મૂર્ચ્છાના નાશ માટે બાહ્ય ત્યાગ તો પહેલો જરૂરનો છે. અને સંપૂર્ણ મૂર્ચ્છાનો ત્યાગ ત્યારે જ થાય કે જ્યારે પોતાના શરીર ઉપરની મમતા પણ ટળી જાય. અને એવા સાચા મૂર્ચ્છા-ત્યાગીને વસ્ત્રની ઇચ્છા હોઈ જ ન શકે.

મૂર્ચ્છા એ પરિગ્રહ છે તેનો અર્થ એ જ છે કે જ્યારે વસ્ત્ર, પાત્ર, શિષ્ય વગેરે જગતની સર્વ બાહ્ય વસ્તુઓ ઉપરની મૂર્ચ્છા સંપૂર્ણ-પણે ટળી જાય અને આભ્યંતર રીતે સર્વ રાગ ભાવનો નાશ થાય, સર્વ કષાયો ટળી જાય, શરીરના ઉપરના મોહનો પણ નાશ થાય ત્યારે જ તેનો મૂર્ચ્છાનો નાશ થયો કહેવાય અને તેજ અપરિ-

ગ્રહી કહેવાય. બાકી સહેજ પણ બાહ્ય કે આભ્યંતર મૂર્ચ્છા હોય ત્યાં સુધી તે પરિગ્રહ જ ગણાય.

આ પ્રમાણે મૂર્ચ્છાના ત્યાગીને વસ્ત્રની ઉપાધિ પણ ભારરૂપ જ લાગે ત્યારે કેવળીને વસ્ત્રની આવશ્યકતા તો કદી માની શકાય જ નહિ. એટલે કેવળી તો આપોઆપ વસ્ત્રનો ત્યાગ જ કરે.

ઉપરના ટૂંકા વિવેચન ઉપરથી કાંઈ ગેરસમજુતી ઉત્પન્ન થાય તેટલા માટે તે વિષયમાં મેં બે વર્ષ પહેલાં જે લખ્યું હતુ તેમાંથી થોડો ભાગ અત્રે ઉધ્ધૃત કરૂં છું—

"વસ્ત્ર એ પરિગ્રહ નથી પણ મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે એવી શાસ્ત્રોક્તિ છે. એટલે મૂર્ચ્છા ન હોય તો પછી વસ્ત્ર ધારણ કરેલ હોય તો પણ તે મુનિ અપરિગ્રહી અને અચેલક જ કહેવાય એમ દલીલ છે.

"મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે એ નિશ્ચય નયની અપેક્ષાથી છે. ખરેખર જેનો મૂર્ચ્છાભાવ સંપૂર્ણ રીતે નાશ થયો હોય તેણે વસ્ત્ર પહેરેલ હોય તો પણ તેણે નગ્ન અથવા અપરિગ્રહી માનવામાં વાંધો નથી. પણ જેણે કદી એક દિવસ પણ વસ્ત્રનો ત્યાગ કર્યો નથી તે મુનિ કહે કે તેને મૂર્ચ્છા ભાવ જ નથી તો તેનું કથન સત્ય માની શકાય જ નહિ.

"આ પહેર્યું છે તે વસ્ત્ર તો અમારૂં વહોરાવેલું છે" એટલો નગરશેઠનો ટોણો સાંભળતાં જ ઉપાશ્રયમાં તે વસ્ત્રને છોડીને નગ્ન વેષે જંગલમાં ચાલી જનાર શ્રી આનંદઘનજી મહારાજનો મૂર્ચ્છાભાવ ટળ્યો હતો એમ કહી શકાય. અને એમને સાચા નગ્ન મુનિ કહી શકાય.

"જેનો મૂર્ચ્છાભાવ સદંતર ટળી ગયો છે તેને દેહ પર પણ મૂર્ચ્છા ન હોય તો પછી તેને વસ્ત્ર પર તો મૂર્ચ્છા હોઈ જ

ન શકે તે સમજી શકાય તેવી વાત છે. એટલું જ નહિ પણ તેનું ધ્યાન ફક્ત આત્મસ્મરણમાં જ હોય તેથી તેને વસ્ત્ર ઉપાધિરૂપ હોઈને તે ઉપાધિ રાખવાની મુનિ ઇચ્છા પણ કરે નહિ.

"એનો અર્થ એ થયો કે તેવા મુનિ તો નગ્ન હોય. ત્યારે દલીલ થશે કે મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે એ શાસ્ત્રોક્તિ યથાર્થ ન કહેવાય.

"અહીં સમજવાનું એ છે કે જ્યાં સુધી એક પણ વખત નગ્નત્વ ધારણ કર્યું ન હોય ત્યાં સુધી મૂર્ચ્છા સદંતર ટળવાનો સંભવ નથી. વળી શાસ્ત્રમાં એક ઠેકાણે વાંચેલું યાદ છે કે જિનકલ્પીપણું ધારણ કર્યા પહેલાં જીવ મોક્ષ પામી શકતો નથી.

"એનો ભાવાર્થ એમ સમજાય છે કે જે જીવે આગલે ભવે પણ નગ્નત્વ, જિનકલ્પીપણું ધારણ કરેલ હોય તેનો મૂર્ચ્છાભાવ ખરેખર ટળી ગયો હોય એમ માની શકાય. અને તે જીવ આ ભવે વસ્ત્રસહિત હોય તો પણ તેને વસ્ત્ર પર મૂર્ચ્છા ન હોય એમ માની શકાય. અને તેવો જીવ સચેલકપણે પણ ઉત્કૃષ્ટ ભાવથી આત્મશુદ્ધિ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

"પરંતુ આ કે આગલા ભવમાં નગ્નત્વ ધારણ કર્યું જ ન હોય તેનો મૂર્ચ્છાભાવ સદંતર ટળી જવાનો કે ઉત્કૃષ્ટ ભાવ ચારિત્ર આવવાનો સંભવ નથી.

"વળી પચીસ સો વર્ષ પહેલાં નગ્નત્વ એ અશિષ્ટ નહોતું ગણાતું તેથી તે વખતે નગ્નત્વ પાળવું એ સુકર હતું. પરંતુ આજે તો નગ્નત્વ એ ભારે અશિષ્ટ ગણાય છે. અત્યારે રાજ્ય કે પ્રજા કોઈ, કોઈને પણ નગ્નાવસ્થામાં બહાર નીકળવા દીએ તેમ નથી. એટલે વ્યવહારિક રીતે પણ અત્યારે નગ્ન રહીને હરીફરી શકાય તેમ નથી."

વળી બીજી એક વાત એમ પણ છે કે જીવના તિર્યંચ, મનુષ્ય, દેવ વગેરે ગતિના ભવો વધતા જાય છે એટલે ભવભ્રમણ વધતું જાય છે તેમ તેમ તેનો મોહ પણ વધારે ને વધારે દઢ થતો જાય છે. તેવા જીવને તેના મોહનો નાશ કરવા માટે બાહ્ય નગ્નત્વ પણ એક અનિવાર્ય સાધન થઈ પડે છે.

જેનું ભવભ્રમણ પ્રમાણમાં ઓછું થયેલું હોય અને તેથી તેનો મોહ તીવ્ર અને દઢ ન બન્યો હોય અને મોહનો નાશ કરવામાં તેનું મન ભારે મજબૂત હોય તેવા જીવને નગ્નત્વની જરૂર ન હોય તો તે પણ સંભવિત છે. પરંતુ એવા જીવ બહુ જ થોડા હોય છે એટલે તેઓ અપવાદ જેવા જ હોય છે.

તર્ક ૭. વિશેષ આચાર–સામાન્ય આચાર

એક વખત ભગવાન બધા સાધુ માટે નગ્નત્વ પ્રરૂપે ત્યારે બીજી વખત વસ્ત્ર ધારણ પ્રરૂપે એમ સર્વજ્ઞ ભગવાન **દ્વિમુખી વાત કરે નહિ.** તેનો સંપ્રદાયવાદીઓ પાસે કાંઈ જવાબ નથી. છતાં તેમનાથી સાંપ્રદાયિક મતાગ્રહ છોડીને નગ્નત્વ તો કબુલ કરાય નહિ. તેથી તેઓ બે જાતના આચારની વાત કરે છે કે—

(૧) નિર્વસ્ત્ર–નગ્ન રહીને સંયમ પાળવો તે સામાન્ય આચાર નહિ પણ **વિશેષઆચાર** છે અને તે કુળ, ગુણ તથા સંઘથી સર્વથા નિરપેક્ષ.

(૨) ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક અને શ્રમણસંઘમાં સામેલ રહીને સાધના કરવાવાળા સાધુ તથા સર્વ સાધ્વીઓ વસ્ત્રયુક્ત હોય છે. **(સામાન્ય આચાર)**

આ પ્રમાણે તેઓ આચારના બે વિભાગ પાડે છે. અને તે સંબંધમાં તેમની દલીલ છે કે—

(૧) નગ્ન સાધુઓ જનસંપર્કમાં આવતા ન હોતા પણ વન, જંગલ ઉદ્યાન વગેરે નિર્જન સ્થળમાં રહેતા હતા.

(૨) ગણધર વગેરે સાધ્વીઓના પણ સંપર્કમાં આવતા હતા તેથી તેઓ નગ્ન રહી શકે જ નહિ.

આ પ્રમાણે બે આચારની વાત કરવાથી અનેક બાધાઓ ઉત્પન્ન થાય છે તે વાત તેઓ ધ્યાનમાં લેતા જ નથી જેમકે—

(૧) ભગવાને સાધુને વસ્ત્ર પહેરવાનું વિધાન આચારાંગ સૂત્રના કયા નિયમથી કર્યું છે તે બતાવવાના તેઓ અખાડા કરે છે કારણ કે તેવું વિધાન તો નથી જ. માટે તેઓ કહે છે તે પ્રમાણે તેમની વાત જ માની લેવી એવો આગ્રહ કરે છે.

(૨) ભગવાને સાધુ માટે "સામાન્ય આચાર" અને "વિશેષ આચાર" એવા બે પ્રકાર આચારાંગ સૂત્રમાં કયા નિયમમાં બતાવ્યા છે તે પણ તેઓ બતાવી શકતા નથી પણ તેઓ કહે તે પ્રમાણે માની લેવાનો જ આગ્રહ કરે છે.

(૩) ચોથા આરામાં તેમજ પાંચમા આરામાં ઠેઠ વિક્રમની પહેલી સદી સુધી સર્વ સાધુઓ અને સાધ્વીઓ જંગલમાં કે ઉદ્યાનમાં જ ઉતરતા હતા. તે વાતની તેઓ ઉપેક્ષા કરે છે.

(૪) આગળના વખતમાં સાધુઓ આજની માફક હમેશ ગૃહસ્થો સાથે ભળવાની છૂટ લેતા જ નહોતા.

(૫) આગળના વખતમાં સાધુઓ અત્યારની માફક હમેશાં વ્યાખ્યાન આપતા નહોતા.

(૬) આગળના વખતમાં બધા જ સાધુઓ નિર્જન સ્થાનમાં રહી આત્મસાધનામાં જ રહેતા હતા.

(૭) આ રીતે તેઓ તે વખતની સ્થિતિ ધ્યાનમાં નહિ લેતાં તેમના સ્વચ્છંદ તર્કથી જ "વિશેષ આચાર" અને "સામાન્ય આચાર"ના ભગલા ઉપજાવી કાઢે છે.

ભગવાનની સર્વજ્ઞતાને બાધા પહોંચે છે એમ નહિ સમજી શકનારા અંધ-શ્રદ્ધાળુઓ જ એવી મનસ્વી વાતો માની શકે. પણ સત્યાર્થી માની શકે નહિ.

પ્રસિદ્ધ ઈતિહાસ વિશારદ પં. શ્રી કલ્યાણ વિજયજી ગણિ મહારાજે સ્પષ્ટ રીતે બતાવ્યું છે કે સ્થવિરકલ્પી સાધુઓ આર્ય સ્થૂળભદ્રના સમય સુધી નગ્ન રહેતા હતા તે પછી પણ સાધુઓ વિક્રમની બીજી સદી નગ્ન તો રહેતા જ પરંતુ બીજી બાબતમાં સહેજ ફેરફાર થયો હતો.

એટલે ભગવાનના વખતથી સાધુઓ વસ્ત્રધારી હતા એમ કહેવું હડહડતું જૂઠાણું છે તે વાંચકો સમજી શકશે.

તર્ક ૮. પદ્માવતીના અધિકારમાં નગ્નભાવ શબ્દ

કેટલાક સંપ્રદાયવાદીઓ શંકા કરે છે કે—અંતકૃત દશા સૂત્ર વર્ગ ૫ માં પટરાણી પદ્માવતીના અધિકારમાં "नग्नभावे" શબ્દ આવે છે તેનું શું?

જવાબ—

(૧) આચારાંગ સૂત્રમાં સાધ્વીને સવસ્ત્ર રહેવાનું જ વિધાન છે એટલે સાધ્વી માટેનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

(૨) સાધ્વીની વાતમાં બીજે કોઈ ઠેકાણે નગ્નભાવ શબ્દ વપરાયો નથી.

(૩) કથાનુયોગની વાત સંપૂર્ણ સિદ્ધાંત તરીકે ગણી શકાય નહિ.

(૪) અંતકૃત દશા સૂત્રની શરૂઆતમાં લખ્યું છે કે—જંબૂસ્વામીના પૂછવાથી સુધર્મા સ્વામીએ કહ્યું. એટલે જંબૂસ્વામી પછી થયેલા

કોઇ આચાર્યે તે સૂત્ર લખેલ છે. અને સૂત્રકારે સાધુની વાતમાં લખે તેવી રીતે સાધ્વીની વાતમાં પણ અહીં ભૂલથી તેમણે નગ્નભાવ શબ્દ લખી નાખ્યો હોય એમ સમજી શકાય છે. અથવા લહીઆની ભૂલથી તે શબ્દ ઉમેરાઈ ગયો હોય તે પણ સંભવિત છે.

(૫) સંપ્રદાયવાદીઓએ પોતે પ્રસિદ્ધ કરેલ અંતકૃત દશા સૂત્રમાં એ શબ્દનો નગ્નભાવ કે ભાવનગ્ન અર્થ નહિ કરતાં "સંયમ" અર્થ જ કરેલો છે.

આથી સાબિત થાય છે કે તે શબ્દ પ્રક્ષિપ્ત છે. અને તેના આધારે સાધુ માટે નગ્નત્વનો અસ્વીકાર કરવાની ચેષ્ટા કરવી તે દુરાગ્રહ છે.

તર્ક ૯. તીર્થંકરનું દેવદૂષ્ય વસ્ત્ર

ભગવાન મહાવીરે સચેલકત્વ પ્રતિપાદન કર્યું છે એમ બતાવવા માટે સંપ્રદાયવાદીઓ આચાંરાગ સૂત્રના બીજા શ્રુત સ્કંધના નવમા અધ્યયનની ગાથા ૨ તથા ૪ ઉધ્ધૃત કરેલ છે. તે ગાથામાં લખ્યું છે કે—

> "તીર્થંકરોની પરંપરાનું પાલન કરવા માટે ભગવાન મહાવીરે દેવદૂષ્ય વસ્ત્ર એક વર્ષથી અધિક વખત સુધી રાખ્યું હતું અને પછી નગ્ન બન્યા હતા."

આ ગાથા એ તો સાબિત કરે છે કે એક વર્ષ પછી ભગવાન તદ્દન નગ્ન રહ્યા હતા. અને તે પછી જીવનપર્યંત નગ્ન જ રહ્યા.

હવે આ નવમા આધ્યયનનો તેની પહેલાંના આઠમા અધ્યયન સાથે શો સંબંધ છે તે બતાવતાં ટીકાકાર શું લખે છે તે જુઓ—

> "પહેલા આઠ અધ્યયનોમાં જે આચારનો વિષય કહ્યો છે તે તો શ્રી વીર વર્ધમાનસ્વામીએ પોતે પાળેલો હતો. તેથી તે નવમા અધ્યયનમાં કહે છે."

આમ કહી નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરનું ચરિત્ર આપવાનું કારણુ કહી બતાવેલ છે.

આચારાંગ સૂત્રના આગલા અધ્યયનોમાં તો અચેલકત્વનું જ પ્રતિપાદન કરેલું છે અને ટીકાકાર પણુ કહે છે કે **ભગવાને પોતે એ જ આચાર પાળેલો હતો. ઉપરની ગાથા પણુ સાબિત કરે છે કે એક વર્ષ પછી જીવન પર્યંત ભગવાન અચેલક રહ્યા હતા.**

આમ સ્પષ્ટ વાત દેખાતી હોવા છતાં ભગવાને સચેલકત્વ જ પ્રરૂપ્યું છે એમ કહેવું કે માનવું એમાં સંપ્રદાયવાદ સિવાય શું હોઈ શકે?

વળી આ ઉપરથી બીજા પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે—

(૧) પહેલાના ત્રેવીશ તીર્થંકરોએ દેવદૂષ્ય સ્વીકાર્યું હતું તો વીર ભગવાનની માફક તેમના વસ્ત્ર ત્યાગનો કાળ કેમ નથી કહ્યો?

(૨) જો ભગવાને સચેલક લિંગની પ્રરૂપણા માટે વસ્ત્રગ્રહણ કર્યું હતું તો પછી તેમને તે વસ્ત્રનો વિનાશ ઇષ્ટ કેમ થયો?

(૩) અથવા એક વસ્ત્રનો નાશ થયો તો પછી બીજું ગ્રહણુ કેમ ન કર્યું?

(૪) પૂર્વાચાર્યોએ મહાવીરનો ધર્મ અચેલક કહ્યો છે તે શું ખોટું માનવું?

(૫) "નવસ્થાન"માં કહ્યું છે કે—"જેમ હું અચેલ છું તેમ અંતિમ તીર્થંકર પણુ અચેલ હશે." તે પણુ ખોટું ઠરશે.

યાપનીય સંઘના આચાર્ય અપરાજિતસૂરિ આચારાંગ સૂત્રમાં પ્રતિપાદન કરેલ છે તે પ્રમાણે અચેલકત્વનું સમર્થન કરતા અને શ્વેતાંબર માન્ય સૂત્ર શાસ્ત્રોને માનતા અને દિગંબરોએ એટલા માટે તેમને "ખચ્ચર"ની ઉપમા આપી છે, તેમણે પણ લખ્યું છે કે—

"ભાવનામાં લખ્યું છે કે ભગવાન મહાવીર એક વર્ષ સુધી વસ્ત્રધારી રહ્યા તે પછી અચેલક, નગ્ન થઈ ગયા. તો તેમાં અનેક વિવાદ છે—

કોઈ એમ કહે છે કે જેણે ભગવાન મહાવીરની કાંધ ઉપર વસ્ત્ર નાખ્યું હતું તેણે તે જ દિવસે તે વસ્ત્ર લઈ લીધું.

બીજા કહે છે કે—છ મહિનામાં એ વસ્ત્ર કાંધ વગેરેથી છિન્નભિન્ન થઈ ગયું.

વળી કોઈ કહે છે કે—એક વર્ષ પછી ખંડલક બ્રાહ્મણે તે વસ્ત્ર લઇ લીધું.

કોઈ કહે છે કે—હવાથી ઊડી ગયું અને મહાવીરે તેની ઉપેક્ષા કરી.

વળી કોઈ કહે છે કે—પહેલાં જેણે રાખ્યું હતું તેણે જ ફરીથી ભગવાનની કાંધ પર નાખી દીધું.

એમ અનેક મત હોવાથી તેમાં કોઈ તત્ત્વ દેખાતું નથી."

પ્રાચીન કાળમાં જ આ પ્રમાણે મતભેદ હતો તેમ અત્યારે પણ જુદા જુદા શ્વેતાંબર પુસ્તકોમાં આ પ્રસંગ જુદી જુદી રીતે વર્ણવેલો નજરે પડે છે એ વસ્તુ જ પૂરવાર કરે છે કે આ પ્રસંગની કલ્પના સત્યથી તદ્દન વેગળી છે.

મૂળ આચારાંગ સૂત્ર ભગવાન મહાવીર પ્રણીત અર્થથી અને ગણધર શ્રી સુધર્મા સ્વામી પ્રણીત શબ્દથી હતું એ તો સૌ કોઈ જાણે છે. પરંતુ તે પછી તેમાં શું સુધારા વધારા ફેરફાર થયા હતા તે કોઈ જાણતું નથી. પરંતુ અત્યારે આપણે આ નવમા અધ્યયનની જ વાત કરીએ છીએ. આ અધ્યયનની શરૂઆતમાં જ શાસ્ત્રકારે કહ્યું છે કે— "જંબૂ સ્વામીના પૂછવાથી સુધર્મા સ્વામીને જંબૂસ્વામીને કહ્યું કે—"

આ ઉપરથી એ તો સ્પષ્ટ સમજી શકાય છે કે આ અધ્યયન લખનાર જંબૂસ્વામી પછી થયેલા છે એ તો નક્કી.

સચેલકત્વ અચેલકત્વનો ઝઘડો જંબૂસ્વામી પછી ચાલતો જ હતો તે આર્યરક્ષિત સૂરિના વખતમાં ઉગ્ર થયો હતો એમ સમજાય છે અને તે પછી તરત જ શ્વેતાંબર દિગંબર બે પક્ષ પડ્યા તે ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે.

શ્વેતાંબરોએ સચેલકત્વ ભગવાન મહાવીરના વખતથી ચાલુ હતું એમ બતાવવા સૂત્રો શાસ્ત્રોમાં ઘણા ફેરફાર ઉમેરા કર્યા હતા તે પ્રમાણે ભગવાન મહાવીરના ચરિત્રમાં પણ સચેલકત્વના પ્રતિપાદન માટે આ પ્રસંગ ઉમેરી દીધો હોય તો તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

જેઓ તીર્થંકર ભગવાનને સર્વજ્ઞ માનતા હોય અને સર્વજ્ઞના પ્રતિપાદનમાં ક્યાંય વિરોધ, અસંગતતા કે વિસંવાદિતા ન હોય એમ માનતા હોય તેઓને તો ભગવાને અચેલકત્વ જ પ્રરૂપ્યું છે તેમાં શંકા હોઈ શકે જ નહિ.

પણ જેઓ સંપ્રદાયવાદી મતાગ્રહી છે તેઓ તો વિરોધ કે વિસંવાદિતાનો વિચાર કર્યા વિના જ બધું જ ભગવાનના નામે ચડેલું સાચું માની લીએ તે સ્વાભાવિક છે.

આ પ્રમાણે સૂત્રાનુસાર સાધુ માટેનો મુખ્ય ધર્મ અચેલકત્વ જ છે એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. છતાં એ સત્યને છુપાવવા માટે

પાંચ ખોટા બચાવો

ઉપજાવી કાઢીને કહેવામાં આવે છે કે—

(૧) અચેલકનો અર્થ જીર્ણ અલ્પવસ્ત્રધારી એવો જ થાય છે.

(૨) ભગવાન મહાવીર નગ્નપણે વિચરતા પણ તીર્થંકર ભગવાન છદ્મસ્થને નગ્ન દેખાય નહિ.

(૩) કુલિન પુરુષનું પુરુષ ચિન્હ અશ્વની પેઠે ઘણું ગૂઢ હોય છે. તેમની ગુહ્યેંદ્રિય, શિરાઓ ન દેખાય તેવી હોય છે.

(૪) નગ્નત્વ એ તો પહેલા વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને વનમાં રહેનારા જિનકલ્પી સાધુનો જ આચાર છે. પણ સામાન્ય સાધુ માટે ભગવાને નગ્નત્વ પ્રરૂપેલ નથી. કારણકે જિનકલ્પ તો દશપૂર્વથી વધારે જ્ઞાન ધરાવનારજ ગ્રહણ કરી શકે પણ તેથી ઓછું જ્ઞાન ધરાવનારા જિનકલ્પ ગ્રહણ કરી શકે નહિ.

(૫) નગ્નતા અશિષ્ટ છે કારણકે સ્ત્રી નગ્ન પુરુષની સામે જોઈ શકે નહિ.

મૂર્તિપૂજક શ્વેતાંબરોએ આ બધા ખોટા બચાવો પાછળથી ઊભા કરેલા છે. ઉપજાવી કાઢેલા છે. તે ઉપજાવવાનું ફક્ત એકજ કારણ છે કે—

શ્વેતાંબર દિગંબર બન્ને પક્ષનો એકાંત આગ્રહ

ઉપર આપણે જોઈ ગયા કે અચેલકત્વ એ મૂળ આચાર છે અને શીત તથા લજ્જા સહન નહિ કરી શકનાર સાધુ માટે અપવાદ તરીકે એકથી ત્રણ વસ્ત્રની છૂટ હતી.

વસ્ત્રધારી કરતાં અચેલક વિશેષ શક્તિવાળા ગણાય એ તો સ્વાભાવિક છે. ઇતિહાસ ઉપરથી એમ સમજી શકાય છે કે જ્યારે કાળે પોતાનો પ્રભાવ દેખાડ્યો, બાર દુકાળી પડી, વગેરે કારણોથી મોટા ભાગના સાધુઓ વસ્ત્ર ધારણની તરફેણમાં થઈ ગયા ત્યારે કેટલાક ધર્મચુસ્ત સાધુઓ નગ્નત્વની તરફેણમાં રહ્યા.

એ પ્રમાણે પણ ઘર્ષણમાં આવ્યા તેથી બન્નેમાં મમત્વ, અહંકાર ઉત્પન્ન થયો અને તેથી બન્નેએ એકાંતવાદ ધારણ કર્યો. એક પક્ષે સચેલકપણાનો જ આગ્રહ રાખ્યો અને બીજાએ અચેલકપણાનો આગ્રહ રાખ્યો. એ ઘર્ષણ જ્યારે પરાકાષ્ટાએ પહોંચ્યું ત્યારે બન્ને

પક્ષ છૂટા પડ્યા. સચેલક સાધુ શ્વેતાંબર કહેવાયા અને અચેલક સાધુ દિગંબર કહેવાયા.

એમ છૂટા પડ્યા પછી શ્વેતાંબરોએ સચેલકત્વના બચાવ માટે ઉપર પ્રમાણે ખોટા બચાવો ઉત્પન્ન કર્યા ત્યારે દિગંબરોએ સચેલકત્વના અપવાદને ભૂંસી નાખવા માટે સૂત્રોને અમાન્ય ઠરાવી પોતાની માન્યતાને પુષ્ટ કરનારા પોતાના નવા શાસ્ત્રો રચ્યા.

બન્ને પક્ષ વચ્ચેના એ ઘર્ષણે એક બીજા તરફ એટલો બધો દ્વેષ જન્માવ્યો કે એકે સામાને શ્વેતપટ કહ્યો ત્યારે તેણે પ્રત્યુત્તરમાં તેની સામેનાને દિક્પટ કહ્યો ! રાગદ્વેષ જીતવા માટે સાધુપણું સ્વીકારેલ તેઓ જ રાગદ્વેષમાં ચકચૂર બની એકબીજાના કટ્ટર વિરોધી થઈ ગયા ! કેવી કાળની વિષમતા !

હવે શ્વેતાંબરના ઉપરના બચાવો ખોટા છે તે બતાવવા માટે તેનો થોડો વિચાર કરી લઈએ. ઉપરના નંબરો પ્રમાણે જ અહીં નંબરવાર સમાધાન લખેલ છે.

પહેલા બચાવનો જવાબ

(૧) અચેલકનો અર્થ જીર્ણ વસ્ત્ર કે અલ્પ વસ્ત્ર જેવો થતો જ નથી એ વાત ઉપર ઉદ્ધૃત કરેલા આચારાંગ સૂત્રમાંના સૂત્રો તથા કલ્પસૂત્રના દશ કલ્પ વગેરે ઉપરથી નિઃશંક રીતે સાબિત થાય છે.

બીજા બચાવનો જવાબ

(૨) તીર્થંકર ભગવાન નગ્ન ન દેખાય એવું તેમના કોઈ અતિશયમાં કહ્યું નથી તેમજ કોઈ અંગ સૂત્રમાં પણ તેવી વાત નથી. પરંતુ શ્વેતાંબરોએ પોતાની સચેલકતાની માન્યતાને પુષ્ટ કરવા માટે આ વાત પણ ઉપજાવી કાઢેલી છે. દિગંબરોમાં આવી શ્વેતાંબરો જેવી માન્યતા નથી.

ભગવાન નગ્ન જ દેખાતા

તીર્થંકર ભગવાન નગ્ન જ દેખાય છે એમ સાબિત કરતાં પં. મુનિશ્રી પાર્શ્વકુમારજી મહારાજે સમ્યગ્દર્શન પત્રમાં લખ્યું છે કે—

ઔપપાતિક સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના મસ્તકથી પગના નખ સુધીનું અનેક ઉપમાઓ સહિત વિસ્તૃત વર્ણન છે. પરંતુ તેમાં પણ ભગવાન નગ્ન નહોતા દેખાતા એવો કોઇ ઉલ્લેખ નથી.

આચારાંગ સૂત્રમાં ભગવાનના છદ્મસ્થકાળના શય્યાપરિસહના વર્ણનમાં લખ્યું છે કે—શૂન્યગાર, વૃક્ષમૂળ, આરામગાર આદિમાં ભગવાન રાત્રિઓ વિતાવતા હતા. ત્યારે કોઈ કોઈ વાર તેમની પાસે શસ્ત્રધારી ગ્રામરક્ષક તથા બીજી વ્યક્તિઓ આવતા હતા. અને તેઓ ભગવાનને પૂછતા કે—તમે કોણ છો ?

"હું ભિક્ષુ છું" એટલું કહી ભગવાન મૌન ધારણ કરતા.

ગ્રામરક્ષક કોઈ સામાન્ય માણસ નથી હોતા. તેઓ ભારે વિચક્ષણ હોય છે. માણુસના વેષ આદિથી તેને તુરત ઓળખી કાઢે તેવા ગ્રામરક્ષક ભારે ચકોર હોય છે. ભગવાન નગ્ન દેખાતા ન હોત તો ગ્રામરક્ષકને પ્રશ્ન કરવાની જરૂર રહેત નહિ. કારણ કે ભગવાનના વેષ ઉપરથી તે ઓળખી શકત.

સ્કંદક સંન્યાસી જ્યારે ગૌતમ સ્વામીની સાથે ભગવાન મહાવીરની પાસે ગયા હતા ત્યારે તેણે ભગવાનને વેષ તેમ જ અલંકારરહિત એટલે નગ્ન જોયા હતા. (**ભગવતી સૂત્ર** શ. ૨ ઉ. ૧).

ત્રીજા બચાવનો જવાબ

(૩) શ્રી હેમચંદ્રાચાર્ય મહા વિદ્વાન બુદ્ધિશાળી હતા. તેમણે **ભગવાન નગ્ન ન દેખાય એના સમર્થન માટે એક નવી વાત જ ઉપજાવી** કાઢી. **ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના પહેલા ભાગમાં પહેલા તીર્થંકર**

શ્રી ઋષભદેવ ભગવાનના દેહનું વર્ણન કરતાં લખ્યું છે કે કુલિન પુરુષનું ચિન્હ–ગુહ્યેન્દ્રિય અશ્વની પેઠે ગુહ્ય છુપાયેલી હોય તેથી તે નગ્ન અથવા અશિષ્ટ ન દેખાય !

ભારતક્ષેત્રના સર્વ પુરુષોનો આકાર કુદરતી રીતે જ એક સરખો છે. તેમાં કોઈ પણ કુલિન પુરુષના લિંગનો આકાર અશ્વ જેવો હોય તેવું **ક્યાંય પણ કોઈએ પણ લખ્યું નથી કે જણાવ્યું નથી.** આવું માનવું એ તો કુદરત વિરુદ્ધની માન્યતા થઈ. અને પુરુષને ઘોડાની સાથે સરખાવવાની વાત થઈ. એ તો સર્વ રીતે અયોગ્ય અને કોઈ પણ બુદ્ધિમાન પુરુષ ન માની શકે તેવી વાત છે.

ચોથા બચાવનો જવાબ

(૪) જિનકલ્પી શબ્દ જ ભગવાન મહાવીરના વખતમાં ક્યાંયે વપરાયેલો નથી. એક પણ અંગસૂત્રમાં જિનકલ્પી શબ્દનું નામનિશાન નથી. તેમ **નગ્નત્વ એ જિનકલ્પીનો જ આચાર નહિ પણ સમસ્ત સાધુવર્ગ માટેનો આચાર છે તે વાત આચારાંગ સૂત્ર તેમ જ કલ્પસૂત્ર સાબિત કરે છે.**

સાધુના આચાર માટેના મૂળ સૂત્ર આચારાંગ સૂત્રમાં જિનકલ્પીના જુદા આચાર માટેની વાત જ નથી. પણ સૂત્રો પુસ્તકારૂઢ થયા તે પહેલાં તો જિનકલ્પીની વાત શ્વેતાંબરોમાં રૂઢ થઈ ગઈ હતી અને તેથી ગુરુ શિષ્ય વચ્ચે તે બાબત સ્પષ્ટ કરવા માટેની પ્રશ્નોત્તરી ચાલી હોય તે સંભવિત જ છે. અને સૂત્રો પુસ્તકારૂઢ થતી વખતે તે પ્રશ્નોત્તરી ભગવતી સૂત્રમાં ઘુસી જાય તે સ્વાભાવિક છે.

તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં નગ્નપરિસહનો અર્થ કરતી વખતે સિદ્ધસેનગણિએ નવો અર્થ ઉપજાવી જિનકલ્પને જુદું જ ઠરાવ્યું. જિનકલ્પના આચાર રહેણીકરણી જુદી જ ઠરાવી દીધી ! કે જે વાત મૂળ સૂત્રમાં ક્યાંય છે જ નહિ.

અને જિન ભદ્રગણિ ક્ષમા શ્રમણે તો વિશેષાવશ્યક ભાષ્યમાં જંબૂ સ્વામીના મોક્ષગમન પછી જિનકલ્પ વિચ્છેદ ગયાની જ ઘોષણા કરી દીધી.

આ પ્રમાણે કેટલાય પૂર્વાચાર્યોએ મૂળ અચેલક આચાર ધર્મને છુપાવીને વધતા જતા શિથિલાચારને પુષ્ટ કરવા માટે અનેક નવી નવી વાતો ઉપજાવી કાઢી કે જે એક રીતે કહીએ તો ઉત્સૂત્ર પ્રરૂપણા જ કહેવાય.

જિનકલ્પ દશ પૂર્વથી વધુ જ્ઞાનવાળા જ ધારણ કરી શકે એવી વાત પણ મૂળમાં ક્યાંય નથી પણ પાછળથી પૂર્વાચાર્યે ઉપજાવી કાઢેલ છે.

વિશેષ વિગત માટે "જિનકલ્પ" નામનું આ પછીનું પ્રકરણ નં. ૧૪ જુઓ.

પાંચમા બચાવનો જવાબ

(૫) સચેલકતાની પુષ્ટિમાં છેલ્લો બચાવ એ છે કે નગ્નતા એ અશિષ્ટ દેખાય છે. અલબત્ત આ વાત શ્રાવકોની દૃષ્ટિથી છે. સંસાર છોડ્યા પછી સાધુને વ્યવહારિક શિષ્ટતા કે અશિષ્ટતા સામે સંબંધ નથી. છતાં જે લજ્જા સહન ન કરી શકે તેને માટે ભગવાને પણ ચોલપટની છૂટ આપી છે,

પં. મુનિશ્રી પાર્શ્વકુમારજી મહારાજે સમ્યગદર્શન પત્રમાં નગ્નતા અશિષ્ટ નથી પણ શિષ્ટ છે માટે જ ભગવાને અચેલકતાનું નિરૂપણ કર્યું છે એમ કહે છે. છતાં તેમની સાંપ્રદાયિકતાએ જોર કરવાથી તેઓશ્રી લખે છે કે—જઘન્ય નવ પૂર્વ સુધીના જ્ઞાનવાળા અને ૨૦ વીશ વર્ષની દીક્ષા પર્યાયવાળાને માટે જ નગ્નત્વ શિષ્ટ મનાયું છે. આ વાત ક્યા સૂત્રમાં છે તે તેઓ જણાવી શક્યા નથી. કારણ કે કોઈપણ સૂત્રમાં એ વાત છે જ નહિ. પણ તેમણે જ જણાવ્યું છે કે—

સ્થાનાંગ સૂત્રમાં સાધુએ વસ્ત્ર ધારણ કરવાના ત્રણ કારણ બતાવ્યા છે—(૧) લજ્જા જીતવાની અસમર્થતા, (૨) અંગ આદિની જુગુપ્સનીયતા અને (૩) પરિસહ સહન કરવાની અસમર્થતા.

આમાં ત્રણ કારણ જ બતાવ્યા છે. બીજા બે કારણ એટલે—(૪) નવ પૂર્વ સુધી ભણ્યો ન હોય અને (૫) વીશ વર્ષની દીક્ષા પર્યાય ન હોય તે પણ વસ્ત્ર ધારણ કરે એમ સ્થાનાંગ સૂત્રમાં ચોથા પાંચમા એમ બે વધારે કારણ દર્શાવ્યા નથી. એટલે મુનિશ્રીની પ્રરૂપણા તેમણે જ બતાવેલ સૂત્રસિદ્ધાંત વિરુદ્ધ જાય છે તે તેમને ધ્યાનમાં રહ્યું નથી.

પરંતુ નગ્નત્વ એ ખરેખર અશિષ્ટ જ હોય તો ભગવાન તેની પ્રરૂપણા કરે જ નહિ મહાવીર ભગવાનના વખતમાં નગ્ન સાધુઓ હતા જ અને તેઓ ભિક્ષાર્થે પણ જતા જ. **જો નગ્નત્વ તે વખતે અશિષ્ટ જ હોય તો સૂત્રમાં નગ્ન સાધુ માટેનું વિધાન જ ન હોય. ભગવતી સૂત્ર શતક ૧ ઉ. ૯** માં કાલાસ્યવેષિ પુત્ર અણગારનો અધિકાર છે. તેમાં કાલાસ્યવેષિ પુત્ર અણગાર પણ નગ્ન રહે છે, ભિક્ષાને માટે બીજાને ઘેર જાય છે એમ કહેલું જ છે. એટલે ભગવાન મહાવીરના વખતમાં નગ્ન સાધુ નહોતા એમ કોઈ કહી શકે તેમ નથી. અથવા કહે તો તે જુઠાણું જ ગણાય.

મતલબ કે તે વખતે સચેલક કરતાં અચેલક સાધુ જ વિશેષ હશે. લંગોટધારીનુ સચેલકપણું તો અપવાદરૂપ હતું. એટલે લંગોટધારી તો જુજ જ હશે. તેથી તે વખતે સાધુનું નગ્નત્વ અશિષ્ટ ગણાતું નહિ જ હોય, તો પણ આપણે તે સંબંધી વિશેષ વિચાર કરીએ.

શિષ્ટતાનું ધોરણ

શિષ્ટતાનું ધોરણ સંસારી જીવોમાં એટલે ગૃહસ્થોમાં એક સરખું નથી હોતું. પણ કક્ષા પ્રમાણે જુદું જુદું હોય છે. હલકા વર્ગમાં જે આચાર શિષ્ટ ગણાય છે તે આચાર મધ્યમ વર્ગમાં શિષ્ટ ગણાતો નથી.

તેમ જ મધ્યમ વર્ગમાં શિષ્ટ ગણાતો આચાર ઉચ્ચ વર્ગમાં તેટલો શિષ્ટ ગણાતો નથી. એ પ્રમાણે નગ્નતાની બાબતમાં પણ શિષ્ટતાનું ધોરણ જુદું જુદું ગણી લેવું.

વળી બીજી રીતે પણ શિષ્ટતાના ધોરણમાં ફેરફાર છે. નાના છોકરાં નાગાં હોય તો પણ તે અશિષ્ટ નથી ગણાતું. સહેજ મોટાં છોકરાં ઘરમાં નાગાં ફરતાં હોય તો પણ તે અશિષ્ટ નથી ગણાતું છતાં બહાર જતી વખતે તેમને એકાદ કપડાની જરૂર લાગે છે. કપડાં વિના બહાર નાગાં જાય તો તે અસભ્ય લાગે છે. અને મોટા માણસો નગ્ન હોય તો તે અસભ્ય ગણાય છે. વળી ઘરમાં મોટા માણસ પણ લંગોટ કે ધોતિયું કે ચડ્ડી પહેરીને ફરે તો તે બહુ અશિષ્ટ ગણાતું નથી.

આમ સંસાર વ્યવહારમાં અનેક દૃષ્ટિથી શિષ્ટતા સભ્યતાનો વિચાર કરવામાં આવે છે. એટલે એક સંસારી ગૃહસ્થ બીજા સંસારી ગૃહસ્થને કેવી રીતે અશિષ્ટ ગણે તે તેની દૃષ્ટિ ઉપર આધાર રાખે છે.

વળી જમાના પ્રમાણે ગૃહસ્થમાં પણ શિષ્ટતાનું ધોરણ ફરતું રહે છે.

ગૃહસ્થની સાધુ પ્રત્યેની દૃષ્ટિ

પરંતુ સાધુ તરફ ગૃહસ્થ જુએ ત્યારે ગૃહસ્થની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે. સાધુ એ ધર્મની મૂર્તિ છે. એટલે સાધુ પૂજ્ય છે. ગૃહસ્થ સાધુ તરફ પૂજ્યભાવથી જ જુએ છે. ગૃહસ્થમાં પણ તે વખતે સંસારભાવનાને બદલે ધર્મભાવના અને પૂજ્યભાવના જ વર્તતી હોય છે. એટલે સાધુ તરફ જોતી વખતે ગૃહસ્થ સાધુના મુખ તરફ જ દૃષ્ટિ ઠેરવીને જુએ છે.

ગૃહસ્થને ભાવ સાધુને સત્કાર સન્માન કરવાને હોય છે તેમજ તેમની પાસેથી ધર્મ સાંભળવાની ઇચ્છા હોય છે. એટલે તે સાધુ મહાત્માના મુખ ઉપર જ દૃષ્ટિ રાખી રહેલ હોય છે. સામાન્ય રીતે તેની નજર સાધુના બીજા અંગોપાંગ ઉપર જતી નથી અથવા ઠરતી નથી.

એક તો ગૃહસ્થ, સાધુના મુખ તરફ જ ધ્યાનથી જોઈ રહેલ હોય છે અને બીજું ગૃહસ્થને સાધુ તરફ શુદ્ધ પૂજ્યભાવ હોય છે તેથી સાધુ નગ્ન હોય અને બેધ્યાનપણે પણ ગૃહસ્થની નજર સાધુના બીજા અંગ ઉપર પણ પડી જાય તો ય તેને સાધુનું શરીર અશિષ્ટ લાગતું નથી. પૂજ્યભાવ હોય ત્યાં અશિષ્ટતાનો વિચાર પણ આવી શકે નહિ.

આ વાત ગૃહસ્થ સ્ત્રી કે પુરુષ બન્ને માટે એક સરખી છે. વળી જ્યારે સામાન્ય રીતે સાધુ નગ્ન જ હોય એમ ગૃહસ્થો જાણતા જ હોય ત્યારે પછી તેમને સાધુની નગ્નતાના સંબંધમાં અશિષ્ટતા હોવાનો વિચાર પણ આવે નહિ. એ તો એમ જ સમજતો હોય છે કે નગ્નતા એ સાધુતાનો એક વિશિષ્ટ ગુણ છે. સાધુનું સંપૂર્ણ અપરિગ્રહપણું જોઈને મનમાં એક ફક્ત પૂજ્યભાવ સિવાય કાંઈ હોઈ શકતું નથી.

આપણે સંસારી દૃષ્ટથી જોવાનું કે વિચારવાનું મૂકી દઈએ તો જ આ વાત યથાર્થ રીતે સમજમાં આવી શકશે.

દશ પ્રશ્નોમાંના પહેલા પાંચ પ્રશ્નોનો જવાબ ઉપરના લખાણમાં સંપૂર્ણ રીતે આવી જાય છે.

છઠા પ્રશ્નનું સમાધાન

છઠો પ્રશ્ન મુહપત્તિ સંબંધનો છે. સ્થાનિકવાસીઓ ચોવીસે કલાક મુહપત્તિ બાંધી રાખવાનો એકાંત આગ્રહ સેવે છે. અને તેમના તે આગ્રહને સત્ય ઠરાવવા માટે સ્થાનકવાસી આચાર્ય તેમ જ અન્ય સાધુઓએ તીર્થંકર ભગવાનના તેમ જ તીર્થંકરના વખતમાં થઈ ગયેલા મુનિમહાત્માઓના ચિત્રો ચીતરાવીને તેમને મોઢે મુહપત્તિ બાંધીને તે ચિત્રો આચાર્યો અને સાધુઓએ તેમના પુસ્તકોમાં છપાવ્યા છે અને એ રીતે

તેમણે ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે તે બતાવવાને માટે જ આ છઠ્ઠો પ્રશ્ન મૂકાયેલ છે.

તીર્થંકર ભગવાન મુહપત્તિ બાંધતા નહોતા તેમ હાથમાં પણ રાખતા નહોતા એમ જૈનોના સર્વ સંપ્રદાયો માને છે. સ્થાનકવાસી પણ માને છે. ત્યારે તેઓએ તેમના સાધુઓની આ પ્રવૃત્તિને વખોડી કાઢવી જોઇએ એ તેમનું કર્તવ્ય થઈ પડે છે.

સ્થા. પં. મુનિશ્રી પાર્શ્વકુમારજી પણ 'સમ્યગ્દર્શન પત્રમાંના તેમના લેખમાં કબૂલ કરે છે કે તીર્થંકર ભગવાન મુહપત્તિ કે રજોહરણ ધારણ કરતા નથી. વળી તેની પુષ્ટિમાં તેઓ જણાવે છે કે ભગવાન મહાવીર નગ્ન અને મુહપત્તિ રજોહરણ રહિત હતા માટે જ ગ્રામરક્ષકો તેમને ઓળખી નહિ શકવાથી તેઓ કોણ છે એમ પ્રશ્ન કરતા હતા. મુહપત્તિ રજોહરણ ભગવાન પાસે હોત તો ગ્રામરક્ષક તેમને તુરત ઓળખી શકત અને તેથી તેને પ્રશ્ન કરવાની જરૂર રહેત નહિ.

સાતમા પ્રશ્નનું સમાધાન

શ્વેતાંબર મૂર્તિપૂજકોએ દિગંબર સામેના પોતાના એકાંત આગ્રહને અનુસરીને પોતાની શ્વેતાંબર માન્યતાને પુષ્ટ કરવા કથા સાહિત્યમાંથી નગ્ન સાધુની વાતો સદંતર કાઢી નાખી છે અથવા તો મૂળ નગ્ન સાધુને શ્વેતાંબર બનાવી દીધેલ છે, અને જિનકલ્પીપણું તો વિચ્છેદ ગયાની શ્વેતાંબરોએ મોટી ઘોષણા કરી હોવાથી જિનકલ્પી સાધુની કોઈ કથામાં વાત જ ન હોય તે સ્વાભાવિક છે.

છતાં એટલું ય સદ્‌ભાગ્ય છે કે કાલાસ્યવેષિ પુત્ર અણગારની વાત જેવી રડીખડી કથા તેમણે કાયમ રાખી છે.

આઠમા અને નવમા પ્રશ્નનું સમાધાન

આઠમા અને નવમા પ્રશ્નમાં ગૃહસ્થને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તો તે સાધુ વેષ ન પહેરે ત્યાંસુધી તેમને વંદન ન કરાય તે પ્રમાણે

શ્વેતાંબર કથાઓમાં અનેક ઠેકાણે આવે છે અને સ્થાનકવાસીઓ તેનો બચાવ કરતાં કહે છે કે ગૃહસ્થવેષમાં કેવળી હોય ત્યારે વંદન કરવાથી વ્યવહારમાં ખોટી માન્યતા પ્રસરે! એ પણ એક લૂલો બચાવ છે.

ખરી વાત એ છે કે આ પણ શ્વેતાંબરોનું એક ઉપજાવી કાઢેલું વિધાન છે. અને તેનો મૂળ આશય શ્વેતાંબરત્વનું પ્રતિપાદન કરવાનો છે. કેવળી પણ નગ્ન નથી રહેતા અને વસ્ત્ર પહેરે છે તે બતાવવા માટે અથવા સિદ્ધ કરવા માટે આ વિધાન તથા તે કથાઓ ઉપજાવી કાઢેલ છે.

ઉત્તરાધ્યન ૨૩-૩૨મી ગાથા ટાંકીને મુનિશ્રી પાર્શ્વકુમારજી લિંગ ધારણ કરવાના ત્રણ કારણ બતાવે છે—(૧) લોકવિશ્વાસ, (૨) સંયમ યાત્રાનિર્વાહ અને (૩) જ્ઞાનાદિગ્રહણ. તેમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી કેવળીને ત્રીજુ કારણ રહેતું નથી. પણ પહેલા બે કારણથી લિંગ ધારણ કરવું જોઈએ એમ મુનિશ્રી પ્રતિપાદન કરે છે.

પરંતુ સંયમ યાત્રાનું ફળ જ કેવળ જ્ઞાન છે તે પ્રાપ્ત થયા પછી સંયમ યાત્રા રહે શી રીતે? અને કેવળી માટે તો તેમના કેવળ જ્ઞાનથી જ લોક-વિશ્વાસ ઉત્પન્ન થાય છે. ઉપરના ત્રણ કારણો સામાન્ય મુનિને લાગુ પડે છે પણ કેવળીને લાગુ પડતા હોય એમ દેખાતું નથી. અને એ ગાથા પણ સામાન્ય સાધુ માટે ઉચ્ચારાઈ છે પણ કેવળી માટે ઉચ્ચારાઈ નથી.

અને સાધુ મુનિ માટે સામાન્ય રીતે નગ્નત્વ જ ભગવાને પ્રરૂપેલું છે તો નગ્નત્વને જ સાધુનું લિંગ શા માટે ન ગણવું?

ભરત મહારાજે કેવળી થતાં.
નગ્નત્વ ધારણ કર્યું હતું

ભરત મહારાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેનું વર્ણન કરતાં જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સૂત્રકાર કહે છે કે—

तए णं से भरहे केवली सयमेवा भरणालंकारं ओमुयइत्त सयमेव पंचमुट्ठियं लोयं करेइ करेइत्ता आयंसघराओ पडिणिक्खमइ.

અર્થ—ત્યારે તે ભરત કેવળીએ સ્વયમેવ (પોતાની મેળે) આભરણુ (વસ્ત્ર) અલંકાર (ઘરેણાં) કાઢી નાંખ્યા અને સ્વયમેવ (પોતાની મેળે) પંચમુષ્ટિ લોચ કર્યો. તે પછી તે અરિસા ભુવનમાંથી બહાર નીકળી ગયા.

અહીં આભરણુ અને અલંકાર બે શબ્દ વાપરેલા છે. આભરણુમાં વસ્ત્ર અને અલંકાર બન્ને અર્થ સમાઈ જાય પણુ અલંકાર શબ્દ જુદો વાપરેલ હોવાથી આભરણુનો અર્થ વસ્ત્ર લઈ શકાય. એટલે કે **કેવળી ભરત મહારાજ નગ્નત્વ ધારણ કરીને અરિસાભુવનમાંથી નીકળી ગયા.**

આ ઉપરથી પણુ નગ્નત્વ એ મુનિનું લિંગ છે એમ સમજી શકાય છે અને ગૃહસ્થાવસ્થામાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થતાં કેવળી તુરત જ વસ્ત્રાભૂષણુ કાઢી નાખીને નગ્ન થઈ જાય એ જ નિયમ અથવા એ જ વ્યવહાર સાચો છે એમ સમજી શકાય છે.

બાકી કેવળીને વસ્ત્રનો પરિગ્રહ ન હોય છતાં આપણે તેને પરિગ્રહી બનાવવા તે મને તો ધર્માનુસાર લાગતું નથી કે યોગ્ય પણુ લાગતું નથી.

દશમા પ્રશ્નનું સમાધાન

દશમા પ્રશ્નનો જવાબ ઉપરના પ્રશ્નના જવાબમાં આવી જાય છે.

અહિંસા અને સત્ય એ તો જૈન ધર્મના પાયા રૂપ છે, તો જૈન ધર્મના સિદ્ધાંતને ગોપવવા કે સત્ય તરીકે જાહેર ન કરવા એ કાર્ય ધર્મ વિરૂદ્ધનું જ ગણાય.

નગ્નત્વને જિનકલ્પીનું નામ આપી તે (જિનકલ્પી પણું) વિચ્છેદ ગયાની ઘોષણા કરવી. એવી વાતો ઉપજાવી કાઢી સત્યને ગોપવવા કરતાં સૂત્રમાં સાધુના નગ્નત્વનું પ્રતિપાદન છે એ વાતનો સીધી રીતે સ્પષ્ટ રીતે સ્વીકાર કરી, હાલના કાળમાં શરીરની નિર્બળતાને લઈને એવો કડક આચાર પાળી શકાય તેમ નથી એમ બતાવીને વસ્ત્રની જરૂરીઆત અનિવાર્ય ગણાવવામાં આવે તો જ તે સત્ય કહેવાય. તો જ તેમાં પ્રમાણિકપણું કહેવાય.

અને સાચી વાત શ્રાવકો કબુલ કરવાના જ છે. સાચી વાત કરવાથી સાધુનું શ્રાવકોમાં માન જરાય ઘટવાનું નથી પણ વધવાનું જ છે.

તો પછી સત્યને સત્ય તરીકે જાહેર રીતે કબુલ કરવામાં શા માટે કાંઈપણ વાંધો હોઈ શકે?

☆

પ્રકરણ પંદરમું

જિનકલ્પ

જિનકલ્પ કે જિનકલ્પી શબ્દ જ ભગવાન મહાવીરના વખતમાં કયાં ય વપરાયેલો નથી. એક પણ અંગસૂત્રમાં જિનકલ્પી શબ્દનું નામનિશાન નથી. તેમ **નગ્નત્વ એ જિનકલ્પીનો જ આચાર નહિ પણ સમસ્ત સાધુવર્ગ માટેનો આચાર છે તે વાત આચારાંગ સૂત્ર તેમ જ કલ્પસૂત્ર સાબિત કરે છે.**

જ્યારે સચેલકત્વનો આગ્રહ પ્રગટયો ત્યારે પણ અચેલકત્વને તદ્દન નાબુદ કરી શકાયું નહિ. તેથી સામાન્ય હલકી સંઘયણવાળા સાધુથી પાળી ન શકાય તેવા કડક આચારના નિયમો જિનકલ્પી માટેના છે એમ ઠરાવીને જિનકલ્પી આચાર જૂદો બનાવ્યો.

જિનકલ્પ સંબંધી મતભેદની શરૂઆતની વિગત આગળ "પ્રાચીન કોણ" નામના પ્રકરણ નં. ૨ માં અપાઈ ગઈ છે.

આચારાંગ સૂત્રમાં જિનકલ્પની વાતજ નથી.

સાધુના આચાર માટેના મૂળ સૂત્ર આચારાંગ સૂત્રમાં જિનકલ્પીના જુદા આચાર માટેની વાત જ નથી. પણ સૂત્રો પુસ્તકારૂઢ થયા તે પહેલાં તો જિનકલ્પીની વાત શ્વેતાંબરોમાં રૂઢ થઈ ગઈ હતી અને તેથી ગુરુ શિષ્ય વચ્ચે તે બાબત સ્પષ્ટ કરવા માટેની પ્રશ્નોત્તરી ચાલી હોય તે સંભવિત જ છે. અને સૂત્રો પુસ્તકારૂઢ થતી વખતે તે પ્રશ્નોત્તરી ભગવતી સૂત્રમાં ઘુસી જાય તે સ્વાભાવિક છે.

જિનકલ્પ પાછળથી ઠરાવાયો

તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં નગ્નપરિસહનો અર્થ કરતી વખતે સિદ્ધસેનગણિએ નવો અર્થ ઉપજાવી જિનકલ્પને જુદું જ ઠરાવ્યું.

જિનકલ્પના આચાર રહેણીકરણી જુદી જ ઠરાવી દીધી! કે જે વાત મૂળ સૂત્રમાં ક્યાં ય છે જ નહિ.

અને જિન ભદ્રગણિ ક્ષમાશ્રમણે તો વિશેષાવશ્યક ભાષ્યમાં જંબૂ સ્વામીના મોક્ષગમન પછી જિનકલ્પ વિચ્છેદ ગયાનીજ ઘોષણા કરી દીધી.

આ પ્રમાણે કેટલાય પૂર્વાચાર્યોએ મૂળ અચેલક આચાર ધર્મને છુપાવીને વધતા જતા શિથિલાચારને પુષ્ટ કરવા માટે અનેક નવી નવી વાતો ઉપજાવી કાઢી કે જે એક રીતે કહીએ તો ઉત્સૂત્ર પ્રરૂપણા જ કહેવાય.

જિનકલ્પ દશ પૂર્વથી વધુ જ્ઞાન વાળા જ ધારણ કરી શકે એવી વાત પણ મૂળમાં કયાંય નથી પણ પાછળથી પૂર્વાચાર્યે ઉપજાવી કાઢેલ છે. તેમજ અચેલક સાધુ જિનકલ્પી જ હોય એવું વિધાન પણ આચારાંગ સૂત્રમાં નથી. તથા અચેલકપણું પહેલા વજ્ર ઋષભ નારાચ સંઘયણવાળા જ પાળી શકે એવો પણ કોઈ નિયમ નથી. આજે પણ અચેલકપણું પાળવામાં આવે છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે.

જિનકલ્પ ઉગ્રતપ પ્રધાન છે

જિનકલ્પી માટે બનાવેલા નિયમો ઉગ્ર તપ પ્રધાન છે. અને તેથી તે નિયમો પહેલા સંઘયણવાળા સાધુથી જ પાળી શકાય એમ કહેવું તે કેટલેક અંશે વ્યાજબી ગણાય.

પરંતુ અચેલકત્વ અને તપ એ બે જુદી જુદી વસ્તુ છે. અચેલક સાધુએ પણ તપ કરવાનો જ ને પરંતુ છે શરીરની શક્તિ પ્રમાણે કરવાનો છે. પણ અચેલકત્વ ધારણ કર્યું માટે જિનકલ્પી માટે બનાવેલા નવા નિયમો અનુસારનો ઉગ્ર તપ કરવાનું અચેલક સાધુ માટે ફરજીયાત નથી. એટલે અચેલકત્વ પહેલા સંઘયણ વાળો જ ધારણ કરી શકે એવો નિયમ નથી.

પંચમ આરાના દુષ્ટ કાળના પ્રભાવે શ્વેતાંબરો ઉપર અસર કરી અને તેમને સચેલકત્વ માટે આગ્રહી બનાવ્યા તો તેવી જ રીતે કાળ

પ્રભાવે દિગંબરો ઉપર પણ અસર તો કરી જ હતી. તેમણે અચેલકત્વનો આગ્રહ તો રાખ્યો પણ જ્યારે શ્વેતાંબરમાં જિનકલ્પ જુદો બની ગયો ત્યારે દિગંબરોએ પણ જિનકલ્પનો આચાર જુદો બનાવી દીધો.

દિગંબરોના જિનકલ્પી માટેના નિયમો

દિગંબરોએ પણ જિનકલ્પી માટે નીચે પ્રમાણે ઠરાવ્યું છે—

(૧) જિનકલ્પી તીર્થંકરના સમયમાં જ હોય છે.

(૨) જન્મથી વીસ વર્ષ સુધી ભોગ ભોગવીને પછી ઓગણીશ વર્ષ સુધી મુનિ પર્યાયમાં રહીને ત્યારબાદ જિનકલ્પી મુનિ થાય છે.

(વીશ વર્ષ સુધી ભોગ ભોગવવાનો નિયમ મહાવીર ભગવાન ગૃહવાસમાં રહેલા તે ઉપરથી ઉપજાવી કાઢેલો લાગે છે. પરંતુ ઓગણીશ વર્ષ મુનિ પર્યાયની મુદ્દત શા માટે ઠરાવી છે તે સમજાતું નથી.)

(૩) જિનકલ્પીને પહેલું સંઘયણ હોય છે.

(૪) જિનકલ્પીને નવ અથવા દશપૂર્વનું જ્ઞાન હોય છે.

(૫) જિનકપી તીર્થંકર ભગવાનની જેમ વિહાર કરે છે.

(અપ્રતિબદ્ધ વિહારને ઉદ્દેશીને આ નિયમ હોય એમ લાગે છે. પરતુ ઉચ્ચ કક્ષાના બધા ય નિગ્રંથો માટે અપ્રતિબદ્ધ વિહારનો જ નિયમ છે.)

શ્વેતાંબરોએ અચેલકત્વને જ જિનકલ્પ ઠરાવેલ છે ત્યારે દિગંબરોએ અચેલકત્વને અને જિનકલ્પને જુદા જુદા ગણ્યા છે. એટલો ફેરફાર બાદ કરીએ તો જિનકલ્પી માટેના બાકીના નિયમો બન્ને સંપ્રદાયના લગભગ એક સરખા છે.

અચેલકત્વ એ સાધુ માટેનો આચારાંગ સૂત્ર પ્રમાણે સામાન્ય નિયમ છે. તેમાં સંઘયણની કોઈ શરત નથી. સાધુના આચારમાં જે

ખાસ વિશેષ કડક અને ઉગ્ર આચાર હતો તે આ કાળમાં પાળી ન શકાય તે કારણે તેટલો આચાર જુદો પાડીને તેને જિનકલ્પનું નામ આપ્યું હોય એમ જણાય છે.

મૂળ આચારના નિયમમાં ફેરફાર કર્યા વિના ઉચ્ચતમ નિર્ગ્રંથના ઉત્કૃષ્ટ આચારને તે પ્રમાણે કહીને જુદો પાડી તેને જુદું નામ આપવામાં કાંઈ ખોટું થતું નથી. પરંતુ અચેલક અને જિનકલ્પ એ બે જુદી બાબતો હોવા છતાં તે બન્ને એક ગણી કાઢવી એ ખોટું છે. એટલે એટલી વાત સૂત્ર વિરુદ્ધની ગણાય.

જિનકલ્પથી સર્વજ્ઞતાને બાધ

જિનકલ્પ ભગવાન મહાવીરે પ્રરૂપેલ છે એમ માનવાથી ભગવાનની સર્વજ્ઞતાને જ બાધા પહોંચે છે ને આ પ્રમાણે—

ભગવાને આચારાંગ સૂત્રમાં જિનકલ્પની કાંઈ જ વાત કરી નથી. શિષ્યોને સાધુના આચાર સંબંધી વાત કરતી વખતે જિનકલ્પનું નામ આપીને કોઈ પણ વ્યાખ્યા કરી નથી, ત્યારે શિષ્યોને બીજા વિષયની વાત કરતી વખતે ભગવાન શિષ્યોને જિનકલ્પનો ઉલ્લેખ કરે જ નહિ. કારણ કે ભગવાન તો જાણે છે કે તેમણે શિષ્યોને જિનકલ્પનું નામ સુદ્ધાં બતાવ્યું નથી તો શિષ્યો જિનકલ્પનું નામ ભગવાનના મુખમાંથી સાંભળે તો પણ તેઓ જિનકલ્પ શું ને સમજી શકે જ નહિ.

એટલે સર્વજ્ઞ ભગવાન એવી અસંબદ્ધ વાત કરે જ નહિ. ભગવાનને નામે આવી વાત કહેનારા ભગવાનને સર્વજ્ઞ માનતા નથી એ સાબિત થાય છે.

સંપ્રદાયવાદીઓ ભગવાને જિનકલ્પની વ્યાખ્યા કરીને જિનકલ્પની પ્રરૂપણા કરી હતી એવું તો સાબિત કરતા જ નથી. પણ આડકતરી રીતે જિનકલ્પ સાબિત કરવાની કોશીશ કરે છે. ત્યારે જિનકલ્પને ભગવાનના નામે ચડાવવાની વાત કેમ માની શકાય ?

અમુક આચારને જિનકલ્પનું નામ અપાય તેમાં મને કશોય વાંધો નથી. **પણ તે વાત ભગવાને જ કરી છે એમ પ્રતિપાદન કરવા સામે જ મારો વાંધો છે.** કારણકે તેથી ભગવાનના સર્વજ્ઞપણાનો જ ઇન્કાર થઈ જાય છે.

આચારાંગ સૂત્રમાં જિનકલ્પના જુદા આચારો બતાવ્યા જ નથી. ભગવાનની એ ભૂલ સુધારવાને માટે ટીકાકારે ઘણા ઠેકાણે એવા ઉલ્લેખ કર્યા છે કે—"આ તો જિનકલ્પીનો આચાર છે," "આ સૂત્ર જિનકલ્પીને ઉદ્દેશીને લખાયું છે" અને આ વાત તો "જિનકલ્પીને ઘટે તેમ છે."

એટલે કે ભગવાન સર્વજ્ઞ નહિ હોવાથી તેમને કયો આચાર જિનકલ્પનો છે તે ખબર નહોતી અને બધા આચારો સામાન્ય રીતે સર્વ સાધુ માટે લખી નાખ્યા.

પણ આવી રીતે **ભગવાનને અસર્વજ્ઞ ઠરાવી તેમની ભૂલ સુધારવાનો ડોળ કરતાં** ટીકાકારે આચારાંગ સૂત્રની કલમ ૫૫૬ માં, કલમ ૮૨૪ માં અને ૮૪૧ માં **સ્પષ્ટ રીતે અને એકસરખી રીતે ભિક્ષુભિક્ષુણીના આચારો છે તેને પણ જિનકલ્પીના આચાર ઠરાવી દીધા! શું સાધ્વીઓ જિનકલ્પી હોય એમ માનો છો?**

ભગવાનને સર્વજ્ઞ નહિ માનનારા અને મતાગ્રહને ચુસ્તપણે વળગી રહેનારા જ આવી અસંબદ્ધ વાતોને સત્ય તરીકે સ્વીકારે.

પહેલા ત્રેવીશ તીર્થંકરોના વખતમાં જિનકલ્પ નહોતો એમ તો સંપ્રદાયવાદીઓ સ્વીકારે જ છે.

મેં આ લેખમાં બતાવ્યું છે તેમ ચોવીશમા મહાવીર સ્વામીના વખતમાં પણ જિનકલ્પીપણું હતું નહિ. શ્રી આચારાંગ સૂત્રમાંતેનું નામ-નિશાન પણ નથી.

બધા જિન-તીર્થંકરોનો ધર્મ એકસરખો જ હોય છે એટલે બધાય-ચોવીશેય તીર્થંકરોના વખતમાં જિન કલ્પ આદિ કોઇ પણ કલ્પનું નામનિશાન હતું નહિ.

એ બધા કલ્પોની કલ્પના પાંચમા આરાના શિથિલાચારમાંથી ઉત્પન્ન થઇ છે.

પરંતુ તેનો અર્થ એમ નથી કે [જિનકલ્પમાં વર્ણવેલું ઉત્કૃષ્ટ ચારિત્ર-તપ નહોતું. પહેલાના સાધુઓમાં તો વિશેષ ઉત્કૃષ્ટ ચારિત્ર-તપ હતું. પણ ચારિત્ર-તપના તે વખતે જુદા જુદા વિભાગ નહોતા એમ જ સમજવાનું છે.

પાંચમા આરામાં જે ઉત્કૃષ્ટ તપ થઇ શકે તેમ નથી અને જે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી શકાય તેમ નથી તેને જુદું પાડીને તેને જિનકલ્પ નામ આપ્યું એમ જ સમજવાનું છે.

પ્રકરણ સોળમું

દિગંબરની ઉત્પત્તિ

શ્વેતાંબરોએ લખેલી

અતિશયોક્તિ ભરેલી વાત

જૈન ધર્મ એક જ છે અને તે અનાદિ છે. એક જ ધર્મના બે ફાંટા પડ્યા તે અપેક્ષાએ શ્વેતાંબર અને દિગંબરની ઉત્પત્તિ થઈ એમ કહી શકાય.

શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કેમ થઈ તેની કથા શ્વે. શાસ્ત્રમાં કહેલી છે તેમ જ દિગંબરોએ શ્વેતાંબરોની ઉત્પત્તિ કેમ થઈ તેની કથાઓ તેમના ગ્રંથોમાં આપેલી છે તે બન્નેની કથાઓમાં કેટલું સત્ય છે, કેટલી વાસ્તવિકતા છે તે સમજવા માટેનો આ પ્રયત્ન છે.

પહેલાં શ્વેતાંબરોએ આપેલી દિગંબરોની ઉત્પત્તિ સંબંધીની કથા જોઈશું અને તેની સમીક્ષા કરીશું. અને પછીના પ્રકરણમાં દિગંબરોએ લખેલી કથાઓ અને તેની સમીક્ષા આપીશું.

મતભેદની શરૂઆત

જૈનધર્મના સાધુઓમાં પહેલો મતભેદ છેલ્લા કેવળી શ્રી જંબૂસ્વામીના નિર્વાણ પછી તુરત જ ઉત્પન્ન થયો હતો. પરંતુ તે થોડા વખતમાં એટલે ઘણું કરીને ભદ્રબાહુ સ્વામીના વખતમાં તે મતભેદ શમી ગયો હતો અને બન્ને પક્ષે જિનકલ્પ અને સ્થવિર કલ્પના ભેદનો સ્વીકાર કર્યો હતો.

પરંતુ તે પછી આર્ય મહાગિરિએ જિનકલ્પના જેવો આચાર પાળવાનું ફરીથી શરૂ કરવાથી વળી પાછો મતભેદ શરૂ થયો હતો. આર્ય મહાગિરિના શિષ્યો જિનકલ્પ ચાલુ છે એમ માનવા લાગ્યા ત્યારે નરમ દળના સાધુઓ જિનકલ્પ વિચ્છેદ ગયાની વાતને વળગી રહ્યા.

એ મતભેદ પણ બહુ લાંબો ચાલ્યો નહોતો કારણ કે વિષમ કાળના કારણે દિવસે દિવસે શરીર સંસ્થાન હીન હીન થતું જવાથી જિનકલ્પના હિમાયતીઓને નવા સાધુઓમાંથી જરા પણ ઉત્તેજન મળ્યું નહોતું તેથી તે મતભેદ બીજીવાર પણ શાંત થઈ ગયો.

છતાં આ મતભેદનું ઝેર તો સાધુઓમાં રેડાઈ ગયું હતું તે નાબૂદ થયું નહોતું. અને આર્યરક્ષિત સૂરિએ જ્યારે તેમના પિતાને વસ્ત્રધારી રહેવા દઈને મુનિ દીક્ષા આપી ત્યારે ગરમ દળના સાધુઓમાં ફરીથી ઉગ્ર મતભેદ શરૂ થયો એમ દેખાય છે. કારણ કે આર્યરક્ષિત સૂરિના સ્વર્ગગમન પછી ફક્ત (દિગંબર મત પ્રમાણે) નવ વર્ષ પછી અને (શ્વેતાંબર મત પ્રમાણે) બાર વર્ષ પછી દિગંબર અને શ્વેતાંબરના નામથી બન્ને સંપ્રદાયો છૂટા પડયા.

છૂટા પડવાનું તાત્કાલિક કારણ

બે પક્ષ છૂટા પડવાનું તાત્કાલિક કારણ એ છે કે મથુરાની પાસેના "રહવીર" નામના ગામમાં આર્યકૃષ્ણના શિષ્ય શિવભૂતિએ જિનકલ્પની ચર્ચા ઉભી કરી અને પોતે જિનકલ્પી બનીને લાંબા કાળથી શાંત થયેલ મતભેદને નવપલ્લવિત કર્યો.

મથુરામાં કંકાલી ટીલામાંથી જૈન શ્વેતાંબર પરંપરાના આચાર્ય આર્ય કણ્હની એક અર્ધ નગ્ન મૂર્તિ નીકળી છે. તે પ્રાયઃ વિક્રમની બીજી સદીની શરૂઆતમાં નિર્મિત થઈ હતી. મથુરાની આસપાસ તથા તેના પશ્ચિમ પ્રદેશમાં ઘણા પૂર્વકાળથી 'કૃષ્ણ ગચ્છ' અથવા 'કૃષ્ણર્ષિગચ્છ' નામથી પ્રસિદ્ધ શ્વેતાંબર આમ્નાયનો એક પ્રાચીન ગચ્છ પ્રચલિત થયો હતો. અને તે વિક્રમની પંદરમી સદી સુધી ચાલતો હતો.

કાળસામ્યનો વિચાર કરતાં સમજાય છે કે ફક્ત મૂર્તિવાળા તથા ગચ્છના આદિ પુરુષ એ જ આર્ય કૃષ્ણ હતા કે જેના શિષ્ય શિવભૂતિએ જિનકલ્પનો સ્વીકાર કર્યો હતો.

દિગંબર આચાર્યોએ નિયમપૂર્વક શૌરસેની ભાષાનો સૌથી અધિક આદર કર્યો છે તે શૌરસેની ભાષા મથુરા અને તેની આસપાસના પ્રદેશમાં પ્રાચીન કાળથી ચાલુ હતી. તેથી એમ સમજાય છે કે દિગંબર શાખાનું મૂળ ઉદ્દભવ સ્થાન શૂરસેન દેશ હતો કે જેની રાજધાની મથુરા હતી.

શિવભૂતિનો વૃતાંત શ્વે. આવશ્યક મૂળ ભાષ્ય અને ચૂર્ણિમાં આપેલો છે તે વૃતાંત જેમનો તેમ ઈતિહાસ વિશારદ પં. શ્રી કલ્યાણ વિજયજી મહારાજે **શ્વેતાંબર સંપ્રદાયની માન્યતા જાણી શકાય** તેટલા માટે પ્રસિદ્ધ કરેલ છે. તે વૃતાંતનો અનુવાદ હું અહીં આપું છું.

શિવભૂતિનું વૃતાંત

ભગવાન મહાવીર સિદ્ધ થયાને ૬૦૯ વર્ષ વ્યતીત થયા ત્યારે રથવીરપુરમાં બોટિકો (દિગંબર)નું દર્શન ઉત્પન્ન થયું. રથવીરપુર નગર હતું. ત્યાં દીપક નામનું ઉદ્યાન હતું. આર્ય કૃષ્ણ નામના આચાર્ય ત્યાં પધાર્યા.

ત્યાં સહસ્ત્રમલ્લ શિવભૂતિ નામના એક આદમી રહેતા હતા. એક સમયે તેમની સ્ત્રીએ તેની સાસુને ફરિયાદ કરતાં કહ્યું—એ હંમેશાં અરધી રાત્રે ઘેર આવે ત્યાં સુધી હું ભૂખી જાગતી બેસી રહું છું.

સાસુએ કહ્યું—આજે બારણાં બંધ કરીને સુઈ જજે. હુ જાગીશ.

તે સુઈ ગઈ. મધરાતના સમયે તેણે બારણાં ખખડાવ્યાં. ત્યારે માતાએ ફિટકાર આપતાં કહ્યું—અત્યારે જ્યાં બારણાં ખુલ્લાં દેખાય ત્યાં ચાલ્યો જા.

તે ચાલ્યો ગયો અને તપાસ કરતાં તેણે સાધુઓનો ઉપાશ્રય ખુલ્લો જોયો. અંદર જઈ સાધુઓને વંદન કરતાં તેણે કહ્યું—મને પ્રવ્રજ્યા આપો.

પરંતુ સાધુઓએ તેની પ્રાર્થના સ્વીકારી નહિ. ત્યારે તેણે પોતે પોતાની મેળે લોચ કરી નાખ્યો. ત્યાર પછી તેને સાધુનો વેષ આપ્યો અને સાધુઓ તેની સાથે ત્યાંથી ચાલી નીકળ્યા.

કાળાંતરે સાધુ ફરીથી ત્યાં આવ્યા. રાજાએ શિવભૂતિને એક બહુમૂલ્ય કંબલ આપ્યું.

આચાર્યે કહ્યું—સાધુઓને તેની શી જરૂર છે? તેં એ કેમ લીધું?

એમ કહીને તેને પૂછ્યા વિના જ કંબલને ફાડીને તેની નિષદ્યાઓ (નિશીથિઓ) કરી નાખી. તેથી શિવભૂતિ બહુ જ નારાજ થયો,

એક દિવસ જિનકલ્પિક સાધુઓનું વર્ણન ચાલી રહ્યું હતું કે જિનકલ્પિક બે પ્રકારના હોય છે—**પાણિપાત્ર અને પાત્ર ધારી.**

(**નોંધ**—અહીં જિનકલ્પી બે પ્રકારના કહ્યા—(૧) પાણીપાત્રી એટલે હાથમાં ભોજન લેનારા (૨) પાત્રધારી એટલે ભોજન માટે પાત્ર રાખનારા.

પરંતુ અહીં જનકલ્પી વસ્ત્રધારી હોય એમ કહ્યું નથી. એટલે જિનકલ્પીને વસ્ત્રધારી કહેનારા કેવા જૂઠા છે તે સમજી શકાશે, —ન. ગિ. શેઠ)

ત્યારે શિવભૂતિએ પૂછ્યું—આજકાલ આટલી બધી ઉપાધિ કેમ રાખવામાં આવે છે? જિનકલ્પ કેમ આચરવામાં નથી આવતો?

આચાર્ય—આ સમયે તે વિચ્છેદ ગયો છે તેથી તે આચરવામાં આવતો નથી.

શિવભૂતિ—વિચ્છેદ કેમ જાય? હું આચરૂં છું. પરલોકાર્થીએ તો એમ જ કરવું જોઈએ. ઉપધિ, પરિગ્રહ શા માટે જોઈએ? પરિગ્રહમાં કષાય, મૂર્ચ્છા, ભય આદિ ઘણા દોષ છે. શાસ્ત્રમાં પણ અપરિગ્રહત્વ જ કહેલ છે. જિનેશ્વર ભગવાન પણ અચેલક જ હતા. માટે અચેલકતા જ સારી છે.

ગુરુ—તો તો શરીરનો પણ ત્યાગ કરી દેવો જોઈએ કારણ કે કોઈને શરીર પર કષાય મૂર્ચ્છા આદિ થઈ જાય છે. શાસ્ત્રમાં અપરિગ્રહત્વ કહ્યું છે પણ તેનું તાત્પર્ય એટલું જ છે કે સાધુએ ધર્મોપકરણ ઉપર પણ મૂર્ચ્છા કરવી નહિ જોઈએ. જિન પણ એકાંત અચેલક નહોતા. શાસ્ત્રમાં કહ્યું છે કે સર્વ જિનેશ્વર એક દેવદૂષ્યની સાથે દીક્ષિત થયા હતા.

(નોંધ—મૂર્ચ્છા વિના ઉપકરણો રાખી શકાય એવો મૂર્ચ્છાનો ખોટો અર્થ તેમજ જિન અચેલક નહોતા એવો ખોટો અર્થ કરવામાં સાધુઓ તે વખતે કેટલા બધા કુશળ થઈ ગયા હતા તે આ હકીકત બતાવી આપે છે. આ રીતે જ મૂર્ચ્છા નહિ હોવાનો ઢોંગ કરીને અને પોતાની નિર્બળતા છુપાવીને ઉપકરણો વધારતા ગયા અને શિથિલાચાર પોષતા ગયા.—ન. ગિ. શેઠ)

આ પ્રમાણે સ્થવિરોએ શિવભૂતિને સમજાવ્યા પણ કર્મોદયને વશ થઈને તેઓ વસ્ત્રો છોડીને ચાલ્યા ગયા.

ઉત્તરા નામની તેમની એક બહેન હતી તેણી ઉદ્યાનમાં રહેલા શિવભૂતિને વંદના કરવા ગઈ અને તેને જોઈને તેણીએ પણ વસ્ત્રો ત્યાગી દીધા. તેણી ભિક્ષાર્થે ગામમાં ગઈ. તેને જોઈને એક ગણિકાએ વિચાર્યું કે આને લઈને લોકો અમારાથી વિરક્ત થઈ જાશે તેથી તે વેસ્યાએ ઉત્તરાના ઉરઃપ્રદેશ પર એક વસ્ત્ર બાંધી દીધું.

જો કે તેણીની ઇચ્છા વસ્ત્ર રાખવાની નહોતી પણ શિવભૂતિએ કહ્યું—રહેવા દે. આ તને દેવતાએ આપ્યું છે.

શિવભૂતિએ કોંડકુંડ અને વીર નામના બે શિષ્ય કર્યા. અને ત્યાંથી પરંપરા ચાલી.

ભાષ્યનો પાઠ "કોડિન્નકોરૂ વીરા" છે. ચૂર્ણીકારે "કોડિન્ન" "કોટવીરા" એમ પદચ્છેદ કર્યો છે. અને શિવભૂતિના શિષ્ય લખ્યા છે. પરતુ અમારા વિચારથી કોડિન્નકોરૂ એ કુંડકુંડનું અપભ્રંશ છે અને "વીર" એ વીરનંદી, વીરસેન કે તેને મળતા નામવાળા આચાર્યનું નામ છે. ભાષ્યમાં તેને શિવભૂતિના શિષ્ય લખ્યા નથી પણ 'પરંપરાસ્પર્શક' લખેલ છે. એથી સ્પષ્ટ છે કે શિવભૂતિના દીક્ષા શિષ્ય નહિ પણ પરંપરા શિષ્ય હતા. ખૂબ પ્રસિદ્ધ થવાથી અથવા દિગંબર શાખામાં મહત્વપૂર્ણ કાર્યકર હોવાથી ભવિષ્યકારે શિવભૂતિની પછી તેનો નામોલ્લેખ કર્યો છે.

બોટિક શિવભૂતિએ તથા ઉત્તરાએ પોતાની તર્કબુદ્ધિથી રથવીરપુરમાં આ મિથ્યાદર્શન ઉત્પન્ન કર્યું.

બોટિક શિવભૂતિથી બોડિયલિંગની ઉત્પત્તિ થઈ. અને કોડિન્ન કોરૂવીર પરંપરા સ્પર્શક ઉત્પન્ન થઈ.

આ પ્રમાણે શ્વેતાંબર ગ્રંથમાં દિગંબર સંપ્રદાયની ઉત્પત્તિ સંબંધમાં મૌલિક વૃતાંત છે. પછીના ગ્રંથકારોએ જે કંઈ પણ આ વિષયમાં લખ્યું છે તે સર્વ આ વૃતાંતના આધાર પર લખ્યું છે.

શિવભૂતિના પિતાનો વૃત્તાંત

પંચકલ્પ ચૂર્ણીમાં શિવભૂતિનું નામ 'ચંડકર્ણ' એમ બતાવ્યું છે અને ત્યાં તેના પિતાના સંબંધમાં પણ થોડો વૃત્તાંત લખેલ છે તે વાંચકોના અવલોકનાર્થે અહીં લખેલો છે.

રાજાના એક અંગરક્ષક હતા. તે સાધુઓની પાસે ધર્મ સાંભળીને શ્રાવક થઈ ગયા. એની એ જ આજીવિકા હતી તેથી તે તેની તલવાર લોખંડને બદલે કાષ્ઠની રાખતો હતો. તેના મિત્રે રાજાને કહી દીધું કે એ તો લાકડાની તલવાર રાખે છે. રાજાએ તેની તલવાર બતાવવા કહ્યું. શ્રાવકે સમ્યગ્દષ્ટિ દેવતાનું સ્મરણ કરીને તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢી તો લોઢાની તલવાર નીકળી.

રાજાએ પેલા ચાડી ખાનાર પુરુષ તરફ જોયું તો તે ખસિયાણો પડી ગયો. ત્યારે શ્રાવકે રાજાના ચરણોમાં નમન કરીને સત્ય વાત કહી દીધી. તેને ચંડકર્ણ નામનો પુત્ર હતો. તેણે દીક્ષા લઈને બોટિકોની ઉત્પત્તિ કરી.

આ પ્રમાણે શ્વેતાંબર પ્રાચીન સાહિત્યમાં શિવભૂતિના પિતાનો વૃત્તાંત છે.

શિવભૂતિના વૃત્તાંત ઉપર
શ્રી કલ્યાણવિજયજીની સમીક્ષા

શ્વેતાંબરાચાર્યોએ લખેલ શિવભૂતિનું વૃત્તાંત અક્ષરશઃ સત્ય હોવાનો ભલે આપણે દાવો ન કરીએ પરંતુ તેના પિતા અંગરક્ષક હતા, તેની સહસ્રમલ તથા ચંડકર્ણ જેવી ઉપાધિઓ તથા દીક્ષા લીધા પછી રાજાની તરફથી અમૂલ્ય કંબલની ભેટ ઇત્યાદિ એવી વાતો છે કે શિવભૂતિ રાજ કર્મચારી હોવાની અને કુટુંબના અપમાનથી ઘર છોડી ચાલી નીકળવાની વાત માનવામાં સંદેહ રહેતો નથી.

અને એવા રાજ માન્ય મનુષ્યને રાજા તરફથી મળેલી ભેટ સંબંધમાં ગુરુનો ઉપાલંભ તથા એ ચીજનો નાશ કરી દેવો એ પણ અવશ્ય અપમાનજનક ઘટના છે. આ ઘટનાથી ઉત્તેજિત થઈને શિવભૂતિ ગુરુની વિરુદ્ધ થાય અને તે પણ વસ્ત્રના સંબંધમાં જ વિરુદ્ધ થાય તે પણ સ્વાભાવિક છે.

શિવભૂતિએ આર્ય કૃષ્ણની સાથે ઉપધિ ન રાખવાના સંબંધમાં જે દલીલો કરી છે તેનો સાર એટલો જ છે કે ઉપધિ કષાય, મૂર્ચ્છા અને ભય ઇત્યાદિનું કારણ છે. તેણે એમ નથી કહ્યું કે ઉપધિ રાખવાથી મુક્તિ નથી મળતી. એથી ઊલટું આર્યા ઉત્તરાને વસ્ત્ર રાખવાની સંમતિ દીધી કારણ કે સાધુ અચેલક થાય તેમાં શાસ્ત્રનો આધાર છે પણ સ્ત્રીને એમ કરવામાં કલ્પાધ્યયનની સ્પષ્ટ નિષેધાજ્ઞા છે. શિવભુતિ એ જાણતા ન હોય એ સંભવિત નથી. તેથી તેમણે ઉત્તરાને અચેલક ન થવાની આજ્ઞા કરી.

આ વિષયમાં ગણિકા દ્વારા તેને વસ્ત્ર આપવાની જે વાત કરવામાં આવી છે તે સંભવ છે કે તે માત્ર દ્વેષનું જ પરિણામ હતું.

શિવભૂતિએ વસ્ત્રપાત્ર નહિ રાખવાનો ઉત્કૃષ્ટ જિનકલ્પ સ્વીકાર્યો હતો તો પણ આગળ જતાં તેને અનુભવ થયો કે આ રીતનો ઉત્કૃષ્ટ માર્ગ લાંબો સમય ચાલવો કઠિન છે. તેથી તેમણે સાધુઓના આપવાદિક લિંગનો પણ સ્વીકાર કર્યો.

આ વાત વાંચકે અમારી કોરી કલ્પના સમજવી નહિ. કારણ કે દિગંબર સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોમાંથી જ આ વાત પ્રમાણિત થાય છે.

ભગવતી આરાધનાના ઉલ્લેખો

દિગંબર સંપ્રદાયના ધુરંધર આચાર્ય આર્ય શિવકોટિ પોતે હસ્તભોજી હતા. તેઓ તેમના 'ભગવતી આરાધના' ગ્રંથમાં લખે છે કે—

> "જેઓ ઔત્સર્ગિક લિંગમાં રહેવાવાળા છે તેને માટે તો એ લિંગ છે જ પણ આપવાદિક લિંગવાળાઓ પણ સંથારો

લેતી વખતે ઔત્સર્ગિક લિંગ (નગ્નતા) ધારણ કરવું શ્રેષ્ઠ છે." (ગાથા ૭૭).

"જેને વિહારચર્યામાં માનસિક, વાચિક તથા કાયિક દોષ નિશ્ચિન રૂપથી લાગ્યા હોય તે પણ સંથારાના સમયે આત્સગિંક લિંગ ધારણ કરે."

"જો સ્થાને યોગ્ય ન હોય, સંસ્તારક લેવાવાળા મહર્દ્ધિક કે લજ્જાશીલ હોય, મ્લેચ્છ લોકોની વસ્તી હોય, સ્વજન ત્યાં વિદ્યમાન હોય તો આપવાદિક લિંગ પણ રહી શકે છે.

"સ્ત્રી પરિમિત ઉપધિ રાખતી હોય તેને માટે આગમમાં ઔત્સર્ગિક તથા આપવાદિક લિંગ કહ્યા છે તે સંથારા વખતે રાખે." (ગાથા ૮૧)

શ્રી શિવકોટિ આચાર્યે **ઔત્સર્ગિક લિંગ**માં (૧) અચેલકતા, (૨) કેશલોચ, (૩) કાર્યોત્સર્ગ અને (૪) પ્રતિલેખન—એ ચારને ઔત્સર્ગિક લિંગ કહેલ છે. (ગાથા ૮૦)

આપવાદિક લિંગમાં શેની છૂટ છે તેનો શ્રી શિવકોટિ આચાર્યે ખુલાસો કર્યો નથી તથાપિ મહર્દ્ધિક અને લજ્જાશીળને આપવાદિક લિંગની છૂટ આપવાથી એ વાત સ્વય સિદ્ધ થઈ જાય છે કે આ **આપવાદિક લિંગમાં વસ્ત્રની છૂટ અવશ્ય હતી.**

દર્શન પાહુડનો ઉલ્લેખ

શ્રી કુંદકુંદાચાર્યના દર્શન પાહુડ (પ્રાભૃત)ની ૨૪મી ગાથામાં પણ આપવાદિક લિંગમાં **વસ્ત્રાદિ રાખવાનો સ્વીકાર કર્યો છે.** તેની ટીકામાં શ્રુતસાગર સૂરિએ વાત કહી છે—

(૧) પાછળના સમયમાં દિગંબર ભટ્ટારકોમાં વસ્ત્ર પહેરવાની પ્રવૃત્તિ ચાલી તેનો આરંભ માંડવગઢમાં ભટ્ટારક વસંતકીર્તિથી થયો.

(૨) રાજાદિ વર્ગના મનુષ્ય વૈરાગ્યશીળ હોય, જે લિંગશુદ્ધિ રહિત હોય, જેની પુરુષેન્દ્રિય વિકૃત હોય અથવા જે લજ્જાશીળ હોય અથવા ઠંડી આદિ સહન કરવામાં જે અસમર્થ હોય તે અપવાદ લિંગ રૂપ ચટાઈ, વસ્ત્ર આદિથી લજ્જા અને શીત દૂર કરી શકે છે.

ઉપર પ્રમાણે સ્ત્રીને પરિત્ત ઉપાધિ ઉપરાંત ઔત્સર્ગિક અથવા આપવાદિક લિંગ રાખવાની આજ્ઞા આપવાથી એ સિદ્ધ થાય છે કે પહેલાં દિગંબર સંપ્રદાયવાળા ધાર્મિક યોગ્યતાના નાતે સ્ત્રી કે પુરુષમાં કંઈપણ અંતર માનતા નહોતા. સ્ત્રીને સર્વથા નગ્ન રહેવાનો નિષેધ હતો તો પણ તેમની આત્મોન્નતિની યોગ્યતા પુરુષોથી હીન માની નહોતી. પાછળના આચાર્યોએ માન્યતા ફેરવી.

પાછળના દિગંબર આચાર્યોએ સ્ત્રીઓની પાંચમા ગુણસ્થાનકથી આગળ વધવાની યોગ્યતા માની નથી. ભલે પછી તે માસમાસના ઉપવાસ કરવાવાળી તથા ચારિત્ર પાળવાવાળી સાધ્વી પણ કેમ ન હોય. પાછળના દિગંબર ગ્રંથકારોના મતથી સ્ત્રી એટલી જ આત્મોન્નતિ કરી શકે કે જેટલી એક દેશવિરતિ ગૃહસ્થ શ્રાવક કરી શકે છે.

પરંતુ અમે સમજીએ છીએ તે પ્રમાણે ભગવતી આરાધના ગ્રંથના કર્તા આચાર્ય શિવકોટિ, આર્યા અને સાધુની યોગ્યતામાં કંઈ અંતર–ફરક સમજતા નહોતા. એ જ કારણ છે કે તેમણે આર્યાઓના મરણને બાળપંડિત મરણ ન માનતાં 'પંડિત મરણ' માનેલ છે.

પ્રાચીન દિગંબરાચાર્યોના ગ્રંથોમાં ઉપધિના ઉલ્લેખો

પ્રાચીન દિગંબરાચાર્યો કૃત ગ્રંથોમાં શ્રમણ અને આર્યાઓની ઉપધિમાં કયા કયા ઉપકરણ રહેતા હતા તેનો નિર્ણય જોવામાં આવતો

નથી તો પણ ઉક્ત આપવાદિક લિંગના વિધાનથી તથા ઉક્ત ગ્રંથના થોડા અન્ય ઉલ્લેખોથી એ નિશ્ચિત છે કે તેઓ વસ્ત્ર તથા પાત્ર અવશ્ય રાખતા હતા. પણ એ પ્રવૃત્તિને તેઓ ઉત્સર્ગ માર્ગ ન કહેતાં અપવાદ માર્ગ કહેતા હતા.

વાંચકોના વિનોદાર્થે દિગંબર સંપ્રદાયમાં પણ સાધુઓને માટે પાત્રો રાખવાનું અનિવાર્ય ઠરે છે એવા ઉલ્લેખો અહીં ઉધ્ધૃત કરીએ છીએ.

શિવકોટિ આચાર્ય ભગવતી આરાધના ગ્રંથમાં સાધુઓએ કરવાના કાયિક વિનયનું વર્ણન કરતાં કહે છે કે—

> "આસન દેવું, ઉપકરણ દેવું, ઉચિત શરીરનો સ્પર્શ કરવો (વિશ્રામને માટે પગચંપી વગેરે કરવું), સમયોચિત કાર્ય કરવું, ભોજન લાવવું, સંથારો કરવો, ઉપકરણોની પ્રતિલેખના કરવી ઇત્યાદિ શરીરથી સાધુ વર્ગનો ઉપકાર કરવો તે કાયિક વિનય છે." (ગાથા ૧૧૯ થી ૧૨૨).

ભગવતી આરાધનાની ગાથા ૩૦૫-૩૦૬ માં સ્પષ્ટ રીતે આહાર ઔષધિ દ્વારા સાધુ અન્ય સાધુની વૈયાવૃત્ય કરે એવું વિધાન કરતાં કહ્યું છે કે—

> "નિવાસ સ્થાન, આસન, ઉપધિ તથા ઔપગ્રહિક ઉપકરણોની પ્રતિલેખના કરવી, આહાર, ઔષધ, વાચના દેવી, મળમૂત્ર આદિને બહાર પરઠવા, શરીર મર્દન કરવું વગેરેને વૈયાવૃત્ય કહે છે."

એ જ ગાથા થોડા પરિવર્તન સાથે કુંદકુંદાચાર્યના મૂળાચાર ગ્રંથમાં પંચાચાર અધિકારમાં પણ આવેલી છે.

ભગવતી આરાધનાની ગાથા ૬૬૨ થી ૬૬૫ માં સંલેખના કરવાવાળા સાધુની સેવા સંબંધી વ્યવસ્થા બતાવતાં શિવકોટિ આચાર્ય કહે છે કે—

"લબ્ધિવાન અને સરળ પ્રકૃતિના ચાર મુનિ તેને માટે યોગ્ય નિર્દોષ આહાર લાવે તથા ચાર મુનિ નિર્દોષ પાણી લેવા, ચાર મુનિ ક્ષપકને માટે પ્રસ્તુત કરેલા આહાર પાણીના દ્રવ્યોની સાવધાનીથી રક્ષા કરે અને ચાર મુનિ વૈયાવૃત્ય કરી ક્ષપકના મળમૂત્ર આદિને બહાર જઇને પરઠવી આવી અને સમય પર ઉપધિ, શય્યા સંસ્તર આદિની પ્રતિલેખના કરે."—(ગાથા ૬૬૨-૬૬૫)

એ જ ગ્રંથની ગાથા ૬૬૮ માં કહે છે કે—

"તેલ અને કસેલા દ્રવ્યથી ક્ષપકને વારંવાર કોગળા કરાવવા જોઈએ કે જેથી તેની જીભ તથા કાન બળવાન અને મુખ તેજસ્વી થાય."

વળી ગાથા ૬૬૮-૬૬૯ માં ગ્રંથકાર કહે છે કે—

"ક્ષપકની ઇચ્છા હોય તો તેની સમાધિને માટે સર્વ પ્રકારના આહાર લાવીને તેને ખવડાવવા જોઈએ અને પછી એક એક ક્રમ કરતા જઈને પહેલાના આહાર પર લાવવો અને ક્રમે ક્રમે ભોજનનો ત્યાગ કરાવીને તેને ફક્ત પાણી ઉપર લાવવો જોઈએ."

મૂળાચારના સમાધિકારની ૧૭૪મી ગાથાની વ્યાખ્યા કરતાં વસુનંદી શ્રમણાચાર્ય લખે છે કે—વૈયાવૃત્યનો અર્થ શારીરિક પ્રવૃત્તિ તથા આહાર આદિથી ઉપકાર કરવો તે છે.

મૂળાચારમાં સમયસારાધિકારની ૬૧ મી ગાથામાં કહેલ છે કે—

"સાધુઓએ સાધ્વીઓના ઉપાશ્રયમાં રહેવું, બેસવું, સુવું, ભણવું તથા આહાર નીહાર કરવા (ભોજન કરવું તથા ઠલે જવું) એટલા વાના કરવા નહિ જોઈએ.

પ્રિય વાંચકગણ! જે આચાર્ય—

—ગુણાધિક, ઉપાધ્યાય, તપસ્વી, શિષ્ય, દુર્બળ, સમનોજ્ઞ

ગણ, કુળ અને સંઘના આહાર, ઔષધ આદિથી વિનય વૈયાવૃત્ય કરવાની સાધુઓને આજ્ઞા કરતા હતા,

—ક્ષપકને માટે ચાર ચાર સાધુઓને આહારપાણી લાવવાને તથા મળમૂત્ર પરઠવી આવવાને માટે નિયત કરવાનું વિધાન કરેલ છે,

—ક્ષપકને સર્વ પ્રકારના ભોજન લાવી દેવા તથા તેલઆદિના કોગળા કરાવવાની સલાહ દેતા હતા.

—અને જે આચાર્ય સાધુઓને માટે સાધ્વીઓના સ્થાનમાં આહારપાણી કરવાનો નિષેધ કરતા હતા.

તે આચાર્યના સંબંધમાં શું એમ કહી શકાશે કે તેઓ પાત્ર રાખવાના વિરોધી હતા?

આપણે જાણીએ છીએ કે તેઓ પોતે હાથમાં ભોજન કરવાવાળા હતા તો પણ સાધુઓને ઉપર મુજબ ઉપદેશ દેતા હતા. **એનો અર્થ એ જ છે કે તેમના સમયમાં અપવાદ માર્ગથી વસ્ત્રપાત્ર રાખવામાં આવતા હતા.**

જો એમ ન હોત તો એ સર્વ પાત્ર-સાધ્ય કાર્યોના વિધાનનો કંઈ અર્થ થતો નથી.

અને 'ગૃહસ્થના ઘરમાં જ સાધુ ભોજન કરે' એવો પહેલાં એકાંત નિયમ હોત તો સાધ્વીના ઉપાશ્રયમાં આહાર કરવાના નિષેધની આવશ્યકતા પડત નહિ.

અપવાદ માર્ગ નિયત કરવો પડયો

ઉપર કહેવાઈ ગયું છે કે શિવભૂતિએ પ્રારંભમાં પોતાના આચરણથી જિનકલ્પનો પુનરુદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો હતો પણ આગળ

જતાં અનુભવે તેને શિખડાવ્યું કે વર્તમાન સમયમાં જિનકલ્પ ચલાવવો સહેલો નથી.

એક વ્યક્તિ ગમે તેવું પણ આચરણ કરી શકે છે પણ એવા જ આચરણ કરવાવાળાની પરંપરા ચાલુ રાખવી તે સહેલું નથી. પરિણામ સ્વરૂપ તેમણે પોતાના માર્ગને સ્થવિર માર્ગમાં પરિગણિત કર્યો. અને એ ઉત્સર્ગ માર્ગ પાળી ન શકે તેમના માટે આચારાંગ સૂત્ર અનુસાર કંઈક વસ્ત્રપાત્ર રાખવાની વ્યવસ્થાવાળો અપવાદ માર્ગ નિયત કર્યો.

દક્ષિણમાં જવાનું કારણ

શિવભૂતિના સંપ્રદાયનો ઉદ્ભવ ઉત્તરાપથમાં થયો હતો પણ ત્યાં તેનો અધિક પ્રચાર થઈ શક્યો નહિ, કારણ સ્પષ્ટ છે. તે વખતે પ્રાચીન સ્થવિર સંઘનું પૂર્ણ પ્રાબલ્ય ત્યાં ફેલાયલું હતું. મથુરાની આસપાસના ૯૬ ગામોમાં જૈન ધર્મ રાજ્યધર્મના રૂપમાં મનાતો હતો. એ સ્થિતિમાં શિવભૂતિને કે તેમના અનુયાયીઓને ત્યાં ટકવું ઘણું કઠિન હતું.

એ કઠિનાઈના લીધે એ સંપ્રદાયે ઉત્તરાપથથી હઠીને દક્ષિણાપથની તરફ પ્રયાણ કર્યું. ત્યાં આજીવિક સંપ્રદાયના પ્રચારના કારણે પહેલેથી જ નગ્ન સાધુઓ તરફ સાધારણ જનતાનો સદ્ભાવ હતો. ત્યાં જવાથી એ સંપ્રદાયની પણ સારી કદર થઈ અને ધીરે ધીરે તે પગભર થઈ ગયો. **સંપ્રદાયવાળાઓએ પોતાના સંપ્રદાયનું નામ મૂળસંઘ રાખ્યું હતું પણ દક્ષિણમાં ગયા પછી તેઓ 'યાપનીય' તથા 'ખમણ' નામથી વિશેષ પ્રસિદ્ધ થયા.**

દિગંબર સંપ્રદાયનું પૂર્વનામ 'યાપનીય સંઘ' હતું. તે સંઘ શ્વેતાંબર પરંપરાના આચાર વિચારનું અનુસરણ કરવાવાળો હતા તેમજ કેટલાક જૈન આગમોને પણ માનવાવાળા હતા. પરંતુ પાછળનાં દિગંબરાચાર્યો યાપનીય-સંઘ સાથેનો તેમનો પૂર્વ સંબંધ ભૂલી ગયા. અને યાપનીય સંઘ નગ્નતાના સમર્થક હોવા છતાં પણ શ્વેતાંબરોના

આગમ અને આચાર વિચારોના કારણથી તેમને 'ખચ્ચર' સુધીની ઉપમા દેતાં પણ અચકાયા નહિ.

જુઓ—ષટ્ પ્રાભૃતની ટીકામાં શ્રુતસાગરે લખ્યું છે કે—

यापनीयास्तु वेसरा इवोभयं मन्यन्ते, रत्नत्रयं पूजयन्ति, कल्पं च वाचयन्ति, स्त्रीणां तद्भवे मोक्षं, केवलि जिनानां कवलाहारं, परशासने सग्रन्थानां मोक्षं च कथयन्ति ॥

અર્થ—યાપનીય સંઘ તથા વેસરા સંઘ એ બન્ને સંઘો રત્નત્રયને પૂજે છે, કલ્પ સૂત્ર વાંચે છે, સ્ત્રીઓ તેજ ભવે મોક્ષ જાય એમ માને છે, કેવળી જિનના કવળાહારને માને છે તેમજ પરતીર્થી (અન્ય લિંગે) તથા સગ્રંથા (ગૃહસ્થ લિંગે) મોક્ષ પામે એમ કહે છે.

ઉપરના ઉલ્લેખમાં યાપનીયોને ખચ્ચરની ઉપમા દેવા માટે શ્રુતસાગર સૂરિએ જે અનેક કારણો બતાવ્યા છે તેમાં 'કલ્પવાચના'નું પણ એક કારણ છે. શ્વેતાંબર પરંપરામાં વાર્ષિક પર્યુષણ પર કલ્પ-વાચનની રીત હેઠથી ચાલી આવી છે એ જ રીત યાપનીયોમાં પણ હતી.

આથી સિદ્ધ થાય છે કે શિવભૂતિએ પોતાની નગ્ન પરંપરા અવશ્ય ચલાવી હતી પણ તેમણે પ્રાચીન આગમોને ઠોકરાવી દીધા નહોતા, અમાન્ય કર્યા નહોતા.

પ્રાચીન સ્થવિર પરંપરામાં પ્રતિદિન શૈથિલ્યના ભાવ વધતા રહ્યા હતા. વસ્તીમાં રહેવાનું તો તેમણે પહેલેથી શરૂ કરી દીધું હતું. તે પછી ધીરે ધીરે તેઓમાં ચારિત્રમાર્ગથી બીજી શિથિલતાઓ પણ પ્રવેશ કરી રહી હતી.

સુવિહિત ગીતાર્થ મુનિઓ વ્યવસ્થા જાળવી રાખવા માટે ઘણા પ્રયત્નો કરી રહ્યા હતા. શિથિલચારીઓના પાસત્થા આદિ નામોથી

તેમનો પરિચય આપીને તેમના ચેપથી બચવાનો સાધુઓને ઉપદેશ દેતા રહ્યા હતા તો પણ શિથિલાચારીઓનો પ્રવાહ રોકી શકાયો નહિ.

વિક્રમની પાંચમી છઠ્ઠી સદી સુધીમાં પાસત્થા આદિ નામોથી ઓળખાતા શિથિલાચારીઓએ ગામે ગામે અડ્ડા જમાવી દીધા અને ઉગ્ર વિહારી સુવિહિત સાધુઓની સંખ્યા ઓછી થવા માંડી.

આવી સ્થિતિમાં નવી સ્થવિર (દિગંબર) પરંપરાએ પૂરો લાભ ઉઠાવ્યો. પરિમિત વસ્ત્રપાત્રની છૂટના કારણે તેમને ત્યાં સાધુઓની સંખ્યા ખૂબ વધતી ગઈ અને પ્રાચીન કાલીન નગ્નતા આદિ ઉત્કૃષ્ટ ક્રિયાઓના કારણે ગૃહસ્થવર્ગ પણ પ્રતિદિન તેમની તરફ ઝુકતો ગયો.

પરિણામ એ થયું કે વિક્રમની પાંચમી સદીની આસપાસમાં જઈને એ પરંપરાએ પોતાના સ્વતંત્ર સંઘ સ્થાપિત કરી દીધા અને **પ્રાચીન સ્થવિર પરંપરાનું પહેલું નામ મૂળસંઘ પોતાને માટે વ્યવહૃત કર્યું.**

જો કે ત્યાં સુધી મૂળ સંઘ શ્વેતાંબરના જ જૈન આગમોથી કામ ચલાવતા હતા તો પણ મહાવીરનું ગર્ભહરણ, તેમનો વિવાહ આદિ અનેક વાતો તેઓ માનતા ન હોતા. અને એ કારણથી ધીરે ધીરે તેઓ પોતાનું સાહિત્ય નિર્માણ કર્યે જતા હતા.

પ્રાચીન સ્થવિર પરંપરાના શ્રુતધરોએ નવીન પરંપરાના કેટલાક સિદ્ધાંત ભેદ માટે તેમનો પ્રતિવાદ કરવો શરૂ કર્યો. પરિણામે બન્ને પરંપરામાં તડાતડી વધતી ગઈ.

દિગંબરોમાં એકાંતિક આગ્રહની શરૂઆત

છઠ્ઠી સદીના વિદ્વાન આચાર્ય કુંદકુંદ, દેવનંદી વગેરેએ પ્રાચીન પરંપરા સામે મજબૂત મોરચા માંડયા, **પહેલાં જે સૂત્ર, નિર્યુક્તિ આદિ પ્રાચીન આગમોને તેમના પૂર્વાચાર્યો માનતા આવ્યા**

હતા તેનો તેમણે અસ્વીકાર કરી દીધો અને પોતાના માટે આચાર, વિચાર અને દર્શન વિષયક સ્વતંત્ર સાહિત્યની રચના કરી. તેમાં વસ્ત્રપાત્ર રાખવાનો એકાંત નિષેધ કર્યો.

એ એકાંતિક નિષેધના કારણથી તેમને સ્ત્રી મુક્તિ તથા કેવળી ભુક્તિનો પણ નિષેધ કરવો પડયો કારણ કે સ્ત્રીઓને સર્વથા અચેલક માનવી તે અનુચિત હતું અને વસ્ત્ર સહિત સ્ત્રીને મુક્તિ માનવાથી વસ્ત્રધારી મુનિઓનો નિષેધ કરી શકાય નહિ. તેવી જ રીતે કેવળીનો કવળાહાર માનવાથી તે લાવવા માટે પાત્રનો સ્વીકાર કરવો જોઇએ અને તો પછી પાત્રધારી સ્થવિરોનુ ખંડન કરી શકાય નહિ.

ઉપર પ્રમાણેની સમીક્ષામાં મુનિશ્રી કલ્યાણ વિજયજીએ શ્વેતાંબરોની અતિશયોક્તિ જણાઈ તે બતાવી છે તેમજ જે જે વાસ્તવિકતા લાગી છે તે પણ જણાવી છે. વળી દિગંબર માન્યતાએ એકાંતિક આગ્રહ શ્રી કુંદકુંદાચાર્યના સમયથી જ ધારણ કર્યો તે પણ તેમના જ ગ્રંથોથી બત.વી આપ્યું છે એટલે મુનિશ્રીએ યથાર્થ સમીક્ષા કરી છે તેની વાંચકોને ખાત્રી થશે.

દિગંબરોએ બનાવેલી
કાલ્પનિક પટ્ટાવલીઓ

વિક્રમની સાતમી સદી પહેલાંના કોઈ પણ લેખ પત્રમાં વર્તમાન દિગંબર પરંપરા સંમત શ્રુતકેવળી, દશપૂર્વધર, અંગપાઠી આચાર્યો, ગણો, ગચ્છો અો સંઘોના નામોલ્લેખ મળતા નથી.

દિગંબર સંપ્રદાય પાસે એક પણ પ્રાચીન પટ્ટાવલી નથી. તેમની પાસેની પટ્ટાવલી સર્વ બારમી સદી પછીની છે. અને તેમાં આપેલા ગુરુક્રમ તદ્દન અવિશ્વાસનીય છે.

મહાવીર નિર્વાણથી એક હજાર વર્ષ સુધીના આચાર્યોના જે ક્રમ તે પટ્ટાવલીઓમાં બતાવેલા છે તે તદ્દન કપોળકલ્પિત છે. પાંચ ચૌદ પૂર્વધર, દશ દશપૂર્વધર, એકાદશાંગ ધર, અંગૈકદેશપાઠી વગેરે આચાર્યોના જે નામ અને સમયના ક્રમ પટ્ટાવલીઓમાં લખેલા છે તેનું મૂલ્ય દંતકથાઓથી અધિક નથી. વળી એ વિષયમાં દિગંબર પટ્ટાવલીઓ એકમત પણ નથી.

તે પછીના પણ ઘણા સમય સુધીના આચાર્યોના નામ, ક્રમ તથા સમયક્રમ બિલકુલ અવ્યવસ્થિત છે. નામ અને સમય ગમે તેમ લખી માર્યા છે. વ્યવસ્થિત સમય સાથેની દિગંબર પટ્ટાવલી મળતી નથી.

દિગંબર વિદ્વાન પંડિત નાથુરામજી પ્રેમીએ ભગવતી આરાધનાની પ્રસ્તાવનામાં લખ્યું છે કે—

> "દિગંબર સંપ્રદાયમાં અંગધારીઓ પછીની જેટલી પરંપરાઓ ઉપલબ્ધ છે તે સર્વ અપૂર્ણ છે અને મૂળ સંઘ આદિ ભેદ પડી ચૂકયા પછીના કોઈ સમયે સંગ્રહ કરેલી છે. અને વિચ્છિન્ન પરંપરાઓને જાળવાનું તે વખતે કોઈ સાધન રહ્યું નહોતું."

ખરી વાત એ છે કે દિગંબર સંપ્રદાયમાં વીર નિર્વાણથી એક હજાર વર્ષ સુધીની જે પરંપરા ઉપલબ્ધ છે તે સર્વ મૂળ સંઘ વગેરે ભેદ પડ્યા પછીથી સંગ્રહ કરેલી છે. કારણ કે પટ્ટાવલી સંગ્રહ કરનારાઓની પાસે તેમની નજીકમાં થઈ ગયેલા આચાર્યોની પરંપરા જાણવાનું કોઈ સાધન નહોતું ત્યારે તેમની પણ પૂર્વે થઈ ગયેલા અંગ પાઠી વગેરેની તથા પૂર્વધરો વગેરેની પરંપરા જાણવાનું તો તેમને માટે ભારે કઠિન જ હતું.

આથી સિદ્ધ થાય છે કે વિક્રમની છઠી સદી પહેલાંની સર્વ દિગંબર પટ્ટાવલીઓ ફક્ત દંતકથા માત્ર જ છે અથવા કાલ્પનિક છે.

આમ થવાનું મુખ્ય કારણ એ છે કે

વિક્રમની છઠી સદી સુધી તો શ્વેતાંબરના જ સર્વ સાહિત્યથી કામ ચાલતું હતું. પણ છઠી સદીમાં એકદમ શ્વેતાબરોનું સર્વ સાહિત્ય અમાન્ય ઠરાવી દીધું અથવા અસ્પર્શ્ય ગણી લીધું તેથી દિગંબરો પાસે પ્રાચીન આચાર્યોના નામ, સમય અને તેમના ક્રમ જાણવાનું કોઈ પ્રમાણિક સત્ય સાધન રહ્યું જ નહિ. તેથી તેમણે કલ્પનાથી ગમે તેમ પ્રાચીન પટ્ટાવલીઓ ઘડી કાઢી.

પ્રકરણ સત્તરમું

દિગંબર સાહિત્યનું મૂળ

સામાન્ય રીતે જૈનોમાં એવી માન્યતા છે કે શ્વેતાંબર ધાર્મિક સાહિત્ય શ્વેતાંબર આચાર્યોનું બનાવેલું છે અને દિગંબરોનું ધાર્મિક સાહિત્ય દિગંબર આચાર્યોનું બનાવેલું છે, એ માન્યતા ભૂલ ભરેલી છે.

શ્વેતાંબર સાહિત્ય શ્વેતાંબર-માન્ય પૂર્વાચાર્યો એટલે કે જૈન ધર્મના ફાંટા પડયા પહેલાંના પૂર્વાચાર્યોથી પરંપરાગત ચાલ્યું આવેલું છે તેમજ શ્વેતાંબર આચાર્યોનું પણ બનાવેલુ છે.

ત્યારે દિગંબર ધાર્મિક સાહિત્ય વિક્રમની છઠ્ઠી સદી પછીનું બનેલું છે તે દિગંબર આચાર્યોનું રચેલુ છે. પરંતુ તે પહેલાંનાં દિગંબર પ્રાચીન સાહિત્યના મૂળમાં શ્વેતાંબર-માન્ય આચાર્યોનું તથા શ્વેતાંબર આચાર્યોનું સાહિત્ય છે.

એકાંતિક આગ્રહભરી દિગંબર માન્યતાની જડ શ્રી કુંદકુંદાચાર્યે વિક્રમની છઠ્ઠી સદીમાં તેમના નવા ગ્રંથો રચીને નાખી હતી.

વિક્રમની પહેલી સદીની આખર સુધી તેમજ બીજી સદીના પહેલા ચરણ સુધી જૈન ધર્મ એક જ હતો. વીર સંવત ૬૦૬ અથવા ૬૦૯ એટલે વિક્રમ સંવત ૧૩૬ અથવા ૧૩૯ માં જૈન ધર્મના બે ફાંટા થયા—(૧) શ્વેતાંબર અને (૨) દિગંબર.

પરંતુ વિક્રમની પાંચમી સદીની આખર સુધી દિગંબરો પણ શ્વેતાંબર માન્ય સૂત્રો-આગમો-ગ્રંથો માન્ય રાખતા હતા એટલું જ નહિ પણ શ્વેતાંબર સાહિત્યનો સંપૂર્ણ છૂટથી ઉપયોગ કરતા હતા.

દિગંબર સાહિત્યમાં કુંદકુંદાચાર્યની પહેલાંના શાસ્ત્રીય ગ્રંથો મુખ્યત્વે નીચે પ્રમાણે ગણાય છે.

ષટ્ખંડાગમ

કષાયપાહુડ

ભગવતી આરાધના

તત્વાર્થસૂત્ર

આ ચારેય ગ્રંથોના કર્તાનો ઇતિહાસ નીચે પ્રમાણે છે—

ષટ્ખંડાગમ

આચાર્ય ધરસેન સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વતની ગુફામાં ધ્યાન ધરતા હતા. તેમને એક મતે બે પૂર્વનું જ્ઞાન હતું અને બીજા મતે તેઓ એકાંગધારી હતા. તેમણે પોતાનો મૃત્યુકાળ નજીક જોઈને શ્રુતજ્ઞાન વિચ્છેદ ન જાય તેટલા માટે તેમણે બે મુનિઓને બોલાવીને તેમને સિદ્ધાંત શિખવ્યા, સિદ્ધાંતનુ જ્ઞાન આપ્યુ. તે ઉપરથી તે શિષ્યોએ બીજા અગ્રાયણી પૂર્વના ચયનલબ્ધિ નામના અધિકારમાં ચોથા પાહુડ- **કર્મપ્રકૃતિપ્રાભૃત** ઉપરથી ષટ્ખંડાગમની રચના કરી.

બન્ને શિષ્યોએ ધરસેનાચાર્ય પાસેથી થોડા દિવસના અધ્યયનથી જ સિદ્ધાંતજ્ઞાન મેળવ્યું હતું તે ઉપરથી સમજી શકાય છે કે તેમણે બે પૂર્વનુ જ્ઞાન મેળવ્યું નહોતું. કારણ કે તેટલું જ્ઞાન મેળવતાં ઘણો લાંબો વખત લાગે. એટલે ધરસેનાચાર્ય બે પૂર્વના ધારક નહિ પણ બીજી માન્યતા પ્રમાણે એકાંગધારી હતા એ વાત જ ઠીક લાગે છે.

વળી એ શિષ્યોએ ફકત કર્મપ્રકૃતિ પ્રાભૃત ઉપરથી જ ષટ્ખંડાગમની રચના કરી છે તેથી પણ એમ સમજાય છે કે તેમણે ધરસેનાચાર્ય પાસેથી **કર્મપ્રકૃતિપ્રાભૃત**નુ જ જ્ઞાન મેળવ્યું હતું. કારણ કે કર્મ- પ્રકૃતિપ્રભૃત એક નાનું અધ્યયન હતું.

આ બે શિષ્યોના મૂળ નામ દિગબરોએ ક્યાંય જણાવ્યા નથી. પણ ધરસેનાચાર્ય પાસે અભ્યાસ અષાડ સુદ ૧૧ ને દિને પૂરો થયો

ત્યારે ભૂતોએ એક શિષ્યની પુષ્પ વગેરેથી પૂજા કરી તેથી ધનસેનાચાર્યે તેનું નામ ભૂતબલિ રાખ્યું. અને બીજા શિષ્યની દંતપંક્તિ અસ્તવ્યસ્ત હતી તે ભૂતોએ સરખી કરી દીધી તેથી ધરસેનાચાર્યે તેનું નામ પુષ્પદંત રાખ્યું.

ધરસેનાચાર્યે યોનિપ્રાભૃત નામનો ગ્રંથ રચેલો છે તે ઉપરથી વિદ્વાનોએ તેમનો સમય વીર નિવાર્ણ સંવત ૬૦૦ની આસપાસનો ઠરાવેલો છે. પુષ્પદંત તથા ભૂતબલિએ તેમની પાસે અધ્યયન કર્યું એટલે તેમનો સમય પણ વીર નિર્વાણ સં. ૬૦૦ પછીનો ગણાય.

ભૂતબલિ એ મૂળ નામ નથી પણ ભૂતોએ પૂજા કરેલ તેથી આચાર્યે તેમનું નામ ભૂતબલિ રાખ્યું હતું. એ નિશ્ચિત વાત છે.

દિગબર ગ્રંથ શ્રુતાવતારના શ્લોક ૧૨૮ તથા ૧૩૪ થી ૧૪૪ પ્રમાણે દિગંબરના મૂળ નાયક આચાર્ય શિવભૂતિના ચાર નામ બતાવેલા છે તે આ પ્રમાણે—(૧) શિવગુપ્ત, (૨) શિવદત્ત, (૩) ભૂતમતિ અને (૪) ભૂતબલિ.

શિવભૂતિએ જૈન સંઘમાંથી છૂટા પડી દિગંબર મતની સ્થાપના વીર સં. ૬૦૬ માં કરી હતી.

આ ઉપરથી એમ સમજી શકાય છે કે ધરસેનાચાર્ય પાસે શિખવા ગયેલા બે મુનિઓમાંના એક શિવભૂતિ હતા. અભ્યાસ પૂરો કર્યા પછી તરત જ, તે વખતે ચાતુર્માસ હોવા છતાં, ધરસેનાચાર્યે તેમને રવાના કરી દીધા હતા. કારણકે તેમનું મૃત્યુ નજીક હોઈ આ શિષ્યોને કલેશ ન થાય એવી ઈચ્છા હશે.

પુષ્પદંત તથા ભૂતબલિ ગિરનારથી નીકળી અંકલેશ્વર (ભરૂચ પાસે ગુજરાતમાં) આવ્યા અને ત્યાં ચોમાસુ પૂરું કર્યું. તે પછી ત્યાંથી

વિહાર કરીને તેઓ મથુરા આવ્યા હશે. **ત્યાં કોઈ એક દિવસે શ્વેતાંબર કથામાં વર્ણવેલો પ્રસંગ બન્યો હશે તેથી ભુતબલિ અથવા શિવભૂતિ સંઘથી છૂટા પડયા.**

ઉત્તરાપથમાં તેમનો મત ચાલી શકયો નહિ તેથી તેઓ દક્ષિણાપથમાં વિહાર કરી ગયા. પુષ્પદંત પણ ભૂતબલિ સાથે રહેલા અને ભણેલ તેથી તેઓ પણ ભૂતબલિ (શિવભૂતિ)ની સાથે ચાલી નીકળ્યા હશે.

અને તે પછી તેમણે ષટ્ખંડાગમની રચના કરી તેથી દિગંબર સંપ્રદાયમાં ષટ્ખંડાગમ મૂળ સૂત્રના જેવું માનનીય થયું.

વીર સં. ૬૦૬ સુધી જૈન સંઘ એક જ હતો. અને તે વખતે સર્વ સાધુઓ તે વખતની શ્વેતાંબર માન્યતા અનુસાર વર્તતા હતા. એટલે કે વન, જંગલ કે પર્વતમાં નિવાસ કરતા, નગ્ન રહેતા અને વસ્તીમાં (નગરમાં) જતી વખતે અગ્રાવતાર અથવા ચોલપટ્ટ પહેરતા હતા અને ઠંડીમાં ઓઢવા માટે કંબલ સહિત ત્રણ વસ્ત્રો રાખતા હતા.

આ ઉપરથી સમજી શકાશે કે **વીરસેનાચાર્ય, પુષ્પદંત તથા શિવભૂતિ અથવા ભૂતબલિ એ સર્વ તે વખતની શ્વેતાંબર માન્યતા પ્રમાણે એક જ જૈન ધર્મના મુનિઓ હતા. એટલે કે કર્મપ્રકૃતિ પ્રાભૃતનું જ્ઞાન આપનાર તથા ષટ્ખંડાગમ બનાવનાર એ સર્વ દિગંબર સંપ્રદાયના નહિ પણ શ્વેતાંબર માન્યતા મુજબ વર્તનારા મૂળ જૈન સંઘના જ મુનિઓ હતા.**

કષાયપાહુડ

આચાર્ય ગુણધરે પાંચમા જ્ઞાનપ્રવાદ પૂર્વની દશમી વસ્તુના (વિભાગના) ત્રીજા પ્રકરણ **પેજ્જદોસપાહુડ** ઉપરથી ઉધ્ધૃત કરેલ

છે. આચાર્ય ગુણધર વિક્રમ સંવત શરૂ થયા પહેલાં એક વર્ષ પહેલાં થયા હતા. તે વખતે જૈન સંઘ એક જ હતો. તેમાં કોઈ ફાંટા પડ્યા નહોતા.

પરંપરાએ આર્ય મંગુ અથવા મક્ષુ તથા આર્ય નાગહસ્તીને કષાયપાહુડનું જ્ઞાન પ્રાપ્ત થયેલું. અને તેમની પાસેથી આર્ય મંગુના શિષ્ય અને આર્ય નાગહસ્તીના અંતેવાસી શ્રી યતિવૃષભને તે જ્ઞાન પ્રાપ્ત થયું. તે પછી તેમણે કષાયપાહુડ ઉપર ચૂર્ણી રચી.

આર્ય મંક્ષુ (મંગુ) તથા આર્ય નાગહસ્તી એ બન્ને આચાર્યોનાં નામ શ્વેતાંબર પટ્ટાવલીમાં જ છે. પણ દિગંબર પટ્ટાવલીઓમાં તે નામોનો પત્તો જ નથી. એટલે તે યતિવૃષભ આચાર્ય પણ શ્વેતાંબર હોવાનો જ સંભવ છે.

એટલે આચાર્ય ગુણધર મૂળ જૈન સંઘના મુનિ હતા. અને ચૂર્ણીકાર શ્રી યતિવૃષભ શ્વેતાંબર જૈન સંપ્રદાયના સાધુ હતા. પણ તે બેમાંથી એકેય દિગંબર સંપ્રદાયના નહોતા.

ભગવતી આરાધના

ભગવતી આરાધના ગ્રંથ શિવકોટિ આચાર્યે બનાવેલ છે. તે ગ્રંથમાં શિવકોટિ આચાર્યે જણાવેલ છે કે પૂર્વાચાર્યોની રચનાના દોહન તરીકે તેમણે ભગવતી આરાધનાની રચના કરી છે.

ભગવતી આરાધનામાં શ્વેતાંબર નિર્યુક્તિઓ તથા ભાષ્યોમાંની સંખ્યાબંધ ગાથાઓ જેમની તેમ અથવા નામ માત્રના ફેરફાર સાથે ઉપલબ્ધ છે.

દિગંબર સંપ્રદાયમાં શિવકોટિ આચાર્યની પહેલાંનો કોઈ આરાધના ગ્રંથ નથી. ત્યારે શ્વેતાંબર પરંપરામાં "મહાપચ્ચક્ખાણુ" આદિ અનેક અતિ પ્રાચીન આરાધના વિષયના પયન્ના તથા દશવૈકાલિક, આવશ્યક નિર્યુક્તિ આદિ પ્રાચીન આગમ અત્યારે પણ મોજુદ છે.

તેથી એ માનવું યુક્તિસંગત છે કે શિવકોટિ આચાર્યે જે પૂર્વાચાર્યોના ગ્રંથોનો ઉપયોગ કર્યો હોવાનો સ્વીકાર કરેલ છે તે શ્વેતાંબર પરંપરના છે.

શિવકોટિ આચાર્ય ક્યારે થઈ ગયા તે બાબત વિદ્વાનો ચોક્કસ નિર્ણય કરી શક્યા નથી. શ્રી સમંતભદ્રાચાર્ય વિક્રમની બીજી સદીમાં થયા હતા. તેમની પાસેથી શિવકોટિ રાજાએ દીક્ષા લીધી હતી. તે મુનિ શિવકોટિ આચાર્ય થયા હતા.

પરંતુ તે શિવકોટિ આચાર્યે ભગવતી આરાધના બનાવી હોય તે માટે શંકા રહે છે, કારણ કે ભગવતી આરાધનામાં વપરાયેલા ગચ્છ વગેરે શબ્દ પ્રયોગો વિક્રમની બીજી સદીમાં વપરાતા નહોતા એમ વિદ્વાનોનું માનવું છે.

શ્રી કુંદકુંદાચાર્યના મૂળાચાર ગ્રંથમાં પચાચાર અધિકારમાંની ૨૨૨ ગાથામાં ૯૦ ગાથા અક્ષરશઃ ભગવતી આરાધના ગ્રંથમાંની છે. તે જ પ્રમાણે મૂળાચારના સમાચારાધિકારમાંની ગાથાઓ મોટે ભાગે ભગવતી આરાધના ગ્રંથની છે એટલે શિવકોટિ આચાર્ય કુંદકુંદાચાર્યની પહેલાં એટલે છઠ્ઠી સદી પહેલાં એ તો નક્કી જ છે.

ભગવતી આરાધનામાંના શબ્દ પ્રયોગો વિક્રમની બીજી સદીની આખરમાં વપરાતા હતા એમ નક્કી થઈ શકે તો શિવકોટિ આચાર્ય સમંતભદ્રાચાર્યના શિષ્ય હતા એમ માનવાને બાધા નડે નહિ. નહિતર શિવકોટિ આચાર્ય વિક્રમની ચોથી સદીની આખરમાં અથવા પાંચમી સદીની શરૂઆતમાં થયા હોય એમ અનુમાન કરી શકાય.

દિગંબર સંપ્રદાયની હાલની એકાંતિક માન્યતા શ્રી કુંદકુંદાચાર્યે જ રૂઢ કરેલી છે. તે પહેલાં મૂળ આચારાંગ સૂત્ર પ્રમાણે જ નગ્નતા અને આપવાદિક રીતે વસ્ત્ર ધારણની છૂટ હતી. અને શિવકોટી આચાર્યે તે પ્રમાણે જ પ્રતિપાદન કરેલું છે.

વળી ભગવતી આરાધનામાં સાધુના મૃત શરીર માટેના વિધાનની હકીકત છે તે પણ શ્વેતાંબર આવશ્યક સૂત્રમાંથી લીધેલી છે.

દિગંબરો વિક્રમની બીજી સદીમાં છૂટા પડ્યા હતા તો પણ વિક્રમની પાંચમી સદીના અંત સુધી દિગંબરો શ્વેતાંબરોના આગમ ગ્રંથોનો છૂટથી ઉપયોગ કરતા હતા. તેથી શિવકોટિ આચાર્યે તેમના ભગવતી આરાધના ગ્રંથમાં શ્વેતાંબર માન્ય ગ્રંથોનો ઉપયોગ કર્યો હતો તેમાં કંઈ આશ્ચર્ય નથી.

પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે **શિવકોટિ આચાર્ય દિગંબર સંપ્રદાયમાં થયેલા હતા. પરંતુ ભગવતી આરાધનામાં તેમની પ્રરૂપણા મૂળ જૈન ધર્મના અને શ્વેતાંબર માન્ય આચારાંગ સૂત્ર પ્રમાણે તેમજ કેટલીક રૂઢિનું પ્રતિપાદન શ્વેતાંબર આમ્નાયને અનુસરતું હતું અને ભગવતી આરાધનામાં ઘણા શબ્દો અને પરિભાષાઓ શ્વેતાંબરી છે પણ દિગંબર સાહિત્યમાં તેવી પરિભાષાનો ક્યાંય ઉલ્લેખ નથી.**

તત્ત્વાર્થસૂત્ર

આચાર્ય હિમવંત કૃત સ્થવિરાવલીમાં મહારાજા ભિખ્ખુરાય મહામેઘવાહન ખારવેલે મુનિ સંમેલન બોલાવેલુ અને તેમાં બીજી આગમ વાચના થયેલી તેનું વર્ણન છે. તે આગમ વાચનામાં આચાર્ય ઉમાસ્વાતિ હાજર રહેલા અને તે પછી તેમણે સભાષ્ય તત્ત્વાર્થ સૂત્ર બનાવેલું તેની વિગત છે.

એટલે તત્ત્વાર્થસૂત્ર લગભગ વીર સં. ૩૩૦ થી ૩૪૦ ની વચમાં રચાયું હતું. તે વખતે જૈન સંઘ એક જ હતો.

પરંતુ અહીં એ શંકા રહે છે કે એટલા બધા પ્રાચીન વખતના આચાર્યો સંસ્કૃત ભાષા વાપરતા નહોતા. તે વખતે તેઓ અર્ધ-માગધી

ભાષામાં જ લખતા હતા. ત્યારે તત્ત્વાર્થ સૂત્ર તો સંસ્કૃત ભાષામાં લખાયેલું છે.

તો પછી એ સ્થરાવલીમાંના ઉલ્લેખનો અર્થ એ થાય છે કે બીજી આગમ વાચના વખતના ઉમાસ્વાતિ સ્વામી તે તત્ત્વાર્થ સૂત્રના કર્તા નહિ પણ એ જ નામના પ્રાચીન આચાર્ય છે. અને સરખાં નામની ભુલથી સ્થવિરાવલીમાં તેમના નામે તત્ત્વાર્થ સૂત્ર રચાયાનું લખાઈ ગયું છે.

એ હિસાબે વિક્રમની પહેલી સદીમાં થયેલા ઉમા સ્વાતિ જ તત્ત્વાર્થ સૂત્રના કર્તા ઠરે છે. તો પણ તે વખતે જૈનધર્મ અને જૈનસંઘ એક જ હતો. અને ઉમાસ્વાતિ શ્વેતાંબર માન્ય આચાર્ય હતા.

આ ઉપરથી સમજી શકાશે કે **દિગંબરોનું ધાર્મિક સાહિત્ય શ્વેતાંબર-માન્ય આચાર્યોના ગ્રંથોથી જ બનેલું છે. દિગંબરોના પ્રાચીન ગ્રંથો બનાવનાર શ્વેતાંબર-માન્ય પ્રાચીન આચાર્યો જ હતા તેમજ પ્રાચીન દિગંબર ગ્રંથકારોએ શ્વેતાંબર-માન્ય સૂત્ર સાહિત્યનો તેમના ગ્રંથોમાં છૂટથી ઉપયોગ કર્યો હતો.**

એટલે શ્વેતાંબર પરંપરાના ધાર્મિક સૂત્ર તથા પ્રકરણોના આધારથી જ બનેલા તેમની ટીકા ચુર્ણીઓ અને વિવિધ વિષયના બીજા ગ્રંથોથી દિગંબર સાહિત્ય ભંડાર સમૃદ્ધ થયેલો છે.

શ્રુતાવતારમાં ઇંદ્રનંદી કહે છે કે—

> "ધરસેન અને ગુણધર ગુરુના વંશના પૂર્વાપર ક્રમની અમને ખબર નથી. કારણ કે તેમનો ક્રમ કહેવાવાળા કોઈ આગમ કે મુનિ નથી."

સામાન્ય રીતે શ્રુતધર પરંપરાની વિગત જાણવામાં ન આવે તે વાત શક્ય નથી. પરંતુ ઇંદ્રનંદીના કહેવાનો અર્થ એ થાય છે કે—

દિગંબરોને પોતાના પ્રાચીન ગ્રંથકાર આચાર્યો શ્વેતાંબર આમ્નાયથી જુદા હતા એમ બતાવવું છે. અને દિગંબર ગ્રંથકાર આચાર્યોની પરંપરાની વિગત આપે તો તેમનો સંબંધ શ્વેતાંબર પટ્ટાવલી ઉપરથી જાણવામાં આવી જાય તેથી દિગંબર પૂર્વાચાર્યોએ તેમના ગ્રંથકાર આચાર્યોની વિગત પહેલેથી જ જાહેર કરી નહિ.

દિગંબર વિદ્વાનો શ્વેતાંબર સંપ્રદાય પાસેના વર્તમાન જૈન સૂત્રાગમોને કલ્પિત, અર્વાચીન અને શ્વેતાંબર આચાર્યોના બનાવેલા કહે છે. અને તેમના દિગંબર ગ્રંથોને તેઓ પ્રામાણિક અને આપ્ત પ્રણીત સમજે છે. પરંતુ તેઓ ધ્યાનમાં લીએ કે તેમના દિગંબર ગ્રંથો શ્વેતાંબર સૂત્ર સાહિત્યના આધારથી જ નિર્માણ થયા છે એટલે દિગંબર વિદ્વાનોનું કથન તદ્દન નિરાધાર છે એ આપોઆપ સમજાઈ જાય છે.

સારો રસ્તો એ છે કે શ્વેતાંબર માન્યતાનું ખંડન કરનારા દિગંબરો એટલું ધ્યાનમાં રાખશે કે તેમના જ પૂર્વાચાર્યો તેમના ગ્રંથોમાં સ્ત્રીમુક્તિ, કેવળી ભુક્તિ અને સાધુઓને માટે અપવાદ માર્ગથી વસ્ત્ર પાત્રનો સ્વીકાર કરતા હતા. તો પછી શ્વેતાંબર માન્યતા સામેનો તેમનો વિરોધ ખોટો છે તે આપોઆપ સમજાઈ જશે.

☆

પ્રકરણ અઢારમું

શ્વેતાંબરની ઉત્પત્તિ

દિગંબરોએ ઉપજાવી કાઢેલી જુદી જુદી ખોટી વાતો, તેની સમીક્ષા અને દિગંબરોની ખોટી કલ્પનાઓનું સાચું રહસ્ય

દિગંબરની ઉત્પત્તિના વર્ણનમાં આપણે જોયું કે આવશ્યક ભાષ્યકારે એ નૂતન સ્થવિર પરંપરાવાળાને બોટિક, બોડિયાના નામથી સંબોધન કરીને તેમના મતને મિથ્યાદર્શન કહ્યો હતો.

અનેક દિગંબર વિદ્વાનોએ તેનો જવાબ પણ આપ્યો હતો. પરંતુ ભટ્ટારક દેવસેને તેમના દર્શનસાર તથા પં. વામદેવે તેમના ભાવ સંગ્રહ નામના ગ્રંથમાં શ્વેતાંબરોને ધૂર્ત, સંશય મિથ્યાદષ્ટિ ગૃહિકલ્પિક, મતભ્રષ્ટ, સગ્રંથલિંગી, માર્ગભ્રષ્ટ ઇત્યાદિ વિશેષણો દ્વારા એના વ્યાજની સાથે બદલો લીધો. અને એનું જ અનુસરણ ભટ્ટારક રત્નનંદી વગેરે પાછળના વિદ્વાનોએ કર્યું.

ભટ્ટારક દેવસેને શ્વેતાંબરોને ગાળો દઈને જ સંતોષ ન માન્યો. પણ આવશ્યક-ભાષ્ય-ચૂર્ણીમાં દિગંબરોની જે ઉત્પત્તિ લખી છે તેના ઉત્તરમાં તેમણે શ્વેતાંબરોની ઉત્પત્તિવિષયની એક કથા જોડી કાઢી છે તે નીચે પ્રમાણે છે.

દેવસેન કૃત
શ્વેતાંબરોની ઉત્પત્તિની કથા

વિક્રમ રાજાના મૃત્યુને ૧૩૬ વર્ષ થયા ત્યારે સૌરાષ્ટ્રમાં વલભી નગરીમાં શ્વેતપટ (શ્વેતાંબર) સંઘની ઉત્પત્તિ થઈ.

ઉજ્જયિની નગરીમાં ભદ્રબાહુ નામના એક કુશળ નિમિત્ત શાસ્ત્રવેત્તા આચાર્ય હતા. તેમણે નિમિત્તજ્ઞાનથી ભવિષ્ય જાણીને તેમના સંઘને કહ્યું—અહીં બહુ મોટો દુકાળ થવાનો (પડવાનો) છે તે પૂરા બાર વર્ષ સુધી રહેશે. માટે સૌએ પોતપોતાના સંઘની સાથે બીજા દેશોમાં ચાલી જવું જોઈએ.

ભદ્રબાહુનું વચન સાંભળીને સર્વ આચાર્યો પોતપોતાના સંઘની સાથે જ્યાં સુકાળ હતો ત્યાં ચાલ્યા ગયા. પણ એક શાંતિ નામના આચાર્ય જે બહુ શિષ્ય પરિવારયુક્ત હતા તે સુંદર સૌરાષ્ટ્ર દેશની વલભી નગરીમાં પહોંચ્યા. તેમના ત્યાં ગયા પછી ત્યાં (વલભીમાં) પણ ઘણો ભયંકર દુકાળ પડયો. ત્યાં ભિખારીઓએ માણસોના પેટ ચીરીને તેણે ખાધેલું ભોજન પેટમાંથી કાઢીને ભિખારીઓએ ખાધું.

આ નિમિત્તથી સર્વ સાધુઓએ કંબલ, દંડ, તુંબા તથા ઓઢવાને માટે શ્વેત વસ્ત્ર ધારણ કર્યું. ઋષિયોનો આચાર છોડીને દીનવૃત્તિથી ભિક્ષા માગી લાવ્યા અને ઉપાશ્રયમાં બેસીને યથેચ્છ ભોજન કરવા લાગ્યા.

એ પ્રકારનું આચરણ કરતાં કરતાં કેટલોક સમય વીતી ગયો ત્યારે સુકાળ થયો. તે વખતે શાંતિ આચાર્યે તેમના સંઘને બોલાવીને કહ્યું—હવે આ કુત્સિત આચરણને છોડો. અને એની નિંદા ગર્હા કરીને ફરીથી મુનીંદ્રોના આચાર ગ્રહણ કરો.

એ સાંભળીને તેમના પ્રથમ શિષ્યે કહ્યું—એવું અતિ દુર્ધર આચરણ હવે કોણ ધારણ કરી શકે? ભિક્ષા ન મળવાથી ઉપવાસ,

બીજા અનેક દુઃસહ અંતરાય, એક જ સ્થાન પર ભોજન કરવું, અચેલક રહેવું, કોઈ ચીજ માગવી નહિ, બ્રહ્મચર્ય, જમીન પર સૂવું. બબ્બે મહિને અસહ્ય કેશલોચ કરવો. હમેશ બાવીસ પરિસહ સહવા—એ સર્વ કઠિન આચાર આ સમયે કોણ પાળી શકે? અત્યારે તો આપણે જે આચાર ગ્રહણ કરેલ છે એ જ સુખકર છે. દુષમ કાળમાં એ છોડી નહિ શકાય.

શાંતિ આચાર્યે કહ્યું—ચારિત્રભ્રષ્ટ થઈને જીવતા રહેવું તે સારૂં નથી. એ તો જૈનમાર્ગને દૂષિત કરવાવાળું છે. જિન ભગવાને કહેલા નિર્ગ્રંથ પ્રવચનને છોડીને બીજી પ્રવૃત્તિ કરવી તે મિથ્યાત્વ છે.

એથી બીજાઈને શિષ્યે શાંતિ (આચાર્ય) ના મસ્તક પર એક લાંબા ડંડાથી પ્રહાર કર્યો. એ ઘાથી સ્થવિર મરીને વ્યંતર દેવ થયા.

ત્યાર પછી પાખંડને પ્રગટ કરવાવાળા શિષ્ય શ્વેતપટ સંઘના અધિપતિ થયા અને સગ્રંથને પણ નિર્વાણ હોઈ એમ ધર્મોપદેશ કરવા લાગ્યા.

પોત પોતાના પાખંડને અનુકૂળ શાસ્ત્રોની રચના કરી અને લોકોમાં તેનું વ્યાખ્યાન કરીને એ પ્રકારનો આચાર પ્રચલિત કર્યો. એ રીતે નિર્ગ્રંથતાને દૂષિત કરીને તેની નિંદા અને પોતાની પ્રશંસા કરીને, કપટપૂર્વક બહુ દ્રવ્ય ગ્રહણ કરીને મૂર્ખ લોકોમાં તેઓ પોતાનુ જીવન વીતાવવા લાગ્યા.

હવે શાંતિ આચાર્યનો જીવ વ્યંતર દેવ ઉપદ્રવ કરીને કહેવા લાગ્યો—જૈન ધર્મ પામ્યા પછી મિથ્યાત્વને પ્રાપ્ત ન થાઓ.

ત્યારે ડરીને જિનચંદ્રે તેમની સર્વ દ્રવ્ય સંપૂર્ણ અષ્ટ પ્રકારી પૂજા બનાવી. આજે પણ તે બલિપૂજા સર્વ પ્રથમ તેના નામથી જ થાય છે. તે શ્વેતપટ સંઘના પૂજ્ય કુળદેવ કહેવાયા.

આ રીતે માર્ગભ્રષ્ટ સેવડાની ઉત્પત્તિ થઈ.

આવા જ આશયની શ્વેતાંબરોની ઉત્પત્તિની કથા એ જ ગ્રંથકારે પોતાના 'દર્શનસાર' નામના ગ્રંથમાં પણ લખી છે. પરંતુ ત્યાં તેમણે પોતાના **અતિશય જ્ઞાનનો** પરિચય કરાવ્યો છે. તેમણે લખ્યું છે કે—અને એ રીતે બીજા પણ આગમ દુષ્ટ મિથ્યા શાસ્ત્રોની રચના કરીને જિનચંદ્રે પોતાના આત્માને પહેલી નરકમાં સ્થાપિત કર્યો.

વામદેવની નવી વાત

વિક્રમની પંદરમી કે સોળમી સદીની આસપાસમાં થયેલા દિગંબર વિદ્વાન પં. વામદેવજીએ તેમના ભાવસંગ્રહ ગ્રંથમાં ઉપર પ્રમાણેની કથા તો આપી છે પરંતુ વિશેષમાં નીચે પ્રમાણેની એક નવી વાત પણ લખી છે. તેમણે લખ્યું છે કે—

ડરેલા જિનચંદ્રે ઉપદ્રવની શાંતિને માટે આઠ આંગળ લાંબા એક ચોરસ લાકડા પર તેનો સંકલ્પ કરીને પૂજન કર્યું. શ્વેત વસ્ત્ર ઉપર સ્થાપન કરીને વિધિપૂર્વક પૂજન કરવાથી એ વ્યંતરે ઉપદ્રવ કરવાની ચેષ્ટા છોડી દીધી. તે 'પર્યુંપાસન' નામના કુળદેવ થયા અને આજ પણ જળગંધ આદિથી તેની મોટી ભક્તિથી પૂજા કરવામાં આવે છે.

વચમાં ઉત્તમ શ્વેત વસ્ત્ર રાખીને તેનું પૂજન કર્યું તેથી તે મત લોકમાં 'શ્વેતાંબર' એ નામથી પ્રસિદ્ધ થયો.

ભદ્રબાહુ ચરિત્ર પુસ્તકમાં શ્વેતાંબરની ઉત્પત્તિની કથા

વિક્રમની સત્તરમી સદીમાં થયેલા ભટ્ટારક રત્નનંદીએ 'ભદ્રબાહુ ચરિત્ર' નામનો એક ગ્રંથ રચેલ છે. ગ્રંથનુ નામ તો 'ભદ્રબાહુ ચરિત્ર' છે પરંતુ ખરી રીતે તેની રચના શ્વેતાંબર મતનું ખંડન કરવા માટે જ કરવામાં આવી છે, એમ સમજી શકાય છે. એ ગ્રંથમાં ઘણુ શ્વેતાંબરની ઉત્પત્તિનું વૃતાંત આપેલું છે.

પણ એ વૃતાંત દેવસેન તથા વામદેવે આપેલા વૃતાંતથી તદ્દન જુદા પ્રકારનું છે. ભટ્ટારકજીએ લખેલું વૃતાંત આખું ય અહીં ઉદ્ધૃત કરવું અશકય છે તેથી તેનો સંક્ષિપ્ત સાર અહીં આપેલ છે. તે નીચે પ્રમાણે છે—

એક સમય શ્રુત કેવળી ભદ્રબાહુ બાર હજાર મુનિ પરિવારની સાથે ઉજ્જયિની નગરીની બહારના ઉદ્યાનમાં પધાર્યા. ઉજ્જયિનીના રાજા ચંદ્રગુપ્તિ આચાર્ય મહારાજના વંદનાર્થે ગયા અને તેમણે પાછલી રાતે જોયેલા સોળ સ્વપ્નોનું ફળ પૂછ્યું. ભદ્રબાહુ સ્વામીએ રાજાને તેમના સ્વપ્નોનું ફળ બતાવ્યું તે સાંભળીને રાજાને વૈરાગ્ય પ્રાપ્ત થયો અને ભદ્રબાહુ પાસે દીક્ષા લઈને જૈન મુનિ બન્યા.

એક સમયે ભદ્રબાહુ સ્વામી જિનદાસ શેઠને ઘેર આહાર માટે ગયા. ત્યાં ઘરમાં જતાં વેત જ પારણામાં (ઘોડિયામાં) ઝુલતા (સુતેલા) બે માસના બાળકે ભદ્રબાહુ સ્વામીને કહ્યું—જાઓ, જાઓ.

સ્વામીએ પૂછયું—કેટલા સમય સુધી ?

બાળક—બાર વર્ષ સુધી.

ભદ્રબાહુ સ્વામીએ સ્થાન પર આવીને મુનિ સંઘને બોલાવીને કહ્યું—સાધુઓ ! આ દેશમાં બાર વર્ષનો ભયંકર દુકાળ પડવાનો છે તેથી સંયમાર્થી મુનિઓએ આ દેશમાં રહેવું ઉચિત નથી.

ભદ્રબાહુનું વચન સાંભળીને સંઘ ત્યાંથી વિહાર કરવાને તત્પર થયો. ઉજ્જયિનીના ધનાઢ્ય શ્રાવકોએ ત્યાં રહેવા માટે આગ્રહ કરવા છતાં ભદ્રબાહુએ ત્યાં રહેવાનું સ્વીકાર્યું નહિ ત્યારે તેઓએ રામલ્ય, સ્થૂળાચાર્ય, સ્થૂળભદ્ર વગેરે સાધુઓને ત્યાં રહેવાની પ્રાર્થના કરી અને તેમણે તે પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને બાર વર્ષ સુધી ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો.

ભદ્રબાહુ ઉજ્જયિનીથી બાર હજાર સાધુઓની સાથે કર્ણાટક તરફ વિહાર કરી ગયા. એક મોટી અટવીમાં પહોંચ્યા ત્યારે તેમણે નિમિત્તથી

પોતાનું આયુષ્ય અલ્પ રહેલું જાણ્યું. તેથી વિશાખાચાર્યને સંઘની સાથે આગળ વિહાર કરાવીને પોતે ચંદ્રગુપ્તિ મુનિ સાથે અટવીમાં રહ્યા. અનશન કર્યું અને સમાધિ મરણ કરી સ્વર્ગે સિધાવ્યા.

ચંદ્રગુપ્તિ મુનિ ગુરુના ચરણોનું આલેખન કરી તેમની સેવા કરતા અને કાન્તાર વૃત્તિથી જીવનનિર્વાહ કરતા થકા ત્યાં રહ્યા.

વિશાખાચાર્ય સંઘની સાથે ચોલ દેશમાં પહોંચ્યા.

ઉજ્જયિનીમાં ઘોર દુકાળ પડ્યો. એક દિવસ રામલ્ય, સ્થૂળભદ્ર આદિ આહાર કરીને વનમાં જતા હતા ત્યારે તેમનામાંથી એક મુનિ પાછળ રહી ગયા. ભિખારીઓએ તેમનુ પેટ ફાડીને ભોજન કાઢીને ખાધું. આ વાત નગરમાં પહોંચતાં જ હાહાકાર મચી ગયો. શ્રાવકોએ એકત્ર થઈને મુનિમંડળને પ્રાર્થના કરી—ભગવન ! ભારે વિષમ કાળ છે. આ સમયે આપ નગરમાં પધારો તો બહુ સારું. કારણ કે જ્ઞાનીઓને માટે વન અને નગર બંને સમાન છે.

શ્રાવકોની પ્રાર્થનાનો સ્વીકાર થયો. ત્યારે શ્રાવકોએ મહોત્સવ-પૂર્વક સાધુઓને નગરમાં લાવીને તેમને જ્ઞાતિના બંધન અનુસાર જુદા જુદા ઉપાશ્રયોમાં ઉતાર્યા.

દર વર્ષ ભીષણ દુકાળ પડતો જ રહ્યો. ભિખારીઓની સંખ્યા વધતી જતી હતી. ભિખારીઓનો ત્રાસ વધતો જતો હતો. ભિખારીઓ ઘરમાં આવવાના ભયથી ગૃહસ્થ લોકો ઘરનાં કમાડ આખો દિવસ બંધ રાખતા હતા. સાધુ આહાર માટે જતા તો રંક લોકો તેમની પાછળ જતા, ત્યારે શ્રાવકો તેમને લાઠીથી મારીમારીને દૂર કરતા. આવી વિપત્તિથી ગભરાઈને શ્રાવકોએ સાધુઓને કહ્યું—મહારાજ, ભિખારીઓથી નાકમાં દમ આવી ગયો છે. ભિખારીઓની બીકથી અમે રસોઈ પણ રાત્રે જ કરીએ છીએ. માટે મહેરબાની કરીને આપ પણ રાત્રે અમારે ત્યાંથી પાત્રમાં આહાર લઈ જાઓ અને દિવસના ભોજન કરતા રહો.

શ્રાવકોની વાત પર સર્વેએ વિચાર કરીને નિર્ણય કર્યો કે—જ્યાં સુધી વિષમકાળ છે ત્યાં સુધી એમ જ કરીશું.

અને તેમણે તુંબી પાત્ર ધારણ કર્યા તથા ભિક્ષુક અને કુતરાઓના ભયથી હાથમાં લાઠી ધારણ કરી. ગૃહસ્થોના ઘેરથી આહાર લાવીને એકબીજાને આપવા લાગ્યા અને મકાનના દ્વાર બંધ કરીને ગોખબારીના ઉજાસમાં ભોજન કરવા લાગ્યા.

એક દિવસ રાત્રીના સમયે આહાર માટે ગયેલા ક્ષીણકષાય નગ્ન સાધુને જોઈને યશોભદ્રની સગર્ભા સ્ત્રીને રાક્ષસ આવ્યાની ભ્રાંતિ થઈ તેથી તે એવી ડરી ગઈ કે તેને ગર્ભપાત થઈ ગયો.

સાધુ તો એમ જ પાછા ચાલ્યા ગયા. પણ આ ઘટનાથી શ્રાવકોમાં હાહાકાર મચી ગયો. તેમણે સાધુઓ પાસે આવીને કહ્યું—મુનિ મહારાજ! સમય બહુ ખરાબ છે. અને આપનું આ રૂપ પણ ભયંકર છે. તેથી સુકાળ થાય ત્યાં સુધી આપ અરધું વસ્ત્ર પહેરીને તથા ખભે કંબલ રાખીને રાત્રીના સમયે આહાર લેવા આવતા રહો અને દિવસે ભોજન કરતા રહો.

શ્રાવકોની પ્રાર્થનાથી સાધુઓએ એમ જ કર્યું અને ધીરે ધીરે તેઓ શિથિલ થઈ ગયા.

બાર વર્ષ પછી દેશમાં ફરીથી સુકાળ થયો ત્યારે વિશાખાચાર્ય દક્ષિણ દેશથી વિહાર કરીને ક્રમશ: કાન્યકુબ્જ (કનોજ) નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા.

વિશાખાચાર્ય આવ્યાના ખબર સાંભળીને સ્થૂળાચાર્યે તેમને મળવાને પોતાના શિષ્યને મોકલ્યા. મુનિઓએ જઈને આચાર્યને વંદન કર્યું. પણ તેમણે પ્રતિવંદના ન કરી અને કહ્યું—આ કયો નવો મત કાઢ્યો છે?

સાધુઓ લજ્જિત થઈને પાછા આવ્યા અને સર્વ વૃત્તાંત પોતાના ગુરુને કહી સંભળાવ્યો.

રામલ્લ, સ્થૂળભદ્ર તથા સ્થૂળાચાર્યે સર્વ સાધુઓને એકઠા કરીને કહ્યું—હવે આપણે શું કરવું જોઈએ?

ત્યારે સ્થૂળાચાર્યે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું—આ બૂરા આચારને છોડીને જિન માર્ગનો સ્વીકાર કરીને છેદોપસ્થાપના કરવી જોઈએ.

સાધુઓને સ્થૂળાચાર્યની વાત પસંદ ન આવી. તેમણે કહ્યું—આ સુગમ માર્ગને છોડીને હવે દુષ્કર માર્ગ કોણ ગ્રહણ કરશે?

સ્થૂળાચાર્ય—આ વાત સારી નથી. મૂળ માર્ગને છોડીને કાયરોનો માર્ગ પકડવો તે સંસાર-ભ્રમણનુ કારણ છે.

આ ઉપરથી કેટલાક ભવ્ય આત્માઓએ તો મૂળ માર્ગનો સ્વીકાર કરી લીધો. પણ બીજા કેટલાક એ સત્ય વચનથી ઊલટા બળવા લાગ્યા અને બોલ્યા—આ બૂઢા શુ જાણે છે? એની બુદ્ધિમાં ભ્રમ થઈ ગયો છે તેથી આ પ્રમાણે બકવાદ કરે છે. પણ જ્યાં સુધી એ જીવતા હશે ત્યાં સુધી આપણને તે સુખથી રહેવા દેશે નહિ.

આમ કહીને એ પાપીઓએ ડડાથી મારીને તેમને ખાડામાં ફેંકી દીધા. આર્ત્તધ્યાનથી મરીને તે આચાર્ય વ્યંતરદેવ થયા. અને અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઈને એ નામધારી સાધુઓને દુઃખ દેવા લાગ્યા. ત્યારે ભયભીત બનીને તેમણે બધાએ તેમના અપરાધની ક્ષમા માગી.

દેવે કહ્યું—વિપરીત માર્ગ છોડીને સંયમ માર્ગનો સ્વીકાર કરો.

સાધુઓ—એ દુર્ધર માર્ગ પાળવો તો કઠિન છે પણ ગુરૂ બુદ્ધિથી અમે નિત્ય તમારી પૂજા કરીશું.

એ વગેરે વિનયવચનોથી વ્યંતરદેવને શાંત કર્યા. અને ગુરુના હાડકાં લાવીને તેમાં ગુરુની સ્થાપના કરી હમેશ તેનું પૂજન કરવા લાગ્યા. આજે પણ ક્ષપક હાડકાંની કલ્પનાથી તેને 'ખમણાદિહડી' કહે છે.

પછી તેની શાંતિને માટે આઠ આંગળ લાંબી લાકડાની ચોરસ પટ્ટીને, 'આ એ જ છે' એમ કલ્પના કરીને, તેની વિધિપૂર્વક પૂજા કરી. ત્યારે દેવે ઉપદ્રવ કરવાની ચેષ્ટા છોડી દીધી. અને તેનું નામ 'પર્યુપાસના' કુળદેવ એમ નામ પાડ્યું. તે પ્રમાણે આજ સુધી ભારે ભક્તિથી પૂજાય છે.

આ રીતે લોકમાં એ 'અર્ધફાલક' નામનો અદ્‌ભુત મત કળિકાળના બળથી ફેલાયો.

જે વ્રતનું આ પંચેન્દ્રિય લોલુપોએ પોતે આચરણ કર્યું હતું તે પ્રમાણે જ પોતાની બુદ્ધિથી સૂત્રમાં લખી નાખ્યું.

આમ ઘણો સમય વીતી ગયો. એક વખતે વલભીના રાજા લોકપાળની રાણી ચંદ્રલેખા કે જે ઉજ્જયિનીના રાજા ચંદ્રકીર્તિની પુત્રી હતી અને અર્ધફાલક મતવાળાની શિષ્યા હતી તેણીએ તેના પતિને કહ્યું—કાન્યકુબ્જ નગરમાં અમારા ગુરુ મહારાજ વિચરે છે તેમને આપ અહીં બોલાવો.

રાણીના કહેવાથી રાજાએ જિનચંદ્ર આદિ અર્ધફાલકોને ત્યાં બોલાવ્યા. પ્રવેશ મહોત્સવના દિવસે રાજા તેમને લેવાને ગયા. પણ સાધુઓને નગ્ન તથા વસ્ત્રધારીઓથી વિલક્ષણ વેષવાળા જોઈને પાછા ચાલ્યા આવ્યા.

રાણીને આ વાતની ખબર પડતાં જ તેણીએ ગુરુ પાસે પૂરતી સંખ્યામાં સફેદ વસ્ત્રો મોકલ્યા. તે લઈને સાધુઓએ પહેર્યાં. પછી રાજાએ તેમની ભક્તિપૂર્વક પૂજા કરી. શ્વેત વસ્ત્રો ધારણ કરવાથી તે વખતથી અર્ધફાલક મતમાંથી શ્વેતાંબર મત પ્રગટ થયો.

વિક્રમ રાજાના મૃત્યુ પછી ૧૩૬ વર્ષ વીત્યા ત્યારે લોકમાં શ્વેતાંબર નામનો મત ઉત્પન્ન થયો. કેવળી ભોજન, સ્ત્રી તથા સસંગ

સાધુઓને તે જ ભવમાં મોક્ષ, ભગવાન મહાવીરનો ગર્ભાપહાર વગેરે વાતોનું પ્રતિપાદન કરનારા આગમસંગ્રહ એ જ મૂઢ જિન આચાર્યે રચ્યા.

આચાર્ય રત્નનંદી અથવા રત્નકીર્તિએ સંસ્કૃતમાં રચેલ ભદ્રબાહુ ચરિત્રનો હિંદી અનુવાદ પં. ઉદયલાલ કાસલીવાલે કરેલ છે અને તે પુસ્તક દિગંબર જૈન પુસ્તકાલય, ગાંધી ચોક, સુરત તરફથી પ્રગટ થયેલ છે.

તેના પાના ૧૬ થી ૩૮ સુધીમાં શ્વેતાંબરની ઉત્પત્તિનો વૃત્તાંત વિસ્તારથી આપેલ છે. તેનો ઉપર પ્રમાણે ટુંકો સાર જ પં. મુનિશ્રી કલ્યાણ વિજયજી મહારાજે આપેલ છે.

આ સર્વ વૃત્તાંત દિગંબર આચાર્યોએ પોતાની કલ્પનાથી ઉપજાવી કાઢેલા છે અને તે ફકત દિગંબર મતની સરસાઈ અને શ્વેતાંબર મતની હલકાઇ કરવાને માટે જ દ્વેષથી લખેલા છે તે વાત પહેલાં તો તે વૃત્તાંત વાંચતાં જ વાંચક સમજી શકે છે એવી તેની ભાષા છે અને એવી તેમાં અસંબદ્ધ અને અવાસ્તવિક વાતો લખી છે.

એ બધાય વૃત્તાંત તદ્દન ઢંગધડા વિનાના છે તે પં. મુનિ શ્રી કલ્યાણ વિજયજીની સમીક્ષા ઉપરથી વાંચક વિશેષ સ્પષ્ટ-તાથી સમજી શકશે. તેથી તેમની સમીક્ષા અત્રે ઉદ્ધૃત કરી છે.

દિગંબરોની ખોટી કલ્પનાઓનું સાચું રહસ્ય બતાવતી અને દિગંબરોની વાતોને ખોટી ઠરાવતી પં. શ્રી કલ્યાણવિજયજીની સમીક્ષા

આ થોડીક કથાઓ અહીં લખાને અમે તેને અપ્રાપ્ય મહત્વ આપત નહિ. તેમ તેની મીમાંસા કરવાની મહેનત પણ કરત નહિ.

પરંતુ અમે જોઈએ છીએ કે ઘણુાખરા દિગંબર વિદ્વાનો પણ તેને સત્ય માને છે અને એ ખોટી વાતો ઉપરથી શ્વેતાંબર જૈન સંઘને અર્વાચીન ઠરાવવાની ચેષ્ટા કરે છે.

પ્રાચીન દિગંબર ગ્રંથમાં ઉલ્લેખ નથી

પહેલાં તો દેવસેન ભટ્ટારક વિક્રમની દશમી સદીના, વામદેવ સોળમી સદીનાં અને રત્નનંદી ભટ્ટારક સત્તરમી સદીના લેખકો છે. તેમની **પહેલાના કોઈપણ દિગંબર ગ્રંથમાં આવી કથાઓનો ઉલ્લેખ નથી.**

નિરાધાર વાતો

આવી દશામાં ક્રમશઃ સાડા આઠસો, ચૌદસો અને પંદરસો વર્ષ પછી નિરાધાર રીતે લખેલી વાતો પોતે જ મહત્વહીન ઠરે છે.

શ્વેતાંબર ઉત્પત્તિ સંબંધી લેખકોમાં એક વાકયતા નથી

વળી એ સર્વ લેખકોની આ વિષયમાં એક વાકયતા પણ નથી.

દેવસેન દુકાળના કારણે દંડ, કંબળ, તુંબી અને શ્વેત વસ્ત્ર ધારણ કરવાના કારણે 'શ્વેતાંબર' નામ પડયાનું બતાવે છે.

વામદેવ લાકડાની પટ્ટી પર શ્વેત વસ્ત્ર સ્થાપન કરીને વ્યંતર દેવની પૂજા કરવાના કારણે 'શ્વેતાંબર' નામ પડયાનું લખે છે.

રત્નનંદી રાણી ચંદ્રલેખાના કહેવાથી શ્વેત વસ્ત્ર ધારણ કર્યા તેથી 'શ્વેતાંબર' મત પ્રગટ થવાનું લખે છે.

ભદ્રબાહુ સંબંધી મતભેદ

દેવસેન અને વામદેવ બીજા નૈમિત્તિક **ભદ્રબાહુએ** ઉજ્જયિનીથી દુકાળના કારણે દક્ષિણ તરફ વિહાર કર્યો હતો તે વખતે શ્વેતાંબરની ઉત્પત્તિ બતાવે છે.

રત્નનંદી દુકાળનું વૃતાંત **પહેલા** શ્રુતકેવળી **ભદ્રબાહુની** સાથે જોડે છે. અને તે સમયે ઉજ્જયિનીમાં અર્ધફાલક મતની ઉત્પત્તિ થઈ એમ લખે છે. અને તે પછી ઘણા સમય પછી વલભીમાં સુકાળના સમયે રાણીના કહેવાથી શ્વેત વસ્ત્રો ધારણ કરવાથી શ્વેતાંબર મત ઉત્પન્ન થવાનું લખે છે.

વ્યંતરદેવ સંબંધી જુદી જુદી વાતો

દેવસેન જિન ચંદ્ર દ્વારા શાંતિ વ્યંતરની સર્વ દ્રવ્યોથી અષ્ટ વિધ પૂજા પ્રચલિત થઈ અને તેમના સમય સુધી તે પૂજા ચાલુ રહી હોવાનું બતાવે છે.

વામદેવ અને **રત્નનંદી** આઠ આંગળ લાંબા ચોરસ લાકડાના પાટીઆ ઉપર શ્વેત વસ્ત્ર સ્થાપન કરી પૂજા કરતા અને તે પૂજા તેમના સમય સુધી ચાલુ રહેલી હોવાનું બતાવે છે.

દેવસેન શાંતિવ્યંતરને શ્વેતાંબરોના પૂજ્ય કુળદેવ માત્ર લખે છે ત્યારે **પાછળના બન્ને લેખકો** તેમનું 'પર્યુપાસન' નામ હોવાનું લખે છે.

રત્નનંદી શિષ્યોદ્વારા શાંતિના હાડકાં એકઠાં કરી પૂજવાનું અને એ રીત તેમના સમય સુધી ચાલુ રહેલી તેમ જ તેનું નામ 'ખમણા-દિહડી' પ્રસિદ્ધ હોવાનું લખે છે કે જેના સંબંધમાં **પહેલા બે લેખકોએ** કશું જ લખ્યું નથી.

આ રીતે એ લેખકોના પરસ્પર વિરુદ્ધ કથનથી જ એ કથાઓનું બાહ્ય કલેવર તો સ્વયં જર્જરિત થઈ જાય છે.

સ્થાન અને સમયમાં એકમત

પરંતુ સ્થાન અને સમય એ બે બાબતોમાં સર્વ લેખકો એકમત છે કે સર્વ વિક્રમ રાજાના મૃત્યુ બાદ ૧૩૬ વર્ષ વીત્યે વલભી નગરીમાં શ્વેતાંબર મતની ઉત્પત્તિ થવાનું બતાવે છે.

તો હવે આપણે જોઈશું કે એ લેખકોની એ બે વાતોના ઉદ્ભવમાં કંઈ આધાર છે કે નહિ.

વલભી ક્યારે વસી ?

વિક્રમની બીજી સદીના બીજા ચરણમાં **વલભીમાં 'મતોત્પત્તિ' બતાવવાનું નિરાધાર** છે કારણકે તે સમયે વલભીનું અસ્તિત્વ હતું તેનું કોઈ પ્રમાણ નથી. **વલભી કનકસેનના સમયમાં વિક્રમની ત્રીજી સદીમાં વસી હતી** એ વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે.

વલભીના ઉલ્લેખનું કારણ

વલભી નગરી તથા શાંતિસૂરિ એ બન્ને નામોના ઉલ્લેખથી સમજી શકાય છે કે આ કથાઓનો સંબંધ વિક્રમની છઠ્ઠી સદીના પ્રથમ ચરણમાં વલભીમાં બનેલી કોઈ ઘટનાની સાથે હોવો જોઈએ.

વીર સંવત ૯૮૦ (વિક્રમ સંવત ૫૧૦)માં વલભીમાં માથુર અને વાલભ્ય નામથી પ્રસિદ્ધ બે શ્વેતાંબર જૈન સંઘોનું સંમેલન થયું હતું અને બન્ને સંઘોએ બન્ને વાચનાઓના સમન્વયપૂર્વક એકીકરણ કર્યું હતું. આ સંમેલનમાં માથુર સંઘના પ્રધાન દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણ હતા અને વાલભ્ય સંઘના પ્રમુખ કાલકાચાર્ય અને ઉપપ્રમુખ ગંધર્વ આદિ વેતાલ શાંતિ સૂરિ.

આપણે આગળ જોયું છે કે (જુઓ જૈન સૂત્રો વિચ્છેદ કે ઉપ-લબ્ધ નામ પ્રકરણમાં આગમ વાચનાની હકીકત—ન. ગિ. શેઠ)

વાલભ્ય સંઘ નગ્નતા ધારણ કરવાવાળાના વિષયમાં બહુ અનુદાર હતો. અને એ કારણથી મહાગિરિના શિષ્ય બલિસ્સહ તથા સ્વાતિ જેવા સ્થવિરના નામ પણ તેમની યુગ—પ્રધાના-વલીમાં રાખવાની ઉદારતા કરી શકયા નહિ. આશ્ચર્ય નહિ કે એ સંમેલનમાં દિગંબરોની સાથે મેળજોડ કરવા સબંધી કોઈ પ્રસ્તાવ ઉપસ્થિત થયો હોય. પણ **વાલભ્ય સંઘ તથા ખાસ કરીને શાંતિસૂરિના શિષ્યોએ તેને સફળ થવા દીધો નહિ હોય. અને એ કારણથી દિગંબર પરંપરાવાળાઓએ શાંતિસૂરિ તથા તેમના શિષ્યોને એ રીતે બદનામ કર્યા હોય.**

દિગંબરોએ ઉલ્લેખેલા જિનચંદ્ર કોણ?

સર્વે દિગંબર લેખકો જિનચંદ્રનું નામ શ્વેતાંબર મત પ્રવર્તક તરીકે જણાવે છે. અને વર્તમાન જૈન આગમો એ જ જિનચંદ્રના બનાવેલા છે એમ બતાવે છે.

આપણે સમજી શકીએ છીએ કે **દિગંબરોના એ 'જિનચંદ્ર' તે બીજા કોઈ નહિ પણ 'જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ'** છે કે જેમનો સમય વિક્રમની છઠ્ઠી અને સાતમી સદીનો મધ્યભાગ હતો.

જિનભદ્ર તે સમયના શ્વેતાંબર સંપ્રદાયના યુગપ્રધાન આચાર્ય હતા એટલું જ નહિ પણ કટ્ટર સાંપ્રદાયિક સિદ્ધાંતકાર પણ હતા. તેમણે વિશેષ આવશ્યક ભાષ્ય આદિ તથા બીજા પ્રકરણ ગ્રંથોની રચના કરી છે.

દિગંબર વિદ્વાનો તેમની વિરુદ્ધ એટલું બધું બોલે છે તેનું કારણ એ જ છે કે તેમણે દિગંબરોનું

ભારે કટ્ટરતાપૂર્વક ખંડન કરીને શ્વેતાંબર પરંપરાની પુષ્ટિ કરી છે.

શાંતિવ્યંતર પૂજાનું રહસ્ય

ભટ્ટારક દેવસેન ઉપદ્રવની શાંતિને માટે શાંતિવ્યંતરની પૂજા કરવાની વાત લખે છે. **તે વાસ્તવમાં શ્વેતાંબર જૈન પરંપરામાં પ્રસિદ્ધ 'શાંતિસ્નાત્ર'નું સૂચન છે.**

શ્વેતાંબરોમાં ઘણા પ્રાચીન વખતથી જિન ભગવાનના જન્માભિષેક મહોત્સવ કરવાની પ્રવૃત્તિ ચાલી આવી હતી. પાછળના સમયમાં તે 'શાંતિસ્નાત્ર' તથા 'શાંતિ પૂજા' એ નામોથી પ્રચલિત થઈ હતી. અને તે આજ સુધી એ જ નામોથી પ્રસિદ્ધ છે.

તેમાં ભગવાન આદિનાથ, અજિતનાથ, શાંતિનાથ, તથા પાર્શ્વનાથની પ્રતિમાઓનું ૨૭ વાર અથવા ૧૦૮ વાર અભિષેક તથા પૂજન કરવામાં આવે છે. તેના પ્રારંભમાં ગ્રહ તથા દિક્પાળોને બળિદાન પણ અપાય છે. **ભટ્ટારક દેવસેનજીએ આ શાંતિપૂજાનું નામ સાંભળીને દ્વેષથી શાંતિ વ્યંતરની તથા તેની પૂજાની કલ્પના કરી નાખી એમ સમજાય છે.**

વામદેવની ચોરસ પટ્ટીનું રહસ્ય

પં. વામદેવજી આઠ આંગળ લાંબી ચોરસ લાકડાની પટ્ટી પર શ્વેતવસ્ત્ર બિછાવીને શાંતિ વ્યંતરની પૂજા કરવાની વાત કહે છે એ કથન વસ્તુતઃ શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રચલિત યોગ ક્રિયાનું સૂચક છે.

શ્વેતાંબર મુનિ સૂત્રોના યોગ સંબંધી કાળ, ગ્રહણ, સ્વાધ્યાય, પ્રસ્થાપન આદિ ક્રિયાઓ કરે છે તે વખતે અંદાજે આઠ આંગળ લાંબી અને ચાર પાંચ આંગળ પહોળી એક લાકડાની પટ્ટી પોતાની સામે રાખે છે. અને તેના ઉપર સફેદ વસ્ત્ર પણ બિછાવે છે. તેની આગળ જે વિધિ

કરવામાં આવે છે તેમાં હસ્તક્રિયા પણ એવી હોય છે કે અનભિજ્ઞ માણસ તેને નમસ્કાર સમજી લીએ.

પં. વામદેવજીએ શ્વેતાંબર મુનિને એ પ્રમાણે યોગક્રિયા કરતા ક્યાંક જોયા હશે. તેમને જોઈને પંડિતજીએ માની લીધું કે આ શાંતિ વ્યંતરની પૂજા કરે છે.

પર્યુપાસન શબ્દનો પત્તો નથી

પં. વામદેવજી 'પર્યુપાસન' શબ્દ–નામ ક્યાંથી ઉઠાવી લાવ્યા તેની સમજ પડતી નથી. કારણ કે એ નામનો કે તેને મળતા બળતા કોઈ નામનો દેવ શ્વેતાંબર સંપ્રદાયમાં માનવામાં આવતો નથી.

હાડકાંની પૂજાનું રહસ્ય

ભટ્ટારક રત્નનંદીની હાડકાંની પૂજાની કલ્પનાએ તો પહેલાંના બન્ને લેખકોને મહાત કરી દીધા છે.

શ્વેતાંબર સાધુ તેમની પાસે જે સ્થાપનાચાર્ય રાખે છે તેને લક્ષ્ય કરીને રત્નનંદીની આ કલ્પના છે. શ્વેતાંબર જૈન સાધુઓમાં પોતાના આચાર્યની સ્થાપના રાખવાની પ્રાચીન પ્રવૃત્તિ છે. સ્થાપનામાં આચાર્યની મૂર્તિ કે ચિત્ર નહિ પણ પાંચકોડા રાખે છે. તેનો આકાર ઘુંટણની ઉપરના હાડકાને મળતો હોય છે. **ભટ્ટારકજી મહારાજે ક્યાંક એવા કોડીરૂપ સ્થાપનાચાર્યને જોઈ લીધા હશે અને તરત લખી દીધું કે "એ શાંતિસૂરિનાં હાડકાં છે."**

અને તેઓ એમ કહે છે કે આજે પણ એ 'ખમણાદિહડી' એવા નામથી પ્રસિદ્ધ છે. તો વખતે એ કલ્પિત નામ નંદી ક્રિયામાં આવતા **'ખમાસમણહત્થેણં' એ શબ્દ ઉપરથી અથવા ગુરુને વંદન કરવાને માટે 'ખમાસમણો' શબ્દ બોલાય છે તે ઉપરથી એ 'ખમણાદિહડી' નામ ઉપજાવી કાઢ્યું.**

નવી જુની વાતોના મિશ્રણથી દિગંબરોએ ઉપજાવી કાઢેલી શ્વેતાંબરોની ઉત્પત્તિની કથા

આ પ્રમાણે શ્વેતાંબરોની ઉત્પત્તિના વિષયમાં દિગંબરાચાર્યોએ જે કથાઓ ઉપજાવી કાઢી છે તેનું શરીર ભાનમતીના પટારાની માફક અહીંતહીંની નવી જુની વાતોથી ભરેલું છે.

વિક્રમ સં. ૧૩૬ના કથનનું રહસ્ય

વિક્રમ સંવત ૧૩૬માં શ્વેતાંબરો ઉત્પન્ન થયાનું જે કથન છે તેનું તાત્પર્ય એટલું જ છે કે લગભગ એ જ અરસામાં (વિક્રમ સં. ૧૩૬ = વીર સં. ૬૦૬) શિવભૂતિએ જિનકલ્પની હિમાયત કરી હતી. અને સ્થવિરોએ નિષેધ કરવા છતાં પણ જિનકલ્પી બનીને ગચ્છમાંથી નીકળી ગયા હતા.

સંભવ છે કે નગ્નતાનો સક્રિય વિરોધ કરવાને માટે સ્થવિરકલ્પના નામથી ચાલતી આવતી મૂળ (ફરજીઆત પણ પાછળથી મરજીઆત બનાવી દીધેલી તેથી—ન. ગિ. શેઠ) ઐચ્છિક નગ્નતાનો પ્રચાર પણ તે પછી રોકી દેવામાં આવ્યો હશે. અને નગ્નતાની વિરુદ્ધની વસ્ત્રધારીઓની એ પ્રવૃત્તિને પાછળના દિગંબરાચાર્યોએ 'શ્વેતાંબર મત ઉત્પતિ'ના નામથી પ્રસિદ્ધ કરી દીધી.

એમ થવું સંભવિત પણ છે કારણકે શ્વેતાંબરોએ દિગંબરના મતની ઉત્પત્તિ લખી હતી તેથી દિગંબરોએ પણ તેનો કોઈ ને કોઈ રીતે ઉત્તર તો દેવો જોઈતો હતો જ.

ઉપર પ્રમાણે દિગંબરોની કથાની મુનિશ્રીએ મીમાંસા

કરી છે તે ઉપરથી વિચારક સમજી શકે છે કે એ કથામાં કંઈ પણ વાસ્તવિકતા નથી.

ઉપસંહાર

જૈન ધર્મ એક જ છે અને તે અનાદિનો ચાલ્યો આવે છે. વિક્રમની બીજી સદીમાં એક જ ચાલ્યા આવતા જૈન ધર્મમાં બે ફાંટા પડયા. તે ફાંટા પડવાની અપેક્ષાએ કહીએ તો શ્વેતાંબર અને દિગંબરની ઉત્પત્તિ તે વખતે થઈ એમ કહી શકાય.

પરંતુ બે સગા ભાઈઓ જુદા પડે તેથી તેઓ એક બીજા તરફ દ્વેષ રાખી એકબીજાને માટે યદ્વાતદ્વા બોલે તે જૈનત્વને જરા પણ છાજતી વાત નથી. એટલે--

શ્વેતાંબરોએ પોતાની કથામાંથી અતિશયોક્તિઓ નાબુદ કરી નાખવી જોઈએ તેમ જ દિગંબરોએ પણ તેમની ઉપજાવી કાઢેલી કથાઓનો નાશ કરવો જોઈએ.

સત્યતા એ ધર્મનો મૂળ પાયો છે. બન્ને પક્ષ સત્યને જ અપનાવે તો વેરવિરોધ એક ક્ષણ પણ ટકી શકે નહિ એટલું જ નહિ પણ એકતા જ થઇ જાય એટલે મૂળ પ્રમાણે જૈન ધર્મ એક જ બની જાય.

સંપ્રદાયવાદીઓ સાચું જૈનત્વ
ક્યારે અપનાવશે ?

☆

પ્રકરણ ઓગણીશમું

શ્રી ભદ્રબાહુ સ્વામી પહેલા અને બીજા

પહેલા ભદ્રબાહુ સ્વામી

જૈન શ્રમણ પરંપરામાં બે ભદ્રબાહુ સ્વામી થઈ ગયા છે. પહેલા ભદ્રબાહુ તે ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી. તે આચાર્ય શ્રી યશોભદ્રસૂરિના શિષ્ય અને આ. સંભૂતિવિજયજીના ગુરુભાઈ હતા.

શ્રી સંભૂતિવિજયજીના સ્વર્ગવાસ સમયે તેમના શિષ્ય સ્થૂળભદ્ર નવા જેવા જ હતા. તેથી સંભૂતિવિજય પછી ભદ્રબાહુ સ્વામી આચાર્ય પદે આવ્યા હતા.

તેમણે ૪૫ વર્ષની ઉમરે દીક્ષા લીધી હતી, ૬૨ વર્ષની ઉંમરે યુગ પ્રધાનપદે આવ્યા હતા અને ૭૬ મા વર્ષે વીર સં. ૧૭૦ માં સ્વર્ગગમન કર્યું હતું. એટલે ૧૭ વર્ષ સામાન્ય શ્રમણ તરીકે અને ૧૪ વર્ષ યુગ પ્રધાનપદે રહ્યા હતા.

તેઓ છેલ્લા ચૌદ પૂર્વધર ગણાય છે. કારણ કે તેમણે સ્થૂળભદ્રજીને દશ પૂર્વ અર્થ સહિત શિખડાવ્યા પછી સ્થૂળભદ્રજીએ શ્રુતપ્રભાવ બતાવવા માટે તેમની બહેનો સાધ્વી થયેલી તેઓ વાંદવા આવતાં સિંહનું રૂપ ધારણ કરેલું તેથી હવે અર્થ શિખવાને અયોગ્ય ગણીને બાકીના ચાર પૂર્વ મૂળમાત્ર શિખડાવેલા હતા. અને તે પણ બીજા કોઈને ન શિખવવાની શરત સહિત શિખડાવેલા હતા, તેથી શ્રી ભદ્રબાહુ સ્વામી છેલ્લા ચૌદ પૂર્વધર ગણવામાં આવે છે.

તેમના સમયમાં મધ્ય ભારતમાં પહેલ વહેલો બાર વર્ષનો લાંબો ભયંકર દુકાળ પડેલો હતો. તે વખતે ભદ્રબાહુ સ્વામી તથા તેમના શિષ્યો પૂર્વના પ્રદેશોમાં ચાલ્યા ગયા હતા.

સુકાળ થતાં શ્રમણસંઘ પાટલીપુત્રમાં એકત્ર થયો ત્યારે એક-બીજાને કેટલું શ્રુત યાદ છે તે પૂછતાં જણાયું કે દુકાળમાં પઠન પાઠન પરિવર્તનની મુશ્કેલીને લીધે ઘણું ભૂલાઈ ગયું હતું. તેથી બધાયે ભેગા મળીને યાદ કરીને અગીયાર અંગ પુરા કર્યા. પણ બારમું દૃષ્ટિવાદ અંગ જાણનાર કોઈ નહોતું.

તે વખતે ભદ્રબાહુ સ્વામી નેપાળમાં મહાપ્રાણ ધ્યાન કરવા ગયેલા હતા. તે ધ્યાનની મુદત બાર વર્ષની હતી. તેથી બારમું દૃષ્ટિવાદ અંગ શિખવાને સ્થૂળભદ્ર પ્રમુખ શ્રમણો નેપાલમાં ગયેલા તેની સંપૂર્ણ વિગત "જૈન સૂત્રો ઉપલબ્ધ કે વિચ્છેદ?" નામના પ્રકરણમાં પહેલી આગમ વાચનાની વિગતની અંદર આપેલી છે તેથી અત્રે તે આપેલ નથી,

શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી વીર સં. ૧૭૦ માં સ્થૂળભદ્રજીને પોતાના પટ્ટ પર સ્થાપિત કરીને કલિંગ દેશમાં કુમાર પર્વત ઉપર (હાલ ખંડગિરિ કહેવાય છે તે) પંદર દિવસનું નિર્જળ અનશન કરીને સ્વર્ગવાસી થયા. (જુઓ હેમવંત સ્થવિરાવલી).

આ સિવાય પહેલા શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી સંબંધી કાંઈ વિશેષ માહિતી મળતી નથી.

"જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧ લામાં" મુનિશ્રીઓ શ્રી દર્શન-જ્ઞાન-ન્યાય વિજયજી (ત્રિપુટી મહારાજ) એ પહેલા ભદ્રબાહુ સ્વામીનું વૃત્તાંત આપેલું છે તે આખું ય બીજા ભદ્રબાહુ જે નિમિત્તવેત્તા ભદ્રબાહુ બીજા થઈ ગયા તેમનું જ વૃત્તાંત છે.

એક સરખા નામને લીધે પૂર્વના વખતથી બીજા ભદ્રબાહુનું ચરિત્ર પહેલા શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડી ગયું છે તેવી જ રીતે બીજા ભદ્રબાહુસ્વામીએ બનાવેલ નિર્યુક્તિ વગેરે ઘણા ગ્રંથો પણ પરાપૂર્વથી શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી દીધેલા છે.

તે ઉપરાંત શ્રુતકેવળી ભદ્રબાહુનો સંબંધ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય

સાથે દંતકથાઓ ઉભી થયેલી છે, કેટલાક શ્વેતાંબર જૈનો માને છે કે ચંદ્રગુપ્તના વખતમાં બીજી બાર દુકાળી પડેલી તે પછી પણ ભદ્રબાહુ સ્વામી જીવિત હતા, ચંદ્રગુપ્તને સોળ સ્વપ્નાં આવેલાં તેનાં ભદ્રબાહુ સ્વામીએ ફળ કહેલા અને તે ઉપરાંત દિગંબરો માને છે કે શ્રુતકેવળી ભદ્રબાહુ પાસે ચંદ્રગુપ્ત સમ્રાટે દીક્ષા લીધેલી અને પછી તેઓ બન્ને દક્ષિણમાં ગયેલા આ સર્વ દંતકથાઓમાં કશું તથ્ય નથી.

અહીં પહેલાં બીજા ભદ્રબાહુ સ્વામીનું ચરિત્ર આપીને પછી તેમના ગ્રંથોનો વિચાર કરીશું અને તે પછી દંતકથાઓની નિરાધારતા બતાવીશું તે બતાવવામાં મોટે ભાગે પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા ઇતિહાસ વિશારદ પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજના લેખોનો આધાર લીધેલો છે.

બીજા ભદ્રબાહુ સ્વામી તે વરાહમિહિરના ભાઈ અને નિમિત્તવેત્તા તથા નિર્યુક્તિકાર ભદ્રબાહુ છે.

નિર્યુક્તિકાર અને નિમિત્તવેત્તા ભદ્રબાહુ

દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુર (હાલનું પેઠણ અથવા પૈઠણ) માં બે બ્રાહ્મણ બંધુઓ હતા તેમના નામ ૧. વરાહમિહિર અને ૨. ભદ્રબાહુ હતા. બન્ને ભાઇઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા તેમજ જ્યોતિષ વિદ્યાના પારગામી હતા.

એક વખત તેમને એક જૈન આચાર્ય મુનિનો મેળાપ થયો. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈ વૈરાગ્યવંત થઈ આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. કલ્પ કિરણાવલીમાં લખ્યું છે કે—"પ્રતિષ્ઠાનપુરમાં વરાહમિહિર તથા ભદ્રબાહુ બન્ને બ્રાહ્મણ બધુઓ પ્રવ્રજિત થયા." પણ જે આચાર્ય મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેમનું નામ આપ્યું નથી.

બંને ભાઇઓએ અલ્પ સમયમાં જ શાસ્ત્રાભ્યાસમાં બહુ સારી કુશળતા મેળવી. પરંતુ બંને ભાઇઓમાં મુનિશ્રી ભદ્રબાહુ વિશેષ ધીર

ગંભીર, દૃઢ નિશ્ચયી હતા; એટલું જ નહિ, પણ શાસ્ત્રજ્ઞાનમાં પારંગત બન્યા હતા.

વરાહમિહિર મોટો ભાઈ હોવાથી ગુરુ મહારાજ તેમની પછી પોતાને આચાર્યપદે નીમશે એવી વરાહમિહિરને ઇચ્છા અથવા ખાત્રી હતી, પરંતુ ગુરુ મહારાજે પરીક્ષાથી ખાત્રી કરી કે વરામમિહિર કરતાં ભદ્રબાહુ જ્ઞાનમાં, આચારમાં, સ્વભાવમાં દરેક રીતે ચડિયાતા છે અને આચાર્યપદને ભદ્રબાહુ જ યોગ્ય છે. આ પ્રમાણે ખાત્રી થતાં ગુરુજીએ મુનિ ભદ્રબાહુને આચાર્યપદે નીમ્યા.

ગુરુજીએ પક્ષપાત કર્યો છે એ જોઈ વરાહમિહિર ગુસ્સે થયા પરંતુ વળી વિચાર્યું કે ગુરુએ ભલે પક્ષપાત કર્યો પણ ભદ્રબાહુ તો મારો નાનો ભાઇ છે ને! ગુરુના સ્વર્ગગમન પછી તે મને જ આચાર્ય ઠરાવશે. આમ વિચારી તે વખતે તો શાંત રહ્યા.

ગુરુજીના સ્વર્ગગમન પછી મુનિ વરાહમિહિરે ભદ્રબાહુ પાસે પોતાને આચાર્યપદ આપવાની માગણી કરી. ત્યારે શ્રી ભદ્રબાહુ સ્વામીએ ચોખ્ખું કહ્યું કે—આચાર્યપદ યોગ્યપાત્રને જ અપાય છે. ગુરુજીએ તમને અયોગ્ય ગણીને તે પદ તમને આપ્યું તો હું તેમના નિર્ણયને ઉલટાવીને ગુરુજીનું અપમાન કેમ કરી શકું?

આ સાંભળીને વરાહમિહિરને ખૂબ ક્રોધ ચડ્યો. મોટા તરીકેનું તેમને અભિમાન હતું અને યશ-કીર્તિ એ તેમના જીવનનું ધ્યેય હતું. તેમણે વૈરાગ્ય સંયમને પણ પ્રતિષ્ઠા પ્રાપ્તિનું સાધન ગણ્યું હતું. પોતાના ધ્યેયમાં નિષ્ફળ ગયા જાણીને વિરાહમિહિરે તુરત જ ગુસ્સામાં સાધુ વેશને તિલાંજલી આપી દીધી અને ગૃહસ્થાશ્રમી બની ગયા.

કલ્પકિરણાવલી ૧૬૩ માં લખ્યું છે કે—ભદ્રબાહુને આચાર્ય પદવી આપવાથી વરાહ મિહિરને ક્રોધ ચડ્યો તેથી તેણે દીક્ષા છોડી નિજ વેશ ધારણ કર્યો, વારાહિ સંહિતા બનાવી અને નૈમિત્તિક તરીકે જીવન ગાળવા લાગ્યો.

વરાહમિહિરે ક્રોધમાં સાધુ વેશ ત્યજી દીધો એટલું જ નહિ પણ જૈન ધર્મના સાધુઓ પક્ષપાતી છે એમ ગણી તે જૈન ધર્મના અને જૈન સાધુઓના દ્વેષી બની ગયા અને ગૃહસ્થાશ્રમમાં ફરી તેમનો મૂળ બ્રાહ્મણ ધર્મ અંગીકાર કરી લીધો.

પહેલેથી જ વરાહમિહિર જ્યોતિષ વિદ્યામાં કુશળ હતા જ. તે જ વિદ્યાથી પ્રતિષ્ઠાનપુરના રાજા શત્રુજિતને પ્રસન્ન કરીને રાજાના પુરોહિત બન્યા. અને પછી પોતાનો મહિમા વધારવા માટે એવી ગપ્પ ચલાવી કે—

" એક વાર જંગલમાં મે એક શિલા ઉપર સિંહ લગ્નની કુંડલી બનાવી હતી. રાત્રે યાદ આવ્યું કે તે કુંડલી ભુંસતાં હું ભૂલી ગયો છું. તેથી તરત જ રાત્રે જંગલમાં ગયો. ત્યાં જઈને જોયું તો મારી કુંડલી ઉપર સિંહ બેઠો હતો. સિંહનો ડર રાખ્યા વિના તેની નીચે હાથ નાખીને કુંડલી ભુંસી નાખી. મારા પરાક્રમથી પ્રસન્ન થઈને તે સિંહે સૂર્યરૂપે પ્રગટ થઈને મને કહ્યું—હે વત્સ! હું પ્રસન્ન થયો છું. તો વરદાન માગ! મેં કહ્યુ —હે દેવ, આપ પ્રસન્ન થયા હો તો મને [illegible] જ્યોતિષચક્ર બતાવો દેવે મારી વિનંતિ પ્રમાણે મને જ્યોતિષચક્ર [illegible]. ત્યારથી મારૂં વરાહમિહિર નામ પ્રસિદ્ધ થયું છે."

વરાહમિહિરની આ ગપ્પથી તેની ખ્યાતિ વધી ગઈ અને રાજાનો પણ માનીતો થઈ ગયો. હવે રાજાને વિશેષ પ્રસન્ન કરવા એક વખત તેણે રાજાને કહ્યું—મેં આ કુંડાળું બનાવ્યું છે, ચોમાસામાં અમુક દિવસે વૃષ્ટિ થશે ત્યારે એક મોટું બાવનપળનું લાંબું માછલું એ કુંડાળાની વચમાં આવીને પડશે.

આ. ભાદ્રબાહુને આ સમાચાર મળતાં તેમણે રાજાને કહેવડાવ્યું કે તે માછલું કુંડાળાની વચમાં નહિ પણ કુંડાળાની કિનાર દબાય તેવી રીતે બાજુમાં પડશે અને (૫૨) બાવન નહિ પણ સાડી એકાવન પળનું લાંબું હશે.

નિયત દિવસે આ. ભદ્રબાહુએ કહ્યું હતું તેમ જ થયું. તેથી લોકોને તથા રાજાને આચાર્ય ઉપર વિશેષ માન ભક્તિ ઉત્પન્ન થયા તેથી વરાહ મિહિરની કીર્તિને ઝાંખપ લાગી ગઈ. પણ ગઈ કીર્તિ પાછી મેળવવા તેણે થોડા વખતમાં જ બીજો પ્રસંગ સાધ્યો.

રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. વરાહ મિહિરે તેની જન્મકુંડળી બનાવી કહ્યું કે—રાજપુત્ર ૧૦૦ સો વર્ષ જીવશે.

રાજા, રાણી તથા આખી પ્રજા એ ભવિષ્યવાણી સાંભળી ખૂબ રાજી થયા, પ્રજાના સર્વ આગેવાનોએ રાજાની પાસે જઈ હર્ષ કર્યો. જુદા જુદા ધર્મના ધર્માચાર્યોએ રાજા પાસે જઈ હર્ષ દર્શાવી આશીર્વાદ આપ્યા. પરંતુ એક ફક્ત આ. ભદ્રબાહુ ગામમાં જ હોવા જતાં રાજા પાસે ગયા નહિ કે આશીર્વાદ કહેવડાવ્યા નહિ.

આ તકનો લાભ લઈ વરાહમિહિરે રાજાને આચાર્ય વિરૂદ્ધ ઘણું કહ્યું. તેઓ અભિમાની છે એમ કહી તેમની ખૂબ નિંદા કરી.

શ્રાવકોને આ વાતની ખબર પડતાં તેઓ ગુરુજી પાસે આવ્યા અને રાજા પાસે હર્ષ કરવા જવું જોઈએ એમ વિનંતિ કરી.

આચાર્ય મહારાજે કહ્યું—બે વાર રાજા પાસે શું જવું? એક વાર જ જઈશું.

શ્રાવકો—મહારાજ, એમ કેમ કહો છો?

આચાર્ય—ભાઈઓ, આ રાજપુત્ર ફક્ત સાત દિવસનો જ મહેમાન છે. સાતમે દિવસે બિલાડીથી તેનું મૃત્યુ થવાનું છે.

શ્રાવકોએ રાજાજીને વાત કરી. વરાહમિહિરે તો ત્યારે છાતી ઠોકીને કહ્યું કે મારૂં કહેલુ ખોટું ન થાય. સૂરિજી ભૂલ્યા છે; છતાં રાજાજીએ તો સાવચેતીની ખાતર ગામમાંથી બધી બિલાડીઓને પકડી પકડીને ગામ બહાર કઢાવી મૂકી. ગામમાં બિલાડી હોય તો જ તે રાજપુત્રને મૃત્યુ પમાડી શકે ને! વળી વધારે સાવચેતીની ખાતર રાજપુત્રને ભોંયરામાં સંરક્ષિત્ત રાખ્યો કે જ્યાં બિલાડીનો પ્રવેશ થઈ શકે જ નહિ.

સાતમે દિવસે ધાવમાતા ભોંયરામાં દરવાજા પાસે બેસીને રાજપુત્રને સ્તનપાન કરાવી રહી હતી ત્યારે અચાનક જ દરવાજાનો આગળીઓ નીકળી ગયો અને સીધો રાજપુત્રના માથા ઉપર જ પડ્યો તેથી રાજપુત્ર ત્યાંજ મરણ પામ્યો.

આથી રાજા પ્રજા સૌ દિલગીર થયા; ત્યારે વરાહમિહિરે કહ્યું કે—આચાર્યનું કથન તો ખોટું જ પડ્યું છે. રાજપુત્રનું મૃત્યુ બિલાડીથી નહિ પણ આગળીઆથી થયું છે.

રાજપુત્રના મૃત્યુના સમાચાર મળતાં સૂરિજી રાજસભામાં આવ્યા અને રાજાને આશ્વાસન આપ્યું ત્યારે રાજાએ સૂરિજીનું ભવિષ્યકથન ખોટું પડયાનું કહ્યું. સૂરિજીએ તે આગળીઓ મંગાવવા કહ્યું. આગળીઓ આવતાં તેના ઉપર બિલાડીનુ મોં કોતરેલું બતાવ્યું.

રાજા પ્રજાને ખાત્રી થઈ ગઈ કે આચાર્ય મહારાજના કથન પ્રમાણે જ બિલાડીથી રાજપુત્રનું મૃત્યું થયુ છે.

વરાહમિહિરને આ બનાવથી એટલો બધો ક્રોધ ચડ્યો કે તેણે જ્યોતિષના બધા ગ્રંથો બાળી નાખવાનું નક્કી કર્યું. આચાર્ય મહારાજને તેની જાણ થતાં તેઓ તરત તેને ઘેર ગયા અને કહ્યું—ભાઈ શાસ્ત્રો તો સાચાં જ છે. તારી ભૂલને માટે શાસ્ત્રનો નાશ કરીશ નહિ. અને પછી કુંડલી જોવામાં વરાહમિહિરે ભૂલ કરેલી તે બતાવી.

આથી વરાહમિહિરનું અજ્ઞાન જાહેર થઈ ગયું. તે ઘણો જ ગુસ્સે થઈ ગયો. જૈનાચાર્ય અને જૈન સંઘ ઉપર તેને ખૂબ ખૂબ દ્વેષ આવી ગયો. તેઓ જ વરાહમિહિરને આવેલી બદનામીના કારણભૂત છે એમ ગણી ને અત્યંત ક્રોધે ભરાયો. તે ક્રોધમાં અને થયેલા અપમાનના શોકમાં તે મૃત્યુ પામ્યો.

વરાહમિહિર મૃત્યુ પામીને વ્યંતર દેવ થયો. અવધિજ્ઞાનથી પોતાના મૃત્યુનું કારણ જૈન સંઘને જાણીને તેણે જૈન સંઘમાં મરકીનો ઉપદ્રવ ફેલાવ્યો. આ. ભદ્રબાહુએ તેના નિવારણ માટે તે વખતે 'ઉવસગ્ગહર સ્તોત્ર' બનાવ્યું અને તેથી ઉપદ્રવની શાંતિ થઈ ગઈ. આ ઉવસગ્ગહર સ્તોત્રની કેટલીક ગાથાઓ અત્યારે પણ ઉપલબ્ધ છે.

આ બીજા ભદ્રબાહુ સ્વામી પાસે ચંદ્રગુપ્ત નામના કોઈ રાજવંશી પુરુષે દીક્ષા લીધી હશે અને તે પછી તેઓ નવા શિષ્યની સાથે દક્ષિણમાં ગયેલા. અને ત્યાં આયુષ્ય ક્ષીણ થવાથી માયસોર પાસેના પર્વત ઉપર અનશન કરી તેમણે સ્વર્ગગમન કર્યું.

ત્યારથી તે પર્વત તીર્થ તરીકે પ્રસિદ્ધ થયો.

ભદ્રબાહુના ગ્રંથો

ઉપર જણાવ્યુ તેમ ભદ્રબાહુ સ્વામી બે થઈ ગયેલા છે. તે બન્નેને પાછળથી એક જ વ્યક્તિ ગણીને બીજા ભદ્રબાહુનું ચરિત્ર પહેલા શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી દીધું છે તેવી જ રીતે ભદ્રબાહુના નામથી જાણીતા થયેલા સર્વ ગ્રંથો શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી દીધા છે. (જુઓ ત્રિપુટી મહારાજ કૃત જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧ લો) આ ભૂલ ઘણા વખતથી પરંપરાથી ચાલી આવી છે.

"ઉત્તર હિંદુસ્તાનમાં જૈન ધર્મ" નામના પુસ્તકમાં તેના કર્તા શ્રી ચીમનલાલ જેચંદ શાહે પણે નિર્યુક્તિ વગેરે પુસ્તકો જે બીજા ભદ્રબાહુ સ્વામીનાં છે તે શ્રી શાહે શ્રુતકેવળી ભદ્રબાહુના ઠરાવ્યા છે. શ્રી ચીમનલાલ શાહે તેમનું આ પુસ્તક પરદેશી વિવેચકોના વિચારોને પ્રાધાન્ય આપીને રચેલું છે. અને પ્રાચીન જૈન ગ્રંથોને દંતકથા ગણીને તેમાંની વાતોને અમાન્ય ગણી તેની અવગણના કરી છે. એટલું જ નહિ પણ ઘણી બાબતોમાં સત્ય શું છે તેનો વિચાર પણ કર્યા વિના પરદેશીઓએ કહ્યું છે તે માનીને ઘણી વાતો ખોટી રીતે રજૂ કરી છે.

ભદ્રબાહુ સ્વામીના રચેલા ગ્રંથો નીચે પ્રમાણે ગણાવવામાં આવે છે—

સ્વતંત્ર ગ્રંથો

છેદ સૂત્રો	૧. નિશીથ	૩. વ્યવહાર
	૨. બૃહત્કલ્પ	૪. દશાશ્રુત સ્કંધ
સ્તોત્રો	૫. ઉવસગ્ગહર	૬. ગ્રહશાંતિ
જ્યોતિષ	૭. ભદ્રબાહુ સંહિતા	
કથા	૮. વસુદેવહિંડી	

નિર્યુક્તિઓ

૯. આચારાંગ નિર્યુક્તિ	૧૬. વ્યવહારસૂત્ર નિર્યુક્તિ
૧૦. સૂત્ર કૃતાંગ ,,	૧૭. સૂર્ય પ્રજ્ઞપ્તિ ,,
૧૧. દશવૈકાલિક ,,	૧૮. ઋષિભાષિત ,,
૧૨. ઉત્તરાધ્યયન ,,	૧૯. પર્યુષણકલ્પ ,,
૧૩. આવશ્યક ,,	૨૦. પિંડ નિર્યુક્તિ ,,
૧૪. દશાશ્રુતસ્કંધ ,,	૨૧. ઓઘ ,,
૧૫. બૃહત્કલ્પ ,,	૨૨. સંસક્ત ,,

આમાં નં. ૯ થી ૧૮ સુધીની એટલે દશ નિર્યુક્તિઓ પૂર્વાચાર્યોના સૂત્રો ઉપર નિર્યુક્તિઓ બનાવેલી છે અને છેલ્લી ચાર એટલે નં. ૧૯ થી ૨૨ સુધીની પોતે બનાવેલી છે.

ઘણી નિર્યુક્તિઓ બનાવેલી હોવાથી ભદ્રબાહુને નિર્યુક્તિકાર પણ કહેવામાં આવે છે. પરંતુ **શ્રુતકેવળી ભદ્રબાહુ અને નિર્યુક્તિકાર ભદ્રબાહુ બન્ને ભિન્ન વ્યક્તિઓ છે તેમને ભૂલથી એક ગણી લીધેલા છે.**

હવે ઉપરના ગ્રંથોમાંથી શ્રુતકેવળી ભદ્રબાહુના ગ્રંથો કયા કયા છે તે તપાસીએ.

પ્રાચીનકાળના આચાર્યોનો તેમના ગ્રંથોમાં કર્તા તરીકે પોતાનું નામ દર્શાવવાનો રિવાજ જ નહોતો. એટલે ગ્રંથોમાં તેમના નામ સૂચક કોઈ ગાથા કે નિશાની નહિ હોવાથી ગ્રંથકર્તાનું નામ ચોક્કસ રીતે કહી શકાતું જ નથી.

પરંતુ **પહેલા** ત્રણ છેદ સૂત્રો શ્રુતકેવળી ભદ્રબાહુના રચેલા હોય એમ બતાવતાં પં. શ્રી કલ્યાણજી વિજયજી મહારાજ નીચે પ્રમાણે લખે છે—

નિશીથ, બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્રો

શ્વેતાંબર સંપ્રદાયને માન્ય વિદ્યમાન આગમોમાં નિશીથ, બૃહત્કલ્પ અને વ્યવહાર નામના સૂત્રોનું ઘણું મોટું મહત્વ છે. એ ત્રણે છેદ સૂત્રો છે અને તેના કર્તા ભગવાન ભદ્રબાહુ શ્રુતકેવળી છે.

એમાં **વ્યવહાર સૂત્રની ભાષા** કંઈક **અર્વાચીન પ્રતીત થાય છે.** તો પણ આપણે તેને અભદ્રબાહુકર્તૃક કહી શકીએ નહિ. **પાછળના સમયમાં તેની અંદર** કંઈક **સંસ્કાર થયા હોય અને ભાષા તેમજ** ક્યાંક ક્યાંક **ભાવ પણ બદલી લીધા હોય એમ બન્યું હોય** પણ તેટલા જ કારણથી તેને અભદ્રબાહુકર્તૃક કહેવું યોગ્ય નથી.

એ ત્રણે સૂત્રોમાં સાધુઓના જે જે આચારવિચાર બતાવ્યા છે તે એકદમ પ્રાચીન છે. તેમાં જે અપવાદ માર્ગોનું નિરૂપણ છે તે અવશ્ય જ કોઈ સમય વિશેષનું સૂચક છે.

એ ત્રણે ય અધ્યયન (અને ઓછામાં ઓછું કલ્પાધ્યયન તો અવશ્ય જ) વિષમ સમયની કૃતિ છે. એનું આંતર સ્વરૂપ જોવાથી આ ત્રણ વાતો સ્પષ્ટ થઈ જાય છે કે :—

(૧) આ સૂત્રોની રચના કલિંગ કે બંગાળમાં **થઈ છે.**

(૨) સૂત્રકારનાં સમયમાં કાળ સંબંધી વિષમ સ્થિતિ હતી.

(૩) સાધુઓનો સમુદાય મોટો છે.

કલ્પાધ્યયનના પ્રારંભના સૂત્ર અને તેના ભાષ્યથી તો એ વાત વિશેષ સ્પષ્ટ થઈ જાય છે કે આ સૂત્રની રચના દુર્ભિક્ષના સમયમાં તોસલિદેશ (કલિંગદેશનો એક પ્રાંત)માં થઈ હતી.

આ ઉપરથી આપણે એમ માની લઈએ કે—

(૧) દુર્ભિક્ષની પહેલાં ભદ્રબાહુએ નિશીથ અધ્યયનની રચના કરી.

(૨) દુર્ભિક્ષના સમયમાં તેમણે તોસલિ દેશમાં રહીને કલ્પઅધ્યયનનું નિર્માણ કર્યું અને

(૩) સુકાળ થયા પછી વ્યવહારસૂત્રનું સંકલન કર્યું.

એમ માની લઈએ તો તેથી કંઇ અનુચિત થતુ નથી.

ગમે તેમ હો પણ એક વાત તો નિશ્ચિત છે કે દુર્ભિક્ષના સમયમાં શ્રુતકેવળી ભદ્રબાહુ પૂર્વ દેશમાં જ વિચરતા હતા.

આ ત્રણેય છેદ સૂત્રો (મૂળ સૂત્રો ફક્ત) ઘણા પ્રાચીન ગણાય છે અને તે શ્રુતકેવળી ભદ્રબાહુના હોય કે પછી તેમની જ કક્ષાના બીજા કોઈ જુદા જુદા આચાર્યોએ એ ત્રણે સૂત્રો બનાવ્યા હોય તે ચોક્કસ તો જાણી શકાતું નથી. પણ ઘણા સમયથી તે શ્રુતકેવળી ભદ્રબાહુના રચેલા છે એમ જાણીતું છે.

બીજા ગ્રંથો

ચોથું છેદ સૂત્ર **દશાશ્રુતસ્કંધ** માટે એમ મનાય છે કે—આચાર્ય દેવે પોતે જ બનાવેલ ' દશાશ્રુતસ્કંધ 'ના આઠમા અધ્યયનનો વિસ્તાર કરીને ' કલ્પસૂત્ર ' રચેલ છે. અને તે કલ્પસૂત્ર પર્યુષણ પર્વમાં જૈનોમાં નિયમિત રીતે વંચાય છે.

કલ્પસૂત્રમાં કેટલીક એવી વાતો આવે છે કે જે શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીએ લખી હોય જ નહિ. પણ રફતે રફતે મૂળ વાતોમાં કેટલીક વિકૃતિઓ ઘૂસી ગયેલી તે સર્વનું કલ્પસૂત્રમાં મિશ્રણ છે. એટલે તે શ્રુતકેવળીનું નહિ પણ બીજા ભદ્રબાહુનુ જ બનાવેલું હોય એમ સમજી શકાય છે. એટલે દશાશ્રુતસ્કંધ પણ બીજા ભદ્રબાહુનું બનાવેલું સમજવું જોઈએ. (વિશેષ માટે આની નીચે "નિર્યુક્તિઓ"ના મથાળાની નીચેની નં. ૭ મી કલમ જુઓ.)

ઉવસગ્ગહર સ્તોત્ર તો બીજા ભદ્રબાહુનુ રચેલું છે તે વાત તેમના જીવનચરિત્રમાં જ ઉપર કહેવાઈ ગઇ છે. તે જ પ્રમાણે **ગૃહશાંતિ સ્તોત્ર** પણ બીજા ભદ્રબાહુનુ બનાવેલું સમજી શકાય છે.

ભદ્રબાહુ સંહિતા જ્યોતિષ ગ્રંથ છે તે તો નિમિત્ત વેત્તા (જ્યોતિષી) ભદ્રબાહુએ બનાવેલ તે જાણીતુ છે. તેમના ભાઈ વરાહમિહિરે વારાહિસહિતા બનાવેલી અને ભદ્રબાહુએ ભદ્રબાહુ સંહિતા બનાવેલી.

વસુદેવ હિંડી ઉપલબ્ધ નથી પણ તે કથાગ્રંથ છે અને તેય બીજા ભદ્રબાહુની બનાવેલી હશે એમ સમજાય છે. શ્રુતકેવળી કથાગ્રંથો રચવામાં તેમનો સમય વીતાવે તે પણ માની શકાતુ નથી.

શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી શ્વેતાંબર તેમ જ દિગંબર સંપ્રદાયને માન્ય આચાર્ય હતા. એટલે શ્રુતકેવળી ભદ્રબાહુએ બનાવેલ છે, એમ જે ગ્રંથની ખાત્રી હોય તે ગ્રંથને દિગંબરો અમાન્ય કરે જ નહિ. નિશીથ સૂત્રને ભલે દિગંબરોએ વિચ્છેદ ગયેલું માન્યું છે પરંતુ તેનું અસ્તિત્વ હતુ તે તો તેઓ સ્વીકારે જ છે. તે પ્રમાણે શ્રુતકેવળી ભદ્રબાહુના બીજા કોઈ ગ્રંથો હોવાનું દિગંબરોએ સ્વીકારેલ નથી એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ.

નિર્યુક્તિઓ

નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામી તે ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ભદ્રબાહુ નહિ પણ તેમનાથી ભિન્ન છે તે મેં મારા **જૈનસૂત્રો, ઇતિહાસ અને સમીક્ષા** નામના પુસ્તકમાં સવિસ્તર બતાવેલું હતું તે જ અહીં ઉધ્ધૃત કરૂં છું.

૧. શ્રી હેમંદ્રાચાર્યના પરિશિષ્ટ પર્વમાં ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીનો ઉલ્લેખ છે. પણ તેમાં તેમણે ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિઓ વગેરે બાબતમાં કાંઈ જ લખ્યું નથી.

૨. શ્રી સંઘતિલક સૂરિકૃત સમ્યકત્વ સપ્તતિકાવૃતિ.
૩. શ્રી જિનપ્રભસૂરિ કૃત ઉવસગ્ગહર સ્તોત્ર.
૪. શ્રી મેરૂતુંગાચાર્ય કૃત પ્રબંધ ચિંતામણી.

આ ત્રણેય ગ્રંથોમાં ભદ્રબાહુ સ્વામીને પ્રખર જ્યોતિષી અને વરાહ મિહિરના ભાઈ તરીકે વર્ણવેલા છે.

૫. ભદ્રબાહુ સ્વામીએ રચેલી દશ નિર્યુક્તિઓમાંની એક—આવશ્યક નિર્યુક્તિમાંની ગાથા ૨૩૨માં આર્ય રક્ષિત સ્વામીનો ઉલ્લેખ છે અને તે પછી ગાથા ૨૩૫ થી ૨૪૦ સુધીમાં આઠ નિન્હવોનું વર્ણન છે.

તેમાં બે નિન્હવ ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થયા પછી થયેલા તે અને તેમના નિર્વાણ પછી બીજા છ નિન્હવ મળીને કુલ આઠ નિન્હવનુ વર્ણન છે. છેલ્લો નિન્હવ વીર સંવત ૬૦૯ માં થયો તેનુ વર્ણન છે.

આ ઉપરથી એટલું સાબિત થાય છે કે નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામી આઠમા નિન્હવ પછી થયેલા છે. ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી તો આઠમા નિન્હવથી ૪૫૦ વર્ષ પહેલાં થઈ ગયેલા હતા. અને ત્રીજાથી આઠમા એમ છયે

નિન્હવો શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીના સ્વર્ગગમન પછી થયેલા છે. એટલે તેમણે તે લખ્યા ન જ હોય તે સમજી શકાય તેવી વાત છે.

નિન્હવના વર્ણનમાં તે નિન્હવ **ક્યારે થયો હતો** એ જણાવેલું છે. પૂર્વે થઈ ગયેલ વ્યક્તિ ભવિષ્યમાં થનાર માટે "અમુક વર્ષે અમુક **થયા હતા**" એવા શબ્દો વાપરે નહિ.

૬. ભદ્રબાહુ સ્વામીની જ રચેલી **ઓઘ નિર્યુક્તિના** મંગળાચરણમાંની ગાથામાં નિર્યુક્તિકાર અરિહંત, ચૌદ પૂર્વી, દશ પૂર્વી તથા એકાંગધર એ સર્વ મુનિઓને નમસ્કાર કરે છે. એ ઉપરથી સાબિત થાય છે કે શ્રી ભદ્રબાહુ સ્વામી એકાંગધર મુનિઓની પછી જ થયેલા છે.

૭. ભદ્રબાહુ સ્વામીના રચેલા **દશાશ્રુતસ્કંધનું** આઠમું અધ્યયન જે કલ્પસૂત્રના નામથી પ્રસિદ્ધ છે તેમાં સ્થવિરાવલી આપી છે. જુની માન્યતા પ્રમાણે કલ્પસૂત્રને શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીનું રચેલું માની લેવાથી ગુંચવાડો ઉભો થયો હતો કે ભદ્રબાહુ સ્વામી વીર સં. ૧૭૦ માં સ્વર્ગવાસ થયેલા તેઓ તેમના પછી સ્થવિરાવલી કયાંથી આપી શકે? માટે અનુમાન કર્યું કે તે સ્થવિરાવલી શ્રી દેવર્દ્ધિ ગણિએ પાછળથી ઉમેરેલી છે.

આ માન્યતા ઘણી દોષવાળી છે કારણ કે બીજાના ગ્રંથમાં એવો ઉમેરો કરવાથી મૂળ ગ્રંથકારની મહત્તાને હાનિ પહોંચે છે. એમ શ્રી દેવર્દ્ધિગણિ જેવા મહાપુરુષ સમજે જ. તેથી એવી જાતનો ઉમેરો કરે નહિ.

વળી તેની છેવટની ગાથામાં લખ્યું છે કે—"સૂત્રાર્થરૂપી રત્નોના ભંડાર, ક્ષમા, સંયમ, માર્દવ ગુણોથી ભરેલા એવા કાસ્યપ ગોત્રના શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રીમણને હું નમસ્કાર કરૂં છું."

કોઈ પણ વિદ્વાન પોતે પોતાના માટે આવા શબ્દો ઉચ્ચારે જ

નહિ, પરંતુ ગ્રંથના કર્તા તરીકે બીજા ભદ્રબાહુ સ્વામીને લેવાથી આવી ખોટી કલ્પના કરવાની જરૂર જ રહેતી નથી.

ઉપરની ગાથા લખીને સ્થવિરાવલીની સમાપ્તિ કરવામાં આવી છે કારણ કે આ ગ્રંથ શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણની હૈયાતિમાં જ લખ્યો હતો. શ્રી ભદ્રબાહુ સ્વામી અને શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ બન્ને સમકાલીન હતા.

આ પ્રમાણે પહેલા ત્રણ ગ્રંથ સિવાયના બાકીના સર્વ ગ્રંથો જે શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવેલા છે તે સર્વ બીજા ભદ્રબાહુના રચેલા છે.

શ્વેતાંબર સંપ્રદાયમાંનો એક વર્ગ શ્રુતકેવળી ભદ્રબાહુ અને સમ્રાટ ચંદ્રગુપ્તને સમકાલીન માને છે. ચદ્રગુપ્તને સોળ સ્વપ્ના આવેલા હતા અને પછી ચંદ્રગુપ્તે ભદ્રબાહુ સ્વામી પાસે જઈને તે સ્વપ્નોના ફળ સંબંધી ખુલાસો પૂછેલો.

ત્યારે ભદ્રબાહુ સ્વામીએ તે સ્વપ્નાં ભવિષ્યમાં ખરાબ વખત આવવાનો છે એમ સૂચવે છે એમ કહીને ભદ્રબાહુ સ્વામીએ તે દરેક સ્વપ્નાનું ફળ વિગતથી કહી બતાવ્યુ હતું એમ જૈનોનો એક વર્ગ માને છે.

દિગંબર જૈનો તેથી પણ આગળ વધીને એમ માને છે કે તે સ્વપ્નાના ફળની હકીકત સાંભળીને ચદ્રગુપ્ત રાજાને ભારે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો અને તેથી તેણે ભદ્રબાહુ સ્વામી પાસે દીક્ષા લીધી હતી. તે પછી તે બન્ને બીજા શિષ્યોની સાથે દક્ષિણમાં ગયેલા અને ત્યાં માયસોર પાસેના પર્વત પાસે પહોંચતાં ભદ્રબાહુ સ્વામીએ પોતાનું આયુષ્ય ક્ષીણ થયેલું જાણી તે પર્વત ઉપર અનશન કરી સ્વર્ગ ગમન કર્યું હતું.

શ્વેતાંબરોની તથા દિગબરોની આ બન્ને માન્યતાઓ કેવી કાલ્પનિક છે તે હવે આપણે જોઈશું.

ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત

જે જૈનો શ્રુતકેવળી ભદ્રબાહુ અને મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તને સમકાલીન માને છે તેઓ આ સમકાલીનતા સંબંધમાં ત્રણ વાતો કહે છે:—

(૧) ચંદ્રગુપ્તના રાજ્યમાં બાર વર્ષનો દુકાળ પડ્યો હતો તે સમયે અને તેની પછી પણ ઘણાં વખત સુધી ભદ્રબાહુ જીવિત રહ્યા હતા.

(૨) ચંદ્રગુપ્તને એક સમયે સોળ સ્વપ્નો આવ્યા. રાજાએ ભદ્રબાહુ સ્વામી પાસે જઈને તેના ફળ પૂછ્યા. તેના જવાબમાં શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીએ દુષમકાળના ભાવી અનર્થોનું વર્ણન કર્યું.

(૩) ચંદ્રગુપ્ત રાજાએ શ્રુતકેવળી ભદ્રબાહુ પાસે દીક્ષા ગ્રહણ કરી અને તેમની સાથે દક્ષિણ દેશ તરફ ચાલ્યા ગયા.

આ ત્રણ બાબતો શ્રુતકેવળી ભદ્રબાહુ અને સમ્રાટ ચંદ્રગુપ્તની સમકાલીનતા બતાવનારી છે.

ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત સમકાલીન નહોતા તેના પુરાવા

ઉપરની વાતોને સાચી માની લઈએ તો ચંદ્રગુપ્તનો સત્તા સમય વીર નિર્વાણના ૧૭૦ પછી હોઈ શકે નહિ. કારણ કે ભદ્રબાહુ સ્વામીનો સ્વર્ગવાસ વીર નિર્માણ સંવત ૧૭૦ માં આવે છે. પરંતુ ચદ્રગુપ્તના સમયનો પ્રારભ વીર નિર્વાણથી ૨૧૦ વર્ષ પછી થયેલ છે. એટલે ભદ્રબાહુના સ્વર્ગગમન પછી ચાલીશ વર્ષ પછી ચંદ્રગુપ્તના સમયનો પ્રારભ થાય છે તેથી તેઓ સમકાલીન હોઇ શકતા નથી.

દિગંબર ગ્રંથોમાં શ્રુત કેવળી ભદ્રબાહુ સ્વામીનો આચાર્ય પદનો કાળ વીર સં. ૧૩૨ થી ૧૬૨ બતાવ્યો છે. અને મૌર્ય ચંદ્રગુપ્તનો રાજ્યકાળ વીર સ. ૨૧૫ થી શરૂ થતો બતાવ્યો છે. એટલે દિગંબરોની જ કાળગણત્રી પ્રમાણે ભદ્રબાહુ તથા ચંદ્રગુપ્ત સમકાલીન બની શકતા નથી.

પ્રાચીન જૈન સાહિત્યમાં ભદ્રબાહુ તથા ચંદ્રગુપ્તના સંબંધી ઉપરની ત્રણેય બાબતોને કશું સ્થાન નથી.

ભદ્રબાહુના સમયમાં જેમ લાંબા સમયનો ભયંકર દુકાળ પડયો હતો તેવી જ રીતે ફરીથી બીજી વાર ચંદ્રગુપ્તના સમયમાં પણ તેવો જ લાંબા કાળનો ભયંકર દુકાળ પડયો હતો. પહેલી વારનો એટલે ભદ્રબાહુ સ્વામીના વખતના દુકાળને "પહેલી બાર દુકાળી"ના નામથી ઓળખાવામાં આવે છે ત્યારે ચંદ્રગુપ્તના વખતના દુકાળને "બીજી બાર દુકાળી"ના નામથી ઓળખવામાં આવે છે.

બન્ને વખતના બાર વર્ષના લાંબા દુકાળને જુદા જુદા ગણવાને બદલે એક જ વખતનો બાર વર્ષનો દુકાળ ગણીને કોઈએ ભૂલથી ભદ્રબાહુ તથા ચંદ્રગુપ્તને સમકાલીન માની લીધા અને તે વાત પરંપરા ચાલી આવી.

આવશ્યક ચૂર્ણી, તિત્થોગાલીપયન્ના વગેરે પ્રાચીન જૈન ગ્રંથોથી પ્રમાણિત થાય છે કે—

ભદ્રબાહુના સમયમાં દુકાળ પડેલો તેમાં અંતે સુકાળ થતાં પાટલીપુત્ર નગરમાં શ્રમણસંઘ એકત્ર થયો હતો ત્યારે અગીઆર અંગની વ્યવસ્થા કરી અને બારમુ દષ્ટિવાદ અગ શિખવાને માટે સ્થૂળભદ્ર પ્રમુખ સાધુઓને ભદ્રબાહુ પાસે મોકલ્યા હતા. ત્યારે **પાટલીપુત્રમાં નંદ રાજાનું રાજ્ય હતું. આ ઘટનાની સાથે ચંદ્રગુપ્તનો કશો પણ નામોલ્લેખ નથી.**

સોળ સ્વપ્નાની કલ્પિત વાત

ચંદ્રગુપ્તને સોળ સ્વપ્ના આવેલા અને તેના ફળ ભદ્રબાહુ સ્વામીએ કહેવાની વાતનો કોઈ પણ પ્રાચીન ગ્રંથમાં ઉલ્લેખ નથી.

ષોડશ સ્વમાધિકાર, ભદ્રબાહુ ચરિત્ર અને એવા જ બીજા અર્વાચીન ગ્રંથોમાં આ કથા અવશ્ય ઉપલબ્ધ થાય છે. પરંતુ અર્વાચીન

દંતકથાઓના આધાર ઉપર ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તની સમકાલીનતા માનવી એ યુક્તિસંગત નથી.

સોળ સ્વપ્ના સંબંધી કથાની નૂતનતા એની ભાષા ઉપરથી જ સિદ્ધ થઈ જાય છે. તે ઉપરાંત તેની અંદરના તથ્યથી પણ તે કલ્પિત સાબિત થઈ જાય છે.

અહીં તે કથામાં થોડી બાબતો બતાવી છે તે ઉપરથી જ વાચકોને વિશ્વાસ આવી જશે કે ખરેખર આ સ્વપ્નાઓ સંબંધીની કથા એ ફક્ત આધુનિક કલ્પના જ છે.

(૧) संभूयविजयस्स सीसे जुगव्वहाणे भद्दबाहु नामं अणगारे આ શબ્દોથી કથાકારે ભદ્રબાહુનો સંભૂતિવિજયજીના શિષ્ય લખેલ છે. આ વાત જૈન ગ્રંથો પ્રમાણે સાચી નથી. ભદ્રબાહુ યશોભદ્રના શિષ્ય અને સંભૂતિવિજયના ગુરુભાઈ હતા.

કથાકાર ભદ્રબાહુ પછી ઘણા લાંબા કાળે થયેલ હશે તેથી જ તેને ખબર નહિ હોવાથી એવી ઊલટી વાત લખી છે.

(૨) કથામાં લખ્યું છે કે—" આજથી કોઈ રાજા દીક્ષા નહિ લીએ." પરંતુ આગળ ઉપર એ જ ચંદ્રગુપ્ત રાજાને કથાકારે દીક્ષા લેવડાવી છે એટલે એ " વદતોવ્યાઘાત " છે.

જૈન સાહિત્યમાં આ ભવિષ્ય વાણી ભગવાન મહાવીરના મુખથી જ પ્રકાશિત કરાવેલી છે. અભયકુમારે ભગવાન મહાવીરને પૂછવાથી ભગવાને ફરમાવેલું કે રાજા ઉદાયનની પછી કોઈ મુકુટધારી રાજા ભગવાન પાસે દીક્ષા લઈ સંયમધારી નહિ થાય.

સ્વપ્નાના કથાકારે ભગવાન સાથે અભયકુમારને થયેલી વાતને ભદ્રબાહુએ કરેલા સ્વપ્નફળમાં સરકાવી દીધી છે. પરન્તુ કથાકારની વાતમાં વાસ્તવિકતા નહિ હોવાથી તે અર્વાચીન કાલ્પનિક વાત છે એમ સિદ્ધ થાય છે.

(૩) કથાકારે ભદ્રબાહુનાં મુખથી કહેવડાવ્યું છે કે-" केवलनाणं वोच्छिज्जिस्सइ હવેથી કેવળજ્ઞાનનો વિચ્છેદ થશે" પરંતુ જૈન ધર્મમાં તો જંબૂસ્વામી પછી જ કેવળ જ્ઞાનનો વિચ્છેદ થવાનું જણાવેલ છે એટલે ભદ્રબાહુ સ્વામીના મુખથી કેવળજ્ઞાન વિચ્છેદ થવાનું કહેવડાવવું એ અર્થશૂન્ય છે.

આ ઉપરથી પણ સ્વપ્નાની વાત પાછળથી ઉપજાવી કાઢેલી છે એમ સાબિત થાય છે.

(૪) સ્વપ્ન ફળમાં કહ્યું છે કે—" સાધુ દેવદ્રવ્ય ખાવાવાળા થશે. તેઓ લોભથી માળારોપણ ઉપધાન આદિ અનેક વાતો પ્રકાશિત કરશે.

આથી સ્પષ્ટ થાય છે કે આ કથન ચૈત્યવાસની ઉત્પત્તિ થયા પછીની સ્થિતિની સૂચના કરે છે. એટલે એ કથા ચૈત્યવાસના કાળ પછી ઉપજાવી કાઢેલી છે.

(૫) સ્વપ્નફળમાં કહ્યું છે કે—" હવેથી ધર્મ વૈશ્ય જાતિના હાથમાં હશે. વણિકો અનેક માર્ગ ગ્રહણ કરશે."

આ વાક્યથી માલુમ પડે છે કે જૈન ધર્મ જાતિ ધર્મ બન્યા પછીનો એ ઉલ્લેખ છે, એટલે કથા તે પછી બનાવેલી છે.

(૬) સ્વપ્ન ફળમાં કહેવામાં આવ્યુ છે કે—"ક્ષત્રિય કુમાર રાજ્યભ્રષ્ટ થશે અને સર્વ યવનોના હાથમાં ચાલ્યું જશે."

આ ઉપરથી એમ સમજાય છે કે હિંદુસ્તાનમાં મુસલમાનની સત્તા થયા પછી આ કથાની રચના થયેલી હશે.

(૭) કથામાં ચંદ્રગુપ્તે દીક્ષા લીધાની વાત છે તે શ્વેતાંબર ગ્રંથની વિરુદ્ધ છે.

પરિશિષ્ટ પર્વ આદિમાં ચંદ્રગુપ્ત જૈન હોવાની વાત છે પરંતુ તેમાં ચંદ્રગુપ્ત અંતકાળ સુધી ગૃહસ્થ ધર્મમાં જ રહેલ

એમ લખેલું છે. તેમાં ચંદ્રગુપ્તે દીક્ષા લેવાની કંઈ વાત લખેલી નથી.

સમ્રાટ ચંદ્રગુપ્તે દીક્ષા લીધાની વાત

મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તે ભદ્રબાહુ સ્વામી પાસે દીક્ષા લીધાની વાત પણ દંતકથાથી કંઈ વિશેષ પ્રમાણવાળી નથી.

આ કથાનો શ્વેતાંબર જૈન સાહિત્યમાં તો કંઈક જ ઉલ્લેખ નથી. પરંતુ પ્રાચીન દિગંબર જૈન સાહિત્યમાં ય તેનું સમર્થન મળતું નથી.

પ્રાચીન જૈન ગ્રંથોમાં દીક્ષાની વાત નથી.

મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્ત જૈનધર્મી હતો એમ તો જૈન તેમજ જૈનેતર દરેક વિદ્વાન સ્વીકારે છે. પરતુ તેણે જૈન દીક્ષા લીધી હતી એમ તો કોઈ કહેતું નથી. એટલે દિગંબરોની એ વાત પાયા વિનાની ઠરે છે.

આ કથાનુ દિગંબર ગ્રંથોમાં જે ઢંગથી વર્ણન કરેલું છે તે જોઈને એમ જ કહેવું પડે છે કે શ્રુતકેવળી ભદ્રબાહુનો મૌર્ય ચંદ્રગુપ્ત સાથે કશો સંબંધ નહોતો. **પ્રાચીન લેખોમાં આ કથાના નાયક ભદ્રબાહુને ક્યાંય પણ શ્રુતકેવળી લખ્યા નથી. પણ તેમને નિમિત્તવેત્તા કહેલા છે. અને દિગંબરોના કથન અનુસાર જ તે બીજા જ્યોતિષી ભદ્રબાહુ હોઈ શકે છે.**

શક સં. ૫૭૨ નો શિલાલેખ.

શ્રવણ બેલગોલના ચંદ્રગિરિ પર્વત ઉપરના શિલાલેખમાં ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તનો ઉલ્લેખ છે. આ લેખ શક સંવત ૫૭૨ ની આસપાસનો હોવાનું અનુમાન કરાય છે. જો આ અનુમાન ઠીક માની લેવામાં આવે તો એમ કહેવું અનુચિત નહિ ગણાય કે—

ચંદ્રગુપ્ત ભદ્રબાહુના શિષ્ય હોવાની માન્યતા દિગંબર સંપ્રદાયમાં વિક્રમની આઠમી સદીના પ્રારંભમાં જ ચાલુ થઈ

હતી. પરંતુ એ વાત ભૂલવા જેવી નથી કે એ લેખમાં ભદ્રબાહુને શ્રુતકેવળી જણાવ્યા નથી તેમજ ચંદ્રગુપ્તને મૌર્ય જણાવ્યા નથી.

દિ. હરિષેણના બૃહત્ કથા કોષની વાત

દિગંબર સાહિત્યમાં આ વિષયનો સૌથી પ્રાચીન ઉલ્લેખ **હરિષેણકૃત બૃહત્કથાકોષ**માં જોવા મળે છે. આ ગ્રંથ **શક સંવત ૮૫૩ વિક્રમ સં. ૯૮૮**માં રચાયલો છે. તેમાં શ્રુતકેવળી ભદ્રબાહુના મુખથી દુકાળ સંબંધી ભવિષ્યવાણી સાંભળીને ઉજ્જયિનીના રાજા ચંદ્રગુપ્તે દીક્ષા લેવાનો ઉલ્લેખ છે. આગળ જતાં ચંદ્રગુપ્ત દશ પૂર્વધર વિશાખાચાર્યના નામથી સંઘના નાયક બનવાનો ઉલ્લેખ પણ એ જ કથા ગ્રંથમાં છે.

આટલુ હોવા છતાં પણ ચંદ્રગુપ્તને ઉજ્જયિનીના રાજા કહીને કથાકારે એ કથાની વાસ્તવિકતાનું સૂચન કરી દીધું છે.

ભદ્રબાહુના દક્ષિણ દેશમાં જવા સંબંધી અને ચંદ્રગુપ્ત ઉજ્જયિનીના રાજા હોવા સંબંધી હકીકતથી જ એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે એ ભદ્રબાહુ, શ્રુતકેવળી ભદ્રબાહુથી ભિન્ન (જુદા) હતા અને ચંદ્રગુપ્ત પણ પાટલીપુત્રના મૌર્ય ચંદ્રગુપ્તથી ભિન્ન હતા.

શક સં. ૫૨૨ નો શિલાલેખ

પાર્શ્વનાથ વસ્તિમાં લગભગ શકે સંવત ૫૨૨ ની આસપાસમાં લખેલો એક શિલાલેખ છે. તેમાં ભદ્રબાહુની સૂચનાથી સંઘ દક્ષિણમાં ગયેલો એમ ઉલ્લેખ છે. પણ એ ઉલ્લેખથી એ વાત સ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે કે-દુકાળ સંબંધી **જેની ભવિષ્યવાણીથી જૈન સંઘ દક્ષિણા પથ તરફ ગયેલ હતો તે ભદ્રબાહુ શ્રુતકેવળી નહિ પણ શ્રુત-કેવળીની શિષ્ય-પરંપરામાં થયેલા બીજા ભદ્રબાહુ હતા કે**

જેની નિમિત્તવેત્તાના નામથી પ્રસિદ્ધિ થઈ હતી. કારણ કે શિલાલેખમાં એ પ્રમાણે ૨૫૯૮ લખેલ છે.

દિ. રત્નનંદીનું ભદ્રબાહુ ચરિત્ર

ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તની કથામાં ચંદ્રગુપ્તને કયાંય પણ મૌર્ય અથવા પાટલી પુત્રના રાજા તરીકે લખેલ નથી. પણ ઉજ્જયિનીના રાજા તરીકે લખેલ છે. જેમકે **રત્નનંદીના ભદ્રબાહુ ચરિત્રમાં દ્વિતીય પરિચ્છેદની** ગાથા ૫ થી ૮ માં લખ્યું છે કે—

> "વિવેક વિનય ધનધાન્યાદિ સંપદાઓથી સમસ્ત દેશને જીતવાવાળા અવંતિ નામના દેશમાં પ્રાકારોથી યુકત તથા શ્રી જિનમંદિર, ગૃહસ્થ, મુનિ અને ઉત્તમ ધર્મથી વિભૂષિત **ઉજ્જયિની** નામની નગરી છે—
>
> ગાથા ૫–૬
>
> "તેમાં ચંદ્રમા જેવા નિર્મળ કીર્તિના ધારક, ચંદ્રમા સમાન આનંદ દેવાવાળા, સુંદર ગુણોથી વિરાજમાન, જ્ઞાન તથા કળા કૌશલ્યમાં સુચતુર, જિનપૂજા કરવામાં ઇંદ્ર સમાન, ચાર પ્રકારના દાન દેવામાં સમર્થ તથા પોતાના પ્રતાપથી સૂર્યને પરાજિત કરવાવાળા **ચંદ્રગુપ્તિ** નામના રાજા હતા—
>
> ગાથા ૭–૮.

અહીં રત્નનંદીએ ઉજ્જયિનીના રાજા હતા એમ લખ્યું છે એટલું જ નહિ પણ રાજાનું નામ ચંદ્રગુપ્તિ આપેલું છે અને તેમાં મૌર્ય વંશનું કે પાટલીપુત્રના રાજા તરીકેનું નામનિશાન પણ નથી, ફકત તે ઉજ્જયિનીના રાજા એટલે તે મૌર્ય ચંદ્રગુપ્તથી ભિન્ન છે એમ સિદ્ધ થાય છે.

વળી આ ઘટનાનો સમય વિક્રમની પહેલી કે બીજી સદીની આસપાસનો લખેલો છે.

બીજા ભદ્રબાહુનો સમય

દિગંબર લેખકોના લેખોના આધારે બીજા ભદ્રબાહુનો સત્તા સમય વિક્રમની બીજી સદીની આસપાસનો પ્રમાણિત થાય છે. अंगपन्नति ની ગાથા ૪૭ માં તેના કર્તા ભટ્ટારક શુભચંદ્રે આ બીજા ભદ્રબાહુને પ્રથમાંગધર (આચરાંગ સૂત્રવેત્તા) જણાવેલ છે.

પરંતુ બ્ર. હેમચંદ્રે તેમના શ્રુતસ્કંધમાં અંગ શ્રુતની પરંપરા વિચ્છિન્ન થયા બાદ બીજા ભદ્રબાહુની સત્તાનો નિર્દેશ કરેલ છે. વીરનિર્વાણ પછી—

કેવળી	૬૨ વર્ષ	એકાદશાંગધર વર્ષ	૨૨૦
શ્રુતકેવળી	૧૦૦ ,,	એકાંગધર તથા	
દશપૂર્વધર	૧૮૩ ,,	અંગદેશધર ,,	૧૧૮

એ પ્રમાણે વીરનિર્વાણથી ૬૮૩ વર્ષ સુધી અંગશ્રુતની પ્રવૃત્તિ રહીને વિચ્છિન્ન થઈ. આ પ્રમાણે ૬૮૩ વર્ષનો ઇતિહાસ લખ્યા પછી હેમચંદ્રે બીજા ભદ્રબાહુના સંબંધમાં તેમના શ્રુતસ્કંધમાં લખ્યું છે કે—

> आयरियो भद्दबाहु अट्ठगमहणिमित्त जाणकारो ।
> णिण्णासइ कालवसे स चरिमो हु णिमित्तिओ होदि ॥

અર્થ—આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામી અષ્ટાંગ મહાનિમિત્તના છેલ્લા જાણકાર હતા. ત્યારપછી કાળવશે નિમિત્ત જ્ઞાનનો લોપ થયો.

હવે શુભચંદ્રના કથન અનુસાર ભદ્રબાહુને પ્રથમાંગધર માની લઈએ તો તેમનું અસ્તિત્વ વિક્રમની પહેલી સદીમાં માનવું સંગત થાય છે. પરંતુ બ્રહ્મ. હેમચંદ્ર આદિનું કથન ઠીક માનીને ભદ્રબાહુનો સમય અંગજ્ઞાનના વિચ્છેદ થયા બાદ માનીએ તો તેનો અર્થ એ થાય છે કે—વીર નિર્વાણ વર્ષ ૬૮૩ (એટલે વિક્રમ સંવત ૨૧૩) પછી નૈમિત્તિક ભદ્રબાહુ થયા.

દિગંબર વિદ્વાનોના લેખો ઉપરથી જણાય છે કે બીજા ભદ્રબાહુના નામથી સરસ્વતી ગચ્છની નંદી આમ્નાયની પટ્ટાવલીનો પ્રારંભ થાય છે અને બીજા ભદ્રબાહુ ઈસવીસનથી ૫૩ વર્ષ પૂર્વે અને શક સંવતથી ૧૩૧ વર્ષ પૂર્વે થયા.

ડૉ. ફ્લીટનો મત છે કે દક્ષિણની યાત્રા કરવાવાળા આ બીજા ભદ્રબાહુ જ હોઈ શકે છે.

પરંતુ બીજા ભદ્રબાહુના અસ્તિત્વનો સમય જે માનવામાં આવે છે તે બરાબર જણાતો નથી.

હેમચંદ્રના ઉપર કહ્યા લેખ અનુસાર ભદ્રબાહુનો સમય વિક્રમની ત્રીજી સદીનો પ્રારંભ માની લઈ શકાય છે. પરંતુ તેમાં એમ તો સ્પષ્ટ લખ્યું નથી કે અંગશ્રુતનો અંત થયા બાદ પ્રસિદ્ધ આચાર્યોમાં પ્રથમ પુરુષ ભદ્રબાહુ હતા.

પરંતુ તેથી એમ માનવામાં શો વાંધો છે કે બીજા ભદ્રબાહુ અંગશ્રુતની પ્રવૃત્તિ વિચ્છેદ થયા પછી લગભગ અઢી કે ત્રણસો વર્ષ પછી થયા હતા? તેમના નંદ આમ્નાયના આદિ પુરુષ હોવાની માન્યતાથી પણ એ જ સિદ્ધ થાય છે કે આ ભદ્રબાહુ વિક્રમની છઠ્ઠી સદીની પહેલાં ન થઈ શકે.

નંદીસંઘની પટ્ટાવલીમાં ભદ્રબાહુને કુંદકુંદના પુરોગામી લખેલા છે પરંતુ આ પટ્ટાવલી-લેખને પ્રમાણિક માનતા પહેલાં બહુ વિચાર કરવાની જરૂર છે. કારણ કે પ્રાચીન લેખોમાં આચાર્ય કુંદકુંદને જ મૂળસંઘના નાયક લખેલા છે. જુઓ. શ્રવણ બેલગોલની કત્તિલે બસ્તીનાં એક સ્તંભ ઉપરના શિલાલેખના શ્લોકમાં લખ્યું છે—

> "શ્રીમાન વર્દ્ધમાન સ્વામીના શાસનમાં મૂળ સંઘના નાયક કોંડકુંદના નામના આચાર્ય થયા."

અને દિગંબરોના બીજા સંઘ, ગણ, ગચ્છ તથા શાખાઓ એ

મૂળસંઘનો જ વિસ્તાર હોવાથી નંદી શાખા પણ એ મૂળસંઘ તથા તેના અગ્રણી આચાર્ય કોંડકુંદની પછી જ થયેલ હોય.

જ્યારે નંદીશાખા કુંદકુંદના સમયની પછીની છે તો તેના પ્રવર્તક **ભદ્રબાહુ પણ કુંદકુંદથી અર્વાચીન જ હોઇ શકે. એટલે બીજા ભદ્રબાહુ વિક્રમની પાંચમી સદીની અંતની પહેલાં ન હોઇ શકે.**

શ્વેતાંબર ગ્રંથકાર જે ભદ્રબાહુને વરાહમિહિરના ભાઈ લખે છે તે જ બીજા ભદ્રબાહુ હોઈ શકે.

આ સર્વ વાતો ઉપરથી એ તો ચોક્કસ કહી શકાય છે કે શ્રુતકેવળી ભદ્રબાહુનો મૌર્ય ચંદ્રગુપ્તની સાથે કોઈ સંબંધ હોઈ શકતો નથી.

દુકાળ વખતે શ્રુતકેવળી ભદ્રબાહુ પૂર્વ તરફ બંગાળમાં હતા

શ્રુતકેવળી ભદ્રબાહુએ દક્ષિણ દેશ તરફ વિહાર કર્યો હોવાનું કોઈ પ્રમાણ નથી. એથી ઊલટું, દુકાળના અંતે ભદ્રબાહુ નેપાલ તરફ ગયા હોવાનું પ્રમાણ છે. (જુઓ આવશ્યક ચૂર્ણી ૨૫૨. તથા "જૈન સૂત્રો ઉપલબ્ધ કે વિચ્છેદ" નામના પ્રકરણમાં પહેલી આગમ વાચનાની વિગત.)

બીજું શ્રુતકેવળી ભદ્રબાહુના શિષ્યો તામ્રલિપ્તિ અને પુંડ્રવર્ધનમાં ચિરકાળ રહેલા એ હકીકત પણ બતાવે છે કે શ્રુતકેવળી ભદ્રબાહુ તથા તેમનો સમુદાય દુર્ભિક્ષના સમયમાં પૂર્વ દેશને છોડીને બીજે કયાંય ગયા ન હતા.

શ્રુતકેવળી ભદ્રબાહુના શિષ્ય ગોદાસથી નીકળેલ ગોદાસગણની ચાર શાખાઓ હતી. એ કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં બતાવેલું છે.

તેમાં પહેલી શાખા 'તામલિત્તિયા'ની ઉત્પત્તિ વંગ દેશની તે સમયની રાજધાની તામલિત્તી અથવા તામ્રલિપ્તિથી થઈ હતી. તામ્ર-લિપ્ત એ દક્ષિણ બંગાલનું પ્રસિદ્ધ બંદર હતું.

બીજી શાખા 'કોડીવરિસિયા'ની ઉત્પત્તિ કોટિવર્ષ નગરમાં થ હતી. આ નગર રાઢ દેશ (હાલનો મુર્શિદાબાદ જિલ્લો—પશ્ચિમી બંગાલ)ની રાજધાની હતું.

ત્રીજી શાખા 'પુંડ બદ્ધણિયા' હતી તે પુંડ્રવર્ધન (ઉત્તર બંગાળની રાજધાની)થી ઉત્પન્ન થઈ હતી. બોગરા જિલ્લામાં જમાલગંજ સ્ટેશનથી ૩ માઈલ દૂર પહાડપુર ગામ છે. તે જુનુ પુડવર્ધન છે.

આ ત્રણેય શાખાઓના ઉત્પત્તિસ્થાન પૂર્વ સમુદ્ર તથા ગંગા નદીની નજીકના બંગાળમાં હતા. અને તેમાં અધિક સમય નિવાસ કરવાને કારણે ગોદાસગણના સાધુ સમુદાયની શાખાઓ એ સ્થાનોના નામથી પ્રસિદ્ધ થઈ હતી.

આથી એ વાત નિશ્ચિત છે કે દુકાળના સમયમાં ભદ્રબાહુ તથા તેમનો સાધુ સમુદાય બંગાળમાં જ્યાં વરસાદ સારો થવાથી દુકાળની ખરાબ અસર ન હતી ત્યાં રહેલા હતા.

શ્રુતકેવળી ભદ્રબાહુ દક્ષિણમાં જવાની કથા દિગંબર ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે **તે સર્વ કથા વિક્રમની દશમી સદી પછીની લખેલી છે.** દક્ષિણ જવાવાળા ભદ્રબાહુ વિક્રમની છઠ્ઠી સદીના આચાર્ય હતા. એ વાત શ્રવણ બેલગોલના **પાર્શ્વનાથ-વસ્તિના** લગભગ શક સંવત ૫૨૨ માં લખેલા શિલાલેખ ઉપરથી તેમ જ દિગંબર સંપ્રદાયના દર્શનસાર, ભાવસંગ્રહ વગેરે ગ્રંથો ઉપરથી સિદ્ધ થઈ ચૂકી છે.

એટલે શ્રુતકેવળી ભદ્રબાહુના નાતે દિગંબર સંપ્રદાયની પ્રાચીનતા વિષયક વિદ્વાનોના અભિપ્રાય

નિર્મૂળ થઈ જાય છે. અને નિશ્ચિત થાય છે કે શ્રુતકેવળી ભદ્રબાહુના વૃતાંત સાથે દિગંબર સંપ્રદાયનો કંઈ પણ સંબંધ નહોતો, દિગંબર લેખકોએ જે જે વાત શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી છે તે સર્વ ખરી રીતે બીજા જ્યોતિષી ભદ્રબાહુ સાથે સંબંધ ધરાવે છે.

દિગંબર ગ્રંથકારો શ્રુતકેવળી ભદ્રબાહુનો ઉજ્જૈનમાં સ્વર્ગવાસ થયો માને છે.

દિગંબર આચાર્ય હરિષેણ સૂરિએ 'બૃહત્ કથાકોષ' વિક્રમ સં. ૯૮૯ માં રચેલો છે. તેમાં કથા ૧૩૧ માં લખ્યું છે કે—

> अहमत्रैव तिष्ठामि, क्षीणमायुर्ममाऽधुनां ॥ ३७ ॥
> प्राप्य भाद्रपदं देशं श्रीमदुज्जयिनी सम्भवम् ॥ ४३ ॥
> समाधिमहणं प्राप्य, भद्रबाहुः दिवं ययौ ॥ ४४ ॥

એટલે કે—ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામી દક્ષિણમાં ગયા જ નથી પણ **ઉજ્જૈન પાસેના પ્રદેશમાં અનશન લઇ સ્વર્ગવાસી બન્યા હતા.**

દિગંબર લેખક બ્ર. નેમિદત્તજી તેમના "આરાધના કથા કોષ"ની કથા ૬૧ માં લખે છે કે—

> उज्जयिन्यां सुधीर्भद्रः वटवृक्षसमीपके ।
> क्षुत्पिपासादिकं जित्वा, संन्यासेन समन्वितः ॥ १६ ॥
> स्वामी समाधिना मृत्वा सम्प्राप्तः स्वर्गमुत्तमम् ॥ २७ ॥

એટલે શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી ઉજ્જયિનીના ઉદ્યાનમાં વડના

વૃક્ષ સમીપમાં રહીને ક્ષુધા પિપાસાદિ જીતીને અનશન કરીને સમાધિથી મૃત્યુ પામીને સ્વર્ગવાસી થયા હતા.

આ ઉપરથી પણ નક્કી થાય છે કે **દિગંબર સંપ્રદાયના પૂર્વના લેખકો પણ શ્રુતકેવળી ભદ્રબાહુને દક્ષિણમાં ગયેલા માનતા નથી પણ ઉજ્જયિનીમાં સ્વર્ગવાસ પામેલા માને છે.**

બીજા ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત

સંભવ છે કે ગુપ્તોના સમયમાં ચંદ્રગુપ્ત નામના કોઈ ગુપ્તવંશીય રાજાએ વરાહમિહિરના ભાઈ ભદ્રબાહુ નામના જૈન આચાર્યની પાસે જૈનદીક્ષા લીધી હોય. અને તે વાતને પાછળના લેખકોએ અવિવેકથી શ્રુતકેવળી ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તના નામ સાથે જોડી દીધી હોય.

ચંદ્રગુપ્તને લઈને ભદ્રબાહુના દક્ષિણાપથ તરફ જવાની વાત પણ એ જ બતાવે છે કે એ ભદ્રબાહુ તે પ્રતિષ્ઠાનપુરના જ્યોતિષી વરાહમિહિરના ભાઈ બીજા ભદ્રબાહુ જ હતા.

શ્વેતાંબર જૈન ગ્રંથોમાં ભદ્રબાહુને જ્યોતિષી વરાહમિહિરના ભાઈ લખેલા છે. જુઓ **કલ્પ કિરણાવલી ૧૬૩** માં લખ્યું છે કે—

> प्रतिष्ठानपुरे वराहमिहिर भद्रबाहु द्विजौ बांधवौ प्रव्रजितौ। भद्रबाहोराचार्य पददाने रुष्टः सन वराहो द्विजवेषमादाय वाराहिसंहितां कृत्वा निमित्तैर्जीवति.

> અર્થ—પ્રતિષ્ઠાનપુરમાં વરાહમિહિર તથા ભદ્રબાહુ નામના બે દ્વિજ (બ્રાહ્મણ) બંધુઓએ દીક્ષા લીધી હતી. ભદ્રબાહુને આચાર્ય પદવી આપવાથી વરાહમિહિરને રોષ આવ્યો તેથી તેણે દીક્ષા છોડીને દ્વિજવેશ ધારણ કર્યો અને વારાહિસંહિતા બનાવીને નૈમિત્તિક તરીકે જીવન ગાળવા લાગ્યો.

પરંતુ શ્વેતાંબર લેખક આ ભદ્રબાહુને શ્રુતકેવળી કહે છે તે બરાબર નથી. કારણ કે જ્યોતિષી વરાહમિહિર શક સંવત ૪૨૭ (વીર

નિર્વાણ ૧૦૩૨) માં વિદ્યમાન હતા એમ **પંચસિદ્ધાંતિકામાં** બતાવેલું છે. જ્યારે વરાહમિહિરનું અસ્તિત્વ વીર નિર્માણ સંવત ૧૦૩૨ માં નિશ્ચિત છે ત્યારે તેમના ભાઈ શ્રુતકેવળી ભદ્રબાહુ હોઈ શકે નહિ.

વસ્તુતઃ શ્રુતકેવળી ભદ્રબાહુ તથા વરાહમિહિરના ભાઈ ભદ્રબાહુ એ બંને ભિન્ન ભિન્ન વ્યક્તિ હતા.

દિગંબરાચાર્યોએ એ બંનેને ભિન્ન માન્યા છે પરંતુ જ્યોતિષી ભદ્રબાહુને તેઓ વિક્રમની પહેલી સદીમાં થયેલા માને છે. એ ભૂલ છે.

વરાહમિહિરનો જે સમય છે એ જ આ બીજા ભદ્રબાહુનો સમય હોવો જોઈએ.

દિગંબર ગ્રંથોમાં બીજા ભદ્રબાહુને 'ચરમ નિમિત્તધાર' લખેલા છે તેમજ શ્વેતાંબર જૈન ગ્રંથોમાં પણ બીજા ભદ્રબાહુને 'નિમિત્તવેત્તા' અને 'ભદ્રબાહુ સંહિતા નામના ગ્રંથના પ્રણેતા' લખેલા છે. **પણ આ પ્રતિષ્ઠાનપુર નિવાસી વરાહમિહિરના ભાઇ ભદ્રબાહુને શ્રુત-કેવળી ભદ્રબાહુથી ભિન્ન નથી માન્યા. એ એક ચિરકાલીન ભૂલ કહી શકાય છે.**

વરાહમિહિરના ભાઈ ભદ્રબાહુ વિક્રમની પાંચમી સદીના અંત અને છઠ્ઠી સદીની શરૂઆતના વિદ્વાન હતા. લગભગ એ સમયે હરિગુપ્ત નામના કોઈ ગુપ્તરાજવંશી વ્યકિતએ જેમ શ્વેતાંબર સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી તેમ જ ચંદ્રગુપ્ત નામના રાજવંશી પુરુષે પણ આ ભદ્રબાહુની પાસે દીક્ષા અંગીકાર કરી હશે. અને નવદીક્ષિત ચંદ્રગુપ્તને લઈને એ આચાર્ય દક્ષિણાપથ તરફ ગયા હશે.

ભદ્રબાહુના દક્ષિણમાં જવા સંબંધીની ઘટના વિક્રમની છઠ્ઠી સદીના પહેલા ચરણમાં બની હતી. તે સમયે ઉત્તર ભારતવર્ષમાં ભયંકર દુકાળ પડ્યો હતો અને સુકાળ થયા પછી સૌરાષ્ટ્રમાં વલભીમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં શ્વેતાંબર શ્રમણસંઘનું એક ભારે મોટું

સમેલન થયું હતું. અને તેમાં માથુરી તથા વાલભી વાચનાઓનું એકીકરણ તથા પુસ્તકલેખન સંબંધી ચિરસ્મરણીય કાર્યસંપન્ન થયું હતું.

બીજા ભદ્રબાહુની દક્ષિણમાં જવાની અર્વાચીન ઘટનાને શ્રુતકેવળી ભદ્રબાહુના નામની સાથે જોડી દઈને દિગંબર લેખકોએ તેમના સંપ્રદાયની પ્રાચીનતા ઠરાવવાની ચેષ્ટા કરેલ છે. પરંતુ તેમણે ધ્યાનમાં રાખવું જોઈએ છે કે દિગંબરોના જ લેખોથી એ ઘટના બીજા ભદ્રબાહુ સબંધીની હોવાનું સિદ્ધ થાય છે.

બાહુબળી ચરિત્ર
રાજાવલી કથા

ગોમટેશ્વર તીર્થના સંબધમાં દિગંબર ઇતિહાસકાર કહે છે કે—

આ સ્થાન પ્રાચીન કાળમાં તીર્થરૂપે હતું. પરંતુ સમય જતાં તે ભૂલાવા લાગ્યું. તેનો માર્ગ કઠિન હતો. એટલે લોકોની અવરજવર ત્યાં થતી ન હતી. દક્ષિણ મથુરાના ગંગ વંશી રાજા રાયમલના મંત્રી ચામુંડરાયે અહીં આવી આ તીર્થ પ્રગટ કર્યું. ઘણા સમય સુધી ચારે બાજુ ચોકી પહેરો મૂકી માણસોની અવર જવર રોકીને આ મૂર્તિને ઘટતો સંસ્કાર આપી શક સં. ૯૦૦ માં તેની પ્રતિષ્ઠા કરી તેનું ગોમટેશ્વર નામ રાખવામાં આવ્યું અને તે મૂર્તિના બંને પગ પાસે શ્રી चामुंडराजं माडिसिद्धं એટલે શ્રી ચામુંડરાજે નિર્માણ કરાવી તથા શ્રી चामुंडराजे करविपले એટલે શ્રી ચામુંડરાજે બનાવરાવી એવા શિલાલેખો છે.

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે એ તીર્થ પ્રાચીન છે પણ તે મૂર્તિ અને તેનું નામ અર્વાચીન છે. કારણ કે તે શક સં. ૯૯૦ એટલે

વિક્રમ સ. ૧૦૩૪-૩૫ માં બનેલું છે. અથવા વિક્રમની અગીઆરમી સદીમાં બનેલું છે.

બીજા ભદ્રબાહુ સ્વામી દક્ષિણમાં ગયેલા અને અહીં સ્વર્ગે ગયેલા તે વિક્રમની છઠી સદીમાં બનેલું છે. એટલે ત્યારથી તે પર્વત તીર્થરૂપે ગણાયેલો પણ પાછળથી તે તીર્થ ભૂલી જવાવા લાગ્યું. અને તેથી પાંચસો વર્ષ પછી ચામુંડરાયે તે તીર્થનો પુનરૂદ્ધાર કર્યો.

પાંચસો વર્ષમાં તીર્થ ભૂલી જવાયું હતું તેમ નામ પણ ભૂલી જવાયું હતું એટલે બીજા ભદ્રબાહુને બદલે તે પહેલા શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી દીધું. અને ચામુંડરાયે તીર્થોદ્ધાર કર્યો તે વખતે શ્રુતકેવળીના નામે તે તીર્થ ચડી ગયેલું.

અને કોઈએ ભદ્રબાહુના નામનો પાછલો અરધો ભાગ જ યાદ રાખી તેને બાહુબળીનું નામ આપી દીધું. બાકી બાહુબળીજી તો દક્ષિણમાં પધારેલા જ નહોતા. એ તો ઐતિહાસિક વાત છે.

પ્રકરણ વીશમું

શ્રી કુંદકુંદાચાર્ય

શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથ, ગુરુ, સમય. વિદેહગમન વગેરેની વિગતો અને સમીક્ષા

*

જેનામાં જે ગુણ હોય તેની પ્રશંસા કરવી તે ધર્મ છે, પણ જેનામાં જે ગુણ ન હોય તેવા ગુણનું તેનામાં આરોપણ કરવું તે ધર્મ નથી

*

દિગંબર સંપ્રદાયમાં શ્રી કુંદકુંદાચાર્ય નામના એક મહાન પ્રભાવક આચાર્ય થઇ ગયા. તેમનું મૂળ નામ પદ્મનંદી હતું પરંતુ કૌંડકુંડ (કુંદકુંદ) ગામના હોવાથી કુંદકુંદ નામથી વિશેષ પ્રસિદ્ધ થયા હતા.

શ્રી કુંદકુંદાચાર્યના માતા પિતા વગેરે સંબંધી કાંઈ પણ ચોકકસ માહિતી મળી શકતી નથી. કથાના પુસ્તકોમાં તેમના જીવન સંબંધી જુદી જુદી વાતો પ્રસિદ્ધ થયેલી છે. પરંતુ તે બધી એકબીજાથી તદ્દન ઊલટી અથવા જુદી અને કોઈ પણ જાતના આધાર વિનાની હોઈ તદ્દન અવિશ્વસનીય છે.

શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથો

તેમણે પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો રચ્યા છે અને તેનાં નામ નીચે પ્રમાણે છે—

૧. સમયસાર	૭. શીલ પ્રાભૃત	૧૩. રયણુસાર
૨. પ્રવચનસાર	૮. બોધ પ્રાભૃત	૧૪. દ્વાદશાનુપ્રેક્ષા
૩. નિયમસાર	૯. ભાવ પ્રાભૃત	૧૫. દશ ભક્તિ
૪. પંચાસ્તિકાય	૧૦. મોક્ષ પ્રાભૃત	૧૬. મૂળાચાર
૫. દર્શન પ્રાભૃત	૧૧. સૂત્ર પ્રાભૃત	૧૭. પરિકર્મ
૬. ચારિત્ર પ્રાભૃત	૧૨. લિંગ પ્રાભૃત	

પ્રાભૃત એ સંસ્કૃત શબ્દ છે. પ્રાકૃતમાં તે પાહુડ કહેવાય છે. જેમકે દર્શન પાહુડ વગેરે.

પરિકર્મ વિચ્છેદ ગયેલ છે. બાકીના ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે. તેમના ત્રણ ખરા ગ્રંથોની પ્રાકૃત ગાથાઓનો સંસ્કૃતમાં અનુવાદ થયેલો છે. તેમજ મુખ્ય ગ્રંથો ઉપર ટીકા પણ લખાઈ છે. તેમાં ખાસ કરીને શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકાઓ ઉત્તમ છે. અને તેમની ટીકાઓથી જ કુંદકુંદાચાર્યના ગ્રંથો ઘણી વિશેષ પ્રસિદ્ધિ પામી શક્યા છે.

તેમના લગભગ બધા પુસ્તકો તથા ટીકાઓના હિંદીમાં અનુવાદ પ્રસિદ્ધ થઈ ચૂકયા છે. અને પહેલા ચાર પુસ્તકના તેની ટીકા સહિત ગુજરાતીમાં પણ અનુવાદ પ્રસિદ્ધ થયેલા છે.

સમયસાર ગ્રંથની શ્રેષ્ઠતા

શ્રી કુંદકુંદાચાર્યના બધા ગ્રંથોમાં સમયસાર ગ્રંથ સૌથી શ્રેષ્ઠ છે. તેમણે **બીજું કાંઈ પણ લખ્યું ન હોત અને આ એક સમયસાર ગ્રંથ જ લખ્યો હોત તો પણ શ્રી કુંદકુંદાચાર્યની વિદ્વત્તા એટલી જ અંકાત એમ હું માનું છું. કારણ કે સમયસાર એ અજોડ અને અસાંપ્રદાયિક ગ્રંથ છે.**

સમયસાર એ નિશ્ચય નયથી પ્રતિપાદન કરતો **મૌલિક તાત્ત્વિક ગ્રંથ** છે અને એવો ગ્રંથ તેમની પહેલાં કે તેમની પછી હજુ સુધી કોઈ લખી શકયું નથી તે પણ તેમની મહત્તા પૂરવાર કરે છે.

એટલું ખરૂં કે સમયસાર ગ્રંથ ઉચ્ચ કોટિના જીવને જ ખાસ ઉપયોગી છે અને અપાત્રના અથવા અનધિકારીના હાથમાં જતાં તે ઊલટી રીતે પરિણમે તેવું છે. પરંતુ તેથી તે ગ્રંથની મહત્તા ઘટતી નથી પણ વધે છે. ફકત સમજદાર જીવોએ તે ગ્રંથ ધ્યાનપૂર્વક સમજીને તેનો અભ્યાસ કરવો ઘટે.

પરમાગમ કહેવાનું કારણ

ઉપરના ગ્રંથોની નામાવલિ ઉપરથી જ વાંચક જોઈ શકશે કે કુંદકુંદાચાર્યે ધર્મને લગતા લગભગ દરેક વિષય ઉપર લખેલ છે. અને દિગંબર સંપ્રદાયમાં તેમનું ખાસ મહત્ત્વ છે તે એટલે સુધી કે દિગંબર સંપ્રદાયમાં તેમની પહેલા થઈ ગયેલાં આચાર્યોના ગ્રંથોને છોડીને શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથોને પરમાગમ તરીકે ગણવામાં આવે છે.

તેનું કારણ એ છે કે **શ્રી કુંદકુંદાચાર્યે તેમના આ ગ્રંથોમાં દિગંબર સંપ્રદાયની મૂળ માન્યતાઓને ફેરવીને તેને નવું મૂર્ત અને ચોક્કસ સ્વરૂપ આપ્યું** છે કે જેવું સ્વરૂપ તેમની પહેલાંના આચાર્યોના ગ્રંથોમાં દેખાતું નથી.

વીર સં. ૬૦૬ અથવા ૬૦૯ માં (વિક્રમની બીજી સદીમાં) જૈન ધર્મમાં બે પક્ષ પડ્યા તે (૧) શ્વેતાંબર અને (૨) દિગંબર. તે વખતે સાધુના નગ્નત્વ કે વસ્ત્રધારણ માટેનો જ મતભેદ હતો.

વિક્રમની પાંચમી છઠ્ઠી સદીમાં દિગંબર સાધુઓમાં પણ ચૈત્યવાસની અસર થઈ અને તેઓ રાજાઓ પાસેથી ભૂમિદાન લેવા લાગ્યા. શ્રી કુંદકુંદાચાર્ય જેવા ત્યાગી મુનિને એ શિથિલતા સારી ન લાગી અને તેમણે માત્ર સ્થૂળ પરિગ્રહનો જ નહિ પણ તેમના વખત સુધી તેમના સંપ્રદાયમાં જે આપવાદિક લિંગના નામથી વસ્ત્રપાત્રની છૂટ હતી તેનો પણ નિષેધ કર્યો.

સ્ત્રી મુક્તિ, કેવળી ભુક્તિ વગેરે વિષયો પહેલવહેલા કુંદકુંદાચાર્યે પ્રરૂપિત કર્યાં. જેમ એક જૂઠાણું બીજા અનેક જૂઠાણાં ઉત્પન્ન

કરે છે તેવી જ રીતે એક બાબતનો (નગ્નત્વનો) એકાંત આગ્રહ બીજા અનેક મતભેદો ઉત્પન્ન કરે તે સ્વાભાવિક છે. તેથી સ્ત્રીમુક્તિ વગેરે અનેક નવા ભેદો ઉત્પન્ન થયા.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ ૯૦૦ થી ૧૦૦૦ વર્ષે થયેલા શ્રી કુંદકુંદાચાર્યે ભગવાનના શ્રીમુખેથી કશું સાંભળેલું નહોતું. છતાં તેમણે તેમના ગ્રંથોમાં કહી દીધું કે "ભગવાને કહ્યું તેમ જ કહું છું." અને વિદ્વાન તપસ્વી આચાર્યના એ શબ્દોની જાદુઈ અસર થઈ. તેમનાં વચનો પ્રમાણ મનાયા. અને તેમના ગ્રંથો પરમ આગમ તરીકે ગણાયા.

કુંદકુંદાચાર્યે શ્રુત પરંપરાથી સાંભળેલું તેથી તેમાં સત્યાસત્યનું મિશ્રણ થયું હોય જ છતાં તે સર્વ ભગવાનના નામે ચડાવી દીધું !

પરિકર્મ તે ષટ્ખંડાગમના પહેલા ત્રણ ખંડ ઉપર બાર હજાર શ્લોક પરિમાણ શ્રી કુંદકુંદાચાર્યે પરિકર્મ નામની ટીકા લખી હતી. પરંતુ તે હાલ વિચ્છેદ ગઈ છે.

દશભક્તિનો પ્રાકૃત ગદ્ય ભાગ જ શ્રી કુંદકુંદાચાર્યનો બનાવેલો છે.

મૂળાચાર વટ્ટકેર કૃત કહેવાતું હતુ. પણ વટ્ટકેર નામના કોઈ આચાર્ય થયા નથી. વટ્ટકેરનો અર્થ વૃત્તિકાર થાય છે. શ્રી કુંદકુંદાચાર્યે પરિકર્મવૃત્તિ લખી હતી તેથી તેમને વૃત્તિકાર તરીકે જણાવેલા હતા. એટલે કે **મૂળાચાર તે વૃત્તિકાર શ્રી કુંદકુંદાચાર્યનો બનાવેલ છે.** એમ મૂળાચાર ગ્રંથની પ્રસ્તાવનામાં વિગતથી બતાવેલું છે.

પં. શ્રી કલ્યાણવિજયજીએ કરેલી મૂળાચાર ગ્રંથની સમાલોચના

પન્યાસ શ્રી કલ્યાણવિજયજી મહારાજે મૂળાચાર ગ્રંથની કંઇક વિસ્તૃત સમાલોચના લખી છે તે ખાસ ઉપયોગી હોવાથી વાંચકની જાણ માટે અત્રે ઉધ્ધૃત કરી છે.

પંન્યાસ શ્રી કલ્યાણવિજય મહારાજે મૂળાચાર ગ્રંથ સંબંધમાં લખ્યું છે કે **આ મૂળાચાર ગ્રંથ એક સંગ્રહ ગ્રંથ છે.** તેના 'પંચાચાર' અધિકારમાં કુલ ૨૨૨ ગાથા છે તેમાંની ૬૦ ગાથાઓ અક્ષરશઃ ભગવતી આરાધના ગ્રંથમાંથી લીધેલી છે. કેટલીક શ્વેતાંબર આગમોમાંથી લીધેલી છે અને કેટલીક ગ્રંથકારની સ્વનિર્મિત છે.

તેના 'સામાચારાધિકાર'માં કેટલીક ગાથાઓ ભગવતી આરાધનાની છે, કેટલીક શ્વેતાંબર સંપ્રદાયના આવશ્યક નિર્યુક્તિ ગ્રંથની અને કેટલીક સ્વનિર્મિત છે.

'પિંડવિશુદ્ધિ અધિકાર'માં મૌલિક ગાથાઓ શ્વેતાંબર સંપ્રદાયના પિંડનિર્યુક્તિ ગ્રંથની છે. જો કે તેમાં ક્યાંક ક્યાંક તેની વ્યાખ્યા કુંદકુંદાચાર્યે પોતાના સંપ્રદાય અનુસાર બદલી નાખી છે.

'પર્યાપ્તિ અધિકાર'માં ક્યાંક ક્યાંક આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ દૃષ્ટિગોચર થાય છે. બન્ને 'પ્રત્યાખ્યાન સંસ્તાર સ્તવાધિકારો'માં શ્વેતાંબરીય 'પયન્ના'ની અનેક ગાથાઓ જેમની તેમ સંગ્રહવામાં આવી છે.

'સમયસારાધિકાર'માં આવશ્યક નિર્યુક્તિ તથા દશવૈકાલિક સૂત્રની ગાથાઓ ઉપલબ્ધ છે.

'ષડ્ આવશ્યક અધિકાર'માં શ્વેતાંબરીય આવશ્યક નિર્યુક્તિનો જ સંક્ષિપ્ત સંગ્રહ છે. તેમાં કુલ ૧૯૩ ગાથાઓ છે. તેમાંની ૭૭ ગાથાઓ આવશ્યક નિર્યુક્તિની છે અને ૮ ગાથા આવશ્યક ભાષ્યની છે. એમાં ૧૫–૨૦ ગાથાઓ કંઈક વિકૃત કરી દીધી છે. અને જ્યાં સાંપ્રદાયિક મતભેદ હતો ત્યાં ગાથાને પોતાની માન્યતાને અનુકૂળ બનાવી દીધી છે. બાકીની ગાથાઓ આવશ્યક નિર્યુક્તિ તથા ભાષ્યનો સંક્ષિપ્ત સાર લઈને સ્વતંત્ર રીતે નિર્માણ કરી છે પરંતુ સામાન્ય રૂપથી એ સર્વની ઉપર શૌરસેનીની અસર જણાવવા માટે 'ત'ના સ્થાન ઉપર અવશ્ય 'દ' મૂકી દીધો છે.

મૂળાચારની રચના થઈ તેના ઘણા સમય પહેલાં જૈન આગમો લખાઈ ચૂકયા હતા. તેથી ગ્રંથકારને કેટલાક શ્વેતાંબર આગમો તો મળી ગયા પણ પરંપરાગત અર્થ આમ્નાય મળેલ નહિ તેથી કેટલાક પ્રકરણ તથા પરિભાષાઓ કલ્પનાબળથી સમજવાની ચેષ્ટા કરવી પડી. તેમાં કેટલીક જગ્યાએ સફળતા મળી નહિ. ઉદાહરણ તરીકે 'સમાચારી' પ્રકરણ લઈએ.

પ્રાચીન શબ્દ 'સમાચારી'નો વાસ્તવિક અર્થ નહિ સમજવાના કારણે તેના સ્થાન પર કુંદકુંદાચાર્યે 'સામાચાર' શબ્દ યોજ્યો છે અને તેના પ્રતિપાદનને માટે કઈક ફેરફારની સાથે આવશ્યક નિર્યુક્તિની નીચેની ગાથાઓ લખી નાખી—

" इच्छामिच्छाकारो तधाकारो य आसिआ णिसिही ।
आपुच्छा पडिपुच्छा छंदण सनिमंतणा य उवसंपा ॥ १२५ ॥

इट्टे इच्छाकारो मिच्छाकारो तहेव अवराहे ।
पडिमुणणह्मि तहत्ति य णिग्गमणे आसिआ भणिआ ॥ १२६ ॥

पविसंते य णिसीही आपुच्छणिया सकज्ज आरंभे ।
साधम्मिणा य गुरुणा पुव्वणिसिद्धंमि पडिपुच्छा ॥ १२७ ॥

छंदण गहिदे दव्वे अगहिददव्वे णिमंतणा भणिया ।
तुह्ममहं ति गुरुकुले आदणिसग्गो दु उवसंपा ॥ १२८ ॥

આમાં ૧૨૫ મી ગાથા આવશ્યક નિર્યુક્તિની ગાથા ૬૬૬ તથા ૬૬૭ ના પ્રથમ ચરણનો સંક્ષેપ છે. અને તે પછીની ૧૨૬, ૧૨૭, ૧૨૮ એ ત્રણ વિવરણ ગાથાઓમાં કોઈકમાં તો આવશ્યક નિર્યુક્તિનું અનુસરણ છે અને કોઈક સ્વતંત્ર છે. સ્વતંત્રતા આવવાનું કારણ કાંઈક સાંપ્રદાયિકતા અને કાંઈક આમ્નાયની અજ્ઞાનતા છે.

સામાચારિનો પહેલો ભેદ "ઈચ્છાકાર"નો પારિભાષિક અર્થ એ છે કે સાધુ પોતાનું કામ કરવાનું બીજા કોઈ સાધુને કહે તો 'ઇચ્છા

કારેણ (તમારી ઇચ્છા હોય તો) અમુક કાર્ય કરો.' એવો શબ્દ પ્રયોગ કરે પણ આદેશનાં રૂપમાં કોઈને હુકમ ન કરે.

આચાર્ય વટ્ટકેર એટલે કુંદકુંદાચાર્ય આ ભાવને સમજ્યા જ નથી અથવા સમજ્યા હોય તો જાણીબુઝીને તેમણે તેનો અર્થ બદલી દીધો છે. કારણ કે નગ્ન, કરપાત્ર તથા નિષ્પ્રતિકર્મ સાધુને એવું કોઈ કાર્ય હોતું નથી કે જે બીજા સાધુ પાસે કરાવવું પડે.

એવા વિચારથી તેમણે 'ઇચ્છાકાર'નો અર્થ કર્યો 'ઇટ્ઠે ઇચ્છાકારો' એટલે કે ઇષ્ટનું કાર્ય કરવાની ઇચ્છા. પરતુ એટલું ય ન વિચાર્યું કે—'ઇચ્છા' એ સામાચારી અથવા સામાચારનું કાર્ય કેમ હોઈ શકે?

શુભ કાર્ય કરવાની ઇચ્છા કરવી એ જીવમાત્રનું કર્તવ્ય છે. એવા સર્વસાધારણ માનસિક વિચાર માત્રને 'સાધુ સામાચાર કહેવો એમાં કાંઈ અર્થ રહેતો નથી.

એ જ પ્રમાણે 'આવસિયા' શબ્દને બગાડીને 'આસિયા' બનાવી દીધો. તેના અર્થની કંઈ જ સંગતિ થતી નથી.

'છંદણ' તથા 'નિમન્તણા'ના અર્થ મૂળ ગાથામાં બિલકુલ અસ્પષ્ટ છે. 'છંદણ ગહિદે દવ્વે અગહિદ દવ્વે ણિમંતણા' એ પ્રમાણે મૂળ ગાથાના શબ્દ છે. તેનો અર્થ—ગ્રહણ કરેલા દ્રવ્યમાં છંદના અને અગ્રહીત દ્રવ્યમાં નિમત્રણા એમ અર્થ થાય છે. પરંતુ એ શબ્દોથી કોઈ વિશિષ્ટ અર્થ નીકળતો નથી. આગળ ઉપર તેમણે કંઈક સ્પષ્ટીકરણ જરૂર કર્યું છે પણ ત્યાંય અર્થની સંગતિ થતી નથી.

સામાન્ય રીતે બન્ને પરિભાષાઓના અર્થ બગાડી નાખ્યા છે. તેમાં પણ નિમંત્રણનો અર્થ એકદમ ખરાબ કરી નાખ્યો છે. તેના વિવરણ માટેની ગાથા આ પ્રમાણે છે—

गुरु साहम्मियदव्वं, पुत्थयमण्णं च गेण्हिदुं इच्छे ।
ते सिं विणयेण पुणो णिमंतणा होइ कायव्वा ॥ १३८ ॥

અર્થ—ગુરુ તથા સાધર્મિક સંબંધી પુસ્તક અથવા બીજો કોઈ પદાર્થ ગ્રહણ કરવા ચાહે તો તેને વિનયપૂર્વક નિમંત્રણ કરવું જોઈએ.

જુઓ. કેવી અર્થ સંગતિ બગાડી દીધી છે! કોઈ પણ પદાર્થ આપવા માટે પહેલાં તેમને જે પ્રાર્થના કરવામાં આવે તેનુ નામ નિમંત્રણ છે. પણ યાચનાને નિમંત્રણ કહેવાતું નથી. ટીકાકારે નિમંત્રણનો અર્થ 'યાચના' કરીને અર્થની સંગતિ કરવાની ચેષ્ટા કરી છે પરંતુ નિમંત્રણ શબ્દનો એવો અર્થ કરવો એમાં જરા પણ પ્રમાણિકતા નથી.

આહાર પાણી આદિ શ્રમણોપયોગી પદાર્થ લાવીને 'આમાંથી આપની ઇચ્છા હોય તે લીઓ' એ પ્રમાણે બીજા સાધુને પ્રાર્થના કરવી તેને '**છંદના**' કહે છે. તથા આહાર પાણી લેવા જતી વખતે 'આપના માટે હું લાવીશ' એમ બીજા સાધુને નોતરું આપવું તેનુ નામ '**નિમંત્રણ**' છે.

પરંતુ દિગંબરાચાર્ય આ પરિભાષાઓના ભાવ જાણતા નહોતા અને કલ્પનાબળથી જે કંઈ અર્થ સૂઝ્યો તે લખી દીધો.

શ્વેતાંબર આગમોમાં (૧) ઓઘ સામાચારી (૨) દશવિધ સામાચારી અને (૩) પદવિભાગ સામાચારી એમ સામાચારીના ત્રણ ભેદ કહેલા છે. ઓઘ નિર્યુક્તિમાં જે સામાચારીનું નિરૂપણ છે તે ઓઘસામાચારી. ઇચ્છામિચ્છા આદિ દશવિધ સમાચારી (એને ચક્રવાલ સમાચારી પણ કહે છે.) અને કલ્પ વ્યવહાર આદિ છેદ સૂત્રોક્ત આચારને પદ વિભાગ સમાચારી કહે છે.

જો કે વટ્ટકેર (કુંદકુંદ)ની પાસે આવશ્યક નિર્યુક્તિ વિદ્યમાન હતી અને તેમાં 'ત્રિવિધ સમાચારી'નો ઉલ્લેખ પણ હતો. પણ ત્યાં દશવિધ સામાચારી સિવાય બીજી સામાચારીઓનું કંઈ પણ વર્ણન નહોતું. તેથી દશવિધ સામાચારીના નામ નિર્દેશની પછી નિર્યુક્તિકારે કહ્યું છે કે—ए ए सिं तु पयाणं पत्तेयं परुवणं वोच्छं એટલે કે આ

પ્રત્યેક પદનું નિરૂપણ કરીશ. આ 'પ્રત્યેક પદ' શબ્દપ્રયોગથી તેમણે **એ જ દશ પદોના વિવરણને 'પદ વિભાગ સામાચારી' માની લીધી. પરંતુ તેથી સમાચારીના ત્રણ ભેદ પૂરા થયા નહિ તેથી ત્રિવિધ સામાચારીને બદલે બે જ પ્રકારના જ સમાચાર માનીને રહી ગયા.**

એ પ્રમાણે પ્રકરણોની અપૂર્ણતા, પરિભાષાઓની અનભિજ્ઞતા તથા અર્થની અસંગતિયોનો વિચાર કરવાથી એ વાત લગભગ નિશ્ચિત થઈ જાય છે કે દિગંબર આચાર્યે દશવિધ સામાચારીની મૌલિક વાતો શ્વેતાંબર સંપ્રદાયની આવશ્યક નિર્યુકિતઓમાંથી લીધેલી છે અને તેની વ્યાખ્યા કરતી વખતે અર્થ બદલવાની ચેષ્ટા કરી છે પણ તેમાં સફળ થયા નથી. ઉપરના સંક્ષિપ્ત વિવરણથી જાણવામાં આવી ગયુ હશે કે, **મૂળાચારની રચના દશવૈકાલિક, મહા પચ્ચક્ખાણ આદિ પયન્ના, આવશ્યક નિર્યુક્તિ તથા આવશ્યક ભાષ્ય આદિ અનેક શ્વેતાંબર સંપ્રદાયના આગમ તેમજ ભગવતી આરાધના આદિ કેટલાક દિગંબર સંપ્રદાયના ગ્રંથોના આધાર ઉપર થયેલ છે.**

આ સંબંધમાં કોઈને શંકા ન રહે માટે જણાવવાનુ કે શ્વેતાંબર સંપ્રદાયના છેદ સૂત્રો, આવશ્યક ભાષ્ય વગેરેની ગાથાઓના મૂળાચારમાં ઉપયોગ કરવામાં આવ્યો છે તે છેદ સૂત્રો ભાષ્યો વગેરે શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાયો છૂટા પડ્યા પછી લાંબે વખતે શ્વેતાંબર આચાર્યોએ બનાવેલા છે. એટલે કે શ્વેતાંબર દિગંબર છૂટા પડ્યા પહેલાંના એ ગ્રંથો નથી.

વટ્ટકેર (કુંદકુંદ) સામાયિક નિર્યુકિતને આચાર્ય પરંપરાગત બતાવે છે. પરંતુ દિગંબરોમાં વટ્ટકેરની પહેલાંની કોઈ પણ આવશ્યક નિર્યુકિત નહોતી. એથી ઊલટુ શ્વેતાંબર પરંપરામાં 'મહાપચ્ચક્ખાણ' આદિ અનેક અતિ પ્રાચીન આરાધના વિષયક 'પ્રયન્ના' ગ્રંથ તથા

દશવૈકાલિક આવશ્યક નિર્યુક્તિ આદિ પ્રાચીન આગમ આજે પણ મોજુદ છે. તેથી એમ જ માનવું યુક્તિ સંગત છે કે **દિગંબર ગ્રંથકારે જેનો ઉપયોગ કર્યાનો સ્વીકાર કરેલો છે તે ગ્રંથો શ્વેતાંબર પરંપરાના છે.**

કુંદકુંદાચાર્યના ગુરુ

બોધપાહુડની ગાથા ૬૧ માં શ્રી કુંદકુંદાચાર્યે પોતે જ કહ્યું છે કે, **ભગવાનનો ઉપદેશ ગ્રંથારૂઢ થયા પછી તેમણે તેનું અધ્યયન કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું.** અલબત્ત પુસ્તકારૂઢ થયેલા શાસ્ત્રગ્રંથો પણ તેઓ ગુરુ પાસેથી જ શિખ્યા હશે.

શ્રી કુંદકુંદાચાર્યની પછી આઠસો વર્ષે થયેલા વૃત્તિકાર શ્રી જયસેનાચાર્યે વિક્રમની ચૌદમી સદીમાં પંચાસ્તિકાયની ટીકા રચી તેના પ્રાક્કથનમાં કહ્યું છે કે **શ્રી કુંદકુંદાચાર્ય સિદ્ધાંત દેવ શ્રી કુમારાનંદીનાના શિષ્ય હતા. એટલે શ્રી કુંદકુંદાચાર્ય નંદી સંઘના આચાર્ય હતા.** આઠસો વર્ષ પછી લખાયલું તેમના ગુરુનું નામ કેટલું વિશ્વાસનીય ગણાય તે વિચારણીય છે.

પરંતુ શ્રી કુંદકુંદાચાર્યે તો તેમના કોઈપણ ગ્રંથમાં તેમની ગુરુ પરંપરાનો કે તેમના પોતાના ગુરુનો નામોલ્લેખ સુદ્ધાં પણ કરેલ નથી. એથી સમજી શકાય છે કે **તેમણે ક્રિયોદ્ધાર કર્યો તેમાં તથા દિગંબર સંપ્રદાયની માન્યતાઓ નિશ્ચિત કરી તેમાં તેમના ગુરુની સંમતિ હશે નહિ. અને તેથી તેઓને શિથિલાચારી સમજીને તેમણે પોતાના ગુરુ અને પ્રગુરુઓના નામ નિર્દેશ કર્યા નહિ હોય.**

શ્રી કુંદકુંદાચાર્યના વિદેહગમનની વિચિત્ર વાત

શ્રી કુંદકુંદાચાર્ય જ્ઞાની હતા તેવા જ તપસ્વી પણ હતા. ઘણી વાર મહાપુરુષોની બાબતમાં બને છે તેમ શ્રી કુંદકુંદાચાર્યના જ્ઞાન અને તપથી

પ્રભાવિત થઈને તેમના અનુયાયીઓએ **તેમના વિદેહ ગમન સંબંધી એક વિચિત્ર વાત** પ્રચલિત કરી છે અને તે વાત દિગંબર સંપ્રદાયની દરેક વ્યકિત સત્ય માને છે. તે વાત આ પ્રમાણે છે—

"કહે છે કે—તેમના ધ્યાનની સ્થિરતા અને મનની નિશ્ચળતા બહુ ઉચ્ચ કોટિની હતી. એક વાર જ્યારે તેમને કોઈ **સૈદ્ધાંતિક** વિષય પર શંકા ઉત્પન્ન થઈ અને તે ઉપર બહુ વિચાર કરવા છતાં પણ પોતે તે વિષે કાંઈ સમાધાન કે નિર્ણય કરી ન શકયા ત્યારે તેમણે ધ્યાનમગ્ન થઈને તન્મયતાથી વિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંદર સ્વામીને મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક નમસ્કાર કર્યા.

"તેમના મનોબળ અને તપ તેજના પ્રભાવથી સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવાને તેમના નમસ્કારનો સ્વીકાર કરતાં "સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ" એમ કહીને આશીર્વાદ આપ્યો. ત્યાં ઉપસ્થિત જનતામાંથી કોઈ સમજી શકયા નહિ કે ભગવાનને કોઈએ સાક્ષાત નમસ્કાર નથી કર્યા તો એ આશીર્વાદ કોને અને શા માટે આપ્યા.

"જનસાધારણની એ શંકાનું નિવારણ કરવા માટે ભગવાને બતાવ્યું કે ભરતક્ષેત્રમાં રહેવા વાળા દુર્દ્ધર તપસ્વી કુંદકુંદ મુનિએ ધ્યાનસ્થ થઈને નમસ્કાર કર્યા તેને આ આશીર્વાદ આપ્યો છે.

"એ સમવસરણમાં આ આચાર્યના પૂર્વજન્મના બે ચારણ ઋષિધારી મિત્રો હતા. તેઓ પ્રેમવશ ભરતક્ષેત્ર આવ્યા અને આચાર્યશ્રીને વિદેહક્ષેત્ર લઈ ગયા. અને ત્યાં સમવસરણમાં લઈ જઈને ભગવાનના સાક્ષાત દર્શન કરાવ્યા."

"જ્યારે આચાર્ય વર્યની સમસ્ત શંકાઓનું સંપૂર્ણ સમાધાન થઈ ગયું ત્યારે તેમની ઇચ્છાનુસાર તેમને એજ બંને મિત્રોએ ભરતક્ષેત્રમાં લાવીને તેમના નિયત સ્થાને પહોંચાડ્યા."

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યની વિદેહગમનની કથા "ભગવાન કુંદકુંદાચાર્ય" નામનું પુસ્તક કે જે દિગંબર જૈન પુસ્તકાલય, સુરત તરફથી પ્રસિદ્ધ થયેલ છે તેમાં આપેલ છે.

વિદેહગમન અવિશ્વસનીય હોવાના કારણો

હવે આ કથા શા માટે અવિશ્વનીય અને ઉપજાવી કાઢેલી દેખાય છે તેનો વિચાર કરીએ.

બારમી સદી સુધીના શિલાલેખોમાં આ વિદેહગમનની વાતનું નામ નિશાન નથી. પણ એ શિલાલેખોમાં તાત્કાલિક ભાષાના પ્રાંજલ વિદ્વાન, સિદ્ધાંતશાસ્ત્રના પારંગત, સમ્યક્ શ્રદ્ધાની, પૂર્ણ સંયમી, દુર્દ્ધર તપસ્વી, પ્રથમાભિધાની અને ચારણઋદ્ધિ (આકાશગામિની વિદ્યા)ના ધારી હતા એમ બતાવેલું છે.

હવે જો આચાર્યશ્રી પોતે ચારણઋદ્ધિ (લબ્ધિ) ધારી હતા તો તેઓ પોતે જાતે જ તીર્થંકર ભગવાન શ્રી સીમંદરસ્વામી પાસે પોતાની ઇચ્છાથી જઈ શકત. તેમને બોલાવવાને તેમના પૂર્વભવના ચારણઋદ્ધિધારી મિત્રોને અહીં આવવાની જરૂર નહોતી એટલું જ નહિ પણ ભગવાન પાસે સર્વ શંકાનું સમાધાન થઈ ગયા પછી પણ એ જ મિત્રોને આચાર્યશ્રીને મૂકવાને અહીં સુધી આવવાની જરૂર નહોતી. કારણ કે આચાર્ય શ્રી પોતે જ પોતાની ચારણઋધિની શકિતથી પાછા આવી શકત.

ચારણઋદ્ધિનો ઉપયોગ ધર્મકાર્ય માટે તો કરી શકે પણ વ્યવહારિક કાર્ય માટે તો તેનો ઉપયોગ ન જ કરી શકાય. અને અહીં તો શ્રી કુંદકુંદાચાર્ય પોતે ચારણઋદ્ધિ ધારી હોવા છતાં તેને લેવાને અને મૂકવાને તેમના ચારણઋદ્ધિધારી

મિત્રો આવે છે એટલે તે ધાર્મિક નહિ પણ વ્યવહારિક કાર્ય થયું કે જેમ કરવું ઋદ્ધિધારી મુનિને કલ્પે નહિ.

વળી તીર્થંકર ભગવાન આવું કાર્ય મુનિને કલ્પતું નથી એમ પણ કહ્યા વિના રહે નહિ, પરંતુ કથામાં એ બાબત કાંઇ જ લખ્યું નથી. **એટલે એ વાત કાલ્પનિક. ઉપજાવી કાઢેલી છે એમ ચોખ્ખું સમજી શકાય છે.**

બીજું—કથા કહે છે કે શ્રી કુંદકુંદાચાર્યે ઉપલબ્ધ સર્વ આગમ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો અને તે ઉપરથી તેમને સૈદ્ધાંતિક વિષય સંબંધમાં શંકા ઉત્પન્ન થઇ હતી. **પરંતુ તેમને કેટલી શંકાઓ ઉત્પન્ન થઇ હતી અને કઈ કઇ શંકાઓ ઉત્પન્ન થઇ હતી તેની કંઈપણ વિગત દિગંબર સંપ્રદાયના કોઈપણ સાહિત્યમાં ક્યાંય પણ બતાવી નથી.**

પહેલું તો એ કે—એવા શાસ્ત્રજ્ઞ જ્ઞાની મહાત્માને સૈદ્ધાંતિક શંકાઓ ઉત્પન્ન થાય અને તે શંકાઓનું સમાધાન અહીં કોઇ કરી ન શકે ત્યારે તે શંકાઓ ભારે મહત્વની હોય એમ તો સૌ કોઈ સમજી શકે જ. એવી શંકાઓનું જ્યારે તીર્થંકર ભગવાન પાસેથી સમાધાન મેળવાય ત્યારે તે વાત ગુપ્ત રાખવા જેવી તો હોય જ નહિ. એટલું જ નહિ પરંતુ એવી મહત્વની વાત તો ભગવાન પાસેથી સમાધાન મેળવ્યા પછી તુરત જ આચાર્યશ્રીએ પોતે જ જાહેર કરી દેવી જોઈએ કે જેથી બીજા સર્વ સાધુઓને તે સંબંધી સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય.

પરંતુ આપણે જોઇએ છીએ કે શ્રી કુંદકુંદાચાર્યે એવું કશું જ કર્યું નથી. એથી સ્પષ્ટ થાય છે કે વિદેહક્ષેત્ર જઈને તેમણે તીર્થંકર ભગવાન પાસેથી કોઇ સમાધાન મેળવ્યું નહોતું કારણ કે તેમના જેવા બુદ્ધિશાળી જ્ઞાની મહાત્મા સત્ય જ્ઞાનના પ્રચારની ખાતર પણ પોતે મેળવેલ સમાધાનની વિગત જણાવ્યા વિના રહે જ નહિ.

હવે બીજી વાત—તેમની શંકાઓ શી હોઈ શકે તે વિચારીએ. તેમના સમયમાં સંપ્રદાયવાદ બહુ તીવ્રપણે પ્રચલિત હતો એ તો ઇતિહાસ સ્પષ્ટ રીતે કહે છે. **એટલે તેમને જે મહત્વની શંકાઓ ઉત્પન્ન થઈ હોય તે દિગંબર સંપ્રદાય અને શ્વેતાંબર સંપ્રદાયના મતભેદોના વિષયો સંબંધી ખાસ કરીને હોઈ શકે.**

જો શ્રી કુંદકુંદાચાર્યને આ મતભેદો સંબંધી તીર્થંકર ભગવાન તરફથી સમાધાન મળ્યું હોત તો તે વાત તેઓ ભગવાનના નામે સ્પષ્ટ કર્યા વિના કદાપિ રહી શકત નહિ. **પણ શ્રી કુંદકુંદાચાર્યે ભગવાન તરફથી અમુક સમાધાન મળ્યું છે એ વાત ક્યાંય જણાવી નથી. એથી સિદ્ધ થાય છે કે તેમને તીર્થંકર ભગવાન પાસેથી કોઈપણ પ્રકારનું સમાધાન મળ્યું નહોતું.**

સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાન તો ભરતક્ષેત્રમાં જૈનધર્મ કેવી રીતે ચુથાઇ રહ્યો છે, શ્વેતાંબરો દિગંબરો કેવી રીતે લડાલડી કરીને ધર્મને હાનિ પહોંચાડી રહ્યા છે વગેરે હકીકત જાણતા જ હોય અને તે વખતે ભરતક્ષેત્રમાંથી જો કોઇ પણ મુનિ વિદેહક્ષેત્રમાં ભગવાન પાસે જાતે જાય તો ભગવાન આવી રીતે ધર્મને હાનિ ન પહોંચાડવી અને સત્ય વાત આમ છે એમ કહ્યા વિના રહેજ નહિ.

તીર્થંકર ભગવાન ધર્મને હાનિ પહોંચતી હોય ત્યારે ચૂપ રહેજ નહિ એટલું જ નહિ પણ ધર્મના ભાગલા થવામાં જે શંકાઓ અને જે કારણો ઉપસ્થિત થયેલા હતા તેનું નિરાકરણ કર્યા વિના રહેજ નહિ અને ભગવાને કહેલા તે નિરાકરણ અનુસાર સર્વને સમજાવી ધર્મની એકતા કરવાનું શ્રી કુંદકુંદાચાર્ય ચૂકત નહિ.

પરંતુ શ્રી કુંદકુંદાચાર્યે એકતાની વાત તો છોડી દીધી હતી. એટલું જ નહિ પણ ઊલટું ધર્મમાં મતભેદ–સંપ્રદાયવાદ વધે અને કાયમ થાય એ રીતના જ

ગ્રંથો લખ્યા હતા. તે ઉપરથી પૂરવાર થાય છે કે તેમના વિદેહગમનની અને તીર્થંકર ભગવાન પાસે સમાધાન મેળવવાની વાત તદ્દન કપોળકલ્પિત છે.

દાખલા તરીકે—શ્રી કુંદકુંદાચાર્યે પટ્ ખંડાગમનો અભ્યાસ કર્યો હતો અને તેના પહેલા ત્રણ ખંડ ઉપર પરિકર્મ નામની ટીકા પણ રચી હતી. પટ્ ખંડાગમના પહેલા ખંડમાં જ संजय શબ્દ આવે છે કે જેથી સ્ત્રી મુક્તિ સાબિત થાય છે. અને દિગંબર સંપ્રદાયે તે શબ્દ પોતાની માન્યતાની વિરુદ્ધ જતો હોવાથી પટખંડાગમમાંથી તે શબ્દ રદ્દ કરવાની આજ્ઞા તાજેતરમાં જ ફરમાવી છે.

તો, તેમના શાસ્ત્રમાં संजय શબ્દ સ્ત્રીમુક્તિ સાબિત કરે છે ત્યારે સંપ્રદાયની માન્યતા સ્ત્રીમુક્તિની વિરુદ્ધ છે તેથી સત્ય શું છે એવી શ્રી કુંદકુંદાચાર્યને શંકા ઉદ્ભવી હોય તે સ્વભાવિક છે.

હવે જો શ્રી કુંદકુંદાચાર્યને તીર્થંકર ભગવાન પાસેથી તેનુ સમાધાન મળ્યું હોત તો ભગવાને આ પ્રમાણે સ્પષ્ટીકરણ કરેલ છે એમ તેઓ ભગવાનના નામે કહ્યા વિના રહેત જ નહિ. પરંતુ તેમ નહિ કરતાં શ્રી કુંદકુંદાચાર્યે દિગંબર સંપ્રદાયની માન્યતાને પુષ્ટ કરે તેવી રીતે સ્ત્રીને મુક્તિ હોઈ શકે જ નહિ એમ પ્રતિપાદન કર્યું છે.

એટલે શ્રી કુંદકુંદાચાર્ય જેટલા જ્ઞાની અને તપસ્વી હતા તેટલા જ સંપ્રદાયમતના આગ્રહી હતા. તે વાત સાબિત કરે છે કે તેમને ભગવાન પાસેથી સમાધાન મળ્યાની વાત એ એક સંપૂર્ણ જૂઠાણું છે. અને તે તેમના અનુયાયીઓએ પાછળથી ઉપજાવી કાઢેલું છે.

સંપ્રદાયવાદીઓ તેમના સંપ્રદાયના પરંપરાથી ચાલ્યા આવતા મત તથા કિંવદંતીઓને સત્ય તરીકે માની લીએ તે સ્વભાવિક છે. પરંતુ **તટસ્થ, નિષ્પક્ષ, બિનસંપ્રદાયી જૈન તો સત્યાસત્યનો વિવેકપૂર્વક વિચાર કરીને પ્રમાણથી જે સિદ્ધ થાય છે તેનો જ સત્ય તરીકે સ્વીકાર કરે.**

શ્રી કુંદકુંદાચાર્યના વિદેહગમનની વાત ઉપરના કારણોથી સત્ય સિદ્ધ થતી નથી એટલે તે માની શકાતી નથી.

વિદેહગમન ઉપસ્થિત થવાના ત્રણ કારણો

ત્યારે કોઈને શંકા થશે કે શ્રી કુદકુંદાચાર્યના વિદેહગમનની વાત ઉપસ્થિત થઇ કેવી રીતે? તેમ થવામાં પણ કોઇ નિમિત્ત કારણ હતું કે નહિ.

આવી શકા પણ થઇ શકે અને તેથી તે સબધી પણ આપણે વિચાર કરીએ.

(૧) આપણે ઉપર જોઈ ગયા કે શિલાલેખોમાં શ્રી કુદકુદાચાર્યને ચારણઋદ્ધિ (લબ્ધિ) પ્રાપ્ત થઈ હતી એવો ઉલ્લેખ છે.

(૨) શ્રી કુંદકુદાચાર્યે તેમના પુસ્તકોમાં "ભગવાને જેમ કહ્યું છે તેમ જ હું કહું છુ" એવી મતલબના શબ્દો લખેલા છે.

(૩) શ્રી કુંદકુંદાચાર્ય મહાપ્રતિભાશાળી વિદ્વાન તરીકે પ્રસિદ્ધ હતા.

પ્રતિભાશાળી મહાપુરૂષો માટે તેમનું મહાત્મ્ય વધારવા માટે અનેક જાતની કાલ્પનિક વાતો તેમના ભક્તો તરફથી વહેતી મૂકાય છે એ એક જાણીતી વાત છે.

મહાત્મા ગાંધીજીની અહિંસા તો ઘણી અધૂરી હતી. છતાં તેમની અહિંસાથી પ્રભાવિત થઈને તેમને કૃષ્ણના અવતાર ગણાવવાનું ચાલુ

થઈ ગયું હતું એ તો જાણીતી વાત છે. અને કેટલાક જૈનોએ તેમને ભગવાન મહાવીર સાથે સરખાવવાની પણ ધૃષ્ટતા કરી હતી.

તો શ્રી કુંદકુંદાચાર્ય જેવા મહા પ્રતિભાશાળી વિદ્વાન તપસ્વી માટે તેમના વિદેહગમન જેવી કાલ્પનિક વાત ઉત્પન્ન કરવામાં આવે તો તેમાં કાંઈ નવાઈ જેવું નથી. એ વાત ઉત્પન્ન થવામાં ઉપર જણાવેલા ત્રણ કારણો કારણભુત હતા. એટલે કે (૧) તેમની ચારણઋદ્ધિ, (૨) ભગવાનના કહ્યા પ્રમાણે કહેવાની વાત અને (૩) તેમની વિદ્વતા.

ચારણ લબ્ધિ ત્રણ રીતે પ્રાપ્ત થાય.

ચારણ લબ્ધિ એટલે આકાશગામિની શક્તિ. એ શક્તિ ત્રણ રીતે પ્રાપ્ત થાય છે.—(૧) તપથી, (૨) મંત્રથી કે ભક્તિથી કોઈ દેવદેવીને પ્રસન્ન કરવાથી અને (૩) ઔષધ પ્રયોગથી.

તપસ્વી મુનિઓને ચોથા આરામાં ચારણ લબ્ધિ પ્રાપ્ત થવાના ઉલ્લેખો જૈન શાસ્ત્રો અને ધર્મકથાઓમાં અનેક આવેલ છે. પરંતુ આ પાંચમા આરામાં એવા ઉગ્ર તપને યોગ્ય સંઘયણ નથી તો પછી એવા તપ વિના એવી લબ્ધિની પ્રાપ્તિ પણ અસંભવિત જ ગણાય.

શ્રી કુંદકુંદાચાર્ય તો છઠ્ઠી સદીમાં થયેલા છે પરંતુ તેમનાથી આઠસો નવસો વર્ષ પહેલાં થઈ ગયેલા ચૌદ પૂર્વધારી ભદ્રબાહુ સ્વામી કે જેઓ મહાપ્રાણ ધ્યાન ધરતા હતા, ધરી શકતા હતા તેમને પણ એવી લબ્ધિ પ્રાપ્ત થઈ નહોતી. અને પાંચમા આરાની શરૂઆતથી છઠ્ઠી સદી સુધીમાં જન્મેલા ઘણા મુનિઓ મહાતપસ્વી થઈ ગયા હતા પરંતુ તેમાંથી કોઈને પણ ચારણઋદ્ધિ પ્રાપ્ત થઈ નહોતી તેથી સિદ્ધ થાય છે કે પાંચમા આરામાં ચારણલબ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી.

એટલે શ્રી કુંદકુંદાચાર્યને તપથી ચરણલબ્ધિ પ્રાપ્ત થઈ હોય એ વાત માની શકાતી નથી.

ઔષધી પ્રયોગથી પણ આકાશગામી થઈ શકાય છે. અને તેવા દાખલા બનેલા પણ છે. શ્રીપાદલિપ્ત સૂરિ, નાગાર્જુન વગેરે ઔષધીઓના ખાસ મિશ્રણથી બનાવેલો લેપ પગને તળીએ લગાવવાથી આકાશગામી થયા હતા. તે વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે પરંતુ **શ્રી કુંદકુંદાચાર્ય તેવા વૈજ્ઞાનિક (Scientist) નહોતા અને તેથી તેમની પાસે આવો પ્રયોગ નહોતો એમ સમજી શકાય છે.**

પરંતુ મંત્રથી અથવા ભક્તિથી કોઈ દેવ કે દેવીને પ્રસન્ન કરીને તેમની પાસેથી આકાશગામિની વિદ્યા કે શક્તિ પ્રાપ્ત કરી શકાય છે અને શ્રી કુંદકુંદાચાર્યે મંત્રથી કે ભક્તિથી કોઈ દેવને પ્રસન્ન કર્યા હોય અને એવી શક્તિ મેળવી હોય તો તે અસંભવિત નથી.

પરંતુ એવી શક્તિથી મહાવિદેહ ક્ષેત્રમાં પણ જઈ શકાય કે કેમ તે શંકાસ્પદ છે. કારણ કે સામાન્ય રીતે વાણવ્યંતર જાતના દેવોને મોટે ભાગે પ્રસન્ન કરી શકાય છે. અને તેઓ વિદેહક્ષેત્રમાં જવાની શક્તિ આપી શકે કે કેમ તે પણ શંકાસ્પદ છે.

તો પણ એ દેવો હાલની આપણી જાણીતી દુનિયામાં આકાશ મારફત જઇ શકાય તેવી શક્તિ તો જરૂર આપી શકે છે. અને શ્રી કુંદકુંદાચાર્યે તેવી કોઇ દૈવી શક્તિ પ્રાપ્ત કરી હોય તો તે સંભવિત છે.

અને એ રીતે શ્રી કુંદકુંદાચાર્યને ગગનગામી શક્તિવાળા જાઇને તેમના અનુયાયીઓએ પાછળથી તેમને ચારણ-ઋદ્ધિવાળા ઠરાવ્યા હોય અને તે પછી ઉપર લખ્યા પ્રમાણેના ત્રણ કારણો મેળવીને તેમને વિદેહગમન કરી આવેલા ઠરાવી દીધા હોય તો તે પણ બનવા સંભવ છે પરંતુ તેમણે ખરેખર વિદેહગમન કર્યું નહોતું તે તો ઉપર બતાવેલા કારણો પ્રમાણે નક્કી સમજી શકાય છે.

શ્રી કુંદકુંદાચાર્યનો સમય

શ્રી કુંદકુંદાચાર્ય કયા સમયમાં થયા હતા તે પ્રશ્ન પણ વિવાદાસ્પદ છે. દિગંબર પંડિતોમાંના કોઈ તેમને વિક્રમની બીજી સદીમાં થઈ ગયા માને છે ત્યારે બીજા કોઈ તેમને ત્રીજી સદીની અંતમાં અને ચોથી સદીની શરૂઆતમાં થયેલા માને છે.

પરંતુ ઇતિહાસ વિશારદ પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ શ્રી કુંદકુંદાચાર્યને વિક્રમની છઠી સદીમાં થયેલા માને છે તેના કારણો નીચે પ્રમાણે છે—

૧. શ્રી કુંદકુંદાચાર્ય કૃત **પંચાસ્તિકાય**ની ટીકામાં જયસેનાચાર્ય લખે છે કે આ ગ્રંથ કુંદકુંદાચાર્યે શિવકુમાર મહારાજના પ્રતિબોધ માટે રચ્યો હતો. ડૉ. પાઠકના અભિપ્રાય પ્રમાણે આ શિવકુમાર તે કદંબવંશી શિવમૃગેશ હતા અને તે સંભવત: વિક્રમની છઠી શતાબ્દિની વ્યક્તિ હતા. તેથી તેમના સમકાલીન કુંદકુંદાચાર્ય પણ છઠી શતાબ્દિની વ્યકિત હોઇ શકે છે.

૨. પ્રસિદ્ધ દિગંબર જૈન વિદ્વાન પં. નાથુરામજી પ્રેમીએ **નિયમસાર**ની એક ગાથા શોધી કાઢી છે. તેમાં આચાર્ય કુંદકુંદે 'લોકવિભાગ' પરમાગમનો ઉલ્લેખ કર્યો છે. આ 'લોકવિભાગ' ગ્રંથ સંભવતઃ સર્વનન્દી આચાર્યની કૃતિ છે. અને તે વિક્રમ સં. ૫૧૨ માં રચવામાં આવી હતી. તેથી કુંદકુંદાચાર્ય છઠી સદીના ગ્રંથકાર પ્રતીત થાય છે.

ઉપરના બે કારણો ઉપરાંત શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથોમાં અનેક ઉલ્લેખો એવા છે કે જે તેમને વિક્રમની પાંચમી સદી પછીના ગ્રંથકાર સિદ્ધ કરે છે. તેમાંના થોડાક ઉલ્લેખો આ પ્રમાણે છે:—

૧. **સમયપ્રાભૃત**ની ગાથા ૩૫૦ તથા ૩૫૧ માં કુંદકુંદાચાર્ય કહે છે કે—લોકોના વિચારમાં દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય

પ્રાણીઓને વિષ્ણુ બનાવે છે ત્યારે શ્રમણો (જૈન સાધુઓ)ના મતમાં ષટ્નિકાયના જીવોના કર્તા આત્મા છે.''

આ રીતે લોકો અને શ્રમણોના સિદ્ધાંતમાં કાંઇ વિશેષ નથી. લોકોના મતમાં કર્તા 'વિષ્ણુ' છે અને શ્રમણોના મતમાં કર્તા 'આત્મા' છે. કહેવાની જરૂર નથી કે વિષ્ણુને કર્તા પુરુષ માનવાવાળા વૈષ્ણવ સંપ્રદાયની ઉત્પત્તિ વિષ્ણુ સ્વામીથી ઈ.સ.ની ત્રીજી શતાબ્દિમાં થઈ હતી. તેના સિદ્ધાંતને સારો સમય વીત્યા બાદ જ તેણે લોક સ્વરૂપ ધારણ કર્યું હોય એ નક્કી. તેથી કહેવું પડે છે કે કુંદકુંદાચાર્ય વિક્રમની ચોથી સદી પહેલાના હોઈ શકે જ નહિ.

૨. કુંદકુંદાચાર્યે '**બોધપાભૃત**'ની ગાથા ૬ થી ૮ અને ૧૦ માં ક્રમસર 'આયતન'; 'ચૈતન્ય' અને 'પ્રતિમા'ની ચર્ચા કરી છે. જ્યાં સુધી અમે જોઈ સમજી શકીએ છીએ ત્યાં સુધી આ વાતોની ચર્ચા ચૈત્યવાસની સાથે સંબંધ રાખતી જોઈ શકાય છે. તેથી એ ચર્ચાઓથી સમજાય છે કે કુંદકુંદાચાર્યનો અસ્તિત્વનો સમય ચૈત્યવાસકાળની પહેલાં હોઈ શકે નહિ.

૩. **ભાવપ્રાભૃત**ની ૧૪૯ (૧૫૧)મી ગાથામાં કુંદકુંદાચાર્યે શિવ, પરમેષ્ઠી, સર્વજ્ઞ, વિષ્ણુ, ચતુર્મુખ આદિ કેટલાક પૌરાણિક દેવોનો ઉલ્લેખ કર્યો છે. તેથી સમજી શકાય છે કે તેઓ પૌરાણિક કાળમાં થયા હતા પણ તે પહેલાં નહિ.

૪. **ભાવપ્રાભૃત**ની (૧૬૪)મી ગાથામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થના તથા **મોક્ષપ્રાભૃત**ની ૪ થી ગાથામાં તથા **રયણસાર**ની ૧૩૪ થી ૧૪૫ સુધીની ગાથાઓમાં તેમણે 'બાહ્ય', 'આભ્યંતર' અને 'પરમાત્મા' એ ત્રિવિધ આત્માઓની ચર્ચા કરી છે. અને આ વિષયો વિક્રમની પાંચમી સદી પછી ઉત્પન્ન થયેલા છે.

૫. **લિંગ પ્રાભૃતની** ગાથા ૯, ૧૦, ૧૬ અને ૨૧ મીમાં સાધુઓના આચાર વિષયક શિથિલતાઓની નિંદા કરી છે તે જોતાં એમ જ માનવું પડે છે કે જ્યારે સાધુઓમાં પર્યાપ્ત શિથિલતા આવી ગઈ હતી તે સમયના શ્રી કુંદકુંદાચાર્ય છે તેમાં ગૃહસ્થોના જેવી અન્ય પ્રવૃત્તિઓની ઉપરાંત જમીન જાગીર લેવી અને ખેતીવાડી કરાવવા સુધીની શિથિલતા પ્રવિષ્ટ થઈ ગઈ હતી. એવો સમય નિશ્ચિત રૂપથી વિક્રમની પાચમી સદી પછીનો હતો.

૬ **રયણસારની** ૧૮ મી ગાથામાં સાત ક્ષેત્રમાં દાન કરવાનો ઉપદેશ કરવા ઉપરાંત તે જ પ્રકરણની ગાથા ૨૮ મીમાં શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે—"પંચમકાળમાં આ ભારતવર્ષમાં યંત્ર, મંત્ર, તંત્ર, પરિચર્યા (સેવા અથવા ખુશામદ), પક્ષપાત અને મીઠા વચનોના કારણથી જ દાન દેવામાં આવે છે પણ મોક્ષના હેતુથી નહિ."

તેમનું આ કથન સાબિત કરે છે કે આ દેશમાં તાંત્રિક-મતનો ખૂબ પ્રચાર થઈ ગયો હતો અને મોક્ષની ભાવનાની અપેક્ષાએ સાસારિક સ્વાર્થ તથા પક્ષાપક્ષીનું બજાર ખૂબ ગરમ થઈ ગયું હતું તે સમયની વ્યક્તિ શ્રી કુંદકુંદાચાર્ય હતા. પુરાતત્ત્વવેત્તાઓને ભાગ્યે જ કહેવાની જરૂર રહે છે કે ભારત વર્ષમાં એવી સ્થિતિ વિક્રમની પાંચમી સદી પછી જ થઈ હતી.

૭. **રયણસારની** ગાથા ૩૨ મીમાં જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા, જિનપૂજા અને તીર્થવંદન વિષયક દ્રવ્યભક્ષણ કરવાવાળાને નરક દુઃખના ભોગી બતાવીને કુંદકુંદાચાર્ય કહે કે—"પૂજાદાન આદિનું દ્રવ્ય હરણ કરવાવાળા પુત્રકલત્રહીન, દરિદ્ર, પંગુ, ગૂંગા, બહેરા અને આંધા થાય છે તેમજ ચંડાળ આદિ કુળમાં જન્મ લીએ છે."

એ જ રીતે તે પછીની ૩૩-૩૬ મી ગાથાઓમાં પૂજા અને દાન આદિ દ્રવ્યનું ભક્ષણ કરવાવાળાને વિવિધ દુર્ગતિઓના દુઃખભોગી થવાનું બતાવ્યું છે. તેથી સિદ્ધ

થાય છે કે શ્રી કુંદકુંદાચાર્યના સમયમાં દેવદ્રવ્યની તથા દાન આપેલા દ્રવ્યની દુર્વ્યવસ્થા થવાની એક સામાન્ય વાત થઈ ગઈ હતી. મંદિરોની વ્યવસ્થામાં સાધુઓની પૂરેપૂરી દખલગીરી થઈ ચૂકી હતી અને તેઓ પોતાનો આચાર માર્ગ છોડીને ગૃહસ્થોચિત ચૈત્યકાર્યો કરવા લાગી ચૂક્યા હતા.

જૈન ઇતિહાસથી એ વાત સિદ્ધ થાય છે કે વિક્રમની પાંચમી સદી સુધીમાં સાધુઓ ચૈત્યોમાં રહીને તેની વ્યવસ્થા કરવામાં લાગી ગયા હતા અને છઠ્ઠી સદીથી દશમી સદી સુધી તેમનુ પૂર્ણ સામ્રાજ્ય રહ્યું હતું. તેઓ પોતપોતાના ગચ્છ સંબંધી ચૈત્યોની વ્યવસ્થામાં સર્વાધિકારીપણે કામ કરતા હતા.

તે સમયના સુવિહિત આચાર્યો એ પ્રવૃત્તિનો વિરોધ પણ કરતા હતા, પરંતુ ચૈત્યવાસીઓ ઉપર કોઈ અસર થતી ન હોતી. આ સમયને શ્વેતાંબર ગ્રંથકારોએ "ચૈત્યવાસ પ્રવૃત્તિ સમય"ના નામથી ઘોષિત કરેલ છે. **આચાર્ય કુંદકુંદે આ સમયની પ્રવૃત્તિઓનું ખંડન કર્યું છે. તેથી એ સિદ્ધ થાય છે કે તેઓ પાંચમી સદી પહેલાંની વ્યક્તિ નથી.**

૮. '**રયણસાર**'ની ૧૦૫ તથા ૧૦૮ થી ૧૧૧ સુધીની ગાથાઓમાં શ્રી કુંદકુંદાચાર્યે સાધુઓની અનેક શિથિલ પ્રવૃત્તિઓનુ ખંડન કર્યું છે તેમાં રાજસેવા, જ્યોતિષવિદ્યા, મંત્રોથી આજીવિકા, ધનધાન્યનો પરિગ્રહ, મકાન, પ્રતિમા, ઉપકરણ આદિનો મોહ, ગચ્છનો આગ્રહ, વસ્ત્ર તથા પુસ્તકની મમતા વગેરે વાતોનું ખંડન ખાસ લક્ષ દેવા યોગ્ય છે.

કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે આ સર્વ ખરાબીઓ સાધુ સમાજમાં છઠ્ઠી અને સાતમી સદીમાં પૂર્ણરૂપથી થઈ ચૂકી હતી. વિક્રમની ત્રીજી ચોથી શતાબ્દિ સુધી જૈન સાધુઓમાં

એવી કોઈ ખરાબી દેખાઇ નથી. પાંચમી સદીમાં એમાંની થોડી ખરાબીઓ સાધુસમાજમાં પ્રવિષ્ટ થયેલી જોઈ શકાય છે. **એથી એ સિદ્ધ થાય છે કે આચાર્ય કુંદકુંદ વિક્રમની પાંચમી સદી પછીના ગ્રંથકાર છે.**

જો એમ ન હોત અને દિગંબર પટ્ટાવલીઓના લેખ અનુસાર તેઓ વિક્રમની પહેલી કે બીજી સદીના ગ્રંથકાર હોત તો **છઠી સદીની પ્રવૃત્તિઓનું ખંડન તેમના ગ્રંથોમાં આવી શકત નહિ.**

૯. શ્રી કુંદકુંદાચાર્યે તેમના ગ્રથોમાં અનેક સ્થાન પર "ગચ્છ" એ શબ્દનો પ્રયોગ કર્યો છે. ગચ્છ શબ્દ વિક્રમની પાંચમી સદીની પછીનો પારિભાષિક શબ્દ છે. શ્વેતાંબરોના પ્રાચીન ભાષ્યો લખાયા ત્યાં સુધીમાં "ગચ્છ" શબ્દ પ્રયુકત થયેલો નહોતો. પરંતુ છઠી સાતમી સદી પછી લખાયલા ભાષ્યો, ચૂર્ણિઓ તથા પ્રકીર્ણકોમાં 'ગચ્છ' શબ્દનો વ્યવહાર અવશ્ય થયેલો છે. એ જ વાત દિગંબર સંપ્રદાયમાં પણ છે. જ્યાં સુધી અમારી જાણમાં છે ત્યાં સુધી ત્રીજી ચોથી શતાબ્દિના તેમના સાહિત્યમાં 'ગચ્છ' શબ્દ પ્રયુકત થયેલો નથી.

૧૦. વિક્રમની નવમી સદીની પહેલાંના કોઇપણ શિલાલેખ, તામ્રપત્ર કે ગ્રંથમાં કુંદકુંદાચાર્યનો નામોલ્લેખ નથી તે પણ એ જ વાત સિધ્ધ કરે છે કે તેઓ એટલા બધા પ્રાચીન વ્યકિત નહોતા કે જેમ કેટલાક દિગંબર વિદ્વાનો સમજે છે.

મર્કરાના એક તામ્રપત્રમાં કે જે સંવત ૩૮૮નો લખેલો માનવામાં આવે છે તેમાં કુંદકુંદના નામનો ઉલ્લેખ છે તો પણ અમારી ઉપર પ્રમાણેની માન્યતામાં કાંઈ પણ આપત્તિ આવી શકતી નથી. કારણ કે એ તામ્રપત્રમાં તમામ આચાર્યોના નામોની પહેલાં 'ભટાર' (ભટ્ટારક) શબ્દ લખેલો છે. એથી સિધ્ધ થાય

છે કે એ તામ્રપત્ર ભટ્ટારક કાળમાં લખવામાં આવ્યું છે અને ભટ્ટારક કાળ વિક્રમની સાતમી સદી પછી શરૂ થયો છે.

આવી દશામાં એ તામ્રપત્રમાં આપેલો સંવત કોઇ અર્વાચીન સંવત હોવો જોઈએ અથવા તો એ તામ્રપત્ર જ બનાવટી હોવું જોઇએ.

વળી બોધપાહુડની ગાથા ૬૧ માં શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે ભગવાનનો ઉપદેશ ગ્રંથારૂઢ થયા પછી તેમણે તેમનું અધ્યયન કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું. એટલે કે પુંડ્રવર્ધન નગરમાં દિગંબર પુસ્તકો ગ્રંથારૂઢ થયા કે જે શ્રુતાવતારના નામથી ઓળખાય છે તેનું અધ્યયન શ્રી કુંદકુંદાચાર્યે કરેલું હતું.

શ્રુતાવતારના લેખ અનુસાર આરાતીય મુનિ વીર સંવત ૬૮૩ (વિક્રમ સંવત ૨૧૩) સુધી વિદ્યમાન હતા. તેમના પછી અર્હદ્બલિ થયા તે પછી ક્રમશઃ માઘનન્દી, ધરસેન, પુષ્પદંત, ભુતબલિ નામના આચાર્યો થયા. પુષ્પદંત અને ભૂતબલિયે ષટ્ખંડાગમની રચના કરી.

વળી ગુણધર મુનિએ નાગ હસ્તી તથા આર્ય મંક્ષુને કષાય પ્રાભૃત સંક્ષેપથી શિખવ્યા. તેમની પાસેથી યતિવૃષભે અને યતિવૃષભ પાસેથી ઉચ્ચારણાચાર્યે કષાયપ્રાભૃતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

એ બન્ને પ્રકારના સિદ્ધાંત, ગુરૂપરંપરાથી પદ્મનંદી (કુંદકુંદાચાર્ય) સુધી પહોંચ્યા. શ્રુતાવતારના એ કથનથી સિદ્ધ થાય છે કે અંગ જ્ઞાનની પ્રવૃત્તિ જે વીર સં. ૬૮૩ સુધી ચાલતી હતી તે પછી અનેક આચાર્યોની પછી કુંદકુંદ થયા હતા.

આથી પણ સમજી શકાય છે કે દિગંબરશ્રુત વિક્રમની પાંચમી સદીમાં ગ્રંથારૂઢ થયા પછી કુંદકુંદાચાર્યે તેનું જ્ઞાન મેળવ્યું હતું અને

કુંદકુંદાચાર્ય વિક્રમની છઠ્ઠી સદીના પ્રથમ ચરણમાં સ્વર્ગવાસી થયા હતા.

આ અવસર્પિણીના ઉતરતા કાળમાં અને તેમાંય આ પાંચમા આરામાં પ્રાચીન પુરુષની મહત્તા વિશેષ રહે છે કારણ કે ૨૫૦૦ વર્ષથી મનુષ્ય આત્મબળમાં, જ્ઞાનબળમાં અને શારીરિકબળમાં ઉતરતો અને ઉતરતો જ ગયો છે. તેથી પ્રાચીન પુરુષની મહત્તા વિશેષ ગણાય છે.

એ કારણથી કોઈ પણ મહાત્મા કે જેનો સમય નિશ્ચિત ન હોય તેમને તેમના અનુયાયીઓ બને તેટલા વિશેષ પ્રાચીન કાળના ઠરાવવા પ્રયાસ કરે છે.

એ રીતે જ શ્રી કુંદકુંદાચાર્યનો સમય પણ દિગંબર પંડિતોમાંના કેટલાકે પહેલી કે બીજી સદીનો ઠરાવવા પ્રયત્ન કર્યો છે. તેમ બીજા કેટલાકે તેમને ત્રીજી કે ચોથી સદીના ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નોમાં તેમની દલીલો તર્કપ્રધાન છે. પરંતુ એકલા તર્કથી કામ ચાલી શકે નહિ.

શ્રી કલ્યાણવિજયજીએ તો શ્રી કુંદકુંદાચાર્યના ગ્રંથોમાંના જ ઉલ્લેખોના પ્રમાણોથી જ તેમને છઠ્ઠી સદીના સિદ્ધ કર્યા છે. એટલે એ વાત જ સાચી ઠરે છે.

પ્રકરણ એકવીશમું

લોંકાશાહ

લોંકાશાહ સંબંધી હાલમાં થોડા વખતથી આધુનિક સ્થાનકવાસી લેખકોએ પોતાની મનઘડંત ખોટી વાતો ફેલાવી છે અને સ્થાનકવાસીઓમાં લોંકાશાહ સંબંધી એ કલ્પિત વાતોથી ખોટી માન્યતા ઉત્પન્ન કરી છે.

આધુનિક સ્થાનકવાસી લેખકોએ ઐતિહાસિક હકીકતો ઉપલબ્ધ હોવા છતાં તે જાણવાની દરકાર કરી નથી ત્યારે તેમની ઉપજાવી કાઢેલી વાતોને વિશ્વાસપાત્ર ઠરાવવા કોઈ આધાર કે પ્રમાણ આપ્યું નથી.

લોંકાશાહના સમકાલિન તેમ જ તેમની પછી તુરત જ થયેલા અનેક લેખકોએ લોંકાશાહ સંબંધી ઘણી હકીકતો તેમના ગ્રંથોમાં લખી છે અને તે સર્વ આજે ઉપલબ્ધ પણ છે.

પ્રાચીન લેખકોએ લોંકાશાહ સંબંધી આપેલી હકીકતો જોતાં આધુનિક સ્થાનકવાસી લેખકોએ ફેલાવેલી વાતો ખોટી ઠરે છે તેથી **લોંકાશાહ સંબંધી સત્ય હકીકત જાણવા માટે** આ પ્રકરણ લખવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ છે. **કારણ કે ધર્મનું મૂળ અહિંસા અને સત્ય છે,** હિંસા અને અસત્ય એ તો મિથ્યાત્વના પડખાં છે.

"સ્થાનકવાસી જૈન" પત્રના તા. ૨૦-૧૦-૧૯૬૧ ના અંકમાં ધર્મસિંહજી મુનિની જયંતિનો રિપોર્ટ છપાયો છે તેમાં સદાનંદી મુનિશ્રી છોટાલાલજીએ કહ્યું છે કે—

> "મુંબઈથી નીકળતા 'જૈન સિદ્ધાંત' પત્રે ધર્મપ્રાણ લોંકાશાહ પર ઘણા અણછાજતા આરોપો મૂકયા છે અને

તેમણે લોંકાશાહ લીંબડીના હતા તેમ લખેલ છે. પરંતુ ઇતિહાસ સાક્ષી પૂરે છે કે 'મૂલ નાસ્તિ કુતઃ શાખા' જ્યાં મૂળ જ નથી ત્યાં શાખા ક્યાંથી હોય? મતલબ કે લોંકાશાહને થયા આજે પાંચસો વર્ષ થાય છે. જ્યારે લીંબડી વસ્યાને માત્ર ૨૫૦ વર્ષ થયા છે. એવો ઐતિહાસિક ઉલ્લેખ 'ઝાલાવંશ વરિધિ' અને અન્ય પુસ્તકમાંથી મળી આવે છે. એટલે મોં-માથા વગરની વાતો વહેતી મૂકે છે"

જેઓ સાચી વાતનો જવાબ આપી શકતા ન હોય તેઓ સંપ્રદાયવાદના ઝેરને લીધે કેવી ખોટી ટીકાઓ કરવાને પ્રવૃત્ત થાય છે તેનો આ એક નમૂનો છે.

લોંકાશાહ સંબંધી મેં કોઈ ખોટો આક્ષેપ કર્યો નથી. પણ **અનેક પ્રાચીન લેખકોના ઐતિહાસિક પ્રમાણો આપીને લોંકાશાહના જીવનની સત્ય હકીકત પ્રગટ કરી છે.** અને તે સર્વ પ્રમાણ આજે પણ ભંડારોમાં મોજૂદ છે તે પણ મેં બતાવેલું છે.

અંધશ્રદ્ધાથી મુનિશ્રી સદાનંદીને તથા સ્થાનકવાસીઓને સાચા પ્રમાણો ન માનવા હોય અને સર્વધર્મ ક્રિયાનો નિષેધ કરનાર લોંકાશાહને ખોટી રીતે 'ધર્મપ્રાણ' કહી અસત્ય માન્યતાનું પાપ વહોરવું હોય તો તે જૈનધર્મી કહેવડાનાર માટે દૂષણ જ છે.

"મૂલંનાસ્તિ કુતો શાખા "તથા" મોં માથા વગરની વાતો વહેતી મૂકે છે." એમ કહો છો તો શું લોંકાશાહ થયા જ નહોતા એમ માનો છો? તમારા શબ્દોનો અર્થ તો એમ જ થાય છે. કારણ નહિતર મેં તો અનેક પ્રમાણો સાથેની જ વાત લખી છે.

આગળના વખતમાં રાજા રાજા વચ્ચે લડાઈઓ અવાર નવાર થયા કરતી હતી ત્યારે એવું પણ બનતું કે એક લડાઈમાં એક રાજાએ કોઈ નગર કે શહેરને ભાંગી નાખ્યું હોય પણ પછી થોડા વખતે બીજા રાજાએ તે જ નગર ફરી વસાવ્યું હોય.

લીંબડી પણ એક વખત કોઈ રાજાએ ભાંગ્યું હોય અને પછી ફરીથી બીજા કોઈએ વસાવ્યું હોય એમ બની શકે અને એ રીતે મુનિશ્રીનું લખાણ સાચું હોઈ શકે પણ તેથી મેં લખેલી વાત ખોટી ઠરી શકતી નથી.

લોંકાશાહ સંબંધીના "જૈન સિદ્ધાંત" માસિકમાંના મારા લેખમાં મેં જુલાઈ ૧૯૬૧ના અંકના ૨૧મે પાને ચોખ્ખું લખ્યું છે કે—
"લોંકાશાહના જન્મ સ્થળ વિષે પણ મતભેદ છે પરંતુ યતિ ભાનુચંદ્રની વાત વિશ્વાસપાત્ર હોવાથી તેમનું જન્મ સ્થળ લીંબડી હોવાનો જ વિશેષ સંભવ છે. વળી એ વાત વિશેષ માન્ય ગણવાનું કારણ એ પણ છે કે લોંકાશાહના ફઈના દીકરા લખમસી પણ લીંબડીમાં હતા."

યતિ ભાનુચંદ્ર લોંકાશાહના અનુયાયી અને લોંકાશાહ પછી ફકત ૪૪ વર્ષે થયેલા તે સાચા કે આજના વગર પ્રમાણે ગપ્પા મારનારા સાચા ગણાય?—

૧

લોંકાશાહ સંબંધી સ્થા. સાહિત્ય

સ્થાનકવાસી સંપ્રદાય લોંકાશાહને પોતાના આદ્ય પુરુષ માને છે એ વસ્તુ ઐતિહાસિક સત્યથી તદ્દન વિરુદ્ધ છે એટલું જ નહિ પણ લોંકાશાહના જન્મ, જન્મસ્થાન, જીવન વગેરે સંબંધી સ્થાનકવાસીઓ આજે જે માન્યતા ધરાવે છે તે માન્યતાઓ તદ્દન ખોટી છે કારણ કે ઐતિહાસિક સત્યથી તે માન્યતાઓ તદ્દન ઊલટી સાબિત થાય છે.

લોંકાશાહ સંબંધી જે કંઈ થોડું સાહિત્ય સ્થાનકવાસીઓએ તૈયાર કરેલું છે તે આ પ્રમાણે છે—

(૧) મુનિ જેઠમલજીના સમકિતસાર પુસ્તકમાં લોંકાશાહ સંબંધી ઉલ્લેખ.

(૨) શ્રી અમોલખ ઋષિજીના શાસ્ત્રોદ્ધાર મીમાંસામાં ઉલ્લેખ.

(૩) વા. મો. શાહની ઐતિહાસિક નોંધ.

(૪) મુનિશ્રી મણીલાલજીના પુસ્તક—પ્રભુવીર પટ્ટાવલીમાં લોંકાશાહનું જીવનચરિત્ર.

(૫) સંતબાલજીનું ધર્મપ્રાણ લોંકાશાહ પુસ્તક.

ઉપરના પાંચેય લેખકોએ તેમના પુસ્તકોમાં પહેલી વાત તો એ કબૂલ કરી છે કે તેમની કોઈની પાસે લોંકાશાહ સંબંધી કોઈ ઐતિહાસિક આધાર નથી. પણ તેઓએ ફક્ત કિંવદંતીઓ ઉપરથી કલ્પિત વાતો લખાયલી છે!

ભલા જો તમારી પાસે ઐતિહાસિક પ્રમાણ નથી તો પછી સાંભળેલી કે અનુમાનથી ખોટી વાત ફેલાવવામાં શો ફાયદો? શું સત્ય લાંબો વખત છુપું રહી શકે છે? નહિ જ.

આ પાંચ લેખકોમાં ય મુનિશ્રી જેઠમલજી સૌથી પ્રાચીન છે. મુનિશ્રી જેઠમલજીએ સં. ૧૮૬૫માં સમકિતસાર પુસ્તક લખ્યું તેમાં તેમણે પહેલવહેલો લોંકાશાહના નામનો ઉલ્લેખ કર્યો. ત્યાં સુધી તો લોંકાશાહને કોઈ જાણતું જ નહોતું. તેમ ત્યાં સુધી સ્થાનકવાસીઓ પોતાને લોંકાશાહના અનુયાયી પણ કહેવડાવતા નહોતા.

ત્યાં સુધી તો સ્થાનકવાસીઓ અને લોંકાગચ્છી યતિઓ વચ્ચે ભારે દુશ્મનાવટ હતી. કારણ કે લોંકાગચ્છના યતિઓથી મુનિશ્રી ધર્મસિંહજી તથા મુનિશ્રી લવજી ઋષિ છૂટા પડેલા હતા અને તેમણે સાધુધર્મનો ક્રિયોદ્ધાર કર્યો હતો. તેથી દુશ્મનાવટને લીધે તેઓ લોંકાશાહના અનુયાયી કહેવડાવવા પણ ઇચ્છતા નહોતા.

લોંકાગચ્છના અનુયાયી લોંકાગચ્છી કહેવાતા અને મુનિશ્રી ધર્મસિંહ તથા લવજી ઋષિના અનુયાયીઓ શરૂઆતમાં ઢુંઢિયા કહેવાવા લાગ્યા અને તે પછી લાંબે વખતે તેમણે સ્થાનકવાસી નામ ધારણ કર્યું.

પરંતુ વિ. સં. ૧૮૬૫ માં મુનિશ્રી જેઠમલજીને સંવેગી મુનિશ્રી વીરવિજયજી ગણિ સાથે શાસ્ત્રાર્થ થયેલો ત્યારે તેમને શ્રી ધર્મસિંહજી મુનિ તથા લવજી ઋષિના ઇતિહાસથી તેમનું કામ સરળ થયું નહિ ત્યારે તેમને મૂર્તિપૂજા વિરોધમાં લોંકાશાહને યાદ કરવા પડયા. તેથી જ તેમણે સમકિતસાર પુસ્તકમાં લોંકાશાહ માટે લખ્યું છે.

મુનિ જેઠમલજીએ તેમના પુસ્તકમાં જણાવ્યું છે કે લોંકાશાહ એક સામાન્ય ગૃહસ્થ હતા અને લહિયાનો ધંધો કરતા હતા. આ પછી જ સ્થાનકવાસીઓ લોંકાશાહને ઓળખવા કે માનવા લાગ્યા.

ઉપર જણાવેલા પાંચેય સ્થાનકવાસી લેખકોની એક જ દલીલ છે કે આપણામાં ચરિત્ર, ઇતિહાસ લખવાની પ્રથા નહિ હોવાથી લોંકાશાહનું જીવનચરિત્ર કોઈએ લખ્યું નથી. આવો બચાવ એ સ્થાનકવાસી સમાજને ભોળવવા માટેનું એક ભયંકર જૂઠાણું જ છે.

જૈન સાહિત્યમાં હજાર વર્ષ પહેલાંનો પણ સવિસ્તર ઇતિહાસ પણ પ્રાપ્ત છે. અને તે પણ જૈન આચાર્યોનો જ ઇતિહાસ નહિ પણ જૈનધર્મી રાજાઓ તેમજ શ્રાવકોનો ઇતિહાસ પણ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જેમકે—મંત્રી વિમળશા, ઉદાયન, વાહડ, શાંતુ મહેતા, વસ્તુપાળ તેજપાળ, જગડુશાહ, ત્રિભુવનસિંહ આદિ અનેક મહાપુરુષોના જીવનચરિત્રો ઉપલબ્ધ છે.

એટલું જ નહિ પણ લોંકાશાહના સમકાલિન અને તપાગચ્છના વિરોધી કડુઆ શાહે કડુઆમત ચલાવેલો તેનો પણ ઇતિહાસ ઉપલબ્ધ છે તો પછી લોંકાશાહનો જ ઇતિહાસ કેમ ઉપલબ્ધ ન હોય ?

ખરી વાત એ છે કે લોંકાશાહ સંબંધી પણ ઘણી વિગતો ઉપલબ્ધ છે પરંતુ તે બધી વાતો સ્થાનકવાસીઓની હાલની મનથી માનેલી માન્યતાથી વિરુદ્ધ જાય છે તેથી સ્થાનકવાસીઓ તે વાતો જોવા કે તપાસવાની તમા પણ કરતા નથી. અને

ચ્ચાત્રમાં કહે છે કે વિરોધીઓ તો લોંકાસાહ માટે ગમે તેમ કહે તે વાત સ્થાનકવાસીઓ માનવા તૈયાર નથી!

સ્થાનકવાસીઓને પોતે સત્યના અનુયાયી હોવાનો દંભ કરવો છે પણ સત્ય જાણવા તપાસવાની દરકાર પણ કરવી નથી! જે અનેક વિશ્વસનીય પ્રમાણોથી અસત્ય ઠરતું હોય તેને પણ અસત્ય તરીકે ન સ્વીકારવું તેમાં અજ્ઞાન નથી પણ દંભ અને દુરાગ્રહ છે. અને દંભ તથા દુરાગ્રહ તે મિથ્યાત્વના અંશો ગણાય છે.

૨

લોંકાશાહ સંબંધી પ્રાચીન સાહિત્ય

લોંકાશાહ સંબંધી ઉપલબ્ધ સાહિત્ય તો ઘણું છે. પરંતુ તેમાંય પ્રાચીન અને મુખ્ય સાહિત્ય આ પ્રમાણે છે—

(૧) વિ. સ. ૧૫૪૩, સિદ્ધાંત ચોપાઈ. લેખક પં. મુનિશ્રી લાવણ્યસમય.

પં. મુનિશ્રી લાવણ્યસમયની દીક્ષા વિ. સં. ૧૫૧૫ માં થઈ હતી. એટલે તેઓશ્રીએ લોંકાશાહની માન્યતાનું ખંડન કર્યું છે તે યથાર્થ જ હોય.

કારણ કે આવેશમાં આવી જઈને લોંકાશાહ જૈનાગમ, જૈન શ્રમણ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, દાન વગેરેનો નિષેધ કરતા હતા. તેથી પં. મુનિશ્રી લાવણ્યસમયે ભગવતીજી આદિ સૂત્રોના અનેક પ્રમાણો આપીને લોંકાશાહની ધર્મ-વિરુદ્ધની માન્યતાનું ખંડન કર્યું છે.

લોંકાશાહે ધર્મવિરુદ્ધ માન્યતા ધરાવી ન હોત તો મુનિશ્રીને

આટલાં બધાં પ્રમાણો આપીને વિસ્તારથી ૧૮૧ ગાથાનું કાવ્ય લખવાની જરૂર જ પડી નહોત.

મુનિશ્રી લાવણ્યસમયની આ ચોપાઈની પ્રતિ પાટણના જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે. અને શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ તેની નકલ પ્રાપ્ત કરીને વિ સ. ૧૯૮૬માં **જૈનયુગ** માસિકપત્રના અંક ૯-૧૦ના પૃષ્ટ ૩૪૦ પર છપાવેલી હતી.

(૨) વિ. સં. ૧૫૪૪. સિદ્ધાંત સારોદ્ધાર લેખક—ખરતર ગચ્છીય જિનહર્ષ સૂરિના શિષ્ય ઉપાધ્યાય કમલ સંયમ.

આ ચોપાઈની પ્રાચીન પ્રત પાટણના જ્ઞાનભંડારમાં છે. આ ચોપાઈ ઉપરાંત લોંકાશાહની ઉપરોકત ઉત્સૂત્ર પ્રવૃત્તિનું ખંડન કરવા માટે કેટલાય આગમોના પાઠ પણ તેમાં આપેલા છે. આથી સિદ્ધ થાય છે કે લોંકાશાહ સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, દાન વગેરેને તેમજ સાધુ અને શાસ્ત્રોને પણ માનતા નહોતા. અને તેથી જ આ પ્રમાણે સૂત્રાનુસાર ખંડન કરવાની જરૂર પડી હતી.

(૩) વિ. સં. ૧૫૪૪. મુનિશ્રી વીકાકૃત ઉત્સૂત્ર નિરાકરણ બત્રીસી.

આ ચોપાઇમાં મુનિશ્રી વીકાએ સમય લખેલો નથી. પરંતુ દેવવંદન સ્તવ નામની તેમની બીજી કૃતિમાં વિ. સં. ૧૫૨૭ આપેલ છે તેથી આ સમયની આસપાસ તેમણે આ બત્રીશી બનાવેલી હશે કારણ કે તે વખતે લોંકાશાહ, જૈનાગમ, જૈનશ્રમણ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરેનો લોંકાશાહ નિષેધ કરતા હશે.

(૪) વિ. સં. ૧૫૭૮. દયાધર્મ ચોપાઈ. લેખક—લોંકાગચ્છીય-યતિ ભાનુચંદ્ર.

યતિ ભાનુચંદ્રનો સમય લોંકાશાહના મૃત્યુ બાદ ફક્ત ૩૭ કે ૪૬ વર્ષ પછીનો છે. એટલું જ નહિ પણ તે લોંકાગચ્છના જ અનુયાયી હોઈને **તેઓ વિશેષ વિશ્વાસપાત્ર ગણાય.** તેમણે આ ચોપાઈમાં લોંકાશાહના જીવન ઉપર સારો પ્રકાશ પાડયો છે.

આ ઉપરથી સમજી શકાય છે કે ત્યાં સુધી તો લોંકાગચ્છના યતિઓએ લોંકાશાહની પ્રરૂપણા પ્રમાણે જ સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, દાન, આગમ વગેરે માનવાનો અસ્વીકાર કર્યો હતો. પરંતુ ભાનુચંદ્રના સમયમાં લોંકાશાહના મૂળ સિદ્ધાંતમાં થોડો ઘણો સુધારો થયો હશે જેમકે—

સામાયિક સવાર સાંજ બે વાર થઈ શકે, પર્વના દિવસે પૌષધ થઇ શકે વ્રતધારી પ્રતિક્રમણ કરી શકે, પચ્ચખાણ વિના—આગાર જ લઇ શકાય, અસંયતિને દાન દેવાય નહિ, દ્રવ્યપૂજા નહિ, ભાવપૂજા કરવી જોઇએ તથા જૈનાગમોમાં ૩૨ બત્રીશ સૂત્રો માનવા.

ભાનુચંદ્રના સમયની આ માન્યતામાં પાછળથી ઘણા સુધારા થતા ગયા છે. અને આજે નાગોરી લોંકાગચ્છ વગેરેમાં તો સર્વ પ્રવૃત્તિ મૂર્તિપૂજક જૈનોની માફક જ થતી જોવામાં આવે છે.

(૫) લોંકાશાહ કા સિલોકા—લેખક – લોંકાગચ્છીય યતિ કેશવજી ઋષિ

આ કેશવજી ઋષિ પોતાને શ્રીમલ્લજીના શિષ્ય તરીકે બતાવે છે. લોંકાશાહની આઠમી પાટે જીવાજી ઋષિ થયા તેના એક શિષ્ય શ્રીમલ્લજી હતા. તેના શિષ્ય કેશવજી ઋષિ હોય તો તેમનો સમય સં. ૧૬૦૦ની આસપાસનો ગણાય. એટલે યતિ ભાનુચંદ્ર પછી ૨૫-૩૦ વર્ષે થયેલા એમ ગણાય.

યતિ ભાનુચંદ્ર તથા યતિ કેશવજી બન્નેની માન્યતા એકસરખી જ છે. એટલે ત્યાં સુધી તે લોકો ઉપર કહી ધર્મક્રિયાઓમાં માનતા નહોતા.

આ સિવાય બીજા પણ ઘણા ગ્રંથો (લગભગ પચીશેક) લોંકાશાહના જીવન સંબંધના ઉપલબ્ધ છે. પરંતુ આ પાંચ ગ્રંથો સૌથી વિશેષ વિશ્વાસપાત્ર ગણાય કારણ કે તે સર્વ ઘણા પ્રાચીન છે. અને તેમાંથી લોંકાશાહના જીવનસંબંધી ઘણી હકીકત મળે છે.

આ પાંચ ગ્રંથોમાં છેલ્લા બે તો લોંકાગચ્છના યતિઓના છે અને તેઓ વળી લોંકાશાહ પછી તુરતમાં જ થઈ ગયેલા છે. એટલે તેમના ગ્રંથોમાં જે હકીકત હોય તે સત્યપૂર્ણ જ હોય.

અને લોંકાશાહ માટે લોંકાગચ્છના આ બે યતિઓએ જે વાત તેમની ચોપાઈઓમાં કહી છે તે જ વાત ઉપરના પહેલા ત્રણ ગ્રંથોમાં તે તે મુનિઓએ કહેલી છે. એટલે એ બધી વાત એકસરખી રીતે વિશ્વાસપાત્ર ઠરે છે.

આ પાંચેય ચોપાઈઓ મુનિ જ્ઞાનસુંદરજીના લખેલા "શ્રીમાન લોંકાશાહ કે જીવન પર ઐતિહાસિક પ્રકાશ" નામના પુસ્તકમાં પણ સંપૂર્ણપણે છપાઈ છે એટલે જિજ્ઞાસુ તે પુસ્તકમાંથી પણ જોઈ શકે છે.

આ સર્વ એટલે પાંચેય લેખકોએ લોંકાશાહના અવર્ણવાદ બોલવા માટે નથી લખ્યું પણ તે વખતની પરિસ્થિતિ જણાવવા માટે લખ્યું છે. અને પહેલા ત્રણ લેખકોએ લોંકાશાહની માન્યતા જૈન ધર્મ અને જૈન સિદ્ધાંત વિરુદ્ધ છે તે બતાવવા માટે સૂત્રોની સાખો ટાંકીને લખેલું છે એટલે તેમાં શંકાને સ્થાન રહેતું જ નથી.

તેથી સ્થાનકવાસીઓ મતાગ્રહી, હઠાગ્રહી બનવા કે રહેવા માંગતા ન હોય તો તેમણે સત્ય જાણવું જોઈએ, સત્ય કબુલ કરવું જોઈએ અને ખોટી માન્યતા છોડવી જોઈએ.

૩

લોંકાગચ્છીય પ્રમાણ વિશ્વાસપાત્ર કેમ નહિ?

"વિરોધીઓના લખાણ વિશ્વાસપાત્ર ન ગણાય" એમ કહી સ્થાનકવાસીઓ લોંકાશાહ સંબંધી ઉપલબ્ધ સર્વ સહિત્યનો ઈન્કાર

કરે છે. ત્યારે સ્થાનકવાસીઓનો સત્ય નહિ જાણવાનો એ એક પ્રકારનો દુરાગ્રહ જ ગણાય.

મૂર્તિપૂજક અથવા તપાગચ્છને સ્થાનકવાસીઓ વિરોધી ગણી શકે. પરતુ લોંકાગચ્છને વિરોધી કેમ કહેવાય? લોંકાગચ્છ તો લોંકાશાહનો અનુયાયી ગણાય છે અને સ્થાનકવાસીઓ પણ પોતાને લોંકાશાહના અનુયાયી ગણાવે છે તો લોંકાગચ્છના યતિઓએ લોંકાશાહના જીવન અને મંતવ્ય માટે જે કંઈ લખ્યું છે તે તો સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારવું જ જોઈએ.

લોંકાશાહના મૂળ અનુયાયી લોંકાગચ્છીય યતિઓ. અને તે યતિઓના બે શિષ્યો—(૧) યતિ બજરંગજીના શિષ્ય યતિ લવજી અને (૨) યતિ શિવજીના શિષ્ય ધર્મસિંહજી—એ બન્ને શિષ્યો (લવજી ઋષિ તથા ધર્મસિંહજી મુનિ) લોંકાગચ્છમાંથી જુદા પડેલા હતા. અને ક્રિયોદ્ધાર કર્યો હતો.

એ બન્ને માટે લોંકાગચ્છીય પટ્ટાવલિમાં બહુ વિરુદ્ધ લખેલું છે તેથી સ્થાનકવાસીઓ તેમને વિરોધી ગણતા હોય તો તેઓ જાણે.

અથવા તો લોંકાગચ્છ શરૂ થયા પછી થોડા વખતમાં જ મૂર્તિને માનતો થઈ ગયો છે તે આજસુધી મૂર્તિને માને છે તેમ જ મુહપત્તિ બાંધતા નથી ત્યારે સ્થાનકવાસીઓ મુહપત્તિના આગ્રહી છે તે માટે સ્થાનકવાસીઓ તેને વિરોધી ગણતા હોય તો તે પણ સંભવિત છે.

પરંતુ લોંકાગચ્છીય યતિઓએ લોંકાશાહ માટે જે કંઈ લખ્યું છે તે તો હાલના સ્થાનકવાસીઓની ઉત્પત્તિ થયા પહેલાં લખાયું છે તેથી તે લખાણને વિશ્વાસપાત્ર ગણવામાં કોઈ પ્રકારનો બાધ આવતો નથી. તેમણે જે કંઈ લખ્યું છે તે વિરોધની ખાતર લખેલું નથી. કારણ કે તેમને સ્થાનકવાસી માટે વિરોધ તો હતો જ નહિ. અને લોંકાશાહના

અનુયાયી જ લોંકાશાહની સૂત્ર સિદ્ધાંતથી વિરુદ્ધની માન્યતા જણાવે ત્યારે વિરોધની શંકા કરી શકાય જ નહિ. પણ તેને તો સત્ય જણાવવાની જિજ્ઞાસા જ કહી શકાય.

૪
દિગંબરી વગેરે પ્રમાણો

લોંકાશાહ સંબંધી મૂર્તિપૂજક સંપ્રદાયના અનુયાયીઓએ લખેલા તો ઘણા પ્રમાણો છે પરંતુ તે ઉપરાંત દિગંબરોએ લખેલા પ્રમાણો પણ છે. જેવા કે—

વિ. ની ૧૬મી સદીમાં દિગબર તારણ સ્વામીએ લખેલ તરણ તારણ શ્રાવકાચારમાં લોંકાશાહ સંબંધી ઉલ્લેખ. તથા દિગંબર રત્નનંદીએ તેમના ભદ્રબાહુ ચરિત્રમાં કરેલ ઉલ્લેખ.

દિગંબરોના આ ઉલ્લેખો પણ મૂર્તિપૂજકોના તથા લોંકાગચ્છના ઉલ્લેખોને મળતા આવે છે.

આ ઉપરાંત **લોંકાશાહના જ સમકાલિન કડુઆશાહે** પણ તપાગચ્છ વિરુદ્ધ પોતાનો મત ચલાવ્યો હતો. તે કડુઆ મતની પટ્ટાવલીમાં લોંકાશાહની માન્યતાઓનો ઉલ્લેખ છે. કડુઆ શાહ અને લોંકાશાહ બન્ને લગભગ એક જ વખતે તપાગચ્છની વિરુદ્ધ પડેલા એટલે તેઓ તો એકબીજાના વિરોધી ગણાય જ નહિ. કારણ તે બન્ને તપાગચ્છના વિરોધી હતા. અને તેમાં પણ લોંકાશાહની માન્યતા જેમ બીજાઓએ બતાવેલ છે તેમજ બતાવી છે. એટલે પછી લોંકાશાહની માન્યતા સંબંધી શંકાને સ્થાન રહેતું જ નથી.

લોંકાશાહે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પ્રત્યાખ્યાન, દાન, પૂજા વગેરેનો નિષેધ કરેલો એ માટે ઉપરના સર્વ પ્રમાણો જોતાં શંકાને સ્થાન રહેતું જ નથી. અને હાલના

સ્થાનકવાસીઓ તો સામાયિક વગેરે સર્વને માને છે ત્યારે સ્થાનકવાસીઓ પોતાને લોંકાશાહના અનુયાયી કેમ કહી શકે? લોંકાશાહના અનુયાયી બનવું હોય તો સામાયિક વગેરે સર્વ ધર્મ ક્રિયાનો સ્થાનકવાસીઓએ ઇન્કાર કરવો જોઈએ. સ્થાનકવાસીઓ તેમ કરવા તૈયાર છે?

લોંકાશાહે જે ધાર્મિક ક્રિયાઓ વગેરેનો બહિષ્કાર અથવા નિષેધ કરેલો તે બાબત લોંકાગચ્છના યતિઓએ, મૂર્તિપૂજક યતિઓએ, દિગંબર લેખકોએ તથા તપાગચ્છના વિરોધી કડુઆ શાહ વગેરેએ, એ બધાએ એકસરખી રીતે એક સરખીજ વાત કરી છે. તો શું એ બધાજ લોંકાશાહના વિરોધી હતા? નહિ જ. એથી પણ પૂરવાર થાય છે કે લોંકાશાહ સંબંધી પ્રાચીન લેખકોએ જે લખ્યું છે તે સાચું જ લખ્યું છે. છતાં તે સાહિત્યને સાચું નહિ માનનારને દુરાગ્રહી, કદાગ્રહી અને હઠાગ્રહી જ કહી શકાય. અને એ આગ્રહો મિથ્યાત્વના જ અંશો ગણી શકાય.

૫

લોંકાશાહનો જન્મદિન, જન્મસ્થળ

લોંકાશાહના અનુયાયી અને લોંકાશાહ પછી ફક્ત ચાળીશ વર્ષે જ થયેલા યતિ ભાનુચંદ્રની ચોપાઈ સૌથી વિશેષ વિશ્વાસપાત્ર છે તેમ જ પ્રાચીન છે. તેમણે લખ્યું છે કે—

સોરઠ દેસે લીંબડી ગામઇ,
દશા શ્રીમાળી ડુંગર નામઇ,
ઘરણી ચૂડા ચિત્ત ઉદારી,
દીકરો જાયો હરષ અપારી. ૩.

ચૌદસય બ્યાસી વઈસાખઇ,
વદ ચૌદસ નામ લુંકો રાખઇ,
આઠ વરિસનો લુંકો થયો,
સા ડુંગર પરલોકઈ ગયો. ૪.

એટલે કે લોંકાશાહનો જન્મ સૌરાષ્ટ્રના લીંબડી ગામમાં સં. ૧૪૮૨ના વૈશાખ વદ ચૌદસના દિવસે થયો. તેમના માતાપિતાના નામ ડુંગરશાહ અને ચૂડાબહેન હતા. લોંકાશાહની આઠ વરસની ઉંમરે તેમના પિતા ડુંગરશાહ પરલોકવાસી થયા હતા.

સ્થા. મુનિશ્રી મણીલાલજીએ **જૈન ઇતિહાસ અને પ્રભુવીર પટાવલી** નામનું પુસ્તક લખેલું છે અને તે સ્થાનકવાસી જન કાર્યાલય, અમદાવાદ તરફથી વિ. સં. ૧૯૯૧માં પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તક સ્થાનકવાસી જૈન કોન્ફરન્સની તા. ૧૦-૫-૧૯૩૬ ની જનરલ વાર્ષિક બેઠકમાં અમાન્ય ઠરાવેલ છે કારણ કે તે પુસ્તકમાં ઐતિહાસિક રીતે ખોટી અને અવિશ્વસનીય હકીકતો આપવામાં આવી છે.

આ પુસ્તકમાં બીજી હકીકતોની જેમ મુનિશ્રી મણીલાલજીએ યતિ નાયકવિજયના શિષ્ય કાંતિવિજયે પાટણમાં સં. ૧૬૩૬ની વસંત પંચમીએ લખેલું બે પાનાનું લોંકાશાહનું જીવનચરિત્ર છાપેલું છે. પરંતુ આ જીવનચરિત્ર વાંચતાં જ એ બનાવટી છે એમ સૌ કોઈ સમજી શકે તેમ છે.

સં. ૧૬૩૬માં એટલે લગભગ ચારસો વરસ પહેલાં આ જીવન ચરિત્ર લખેલું કહેવામાં આવેલ છે. પરંતુ તેની ભાષા ઉપરથી જ તે ચરિત્ર હાલના જ કોઇ માણસે લખેલું છે એમ ચોક્કસ કહી શકાય છે. કારણકે ચારસો વરસની ભાષામાં અત્યારની ભાષા કરતાં ઘણો ફરક હતો. ત્યારે આ કહેવાતું ચરિત્ર તો હાલની ભાષામાં લખાયલું છે. તેમાં ચારસો વરસની ભાષા જ નથી.

વળી ઐતિહાસિક રીતે પણ તે ખોટું છે. કારણ કે તેમાં લોંકાશાહ સં. ૧૫૦૦માં અમદાવાદમાં આવ્યા અને ત્યાં ધીરધારનો ધંધો શરૂ કર્યો, ત્યારપછી લોંકાશાહને ત્યાં બાદશાહ સાથે ઓળખાણ થઈ. એમ લખેલું છે અને તે પછી લોંકાશાહ તીજોરીદાર બન્યા વગેરે હકીકતો લખેલી છે.

પરંતુ ઇતિહાસ પ્રમાણે એ હકીકત ખોટી ઠરે છે કારણકે અમદાવાદના બાદશાહ વિ. સં. ૧૪૯૭માં મરણ પામેલા હતા. એટલે લોંકાશાહને તેમની સાથે સં. ૧૫૦૦ પછી ઓળખાણ થવાનું લખ્યું છે તે બની શકે જ નહિ. એ પ્રમાણે એ બે પાનાનું આખુંય જીવનચરિત્ર બનાવટી ઉપજાવી કાઢેલું જ ઠરે છે.

સ્થા. મુનિ શ્રી મણીલાલજીએ તેમની પ્રભુવીર પટ્ટાવલીમાં લખ્યું છે કે—લોંકાશાહ જયપુર ગયેલા અને ત્યાં તેમને કોઈએ ઝેર આપવાથી અકસ્માત મૃત્યુ પામેલા. જયપુર શહેર સવાઈ જયસિંહ મહારાજે લોંકાશાહની પછી બસો વર્ષે આબાદ વસાવેલું. એ ઉપરથી પણ સ્થા. મુનિશ્રી મણીલાલજીએ લખેલું જીવનચરિત્ર કેવું ખોટું છે, ઢંગધડા વગરની ઉપજાવી કાઢેલી વાતોથી ભરપૂર છે તે સમજી શકાય છે.

એથી એ બનાવટી જીવન ચરિત્રમાં લોંકાશાહનો જન્મ કાર્તિક સુદ ૧૫નો જણાવેલ છે તે પણ ખોટો ઠરે છે. યતિ ભાનુચંદ્ર લોંકાશાહના અનુયાયી હોવાથી તેમણે સાચું જ લખ્યું હોય. વળી એ બનાવટી જીવનચરિત્રની પહેલાં ૫૮ અઠાવન વર્ષ પહેલાં યતિ ભાનુચંદ્રે લોંકાશાહનું જીવનચરિત્ર લખેલું હોઈ એ ચરિત્ર જ સાચું ગણી શકાય.

એટલે લોંકાશાહનો જન્મ સં. ૧૪૮૨ના વૈશાખ વદ ચૌદસના રોજ થયેલો હતો અને જન્મસ્થળ લીંબડી હતું.

લોંકાશાહના જન્મસ્થળ વિષે પણ મતભેદ છે પરંતુ યતિ ભાનુચંદ્રની વાત વિશ્વાસપાત્ર હોવાથી તેમનું **જન્મસ્થળ લીંબડી** હોવાનો જ

વિશેષ સંભવ છે. વળી એ વાત વિશેષ માન્ય ગણવાનું કારણ એ પણ છે કે લોંકાશાહના ફૂઈના દીકરા લખમસી પણ લીંબડીમાં હતા.

૬
લોંકાશાહનો વ્યવસાય

લોંકાશાહના અનુયાયી યતિ ભાનુચંદ્રે તેમની ચોપાઈમાં લખ્યુ છે કે—

આઠ વરિસંનો લુંકો થયો,
સા ડુંગર પરલોકઈ ગયો. ૪
લખમસી પુઈનો દીકરઈ
દ્રવ્ય લુંકાનું તેણઇ હરઉં,
ઉંમર વરિસ સોળાની થઈ,
ચુડા માતા સરગિં ગઈ. ૫
આવઇ અમદાવાદ મંઝાર,
નાણાવટીનો કરઇ વ્યાપાર.

લોંકાશાહના પિતા લોંકાશાહની આઠ વર્ષની વયે અવસાન પામેલા અને તેમની માતા તેમની સોળ વર્ષની વયે અવસાન પામ્યા. લોંકાશાહની આઠ વર્ષની ઉંમરે તેમના પિતા ગુજરી જવાથી તેમની કિંમતી મિલ્કત તેમની ફૂઇના દીકરા લખમસીએ લઈ લીધી હતી.

સોળ વર્ષની ઉંમરે નિરાધાર થવાથી લોંકાશાહ અમદાવાદ આવ્યા અને ત્યાં નાણાવટ, ધીરધારનો ધંધો કરવા લાગ્યા.

તે ઉપરાંત સર્વ પ્રાચીન લેખકોએ બતાવ્યું છે કે લોંકાશાહ પાસે મોટી મૂડી તો હતી નહિ તેથી ધીરધારના ધંધામાં પૂરતું કમાવા જેવું નહિ હોય તેથી સાથે સાથે લહિયાનું કામ પણ કરતા હતા.

લોંકાગચ્છી યતિ કેશવજી તેમના સિલોકામાં લખે છે કે—

> **જ્ઞાનસમુદ્રની સેવા કરતાં,**
> **ભણીંગુણીં લહિઉ બન્યો તવ ત્યાં,**
> **દ્રમ્મ કમાણી શ્રુતની ભકિત,**
> **વધઈ રંગઈ ધર્મની શકિત. ॥ ૧૨ ॥**

એટલે કે જ્ઞાનસમુદ્ર (જ્ઞાનસાગર) સૂરિ પાસે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને લહિયા બન્યા. તેથી એક તો દ્રવ્યપ્રાપ્તિ અને બીજું જ્ઞાનની ભક્તિ. એ પ્રમાણે લોંકાશાહનો વ્યવસાય હતો.

આ પ્રમાણે ધીરધારથી તથા લહિયાનું કામ કરીને લોંકાશાહ પોતાની આજીવિકા ચલાવતા હતા.

૭

લોંકાશાહના જ્ઞાન, વિદ્વત્તા

આપણા સમયમાં કોઈ વ્યક્તિ વિદ્વાન હોય તો આપણે તેને પ્રત્યક્ષ પ્રમાણથી, અનુભવથી વિદ્વાન માની શકીએ. ત્યારે કંઈ વર્ષો પહેલાં થઈ ગયેલી વ્યક્તિના જ્ઞાન, વિદ્વતા માટે કોઈ પણ જાતનું સાહિત્યિક પ્રમાણ જોઈએ. તે સિવાય સામાન્ય બુદ્ધિનો માણસ પણ કોઈ વ્યક્તિને એકદમ જ્ઞાની કે વિદ્વાન માની શકે નહિ.

જૈન સમાજમાં અનેક વિદ્વાનો થઈ ગયેલા છે અને તે વિદ્વાનોએ બનાવેલા સેંકડો ગ્રંથ અત્યારે પણ મોજુદ છે કે જેના ઉપરથી તેમના જ્ઞાન અને વિદ્વતાની ખાત્રી થઈ શકે છે.

ત્યારે સોળમી સદીમાં થયેલા અને સ્થાનકવાસીઓ જેને મહાજ્ઞાની અને વિદ્વાન તરીકે ઓળખાવે છે તે લોંકાશાહના જ્ઞાન અને વિદ્વત્તાનું પ્રમાણ શું છે? કશું જ નથી. તો પછી આધુનિક લેખકોની કલ્પનાથી તેમણે જે લખ્યું કે કહ્યું તે માની શકાય જ નહિ.

વળી ઠેઠ ઓગણીશમી સદી સુધી તો સ્થાનકવાસીઓ પણ લોંકાશાહને એક સામાન્ય ગૃહસ્થ અને લહિયા તરીકે જ જાણતા હતા. સંવત ૧૮૬૫ માં સ્થા. મુનિશ્રી જેઠમલજીએ લખેલ સમકિતસાર પુસ્તકમાં સ્પષ્ટ લખેલ છે કે લોંકાશાહ પહેલાં નાણાવટી અને પછી લહિયા હતા. પણ તેમણે લોંકાશાહ જ્ઞાની કે વિદ્વાન હતા તેવું કયાંય કહ્યું નથી.

લોંકાશાહની બનાવેલી એકાદ ઢાળ, ચોપાઈ કે બીજું કંઈ લખાણ મળતું નથી ત્યારે કયા પ્રમાણ ઉપર લોંકાશાહના જ્ઞાન અને વિદ્વતા માટેના ઢોલ પીટવામાં આવે છે?

લોંકાશાહે તેમના નવા મતની શરૂઆત કરી ત્યારે તેમની સામે જરૂર ઉહાપોહ થયો હશે. તેમના મતનું ખંડન થયું હશે અને તેનાં પ્રમાણો આજે પણ મોજુદ છે. તો લોંકાશાહે તેમને જવાબ પણ આપ્યો હોવો જ જોઈએ ને! તો તેવા જવાબની એક પણ નકલ કેમ મળતી નથી?

ખંડન મંડનની વાત બાજુએ રાખો તો પણ જો લોંકાશાહ જ્ઞાની હોય તો તેમણે કોઈપણ તાત્ત્વિક કે દાર્શનિક પુસ્તક તો લખ્યું જ હોત. પણ તેમણે કોઈ પુસ્તક પણ લખ્યું નથી.

તેમ પણ નહિ તો લોંકાશાહે પોતાના મતની રૂપરેખા તો લખીને તૈયાર કરી હોવી જ જોઈએ. પણ લોંકાશાહનો સિદ્ધાંત સમજાવનારો એકાદ પત્ર પણ તેમના હાથનો લખેલો મળતો નથી.

લોંકાશાહના સમકાલીન કડુઆશાહે પણ પોતાનો મત ચલાવ્યો હતો. કડુઆશાહ ધુરંધર વિદ્વાન ન હતા તો પણ તેમણે પોતાના મતના નિયમ અને સિદ્ધાંત તો લખીને તૈયાર કર્યા હતા કે જે આજે પણ ઉપલબ્ધ છે.

આ સર્વ ઉપરથી સાબિત થાય છે કે લોંકાશાહમાં કોઈ પણ પ્રકારનું વિશેષ જ્ઞાન નહોતું. લોંકાશાહ જો સહેજ

પણ બુદ્ધિમાન હોત તો તેમણે સૂત્રો તેમજ ધાર્મિક ક્રિયા વગેરેનો નિષેધ કર્યો નહોત.

લીંબડી (સૌરાષ્ટ્ર)માં ઉછરેલા હોવાથી અને અમદાવાદમાં જીવન વિતાવેલું હોવાથી લોંકાશાહને ગુજરાતી ભાષાનું જ્ઞાન તો જરૂર હતું જ. પણ લહિયા તરીકે દેવનાગરી અને જૈન લિપિનું જ્ઞાન જરૂર જોઇએ. તે જ્ઞાન તેમનામાં નહોતું તેથી અમદાવાદમાં આવ્યા પછી, યતિ કેશવજીએ તેમની ચોપાઇમાં લખ્યું છે તેમ, લોંકાશાહે જૈન લિપિ જ્ઞાન યતિ જ્ઞાન સાગરજી પાસેથી મેળવ્યું હતું. અને તે પછી લહિયા તરીકેનું કામ શરૂ કર્યું હતું.

લહિયાનું કામ એ જ્ઞાન કે વિદ્વત્તાની નિશાની નથી.

જીંદગીભર લહિયાનું કામ કરનારા પણ કોઇ જ્ઞાની કે વિદ્વાન થઇ શકયા નથી. એટલું જ નહિ પણ લહિયાઓએ જ્ઞાનના અભાવે સૂત્રોમાં ઘણીવાર ખોટા શબ્દો લખી નાખ્યાના દાખલા જાણીતા છે.

વળી સ્થાનકવાસીઓ લોંકાશાહના સુંદર અક્ષર માટે ખૂબ પ્રશંસા કરે છે. **સુંદર અક્ષર એ પણ જ્ઞાન કે વિદ્વત્તાની નિશાની નથી.** લહિયાના અક્ષર સારા તો હોવા જ જોઈએ. કારણકે નહિતર કોઈ તેની પાસે પુસ્તક લખાવે જ નહિ. પરંતુ લોંકાશાહના અક્ષર માટે આજે જે વધુ પડતી પ્રશંસા કરવામાં આવે છે તેવું કોઈ પણ પ્રાચીન લેખકે જણાવ્યું નથી.

તેવી જ રીતે કોઈ પણ પ્રાચીન લેખકે લોંકાશાહના જ્ઞાન કે વિદ્વત્તા માટે પણ કશું ય લખ્યું નથી. એથી સિદ્ધ થાય છે કે લોંકાશાહમાં કંઈ પણ અસાધારણ જ્ઞાન કે વિદ્વતા નહોતા.

આજના સ્થા. લેખકો કે પ્રવચનકારો જે રીતે લોંકાશાહને મહાવિદ્વાન તરીકે ઓળખાવે છે તે એક તેમની મનઘડંત નવી ઉપજાવેલી વાત છે. મહાવિદ્વાન

પ્રતિભાશાળી માણસ હોય તેમણે કંઈક લેખ પુસ્તક તો લખ્યા જ હોય. પણ લોંકાશાહે એક પણ પુસ્તક લખ્યાનો કોઈ પણ લેખકે કશોય ઉલ્લેખ કર્યો નથી.

મતલબ કે લોંકાશાહમાં કોઈપણ પ્રકારનું વિશેષ જ્ઞાન હતું જ નહિ.

૮

લોંકાશાહે બત્રીશ સૂત્રો લખ્યા હતા?

લોંકાશાહનું જીવન ચરિત્ર લખનાર સ્થાનકવાસી લેખકો એમ બતાવે છે કે લોંકાશાહે યતિજીને બત્રીશ સૂત્રો લખી આપેલા તેની એક એક નકલ વધારે કરીને તેમણે પોતા પાસે રાખી લીધેલી. અને એ બત્રીશ સૂત્રોની સહાયથી તેમણે પોતાનો ક્રાંતિકારી મત ચલાવ્યો.

એટલે કે **લોંકાશાહે ચોરી છુપીથી બત્રીશ સૂત્રો મેળવ્યા હતા.** પરંતુ શ્રી અમોલખ ઋષિજીને પોતાના ગુરુ ઉપર આવી રીતે ચોરીનું કલંક લગાડાય છે તે ગમ્યું નહિ. તેથી તેમણે સં. ૧૯૮૩ માં તેમની "શાસ્ત્રોદ્ધાર મીમાંસા"માં લખ્યું કે—

"યતિજીએ લોંકાશાહને એક સૂત્ર લખવાનું આપેલું તેની લોંકાશાહે બે નકલ કરી અને યતિજીને આપતાં કહ્યું કે એક નકલ તમારે માટે અને એક મારા માટે મેં લખી છે. ત્યારે સરળ, સ્વભાવી અને જ્ઞાનપ્રચારના પ્રેમી યતિજીએ ખુશી થઈને કહ્યું કે ભલે, તમે પણ એક નકલ રાખીને વાંચજો......એ પ્રમાણે લોંકાશાહે બત્રીશ સૂત્રોની બબ્બે નકલ બનાવી."

"આગળ જતાં શ્રી અમોલખ ઋષિજી લખે છે કે—નંદી સૂત્રમાં ૭૨ સૂત્રોના નામ છે પણ બાકીના ૪૦ સૂત્રો વિચ્છેદ ગયા છે."

પરંતુ સ્થા. મુનિશ્રી જેઠમલજીએ તેમના સમકિતસારમાં લોંકાશાહે બત્રીશ સૂત્રો લખ્યાની કશી જ વાત લખી નથી. એટલું જ નહિ પણ સૌથી પ્રાચીન લેખક અને લોંકાશાહના અનુયાયી યતિ ભાનુચંદ્રે લોંકાશાહનું જીવનચરિત્ર વર્ણવ્યું છે તેમાં પણ લોંકાશાહે બત્રીશ સૂત્રોની એક એક નકલ કે બબ્બે નકલ કરવા સંબંધી કશું જ લખ્યું નથી.

પ્રાચીન એક પણ લેખકે કયાંય બતાવ્યું નથી કે લોંકાશાહે બત્રીશ તો શું પણ તેમાંના એક પણ સૂત્રની એક પણ નકલ કરી હોય એમ બતાવ્યું નથી. ત્યારે વા. મો. શાહ, સંતબાલ અને અમોલખ ઋષિજીએ બત્રીશ સૂત્ર લખ્યાની વાત લખી છે તે કશા પણ આધાર વિનાની હોઈ કલ્પિત જ ઠરે છે.

ધારો કે લોંકાશાહે બત્રીશ સૂત્રોની નકલ કરી હતી તો તે સૂત્રો આજે કયાંકથી પણ ઉપલબ્ધ થવા જોઇએ. બત્રીશેય નહિ તો થોડા થોડા નહિ તો એકાદ, એકાદ નહિ તો એક સૂત્રનાં થોડાં પાનાં પણ ઉપલબ્ધ થઇ શકે, લોંકાશાહના જ વખતમાં લખાયલા પુસ્તકો જ્ઞાનભંડારમાં આજે મળી શકે છે તો લોંકાશાહનું લખેલ કોઈ એક પણ સુત્ર મળતું નથી તે પણ સાબિત કરે છે કે લોંકાશાહે એક પણ સૂત્ર લખીને પોતાની પાસે રાખ્યું નહોતું.

શ્રી અમોલખ ઋષિજીએ બાકીના ૪૦ સૂત્રો વિચ્છેદ ગયાની વાત લખી છે તે તો આપોઆપ ખોટી ઠરે છે જ. કારણ કે તેમણે પોતે પણ લખેલું છે કે લોંકાશાહના જન્મ પહેલાં પણ અનેક હસ્તલિખિત સૂત્ર મળતા હતા અને આજે પણ મૂર્તિપૂજકો પાસે ૪૫ સૂત્રો તો છે જ. અને એ તો સૌ કોઈ જાણે છે તેમ અમોલખઋષિ પણ જાણતા હતા જ.

૯

સ્થાનકવાસીઓમાં બત્રીશ સૂત્રોની માન્યતા કેમ પ્રસરી ?

સ્થાનકવાસીઓ આજે બત્રીશ સૂત્ર માને છે અને જો લોંકાશાહે બત્રીશ સૂત્રોની નકલ કરી નહોતી તો સ્થાનકવાસીઓમાં બત્રીશ સૂત્રોની માન્યતા પ્રસરી કેવી રીતે ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનો ઉત્તર આ પ્રમાણે છે.

લોંકાશાહ તો સૂત્રોને જ માનતા નહોતા. લોંકાશાહે સૂત્રોનો તેમ જ સામાયિક વગેરે ધાર્મિક ક્રિયાઓનો તથા દાન અને પૂજાનો પણ વિરોધ કર્યો હતો એ વાત એકેએક પ્રાચીન લેખક સ્પષ્ટ રીતે જણાવે છે. જ્યારે લોંકાશાહ સૂત્રનો જ વિરોધ કરતા હોય ત્યારે તેઓ સૂત્રો લખીને પોતાની પાસે રાખે એ વાત બની જ શકે નહિ.

વળી લોંકાશાહમાં અર્ધમાગધી ભાષાનું કે સંસ્કૃત ભાષાનું જ્ઞાન હતું જ નહિ. તેથી પણ તેઓ સૂત્ર લખીને તેમની પાસે રાખે તેમ બને જ નહિ. અને એ સ્થિતિમા લોંકાશાહે બત્રીશ સૂત્રો માન્ય કર્યા હતા એમ કહેવું તે પણ સદંતર જૂઠાણું જ કહેવાય.

પરંતુ બત્રીશ સૂત્રોની માન્યતા ઉપસ્થિત થવાનું કારણ આ પ્રમાણે છે—

પાર્શ્વચંદ્રસૂરિ તપાગચ્છથી અલગ થયા ત્યારે લોંકાશાહ તો વિદ્યમાન નહોતા. પણ તેમના અનુયાયીઓએ આ તકનો સારો લાભ લીધો. તેમણે શ્રી પાર્શ્વચંદ્રસૂરિની પાસે જઈને તેમને પ્રાર્થના કરી કે— અમારા માટે જૈન સૂત્રોના અર્થ ગુજરાતી ભાષામાં કરી આપો તો અમારા ઉપર ઘણો મોટો ઉપકાર થશે.

પાર્શ્વચંદ્રસૂરિને એટલી તો ખબર હતી જ કે આ લોકો જૈનાગમના વિરોધી છે. તેથી તેમણે ત્રણ શરતે સૂત્રોના અનુવાદ કરી આપવાનું કબૂલ કર્યું. તે ત્રણ શરતો આ પ્રમાણે—

(૧) તમારે જૈન મૂર્તિયો તથા મંદિરોની નિંદા કરવી નહિ.

(૨) તમારે હંમેશ જૈન મંદિરમાં જઈને પ્રતિમાના દર્શન કરવા.

(૩) તમારે પૂર્વાચાર્યોના અવગુણ બોલવા નહિ.

લોંકાગચ્છાનુયાયીઓએ આ ત્રણેય શરતો સ્વીકારી. ત્યારે પાર્શ્વચંદ્રસૂરિજીએ સૂત્રો પર ટબ્બા લખવાનું કામ શરૂ કર્યું. અને જેમ જેમ સૂત્રો પર ટબ્બા લખાતા ગયા તેમ તેમ તે લોંકાગચ્છને આપતા ગયા. આ પ્રમાણે ૩૨ બત્રીશ સૂત્રોના ટબ્બા લખાઈ ગયા ત્યારે લોંકાગચ્છના અનુયાયીઓએ તેમણે સ્વીકારેલી શરતોનો ભંગ કર્યો. એટલે તેજ વખતે પાર્શ્વચંદ્રસૂરિએ વિશેષ ટબ્બા લખવાનું બંધ કર્યું.

આ પ્રમાણે બત્રીશ સૂત્રો તેમના હાથમાં આવ્યા તેથી તેઓ બત્રીશ સૂત્રોને માનવા લાગ્યા. પરંતુ એ બત્રીશ સૂત્રોમાં મૂર્તિ સંબંધી કંઈ પાઠ છે કે નહિ તેની તેમને ખબર જ નહોતી. તેટલું તેમને જ્ઞાન જ નહોતું નહિતર તે જ વખતે તેઓ મૂર્તિસંબંધી પાઠ વાળા સૂત્રો જુદા કાઢી તેને અમાન્ય કરી દેત.

કાળક્રમે લોંકાગચ્છમાંથી મૂર્તિનો વિરોધ દૂર થઇ ગયો અને તેઓ મૂર્તિને માનવા પૂજવા લાગ્યા.

ત્યારપછી મુનિશ્રી ધર્મસિંહજી તથા શ્રી લવજી ઋષિ એ બન્ને લોંકાગચ્છના યતિધર્મથી છૂટા પડીને મૂર્તિનો જોરશોરથી વિરોધ શરૂ કર્યો. તેમના અનુયાયી ઢુંઢિયા કહેવાયા અને પાછળથી સ્થાનકવાસી નામ ધારણ કર્યું.

તે વખતે મુનિ ધર્મસિંહજીએ બત્રીશ સૂત્રો ઉપર નવા ટબ્બા લખ્યા. તેમને વ્યાકરણનું કશું જ્ઞાન નહોતું. તેથી સૂત્રોના સત્ય અર્થ સમજી શક્યા નહિ અને મૂર્તિનો વિરોધ ચાલુ રાખવા માટે સૂત્રોમાં જ્યાં જ્યાં ચૈત્ય શબ્દ આવે છે

ત્યાં તેના—ક્યાંક સાધુ, ક્યાંક જ્ઞાન, ક્યાંક અરિહંત, ક્યાંક છદ્મસ્થ તીર્થંકર એમ જુદા જુદા અર્થ કરીને નવા ટબ્બા બનાવ્યા.

લોંકાગચ્છ પહેલેથી પાર્શ્વચંદ્રસૂરિના ટબ્બા માનતા હતા તેમ જ માનતા રહ્યા અને આજે પણ તેમ જ માને છે. ત્યારે સ્થાનકવાસીઓ શ્રી ધર્મસિંહ મુનિના ટબ્બાવાળા અર્થને માનવા લાગ્યા અને આજે પણ તેમ જ માને છે.

આથી સમજી શકાશે કે લોંકાશાહે એક પણ સૂત્ર લખ્યું નહોતું, તેમની પાસે એક પણ સૂત્ર હતું નહિ તેમ જ તેમને અર્ધમાગધી ભાષાનું જ્ઞાન પણ નહોતું. એટલે લોંકાશાહે બત્રીશ સૂત્રોની માન્યતા ચલાવી નહોતી.

બીજું એ કે શ્રી ધર્મસિંહજી મુનિ તથા શ્રી લવજી ઋષિની પહેલાં લોંકાગચ્છ બહુ પ્રસરેલો નહોતો. પણ આ બે મુનિઓએ તથા ત્રીજા ધર્મદાસજી મુનિએ અથાગ શ્રમથી તથા અનેક શિષ્યોને જુદા જુદા પ્રાંતોમાં મોકલીને સ્થાનકવાસી સંપ્રદાય ખૂબ વધાર્યો

છતાં એટલું તો ખરૂં જ કે તેમને એટલી મોટી ફતેહ મળવાનું કારણ પણ હતું. મૂર્તિપૂજકોએ મૂર્તિ પૂજાનો આડંબર એટલો બધો વધારી દીધો હતો અને મૂર્તિપૂજા એવી ખર્ચાળ બનાવી દીધી હતી કે તેથી ઘણા લોકો કંટાળી ગયા હતા અને જેવો આ મુનિઓએ મૂર્તિ વિરુદ્ધ પોકાર ઉઠાવ્યો કે તરત આ કંટાળેલા લોકો તેમાં ભળી ગયા.

સ્થાનકવાસી સંપ્રદાયમાં વિશેષ અનુયાયીઓ તે વખતે થવાનું મુખ્ય કારણ એ જ છે.

૧૦
લોંકાશાહ અને ભસ્મગ્રહ

શ્રી કલ્પસૂત્રમાં ઉલ્લેખ છે કે ભગવાન મહાવીરના નિર્વાણના સમયે બે હજાર વર્ષની મુદ્દતનો ક્રૂર ભસ્મગ્રહ બેઠો હતો. તેનું ફળ એમ જણાવવામાં આવે છે કે—બે હજાર વર્ષ સુધી શ્રમણ સંઘની ઉદયપૂજા નહિ થાય.

સ્થાનકવાસીઓનું કહેવું છે કે એ બે હજાર વર્ષની મુદ્દત પૂરી થઇ તેથી લોંકાશાહનો જન્મ થયો અને તેણે ધર્મનો ઉદ્ધાર કર્યો. સ્થાનકવાસીઓએ પ્રસંગાનુસાર આ વાત ઘટાવી દીધી છે છતાં તેમાં ક્ષતિ છે અને તે યથાર્થ નથી.

ભસ્મગ્રહના બે હજાર વર્ષ વિ. સં. ૧૫૩૦માં પૂરા થાય છે. ત્યારે લોંકાશાહે તેમનો મત વિ. સં. ૧૫૦૮ માં ચલાવવાનું શરૂ કર્યું હતું. એટલે ભસ્મગ્રહ ઉતરવા પહેલાં બાવીશ વર્ષ અગાઉ લોંકાશાહે નવો મત શરૂ કરેલો. તેથી સ્થાનકવાસીઓની વાત ઘટી શકતી નથી.

સંવત પનર અઠોતરઉ જાણિ,
લુંકુ લેહઉ મૂલની ખાણી,
સાધુ નિંદા અહનિશ કરઈ,
ધર્મ ધડાબંધ ઢીલઉ કરઈ. ૨

ટાલઇ વિનય વિવેક વિચાર,
ટાલઈ સામાયિક ઉચ્ચાર,
પડિક્રમણાનઉં ટાઈલ નામ,
ભામઈ પડિયા ઘણા તિણિગમ. ૪

સવંત પનરનું ત્રીસઈ કાલિ,
પ્રગટ્યા વેષધાર સમકાલિ,

દયા દયા પોકારઈ ધમ્મં,
પ્રતિમા નિંદી બાંધઈ કમ્મં. ૫

—ઉ. કમળ સંયમ

બીજું લોંકાશાહે ધર્મનો ઉદ્ધાર મુદ્દલ જ કર્યો નહોતો પરંતુ ખરૂં કહીએ તો અધર્મનું જ પ્રતિપાદન કર્યું હતું. કારણ કે જૈન શાસ્ત્રો-સૂત્રોને લોંકાશાહ માનતા નહોતા, સામાયિક વગેરે ધાર્મિક ક્રિયાનો તથા દાનનો લોંકાશાહ નિષેધ કરતા હતા. એટલે લોંકાશાહનો મત એ ધર્મનો ઉદ્ધાર નહોતો પણ ધર્મનુ પતન હતું. અથવા અધર્મનો પ્રચાર જ હતો.

લોંકાશાહ પછી બીજા એક ગૃહસ્થ કડુઆશાહ થયા હતા. તેમણે પણ સાધુઓનો વિરોધ કરી નવો મત સ્થાપ્યો હતો. એમ બે મત તે વખતે ધર્મ વિરુદ્ધના થયા હતા. તેનું કારણ તો એમ કહી શકાય કે ભસ્મગ્રહે ઉતરતાં પણ પોતાનો ક્રૂર સ્વભાવ બતાવી આપ્યો હતો. એ બન્નેની વર્ષાવલી આ પ્રમાણે છે—

લોંકાશાહ		કડુઆશાહ	
જન્મ	વિ. સં. ૧૪૮૨	જન્મ	વિ. સં. ૧૪૯૫
મત	વિ. સં. ૧૫૦૮	મત	વિ. સં. ૧૫૨૪
દેહાંત	વિ. સં. ૧૫૩૨	દેહાંત	વિ. સં. ૧૫૬૪

ઉપર કહ્યું તેમ ભસ્મગ્રહની અસર એ છે કે શ્રમણ સંઘની ઉદયપૂજા ન થાય. એટલે લોંકાશાહ અને કડુઆશાહના કાર્યોનો ભસ્મગ્રહના ઉતરવાની સાથે સંબંધ મેળવી શકાય નહિ. આ બે ગૃહસ્થોના કાર્યને ધર્મનો ઉદ્યોત ગણવામાં આવે તો સમજવાનું કે **ભસ્મગ્રહની અસર ધર્મના ઉદ્યોતને અટકાવતી નથી. કારણકે તે પૂર્વે અનેક વિદ્વાન આચાર્યોએ ધર્મનો ઉદ્યોત, આના કરતાં પણ વિશેષ પ્રકારે કર્યો હતો.**

વળી ધર્મમાં ફાંટા પાડવાને ધર્મનો ઉદ્યોત ગણવામાં આવે તો તે એક જાતનું ઘોર અજ્ઞાન જ કહેવાય. લોંકાશાહે અને કડુઆશાહે તો ધર્મસંઘથી છૂટા પડી ધર્મને હાનિ જ કરી છે. ધર્મમાં સુધારો કરી એકતા કરવામાં આવે તો જ તેને ધર્મનો ઉદ્યોત કહી શકાય. અથવા તો જૈનેતરને જૈનધર્મમાં લાવવામાં આવે તો તે પણ ધર્મના ઉદ્યોતનું કાર્ય કહેવાય. પણ લોંકાશાહે ધર્મના સાચા ઉદ્યોતનું એક પણ કાર્ય કર્યું નથી.

લોંકાશાહે ફક્ત ક્રોધથી, દ્વેષથી સૂત્ર, ધર્મક્રિયા, દાનપૂજા વગેરેનો બહિષ્કાર કર્યો હતો અને સ્થાનકવાસીઓએ સૂત્રના ખોટા અર્થ કરી મૂર્તિનો નિષેધ કર્યો છે એટલે તેમના કાર્યોમાં ધર્મનો ઉદ્યોત તો છે જ નહિ પણ તે ધર્મની હાનિનું જ કાર્ય છે અને તે અસંયતિ પૂજા નામના અચ્છેરામાં ગણાય.

૧૧
લોંકાશાહને
નવો મત કાઢવાનું કારણ

લોંકાશાહની વાત લખનાર બધા પ્રાચીન લેખકો એક વાત તો સ્પષ્ટ રીતે બતાવે છે કે લોંકાશાહને યતિઓ સાથે ઝઘડો થયો હતો. પણ તે ઝઘડો થવાનું કારણ જુદી જુદી રીતે બતાવે છે. તે કારણોની તપાસમાં નહિ પડતાં આપણે એટલું જ જાણી લઈએ કે લોંકાશાહને યતિ સાથે ઝઘડો થયો હતો. અને એ ઝગડાને લીધે તેમનું અપમાન કરી ઉપાશ્રયમાંથી કાઢી મૂકયા હતા.

અપમાનથી લોંકાશાહ ક્રોધે ભરાયા હોય તે સ્વાભાવિક છે. ઉપાશ્રયમાંથી નીકળી લોંકાશાહ સામેની દુકાનમાં બેઠા હતા ત્યાં એક

મુસલમાન લહિયા જે મુસલમાનોના પુસ્તકો લખવાનું કામ કરતા હતા તે ત્યાંથી નીકળ્યા અને તે લોંકાશાહના મિત્ર હોવાથી તેને બોલાવ્યા.

ત્યારે લોંકાશાહે ક્રોધમાં પોતાની વરાળ કાઢી હશે અને તે મુસલમાને તે વખતે પોતાની નાસ્તિક માન્યતાની વાત કરી હશે. ક્રોધ વખતે માણસને સત્ય વાત સૂઝતી નથી. તે અનુસાર લોંકાશાહને તે મુસલમાનની વાત ઠીક લાગી હશે એટલે કે અગ્નિમાં ઘી હોમવા જેવું થયું હશે, તેથી લોંકાશાહનો ક્રોધ યતિઓ તેમજ સૂત્રો અને ધર્મ ક્રિયા તરફ વૃદ્ધિ પામ્યો હશે અને તેથી તેમણે તે સર્વનો બહિષ્કાર કરવાનો નિશ્ચય કર્યો હશે એમ સર્વ પ્રાચીન લેખકોનું અનુમાન છે.

વીર વંશાવલીમાં ઉલ્લેખ છે કે—"લોંકાશાહ યતિઓના ઉપાશ્રયોમાં લહિયાનું કામ કરતા હતા. તેની મજુરીના પૈસા શ્રાવકો જ્ઞાન ખાતામાંથી આપતા હતા. એક વખતે પુસ્તકની લખાઇના પૈસા આપી દેતાં સાડા સતર દોકડા બાકી રહ્યા. તેથી શ્રાવકો અને લોંકાશાહ વચ્ચે આપસમાં તકરાર પેદા થઇ.

"લોંકાશાહ યતિઓની પાસે ગયા. યતિઓએ કહ્યું કે—લુંકા! અમે તો પૈસા રાખતા નથી. માટે શ્રાવકોથી તમારો હિસાબ કરી લીઓ. એ સાંભળી લોંકાને ગુસ્સો આવ્યો અને તે સાધુઓની નિંદા કરતા કરતા એક હાટ ઉપર આવીને બેઠા.

"ત્યાં એક મુસલમાન લહિયો મુસલમાનોના પુસ્તકો લખતો હતો અને લોંકાશાહનો મિત્ર હતો તે ત્યાંથી નીકળ્યો. તેણે લોંકાશાહને પૂછ્યું કે—હે શાહ લોંકા! તારા કપાળ પર શું છે?

"લોંકાશાહે કહ્યું કે—મંદિરનો સ્તંભ (તિલક) છે."

"તે વખતે સૈયદે લોંકાશાહને નાસ્તિકતાનો ઉપદેશ આપ્યો. તેથી લોંકાશાહની બુદ્ધિમાં વિકાર થયો. ત્યાર બાદ તેણે સૈયદની સંગતિથી જૈન ધર્મની બધી ક્રિયાઓનો લોપ કરી પોતાનો નવો મત કાઢ્યો."

ગમે તેમ હોય પણ લોંકાશાહે જૈન આગમો, યતિઓ, સામાયિક વગેરે ક્રિયાઓ તથા દાન પૂજાનો નિષેધ કરેલો એ તો નિશ્ચિત વાત છે.

જૈન શાસનમાં અસંયમી ગૃહસ્થે કાઢેલો હોય તેવો આ લોંકાશાહનો મત પહેલવહેલો જ નીકળ્યો હતો.

૧૨
લોંકાશાહનો સિદ્ધાંત

લોંકાશાહના અનુયાયી તરીકે આજે બે સમુદાય વિદ્યમાન છે— (૧) લોંકાગચ્છ અને (૨) સ્થાનકવાસી સંપ્રદાય.

એમ હોવા છતાં એ બન્નેની માન્યતામાં સખત વિરોધ છે. લોંકાગચ્છીય યતિ મૂર્તિને માને છે, મૂર્તિપૂજા કરે છે અને મુહપત્તિ રાખતા નથી. ત્યારે સ્થાનકવાસી સાધુઓ મુહપત્તિ ચોવીશે કલાક બાંધી રાખવાના દૃઢ આગ્રહી છે તેમજ મૂર્તિ અને મૂર્તિપૂજાના પ્રચંડ વિરોધી છે.

આ પ્રમાણે લોંકાશાહના જ અનુયાયી કહેવાતા બે સમુદાયો વર્તનમાં, આચારમાં એકબીજાથી તદ્દન વિરોધી મતના છે. ત્યારે સહેજે પ્રશ્ન થાય છે કે એ બેમાંથી લોંકાશાહના સાચા અનુયાયી કોણ?

ત્યારે તેનો નિર્ણય કરવા માટે આપણે લોંકાશાહના મતનો શું સિદ્ધાંત હતો તે સૌથી પહેલાં જાણવું જોઇએ.

પં. મુનિશ્રી લાવણ્યસમયજી વિ. સં. ૧૫૪૩ માં તેમની સિદ્ધાંત ચોપાઈમાં લખે છે કે—

> મતિ થોડી નઈ થોડું જ્ઞાન,
> મહિયલ બહુ ન માને દાન,
> પોસહ પડિકકમણુ પચ્ચખાણુ,
> નહીં માને એ ઇસ્યો અંજાણુ. ૧૩.

જિનપૂજા કરવા મતિ ટળી,
અષ્ટાપદ બહુ તીર્થ વળી.
નવિ માને પ્રતિમા પ્રાસાદ,
તે કુમતિ સિઉ કેહુ વાદ. ૧૪.

લુંટક મતનું કિસોઉ વિચાર,
જે પુણ ન કરેઇ શૌચાચાર,
શોચ વિહુણાઉ શ્રી સિદ્ધાંત,
પઢતા ગુણતાં દોષ અનંત. ૧૫૮.

ઉપાધ્યાય શ્રીકમળ સંયમજીએ વિ. સં. ૧૫૪૪માં તેમના સિદ્ધાંત સાર ચોપાઈમાં આ પ્રમાણે લખ્યું છે—

સંવત પન્નર અઠોતર ઉજાંણી,
લુંકો લહીઉ મૂલની ખાણિ,
સાધુનિંદા અહનિશિ કરઈ,
ધર્મ ધડાબંધ ઢિલાઉ ધરઈ. ૨.

તેહનઇ શિષ્ય મલીયો લખમસી,
જેહની બુધ્ધિ હિયાથી ખસી,
ટાલઈ જિનપ્રતિમા નઇ માન,
દયા દયા કરી ટાલઈ દાન. ૩.

ટાલઇ વિનય વિવેક વિચાર,
ટાલઇ સામાયિક ઉચ્ચાર,
પડીકકમણાનેઉ ટાલઈ નામ,
ભામઈ પડિયા ઘણા તિણિ ગામ. ૪.

વળી મુનિ વીકા તેમની અસૂત્ર નિરાકરણ બત્તીસીમાં લખે છે કે—

ઘર ખુણઇ તે કરઇ વખાણ,
છાંડઇ પડિક્કમણ પચ્ચખાંણ,
છાંડી પૂજા, છાંડીઉ દાન,
જિણ પડિમા કીધુઉ અપમાન. ૫.

પાંચમી આઠમી પાખી નથી,
માં છાંડી નઇ માહી ઇચ્છી,
વિનય વિવેક તિજિઉ આચાર,
ચારિત્રીયાં નઇ કહઇ ખાધાર. ૬.

આ ત્રણે લેખકો ભારે વિદ્વાન અને શાસ્ત્રના મર્મજ્ઞ હતા. લોંકાશાહનો દેહાંત સં. ૧૫૨૨માં થયો અને પં. લાવણ્યસમયજીએ સં. ૧૫૪૩ માં તથા ઉ. કમળ સંયમજીએ ૧૫૪૪માં આ ચોપાઇઓ રચી હતી એટલે ઉપરના ત્રણેય ઉદ્ધરણો લોંકાશાહના સમકાલિન તથા ઐતિહાસિક સત્ય સહિત સિધ્ધ થાય છે. તેથી લોંકાશાહની માન્યતા અને તેમના સિધ્ધાંતનો નિર્ણય થઈ જાય છે.

લોંકાશાહ જૈન સૂત્રો, યતિઓ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, દાન, દેવપૂજાનો ઇન્કાર કરતા હતા એટલું જ નહિ પણ તેઓ શૌચાચારનો પણ વિરોધ કરતા હતા.

વળી દિગંબર આચાર્ય શ્રી રત્નનંદીએ સં. ૧૫૨૭ ના અરસામાં તેમના ભદ્રબાહુ ચરિત્ર પુસ્તકમાં લખ્યું છે કે—વિ. સં. ૧૫૨૭ માં શ્વેતાંબરોમાં એક લુંકા નામે પાપાત્માએ જિનેન્દ્રની પૂજા તથા દાનને ઉત્થાપ્યા. એટલે લોંકાશાહ દાન તથા પૂજાને માનતા નહોતા.

આવી રીતે શ્વેતાંબર તેમજ દિગંબર અનેક લેખકોએ પોતપોતાના ગ્રંથમાં લોંકાશાહના વિષયમાં ઉલ્લેખ કર્યો છે. તે ઉપરાંત લોંકાશાહના

અનુયાયી અને વિદ્વાન ગણાતા યતિ કેશવજીએ તેમના ગ્રંથમાં લોંકાશાહના વિષયમાં લખ્યું છે કે—

> આગમ લખઈ મનમાં શંકઈ,
> આગમ સાખિ દાન ન દિસઈ,
> પ્રતિમા પૂજા ન પડિકકમણું,
> સામાયિક પોસહ પીણુ કમણું. ૧૩.
>
> શ્રેણિક કુણિકરાય પ્રદેશી,
> તુંગિયા શ્રાવક તત્ત્વગવેષી,
> કિણુંઈ પડિકકમણું નવિ કિધું,
> કિણુંઈ પરને દાન ન દિધું. ૧૪.
>
> સામાયિક પૂજા છંઈ ઢાલ,
> યતિ ચલાવઈ ઇણુવિધ પોલ,
> પ્રતિમા પૂજા બહુ સંતાપ,
> તો અમ્હિં કરઈ ધર્મની થાપ. ૧૫.

આ ઉપરથી સમજી શકાય છે કે લોંકાશાહ સામાયિક વગેરે ક્રિયાઓને તેમ જ દાનને પણ માનતા નહોતા માટે જ તેમના અનુયાયીએ તે પ્રમાણે લખેલ છે.

લોંકાશાહ પછી ૩૦–૪૦ વર્ષે જ થયેલા લોંકાગચ્છીય યતિ ભાનુચંદ્રના સમયમાં લોંકાશાહના મૂળ સિદ્ધાંતમાં કંઈક પરિવર્તન થયું હતું. તો પણ લોકો તો તેના મૂળ સિદ્ધાંતને અનુસરીને કહેતા કે લોંકાશાહ સામાયિક વગેરે ક્રિયાઓ તથા દાન પૂજાને માનતા નથી. તેથી, તેના જવાબમાં યતિ ભાનુચંદ્રે તેમની ચોપાઈમાં સં. ૧૫૭૮ માં લખ્યું છે કે—

> સામાયિક ટાલઇ બે વાર,
> પર્વપરે પોસહ પરિહાર,

પડિક્કમણું બિનવ્રત ન કરઈ,
પચ્ચખાંણુઈ કિમ આગાર ધરંઈ. ૧૭

ટાલઈ અસંયતી નઈ દાન,
ભાવપૂજાથી રૂડઉ જ્ઞાન,
દ્રવ્યપૂજા નવિકહિ જિનરાજ,
ધર્મ નામઈ હિંસાઇ અકાજ. ૧૮

સૂત્ર બત્રીશ સાચા સદ્દહ્યા,
સમતા ભાવે સાધુ કહ્યા,
સિરિ લુંકાનો સાચો ધર્મ,
ભ્રમે પડિયા ન લહઈ મર્મ. ૧૯

આ ઉપરથી સમજી શકાય છે કે સં. ૧૫૬૦માં શ્રી પાર્શ્વચંદ્ર સૂરિએ બત્રીશ સૂત્રોના ટબ્બા કરીને લોંકાગચ્છને આપ્યા પછી યતિઓએ લોંકાશાહની મૂળ માન્યતામાં કેટલોક સુધારો કર્યો હતો. પણ તે પહેલાંની લોંકાશાહની માન્યતા તો ઉપર કહી તે પ્રમાણે તદ્દન ધર્મ વિરુદ્ધની જ હતી.

તે સુધારો ઉપરની ચોપાઈ અનુસાર આ પ્રમાણે હતો—સામાયિક એક વાર, (બે વાર નહિ), પૌષધ પર્વના દિવસે, પ્રતિક્રમણુ વ્રતધારી શ્રાવક જ કરે, પ્રત્યાખ્યાન આગાર વિના લેવા, દાન અસંયમીને નહિ પણ ફક્ત સંયમીને જ દેવું, દ્રવ્યપૂજા નહિ પણ ભાવપૂજા કરવી, બત્રીશ સૂત્રોને માનવા અને સમતાભાવવાળા હોય તે જ સાધુ હોઈ શકે ઇત્યાદિ માન્યતાઓ નવેસરથી ઘડી હતી.

લોંકાશાહે તો ક્રોધમાં સામાયિક વગેરે ક્રિયાનો વિરોધ કરેલો હતો. પણ પાછળથી યતિઓને સમજાયું હશે કે આ વિરોધ ઠીક નથી તેથી તેઓએ સુધારો કર્યો હશે, અને તે પછી પણ આસ્તે આસ્તે વિશેષ સુધારો થતો ગયો અને આજે તો તે સર્વ ક્રિયાઓ મૂળ સૂત્રાનુસાર

લોંકાગચ્છ માને છે એટલું જ નહિ પણ તેઓ મૂર્તિ, મંદિર અને પૂજાને પણ માને છે એટલે તેમનો મૂર્તિપૂજકો સાથે માન્યતામાં કશો વિરોધ રહ્યો નથી.

૧૩

લોંકાશાહે ધર્મોપદેશ કર્યો હતો?

વા. મો. શાહે તેમની ઐતિહાસિક નોંધમાં ૬૮ મે પાને લખ્યું છે કે લોંકાશાહે પોતાનો બુલંદ અવાજ ભારતના ખૂણે ખૂણે પહોંચાડ્યો તથા પાટણ નિવાસી લખમસી તેમની પાસે આવેલા તેમને લોંકાશાહે એવો સરસ ધાર્મિક ઉપદેશ આપ્યો કે તે લોંકાશાહના પાકા અનુયાયી બની ગયા.

વળી વા. મો. શાહે ઐતિહાસિક નોંધના ૬૯ મે પાને લખ્યું છે કે સુરત, પાટણ, અરહટવાડા ઇત્યાદિ ચાર ગામોના સંઘ અમદાવાદ આવેલા. ને સંઘના માણસો લોંકાશાહનો ઉપદેશ સાંભળા આવતા હતા. આ ખબર યતિઓને પડતાં તેઓએ સંઘને કહ્યું કે સંઘનું ખર્ચ વધી જાય છે તો હવે સંઘે રવાના થવું જોઈએ.

ત્યારે સંઘપતિઓએ કહ્યું કે વરસાદ ઘણો પડ્યો છે, જીવોની ઉત્પત્તિ મોટા પ્રમાણમાં થઈ ગઈ છે તેથી અહીંથી સંઘ જઈ નહિ શકે, ત્યારે યતિઓએ કહ્યું કે આવો ધર્મ તમને કોણે બતાવ્યો? ધર્મના કાર્યમાં હિંસા નથી ગણાતી. ઇત્યાદિ. લાંબુ લખાણ છે.

સંતબાલે તેમના ધર્મપ્રાણ લોંકાશાહ પુસ્તકમાં એ જ વાત લખી છે. આ વાત તદ્દન ઉપજાવી કાઢેલી છે તે હવે આપણે જોઈએ.

લોંકાશાહના જ અનુયાયી યતિ ભાનુચંદ્ર સં. ૧૫૭૮ માં તેમની ચોપાઈમાં લખે છે કે—

હાટઉ બઈઠા દે ઉપદેશ,
સાંભળી યતિગણ કરઇ કલેસ,

સંઘનો લોક પણ પખિયો થયો,
સા લુંકા તવ લીંબડીઇ ગયો. ૧૧.

લખમશી હિવ તિહાં છઇ કારભારી
સા લુંકાનો થયો સહચારી,
અમારા રાજિમાં ઉપદેશ કરો,
દયા ધરમ છઇ સહુથી ખરો. ૧૨.

લોંકાશાહની પછી ૪૦ વર્ષે જ થયેલા અને લોંકાશાહના જ અનુયાયીની જ આ વાતમાં લખમસી કે સુરત વગેરે સંઘ અમદાવાદમાં આવ્યાની કંઈ વાત જ નથી. ત્યારે વા. મો. શાહ કે સંતબાલની વાત કેમ સાચી મનાય? આ વાત બનાવટી છે તે ઘણી રીતે સાબિત થાય છે. જેમકે—

(૧) સં. ૧૫૭૮ની ચોપાઈમાં લોંકાશાહ પાસે સંઘ આવ્યાની વાત નથી.

(૨) સં. ૧૬૩૬માં લખેલા જીવનચરિત્રમાં પણ એવી કશી વાત નથી.

(૩) સં. ૧૮૬૫માં મુનિશ્રી જેઠમલજીએ પણ તેમના સમકિતસારમાં એ વાત લખી નથી.

(૪) સં. ૧૯૭૭માં મુનિશ્રી અમોલખ ઋષિજીએ તેમના શાસ્ત્રોદ્ધાર મીમાંસા પણ એવો કશો ઉલ્લેખ કર્યો નથી.

(૫) સં. ૧૯૪૨ માં મુનિશ્રી મણિલાલજીએ પણ પ્રભુવીર પટ્ટાવલીમાં આવું કંઇ લખ્યું નથી.

(૬) ચાતુર્માસમાં જૈનોનો સંઘ નીકળતો જ નથી.

(૭) અમદાવાદ એ કોઈ તીર્થસ્થાન નથી કે ત્યાં ચાર સંઘ ભેગા થાય.

(૮) પાટણ, સુરત વગેરેથી સિદ્ધાચળ, ગિરનાર આદિ ઠેકાણે જવાના માર્ગમાં અમદાવાદ આવતું નથી.

આ સર્વ કારણો ઉપરથી ચોક્કસપણે સમજી શકાય છે કે આ વાત ઉપજાવી કાઢેલી છે. તેમાં સત્યનો અંશ પણ નથી. ફક્ત યતિની નિંદા અને લોંકાશાહની પ્રશંસા કરવા માટે જ આ વાત ઉપજાવી કાઢી છે એમ સ્પષ્ટ સમજી શકાય છે.

બાકી ઉપર કહી યતિ ભાનુચંદ્રની ચોપાઈ ઉપરથી સમજી શકાય છે કે અમદાવાદમાં લોંકાશાહની વાત કોઈએ માની નહિ તેથી નિરાશ થઈને તે પોતાના વતન લીંબડી ગયા. ત્યાં તેમનો ફઈનો દીકરો લખમશી કારભારી થયો હતો તેણે લોંકાશાહને સહકાર આપ્યો અને તેમને લીંબડી રાજ્યમાં ઉપદેશ કરવાની છૂટ આપી. *કારણ કે દયા ધર્મ સાચો છે એમ લખમશી માનતો હતો.

૧૪

મૂર્તિપૂજા અને મુહપત્તિ સંબંધમાં લોંકાશાહનું મંતવ્ય

સ્થાનકવાસીઓ પોતાને લોંકાશાહના અનુયાયીઓ માને છે અને સ્થાનકવાસીઓ મૂર્તિ અને મૂર્તિપૂજાનો વિરોધ કરે છે અને મુહપત્તિ ચોવીશેય કલાક બાંધી રાખવાનો આગ્રહ સેવે છે ત્યારે તે સંબંધમાં લોંકાશાહનું શું મંતવ્ય હતું તે વિચારવાનું પ્રાપ્ત થાય છે.

આપણે આગળ જોઈ ગયા કે લોંકાશાહે સં. ૧૫૦૮ માં તેમનો મત શરૂ કરતી વખતે આટલી વાતો માનતા નહોતા.—

(૧) જૈન સૂત્રોને માનતા નહોતા.

(૨) સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પ્રત્યાખ્યાન માનતા નહોતા.

(૩) દાન અને મંદિર, મૂર્તિ તથા મૂર્તિપૂજા માનતા નહોતા.

આ ઉપરથી મુખ્ય વાત એ નીકળે છે કે મૂર્તિ અને મૂર્તિપૂજા જૈન સિદ્ધાંતની વિરુદ્ધ છે માટે લોંકાશાહે વિરોધ કર્યો હતો એમ નથી.

પણ તેમને યતિઓની સાથે તથા સંઘની સાથે ઝઘડો થવાથી ક્રોધે ભરાઈને યતિ અને સંઘની વાતોનો જ વિરોધ કર્યો હતો.

યતિઓ સૂત્રની વાત કરે માટે સૂત્રનો વિરોધ કર્યો, યતિઓ સાંમાયિક વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવાનું કહે માટે તે સર્વ ક્રિયાઓનો વિરોધ કર્યો. યતિઓ મૂર્તિપૂજા કરવાનું કહે અને તેઓ મંદિરમાં રહે માટે મૂર્તિ, મંદિર અને પૂજાનો વિરોધ કર્યો, તેમજ સંઘ સાથે ઝઘડો થવાથી દાનનો, સ્વામી વાત્સલ્યનો વિરોધ કર્યો.

એટલે કે લોંકાશાહનો વિરોધ તત્ત્વ કે સિદ્ધાંતમાં મતભેદના કારણે નહોતો પરંતુ ફકત અંગત અપમાનથી ઉપજેલા ક્રોધનું જ તે પરિણામ હતું.

ત્યારે સ્થાનકવાસીઓ કે જેઓ પોતાને લોંકાશાહના અનુયાયી કહેવડાવે છે તેઓને મૂર્તિપૂજા અને મુહપત્તિ માટે સૈદ્ધાંતિક મતભેદ છે.

લોંકાશાહે દીક્ષા તો લીધી જ નહોતી. એટલે તેઓ મુહપત્તિ બાંધતા કે ન બાંધતા તે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અને ધાર્મિક ક્રિયાઓનો વિરોધ કરતાં પહેલાં તો મૂર્તિપુજકના અનુયાયી હતા તેથી તેમના રિવાજ પ્રમાણે જ તેઓ ચાલતા હોય.

લોંકાશાહને. ધાર્મિક ક્રિયાઓનો વિરોધ હોવાથી તેમનો મત ચાલી શકે તેમ હતું જ નહિ તેથી તેમના અનુયાયી યતિઓએ લોંકાશાહના અવસાન પછી થોડા વખતમાં જ થોડા ફેરફાર સાથે ધાર્મિક ક્રિયાઓને સ્વીકારી હતી, બત્રીસ સૂત્રો માન્ય કરતા હતા અને મૂર્તિમંદિર અને મૂર્તિપૂજા માન્ય કર્યા હતા. અને તે આજ સુધી તે પ્રમાણે લોંકાગચ્છમાં ચાલુ છે. લોંકાગચ્છના ઉપાશ્રમમાં મંદિરમૂર્તિ હોય છે અને મૂર્તિપૂજા પણ થાય છે.

સ્થાનકવાસીઓ અત્યારે મૂર્તિ અને મૂર્તિપૂજાનો જે વિરોધ કરે છે તથા મુહપતિ ચોવીશેય કલાક બાંધી રાખવાનો જે આગ્રહ સેવે છે તેની શરૂઆત તો મુનિઓ ધર્મસિંહજી અને લવજી ઋષિએ કરેલી. લોંકાગચ્છી યતિઓ તો ઘણા વખતથી મૂર્તિપૂજક બની ગયા હતા. પરંતુ સં. ૧૬૮૫ માં ગુરુ શિવજી ઋષિથી મુનિ ધર્મસિંહજીએ છૂટા પડી દરિયાપુરી સંપ્રદાય સ્થાપ્યો અને સં. ૧૬૯૨ માં વરજાંગઋષિથી છૂટા પડી મુનિશ્રી લવજી ઋષિએ ખંભાત સંપ્રદાયની શરૂઆત કરી. અને સં. ૧૭૧૬ માં ધર્મદાસજીએ પણ દીક્ષા લીધી અને તેમણે પણ ખૂબ ધર્મ પ્રચાર કર્યો.

ધર્મસિંહજીએ આઠ કોટિનો આગ્રહ પ્રવર્તાવ્યો ત્યારે લવજી ઋષિએ પહેલ વહેલ વહેલાં મુહપત્તિ ચોવીશેય કલાક દોરાથી મોઢે બાંધી રાખવાનો આગ્રહ ચલાવ્યો. પણ આ ત્રણેયે મૂર્તિ અને મૂર્તિ પૂજા વિરોધનો આગ્રહ તો નવેસરથી ચાલુ કરેલો. ત્યારથી એ માન્યતાઓ સ્થાનકવાસીઓમાં પ્રસરી અને દૃઢમૂળ થઈ.

યતિવર્ગમાંથી છૂટા પડી બીજા યતિઓએ પણ સ્થાનકવાસી ધર્મનો પ્રચાર કરેલો હતો. પણ આ ત્રણ મહાત્માઓ મુખ્ય હતા.

પરંતુ ખેદની વાત એ છે કે આ સર્વ ક્રિયોદ્ધારક મહાત્માઓએ શુદ્ધ ક્રિયા ઉપર જ ખૂબ ભાર મૂકેલો અને જ્ઞાનને તેટલું જ અવગણેલું. વ્યાકરણ તો કોઈ શિખેલા જ નહિ અને તેથી જ चेइय = ચૈત્ય શબ્દના ખોટા અર્થ કરી મૂર્તિનો ખોટી રીતે વિરોધ કરેલો અને આજે પણ તેમના અનુયાયીઓ તેવી જ રીતે ખોટો વિરોધ કરી રહેલ છે.

જ્ઞાન અને ક્રિયા એ ધર્મ રથના બે પૈડાં છે. એમાંથી એક પણ પૈડું ભાંગેલું રહે ત્યાં સુધી તે મોક્ષ-પુરીએ પહોંચાડી શકે નહિ. સ્થાનકવાસી સંપ્રદાય જ્ઞાનની અવગણના કરી ક્રિયા ઉપર જ ભાર મૂકી રહ્યો તેથી જ તે અપંગ બની ગયો. ત્રણસો વર્ષના ગાળામાં તે સંપ્રદાય એક પણ જ્ઞાની એવો ઉપજાવી શક્યો નહિ કે જે એકાદ પણ મૌલિક તાત્ત્વિક કે દાર્શનિક પુસ્તક લખી શકે.

૧૫

લોંકાશાહના મૃત્યુ સમયે તેમના અનુયાયી કેટલા ?

સ્થાનકવાસીઓ લોંકાશાહનું મહાત્મ્ય વધારવા માટે કહે છે કે તેમણે હિંદુસ્તાનમાં ભ્રમણ કરીને તેમના મતનો ખૂબ ફેલાવો કર્યો. આ વાતને કશો આધાર કે પ્રમાણ નથી. અને ઐતિહાસિક રીતે પણ તે ખોટી ઠરે છે.

લોંકાશાહના જીવનની વાતો લખનાર કોઈ પણ પ્રાચીન લેખકે લોંકાશાહ તેમના મતનો પ્રચાર કરવા બહાર નીકળ્યા હતા તેવું કાંઈ પણ લખ્યું નથી. કારણ કે મત પ્રચાર કરવા નીકળે એ તો એક મહત્વની વાત હોઇને લોંકાશાહ પ્રચાર કરવા નીકળ્યા હોત તો પ્રાચીન લેખકોએ બીજી વાતોની સાથે આ વાત પણ જણાવી હોત.

ઇતિહાસ ઉપરથી તો એમ જણાય છે કે લોંકાશાહને સં. ૧૫૦૮માં

યતિઓ તથા સંઘ સાથે ઝઘડો થયો તે પછી તેમણે તેમની સામે વિરોધની વાતો કરવા માંડી અથવા ઉપદેશ દેવા માંડ્યો. પણ અમદાવાદવાદમાં એક પણ માણસે તેમના મતને ટેકો આપ્યો નહિ.

સવંત પનર અઠોતરઉ જાણિ,
લુંકું લેહઉ ભૂલિની ખાણિ,
સાધુ નિંદા અહનિશિ કરઇ,
ધર્મ્મ ધડાબંધ ઢીલઉ કરઇ. ૨

સંવત પનરનુ ત્રીસઈ સાલિ,
પ્રગટ્યા વેષ ધાર સમ કાલિ,
દયા દયા પોકારઈ ધર્મ્મ
પ્રતિમા નિંદી બાંધઈ કર્મ્મ,

—ઉપાધ્યાય કમલ સંયમ

સા લુંકા આ માનઇ અપમાન,
પોસાલઈ જાવા પચ્ચખાણુ,
ઠામઠામ દયાઇ ધર્મ કહ્યો,
સાચો ભેદ આજ અમ્હિ લહ્યો. ૧૦

હાટઉ બઈઠો દે ઉપદેશ,
સાંભળી યતિ ગણ કરઇ કલેસ,
સંઘનો લોક પણ પખિયો થયો,
સા લુંકા તવ લીંબડી ગયો. ૧૧

—યતિ ભાનુચંદ્ર.

આ ચોપાઈઓ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે સં. ૧૫૦૮થી લોંકાશાહ હાટ ઉપર બેસીને હમેશ સાધુનિંદા વગેરે તેમનો ધર્મ વિરુદ્ધનો ઉપદેશ આપતા હતા. તે સાંભળીને યતિઓને પણ લોંકાશાહની અવળી મતિ પર ખેદ થતો હતો. યતિઓ અને સંઘ સાથે ઝઘડો થવાથી લોંકાશાહે ઉપાશ્રયે (પૌષધશાળાએ) તો જવાનું બંધ કર્યું હતું. અને હાટ પર બેસીને ઉપદેશ આપવા છતાં પણ અમદાવાદના લોકોએ તેમનો ઉપદેશ માન્ય કર્યો નહિ.

તેથી છેવટ કંટાળીને સં. ૧૫૩૦માં લોંકાશાહ અમદાવાદ છોડી પોતાના વતન લીંબડી ગયા:

લખમસી તે તિહાં છઈ કારભારી,
સા લુંકાનો થયો સહચારી.
અમારા રાજિમાં ઉપદેશ કરો,
દયા ધર્મ છઈ સહુથી ખરો. ૧૨

—યતિ ભાનુચંદ્ર

તે વખતે લોંકાશાહના ફઈનો દીકરો લખમસી તે રાજ્યમાં કારભારી થયો હતો. તેણે લોંકાશાહને આવકાર આપી લીંબડી રાજ્યમાં દયા ધર્મનો ઉપદેશ આપવાનું કહ્યું કારણ કે દયા એ જ સાચો ધર્મ છે.

આ ઉપરથી જોઈ શકાય છે કે સં. ૧૫૩૦ સુધી લોંકાશાહને કોઈ અનુયાયી મળ્યો નહોતો તેમ તેઓ અમદાવાદ કે લીંબડી સિવાય બીજા કોઈ ગામમાં ઉપદેશ દેવા પણ ગયા નહોતા.

દયા ધર્મી થયો બહુ લોગ,
એહવિ મલ્યો ભાણાનો સંયોગ,

ઘરડઉ લુંકો નવિ દીક્ષા લહિં,
પિણ ભાણો પોતે વેષ ગ્રહી. ૧૩

દયા ધર્મ જળહળતી જ્યોત,
સા લુંકે કિધુઉ ઉદ્યોત,
પનરસય બતીસઉ પ્રમાણુ,
સા લુંકો પામ્યો નિરવાણુ. ૧૪

—યતિ ભાનુચંદ્ર

લખમસી કારમારીએ સહકાર આપવાથી લોંકાશાહે લીંબડીમાં દયા ધર્મનો ઉપદેશ આપવો શરૂ કર્યો તે લીંબડીના લોકોએ સ્વીકાર્યો. તેવામાં લોંકાશાહને ભાણાનો સંયોગ થયો. લોંકાશાહ પોતે ઘરડા થયેલ હોવાથી તેઓ દીક્ષા લઈ શકયા નહિ પણ ભાણાએ પોતે દીક્ષા લઈ સાધુવેષ ગ્રહણ કર્યો.

એમ લોંકાશાહે દયા ધર્મની જળહળતી જ્યોતનો ઉદ્યોત કર્યો. અને સં. ૧૫૩૨માં લોંકાશાહ સમાધિ મરણને પ્રાપ્ત થયા.

આ પ્રમાણે લોંકાશાહના મૃત્યુ સુધી લખમસી, ભાણજી અને લીંબડીના થોડાક શ્રાવકો એટલા જ તેમના અનુયાયી હતા. પરંતુ તેમના મૃત્યુ પછી લખમસી અને ભાણજીએ વિચાર્યું હશે કે સૂત્રો અને સામાયિક વગેરે ધાર્મિક ક્રિયાઓનો વિરોધ કરવાથી તેમનું કામ ચાલી શકશે નહિ તેથી તેમણે તે સંબંધમાં થોડી છૂટછાટ મૂકવા માંડી હશે કે જે આપણે યતિ ભાનુચંદ્રની ચોપાઈમાં અગાઉ જોઈ ગયા છીએ.

સારાંશ એ છે કે—

લોંકાશાહ કયાંય પણ ઉપદેશ કરવા ગયા નહોતા.

અમદાવાદમાં લોંકાશાહને કોઈ અનુયાયી મળ્યો નહોતો.

લીંબડીમાં લોંકાશાહના દેહાંત સમયે તેમને લખમસી, ભાણજી અને થોડાક લીંબડીના શ્રાવકો એટલો જ અનુયાયી વર્ગ મળ્યો હતો.

એ સિવાય વા. મો. શાહ વગેરે આધુનિક લેખકોએ લખેલી બધી વાતો ખોટી છે.

દરેક બાબતમાં સત્ય હોય તે જ માનવું અને સત્યને જ અનુસરવું એ જ સાચા શુદ્ધ જૈન ધર્મનું ફરમાન છે.

લોંકાશાહનું ટુંકું જીવનચરિત્ર

લોંકાશાહનું જીવન ચરિત્ર ટુંકામાં વર્ણવવું હોય તો આ પ્રમાણે કહી શકાય—

લીંબડી (સૌરાષ્ટ્ર)માં દશાશ્રીમાળી વણિક ડુંગરશાહના પત્ની ચૂડાની કુક્ષીએ સં. ૧૪૮૨ ના વૈશાખ વદ ચૌદસને દિવસે લોંકાશાહનો જન્મ થયો હતો.

લોંકાશાહ આઠ વર્ષના થયા ત્યારે તેમના પિતાનું અવસાન થયું અને ત્યારે ડુંગરશાહ જે કંઇ થોડી ઘણી પુંજી મૂકી ગયેલા તે લોંકાશાહના ફૂઇના દીકરા લખમસીએ હડપ કરી લીધી.

લોંકાશાહ સોળ વર્ષના થયા ત્યાર તેમની માતા પણ ગુજરી ગયા તેથી લોંકાશાહ નિરાધાર થઈ ગયા. તેથી કમાવાને માટે લોંકાશાહ અમદાવાદ ગયા.

ત્યાં થોડો વખત નોકરી કરી પછી નાણાવટ (ધીરધાર)નો ધંધો શરૂ કર્યો. તે વખતે લોંકાશાહ દેવપૂજા, સામાયિક આદિ ધાર્મિક ક્રિયાઓ કરતા હતા તેમજ વ્યાખ્યાન સાંભળવા પણ જતા હતા.

ધીરધારમાં પૂરતી કમાણી નહિ હોવાથી યતિ જ્ઞાનસાગરજી પાસે જૈન લિપિનું જ્ઞાન મેળવીને લહિયાતું પણ કામ કરવા લાગ્યા.

એક વખત હિસાબ સંબંધમાં તકરાર થવાથી તેમજ યતિના આચાર સંબંધમાં તકરાર થવાથી લોંકાશાહ અભિમાની પ્રકૃતિના હોવાથી ભારે ગુસ્સામાં આવી ગયા. તેથી યતિઓએ અને સંઘના માણસોએ તેમનું અપમાન કરી તેમને ઉપાશ્રયમાંથી બહાર કાઢી મૂકયા.

લોંકાશાહ બહાર આવીને ઉપાશ્રયની સામે કોઈ હાટ ઉપર બેસીને સાધુની નિંદા કરવા લાગ્યા. તે વખતે તેમનો એક મુસલમાન સૈયદમિત્ર કે જે પણ લહિયો હતો તે ત્યાંથી નીકળ્યો. ત્યારે તે સૈયદે મુસલમાન ધર્મ પ્રમાણેની નાસ્તિકતાની વાતો કરી લોંકાશાહના ક્રોધાગ્નિમાં ઘી રેડવા જેવું કર્યું.

એ પ્રમાણે યતિઓના નિમિત્તથી અનહદ ગુસ્સે થઇને લોંકાશાહે જૈનસૂત્રો, સાધુઓ, મંદિરમૂર્તિ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, દાન, દેવપૂજાનો બહિષ્કાર કર્યો અને યતિઓનો તો હિંસાધર્મ છે એમ પોકાર કરી પોતાનો દયાધર્મ છે એમ કહી નવો મત સ્થાપન કર્યો

પરંતુ અમદાવાદના શ્રાવકો સમજુ હોવાથી લોંકાશાહના મતને કોઇએ આવકાર આપ્યો નહિ. તેથી છેવટે ખિન્ન, નિરાશ અને તિરસ્કૃત થઇને અમદાવાદ છોડીને પોતાના વતન લીંબડીમાં આવ્યા.

ત્યાં તે વખતે તેમના ફઇના દીકરા લખમશી કારભારી પદે હતા તેમણે લોંકાશાહની વાત સાંભળીને તેમને લીંબડી રાજ્યમાં બેધડક દયા ધર્મનો પ્રચાર કરવાની છૂટ આપી. પરંતુ તે વખતે લોંકાશાહ વૃદ્ધ ઉમરના થઈ ગયા હતા તેમ તંદુરસ્તી પણ સારી નહોતી તેથી ઝાઝો પ્રચાર કરી શકયા નહિ.

તો પણ લખમસી ઉપરાંત ભાણુજી નામનો એક અનુયાયી તેમને મળી ગયો. તેણે સ્વયં દીક્ષા લઈને લોંકાશાહના મતનો પ્રચાર શરૂ

કર્યો. તે કંઇ વિશેષ કામ કરી શકે તે પહેલાં સં. ૧૫૩૨માં લોંકાશાહનો દેહાંત થયો.

તે પછી ભાણજી વગેરેએ લોંકાશાહના મૂળ મતમાં કેટલોક સુધારો કરીને લોકમત ચલાવ્યો અને તેના અનુયાયીઓ લોંકાગચ્છી કહેવાયા.

લોંકાશાહની માન્યતા તો સદંતર ધર્મ વિરુદ્ધની જ હતી. એટલે ખરૂં કહીએ તો આજે લોંકાશાહનો તો કોઇ અનુયાયી છે જ નહિ.

લોંકાગચ્છ અને સ્થા. માન્યતામાં ફરક

પણ લોંકાશાહને પોતાના આદ્ય પુરુષ તરીકે માન્ય કરતા બે સમુદાયો વચ્ચે પણ માન્યતામાં મોટો ફરક છે તે અત્રે ટુંકામાં બતાવું છું.

લોંકાગચ્છી માન્યતા	સ્થાનકવાસી માન્યતા
બત્રીશ સૂત્રો ઉપર પાર્શ્વચંદ્રસૂરિએ કરેલ ટબ્બાને માન્ય કરે છે.	પાર્શ્વચંદ્રના ટબ્બામાં ફેરફાર કરી ધર્મસિંહજી મુનિએ બનાવેલ ટબ્બાને માને છે.
મૂર્તિપૂજાને માને છે.	મૂર્તિપૂજાને માનતા નથી.
ઉપાશ્રયમાં મૂર્તિ તથા મંદિર રાખે છે.	મૂર્તિ તથા મંદિરને માનતા નથી.
મૂર્તિની પ્રતિષ્ઠા કરે છે.	મૂર્તિ માનનારની નિંદા કરે છે.
સામાયિક આદિ ક્રિયામાં સ્થાપનાજી રાખે છે.	સ્થાપનાને માનતા નથી.
મુહપત્તિ બાંધતા નથી.	મુહપત્તિ બાંધી રાખવાના આગ્રહી છે.

યતિ હાથમાં ડંડો અને કાંધે કામળી રાખે છે.	કાંઈ રાખતા નથી.
ઓઘો નાની ડાંડીવાળો રાખે છે.	મોટી ડાંડીવાળો ઓઘો રાખે છે.
શ્રાવકોના ઘેરથી જ ગોચરી વહોરે છે કારણ આહાર પાણીની શુદ્ધતા રહે છે.	અજૈનને ત્યાં પણ વહોરે છે ત્યાં શુદ્ધતા રહેતી નથી.

આ સિવાય બીજી પણ ઘણી પ્રવૃત્તિઓ છે કે જેમાં લોંકાગચ્છ અને સ્થાનકવાસીઓમાં મોટો ફરક છે. અત્યારે લોંકાગચ્છ એ મૂર્તિપૂજક તપાગચ્છની એક શાખા જેવો ગણાય. ત્યારે સ્થાનકવાસી સંપ્રદાય તેનો વિરોધ પક્ષનો ગણાય.

અધર્મની પ્રરૂપણા કરનાર અને જૈન સમાજમાં ધર્મ વિરુદ્ધની વાતો કે ધર્મ વિરુદ્ધના સિદ્ધાંતો ફેલાવનાર વ્યક્તિને પોતાના આદ્ય પુરુષ તરીકે માનવા એ સાચા જૈન ધર્મી માટે મિથ્યાત્વ અપનાવવા જેવું કાર્ય ગણાય.

તેમ જ તેવા પુરુષની જયંતિ ઉજવવી તે મિથ્યાત્વને અનુમોદન આપવા જેવું કાર્ય ગણાય.

સ્થાનકવાસીઓ મિથ્યાત્વને હેય માનતા હોય તો તેમણે ઘણો ઉંડો વિચાર કરવાની જરૂર છે.

☆

પ્રકરણ બાવીશમું

મૂર્તિ વિરોધની પૃષ્ઠભૂમિ

નોંધ—ક્રાંતિકારી આત્મા મહાન હોય તો પણ ક્રાંતિનાં બી ઘણા વખત પહેલાંથી વવાઇ ગયા ન હોય તો ક્રાંતિને ઝડપી સફળતા મળી શકતી નથી.

લોંકાશાહને મૂર્તિ વિરોધી સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક માનવામાં આવે છે તે ખોટું છે. તે મેં આગળના પ્રકરણમાં બતાવેલું છે.

મૂર્તિનો વિરોધ કરી સ્થા. સંપ્રદાયને ટુંક વખતમાં બહોળા પ્રમાણમાં ફેલાવનાર સાધુઓને મળેલી અસાધારણ સફળતાનું કારણ આ લેખમાં બતાવેલ હોઈ તે પ્રસિદ્ધ કરેલ છે.

અસાધારણ ખર્ચાળ અને આડંબરવાળી થઇ ગયેલી મૂર્તિપૂજા સામે અસંતોષ અને વિરોધ લોકોના મનમાં તો ઘણા લાંબા સમયથી ફેલાઈ રહ્યો હતો પણ જાહેર રીતે કોઇ અગ્રણી થઇ શકતું નહોતું.

એટલે સ્થા. મુનિઓએ જ્યારે પડકાર કર્યો ત્યારે તે પડકાર લાંબા પખતથી અસંતોષી બનેલા શ્રાવકોએ તરત જ ઝીલી લીધો અને તેથી જ સ્થા. સંપ્રદાય વધી શક્યો હતો. એ વાત શ્રી કસ્તૂરમલજી બાંઠિયા આ લેખમાં ઐતિહાસિક હકીકતો આપીને પૂરવાર કરે છે. —**ન. ગિ. શેઠ**

*

મૂર્તિનો વિરોધ કરાવવામાં લોંકાશાહ મુખ્ય મનાય છે. પરંતુ લોંકાશાહનો મૂર્તિનો વિરોધ સોળમી સદીમાં શું અચાનક એકદમ ઉભો થઈ ગયો હતો? બે હજાર વર્ષથી ચાલી આવતી પરંપરાનો વિરોધ પર્યાપ્ત રીતે પૂર્વની પૃષ્ઠભૂમિ વિના કદી સફળ થઈ શકે નહિ.

વિક્રમની ૧૧ મી સદીમાં
જૈન મંદિર વિષયનો વિવાદ

એ તો સુવિખ્યાત છે કે શ્રી હરિભદ્રસૂરિના વખતમાં એટલે કે વિક્રમની આઠમી સદીમાં જૈન સંઘમાં ચૈત્યવાસિયોનો ઘણો મોટો દબદબો હતો. શ્રી હરિભદ્રાચાર્યે તેમની જે કરડા શબ્દોમાં નિંદા ભર્ત્સના કરી છે. તે તે સમયની સ્થિતિ સમજવા માટે પૂરતી છે.

" કેટલાક અણુસમજુ લોકો કહે છે કે એ પણ તીર્થંકરોનો વેષ છે તેને નમસ્કાર કરવો જોઈએ. અહો! ધિક્કાર છે તેમને! હું મારા શિરશૂળનો પોકાર કેની આગળ જઈને કરું?"

વળી તેમણે તેમના **અષ્ટકપ્રકરણ**માં દ્રવ્યસ્તવનું લક્ષ કરીને કહ્યું છે કે—**"ધર્મને માટે ધન કમાવાની ઇચ્છા કરવા કરતાં ઇચ્છા ન કરવી તે અધિક ઉત્તમ છે."**

આચાર્યશ્રીએ એમ શા માટે કહ્યું છે તેનું વિવેચન કરવાની આવશ્યકતા નથી. શ્રી હેમચંદ્રાચાર્યે પણ એ જ વાત તેમના **"યોગશાસ્ત્ર"**ની સ્વોપજ્ઞ ટીકામાં પણ કહેલ છે. આ કથનને પ્રસ્તુત વિવાદની પૃષ્ઠભૂમિ સમજવાને માટે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

વિક્રમની ૧૧ મી સદીમાં ચંદ્રગચ્છીય વર્ધમાન સૂરિના એક શિષ્ય જિનેશ્વરસૂરિ થઈ ગયા. ખરતર ગચ્છ શ્રી જિનેશ્વરસૂરિને તેમના આદ્યપુરૂષ માને છે. તેમણે વિ. સં. ૧૧૦૮ ના માગસર વદ પાંચમે **કથાકોષ**

પ્રકરણ લખીને સમાપ્ત કર્યું હતું. તેમાં ઉપસંહારની બે ગાથા સહિત કુલ ૩૦ ગાથા છે અને તેમાં જુદા જુદા વિષયોની ઉપકથાનકોવાળા ૩૬ કથાનકોનો નિર્દેશ છે અને તે સર્વ જિનેશ્વરસૂરિએ પ્રાકૃતમાં લખેલ છે.

તેમાં ૧૩ મી ગાથા દાન વિષયની છે, ૨૧ મી ગાથા જિન મંદિરના વિધાન વિષયની છે. તે કાળમાં અણહિલપુરમાં (પાટણમાં) ચૈત્યવાસિયોનો એકાધિકાર હતો. કોઈપણ ક્રિયાવાન સાધુને ત્યાં ઉતરવાને માટે સ્થાન પણ મળતું નહોતું. તે ચૈત્યવાસિયો સાથે વાદ કરીને શ્રી જિનેશ્વરસૂરિએ તેમનો એકાધિકાર ખંડિત કરી નાખ્યો એટલું જ નહિ પણ તેમની વિરુદ્ધનું વાતાવરણ પણ જૈન સંઘમાં ઉત્પન્ન કરી દીધુ.

મંદિર સંબંધી જુદા જુદા મતભેદો

એ કથાકોષ પ્રકરણ ૨૧ મી ગાથાના કથાનકની પ્રસ્તાવનાના રૂપમાં મુનિશ્રી જિનવિજયજી લખે છે કે—

"તેમના સમયમાં એક પ્રકારથી જૈન સંઘની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ તથા વિચારોનું કેન્દ્રસ્થાન મંદિર સંસ્થા જ બની રહેલ હતી. એ મંદિર સંસ્થાના વિષયમાં સાધુઓ તેમજ શ્રાવકોમાં નિત્ય નવા પ્રશ્ન ઉપસ્થિત થતા રહેતા અને તેની ઉપર તેમની વચ્ચે વિવિધ પ્રકારના શાસ્ત્રીય તથા સામાજિક વિધાનો તથા પરંપરાઓની તરેહ તરેહની આલોચના પ્રત્યાલોચના ચાલ્યા કરતી હતી.

"એક તરફ જૈન સાધુઓનો એક પક્ષ એવો હતો કે જે જિનમંદિરોની સ્થાપનાને સર્વથા જૈનશાસ્ત્ર વિરુદ્ધ બતાવીને તેના ઉપદેષ્ય તથા તેના ઉપાસકો એ બન્નેને જૈનાભાસ કહેતા હતા અને તેમને મિથ્યામતિ ગણતા હતા.

"કોઈ બીજો પક્ષ જિનમંદિરની સ્થાપનાને તો શાસ્ત્ર સંમત માનતા હતા. પરંતુ તેની પૂજાવિધિના આડંબરને અનાચરણીય કહેતા હતા.

" કોઈ ત્રીજો પક્ષ પૂજાવિધિના આડંબરને તો ઉચિત માનતો હતો પરંતુ તેમાં સાધુઓના સીધા સંપર્કને અનુચિત સમજતો હતો.

" કોઈ ચોથો પક્ષ મંદિરોની સ્થાપના તથા સંરક્ષાના સંબંધમાં સાધુઓ ઉપર જ નિર્ભર રહેવાનુ સ્થાપિત કરતા હતા.

" તો કોઈ બીજો પક્ષ એક મંદિરમાં એક જ જિનમૂર્તિની સ્થાપના કરવાનું શાસ્ત્રોકત છે એમ કહેતા હતા.

" વળી કોઈ કહેતા હતા કે તીર્થંકરની મૂર્તિ વીતરાગ ભાવની પ્રતીક છે માટે તેને સ્ત્રી જાતિનો સ્પર્શ ન થવો જોઈએ અને તેથી શ્રાવિકા વર્ગે તેની પૂજા અર્ચા ન કરવી જોઈએ.

" કોઈ અન્ય પક્ષ કહેતો કે શ્રાવિકાઓએ જિનભક્તિ કરવી જોઈએ એટલુંજ નહિ પણ જિનમૂર્તિની સામે વારાંગનાઓના નૃત્યગાન પણ પૂજાના અંગ હોવાથી તેને અવતારિત રૂપથી થવા દેવા જોઈએ.

" કોઇ કહેતા કે મંદિરોની રક્ષાના નિમિત્તથી સાધુઓએ સદૈવ તેમાં નિવાસ કરવો જોઇએ. તો કોઈ કહેતા કે મંદિરની ભૂમિ તો દેવ દ્રવ્યનો ઉપભોગ કરવા સમાન પાપજનક કૃત્ય છે.

" કોઈ કહેતા કે મંદિરોની તથા મૂર્તિઓની પ્રતિષ્ઠા પરમ બ્રહ્મચારી સાધુ વર્ગના હાથથી થવી જોઈએ ત્યારે કોઈ કહેતા કે સાધુ મંદિર પ્રતિષ્ઠાદિ સાવદ્ય કાર્યમાં પ્રવૃત્ત થાય છે તે અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાના પાપના ભાગી થાય છે. ઇત્યાદિ ઇત્યાદિ."

મુનિ જિનવિજયજી ફરી એના જ પૃષ્ઠ ૧૦૫ પર કહે છે કે—
" આ કથાનકનું ગુંફન કરવામાં શ્રી જિનેશ્વર સૂરિનો મુખ્ય ઉદ્દેશ એ બતાવવાનો છે કે જૈન યતિ વર્ગમાં કઈ રીતે ચૈત્યવાસ રૂપી સંસ્થાની ઉત્પત્તિ થઈ અને કઈ રીતે એ પ્રાચીન કાળમાં જૈન સાધુઓનો એક વર્ગ પોતાના આચારમાં શિથિલ થઈને અનિયતરૂપે સર્વદા સર્વત્ર

પરિભ્રમણ કરતા રહેવાથી અર્થાત્ વન તથા નિર્જન પ્રદેશોમાં જ્યાં ત્યાં ઘુમતા ફરતા રહેવા રૂપ પરિવ્રાજક ધર્મનું પ્રચલન કરવા કરતાં વસતિવાસી થઈ રહેવાની અભિલાષાથી જૈન મંદિરોની સૃષ્ટિનું નિર્માણ કરવા કરાવવામાં પ્રવૃત્ત થયા.''

જિન મંદિર અને મૂર્તિપૂજા સબંધમાં એવા વિવિધ મતભેદ થવા છતાં પણ જિનેશ્વર સૂરિ આદિ દૂરદર્શી આચાર્યોએ તેનાં કારણો મટાડવાનો અથવા નિરાપદ માર્ગ કાઢવાનો પ્રયત્ન કર્યો હોય એમ લાગતું નથી.

એટલું જ નહિ પણ એ મતભેદોનો લાભ ઉઠાવીને એ આચાર્યોમાં પોતપોતાના અલગ સંપ્રદાય બનાવી લેવાની ભાવના કામ કરતી રહી હતી એમ લાગે છે.

વર્ધમાનસૂરિ અને જિનેશ્વરસૂરિ પોતાને જ શાસ્ત્રોકત શુદ્ધ યતિમાર્ગનું આચરણ કરવાવાળા માનતા હતા. તેથી જિનેશ્વરસૂરિએ પોતાના સંપ્રદાયની પુષ્ટિ તથા વૃદ્ધિ માટે નવા નવા મંદિરોનુ નિર્માણ કરવા, નવા તથા પુરાણા શાસ્ત્રોની નકલો કરી કરાવી જૈન ભંડારોની સ્થાપના કરવા વગેરે કામને વિશેષ મહત્વનું સમજેલા.

તેમણે **પંચલિંગી પ્રકરણ** નામનું ૧૦૧ ગાથાઓનું પ્રકરણ રચ્યું. તેમાં સમ્યકત્વના પાંચ લિંગ, ચિન્હ અથવા લક્ષણના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તે લક્ષણો—પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.

અનુકંપાના પ્રકરણમાં કોઈ પણ રીતે સંબંધ જોડીને મંદિર નિર્માણનો વિષય સમાવેલો છે. તેમાં જિન મંદિર બનાવવાનું સમર્થન આ પ્રમાણે કર્યું છે—જે આત્માને સમ્યકત્વની પ્રાપ્તિ થઈ જાય છે તેના મનમાં સંસારના જીવોના કષ્ટો જોઈને અનુકંપા થાય છે. તે વિચારે છે કે તે કઈ રીતે કોઈનું ય દુઃખ દૂર કરવાનો યથાશકિત પ્રયત્ન કરે.

તે વિચારે છે કે સંસારના દુઃખોથી મુકત કરવાવાળો એક ફકત જૈન ધર્મ છે. જૈન ધર્મના પાલન સિવાય બીજો કોઈ સાચો ઉપાય

નથી. માટે જે જીવ મિથ્યાત્વમાં લપટાઈ રહેલા છે તેને જૈન ધર્મ પ્રત્યે અનુરાગ કેમ ઉત્પન્ન થાય તેનો વિચાર કરે છે. પછી વિચારે છે કે મારા નીતિપૂર્વક ઉપાર્જન કરેલા ધનથી એવું સુંદર જિન મંદિર તથા જિનબિંબ (પ્રતિમા, મૂર્તિ) બનાવું કે જેથી દર્શન, પૂજા મહોત્સવ આદિના પ્રભાવથી ગુણાનુરાગી મનુષ્યને બોધિ એટલે સમ્યગ્ દર્શનનો લાભ થાય.

જિનેશ્વરસૂરિએ જિનમંદિર અને જિનમૂર્તિનું ગમે તેવા શબ્દોમાં સમર્થન કર્યું હોય તો પણ તેમણે નવા મંદિર કે જિનબિંબોની કોઈ પ્રતિષ્ઠા કરાવી નથી. તેમના શિષ્ય નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિએ પ્રતિષ્ઠાપિત મંદિર કે મૂર્તિ ભાગ્યે જ ક્યાંઈક હશે. શ્રી અભયદેવસૂરિના શિષ્ય જિનવલ્લભસૂરિએ વિધિચૈત્યના નામથી જિનમંદિર તથા જિનબિંબ બનાવરાવવા તથા પ્રતિષ્ઠા કરવાનું કામ એટલા બધા જોરથી કર્યું કે તેમની શિષ્ય પરંપરાના અનુયાયી થવાવાળા શ્રાવકોએ પાછલા સાતસો આઠસો વર્ષમાં હજારો જૈનમંદિર બનાવ્યા તથા લાખો જૈનમૂર્તિઓ તૈયાર કરાવી.

જૈન શ્વેતાંબર સંઘ ક્રિયા અને આચારભેદવાળા જુદા જુદા ગચ્છોમાં વિભકત થવાથી એક બીજાની હરીફાઈમાં વિવેકનો જ સંપૂર્ણ નાશ થયો. એ કારણથી ન્યાયોપાર્જિત દ્રવ્યથી દ્રવ્યસ્તવની વાત સર્વથા ભૂલાઈ ગઈ. દ્રવ્યસ્તવએ નામ ચિરંજીવિત રાખવાનું પરમ ઉત્કૃષ્ટ સાધન શ્રાવક તથા સાધુ બન્નેને માટે બની ગયું. તેથી મંદિર નિર્માણ, મૂર્તિનિર્માણ તથા સ્થાપન, સંઘયાત્રા આદિ પ્રમુખતાથી થતા ગયા.

અગીયારમી સદી પછીના મંદિરો અને મૂર્તિયોની પ્રતિષ્ઠા પ્રશસ્તિઓનો આંક દઈને આ લેખને વધારવાની આવશ્યકતા નથી. એ સદીઓની સાહિત્યકૃતિઓમાં જ દ્રવ્ય સ્તવના એ સાધનોના એટલા આકર્ષક વર્ણનો છે કે જાણે યમ, નિયમ, સંયમ, તપ આદિ બિલકુલ ગૌણ જ હોય. એને એક રીતે ધનનો ધર્મ ઉપરનો વિજય કહેવો જોઇએ.

દ્રવ્યસ્તવને પૂર્ણ ઉત્સાહિત કરવાવાળામાંથી જ કોઈ એમ પણ કહે છે કે—"દ્રવ્યના સાધનોથી દ્રવ્યસ્તવ સ્વરૂપવાળો ધર્મ પણ સાધી શકાય છે પરંતુ એ આરંભયુક્ત હોવાથી અતિ શુદ્ધ નથી. પક્ષાંતરમાં નિઃસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિ શુદ્ધ છે. માટે આ ભવમાં તે મોક્ષ લક્ષ્મી આપે છે."—(૧૪ મી સદીમાં થયેલા મુનિ સુંદર સૂરિ કૃત અધ્યાત્મ કલ્પદ્રુમ ૪-૪).

વિવાદનો લાભ સ્થા.ને મળ્યો

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે મૂર્તિપૂજા વિષયનો વિવાદ જૈનસંઘમાં એકાએક લોંકાશાહ દ્વારા સોળમી સદીમાં જ ઉઠાવવામાં આવ્યો નહોતો પરંતુ તે વિવાદ તો ઘણા પુરાણા કાળથી, સંભવતઃ તેનાથી ૧૫૦૦ વર્ષ પહેલાં જ ચાલ્યો આવતો હતો. શ્રાવકો અને સાધુઓમાં અંદર અંદર વધતા જતા એ વિરોધને લોંકાશાહે* મૂર્ત સ્વરૂપ આપ્યું અને વિરોધનો સર્વ દોષ પોતાના શિર પર લઈ લીધો.

તાત્કાલીન વિધિમાર્ગી કહેવાતા સાધુઓની વધતી જતી દ્રવ્યસ્તવની પ્રવૃત્તિઓના પ્રચ્છન્ન વિરોધી સાધુ તથા શ્રાવકોની *લોંકાશાહને મદદ મળી હશે. કારણ કે તેઓ પોતે વિરોધ પ્રગટ કરવાનું સાહસ કરી શકતા નહિ હોય. તેમના પૂર્વજો આ વિરોધના કારણથી પૂરતું કષ્ટ ભોગવવા છતાં અસફળ બન્યા હશે.

જ્યારે *લોંકાશાહનો વિરોધ કરી શકાયો નહિ અને તે બળ પ્રાપ્ત કરતો ગયો ત્યારે તે ભૂમિગત સહાયકો પણ પ્રત્યક્ષમાં આવી ગયા હશે કારણ કે ખર્ચાળુ યજ્ઞોની જેમ

* મંદિર વિવાદનો લાભ લોંકાશાહને નહિ પણ સ્થા. ધર્મના સ્થાપક શ્રી લવજી ઋષિ, ધર્મસિંહજી મુનિ તથા ધર્મદાસજી મુનિને મળ્યો હતો.

જૈનોનો દ્રવ્યસ્તવ પણ તેમને માટે અસંભવ હતો અને તેથી તેઓ પોતાને માટે ધર્મનો દ્રવ્યહીન માર્ગ ચાહી રહ્યા હતા.

ખેદ એ વાતનો છે કે આ અશાંતિના મૂળની ધનવાનો તથા દ્રવ્યસ્તવ દ્વારા પોતાને પ્રભાવક કહેવડાવનારા આચાર્યોએ પૂરેપૂરી ઉપેક્ષા કરી કારણ કે **તેઓ પોતાને જ્ઞાની અને બીજાને અજ્ઞાની તથા ભૂલેલા માનતા રહ્યા, જેમ તેઓ આજે પણ માની રહ્યા છે, જો કે ધાર્મિક આડંબરો દૂર કરવાના પોકારો સદાકાળથી થતા રહ્યા છે.**

સ્થાનકવાસી સંપ્રદાયના ઉદ્‌ભવનો વિચાર કરવાવાળા કોઈ પણ લેખકે આ ઐતિહાસિક તથ્યનો ઉહાપોહ કર્યો નથી. કે જેથી આપણે મૂળ જડની શોધ કરીને તેને નિર્મૂળ કરી શકીએ. સ્થાનકવાસી સમાજની માફક અન્ય સંપ્રદાયોના સંબંધમાં પણ ઐતિહાસિક દૃષ્ટિથી આત્મિયતાની સાથે વિચાર કરી શકાય. દરેક સંપ્રદાયનું દૃષ્ટિકોણ સમજીને અનેકાંત બુદ્ધિથી સમન્વયની ભૂમિકા બનાવાય તો આજે પણ આપણે આપણને અનેકાંત, સત્ય અને અહિંસા પ્રધાન જૈનધર્મના અનુયાયી સિદ્ધ કરી શકીશું.

—નવેમ્બર ૧૯૬૦ ના ‘શ્રમણ’માંથી સાભાર અનુવાદિત.

પ્રકરણ ત્રેવીશમું

ચાર નિક્ષેપા

નોંધ

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપામાંથી ફક્ત એક ભાવનિક્ષેપાને જ સ્થાનકવાસીઓ આદરણીય પૂજનીય માને છે. બાકીના પહેલા ત્રણ નિક્ષેપાને તેઓ માનતા નથી. એ સંબંધમાં સ્થાનકવાસીઓ જે દલીલો કરે છે તે બધી મેંજ થોડા વર્ષ પહેલાં મારા "સત્યધર્મ પ્રકાશ" પુસ્તકમાં પ્રસિદ્ધ કરેલી હતી

તે વખત સુધી મને જે જ્ઞાન મળ્યું હતું તે એકપક્ષી હતું. કારણકે સ્થાનકવાસીઓ જે રીતે વિચાર કરે છે તે રીતે જ વિચાર કરતાં હું શિખ્યો હતો. અને તેથી એક રીતે હું મૂર્ખ બન્યો હતો અથવા તો મને મૂર્ખ બનાવવામાં આવ્યો હતો.

સત્ય જાણવા માટે તો સામસામી બન્ને પક્ષોની દલીલો વાંચવી અને સમજવી જોઈએ. સંપ્રદાયવાદે એકબીજા સંપ્રદાયનું સાહિત્ય વાંચવાની જ બંધી કરી છે. તે વાડાબંધીને લીધે જ જૈનોમાં સત્ય જ્ઞાન ઉત્પન્ન થઇ શકતું નથી.

મને આ વાત સમજાણી તેથી જ મેં અમારા જૈન સિધ્ધાંત માસિકના સને ૧૯૬૧ ના ફેબ્રુઆરી માસના અંકમાં **વિરોધ કેમ મટે ?** એ નામના લેખમાં લખ્યું હતું કે—

દરેક સંપ્રદાયનું સાહિત્ય વાંચો
વિરોધી દલીલો વાંચો વિચારો
સત્ય સમજવાનો પ્રયત્ન કરો
બનતાં સુધી સ્વતંત્ર નિર્ણય કરો.

અને એ રીતે બધા સંપ્રદાયનું સાહિત્ય વાંચવાની અગત્ય ઉપર મેં ભાર મૂકયો. કારણ કે તેમ કરવાથી જ ઘણા મતભેદ તો આપોઆપ ટળી જવાની સંભાવના છે.

નિક્ષેપા સંબંધીની માન્યતામાં પણ એમ જ થયું છે. બંને પક્ષે એકબીજાની દલીલ સમજવાનો પ્રયત્ન કર્યો હોત તો ઘણો વિરોધ અત્યાર પહેલાં જ ટળી ગયો હોત.

અગીઆરમા પ્રકરણમાં ૧૧૭ મે પાને સ્થાનકવાસી તથા મૂર્તિપૂજકોના નિક્ષેપા સંબંધી મતભેદનું વર્ણન કરતાં મેં બતાવ્યું છે કે સ્થાનકવાસીઓ ફક્ત નિશ્ચય નયને વળગી રહીને ભાવનિક્ષેપાને જ માને છે.

પરંતુ સામાન્ય રીતે વ્યવહારને ઉલ્લંઘીને કોઈ પણ મનુષ્ય એકદમ નિશ્ચયનયમાં આવી શકતો નથી. વ્યવહાર પાળીને જ આગળ વધી શકાય છે. વ્યવહાર ધર્મ પાળતાં પાળતાં વિકાસ સાધીને નિશ્ચય સુધી પહોંચી શકાય છે. પણ એકદમ નિશ્ચય નયમાં જવાથી ધોબીના કૂતરા જેવી જ સ્થિતિ થાય છે.

જૈન ધર્મે વ્યવહારને અવખોડ્યો નથી કે ઉવેખ્યો નથી, પણ વ્યવહારને પ્રાધાન્ય આપ્યું છે. તે એવી રીતે કે

નિશ્ચય તરફ જવાનું લક્ષ્ય રાખીને વ્યવહાર ધર્મ પાળીને આત્મવિકાસ સાધતા જવું.

સ્થાનકવાસીઓ એકલા ભાવનિક્ષેપાને જ માનીને એકદમ નિશ્ચયનયમાં ઉડી પડવા માગે છે એ જ તેમની ભૂલ છે. શક્તિ વિનાનો મોટો ભૂસકો મારતાં હાડકાંપાસળાં જ રંગાવાનો અને ખોખરાં થવાનો જ વખત આવે એ વ્યવહારુ વાતને તેઓ તદ્દન વિસારી દીએ છે અથવા તો મૂર્તિનો વિરોધ કરવા માટે જ સ્થાનકવાસીઓએ જાણીજોઈને નિશ્ચયને વળગી રહેવાનો ડોળ કરીને વ્યવહારધર્મને ઉડાડી દેવાનો પ્રયત્ન કર્યો છે.

વ્યવહારમાં ચારેય નિક્ષેપા આદરણીય છે તે વાત મુનિશ્રીએ આ લેખમાં સૂત્ર સિદ્ધાંતના અવતરણો આપીને વિસ્તારથી સમજાવી છે તેમજ ભાવનિક્ષેપાને જ વળગી રહેવાથી સ્થાનકવાસીઓ જૈનધર્મના એક મૂળ સિદ્ધાંત "વિનય" ને છોડી દીએ છે અને અવિનયી બની જાય છે તે વાત પણ મુનિશ્રીએ સારી રીતે સમજાવી છે.

તેથી તેમનો આ લેખ દરેક વાંચકે બરાબર સમજીને ધ્યાનપૂર્વક વાંચવા વિનંતી છે. એ લેખ વાંચ્યા પછી વ્યવહાર ધર્મમાં મૂર્તિની માન્યતા શાસ્ત્રસિદ્ધ છે તેની વાંચકને ખાત્રી થશે.

મૂર્તિ અને મૂર્તિની દ્રવ્યપૂજા એ બન્ને જુદી જુદી બાબતો છે તે ભુલવું નહિ.

—ન. ગિ. શેઠ

*

ચાર નિક્ષેપા

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં શાસ્ત્રકાર ફરમાવે છે કે—

जत्थय जं जाणेजा
निक्खेव निखेवे निरव सं
जत्थ विग न जाणेज्जा
चउक्कयं निक्खेवय वत्थ ॥

અર્થ:—જે વસ્તુમાં જેટલા નિક્ષેપા જાણવામાં આવે ત્યાં તે વસ્તુમાં તેટલા નિક્ષેપા કરવા. અને જ્યાં જે વસ્તુમાં અધિક નિક્ષેપા ન જાણી શકાય ત્યાં તે વસ્તુમાં ઓછામાં ઓછા ચાર નિક્ષેપા તો અવશ્ય કરવા.

ચાર નિક્ષેપા

નામ નિક્ષેપો—વસ્તુના આકાર અને ગુણથી રહિત નામ તે નામ નિક્ષેપો કહેવાય છે.

સ્થાપના નિક્ષેપો—વસ્તુના નામ તથા આકાર સહિત પરંતુ ગુણરહિત તે સ્થાપના નિક્ષેપો કહેવાય છે.

દ્રવ્ય નિક્ષેપો—વસ્તુના નામ, આકાર તથા અતીત અનાગત ગુણ સહિત પરંતુ વર્તમાન ગુણે રહિત તે દ્રવ્ય નિક્ષેપો કહેવાય છે.

ભાવ નિક્ષેપો—વસ્તુના નામ આકાર અને વર્તમાન ગુણે સહિત તે ભાવ નિક્ષેપો કહેવાય છે.

જિનના ચાર નિક્ષેપા

શ્રી જિનેશ્વરદેવોમાં **મહાવીર** ઇત્યાદિ જે નામો તે **નામજિન** તે તારકોની પ્રતિમા તે **સ્થાપના જિન**

જિનનામ કર્મ બાંધ્યું હોય એવા શ્રી જિનેશ્વર દેવનો જીવ તે **દ્રવ્ય જિન અને**

સમવસરણુમાં ધર્મોપદેશ આપવા માટે વિરાજમાન સાક્ષાત્ શ્રી જિનેશ્વર દેવ તે **ભાવ જિન.**

આ ચાર નિક્ષેપાના અભાવે કોઈ પણ વસ્તુનું વસ્તુપણું સિદ્ધ થઈ શકે નહિ.

દરેક દ્રવ્યમાં ચાર નિક્ષેપા સાથે જ હોય

જેનું નામ ન હોય તેની આકૃતિ પણ કોઈ પ્રકારે બની શકે નહિ. જેનું નામ કે આકાર ઉભય ન હોય તેની પૂર્વા પર અવસ્થા અને વર્તમાન અવસ્થારૂપ પર્યાયના આધારભૂત દ્રવ્ય પણ હોય નહિ અને જ્યાં નામ, સ્થાપના કે દ્રવ્ય ત્રણેનો અભાવ હોય ત્યાં વસ્તુનો ભાવ કે ગુણ હોય જ ક્યાંથી ?

એટલે દ્રવ્યાદિક ત્રણે નિક્ષેપાને માન્યા સિવાય કેવળ ભાવ નિક્ષેપાને માનવાની વાત એ શશશૃંગવત્ કલ્પિત છે.

ભાવનું સાક્ષાત ભાન કરાવનાર એકલો ભાવ નથી. પરંતુ તેનું નામ, આકાર અને પૂર્વાપર અવસ્થા એ સઘળું મળીને જ કોઈ પણ પદાર્થના ભાવનો નિશ્ચિત બોધ કરાવે છે.

ભાવ નિક્ષેપાને જ માનનારાના વર્તનમાં વિરોધ

ફક્ત ભાવ નિક્ષેપાને માનીને જેઓ નામ વિગેરે નિક્ષેપાને માનવાની ના પાડે છે તેઓએ સમજવાનું કે—

(૧) કોઈ દુષ્ટ પુરુષ આપણી પૂજ્ય કે પ્રિય વ્યક્તિનું નામ લઈને નિંદા કરે, ગાળો આપે કે તિરસ્કાર કરે તો શું ગુસ્સો થતો નથી ?

(૨) અથવા તેજ પૂજ્ય કે પ્રિયના નામથી તેમની તારીફ કે પ્રશંસા કરે તો રાજી થતા નથી? અવસ્ય થાય છે તેથી નામ નિક્ષેપો નકામો છે એમ કહેનાર ખોટો છે. એજ રીતે—

(૩) પોતાના પૂજ્ય આદિની પ્રતિકૃતિ કે છબીને કોઈ દુષ્ટ આચારવાળી સ્ત્રી આદિની સાથે રાખી તેના ઉપરથી કુચેષ્ટાવાળી છબી ઉતરાવી લઈ કોઈ નાલાયક માણસ સ્થળે સ્થળે અવર્ણવાદ બોલે તો તેની મૂર્તિ નહિ માનનારાઓને પણ શું ક્રોધ નહિ ચઢે? અવસ્ય ચડશે. માટે સ્થાપના નિક્ષેપો પણ નકામો છે એ વાત ખોટી છે.

(૪) નામ અને સ્થાપનાની જેમ પોતાના પૂજ્ય આદિની પૂર્વાપર અવસ્થાની બુરાઈ કે ભલાઈ સાંભળવાથી રોષ કે આનંદ પેદા થાય છે.

અને પૂજ્યના સાક્ષાત અવર્ણવાદ અને અપશબ્દ સાંભળવાથી પણ તેના રાગી લોક અવસ્ય દુઃખ પામે છે તથા પ્રશંસા સાંભળવાથી સુખ પણ પામે છે.

તેથી ચારે ય નિક્ષેપામાં પૃથક પૃથકપણે અસર નિપજાવવાની શક્તિ પ્રગટપણે રહેલી છે એમ સ્પષ્ટ થાય છે.

નામ નિક્ષેપો

કોઇ પણ વસ્તુના સંકેત કરેલા નામનો ઉચ્ચારણથી તે વસ્તુનો બોધ કરાવવો તે નામ નિક્ષેપાનો વિષય છે.

શ્રી ઋષભદેવ આદિક ચોવીશ તીર્થંકરોના નામ તેઓનાં માત-પિતાએ જન્મ વખતે પાડેલા હોય છે. તે નામોનુ કારણ તેમના ગુણો નથી, પણ માત્ર ઓળખવાનો સંકેત છે. નામ પાડવામાં જો ગુણ એજ કારણ હોય તો બધા તીર્થંકરો સમાન ગુણવાળા હોવાથી બધાનુ એકજ નામ પડવું જોઈતું હતું.

સમાન ગુણવાળાનાં અનેક નામો તો જ પડી શકે છે જો નામ પાડતી વખતે ગુણની અપેક્ષા ઉપરાંત આકાર આદિની ભિન્નતા ઉપર પણ લક્ષ આપવામાં આવે.

ચોવીસ તીર્થંકરોના ગુણસમાન હોવા છતાં પ્રત્યેકના આકાર, પ્રત્યેકની પૂર્વાપર અવસ્થા વિગેરે ભિન્ન ભિન્ન હતાં.

તે જ રીતે એક જ નામની અનેક વસ્તુઓ જ્યાં હોય છે ત્યાં પણ તે નામ વડે જે કોઈ અમુક વસ્તુનો બોધ થાય છે તેનું કારણ પણ તે વસ્તુમાં રહેલા ગુણ, આકાર આદિની ભિન્નતા છે.

અહીં એટલું સમજી રાખવું જોઈએ કે પહેલા ત્રણ નિક્ષેપા તેઓના જ વંદનીય પૂજની ય છે કે જેઓનો ભાવ નિક્ષેપો પણ વંદનીય પૂજનીય છે.

અને એજ કારણે શ્રી ભગવતી, શ્રી ઉવવાઈ અને શ્રી રાયપસેણિ આદિ સૂત્રોમાં શ્રી તીર્થંકર દેવો અને બીજા પણ જ્ઞાની મહર્ષિઓનો નામ નિક્ષેપો વંદનીય છે, એમ ફરમાવ્યું છે. તે તે સ્થળોએ ફરમાવ્યું છે કે—

तं महाफलं खलु भो देवाणूप्पिआ ! तहारुवाणं अरिहंताणं भगवंताणं नाम गोअस्सवि सवणययाए।

અર્થ—તથારૂપ શ્રી અરિહંત ભગવંતોના નામ ગોત્ર પણ સાંભળવાથી ખરેખર મહા ફળ થાય છે.

ચાર તથા દશ પ્રકારના સત્ય

નામ નિક્ષેપાનું મહત્વ જણાવવા માટે શ્રી સ્થાનાંગ સૂત્રના ચોથા તથા દશમા ઠાણામાં પણ ફરમાવ્યું છે કે—

चउव्विहे सच्चे पन्नते तं जहा—नाम सच्चे, ठवण सच्चे, दव्व सच्चे, भाव सच्चे। तया दसविहे सच्चे पन्नते तं जहा—

जणवयसम्मयठवणा नामे रुवे पडुच्चसच्चे य ।
ववहारमावजोगे दसमे उवम्मसच्चे अ ॥

અર્થ—ચાર પ્રકારનાં સત્ય કહ્યાં છે તે આ પ્રમાણે—(૧) નામ સત્ય, (૨) સ્થાપના સત્ય, (૩) દ્રવ્ય સત્ય અને (૪) ભાવ સત્ય.

તથા શ્રી તીર્થંકર દેવોએ દશ પ્રકારનાં સત્યો બતાવ્યાં છે તે આ પ્રમાણે—

(૧) જનપદ સત્ય (૪) નામ સત્ય (૭) વ્યવહાર સત્ય (૧૦) ઉપમા સત્ય.
(૨) સમ્મત સત્ય (૫) રૂપ સત્ય (૮) ભાવ સત્ય
(૩) સ્થાપના સત્ય (૬) પ્રતીત્ય સત્ય (૯) યોગ સત્ય

જનપદ સત્ય—પાણીને કોઈ દેશમાં પય કહે છે, કોઈ દેશમાં પીચ્ચ કહે છે, કોઈ દેશમાં ઉદક કહે છે અને કોઈ દેશમાં જળ કહે છે. ઇત્યાદિ જનપદ સત્ય છે.

સમ્મત સત્ય—કુમુદ, કુવલય આદિક પુષ્પો પણ પંકથી ઉત્પન્ન થાય છે. છતાં પંકજ શબ્દ અરવિંદ–કુસુમને જ સંમત છે. તે સમ્મત સત્ય.

સ્થાપના સત્ય—લેપ આદિકને વિષે અરિહંત પ્રતિમા, એક આદિ અંકવિન્યાસ અને કાર્ષાપણ આદિકને વિષે મુદ્રા વિન્યાસ આદિ સર્વ સ્થાપના સત્ય છે.

નામ સત્ય—કુળની વૃદ્ધિ ન કરનો હોય તો પણ કુળવર્ધન ઇત્યાદિ નામ તે નામસત્ય.

રૂપસત્ય—વ્રતના ગુણ ન હોય અને કેવળ લિંગ માત્રથી વ્રતી કહેવાય તે રૂપસત્ય.

પ્રતીત્યસત્ય—અનામિકા આંગળી કનિષ્ટાને આશ્રી દીર્ઘ કહેવાય અને મધ્યમાને આશ્રી હ્રસ્વ કહેવાય તે પ્રતીત્યસત્ય.

વ્યવહારસત્ય—પર્વત ઉપર તૃણ આદિ બળતાં છતાં 'પર્વત બળે છે' એમ કહેવું, પાણી ઝમે તોપણ કહેવું કે 'ઘડો ઝમે છે' અને ઉદર હોવા છતાં કહેવું કે 'અનુદરા કન્યા.' એ સર્વ વ્યવહાર સત્ય છે.

ભાવસત્ય—બગલા ઉજળા છે અને ભ્રમરો કાળા છે. એમ કહેવું તે—બગલા અને ભમરામાં પાંચે વર્ણો છે પરંતુ તે તે વર્ણોની ઉત્કૃષ્ટતાથી ઉજળા અને કાળા કહેવાય છે. તે ભાવસત્ય છે.

યોગસત્ય—દંડના યોગે દંડી, છત્રના યોગે છત્રી ઇત્યાદિ કથન તે યોગસત્ય.

ઉપમાસત્ય—સમુદ્ર સરખું તળાવ ઇત્યાદિ કથન એ ઉપમા સત્ય છે.

સ્થાપના નિક્ષેપો

વસ્તુનું નામ માત્ર સાંભળવાથી વસ્તુનો બોધ અને ભક્તિ થવા સંભવ છે તો પછી વસ્તુની આકૃતિ કે જેમાં નામ ઉપરાંત આકાર છે તેનાથી અધિક બોધ અને ભક્તિ કેમ ન થાય ? અને તે કરવા માટે કોણ ઇચ્છા ન રાખે? નામનિક્ષેપો જેમ શાસ્ત્ર સિદ્ધ છે તેમ સ્થાપના નિક્ષેપો પણ અનેક શાસ્ત્રોથી સિદ્ધ છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રે દશ પ્રકારે સ્થાપનાનું સ્થાપન કરવાનું કહેલું છે.

(૧) કાષ્ટમાં (૪) લેપ કર્મમાં (૭) ધાતુના રસ પૂરવામાં (૧૦) કોડામાં
(૨) ચિત્રમાં (૫) ગ્રંથનમાં (૮) મણિકાના સંઘાતમાં
(૩) પોથીમાં (૬) વેષ્ટન ક્રિયામાં (૯) શુભાકાર પાષાણમાં

આ દશ પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારમાં ક્રિયા તથા ક્રિયાવાળા પુરુષનો અભેદ માની, હાથ જોડેલા તથા ધ્યાન લગાવેલા આવશ્યક

ક્રિયા સહિત સાધુની આકૃતિ રૂપે અથવા આકૃતિ રહિત સ્થાપના કરવી અથવા આવશ્યક સૂત્રનો પાઠ લખવો તે **સ્થાપના આવશ્યક** કહેવાય છે.

હાથ જોડેલ અને ધ્યાન લગાવેલ આવશ્યક ક્રિયા કરનારનું રૂપ તે જો સદ્ભાવ સ્થાપના છે તો પછી પદ્માસનયુક્ત, ધ્યાનારૂઢ, મૌનાકૃતિ, શ્રી જિનમુદ્રાસૂચક પ્રતિમા તે **સ્થાપનાજિન** કેમ કહેવાય નહિ?

જો પ્રતિમા તે સ્થાપનાજિન નહિ તો પૂર્વોક્ત સ્વરૂપ આવશ્યક પણ સ્થાપના આવશ્યક કહેવાય નહિ એમ કરવા જતાં શ્રી અનુયોગ દ્વાર સૂત્રના પાઠનો અપલાપ કેમ નહિ થાય?

સૂત્રના પાઠનો લોપ કે અપલાપ જેને નહિ કરવો હોય તેને તો શ્રી જિનસ્વરૂપ પ્રતિમાને સ્થાપનાજિન તરીકે નિઃસંશયપણે સ્વીકારવી જ પડશે.

સૂત્રો અક્ષરોની સ્થાપના જ છે

સ્થાપનાને નિરર્થક ગણવામાં આવે તો જૈન ધર્મના તમામ સૂત્ર સિદ્ધાંતો પણ નકામા થઈ જાય. કારણ કે તે પણ શ્રી વીતરાગદેવના અરૂપી જ્ઞાનના અંશરૂપી અક્ષરોની સ્થાપના જ છે. અને જો સૂત્ર સિદ્ધાંતોનો લોપ થાય તો પછી જૈન ધર્મનો પણ લોપ જ થઈ જાય.

જેઓને ધર્મના લોપક ન બનવું હોય તેઓને સ્થાપનાની અવગણના કરવી કોઈ પણ પ્રકારે પાલવે એમ નથી.

જેમ નામની સાથે ચારે નિક્ષેપા જોડાયેલા છે તેમ સ્થાપનાની સાથે પણ ચારેય નિક્ષેપા જોડાયેલા છે. જો એમ ન હોય તો વાઘનું ચિત્ર જોવાથી બકરીનો ખ્યાલ આવવો જોઈએ અને બકરીનું ચિત્ર જોવાથી વાઘનો ખ્યાલ આવવો જોઈએ. પરંતુ તેમ થતું નથી કારણકે

જેનું ચિત્ર જોવામાં આવે છે તેના ચારે નિક્ષેપા મનની સાથે ખડા થઈ જાય છે.

જો એમ ન થતું હોય તો શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિમા જોતાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ થઈ જવું જોઈએ. કારણ કે બન્નેનો ભાવ નિક્ષેપો એકસરખો હોવા છતાં એક તીર્થંકરની મૂર્તિ જોવાથી અન્ય તીર્થંકરનો બોધ થતો નથી. તેનું કારણ એ મૂર્તિની સાથે જોડાએલા અન્ય નિક્ષેપાઓ સિવાય બીજું શું છે?

કોઈના ગુરુનું નામ રામચંદ્ર છે અને તે નામના સંસારમાં લાખો પુરુષો વિદ્યમાન છે. ગુરુના નામવાળા 'રામચંદ્ર' એવા અક્ષરોમાં ગુરુના આકારનું કોઈ પણ ચિન્હ તો છે જ નહિ. છતાં કહેશો કે રામચંદ્ર શબ્દથી માત્ર ગુરુનું જ સ્મરણ અને ગુરુને જ નમસ્કાર થયો પણ બીજાને નહિ તો કહેવું પડશે કે રામચંદ્ર નામના પોતાના ગુરુને જ નમસ્કાર કરવા માટે ગુરુની આકૃતિ આદિને મનમાં સ્થાપન કરેલી જ હશે.

આ રીતે પ્રત્યક્ષપણે કે પરોક્ષપણે સ્થાપના નિક્ષેપો બળાત્કારે પણ ગળામાં આવી જ પડે છે.

સ્થાપના પૂજનીય હોવા માટે

શંકા

અહીં જો એવી શંકા થાય કે—**સ્થાપના નિર્જીવ હોવાથી કાર્યસાધક અને પૂજનીય કેમ બને?**

સમાધાન

તેનું સમાધાન એ છે કે—નિર્જીવ વસ્તુ માત્ર જો નિરર્થક અને અપૂજનીય હોય તો શ્રી સમવાયાંગ, શ્રી દશાશ્રુતસ્કંધ, શ્રી દશવૈકાલિક આદિ સૂત્રોમાં ફરમાવ્યું છે કે—

ગુરુની પાટ, પીઠ, સંથારો વગેરે વસ્તુઓને પગની ઠોકર લાગી જાય તો પણ શિષ્યને ગુરુની આશાતનાનો દોષ લાગે.

એને માટે શું કહેશો ?

ગુરુની પાટ આદિ નિર્જીવ તો છે જ. પૂર્વોક્ત વસ્તુઓ અજીવ હોવા છતાં ગુરુઓની સ્થાપના હોવાના અંગે તેનો અવિનય કરવાથી શિષ્યને આશાતના લાગે છે. અને વિનય કરવાથી ભકિત અને શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

તેમ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ એ શ્રી જિનેશ્વરદેવની જ સ્થાપના હોવાથી તેની આશાતના કે વિનય કરવાથી શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે તેમાં પૂછવું જ શું? વિનય એ શ્રી જૈન શાસનમાં મુખ્ય મનાયો છે. તે ગુણના પાલનની ખાતર શ્રી જિનેશ્વરદેવની સ્થાપના સ્વરુપ મૂર્તિની ભકિત આદિ કરવી એ પણ શ્રી જૈનધર્મમાં મુખ્ય વસ્તુ ગણાય એમાં આશ્ચર્ય જેવું શું છે?

વળી સાધુઓનાં વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ અને મુહપત્તિ આદિ ઉપકરણો અજીવ હોવા છતાં તે વડે શું ચારિત્ર ગુણની સાધના થઈ શકતી નથી ?

શાસ્ત્રોમાં એટલે સુધી કહ્યું છે કે—"લાકડીના ઘોડાથી ખેલતા બાળકને આઘો હઠાવવા કોઈ સાધુ તેને એમ કહે કે, હે બાળક, તારી લાકડી હઠાવ, તો મુનિને અસત્ય બોલ્યાનો દોષ લાગે. એ દોષથી બચવા માટે સાધુએ એમ જ કહેવું જોઈએ કે—હે બાળક તારો ઘોડો હઠાવ."

લાકડીમાં કોઈ સાક્ષાત ઘોડાપણું તો છે જ નહિ, માત્ર તેની અસદ્ભૂત સ્થાપના છે. તો પણ તેને માનવી જરૂરી છે તો પછી શ્રી

જિનપ્રતિમા, એ તો શ્રી જિનેશ્વર દેવોની સદ્દભૂત સ્થાપના તેને માન્યા વિના કેમ ચાલે ?

વળી ખાંડનાં રમકડાં જેવા કે—હાથી, ઘોડા, કૂતરા, બિલાડા, ગાય, મનુષ્ય વગેરે ખાવાથી પંચેન્દ્રિયની હત્યા કર્યાનું પાપ લાગે એમ સૌ કોઈ દયા-ધર્મને સમજનાર માને છે. તે બધી જ વસ્તુઓ નિર્જીવ છે. તો પણ તેમાં જીવપણાની સ્થાપના હોવાથી જ ખાવાનો નિષેધ કરવામાં આવે છે. તે સિવાય બીજું કોઈપણ કારણ જણાતું નથી.

વળી ભીંત ઉપર ચીતરેલી સ્ત્રીની આકૃતિ વિકારનો હેતુ હોવાથી સાધુએ ન જોવી જોઈએ એવો જે નિષેધ કરવામાં આવ્યો છે તે પણ નિર્જીવ વસ્તુ અસર કરનારી છે એમ શું નથી જણાવતો ?

નિર્જીવ સ્થાપનાની જબ્બર અસર જણાવતા દૃષ્ટાંતો

સ્થાપના નિર્જીવ હોવા છતાં તેની કેટલી જબ્બર અસર થાય છે તે જાણવા માટે નીચેના દૃષ્ટાંતો જગજાહેર છે.

૧. પતિવ્રતા સ્ત્રી પોતાના પ્રાણેશની છબીને જોતાંની સાથે અત્યંત હર્ષને જ પામે છે. પરંતુ કદીપણ દ્વેષને પામતી જણાતી નથી.

૨. પ્રજાવત્સલ રાજાઓના બાવલાને જોવાથી વફાદાર રૈયત નારાજ ન થતાં પ્રસન્ન જ થાય છે. અને એ જ કારણે એવા રાજા મહારાજાઓના તથા મહાન પરાક્રમી પુરુષોનાં બાવલાંઓ તેમના સ્મરણાર્થે ઉભાં કરેલાં સ્થાને નજરે પડે છે.

૩. પરદેશવાસીઓ પોતાના સ્વજન આદિકના હસ્તાક્ષરના પત્રને જોવાથી પણ સ્વહિતૈષિઓ મળ્યા જેટલો સંતોષ અનુભવે છે.

૪. પોતાના વડીલો તથા ઇષ્ટ મિત્રોની છબી જોતાં જ તેમના

ઉપકાર અને ગુણોનું સ્મરણ થઈ આવે છે અને હૃદય પ્રેમથી પ્રફુલ્લિત બને છે.

૫. કોકશાસ્ત્રનાં સ્ત્રીપુરુષનાં વિષય સેવનનાં ચોરાશી આસનો આદિને જોવાથી કામીજનોને તત્કાળ કામવિકાર ઉત્પન્ન થાય છે.

૬. યોગાસનની વિચિત્ર આકારની સ્થાપનાઓ જોવાથી યોગી પુરુષોની મતિ યોગાભ્યાસમાં પ્રેમ ધારણ કરનારી થાય છે.

૭. ભૂગોળના અભ્યાસીઓને નકશાઓ વગેરે જોવાથી લોકમાં રહેલ અનેક વસ્તુઓનું જ્ઞાન સહેલાઈથી થઇ શકે છે.

૮. શાસ્ત્રો સંબંધી અક્ષરોની સ્થાપનાથી, તે જોનાર મનુષ્યને તમામ શાસ્ત્રોનું જ્ઞાન પણ થાય છે.

૯. ક્ષેત્રોમાં પુરુષોની આકૃતિ ઉભી કરવાથી તે આકૃતિ નિર્જીવ હોવા છતાં તેનાથી ક્ષેત્રની રક્ષા સારી રીતે થઇ શકે છે.

૧૦. લોકોમાં કહેવાય છે કે—અશોકવૃક્ષની છાયા ચિંતાને દૂર કરે છે, ચંડાળ પુરુષોની કે ઋતુવંતી સ્ત્રીઓની છાયા અશુભ અસર નિપજાવે છે. અને ગર્ભવતી સ્ત્રીની છાયાનુ ઉલ્લંઘન કરવાથી ભોગી પુરુષનો પુરુષાર્થ ક્ષય પામે છે. વિગેરે

૧૧. સતી સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય ત્યારે તે સ્ત્રી પોતાના પતિની છબીનું રોજ દર્શન કરી સંતોષ પામે છે.

શ્રી રામચંદ્રજી વનવાસ ગયા ત્યારે તેમના ભાઈ ભરત રાજા રામની પાદુકાની રામ પ્રમાણે પૂજા કરતા હતા.

સીતાજી પણ રામની આંગળીની મુદ્રિકાનું આલિંગન કરી સાક્ષાત રામને મળ્યા જેટલો આનંદ અનુભવતા હતા.

રામચંદ્રજી પણ હનુમાને લાવેલા સીતાના અલંકારને દેખાવથી અત્યંત સુખને પામ્યા હતા.

શ્રી પાંડવ ચરિત્રમાં પણ કહ્યું છે કે-દ્રોણાચાર્યની પ્રતિમા સ્થાપન કરી તેની પાસેથી લવ્ય નામના ભીલે અર્જુનના જેવી ધનુષ્યવિદ્યા સિદ્ધ કરી હતી.

ઉપરનાં કેટલાંક દૃષ્ટાંતો એવાં છે કે તેમાં શરીરનો આકાર પણ સરખો રહેતો નથી. એવી નિર્જીવ વસ્તુઓથી પણ સંતોષનો અનુભવ મળતો દેખી શકાય છે તો પછી સાક્ષાત પરમાત્માના સ્વરૂપનો બોધ કરાવનારી મૂર્તિ, પૂર્ણાનંદ જે મોક્ષ તેનો હેતુ કેમ ન થાય ?

શાંત મુદ્રાવાળી શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાની, તેમના નામ ગ્રહણપૂર્વકની પૂજા, જ્ઞાનવાન પ્રભુને વહેલા મોડા અવશ્ય પ્રાપ્ત કરાવી આપે છે.

જે વસ્તુના ભાવ નિક્ષેપા ઉપર મનુષ્યોને સંપૂર્ણ આદર હોય છે તેનાં નામ, સ્થાપના તથા ગુણગ્રામના સ્મરણ, દર્શન કે શ્રવણથી જરૂર તે તે વસ્તુ પરના પ્રેમ અને આદરની વૃદ્ધિ થાય છે. જેના ભાવ ઉપર પ્યાર છે તેના નામ, મૂર્તિ કે ગુણને માન આપ્યાથી તે સાક્ષાત વસ્તુને જ માન અને આદર આપ્યાનો અનુભવ થાય છે.

કોઈ શ્રીમંત પિતાએ પરદેશથી પોતાના પુત્રને પત્ર દ્વારા સૂચના કરી કે—" અમુક પુરુષને પાંચ હજાર રૂપિયા આપજો."

હવે તે પુત્ર તે પત્રને પોતાના સાક્ષાત હુકમ રૂપ માનીને તેનો અમલ કરે કે નહિ ?

જો અમલ કરે એમ કહેશો તો તે હુકમ કાગળમાં સ્થાપના રૂપ હોવાથી સ્થાપના માન્ય રાખવા લાયક સિદ્ધ થઇ ગઈ. જો કહેશો કે ' કાગળ માત્રથી અમલ ન કરવો ' તો તેમ કરનાર પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કર્યું ગણાશે કે ઉલ્લંઘન કર્યું ગણાશે ? પાલન નહિ પણ અવશ્ય ઉલ્લંઘન કર્યું ગણાશે.

એ ન્યાયે શ્રી તીર્થંકર-ગણધર-પ્રણીત સૂત્રોમાં પ્રતિપાદન કરેલ સ્થાપના નિક્ષેપાને માન્ય રાખનાર ખુદ ભગવાનનો જ

આદર કરનારો અને માન્ય નહિ રાખનાર ખુદ ભગવાનનું જ અપમાન કરનાર બને એમાં લેશમાત્ર આશ્ચર્ય નથી.

પોતાના વડીલની છબીઓ, ફોટાઓ, પેઇન્ટીંગો વડીલના આબેહુબ સ્વરૂપનો બોધ કરાવનાર હોવાથી તેમના ભાવ નિક્ષેપા તરફ આકર્ષણ કરાવે તેમાં નવાઈ નથી. પણ વડીલના આબેહુબ સ્વરૂપનો બોધ નહિ કરાવનાર એવા તેમનાં વસ્ત્ર, આભૂષણ અને પોષાક વગેરે દેખવાથી પણ તેમનાં ગુણ સાંભરી આવે છે.

જો અજીવરૂપ સ્થાપના નિક્ષેપો સર્વથા નિરર્થક હોત તો પૂર્વોક્ત કાર્યોમાં જે પ્રકારના જૂદા જૂદા ભાવ આવે છે તે ન આવવા જોઇએ.

આ ઉપરથી વિચારવું જોઈએ કે—પરમ પૂજનીય, પરમ ઉપકારી, આરાધ્યતમ, અનંત જ્ઞાની, દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનની શાંત નિર્વિકાર અને ધ્યાનરૂઢ ભવ્ય મૂર્તિના દર્શનથી શ્રી વીતરાગ દેવના ગુણોનું સ્મરણ કેમ ન થાય? તથા તેમની તે મૂર્તિને માન આપ્યાથી. ખુદ તેઓનો વિનય કર્યો એમ કેમ ન કહેવાય? અવશ્ય કહેવાય.

એટલું જ નહિ પણ તેમની મૂર્તિનાં વારંવાર દર્શન, પૂજન અને સેવનથી તેમના ભાવ નિક્ષેપા ઉપરનો આદર અને પ્રેમ દિવસે દિવસે અધિકને અધિક અવશ્ય વધતો જાય.

જે વસ્તુના ભાવ નિક્ષેપા ઉપર પ્રેમ હોય છે તેની સ્થાપના આદિ ઉપર પણ પ્રેમ આવે છે. અને જેના ભાવ નિક્ષેપા ઉપર દ્વેષ હોય તેના નામ સ્થાપના વગેરે ચારે નિક્ષેપા ઉપર દ્વેષ-બુદ્ધિ પણ આવે જ છે. કેમકે—

સાક્ષાત શત્રુને જોઈને જેમ વેર ભાવ પેદા થાય છે તેમ તેની મૂર્તિ કે છબી જોવાથી અથવા તેનું નામ વગેરે સાંભળવાથી પણ શું દ્વેષભાવ પ્રગટ થતો નથી? અવશ્ય પ્રગટે છે જ.

જેઓ તીર્થંકરના ભાવ નિક્ષેપા ઉપર ભક્તિ રાખે છે અને તેમની મૂર્તિ વગેરે ઉપર દ્વેષ ધરાવે છે તેઓને પૂછવાનું કે—તમારી માન્યતા પ્રમાણે તો તમારા મિત્ર આદિને સાક્ષાત જોતાં પ્રેમ થવો જોઈએ. પરંતુ તેમની મૂર્તિ તથા નામ વગેરે જોવા અને સાંભળવાથી પ્રેમ ન થવો જોઈએ. પરંતુ આવો ઊલટો ક્રમ કોઇ પણ જગ્યાએ જોવામાં આવતો નથી.

કદાચ કહેવામાં આવે કે—'શત્રુ અને મિત્ર ઉભયમાં સમભાવ રાખવો જોઇએ. કિંતુ રાગદ્વેષ ન કરવો જોઇએ.' પરંતુ આ કથન માત્ર કહેવા પૂરતું છે.

મોટા મોટા યોગીશ્વરો પણ જ્યાં સુધી ઘાતીકર્મોના યોગ ન છૂટયા હોય ત્યાં સુધી રાગદ્વેષથી છૂટી શકયા નથી. તો **સંસારની અનેક જંજાળના મોહમાં ફસી પડેલા ગૃહસ્થો રાગદ્વેષરહિત સમભાવવાળી અવસ્થામાં રહી શકે એમ કહેવું કે માનવું એ વંચના માત્ર છે.**

એક તરફથી શ્રી તીર્થંકરદેવના ભાવનિક્ષેપા ઉપર રાગ રાખવાની વાત કરવી અને બીજી તરફ સમભાવમાં રહેવાની વાત કરવી એમાં પ્રત્યક્ષ મૃષાવાદ છે. ભાવનિક્ષેપા પર રાગ અને મૂર્તિ પર દ્વેષ એ રાગદ્વેષ રહિતપણાનું લક્ષણ શી રીતે ગણાય!

એક નિક્ષેપા ઉપર દ્વેષ રાખવાથી બીજા નિક્ષેપા ઉપર પણ દ્વેષ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. સ્થાપના નિક્ષેપા ઉપર દ્વેષ ધારણ કરીને ભાવનિક્ષેપા ઉપર રાગ હોવાનું બતાવવું એમાં આત્મવંચના સિવાય બીજું કાંઈ નથી.

નિયમ તો એ છે કે—જે જીવ પ્રત્યક્ષ વિદ્યમાન ન હોય તેના ઉપર શુદ્ધ ભાવ પેદા કરવા માટે તેની સ્થાપનાના સેવન સિવાય તેના જેવો અન્ય કોઇ સરળ ઉપાય છે નહિ. વિના સ્થાપનાએ અવિદ્યમાન વસ્તુ પ્રત્યે શુદ્ધ ભાવ પ્રગટ કરી શકાતો નથી.

ચારે નિક્ષેપા આ રીતે પરસ્પર સંબંધ ધરાવનારા છે. એક વિના બીજા નિક્ષેપા ટકી શકતા જ નથી.

સ્થાપનાનો નિરાદર કરનારને પૂછવાનું કે—વર્તમાન સમયમાં જે નોટોનું ચલણ છે તેવી એક હજાર રૂપીઆની નોટ તમારી પાસે હોય તેને તમે હજાર રૂપીઆ માનો છો કે કાગળનો કટકો માનો છો?

જો કહેશો કે—અમે તો તેને કાગળના કટકા તુલ્ય માનીએ છીએ તો તેને સાધારણ કાગળના કટકાની જેમ એકાદ પૈસામાં કે મફતમાં બીજાને આપી કેમ દેતા નથી?

તેના ઉત્તરમાં કહેશો કે—એવો મૂર્ખ કોણ હોય કે હજાર રુપીઆને એક પૈસામાં કે મફતમાં આપી દીએ?

તો પછી જરા હૃદયચક્ષુને ખોલી વિચારવું જોઈએ કે—જેમ એક હજાર રૂપીઆની ગેરહાજરીમાં તેટલી રકમનું કામ એક નોટથી કાઢી શકાય છે તેમ શ્રી જિનેશ્વરદેવની અનુપસ્થિતિમાં તેમની મૂર્તિ દ્વારાએ સાક્ષાત ભગવાનને પૂજવાનું ફળ અવશ્ય મેળવી શકાય.

દ્રવ્ય નિક્ષેપો

જે વસ્તુ ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં અમુક કાર્યના કારણરૂપે નક્કી થઈ ચૂકી છે તે કારણભૂત વસ્તુના કાર્યનું આરોપણ કરવું તેનું નામ દ્રવ્ય નિક્ષેપો છે.

જેમ મૃતક સાધુમાં તથા કોઈ સાધુ થનાર હોય તેમાં વર્તમાન સમયે સાધુપણું ન હોવા છતાં સાધુપણાનો આરોપ કરી સાધુ કહેવામાં આવે છે તે દ્રવ્ય નિક્ષેપાને આશ્રયીને સાધુપણું સમજવાનુ છે.

અને એ જ કારણે સાધુ થયા પહેલાં સાધુ થનારને દ્રવ્ય સાધુ માનીને તેની દીક્ષાનો મહોત્સવ મોટી ધામધૂમથી ઉજવવામાં આવે છે. તથા સાધુના મૃત કલેવરને દહન ક્રિયા વખતે પાલખીમાં બેસાડી પૈસાને ઉછાળતાં ઠાઠમાઠથી લઈ જવામાં આવે છે. અને લોકો પણ તેનાં દર્શન કરવા માટે દોડાદોડી કરે છે.

શ્રી તીર્થંકરદેવોને જન્મ તથા નિર્વાણ સમયે વંદન નમસ્કાર કરવાનો પાઠ શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોમાં છે. તો તે નમસ્કાર શ્રી તીર્થંકરદેવના દ્રવ્ય નિક્ષેપાને થયો ગણાય. અને નહિ કે ભાવ નિક્ષેપાને થયો ગણાય. કારણ કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભાવ નિક્ષેપો કહેવાય નહિ.

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના જન્મ વખતે શક્રેંદ્રે નમસ્કાર કર્યાનો ઉલ્લેખ **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞતિ**માં નીચે મુજબ જણાવેલો છે—

नमोत्थुणं भगवओ तीत्थगरस्सो आइगरस्स जाव संपाविउ कामस्स वंदामिण्हं भगवंतं तत्त्थगयं इहगयं पासउ मे भयवं तत्थगए दहगयं तिकट्टु वंदइ णमंसइ ॥

તથા તે જ સૂત્રમાં કહ્યું છે કે—શક્રેંદ્રે શ્રી હરિણગમેષી દેવની મારફત હિતને વાસ્તે અને સુખને વાસ્તે શ્રી તીર્થંકર દેવનો જન્મ મહોત્સવ કરવાને માટે પોતે જવા વિષેનો અભિપ્રાય દેવતાઓને જણાવ્યો છે. તે સાંભળી મનમાં હર્ષિત થઈ—

કેટલાક દેવતા વંદન કરવા સારૂ,

કેટલાક પૂજા કરવા સારૂ,

કેટલાક સત્કાર કરવા સારૂ,

કેટલાક કૌતુક જોવા સારૂ,

કેટલાક શ્રી જિનેશ્વરદેવના પ્રત્યે ભક્તિરાગ નિમિત્તે,

કેટલાક શક્રેંદ્રના વચનની ખાતર,

કેટલાક મિત્રોની પ્રેરણાથી,

કેટલાક દેવીઓના કહેવાથી,

કેટલાક પોતાનો આચાર સમજીને (જેમકે સમ્યગ દષ્ટિ દેવોએ શ્રી જિનેશ્વર દેવના જન્મ મહોત્સવમાં અવશ્ય ભાગ લેવો જોઈએ.)

એ વગેરે કારણોને સ્વચિત્તમાં સ્થાપન કરી ઘણાં દેવદેવીઓ શક્રેંદ્રની પાસે હાજર થયા.

જો દ્રવ્યનિક્ષેપો અપૂજનીક નિરર્થક હોત તો સૂત્રમાં "**સુખને વાસ્તે તથા ભક્તિનિમિત્તે**" ઈત્યાદિ શબ્દો વંદનના અધિકારમાં કદાપિ ન આવત.

તથા શ્રી ઋષભદેવ સ્વામીના નિર્વાણ સમયે પણ શક્રેંદ્રનું આસન કંપાયમાન થતાં અવધિજ્ઞાનથી ભગવાનનો નિર્વાણ સમય જાણી, શક્રેંદ્રે ભગવાનને વંદન નમસ્કાર કર્યો અને સર્વ સામગ્રી સહિત શ્રી અષ્ટાપદ (હિમાલય) તીર્થ પર જ્યાં ભગવાનનું શરીર હતું ત્યાં આવી ઉદાસીનતાપૂર્વક અશ્રુવાળી આંખો સમેત શ્રી તીર્થંકર દેવના શરીરને ત્રણ પ્રદક્ષિણા દઈ, મૃતકને યોગ્ય સર્વ વિધિ કરી. ઈત્યાદિ વિગતના જે પાઠો છે તેય **દ્રવ્યનિક્ષેપાની** પણ વંદનીયતાને સિદ્ધ કરે છે.

એ સિવાય બીજી રીતે પણ દ્રવ્ય નિક્ષેપો અને તેની પૂજનીયતા સિદ્ધ થાય છે.

શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં તથા વર્તમાનકાળમાં આવશ્યક ક્રિયા કરતી વખતે સાધુ શ્રાવક તમામ **ચતુર્વિંશતિ સ્તવ** અથવા **લોગસ્સસૂત્રનો** પાઠ બોલે છે. શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં બીજા ત્રેવીશ તીર્થંકરોના જીવ ચોરાશી લાખ જીવ યોનિમાં ભટકતા હતા. **તેથી તેમને તે વખતે કરેલો નમસ્કાર ભાવનિક્ષેપથી થયો ગણી શકાય નહિ પરંતુ દ્રવ્યનિક્ષેપથી જ કર્યો ગણાય.**

વર્તમાનકાળમાં તો તેઓમાંના એકેય ભાવનિક્ષેપે નથી કારણકે બધા સિદ્ધગતિમાં ગયેલા છે. તેથી ભાવનિક્ષેપે અરિહંત તરીકે નહિ પણ સિદ્ધ તરીકે વિરાજમાન છે.

જો એક ભાવ નિક્ષેપને માની બીજા નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપને માનવાના ન હોત તો લોગસ્સ દ્વારાએ કોને નમસ્કાર થાય ? લોગસ્સની અંદર પ્રગટપણે अरिहंते कित्तइस्सं અને चवीसंवि केवली કહીને ચોવીસે તીર્થંકરોને યાદ કર્યા છે. **તીર્થંકરનું એ સ્મરણ ભાવ નિક્ષેપે છે જ નહિ કિંતુ નામ તથા દ્રવ્યનિક્ષેપે જ માનવાનું છે.**

જેઓ એ બે નિક્ષેપાને માનવા તૈયાર નથી, તેઓના મતે લોગસ્સને માનવાનું રહ્યું નથી, અને લોગસ્સને નહિ માનવાથી આજ્ઞાભંગનો મહાદોષ કપાળે ચોંટયા વિના પણ રહે નહિ.

વળી સાધુ સાધ્વીના પ્રતિક્રમણ સૂત્રમાં પણ કહ્યું છે કે—

नमो चउवीसाए तीत्थयराणं उसभाइ महावीरपज्जवसाणाणं

અર્થ—શ્રી ઋષભદેવ સ્વામીથી શ્રી મહાવીર સ્વામી પર્યંત ચોવીશેય તીર્થંકરોને નમસ્કાર થાઓ.

આમાં પણ તે નામના તીર્થંકરો ભાવનિક્ષેપે વર્તમાનમાં કોઈ નથી, કિંતુ દ્રવ્યનિક્ષેપે છે. દ્રવ્યનિક્ષેપ નહિ માનનારને પ્રતિક્રમણ આવશ્યક પણ માનવાનું રહેતું નથી. અને **એથી પણ આજ્ઞાભંગનો મહાદોષ લાગે છે.**

ભાવનિક્ષેપનો વિષય અમૂર્ત હોવાથી, અતિશય જ્ઞાનીઓ સિવાય બીજા કોઇથી પણ સાક્ષાત જાણી કે સમજી શકાતો નથી. એ કારણે શ્રી જૈન સિદ્ધાંતમાં સઘળી ક્રિયાઓનું "નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર" એ ચાર દ્રવ્યપ્રધાન નયોની મુખ્યતાથી જ

વર્ણન કરાયેલું છે. **દ્રવ્યનિક્ષેપાના પ્રાધાન્યવાળી ક્રિયાઓને જો નકામી માનવામાં આવે તો જૈન મતનો લોપ જ થાય છે.**

જૈન સિદ્ધાંતને માન્ય રાખનાર આત્માઓએ દ્રવ્યાર્થિક ચાર નયોને માન આપી દ્રવ્યક્રિયાનો આદર કરવો યોગ્ય છે. દ્રવ્યનિક્ષેપાના પ્રાધાન્યવાળી ક્રિયાઓ પરિણામની ધારાને વધારનારી છે. તેથી ભાવનો પરિપૂર્ણ નિશ્ચય થયા વિના પણ વ્રત પચ્ચખ્ખાણ આદિ કરાવવાની રીત જૈનશાસનમાં ચાલી રહી છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્ર, ઠાણાંગ સૂત્ર, ભગવતી સૂત્ર તથા સૂત્રકૃતાંગ સૂત્ર વગેરે સૂત્રોમાં દ્રવ્યનિક્ષેપાની સિદ્ધિ કરેલી અને દ્રવ્ય વિના ભાવ કદાપિ ન સંભવે એમ સપ્રમાણ સાબિત કરી આપ્યું છે.

ભગવાનની ભાવ અવસ્થા અતીન્દ્રિય હોઈ ઇંદ્રિયો અને મનને અગોચર છે. તેને ઇંદ્રિય અને માનસગોચર કરવા માટે તેમના નામ, આકાર અને દ્રવ્યની ભક્તિ છોડીને કેવળ ભાવની ભક્તિ કરવી કે થવી એ અસંભવિત છે.

ભાવનિક્ષેપો

જે જે નામવાળી વસ્તુમાં જે જે ક્રિયાઓ થાય છે, તે તે ક્રિયાઓમાં તે તે વસ્તુઓ વર્તે તે ભાવનિક્ષેપો છે.

જેમકે—ઉપયોગ સહિત આવશ્યક ક્રિયામાં પ્રવૃત્તિ કરી રહેલ સાધુ, એ ભાવ નિક્ષેપે આવશ્યક ગણાય છે. હરેક વસ્તુનું સ્વરૂપ આ રીતે ચારે નિક્ષેપાથી જાણી શકાય છે. તેમાંથી એક પણ નિક્ષેપો જો ન માનવામાં આવે તો તે વસ્તુપણે ટકતી જ નથી.

જે વસ્તુને જેવા ભાવથી માનવામાં આવે છે, તેના ચારે નિક્ષેપા તેવા ભાવને જ પ્રગટ કરે છે. શત્રુભાવવાળી વસ્તુના ચારે નિક્ષેપા શત્રુભાવને પ્રગટ કરે છે અને મિત્રભાવવાળી વસ્તુના ચારે

નિક્ષેપા મૈત્રીભાવને ઉત્પન્ન કરે છે. કલ્યાણુકારી વસ્તુના ચારે નિક્ષેપા કલ્યાણુભાવને પેદા કરે છે. અને અકલ્યાણુકારી વસ્તુના ચારે નિક્ષેપા અકલ્યાણુભાવને પેદા કરે છે.

હેય, જ્ઞેય, ઉપદેયના નિક્ષેપાની સમજ.

આ સંસારમાં સામાન્ય રીતે તમામ વસ્તુઓ હેય, જ્ઞેય અને ઉપાદેય એ ત્રણે ભેદમાંથી કોઈ ને કોઈ એક ભેદની હોય છે. દાખલા તરીકે—સ્ત્રીસંગ.

હેય વસ્તુના નિક્ષેપા

સાધુઓને સ્ત્રીઓના સાક્ષાત સંગનો નિષેધ કરવામાં આવ્યો છે, સાક્ષાત સંગ એ હેય છે. તેથી સ્ત્રીઓના નામ, આકાર અને દ્રવ્યનો પણુ નિષેધ થઈ જાય છે.

સાધુ પુરુષોને સ્ત્રીઓનો ભાવ નિક્ષેપો જેમ વર્જ્ય છે તેમ—**નામ નિક્ષેપાથી** સ્ત્રીકથાનો પણુ નિષેધ છે. **સ્થાપના નિક્ષેપાથી** સ્ત્રીની ચીતરેલી મૂર્તિને જોવાનો પણુ નિષેધ છે. તથા **દ્રવ્ય નિક્ષેપાથી** સ્ત્રીની પૂર્વાપર બાહ્ય અવસ્થા તથા મૃત અવસ્થા આદિના સંઘટ્ટને પણુ નિષેધ્યો છે. **એ રીતે હેય રૂપ વસ્તુના ચારે નિક્ષેપા હેયરૂપ બને છે.**

માત્ર ભાવ નિક્ષેપો માનનારાઓ સ્ત્રીના ભાવ નિક્ષેપાને વર્જી, શું બાકીના ત્રણે નિક્ષેપાનો આદર કરી શકશે? કદી જ નહિ,

જ્ઞેય વસ્તુના નિક્ષેપો

એ રીતે **જ્ઞેય વસ્તુનો ભાવ નિક્ષેપો જેમ જ્ઞાનપ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે તેમ ચારે નિક્ષેપા જ્ઞાનપાપ્તિમાં નિમિત્ત બની શકે છે.**

જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મેરુપર્વત, હાથી, ઘોડા ઇત્યાદિ જ્ઞેયવસ્તુઓ છે. તેઓને જેમ સાક્ષાત જોવાથી બોધ થાય છે તેમ તેના નામ, આકાર આદિ જોવા સાંભળવાથી પણ તે વસ્તુઓનો બોધ થાય છે.

ઉપાદેય વસ્તુના નિક્ષેપા

હેય અને જ્ઞેયની જેમ ઉપાદેય વસ્તુ પણ ચારેય નિક્ષેપાથી ઉપાદેય બને છે.

શ્રી તીર્થંકર દેવ જગતમાં પરમ ઉપાદેય હોવાથી તેમના ચારે નિક્ષેપા પણ પરમ ઉપાદેય બને છે. સમવસરણમાં બિરાજેલ સાક્ષાત શ્રી તીર્થંકરદેવ **ભાવનિક્ષેપે** પૂજનીક છે. માટે 'મહાવીર' ઇત્યાદિ તેમના **નામને** પણ લોકો પૂજે છે. વૈરાગ્ય મુદ્રાએ યુક્ત, ધ્યાનારૂઢ અવસ્થામાં રહેલી તેમની પ્રતિમાને પણ **સ્થાપના નિક્ષેપથી** લોકો પૂજે છે. તથા **દ્રવ્યનિક્ષેપે** તેમના જન્મ તથા નિર્વાણ અવસ્થાને પણ ઇંદ્રાદિક દેવો ભક્તિભાવને નમે છે, પૂજે છે અને તેનો સત્કાર વિગેરે કરે છે.

એથી ઊલટું—**અન્ય દેવોનો ભાવનિક્ષેપો ત્યાજ્ય હોવાથી, તેઓના બાકીના ત્રણ નિક્ષેપા પણ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને છોડવા લાયક બને છે.**

એ જ કારણે આનંદ આદિક દશ શ્રાવકોએ હરિહર આદિ અન્ય દેવોને વંદન નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તે વખતે હરિ, હર આદિ દેવો **ભાવનિક્ષેપે** વિદ્યમાન નહિ હતા. માત્ર તેમની મૂર્તિઓ હતી. તેથી આનંદ આદિક શ્રાવકોની નહિ નમવાની પ્રતિજ્ઞા **સ્થાપનાનિક્ષેપે** તેઓની મૂર્તિને ઉદ્દેશીને હતી, એ આપોઆપ સિદ્ધ થાય છે.

એ જ રીતે હરિહર આદિ દેવોની મૂર્તિઓને નહિ નમવાનો નિયમ એ શ્રી જિનમૂર્તિને નમસ્કાર કરવાના વિધાનને પણ સ્વતઃ સિદ્ધ કરી આપે

છે. જેમ કોઈએ રાત્રિભોજનનો ત્યાગ કરવાનો નિયમ અંગીકાર કર્યો તેથી તેની દિવસે ભોજન કરવાની વાત આપોઆપ સિદ્ધ થઈ જ જાય છે તે જ રીતે ઉપરની વાત સમજી લેવી.

એ મુજબ ચારે નિક્ષેપાનો પરસ્પરનો સંબંધ સમજી લેવાનો છે. તેમાં વિશેષ એટલું છે કે—**જેનો ભાવ નિક્ષેપો શુદ્ધ અને વંદનીય છે તેના જ બાકીના નિક્ષેપા વંદનીય અને પૂજનીય છે. બીજાના નહિ.**

શંકા

કોઈ એમ પ્રશ્ન કરે કે—મરેલા બળદને જોઈને કોઈ પ્રતિબોધ પામે તેથી શું તે પૂજવા યોગ્ય બની જાય છે?

સમાધાન

તો તેનો ઉત્તર સ્પષ્ટતયા મળી રહે છે કે—શાસ્ત્રકારો, જેનો ભાવનિક્ષેપો વંદન પૂજન કરવા લાયક છે, તેના જ બાકીના ત્રણ નિક્ષેપા પૂજવા માટે ફરમાવે છે.

સાક્ષાત બળદને કોઈએ પૂજવા લાયક માન્યો નથી. તેથી તેના નામ આદિક પણ પૂજનીક ઠરતાં નથી.

રાજા કરકંડુ વગેરે પ્રત્યેક બુદ્ધ મહર્ષિઓ મરેલા બળદને જોઈને પ્રતિબોધ પામ્યા હતા. પણ ભાવબળદ વંદનીય નહિ હોવાથી તેમના પ્રતિબોધમાં કારણભૂત બળદનાં નામ આદિક વંદના કરવા લાયક ગણાયાં નથી.

ચારે નિક્ષેપા વંદનીય છે તે માટે સૂત્રનો દાખલો

શ્રી ઉપાસક દશાંશ સૂત્રમાં આનંદ શ્રાવકે અન્ય તીર્થીકોને નહિ વાંદવાની જે પ્રતિજ્ઞા લીધી છે, તેથી જ જેનો ભાવ નિક્ષેપો વંદનીય છે, તેના ચારે નિક્ષેપા વંદનીય ઠરે છે. અને

જેનો ભાવ નિક્ષેપો વંદનીય નથી તેના ચારે નિક્ષેપા વંદનીય નથી એ સિદ્ધ થાય છે.

શ્રી આનંદ શ્રાવકની પ્રતિજ્ઞાનો પાઠ નીચે પ્રમાણે છે—

णो खलु मे भन्ते कप्पई अज्जप्पभिइणं अन्नउत्थिया वा अन्नउत्थिय देवयाणि वा अन्नउत्थिए पहिग्गहियाइं अरिहंत चेइयाइं वा वंदित्तए वा नमंसित्तए.

અર્થ—હે ભગવન્ ! મારે આજથી અન્ય તીર્થિક, અન્ય તીર્થિકોના દેવ (હરિ હર આદિ) તથા અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંતના ચૈત્યો (જિન પ્રતિમાઓ)ને વંદન નમસ્કાર કરવા કલ્પે નહિ.

અહીં અન્ય તીર્થિકોના દેવ ગુરુનો નિષેધ થતાં જૈન ધર્મના દેવ ગુરુ સ્વમેય વંદનીય ઠરે છે. કારણ કે—

કોઇ કુતર્ક કરે તો તેને પૂછવાનું કે—આનંદ શ્રાવકે અન્ય દેવને ચારે નિક્ષેપે વંદના ત્યાગી કે માત્ર ભાવ નિક્ષેપે !

જો કહેશો કે—અન્ય દેવના ચારે નિક્ષેપાનો નિષેધ કર્યો છે.

તો તેથી સ્વતઃ સિદ્ધ થયું કે અરિહંતના ચારે નિક્ષેપા શ્રાવકને વંદનીય છે.

જો અન્ય દેવના ભાવ નિક્ષેપાને જ નિષેધ કરવાનું કહેશો તો તે દેવના બાકીના ત્રણ નિક્ષેપા એટલે અન્ય દેવના મૂર્તિ નામ વગેરે આનંદ શ્રાવકને વંદનીય રહેશે. અને તેમ કરવાથી વ્રતધારી શ્રાવકને દૂષણ લાગે જ.

તથા અન્ય દેવ, હરિહર આદિ કોઈ આનંદ શ્રાવકના વખતની સાક્ષાત વિદ્યમાન હતા નહિ પણ તેમની મૂર્તિઓ હતી. તો બતાવો કે આણંદ શ્રાવકે કોનો નિષેધ કર્યો ?

જો કહેશો કે—અન્ય દેવની મૂર્તિનો

તો પછી અરહિંત મૂર્તિ સ્વતઃ સિદ્ધ થઈ.

આ પાઠમાં ચૈત્ય શબ્દનો અર્થ "સાધુ" કરીને કેટલાક લોકો ઉત્સૂત્ર ભાષણ કરે છે, તેમને પૂછવાનું કે—સાધુને અન્ય તીર્થી ગ્રહણ શી રીતે કરે ?

જો જૈન સાધુને અન્ય દર્શનીએ ગ્રહણ કર્યો એટલે તેને ગુરુ કરીને માન્યો તો પછી તે સાધુ અન્ય દર્શની થઈ ગયો. પછી તે જૈન સાધુ કોઈ પ્રકારે ન ગણાય. જેમ શુકદેવ સંન્યાસીએ થાવચ્ચાપુત્ર પાસે દીક્ષા લીધી. તેથી તે જૈન સાધુ કહેવાયા. પણ જૈન પરિગ્રહિત સંન્યાસી કહેવાયા નહિ. તેમ સાધુ પણ અન્યતીર્થી–પરિગ્રહિત ન કહેવાય.

માટે ચૈત્ય શબ્દનો અર્થ શાધુ કરવો એ સર્વથા વિરુદ્ધ છે.

તર્ક શંકા—ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા કરે તો તે પાઠમાં આનંદ શ્રાવકે કહ્યું છે કે—અન્ય તીર્થીકને અન્ય તીર્થીકોના દેવને તથા અન્ય તીર્થીકોએ ગ્રહણ કરેલ જિનપ્રતિમાને વાંદુ નહિ, બોલાવું નહિ, દાન દઉં નહિ ઇત્યાદિ. તો પ્રતિમા સાથે બોલવાનું, દાન દેવાનું કેમ સંભવે ?

સમાધાન—સૂત્રનો ગંભીર અર્થ ગુરુગમ વગર સમજમાં આવવો મુશ્કેલ છે સૂત્રની શૈલી એવી છે કે—શબ્દનો જેની જેની સાથે સંબંધ સંભવે તેની સાથે જોડીને તેનો અર્થ કરવો, નહિ તો અનર્થ થઈ જાય.

તેથી બોલવાનો તથા ધન દેવાનો નિષેધ અન્ય દર્શની ગુરૂ આશ્રયી જાણવો અને વાંદવાનો નિષેધ પ્રતિમા આશ્રયી સમજવો.

અથવા ત્રણે પાઠની અપેક્ષા સાથે લેશો તો તમારા કરેલા અર્થ પ્રમાણે આનંદ શ્રાવકનું કહેવું મળશે નહિ. કારણ કે—હરિહર આદિ અન્ય દેવ કોઈ સાક્ષાત વિદ્યમાન તે વખતે હતા નહિ પણ તેમની મૂર્તિઓ હતી. તેમની સાથે બોલવાનો તથા દાન દેવાનો અર્થ તમારા હિસાબે શી રીતે બેસશે ?

—લેખકના પ્રતિમા પૂજન પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત.

☆

પ્રકરણ ચોવીશમું

સ્થાપનાની ઉપાસના

લેખક—પં. મુનિશ્રી ભદ્રંકરવિજયજી

*

જૈનો અશરીરી સિદ્ધોને પૂજે છે તો પણ એ અશરીરી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવા માટે તે આત્માઓએ જે કાંઈ પ્રયોગો આચર્યા હોય છે તે સાકાર અને સશરીરી અવસ્થામાં જ આચરેલા છે. તેથી તે અવસ્થાની પૂજનીયતા પણ જૈનોને અવશ્ય માનનીય છે.

જૈનો સાકાર અને નિરાકાર ઉભય અવસ્થાવાળા પરમેશ્વરને માને છે. સાકાર પરમેશ્વરને વીતરાગ અને સર્વજ્ઞ માનવા સાથે શાસ્ત્ર અને તત્ત્વોના ઉપદેશક પણ માને છે. તેથી તેઓને નિરાકાર અને સાકાર પરમેશ્વરની તે તે અવસ્થાઓ વંદનીય, નમનીય અને પૂજનીય હોય તેમાં કશું જ આશ્ચર્ય નથી.

વીતરાગ સર્વજ્ઞ અને તત્ત્વોપદેશક પરમેશ્વરની પૂજનીયતા આદિ સ્વીકારવામાં કોઈપણ સજ્જનને લેશ પણ હરકત હોઈ શકે નહિ. ગુણ બહુમાન અને કૃતજ્ઞતા આદિ ગુણોની કિંમત સમજનારાઓ તો તેવા સર્વશ્રેષ્ઠ ઉપકારી અને સર્વોચ્ચ ગુણોથી ભરેલા મહા પુરુષોની સેવા, પૂજા, આદર, ભક્તિ, વંદન, સ્તુતિ આદિ થાય તેટલાં ઓછાં એવી જ માન્યતા વાળા હોય.

એ સેવા પૂજાથી તે મહાપુરુષોને કોઈ પણ જાતનો ઉપકાર નહિ થતો હોવા છતાં તેમાં તલ્લીન રહેનાર આત્મા પોતાના શુભ પરિણામથી કર્મ નિર્જરા આદિ ઉત્તમ ફળોને પામ્યા સિવાય રહેતો નથી. શ્રી જિનશાસનમાં પૂજાનું ફળ પામવા માટે પૂજ્યની પ્રસન્નતાને બદલે પૂજકની શુભ ભાવના જ કારણભૂત મનાએલી છે.

પૂજ્યની ભાવ અવસ્થાનું પૂજન પણ પૂજકના ગુણ બહુમાન તથા

કૃતજ્ઞપણા આદિના આધારે જ ફળને આપવવાળું છે. તો પછી એ જ ગુણ બહુમાન અને કૃતજ્ઞતાના અધ્યવસાયથી જ તથા આત્મ નિર્મળતા સાધવાના ઉત્તમ પરિણામથી મૂર્તિ દ્વારા પૂજ્યનું વંદન ઉપાસના ઇત્યાદિ થાય તો તે કર્મનિર્જરા આદિ ઉત્તમ ફળોને કેમ ન આપે? અવશ્ય આપે.

ભાવ અવસ્થાની આરાધના પણ જો આરાધકના શુભ પરિણામને આધારે જ ફળવતી છે તો પછી મૂર્તિ અથવા સ્થાપના દ્વારાએ થતી આરાધનામાં આરાધકના શુભ અધ્યવસાય રહેલા જ છે. એ અધ્યવસાયો શુભ નથી કિંતુ મલિન છે એમ કોણ કહી શકશે?

ભાવ અવસ્થાની આરાધના આરાધ્યના વિદ્યમાન કાળમાં કરવાની હોય છે. તે વખતે આરાધ્યની ઉત્તમતા અને ઉપકારીતા આદિને સાક્ષાત્ દેખવાથી ભક્તિ જાગવી સહેલ છે, ત્યારે આરાધ્યની સ્થાપના દ્વારાએ ભકિત, આરાધ્યના અવિદ્યમાન કાળમાં કરવાની હોય છે. અને તે, તો જ બની શકે કે જો આરાધ્યની ઉત્તમતા અને ભકિતપાત્રતા, ઉપદેશ, શાસ્ત્ર અને પરંપરા આદિ વડે હૃદયમાં બરાબર ઠસેલ હોય.

ઉપકારીની હયાતિમાં ઉપકારીના ઉપકારનું સ્મરણ ઈત્યાદિ કરતાં, ઉપકારીની બિનહયાતિમાં ઉપાકારીના ઉપકારોનું સ્મરણ ઇત્યાદિ કરનાર, ઉપકારી પ્રત્યે ઓછા આદરવાળો છે એમ કહી શકાય નહિ.

"હૃદયમાં ભક્તિભાવ વિના પણ બાહ્યથી સ્થાપનાની ભક્તિ કરનારા ઘણા દેખાય છે"—એવો તર્ક કરનારે સમજવું જોઈએ કે—"એ સ્થિતિ જેમ સ્થાપના માટે હોય છે તેમ ભાવ અવસ્થાની ભકિત માટે પણ હોય જ છે."

ભાવ અવસ્થાની **ભકિત કરનારા બધા અંતરંગ અને સાચા ભાવથી જ કરે છે એમ નથી. કિંતુ, દેખાદેખીથી, લોભ, લાલચ, માયા કે બીજી પણ દુષ્ટ બુદ્ધિથી કરનારા પણ**

હોય જ છે. સ્થાપના માટે પણ તેમ હોઈ શકે પણ ભાવ અવસ્થાની ભકિત કરનારા જેમ કેટલાક ખોટા હોય છે તેથી બધા જ તેવા હોય છે એમ કોઈથી કહી શકાય તેમ નથી, તેમ સ્થાપનાની ભકિત કરનારામાં પણ ખોટા હોય છે તેથી સર્વ કોઈ તેવા જ હોય છે તેમ કહી શકાય નહિ.

એ રીતે આરાધ્યની અવિદ્યમાનતામાં આદરના પરિણામ થવામાં સ્થિર અને સુદૃઢ ભકિતની જરૂર છે. ભકિતની એ સ્થિરતા અને સુદૃઢતા આરાધકને અત્યંત શુભ ફળ આપનારી થાય એમાં લેશ માત્ર વિવાદને સ્થાન હોઇ શકે નહિ.

વિક્રમની સોળમી સદી ભારતવર્ષને માટે મહા દુઃખ અને ભયંકર કલંક સમાન નીવડી. અનાર્ય સંસ્કૃતિની દોષિત અસર અનેક વ્યકિત પર પડી ચૂકી હતી. અનેક અજ્ઞાન વ્યકિતઓએ અનાર્ય સંસ્કૃતિનું અંધ અનુકરણ કરીને કાંઇપણ સમજ્યા કે વિચાર્યા વિના જ આર્ય મંદિર અને મૂર્તિઓ તરફ ક્રૂર દૃષ્ટિથી જોવું શરૂ કર્યું હતું.

શ્વેતાંબર જૈનોમાં લોંકાશાહ, દિગંબર જૈનોમાં તારણ સ્વામી, શિખોમાં ગુરૂ નાનક, જુલ્હાઓમાં કબીર, વૈષ્ણવોમાં રામચરણ અને અંગ્રેજોમાં માર્ટીન લ્યુથર વિગેરે વ્યકિતઓએ કાંઇપણ સમજ્યા અને વિચાર્યા વિના જ, સંસ્કૃતિના આધાર સ્તંભરૂપ મંદિર અને મૂર્તિઓની વિરૂદ્ધ ઘોષણાઓ શરૂ કરી દીધી હતી.

"ઇશ્વરની ઉપાસના માટે આ જડ પદાર્થોની કાંઇપણ આવશ્યકતા નથી."—એમ જાહેર કરીને મૂર્તિઓ દ્વારાએ પોતાના ઇષ્ટ દેવોની ઉપાસના કરનારાઓને તેઓએ આત્મ કલ્યાણના માર્ગથી છોડાવી દીધા હતા.

પણ શ્વેતાંબર જૈનોને તો લોંકાશાહ સાથે સંબંધ છે. લોંકાશાહના જીવન માટે ભિન્ન ભિન્ન લેખકોના ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળેલા છે. પરંતુ લોંકાશાહનું

જૈન સાધુ દ્વારા જે અપમાન થયું એ વિષયમાં બધા સહમત છે.

વિક્રમ સવંત ૧૫૪૪ ની આસપાસમાં થયેલા **ઉપાધ્યાય કમળ-સંયમ**, તેમની સિદ્ધાંત ચોપાઈમાં લખે છે કે—

"પીરોજખાન નામનો બાદશાહ દેહરાં અને પૌષધશાળાને પાડી નાખીને જિનમતને પીડા આપતો હતો. દુષમ કાળના પ્રભાવે લોંકાશાહને, તાવની સાથે માથું દુ:ખવા આવે તેમ, તેનો સંયોગ મળી ગયો. આવેશમાં અંધ બનેલો મનુષ્ય કયું કયું અકૃત્ય કરતો નથી? એ વિષયમાં જમાલિ અને ગોશાલાનાં દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

ક્રોધાવેશમાં આવેલા લોંકાશાહ મુસલમાન સૈયદોના વચનો ઉપર વિશ્વાસ મૂકી પોતાના ધર્મથી પતિત થયા. તે પહેલાં લોંકાશાહ ત્રિકાળ શ્રી જિનપૂજા કરતા હતા. એવા ઉલ્લેખો મળી આવે છે. પરંતુ સાધુઓ દ્વારા અપમાનિત થયા પછી સૈયદનો સંયોગ મળી ગયો અને અગ્નિમાં ઘી નાખવાની જેમ, સૈયદે તેમની પાસેથી મંદિરો અને મૂર્તિઓ છોડાવી દીધા. ત્યારથી તે પૂજા કરવાની ક્રિયાને નિરર્થક માનવા લાગ્યા.

એક બાજુ એમનું અપમાન અને બીજી બાજુ મુસ્લીમોનો સહયોગ, લોંકાશાહને કર્તવ્યભ્રષ્ટ કરનારો થયો.

સૈયદે તેને કહ્યું કે—ઇશ્વર તો મુક્તિમાં છે અને નાપાકીથી દૂર છે. તો તેને માટે મૂર્તિઓની, મંદિરોની શી જરૂર છે? લોંકાશાહને આ વાત સોળે સોળ આના સાચી લાગી.

લોંકાશાહે કેવળ એક મૂર્તિપૂજાનો જ વિરોધ કર્યો છે એમ નથી. પણ જૈન આગમ, જૈન સંસ્કૃતિ, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, દાન, દેવપૂજા અને પ્રત્યાખ્યાન વગેરેનો પણ વિરોધ કર્યો છે.

તેની પછી મેઘજી ઋષિ વગેરેએ તે મતનો સદંતર ત્યાગ કરી ફરીથી જૈન દીક્ષા સ્વીકારી છે અને તેઓ મૂર્તિપૂજાના સમર્થક

અને પ્રચારક બન્યા છે. લોંકાગચ્છીય આચાર્યોએ મંદિર અને મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી છે. તથા પોતાના ઉપાશ્રયમાં પણ પ્રતિમાઓ સ્થાપન કરીને મૂર્તિઓની ઉપાસના કરી છે. લોંકાગચ્છનો એક પણ ઉપાશ્રય એવો ન હતો કે જ્યાં શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિ ન હોય.

પરંતુ વિક્રમની ૧૮ મી શદીમાં યતિ ધર્મસિંહ અને લવજી ઋષિએ—એ બે યે લોંકાગચ્છથી અલગ થઈને ફરીથી મૂર્તિ સામે બળવો ઉઠાવ્યો. લોંકાગચ્છના શ્રી પૂજ્યોએ તે બન્નેને ગચ્છ બહાર પણ કરી દીધા, પરંતુ તે બન્નેએ પ્રચારવા માંડેલો મત ચાલ્યો.

તે બન્નેએ ફેલાવેલા નવા મતને "ઢુંઢક મત"નું ઉપનામ મળ્યું. એ સંપ્રદાયનું બીજું નામ "સાધુમાર્ગી" અથવા "સ્થાનકવાસી" પડ્યુ છે.

આ ઢુંઢીયા (સ્થાનકવાસી) અને લોંકશાહના અનુયાયીઓમાં ક્રિયા અને શ્રદ્ધામાં દિનરાત જેવું અંતર છે, સ્થાનકવાસીઓ લવજી ઋષિના તથા ધર્મસિંહજી મુનિના અનુયાયી છે.

મૂર્તિપૂજાના વિરોધીઓ પણ મૂર્તિપૂજાને માને છે તેના દાખલા

મુસલમાનો

મૂર્તિપૂજામાં સૌથી પ્રથમ વિરોધી મહમ્મદ છે.

એક મુસ્લીમ પોતાના ઇષ્ટની મૂર્તિને સીધી રીતે માનવાનો ઇન્કાર કરે છે. તો પણ એક નાની શી મૂર્તિ અને તેના અવયવોની ભક્તિને બદલે તેના ગળામાં આખી મસ્જીદ, મસ્જીદનો સમસ્ત આકાર

અને તેના એક એક અવયવની ભક્તિ આવી પડે છે. મૂર્તિને નહિ માનનાર ચૂસ્ત મુસ્લીમ મસ્જીદની ઇંટ ઈંટને મૂર્તિ જેટલી જ પવિત્રતાની નજરથી જુએ છે. અને તેના રક્ષણ ખાતર પોતાના પ્રાણને પણ તુચ્છ સમજે છે.

મૂર્તિ નહિ તો મસ્જીદની પવિત્રતા ઉપર પણ તેને એટલો વિશ્વાસ બેસી જાય છે કે તેની ખાતર પોતાના પ્રાણ દેવા કે અન્યના પ્રાણ લેવા તે તૈયાર થઈ જાય છે.

મૂર્તિના અપમાનને બદલે મસ્જીદનું અપમાન તેને લાગી આવે છે. મસ્જીદ એ પણ એક આકારવાળી સ્થૂળ વસ્તુ જ છે. એવી વસ્તુ પોતાના ઇષ્ટનો સાક્ષાત બોધ કરાવવાને બદલે પરંપરાએ અને મુશ્કેલીથી બોધ કરાવે છે. ત્યારે ઈષ્ટની મૂર્તિ તો સાક્ષાત બોધ કરાવે છે અને ઇષ્ટના જેટલો જ પ્રવિત્ર ભાવ પેદા કરે છે. કે જે સ્થિતિ મસ્જીદો કે કબરો દ્વારાએ બહુધા અસંભવિત છે.

મુસલમાન લોકો નિમાજ પઢતી વેળા પશ્ચિમમાં 'કાબા' તરફ મુખ રાખે છે. શું ખુદા પશ્ચિમ સિવાય બીજી કોઈ દિશામાં નથી? છે. તો પછી પશ્ચિમ તરફ મુખ રાખવાની શી જરૂર છે? 'કાબા'ની યાત્રા પશ્ચિમ દિશામાં છે માટે પશ્ચિમ તરફ નજર રાખે છે. **તો પછી તેમણે ખુદાની સ્થાપના જ માની ગણાય.**

મક્કા-મદિના હજ કરવા જાય છે અને ત્યાં કાળા પત્થરને ચુંબન કરે છે, પ્રદક્ષિણા આપે છે અને તે તરફ દષ્ટિ સ્થિર રાખીને નિમાજ પઢે છે. તેની યાત્રા માટે હજારો રૂપીઆ ખર્ચે છે. તે પત્થરને પાપનો નાશ કરનાર માની તેનું ખૂબ સન્માન કરે છે. **જો વગર ઘડેલો પત્થર પણ ઈશ્વર તુલ્ય સન્માન કરવા યોગ્ય છે. અને તેના સન્માનથી પાપનો નાશ પામે છે તો પરમેશ્વરના સાક્ષાત સ્વરૂપની બોધક પ્રતિમાઓ ઈશ્વર તુલ્ય કેમ નહિ? અને તેનું**

સન્માન, તેનો આદર અને તેની ભક્તિ કરનારના પાપ નાશ કેમ ન પામે?

વળી શું પરમેશ્વર હરેક સ્થાને નથી? કે જેથી મક્કા મદિના જવું પડે છે? માટે કહો કે—મનને સ્થિર કરવા માટે મૂર્તિ સ્વરૂપે કે અન્ય સ્વરૂપે સ્થાપનાને માનવાની આવશ્યકતા પડે જ છે.

વળી મુસ્લીમો **તાબૂત બનાવે છે તે પણ સ્થાપના જ છે** તેને લોબાનનો ધુપ અને પુષ્પના હાર વગેરે ચડાવી પૂરી રીતે આદર આપે છે.

શુક્રવારે શુભ દિવસ જાણી મસ્જીદમાં તથા ઈદના દિવસે મોટી મસ્જીદમાં જઈને નિમાજ પઢે છે. તે મસ્જીદો પણ સ્થાપના જ છે. કુરાને શરીફને ખુદાના વચનો સમજી માથે ચડાવે છે તે પણ સ્થાપના જ છે.

ઓલીઆ વગેરેની દરગાહોની યાત્રાઓ કરે છે અને ત્યાં રહેલી કબરો પર ફૂલહાર, મેવા, મિઠાઈ વગેરે ચડાવી વદન પૂજન આદિ કરે છે તો તે પણ સ્થાપના સન્માન નથી તો બીજું શું છે? મકકા મદિના તથા મસ્જીદો વગેરેના ફકીરોની છબીઓ પડાવીને પોતાની પાસે રાખે છે તે પણ સ્થાપના જ છે.

એ રીતે ઘણા પ્રકારે મુસલમાનો પણ પોતે માનેલ પૂજ્ય વસ્તુઓની મૂર્તિ-આકારને એકસરખું માન આપે છે.

ખ્રીસ્તીઓ

ખ્રીસ્તીઓમાં રોમન કેથોલીકો ઈસુની મૂર્તિને માને છે. પ્રોટેસ્ટંટો ઈસુની યાદગીરી અને તેના પરની શ્રદ્ધા કાયમ ટકાવવા માટે ઈસુને અપાયેલી શૂળીનું નિશાન જે ક્રોસ (†) તેને હમેશાં પોતાની પાસે રાખે છે. જ્ઞાનની સ્થાપના રૂપ બાઈબલનો આદર કરે છે. પોતાના પૂજ્ય પાદરીઓની છબીઓ પાસે રાખે છે. તથા તેમનાં બાવલાં, પૂતળાં તથા કબરોને બરાબર માન આપે છે.

પારસી

પારસી લોકો અગ્નિને માને છે અને તે પણ એક પ્રકારની સ્વ-ઇષ્ટદેવની સ્થાપના જ છે.

નાનકપંથી

નાનકપંથીઓ કબીરની ગાદીને પૂજે છે. કોઈ તેની પાદુકાઓને પૂજે છે. અને બધા જ તેનાં બનાવેલાં પુસ્તકોને મસ્તકે ચડાવે છે.

દાદુપંથી

દાદુપંથીઓ દાદુજીની સ્થાપના તથા તેમની વાણી રૂપ ગ્રંથને પૂજે છે. દેરીઓ બંધાવી તેમાં ગુરુનાં ચરણો પધરાવે છે અને પૂજે છે.

આર્ય સમાજીઓ

વેદમાં મૂર્તિ પૂજાના સંખ્યાબંધ પાઠો છે. છતાં આર્યસમાજીઓ મૂર્તિનું ખંડન કરે છે. તે તદ્દન જૂઠું છે.

તેઓના સ્વામી દયાનંદ શરીરધારી મૂર્તિમય હતા. વેદ શાસ્ત્રના અક્ષરોરૂપ સ્થાપનાને માનતા હતા. તથા પોતે બનાવેલા સત્યાર્થ પ્રકાશ આદિ પુસ્તકોમાં પોતાની વાણીની આકૃતિઓ દ્વારા જ બોધ કરતા અને કરાવતા હતા.

એ આકૃતિઓનો આશ્રય લીધો ન હોત તો પોતાનો મત જ શી રીતે સ્થાપી શકત? જે મૂર્તિ કે આકૃતિનો આશ્રય લઈ પોતાનું કાર્ય સાધ્યુ તે મૂર્તિનો જ અનાદર કરવો એ બુદ્ધિમાનનું કામ તો ન જ ગણાય. દયાનંદ મૂર્તિને ન માનતા હોત તો પોતાના સત્યાર્થ પ્રકાશ ગ્રંથમાં અગ્નિહોત્ર સમજાવવા માટે થાળી, ચમચા વગેરેના ચિત્રો કાઢી પોતાના ભક્ત વર્ગને સમજાવવા શું કરવા પ્રયાસ કરત?

વળી સ્વામીજીની તસવીર તેમના ભક્તો તરફથી ઠેકાણે ઠેકાણે

રાખવામાં આવે છે. જો તેવા સંસાર સ્થિત પુરુષની પણ તસવીર રૂપે રહેલી મૂર્તિના દર્શનથી સ્વાર્થ સાધી શકાય એમ માનો છો તો સર્વજ્ઞ સર્વ શક્તિમાન અને ગુરુના પણ ગુરુ એવા પરમેશ્વરની મૂર્તિના દર્શન વગેરેથી સ્વ-ઇષ્ટ ન સાધી શકાય એમ કેમ માની શકાય ?

વળી આર્ય સમાજીઓ પણ અગ્નિને પૂજે છે, તેમાં ઘી વગેરે નાખી હોમ કરે છે તો તે અગ્નિ શું જડ નથી? વળી સૂર્યની સામે ઊભા રહી ઈશ્વર પ્રાર્થના કરે છે તો તે સૂર્ય વગેરે જડ નથી? છે. તો તે પરમેશ્વરની મૂર્તિથી દૂર કેમ ભાગે છે?

સ્થાનકવાસીઓ

સ્થાનકવાસી વર્ગ પોતાના પૂજ્યોની સમાધિ, પાદુકા, મૂર્તિ, ચિત્ર, ફોટાઓ બનાવીને ઉપાસના કરે છે. દર્શન માટે દૂર દૂરથી આવે છે અને દર્શન આદિ કરી પોતાને કૃતકૃત્ય માને છે.

એ રીતે દરેક પંથના અનુયાયીઓ પોતપોતાને પૂજનીય વસ્તુના આકારને કોઇને કોઇ રીતે પૂજે જ છે. તેથી મૂર્તિ આબાળ પંડિત સર્વ કોઇને માન્ય છે. છતાં 'અમે નથી માનતા' એમ જેઓ કહે છે તેઓ ખરેખર माता मे वन्ध्या ની જેમ અસત્ પ્રલાપ કરનારા છે.

—લેખકના પ્રતિમા પૂજન પુસ્તકમાંથી સંકલિત.

પ્રકરણ પચીશમું

દેવ પૂજા

લેખક

બ્રહ્મચારી શ્રી જિનેન્દ્રકુમાર

*

અહીં લેખક વૈજ્ઞાનિક રીતે મૂર્તિની જરૂરીઆત સિદ્ધ કરે છે

*

દેવપૂજાની વાત કરતી વખતે તેને લગતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેમકે—

(૧) દેવ કોણ ?

(૨) પૂજા શું ?

(૩) પૂજાની આવશ્યકતા શા માટે ?

(૪) પ્રતિમાની આશ્યકતા શા માટે ?

(૫) જડ પ્રતિમા પાસેથી શું મળે ?

(૬) મંદિરની આવશ્યકતા શા માટે ? વગેરે.

દેવ કોણ ?

પહેલો પ્રશ્ન છે—દેવ કોણ ? અમુક જ દેવ છે એવો નિશ્ચિત નિયમ દેવના સંબંધમાં બનાવી શકાતો નથી, કારણકે **દેવ નામ 'આદર્શનું' છે. અને આદર્શ એ ઇચ્છાના પૂર્ણ લક્ષ્યનું નામ છે. તેથી** દેવની પરીક્ષા આપણા પોતાના અભિપ્રાયથી કરી શકાય છે.

આપણો જેવો અભિપ્રાય હોય અથવા જેવી આપણી ઇચ્છા હોય તેવું જ એ વ્યકિત વિશેષનું લક્ષ્ય હશે. અને એવા જ કોઈ યથાર્થ અથવા કાલ્પનિક આદર્શનો એ સ્વીકાર કરશે. પોતે જેવો બનવા ચાહે છે તેવાની ઉપર જ તેની દૃષ્ટિ ઠરશે. બસ, એ જ તેને માટે સાચા દેવ છે.

જેમકે—ધનવાન બનવાની ઇચ્છાવાળાના દેવ કુબેર થઈ શકે છે. એ વીતરાગી શાંત મુદ્રાવાળા દેવ નથી. પિતૃભક્તિની ઈચ્છાવાળાના દેવ કુમાર, રામ કે રાવણ થઈ શકે છે. પણ વીતરાગી દેવ નહિ અને એવી જ રીતે બીજી બીજી ઇચ્છાવાળાઓનું પણ સમજી લેવું.

અહીં આપણે તો શાંતિપથ-મોક્ષમાર્ગની વાત કરીએ છીએ. એટલે કેવળ શાંતિની પ્રાપ્તિની ઈચ્છા માટે જ દેવની શોધ કરવાની છે અથવા તો દેવની પરીક્ષા કરવાની છે. **શાંતિના દેવ તો વીતરાગી શાંત રસપૂર્ણ જ હોય.** બીજા નહિ. કારણકે અભિપ્રાયથી વિપરીત ગમે તેને આદર્શ બનાવીને તેની ઉપાસના કરવામાં આવે તો અભિપ્રાયની પૂર્તિ થવી અસંભવ છે.

અભિપ્રાયશૂન્ય ઉપાસનામાં ભલે એ નિયમ લાગુ ન થાય પણ અહીં તો સાચી પૂજા કે ઉપાસનાની વાત કરીએ છીએ ત્યાં અભિપ્રાય સાપેક્ષ હોવાથી એ નિયમ અવશ્ય લાગુ પડે છે.

પૂજા શું ?

બીજો પ્રશ્ન છે—પૂજા શું ? શાંતિના અભિપ્રાયને મૂર્તિને માટે—

(૧) શાંતિમાં તલ્લિન કોઈવ્યક્તિ વિશેષને નજર સામે રાખીને અથવા

(૨) એ જ વ્યક્તિનું કોઈ ચિત્ર આંખો સામે રાખીને અથવા

(૩) એ વ્યક્તિ કે તેનું ચિત્ર અંતરંગમાં મનની સામે રાખીને અથવા

(૪) શાંતિના યથાર્થ જીવન-આદર્શને મનમાં સ્થાપિત કરીને, થોડીવારને માટે અથવા અમુક સમયને માટે બીજા સર્વ સંકલ્પ વિકલ્પને છોડી દઈને, એ આદર્શની શાંતિના આધાર ઉપર નિજ શાંતિનું પોતાની અંદર કિંચિત વેદન કરતાં તેની સાથે **તન્મય થઇ જવું એ અંતરંગ ઉપાસના અથવા પૂજા છે.**

અને એ શાંતિના મધુર આસ્વાદને વશ રહી, નિમિત્તરૂપ એ આદર્શ પ્રત્યે સાચું બહુમાન ઉત્પન્ન થઈ જાય ત્યારે પોતાની હીનતાઓને

સામે રાખીને, એ હીનતાઓ દૂર થવાની ભાવના ભાવતાં, એ આદર્શમાં પ્રગટ દેખાતા ગુણોની પ્રાપ્તિને માટે અનેક પ્રકારે **પ્રાર્થના કરવી તે બાહ્યપૂજા છે.**

આ બન્ને પ્રકારની પૂજાઓમાં **અંતરંગ પૂજા જ યથાર્થ, પૂજા છે. એના વિના બાહ્યપૂજા નિરર્થક છે.**

પૂજાની આવશ્યકતા શા માટે?

અહીં એ પ્રશ્ન થઇ શકે છે કે—અંતરંગ પૂજા એટલે શાંતિનું વેદન જ પ્રધાન છે તો પછી બાહ્યપૂજાની આવશ્યકતા શા માટે?

પ્રથમ ભૂમિકામાં રહેલા જીવને પણ સ્વતંત્ર રૂપથી શાંતિનું વેદન જાણીને તેમાં સ્થિતિ કરવાની યોગ્યતા હોત તો આ પ્રશ્નની આવશ્યકતા જ ન રહેત.

પરંતુ શાંતિથી બિલકુલ અનભિજ્ઞ, અજાણ જીવે કદી શાંતિ જોઈ નથી, શાતિનું નામ સાંભળ્યું નથી તેમ શાંતિનો અનુભવ કર્યો નથી. એવી દશામાં શાંતિમાં સ્થિતિ કરીને અંતરંગ પૂજા કરવાનું કેવી રીતે સંભવિત થઇ શકે?

જ્યાં સુધી શાંતિનો પરિચય કરી ન લેવાય ત્યાં સુધી કોઇ પણ શાંત જીવની સાંનિધ્યમાં રહેવું આવશ્યક છે. કારણ કે શાંતિ એવી કોઈ વસ્તુ નથી કે જે શબ્દોથી બતાવી શકાય અથવા નિશાળમાં શિખવી શકાય. તેમજ શાંતિ શબ્દનું રટણ કરવાથી પણ તેને જાણી શકાતી નથી. એ તો કોઈ સૂક્ષ્મ આંતરિક સ્વાદનું નામ છે કે જેનું વેદન કરી શકાય છે અથવા કોઈના જીવન પરથી અનુમાન કરીને કિંચિત જાણી શકાય છે.

એટલું જ નહિ પણ **શાંતિનો પરિચય પ્રાપ્ત કરી લીધા પછી પણ નિરંતર તેમાં સ્થિતિ રહી શકે એટલી શક્તિ પણ પ્રથમ અવસ્થામાં હોવી અસંભવ છે. તેથી જ્યાં સુધી સ્વતંત્ર રૂપથી શાંતિના રસાસ્વાદનમાં લય થવાની યોગ્યતા ન આવી**

જાય ત્યાં સુધી બાહ્ય પદાર્થના આશ્રયની આવશ્યકતા છે. અને એ પ્રયોજનના અર્થે જ અંતરંગ સાપેક્ષ બાહ્ય પૂજા છે.

અલબત્ત, આગળ જતાં ઉચ્ચ ભૂમિકામાં આવી જવાથી બાહ્યપૂજાની કોઈ આવશ્યકતા રહેતી નથી, પરંતુ આ પ્રથમ દશામાં રહેતા ગૃહસ્થ માટે તો બાહ્યપૂજા અત્યંત આવશ્યક છે.

દેવના આશ્રયની શી આવશ્યકતા ?

કોઈ પણ બાહ્ય જીવનનો આશ્રય લીધા વિના શાંતિનો પરિચય કેમ નહિ થઈ શકતો હોય ? શાંતિ એ જીવનનો નિજસ્વભાવ છે તો સ્વતંત્ર રૂપથી તે કેમ જાણી શકાતી નથી ? એમના જીવનની શાંતિ મારામાં કેવી રીતે આવી શકે ? અને એમની શાંતિ મને આપ્યા વિના મને શાંતિનો સ્વાદ કેવી રીતે ચખાડી શકે ?

આવા આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેથી તેનો વિચાર કરી લઈએ.

પહેલા પ્રશ્નનો ઉત્તર તો ઉપર અપાઈ ચૂકયો છે કે જેને આજ સુધી જોયેલ નથી કે અનુભવેલ નથી તેને પરના આશ્રય વિના કેવી રીતે જાણી શકાય ? જેમ કે એક વસ્તુનો આકાર જ જો ધ્યાનમાં ન હોય તો તે વસ્તુ બનાવવાનું કારખાનું કેવી રીતે કાઢી શકાય ? એ વસ્તુનો એક નમૂનો પહેલાં નજર સામે રાખ્યો હોય તો પછી તેવી બીજી અનેક વસ્તુઓ બનાવી શકાય. પછી તો એ નમૂનાની પણ આવશ્યકતા ન રહે. પણ શરૂઆતમાં તો તેની અત્યંત આવશ્યકતા છે.

બીજો પ્રશ્ન એ છે કે—સ્વતંત્રરૂપથી કેમ જાણી શકાતી નથી ? પરંતુ તેનો નિષેધ જ કોણે કર્યો છે ? સ્વતંત્ર રૂપથી પણ અવશ્ય જાણી શકાય છે પણ જેણે તેનો પહેલાં પરિચય કરેલો હોય તેનાથી જ જાણી શકાય, ભલે તેનો પરિચય કર્યા પછી તેને છોડી દીધી હોય.

પરંતુ અહીં એટલું વિશેષ ધ્યાનમાં રાખવું કે પરિચય છોડી

દીધાં ઝાઝો સમય થઈ ગયો હોય તો તે પરિચય અત્યંત લુપ્ત થઈ ગયો હોય અને તેથી પ્રયત્ન કરવા છતાં પણ યાદ ન આવે. ત્યારે તેને પણ ફરીથી બાહ્યના આશ્રયની આવશ્યકતા રહેશે.

દેવથી મને શાંતિ કેવી રીતે મળે?

ત્રીજો પ્રશ્ન છે કે—દેવના જીવનની શાંતિ મારામાં કેવી રીતે આવી શકે?

બહુ સુંદર પ્રશ્ન છે. બિલકુલ ઠીક વિચાર છે. વાસ્તવમાં બીજા કોઈની શાંતિ મારામાં કદાપિ આવી શકે નહિ. એમની શાંતિ એમની સાથે અને મારી શાંતિ મારી સાથે જ રહેશે.

એમની શાંતિ એમના પુરુષાર્થથી ઉત્પન્ન થયેલી છે અને મારી શાંતિ મારા પુરુષાર્થથી મારામાં ઉત્પન્ન થશે. એમની શાંતિનો ઉપયોગ સ્વયં તેઓ જ કરશે. એવી જ વસ્તુની સ્વતંત્રતા છે. માટે દેવ મને શાંતિ આપવાને સમર્થ નથી.

પરંતુ એમનાથી એટલો લાભ તો અવશ્ય છે કે તેમનો નમૂનો જોઈને એ પરમ પરોક્ષ રહસ્યનું કંઈક અનુમાન કરી શકું, તે પણ જો બુદ્ધિપૂર્વક પુરુષાર્થ કરું તો.

જેમ કારખાનું કાઢવાવાળાને કોઈ નમૂનો આપતું નથી પણ પોતે જ તે વસ્તુને જોઈને અનુમાનના આધાર પર તેના સંબંધી પરિચય પ્રાપ્ત કરી લીએ છે. તેવી જ રીતે શાંત સ્વરૂપ અને આદર્શરૂપ વ્યક્તિ મને કંઈ આપતી નથી. પણ હું પોતે જ તેમની મુખાકૃતિ, તેમનું શાંત પરિભાષણ, તેમના જીવનની શાંત ક્રિયાઓ જોઈને અનુમાનના આધાર પર શાંતિ સંબંધી કાંઈક પરિચય પ્રાપ્ત કરી શકું છું.

અહીં એ વાત વિચારણીય છે કે—અનુમાનના આધાર પર કોઈના જીવનને કેવી રીતે જાણી શકાય? આના સંબંધમાં એક દૃષ્ટાંત છે.

એક જિજ્ઞાસુએ એક વખત તેના ગુરુ પાસે જઈને કહ્યું—પ્રભો! કાંઈક હિતકારી ઉપદેશ આપીને મારું કલ્યાણ કરો.

ગુરુ—ભાઈ ! હું ઉપદેશ તો આપીશ પણ તેથી તને કાંઈ લાભ થશે નહિ કારણ કે હું તો બે ચાર વાક્યો જ કહી શકું છું. એટલે તેનું રહસ્ય તું સમજી શકીશ નહિ. એવો ઉપદેશ તો તેં આગળ પણ સાંભળેલો છે પણ **ઉપદેશ સાંભળવા માત્રથી કાંઈ પ્રયોજન સિદ્ધ થઈ જતું નથી.** માટે તું પ્રખ્યાત શેઠ શાંતિસ્વરૂપ પાસે જા અને તેમની પાસે રહીને ધીરજથી ઉપદેશ સાંભળજે.

જિજ્ઞાસુ શેઠજીની દુકાને પહોંચી ગયો અને ગુરુની આજ્ઞા કહી સંભળાવી. શેઠે તેને દુકાનમાં તેમની પાસે બેસી રહેવાનું કહ્યું. શેઠ બહુ મોટા વ્યાપારી હતા. દરરોજ લાખોનો વેપાર. મુનિમ ગુમાસ્તાનો તો પાર નહિ.

જિજ્ઞાસુ વિચારવા લાગ્યો—ગુરુજીએ શેઠની પાસે શું સમજીને મોકલ્યો હશે તે સમજાતું નથી. અહીં શું ઉપદેશ મળશે ? આ બિચારા શેઠજી પોતે જ ઉપદેશને પાત્ર છે. એ પોતે જ જંજાળમાં ફસેલા પડ્યા છે. આત્મકલ્યાણ શું એની તો તેમને ખબર પણ નહિ હોય. પરંતુ ગુરુની આજ્ઞા છે એટલે અહીં રહેવું તો જોઈશે જ.

બે મહિના વીતી ગયા પણ શેઠે તો એક શબ્દે ય ઉપદેશનો સંભળાવ્યો નહિ. જિજ્ઞાસુ તો નિરાશ થઈ ગયો પણ ગુરુજીએ ધીરજથી રહેવાનું કહ્યું હતું તેથી વખત નકામો ગુમાવાય છે એમ જાણવા છતાં પણ શેઠની પાસે રહેવાનું ચાલુ રાખ્યું.

બીજો એક મહિનો વીતી ગયો ત્યાં એક દિવસ મુનિમજી બહુ જ ગભરાયલા ગભરાયલા શેઠજીની પાસે આવ્યા પણ ગભરાટ એટલો બધો કે મોઢામાંથી શબ્દ જ નીકળી શકે નહિ.

શેઠજીએ પૂછ્યું—કેમ ગભરાયલા જેવા દેખાવો છો ?

મુનિમે હિંમત એકઠી કરીને કહ્યું—આ તાર આવ્યો છે. એ વહાણમાં ચાર કરોડનો માલ આપણે મોકલ્યો હતો તે બધો ડૂબી ગયો છે.

શેઠજી તદ્દન શાંતિથી બોલ્યા—તો શું થયું? પ્રભુની કૃપા છે. જાઓ, તમારું કામ કરો.

અને જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ શેઠજી પોતાનું કામ કરવા મંડી ગયા. આ જોઈને જિજ્ઞાસુને ભારે આશ્ચર્ય થયું. પણ શું બોલવું તે નહિ સૂઝવાથી મૌન રહ્યો.

બીજા બે મહિના ગયા અને એક દિવસ વળી એક બીજી ઘટના ઘટી. આ વખતે મુનિમજી ભારે હર્ષમાં દોડતા દોડતા શેઠ પાસે આવ્યા અને એકદમ બોલી ઊઠયા—શેઠજી, શેઠજી, ભારે આનંદના સમાચાર છે. ભાગ્ય ખુલી ગયું?

શેઠજી—શું છે? શાંતિથી વાત કરો.

મુનિમજી—પેલા સોદામાં દશ કરોડનો લાભ થશે. જુઓ આ તાર.

એમ કહીને તાર શેઠજીને વાંચવા આપ્યો.

શેઠજીએ તો એવી જ શાંતિથી કહ્યું—તો શું થયું? પ્રભુની કૃપા. જાઓ, તમારું કામ કરો.

શેઠજીની મુખાકૃતિમાં કંઈ પણ ફરક નહિ. એવી ને એવી જ શાંત મુખમુદ્રા. આ જોઈને તે જિજ્ઞાસુનું આશ્ચર્ય વધી ગયું. આ વખતે તો તેનાથી શાંત રહેવાયું જ નહિ.

જિજ્ઞાસુએ કહ્યું—શેઠજી. આ હું શું જોઈ રહ્યો છું એ જ સમજાતું નથી. ચાર કરોડની નુકસાની વખતે અને દશ કરોડના લાભ વખતે આપે તો એકની એક જ વાત કરી.

શેઠજી—તમને આશ્ચર્ય થાય છે. પણ એમાં આશ્ચર્ય જેવું કાંઈ છે જ નહિ. મારી દૃષ્ટિને તમે ઓળખી જાણી શક્યા નથી તેથી તમને આશ્ચર્ય થાય છે. લાભ નુકસાનનું મારી દૃષ્ટિમાં કશુંય મૂલ્ય નથી બાહ્યથી આ સર્વ આડંબરનો સ્વામી હું દેખાઉં છું. પણ અંતરંગથી

તો હું કેવળ મેનેજર છું. વેપારના માલીક તો પ્રભુ છે. આખા વિશ્વમાં તેમના જ વ્યાપારની અનેક શાખાઓ છે. કોઈ વખત એક શાખામાંથી બીજી શાખામાં રૂપીઆ મોકલી આપે છે. તેમ કોઈ વખત બીજી શાખામાંથી આ શાખામાં મોકલી આપે છે. હું તો ફક્ત નામ લખીને જમા કરૂં છું. બીજી બાબતથી મને કાંઈ મતલબ નથી.

શબ્દોથી ત્રણ કાળમાં પણ સમજાવી ન શકાય તેવું સામ્યતાનું સમભાવનું રહસ્ય જિજ્ઞાસુને એક ક્ષણમાં સમજાઈ ગયું.

એ જ રીતે પૂર્ણ આદર્શ કે જીવન ઉપરથી પૂર્ણ શાંતિ સમજી શકાય છે.

પૂજામાં કર્તાવાદ શા માટે

ચોથો પ્રશ્ન પણ બહુ સુંદર છે કે—તેમની શાંતિ મને આપ્યા વિના મને શાંતિનો સ્વાદ કેવી રીતે ચખાડી શકે ?

ઉપર બતાવ્યું કે પોતાની શાંતિનો પોતે જ ઉપભોગ કરવાને સમર્થ છે પણ કોઈને દેવાને સમર્થ નથી.

પરંતુ ઉપરની રીતે અનુમાનના આધાર પર શાંતિ સંબંધી કાંઈક પરિચય પ્રાપ્ત કરીને હું પણ મારા જીવનમાં, મારા સંભાષણમાં એમના જેવી રીતે જ, એમના જેવા જ રૂપમાં વર્તન કરવાનો પ્રયત્ન કરવા લાગું છું. તેમની મુખાકૃતિ ઉપરથી તેમની અંતર્મુખી દૃષ્ટિનું અનુમાન કરીને હું પણ અંતર્મુખ થવાનો પ્રયત્ન કરૂં છું. અને એ પ્રયત્નમાં દૃઢ રહેવાથી થોડા વખત પછી હું પોતે પણ અમૃતનો સ્વાદ અવશ્ય ચાખી શકું છું. **એટલી સહાયતા મને મારા પ્રયોજનમાં તેમની પાસેથી મળે છે. અને એ સહાયતાના કારણથી જ "તેમણે મને શાંતિ આપી" એમ કહી શકાય છે. આમ કહેવું કેવળ ઉપચાર છે.**

અહીં એમ પણ પ્રશ્ન કરી શકાય કે—જો પ્રભુ કંઈ દઈ શકતા

નથી તો, " હે પ્રભુ, મને શાંતિ આપો " એવી જાતના શબ્દોથી ભક્તિ શા માટે કરવામાં આવે છે?

પ્રશ્ન બરાબર છે. સૈદ્ધાંતિક રીતે એવી પ્રાર્થનાનો કશો અર્થ નથી. પ્રાર્થનાના એ શબ્દોનો સત્યાર્થ માની લઈને પ્રભુ શાંતિ કે અશાંતિ અથવા સુખ કે દુઃખ આપવાવાળા માની લેવા એ ભ્રમ છે, પરતંત્રતા પુરુષાર્થ હીનતા છે, સ્વપર ભેદથી અનભિજ્ઞતા છે.

એમ સમજવાવાળા સાચા દેવને આદર્શ રૂપથી સ્વીકારી લીએ તો પણ તેમને શાંતિની પ્રાપ્તિ થઈ શકતી નથી કારણકે— " દેવ મારા ઉપર પ્રસન્ન થઈને મારું પ્રયોજન સિદ્ધ કરી દેશે. મારે પોતાને તો કાંઈ કરવું નહિ પડે. " એવો અભિપ્રાય રાખવાના કારણથી એ ઉપરોક્ત પ્રકારે પોતાના જીવનમાં કંઈ વિશેષ પરિવર્તન કરવાનો પ્રયત્ન કરશે નહિ અને તેથી કંઈ પ્રાપ્ત કરી શકશે નહિ.

પોતાના જ ઉદ્યમથી, પોતાની અંદરના તેમની ઉપરના બહુમાનથી ઉત્પન્ન થયેલી કૃતજ્ઞતા પ્રગટ કરવાને માટે અને તે ઉત્કૃષ્ટ આદર્શની સામે પોતાની હીન દશા રાખીને બન્નેમાં મહાન ફરક જોવાથી એમ જરૂર કહેવાઈ જાય છે કે—આ મહાન વિભૂતિ આપે જ પ્રદાન કરી. આપે ન દીધી હોત તો મારા અધમથી પ્રાપ્ત કરવી અશકય હતી. વગેરે.

પોતાની નિરભિમાનતા બતાવવા માટે વ્યવહારમાં પણ કહેવાય છે કે—આપની કૃપાથી આ કામમાં સફળતા મળી જશે. આ આપનો જ બાળક છે. આ આપનું જ મકાન છે. વગેરે વગેરે.

શબ્દોથી એમ કહેવા છતાં એનો અર્થ તે શબ્દોથી સમજાય છે. તેવો નથી થતો. એવો જ પ્રકાર ભક્તિના સંબંધમાં સમજવો. ભક્તિથી, નિરભિમાનતાથી, કૃતજ્ઞતાથી શબ્દોમાં ભલે પ્રભુને કર્તાહર્તા કહેવામાં આવે પણ તેનો અર્થ તેવી રીતે ગ્રહણ કરવો ન જોઈએ.

પૂજામાં પ્રતિમાની આવશ્યકતા શા માટે?

દેવપૂજાના વિષયમાં ચોથો પ્રશ્ન એ છે કે—પૂજામાં પ્રતિમાની આવશ્યકતા શા માટે?

બહુ સુંદર અને સ્વાભાવિક પ્રશ્ન છે. થોડો વિચાર કરવાથી તેનો ઉત્તર પણ પોતાની અંદરથી જ મળી શકે છે.

સાક્ષાત દેવ આપણી નજર સામે હોય તો ખરેખર જ પ્રતિમાની આવશ્યકતા નથી રહેતી. સાક્ષાત સામે નહિ તો પણ આજુબાજુ નજીકમાં ય દેવ હોવાની સંભાવના નથી. અને કદાચ આસપાસમાં ક્યાંક હોત તો પણ આવડા મોટા વિશ્વમાં એકલા દેવ સર્વજનોનું પ્રયોજન સિદ્ધ કેમ કરી શકે? **વિશ્વની સર્વ વ્યક્તિ તેમના દર્શન કેવી રીતે કરી શકે.**

વ્યક્તિ અસંખ્યાત અને દેવ એક. બે ચાર પાંચ દેવ હોય તો પણ બધાની અભિલાષા પૂર્ણ થઈ શકતી નથી. એક જ દિવસના દર્શનમાત્રથી કામ ચાલી શકતું હોત તો પણ સંભવિત હતું કે એ અભિલાષા જીવિત દેવની ઉપસ્થિતિમાં શાંત થઈ જાત પરંતુ એવું પણ નથી. **એ અભિલાષા તો નિત્યની** છે. અને દેવ કોઈ એક અથવા માત્ર થોડી વ્યકિતઓને માટે બંધાઈને એક જ સ્થાન પર રહે એમ પણ કેમ બની શકે?

તેથી કોઈ પણ કૃત્રિમ માર્ગ કાઢવો જ પડશે. આપણે બુદ્ધિમાન મનુષ્ય છીએ. તિર્યંચ પશુપક્ષીને ઇચ્છા હોય તો પણ તે કાંઈ ન કરી શકે. પણ આપણે તો ઘણું કરી શકીએ છીએ. તેથી કૃત્રિમ દેવ બનાવીને આપણું કામ ચલાવી લઈ શકીએ છીએ. એ કૃત્રિમ દેવનું નામ છે—**પ્રતિમા.**

પ્રતિમા એ દેવની જ પ્રતિકૃતિ છે, તેમનું જ પ્રતિબિંબ છે. ભલે જડ હોય, પાષાણની હોય પણ એવા કોઈ પણ પ્રકારની

પ્રતિમા બિલકુલ **દેવના શરીરની બાહ્ય આકૃતિ સદશ હોય તો તે આપણું પ્રયોજન સિદ્ધ કરી દીએ** છે. કારણકે આપણો એવો જ કંઈ સ્વભાવ હોય છે કે કોઈ પણ વ્યકિતનું ચિત્ર જોઈને અથવા તેનું નામ સાંભળીને કંઈક એવા પ્રકારના ભાવ મનમાં ઉત્પન્ન થાય છે કે જેવા ભાવ તે વ્યકિત સાક્ષાત હયાત હોય ત્યારે ઉત્પન્ન થાય. **આ એક સ્વાભાવિક મનોવિજ્ઞાન છે.**

ચિત્રનો મન ઉપર પ્રભાવ

જડ ચિત્રોની પણ આપણા વિચારો ઉપર અસર થયા વિના રહેતી નથી, દુઃશાસને દ્રોપદીના ચીર હરણ કર્યાનું ચિત્ર જોઈને માણસની રોવા જેવી દશા થઈ જાય છે. ઝાંસીની રાણી કે મહારાણા પ્રતાપનું ચિત્ર જોઈને માણસમાં શૂરાતનની લાગણી આવી જાય છે પોતાની પ્રેમિકાનું ચિત્ર જોઈને મનમાં વિકાર ઉત્પન્ન થઇ જાય છે.

સીનેમાના પડદા ઉપર હાલતી ચાલતી પ્રકાશની રેખાઓ માત્રને એક ક્ષણિક ચિત્રના રૂપમાં જોઇને શું થાય છે તે કોઇથી અજાણ્યું નથી. જો કોઈ લાગણી ન થતી હોત તો ધન ખરચીને ઉજાગરો કરવા ત્યાં કોઈ ન જાત.

કોઈ એવું ચિત્ર જોવાથી માણસને રડવું આવી જાય છે તે શા માટે? એ પણ ચિત્ર જ છે, જડ ચિત્ર જે એક ક્ષણ પણ સામે ટકતું નથી. કોઇ પ્રત્યે દ્વેષ થઇ જવાથી તેના ચિત્રનો અવિનય કરવાનો ભાવ કેમ આવી જાય છે?

સ્વયંવરમાં સંયોગિતાએ પૃથ્વીરાજની પ્રતિમાના ગળામાં શું સમજીને માળા પહેરાવી દીધી હતી?

આપણા ઉપાસ્ય દેવના અથવા આપણા પોતાના ચિત્ર ઉપર પગ પડી જાય તો એકદમ દુઃખની લાગણી કેમ ઉદ્‌ભવે છે?

સૌ કોઇ પોતાના મકાનમાં, પોતાના ઓરડામાં ચિત્રો શા માટે મૂકે છે? જો ખાલી શોભા માટે જ રાખતા હોય તો ગમે તે ચિત્ર

ટાંગવાથી શોભા કરી શકાય છે પણ તેમ નહિ કરતાં પોતાની ખાસ પસંદગી રુચિ પ્રમાણેના જ ચિત્રો કેમ ટાંગવામાં આવે છે?

આ સર્વ દૃષ્ટાંતો ઉપરથી જડ ચિત્રોનો માણસના મન ઉપર કેવો મોટો પ્રભાવ પડે છે એ વાત સ્પષ્ટ સમજાઇ જાય છે. **એવી જ રીતે દેવનું ચિત્ર જોઇને સ્વાભાવિક રીતે જ માણસના મન ઉપર તે ચિત્રનો કોઇ અદ્વિતીય પ્રભાવ પડે છે.**

અને જ્યારે એ ચિત્રમાં આપણી પોતાની વિશેષ કલ્પનાઓ ઉમેરવામાં આવે, કલ્પનાનું તેમાં આરોપણ કરવામાં આવે ત્યારે તે પ્રભાવમાં અનેક ગણી વૃદ્ધિ થઇ જાય છે.

થોડા સૂતરના ધાગાઓથી બનેલી આપણા દેશની ધ્વજાને ઊંચે લહેરાતી જોઇને દરેક દેશજન પ્રસન્ન થઇ જાય છે અને એ નાનકડા વસ્ત્રના ટુકડાને કોઇ અપમાનિત કરે તો ક્રોધ આવી જાય છે તે શા માટે?

જ્યાં સાક્ષાત વેદન જોઈ શકાય છે ત્યાં તેનો ઇનકાર કેમ કરી શકાય?

એનું કારણ એ છે કે ધ્વજાનુ કપડું કાપડની દુકાનમાં હતું ત્યાં સુધી તો તે સામાન્ય કપડું જ હતું. પણ ધ્વજા બનાવ્યા પછી તો તે આપણી કલ્પનાઓનો આધાર થવાથી તે સાધારણ વસ્ત્ર નહિ રહેતાં તે બની ગઇ દેશની લાજ! એ શકિત એ જડ વસ્ત્રમાં નથી પણ આપણી કલ્પનામાં એ શકિત છે.

એ જ રીતે પાષાણ કે લાકડાના ટુકડા આદિમાં પણ દેવની કલ્પના કરવાથી એવી જાતના ભાવ ઉત્પન્ન થાય છે કે જેવા ભાવ જીવિત દેવને જોવાથી પણ થાય. અને એ પત્થર કે લાકડાનો ટુકડો દેવની આકૃતિને અનુરૂપ જ હોય તો પછી સોનામાં સુગંધ.

આકૃતિ સાપેક્ષ અને આકૃતિ નિરપેક્ષ એમ બન્ને પ્રકારની પ્રતિમાઓ આજે જોવામાં આવે છે. જેમકે શિવની પ્રતિમાની આકૃતિ નિરપેક્ષ છે ત્યારે વીતરાગી શાંતદેવની પ્રતિમાની આકૃતિ સાપેક્ષ છે. પરંતુ સાપેક્ષ આકૃતિનો પ્રભાવ સહજ રીતે પડતો પ્રતીત થાય છે તેવો પ્રભાવ નિરપેક્ષ આકૃતિમાં અનુભવવામાં આવતો નથી. તેનુ કારણ એ સંભવે છે કે નિરપેક્ષ આકૃતિને જોઇને બુદ્ધિપૂર્વક કલ્પનાઓને યાદ કરવાનું જોર કરવુ પડે છે ત્યારે આકૃતિ સાપેક્ષને જોઇને અબુદ્ધિપૂર્વક જ આપોઆપ જાગૃત થઇ જાય છે.

ટુંકામાં તાત્પર્ય એ છે કે પ્રતિમાનો આપણા ઉપર કોઇ પ્રભાવ નથી પડતો એવું નથી, પ્રતિમાનો આપણી બુદ્ધિ ઉપર, આપણા મન ઉપર ઘણો મોટો પ્રભાવ પડે છે.

ઉપરની સર્વ વાતો ઉપરથી ત્રણ સિદ્ધાંત નીકળે છે કે—

(૧) ચિત્રનો આપણી મનોવૃત્તિ ઉપર મોટો પ્રભાવ પડે છે.

(૨) કોઇ પણ વસ્તુમાં કલ્પના વિશેષ કરી લેવાથી તે વસ્તુમાં તદ્ભુત ભાવ વીતવા લાગે છે અને

(૩) આકૃતિ નિરપેક્ષ પ્રતિમા કરતાં આકૃતિ સાપેક્ષ પ્રતિમાથી ચિત્ત ઉપર અધિક પ્રભાવ પડે છે.

અને જે પ્રતિમાને આપણે ઉપાસ્ય બનાવીને રાખી હોય તેમાં આ ત્રણે વાતો આવી જાય છે. પાષાણ, ધાતુ વગેરે કોઇ પણ વસ્તુની પ્રતિમા હોય પણ **તેમાં વીતરાગ આકૃતિનો આબેહુબ આકાર કે પ્રતિબિંબ વિદ્યમાન છે અને તેમાં આપણી વિશેષ કલ્પનાઓનું આરોપણ કરેલું છે તેથી તે પ્રતિમામાં અને જીવિત દેવમાં આપણે માટે કંઈ ફરક રહેતો નથી.**

કલ્પનાઓનુ બળ

કલ્પનાઓમાં મહાન બળ છે. શેખચલ્લી ફક્ત કલ્પનાઓના બળ ઉપર જ રાજા બની બેઠો હતો અને વાત ચલાવી દીધી તેની

કાલ્પનિક સ્ત્રી ઉપર ! શેખચલ્લીની જ વાત ન સમજતા. ખરેખર આપણે બધા જ શેખચલ્લી છીએ.

સવારથી સાંજ સુધી આપણે પણ શેખચલ્લીની પેઠે જ કલ્પના કર્યા કરીએ છીએ. "પુત્ર થશે. તેના વિવાહ કરીશ, સુંદર વહુ ઘરમાં આવશે. તેને દીકરો થશે. મારા ખોળામાં બેસીને ખેલશે. તોતડું તોતડું બોલવા લાગશે. થોડો મોટો થશે એટલે "દાદાજી" કહીને બોલાવશે વગેરે."

આ બધી શેખચલ્લીની કલ્પનાઓ નહિ તો શું છે? છતાં આનંદ એવો આવે છે કે જાણે એ બધું નજરે જોતા હોઈએ.

એક વ્યભિચારી ફક્ત કલ્પનાના આધાર પર તેની પ્રેમિકાના ઘર પર પહોંચી જાય છે અને પ્રેમથી તેના અંગનો સ્પર્શ કરીને કલ્પનામાં જ તેની સાથે વ્યભિચાર સેવે છે. એ પણ શેખચલ્લીની જ કલ્પના નહિ તો શું છે? છતાં આનંદ એવો આવે છે કે જાણે સાક્ષાત્ પ્રેમિકાનો જ સ્પર્શ કરી રહ્યો હોય !

આવી જ રીતે અનેક પ્રકારની રાગવર્ધક કલ્પનાઓ કરી કરીને નિત્ય નિત્ય કદી હર્ષ તો કદી વિષાદનો અનુભવ કર્યા કરીએ છીએ. આવું થાય છે એવો સૌને અનુભવ હોય છે, પ્રતીતિ હોય છે.

તો પછી એ સત્ય પ્રત્યે નકાર શા માટે? પ્રતિમાનો પ્રભાવ અને કલ્પનાઓની શકિત પ્રત્યે આજે નકાર (ઇનકાર) તારામાં વર્તી રહ્યો છે તેની પાછળ કોઇ પક્ષપાત છુપાઈ બેઠેલ છે. કોઈ સંપ્રદાય પોકારી રહેલ છે. તું સાંપ્રદાયિક નહિ પણ એક વૈજ્ઞાનિક બનીને નીકળ્યો છે તો પક્ષપાતને ધોઈ નાખ. અને આ મનોવિજ્ઞાનથી લાભ ઉઠાવ.

આજ સુધી મનોવિજ્ઞાનનો બીજી દિશામાં પ્રયોગ કરતો રહ્યો છે. હવે એ પ્રયોગ આ દિશામાં કર. જો તને સાક્ષાત્ દેવના દર્શન થાય છે. આજ સુધી વૈજ્ઞાનિક બનીને દર્શન કર્યાં નથી પણ સાંપ્રદાયિક

બનીને જ દર્શન કરતો રહ્યો છે. અને તેથી જ ઉપરની શંકાઓ ઉત્પન્ન થઈ હતી.

અભિપ્રાયને જરા ફેરવવાથી ક્રિયામાં મહાન અંતર પડી જાય છે. માટે અભિપ્રાયને ઠીક કરીને આગળ વધ. આવ અને જો આ પ્રતિમામાં જીવિત દેવ.

પ્રતિમા શું આપે છે?

અરે ભોળા પ્રાણી! હજી પણ સમજ્યો નહિ કે પ્રતિમા શું દીએ છે? એ પાષાણુની મૂર્તિની દૃષ્ટિમાં કેટલું સામાર્થ્ય છે! ભાવના-શૂન્ય હોવાથી તને તે સામાર્થ્ય કેમ આપે? પક્ષપાતના ગહન અંધકારમાં તારી આંખ જોઈ શકતી નથી, તન્મય થઈને શાંતિના દર્શન કર તો જ સમજાશે કે પ્રતિમા શું આપે છે. કેટલું સામર્થ્ય છે એમાં!

ઠીક છે કે એ પોતાની રક્ષા સ્વયં કરી શકતી નથી કારણુ કે તે જડ છે. પરંતુ તે મારી રક્ષા તો જરૂર કરી શકે છે. હાથ કંગનને આરસી શું? ઉપરની રીતે દર્શન કરીને જોઈ લે. પોતે સ્વયં રક્ષા નથી કરતી તો તેમાં શું નવાઈ છે? જેની આ આકૃતિ છે એ જીવિત પ્રભુ પણ સ્વયં પોતાના શરીરની રક્ષા કરતા નહોતા. અનેક શકિતઓના અને ઋદ્ધિઓના ભંડાર હોવા છતાં, આ પૃથ્વીને એક આંગળી પર ઘુમાવવાની શકિત હોવા છતાં પણ પોતાના શરીરની રક્ષા નહોતા કરતા.

નિજ શાંતિની રક્ષા માટે જીવિત પ્રભુ હમેશ જાગૃત રહેતા અને આ તેમની પ્રતિમા પણ એમ જ નિજ શાંતિની રક્ષા કરી રહી છે.

પ્રભુ! આ અંધકારમાં તને કેમ સૂઝે કે રક્ષા કેને કહેવાય છે? એક બાજુ તું કહી રહ્યો છું કે શરીર અને આત્મા ભિન્ન છે. બીજી બાજુ કહે છે કે શરીરની રક્ષા એ મારી રક્ષા છે. ભલા, તને તારી પોતાની જ વાત પર ક્યાં વિશ્વાસ છે?

પ્રભુનો વિશ્વાસ તારા જેવો પોચો નહોતો. આ ચૈતન્ય છે, બીજું કંઈ નહિ એ વાત પર તે દૃઢ હતા. શરીર સાથે તેમને જરા પણ નાતો નહોતો. તો બતાવ, શરીરની રક્ષા શા માટે કરે? અને કદાચિત ઉપકાર બુદ્ધિથી રક્ષા કરી દેતે તો શરીરની રક્ષા કરતાં પોતે જ અરક્ષિત ન બની જાત?

સમજ, ભગવાન, સમજ. રાગ કર્યા વિના શરીરની રક્ષા કરવાનો સંભવ છે? અને રાગ આવવાથી જે શાંતિને માટે તેમણે એટલો પુરુષાર્થ કર્યો હતો તે શાંતિ સુરક્ષિત રહી શકે? હવે બતાવ કે શરીરની રક્ષાને માટે એટલે કે જે વસ્તુની રક્ષા એમને માટે તે સમયે બિલકુલ નિષ્પ્રયોજન થઈ ચૂકી હતી તેને માટે રાગ કરીને પોતાની શાંતિનો ઘાત કરવો, નિધિ લૂંટાવી દેવો, પોતાના જ હાથથી પોતાનાજ મકાનમાં આગ લગાડી દેવી એમાં કઈ બુદ્ધિ મત્તા હતી? અને પ્રભુ એવી મૂર્ખતા શા માટે કરે? અને એ જ આદર્શ આ પ્રતિમા પણ ઉપસ્થિતિ કરી રહી છે.

ભીલ અને ગુરુદ્રોણનું દૃષ્ટાંત

પ્રતિમા સંબંધી મહાભારતનું આ પ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

ભીલ નીચ કુળનો હોવાના કારણથી અથવા " મારી શિખવેલી ધનુર્વિદ્યાનો દુરૂપયોગ ન થાય, એનો ઉપયોગ પશુ હિંસા માટે ન થાય" એવા કારણથી ગુરુ દ્રોણાચાર્યે એ ભીલને ધનુર્વિદ્યા શિખવવાની ના પાડી

ભીલની દૃષ્ટિમાં તો દ્રોણાચાર્ય તેના ગુરુ બની ચૂકયા હતા. ભલે તેમણે તેનો શિષ્ય તરીકે સ્વીકાર ન કર્યો પણ તેથી તેઓ ભીલની ભાવના કેવી રીતે બદલી શકે? પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ પણ ધનુર્વિદ્યા તો જરૂર શિખીશ. એવા દૃઢ સંકલ્પ વાળો એ ભીલ વનમાં ચાલ્યો ગયો,

વનમાં કાચી માટીથી દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી. અને તે

પ્રતિમાને એક ગુફાના મુખ પાસે ભારે વિનયથી વિરાજમાન કરી. દિવસમાં ત્રણ વખત તે પ્રતિમાને ફૂલ ચડાવીને તેના ચરણોમાં પડી વંદન કરતો.

ભીલની દૃષ્ટિમાં એ પ્રતિમા ન હતી પણ સાક્ષાત ગુરુ દ્રોણાચાર્ય હતા. તે પ્રતિમાને પૂછી પૂછીને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યો. સ્વયં તેના હૃદયમાંથી પ્રગટ થતા લક્ષ્ય સાધનના ઉપાયોને પહેલેથી પોતાના માની બેઠો હોત તો અભિમાન આવી જાત. "ગુરુ દ્રોણ એમાં શું કરી શકશે? હું પોતે જ શિખી લઈશ." એવો ભાવ આવી જાત અને તેથી વિદ્યા કદી શિખી શક્યો ન હોત.

પરંતુ ભીલના હૃદયમાં એવો વિકલ્પ જ નહોતો. એની દૃષ્ટિમાં તો ગુરુનો વિજય જ હતો. લક્ષ્ય ચૂકી જાય ત્યારે ગુરુની એટલે પ્રતિમાની ક્ષમા માંગી લેતો અને લક્ષ્ય સફળ થઈ જાય ત્યારે ગુરુના ચરણમાં પડી જતો. એમ કરતાં વર્ષો વીતી ગયા પણ તેણે ગુરુને એક ક્ષણ પણ પ્રતિમા રૂપ ન ગણ્યા એણે તો સાક્ષાત્ ગુરુ જ માન્યા હતા. અને એક દિવસ તે એવો સિદ્ધહસ્ત થઈ ગયો કે તેણે અર્જુનની વિદ્યાને પણ શરમાવી દીધી.

અર્જુનથી આ કેમ સહન થાય? ગુરુ દ્રોણાચાર્યના શિષ્ય આ બેગુરુઆ (ગુરુ વિનાના) ભીલથી નીચા રહી જાય? નહિ. એમ ન બની શકે. ગુરુ પાસે જઈને કહી દીધું. ગુરુએ આવી ભીલને પૂછ્યું— કોની પાસેથી આ વિદ્યા શીખી?

ગુરુને આવેલા જોઈને ભીલ તુરત તેમના ચરણમાં નમી પડ્યો અહાહા! આખરે આપ ખેંચાઈને આવી ગયા. ભક્તની ભક્તિમાં એટલું સામર્થ્ય છે. અને પછી ભીલે કહ્યું—ભગવન્! મારા ગુરુ બીજા કોઈ નહિ પણ આપ જ છો.

ગુરુ દ્રોણાચાર્ય આશ્ચર્યમાં ડૂબી ગયા. આ વાત સત્ય કેમ હોઈ

શકે? એમણે તો ભીલને વિદ્યા શિખડાવવાની જ ના પાડી દીધી હતી. તેથી ગુરુ બોલી ઊઠ્યા—નહિ. હું ગુરુ ન હોઈ શકું. તું જૂઠ્ઠું બોલે છે. તારા ગુરુનું નામ તું મારાથી છુપાવવા માગે છે.

ભીલ ગુરુનો હાથ ચાલીને તેમને તે પ્રતિમા પાસે લઈ ગયો અને કહ્યું—આપને વિશ્વાસ ન આવતો હોય તો જોઈ લીઓ. આ રહ્યા મારા ગુરુ.

અને ગુરુ દ્રોણની આંખ ખુલી ગઈ. તેમને વાતનું રહસ્ય સમજાઈ ગયું.

જડ પ્રતિમા શું દઈ શકે, કેવી રીતે દઈ શકે? એમ શંકા કરો છો ને! તો જુઓ. જડ પ્રતિમા આ રીતે દઈ શકે છે, સમજ્યા?

હે કલ્યાણાર્થી! હવે પક્ષપાત છોડી દે. કોઈ બીજાના માટે નહિ પણ તારા પોતાના કલ્યાણ માટે. "મારા મનમાં ભગવાન બેઠા છે. પ્રતિમાના દર્શન કરવાની શી જરૂર છે?" એવા બહાના છોડી દે. એમ માનીને જ તું તારી શાંતિનો ઘાત કરી રહ્યો છે.

ભગવાન શબ્દનું નામ તે કંઈ ભગવાન નહિ. ભગવાન તો જીવનનો એક આદર્શ છે અને તે આદર્શ તું સાક્ષાત ભગવાન પાસેથી અથવા તેમની પ્રતિમા પાસેથી શિખી સમજી શકે છે. **સાક્ષાત ભગવાન વર્તમાન સમયમાં નથી. માટે તેમની પ્રતિનિધિ આ પ્રતિમાનું શરણ લે અને તારૂં કલ્યાણ કર.**

મંદિરની આવશ્યકતા શી છે?

પ્રશ્ન ઉત્તમ અને સ્વાભાવિક છે. એનો ઉત્તર મુખ્ય પ્રયોજન અથવા લક્ષ્યનો વિચાર કરવાથી મળી જશે.

પ્રયોજન અથવા લક્ષ્ય છે—**શાંતિ જોઈએ છે.**

ભલા, શાંતિ શું છે અને શાંતિનો ઘાત કોણે કર્યો છે?

શાંતિ જીવનો સ્વભાવ છે. અને ઘાત કરવાવાળો પણ જીવનો જ અપરાધ છે. શરીર, ધન, કુટુંબ આદિ સંબંધી અનેક નવા નવા વિકલ્પો, ઇચ્છાઓ, ચિંતાઓ ઉઠે છે. આ વિકલ્પો દબાઇ જાય તો તો જીવને શાંતિ જ છે.

શાંતિ માટે વિકલ્પને દબાવવા

ખરૂં કહીએ તો **શાંતિ પ્રાપ્ત કરવાની નથી પણ અશાંતિ દૂર કરવાની છે.** એ વિકલ્પો, ઇચ્છાઓ અને ચિંતાઓને દૂર કરવાની છે. એ દૂર થાય તો પછી શાંતિ જ છે, જીવનો સ્વભાવ જ શાંતિ છે. પ્રાપ્ત સ્વભાવની પ્રાપ્તિ શી કરવાની ? જે પહેલેથી જ જીવની પાસે છે તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ જ કેમ હોય ? સ્વભાવ કદી વિચ્છેદ જતો નથી.

એટલે વિકલ્પોથી વ્યાકુળ રહેવાય ત્યાંસુધી શાંતિ બહાર આવી શકિત નથી જો કે તે અંદર સ્વભાવમાં પડી જ છે. માટે વિકલ્પોને દૂર કરવાનો પ્રયાસ કરવાનો છે.

વિકલ્પ ક્રમે ક્રમે દબાય છે

વિજળીનું બટન દબાવીએ કે પ્રકાશ બંધ. એવી રીતે કોઈ ક્રિયા વિશેષથી વિકલ્પોને એકદમ દબાવી શકાય ? નહિ. એવી વાત સંભવિત નથી. વિકલ્પો, સંસ્કાર ધીરે ધીરે જ શકિત પકડતાં પકડતાં એક દિવસે પુષ્ટ થઈ જાય છે. પણ એકદમ પુષ્ટ નથી થઈ જતા. તેવી જ રીતે **કોઈ પણ સંસ્કાર ધીરે ધીરે ક્રમ પૂર્વક જ તોડી શકાય છે. જ્યાં સુધી સંસ્કાર સમૂળ નષ્ટ ન થાય ત્યાં સુધી તેનાથી પ્રેરિત નિત્ય નવા નવા વિકલ્પ છોડી શકાતા નથી.** રોગીનો રોગ એકદમ દબાવી નથી શકાતો પણ ધીરે ધીરે ઓછો કરાય છે તેવી જ રીતે વિકલ્પનું પણ સમજવું.

અનુકૂળ વાતાવરણની મહત્તા

વિકલ્પોને હમેશને માટે તો શું પણ અમુક વખતને માટે પણ સંપૂર્ણ રીતે રોકી શકાતા નથી પણ અમુક સમય માટે કોઇક રીતે દબાવી શકાય છે જેમ મોરફીઆ કે કોકેનના ઇન્જેક્શનથી થોડો વખત પીડાને દબાવી શકાય છે તેમ. તો કઇ ક્રિયા વિશેષથી વિકલ્પો થોડા વખત માટે પણ દબાઇ રહે તે જાણવાનું છે.

બાહ્ય વાતાવરણનો વિચારોની સાથે ભારે મોટો સંબંધ છે. જુગારીઓના વાતાવરણમાં જુગારી અને શરાબીના વાતાવરણમાં શરાબી બની જવાય છે. એ જ રીતે **નિર્વિકલ્પ વાતાવરણમાં નિર્વિકલ્પ પણ બની શકાય છે.**

જો કે સ્વ-પર ભેદ વિજ્ઞાનમાં વસ્તુતઃ એનો નિષેધ કરવામાં આવ્યો છે અને અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્ય પર કોઇ પ્રભાવ પડી શકતો નથી એમ બતાવવામાં આવ્યું છે. અને એ વાત પર મને વિશ્વાસ પણ છે. યુક્તિ આદિથી નિર્ણય પણ કર્યો છે. પરંતુ એ વિશ્વાસ હજુ સુધી સંપૂર્ણ રીતે મારા જીવનમાં ઉતર્યો જોઈ શકાતો નથી. **પરાપૂર્વથી પરાશ્રિત થઈ જવાના સંસ્કાર હજુ દૃઢ છે. એ ભૂલ મારી જ છે. પણ એવા વાતાવરણમાં રહેવાથી જ એ ભૂલ થાય છે. જે વાત અનુભવમાં આવે છે તેનો ઇન્કાર કરવાથી શો લાભ?**

વિકલ્પને દબાવવાના બે ઉપાય

વિકલ્પને દબાવવાના બે ઉપાય છે—(૧) પ્રાપ્ત વાતાવરણમાં મનને દૃઢ રાખવું અને (૨) વાતાવરણ બદલી નાખવું.

પહેલો ઉપાય—સ્વ-પર ભેદ વિજ્ઞાનથી મનને એવું દૃઢ રાખવું કે બાહ્ય વાતાવરણ તરફ દૃષ્ટિ નહિ કરતાં પોતાના શાંત સ્વભાવને લક્ષ્યમાં લઈને અંતરંગમાં નવું વાતાવરણ ઉત્પન્ન કરી લેવું. આ

ઉપાય તો સરસ છે પણ જીવની વર્તમાન પ્રાથમિક અવસ્થામાં તેમ કરવા તે બિલકુલ અસમર્થ હોય છે.

વાતને સમજવી સહેલી છે પણ **એ વાતને કાર્યરૂપમાં મૂકવાનું જ અઘરૂં** છે, **કઠિન** છે. સમજવામાં અને શ્રદ્ધા કરવામાં બહુ સમય નથી લાગતો પણ તેને પૂરૂં કરવામાં લાંબો સમય જોઈએ છે. હાલની નિકૃષ્ટ અવસ્થામાં પણ થઈ શકે અને પોતાની શકિત ઉપરવટનો ન હોય એવો ઉપાય હોવો જોઈએ.

તેથી હવે બીજા ઉપાયનો વિચાર કરીએ.

બીજો ઉપાય—કુટુંબ સંબંધી ચિંતાઓ સહિત કુટુંબના વાતાવરણમાં રહીને, ધનોપાર્જનની ચિંતાઓ સહિત ધંધામાં રહીને, શરીર સંબંધી ચિંતાઓ સહિત શરીરની સેવામાં સંલગ્ન રહીને પણ વિકલ્પોથી અને વ્યાકુળતાઓથી બચવાનો પ્રયાસ કરવા છતાં પણ બચી શકાતું નથી. એવી પ્રાથમિક અવસ્થા છે તેથી હવે થોડા વખત માટે પણ વાતાવરણ બદલવું જોઈએ. તો કેવા વાતાવરણમાં જવું ?

મંદિરની અનુકૂળતા

વાતાવરણ એવું હોવું જોઈએ કે ત્યાં જઇને વિકલ્પ ઉત્પન્ન થાય તો તે વીતરાગના સંબંધી જ હોય, શાંતિ સંબંધી જ હોય. અને શાંતિના આદર્શ જીવિત દેવ અથવા તેમની પ્રતિમાનું શરણ મળવાનુ પ્રયોજન સિદ્ધ થઈ જાય.

વર્તમાનમાં જીવિત દેવ તો મળી શકે તેમ નથી. એટલે તેમની પ્રતિમાથી જ લાભ ઉઠાવવો જોઈએ. પ્રતિમા ઘેર પણ રાખી શકાય. પરંતુ ઘરનું વાતાવરણ જોઈએ તેવું અનુકૂળ થઈ શકે નહિ. **તેથી મંદિરમાં જ શાંતિદેવનું શરણ લેવું એ જ શ્રેયસ્કર છે.**

વિકલ્પોનું શમન કરવા જેટલું પૂરતું બળ હોય તો તો મંદિરની પણ આવશ્યકતા નથી. પરંતુ અનુભવથી જાણીએ છીએ

કે જીવનચર્યામાં વિકલ્પો દબાવવાને બદલે ઘણા વૃદ્ધિ પામે છે. માટે વિકલ્પના પ્રશમન માટે ઘર આદિનું વાતાવરણ પ્રતિકૂળ રહે છે અને મંદિરનું વાતાવરણ અનુકૂળ રહે છે.

અનુકૂળ વાતાવરણમાં રહેવાથી પુરુષાર્થ કરવામાં કમ બળ વાપરવું પડે છે, ઓછી મહેનત પડે છે. જ્યાં સુધી આત્મબળ ઓછું છે, જીવનની શક્તિ હીન છે ત્યાં સુધી પ્રતિકૂળ નિમિત્તના ત્યાગ અને અનુકૂળ નિમિત્તના ગ્રહણની આવશ્યકતા રહે છે.

મંદિરમાં આવીને પણ પ્રતિમામાં જીવિત દેવના દર્શન કરીને શાંતિમાં લય થવાનો પ્રયત્ન કરવો જોઈએ. મંદિરમાં આવીને જો "આ મંદિર બહુ સુંદર છે, એના થાંભલા પણ આરસના છે, એમાં ખૂબ ખર્ચ થયું હશે, હજી આમાં આટલી ખામી છે." ઈત્યાદિ વિકલ્પોમાં પડી જવાય તો દેવ દર્શનનું કાર્ય ભૂલી જવાય અને મંદિરમાં આવવું નિરર્થક બની જાય.

મંદિરમાં આવીને વિકલ્પોમાં નહિ પડતાં યથાર્થ રીતે દેવદર્શનનું કાર્ય કરવું એ જ કર્તવ્ય છે. દેવદર્શન કે દેવપૂજામાં કાંઇ વિશેષ ફરક નથી. દર્શન જ પૂજન છે.

—શાંતિપથ પ્રદર્શનમાંથી સાભાર અનુવાદિત.

પ્રકરણ છવીશમું

મૂર્તિ સંબંધી પ્રશ્નોત્તર

લેખક

મુનિશ્રી ભદ્રંકર વિજયજી મહારાજ

*

નોંધ

મૂર્તિને નહિ માનવા માટે સ્થાનકવાસીઓએ અનેક તર્કો ઉપજાવી કાઢી શંકાઓ ઉત્પન્ન કરી છે. તે શંકાઓને પ્રશ્નોમાં મૂકીને મુનિશ્રી ભદ્રંકર વિજયજીએ તેમના 'પ્રતિમા પૂજન' નામના પુસ્તકમાં તે પ્રશ્નોના સવિસ્તર ખુલાસા આપીને તે તર્કો-શંકાઓ વજુદ વગરની છે તે બતાવી આપ્યું છે. તે ખુલાસાઓ ખાસ સમજવા જેવા હોવાથી અત્રે તે ઉધ્ધૃત કરેલા છે. તે સર્વ પ્રશ્નોત્તરો ધ્યાનપૂર્વક વાંચીને બરાબર સમજી લેવાની વાંચકોને ભલામણ છે.

—ન. ગિ. શેઠ

*

પ્રશ્ન ૧—શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ સમયે બે હજાર હર્ષની સ્થિતિવાળો ભસ્મગ્રહ બેસવાથી શાસનને ધક્કો લાગ્યો. પણ તે ઉતર્યા બાદ સત્યધર્મ પેદા થયો એમ કહેવાય છે. તો તેમાં તથ્ય શું છે?

ઉત્તર—ત્યારે શું ભસ્મગ્રહ ઉતર્યા **પહેલાં** સત્ય ધર્મ ન હતો? તે વખતે વિચ્છેદ થઈ ગયાનું કયા સૂત્રમાં લખ્યું છે? **શ્રી ભગવતી સૂત્ર**ના વીશમા શતકના આઠમા ઉદ્દેશામાં ભગવાને ફરમાવ્યું છે કે—

"હે ગૌતમ! આ જંબૂદ્વીપના ભરતખંડને વિષે આ અવસર્પિણી કાળમાં મારૂં શાસન ૨૧૦૦૦ એકવીશ હજાર વર્ષ પર્યંત ચાલશે."

આ સૂત્રપાઠમાં વિચ્છેદ થવાનું કે પુનરુદ્ધાર થવાનું કાંઈ નામ-નિશાન પણ નથી. ઊલટું, એકસરખું ચાલવાનું કહ્યું છે.

વળી શ્રી **કલ્પસૂત્ર**માં કહ્યું છે કે—

"શ્રી વીર પ્રભુના નિર્વાણ બાદ બે હજાર વર્ષની સ્થિતિવાળો ભસ્મગ્રહ પ્રભુના જન્મનક્ષત્ર પર બેસશે. તેથી તે દરમ્યાન સાધુ સાધ્વીની ઉદય ઉદય પૂજા નહિ થાય. પણ ભસ્મગ્રહ ઉતર્યા બાદ સાધુ સાધ્વીની ઉદય ઉદય પૂજા થશે."

ગ્રહના જોરથી જેમની પૂજા નહિ થતી હોય તેમની જ પૂજાને ઉત્તર્યા પછી વિશેષ પ્રકારે થશે, તેથી બીજાને શું લાગે વળગે?

એ મુજબ, શ્રી આનંદવિમળ સૂરિ, શ્રી હેમ વિમળ સૂરિ, શ્રી વિજયદાન સૂરિ, શ્રી વિજયહીર સૂરિ, જિનચંદ્ર સૂરિ વગેરે આચાર્યોએ ક્રિયા ઉદ્ધાર કર્યા ત્યારથી ત્યાગી શુદ્ધ સાધુની માન્યતા અને પૂજ્યતા લોકોમાં દિવસે દિવસે વિસ્તરવા તથા વધવા લાગી, એ પ્રત્યક્ષ દેખાય છે.

શ્રી કલ્પસૂત્રમાં એમ તો કહ્યું નથી કે—ભસ્મગ્રહની સ્થિતિવાળા બે હજાર વર્ષ સુધી દયામય ધર્મનો લોપ થઈ જશે. લોક હિંસાધર્મના કુરસ્તે ચડશે તથા તે ગ્રહ ઉતર્યા બાદ અમુક આચાર્ય ફરી દયામય ધર્મનો પુનરુદ્ધાર કરશે. તેથી તેમની ઉદય ઉદય પૂજા થશે અને દયાની વૃદ્ધિ થશે.

જેમ કોઈ એક સ્ત્રીને ગર્ભ રહ્યો હોય તો પૂરા દિન થયેથી તેને

જ પુત્ર પ્રાપ્ત થશે પણ બીજાને નહિ. તથા રોગી પુરૂષના રોગની સ્થિતિ પરિપૂર્ણ થયેથી તે જ માણુસ સાજો થશે પણ બીજો નહિ.

તેમ ભસ્મગ્રહના પ્રભાવથી જે મુનિવરોની પૂજાભકિત નહોતી થતી તેમની જ ભકિત પાછી ગ્રહ ઉતર્યાથી થશે પણ બીજાની નહિ. **એવો સ્પષ્ટ અર્થ છોડી, મારી મચડીને ખોટો અર્થ કરવો તે સત્યને ઉતારી પાડવા બરાબર છે.**

પ્રશ્ન ૨—પત્થરની ગાયને દોહવાથી જેમ દૂધ આપે નહિ તેમ પત્થરની મૂર્તિ પૂજવાથી પણ શું કાર્ય સિદ્ધ થાય?

ઉત્તર—પ્રથમ વાત તો એ છે કે **ગાયનું દૃષ્ટાંત અહીં લાગુ કરવું એ જ અઘટિત છે.**

ગાય પાસેથી જેમ દૂધ લેવાનું હોય છે તેમ મૂર્તિ પાસેથી કાંઈ લેવાનું હોતું નથી. ગાય જેમ દૂધ આપે છે તેમ મૂર્તિ કાંઈ આપતી નથી.

પૂજક પોતે પોતાના આત્મામાં છુપાએલા વીતરાગતા આદિ ગુણોને મૂર્તિના આલંબનથી પ્રગટ કરે છે.

બીજી વાત એ છે કે—જેમ પત્થરની ગાય દૂધ આપતી નથી તેમ સાચી ગાય પણ, 'હે ગાય! તું દૂધ દે'—એમ ઉચ્ચારણ કરવા માત્રથી દૂધ આપતી નથી. તો પછી સાક્ષાત પરમેશ્વરના નામથી કે જાપથી પણ કાર્યસિદ્ધિ થવી જોઈએ નહિ. અને પરમાત્માનુ નામ પણ લેવું જોઈએ નહિ.

જે શુભ ઉદ્દેશથી ઇશ્વરના નામનું સ્મરણ કરવામાં આવે છે તે જ શુભ ઉદ્દેશથી પરમાત્માની મૂર્તિની ઉપાસના કર્તવ્ય થઈ પડે છે. પરમાત્માનું નામ લેવાથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે તેમ પરમાત્માની મૂર્તિના દર્શન આદિથી પણ અંતઃકરણની વિશુદ્ધિ થાય જ છે.

એ જ રીતે કેટલાક કહે છે કે—જેમ સિંહની મૂર્તિ આવીને મારતી નથી તેમ ભગવાનની મૂર્તિ પણ આવીને તારતી નથી.

આવું કથન પણ અયોગ્ય છે. કારણકે 'સિંહ, સિંહ' એવું નામ લીધાની સાથે જ શું સિંહ આવીને મારે છે? નહિ જ. તો પછી ભગવાનનું નામ લેવું પણ નિરર્થક ઠરશે.

વળી સિંહની મૂર્તિ મારતી નથી તેનું કારણ એ છે કે-મારવામાં સિંહને પોતાને પ્રયત્ન કરવો પડે છે, મરનારને નહિ. ત્યારે ભગવાનની મૂર્તિથી તરવામાં મૂર્તિને કાંઈ પણ પ્રયત્ન કરવાનો હોતો નથી; પરંતુ તરનારને પ્રયત્ન કરવાનો હોય છે. મુક્તિ મેળવવા માટે વ્રત, નિયમ, તપશ્ચર્યા સમય આદિની આરાધના પુરુષને કરવી પડે છે પણ— પરમાત્માને નહિ.

પરમાત્માના પ્રયત્નથી જો તરવાનું હોત તો પરમાત્મા તો અનેક શુભ ક્રિયાઓ કરી ગયા છે છતાં તેનાથી બીજાઓ કેમ ન તર્યા? પરંતુ તેમ બનતું નથી, એકે ખાધાથી જેમ બીજાની ભૂખ મટતી નથી તેમ ભગવાનના પ્રયત્ન માત્રથી ભક્ત વર્ગની મુક્તિ થતી નથી. ભક્ત વર્ગની મુક્તિ માટે તો ભક્તવર્ગ પોતે પ્રયત્ન કરે તો જ સિદ્ધિ થાય છે. **છતાં ભગવાનની મૂર્તિના આલંબનથી જીવને તપ, નિયમ આદિ કરવાનો ઉલ્લાસ જરૂર થાય છે. અને તેથીઆ "ભગવાનની મૂર્તિ તારે છે" એમ ઉપચારથી કહેવામાં કોઈ પણ જાતની હરકત નથી.**

પ્રશ્ન ૩—જડને ચેતનની ઉપમા આપી શકાય?

ઉત્તર—વસ્તુના ધર્મ અનંત છે. પ્રત્યેક ધર્મને આશ્રીને વસ્તુને જુદી જુદી અનંત ઉપમાઓ આપી શકાય છે.

એક લાકડી ઉપર બાળક સ્વારી કરે ત્યારે લાકડી જડ હોવા છતાં તેને ચેતન એવા ઘોડાની ઉપમા અપાય છે. પુસ્તક અચેતન હોવા છતાં તેને જ્ઞાન કે વિદ્યાની ઉપમા અપાય છે. એ રીતે સમ્યગ્ જ્ઞાન તથા ધર્મ એ આત્મિક વસ્તુ હોવા છતાં તેને જડ એવા કલ્પવૃક્ષ અને ચિંતામણી રત્નની ઉપમા અપાય છે.

વસ્તુના અનંત ધર્મ આશ્રી કોઈ પણ ધર્મ લઈ તેના વડે જે જે પ્રકારનું કાર્ય સાધી શકાય તે તે પ્રકારની ઉપમાઓ આપવાનો વ્યવહાર જગપ્રસિદ્ધ છે. પરમાત્માની મૂર્તિથી પરમાત્માનું જ્ઞાન થાય છે તેથી તે મૂર્તિને પણ પરમાત્મા કહી શકાય છે.

પાંચસો રૂપીઆની હુંડી કે નોટને લોકો પાંચસો રૂપીઆ જ કહે છે. વાસ્તવિક રીતે જોતાં રૂપીઆ એ તો ચાંદીના કટકા છે. અને નોટ હુંડી એ તો કાગળ અને સાહીસ્વરૂપ છે. પરંતુ બન્નેથી કામ એકસરખું થતું હોવાથી બન્નેને રૂપીઆ જ કહેવાય છે.

તેમ પરમાત્માની મૂર્તિ પણ પરમાત્માનો બોધ કરાવનાર હોવાથી તેને પણ પરમાત્માની ઉપમા આપી શકાય છે.

પ્રશ્ન ૪—અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે તેમ મૂર્તિને જોવા માત્રથી જ્ઞાન થતું કેમ દેખાતું નથી ?

ઉત્તર—અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે એમ કહેવું એ ખોટું છે, અક્ષરકારથી જ્ઞાન થવા પહેલાં શિક્ષકદ્વારા તે અક્ષરોને ઓળખતાં શિખવું પડે છે. અક્ષરોને ઓળખ્યા પછી જ વાંચતાં કે લખતાં શિખી શકાય છે.

તેમ—ગુરૂ આદિક દ્વારા આ દેવાધિદેવ શ્રી વીતરાગદેવની મૂર્તિ છે. એમના અજ્ઞાન આદિ દોષો નાશ પામ્યા છે. તેઓ અનંત ગુણોએ સહિત છે. દેવેન્દ્રોથી પણ પૂજિત છે. તત્ત્વોનો ઉપદેશ કરનારા છે. મોક્ષને પામેલા છે. સંસારસાગરથી તરી ગયેલા છે. સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. દયાના સાગર છે. પરિસહ અને ઉપસર્ગોની ફોજોને હઠાવનારા છે અને રાગાદિરહિત છે. એવું જેમ જેમ જ્ઞાન થતું જાય છે તેમ તેમ મૂર્તિનાં દર્શન આદિ કરતી વખતે તે તે ગુણોનું જ્ઞાન અને સ્મરણ દૃઢતર થતું જાય છે.

પ્રશ્ન ૫—સ્ત્રીની મૂર્તિ જોવાથી પ્રત્યેકને કામવિકાર

ઉત્પન્ન થતો દેખાય છે પણ પ્રતિમા જોઈને બધાને વિરાગભાવ ઉત્પન્ન થતો દેખાતો નથી. તેનું શું કારણ?

ઉત્તર—જેઓને મૂર્તિ ઉપર દ્વેષ કે દુર્ભાવ છે તેઓને વીતરાગની મૂર્તિ જોવા છતાં શુભ ભાવ પ્રગટ થવો મુસ્કેલ છે. પરંતુ જેઓ હળુકર્મી જીવો છે તેમને તો શ્રી વીતરાગદેવની શાંતમુદ્રાના દર્શન થવાની સાથે જ રોમેરોમ પ્રેમ ઉભરાયા સિવાય રહેતો નથી.

કોઈ પાપી આત્માને મુનિની શાંત મૂર્તિ દેખીને પણ જેમ મનમાં ભક્તિભાવ ઉત્પન્ન ન થાય તેમ જેણે મૂર્તિ પ્રત્યે દ્વેષ કે દુર્ભાવ કેળવેલ હોય તેવા આત્માને મૂર્તિના દર્શનથી પણ ભક્તિ ઉત્પન્ન ન થાય એ બનવા જોગ છે.

જગતનો સામાન્ય નિયમ તો એવો છે કે ગુણવાનની મૂર્તિ દેખીને તેના જેવા ગુણો પ્રાપ્ત કરવા સહેજે ઉત્કંઠા થયા સિવાય રહે નહિ. છતાં તેમાં પણ અપવાદ હોય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે કે—

जे आसवा ते परिसवा
जे परिसवा ते आसवा

ભાવાર્થ—પરિણામના વશથી જે આસ્ત્રવનું કારણ હોય તે સંવરનું કારણ બને છે. અને જે સંવરનું કારણ હોય તે આસ્ત્રવનું કારણ બને છે.

ઈલાચિપુત્ર પાપના ઇરાદાથી ઘેરથી નીકળ્યા હતા. છતાં પરિણામની વિશુદ્ધિથી વાંસના દોરડા ઉપર નાચ કરતાં કેવળ જ્ઞાન ઉત્પન્ન કરી લીધું હતું.

ભરત ચક્રવર્તીનું અરીસા-ભુવનમાં રૂપ જોવા જેવું તે આસ્ત્રવનું કારણ હતું. પણ મુદ્રિકાના પડવાથી શુભ ભાવનામાં આરૂઢ થતાં તેમણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું.

તે જ રીતે સાધુ મુનિરાજો સંવર અને નિર્જરાનું કારણ છે. છતાં તેમને દુઃખ દેવાથી, તેમનું બુરૂં ચિંતવવાથી તથા તેમની નિંદા આદિ કરવાથી જીવ અશુભ કર્મનો આસ્રવ કરે છે. પણ તેથી સાધુ મુનિરાજનું પૂજનિકપણું નષ્ટ થઈ જતું નથી.

સાક્ષાત શ્રી ભગવાન મહાવીર દેવને જોઈને પણ સંગમ દેવ અને ગોવાળીઆ વગેરેને માઠા ભાવ થયા. તેમાં તેઓનો અશુભ ભાવ છે. એક કવિએ કહ્યું છે કે—

पत्र नैव करीरविटपे, दोषो वसंतस्य किम्
ठल्लको न विलोक्यते यदि दिवा सूर्यस्य किं दूषणम् ।

वर्षा नैव पतन्ति चातक मुखे, मेघस्य किं दूषणम्
यद् भाग्यं विधिना ललाट लिखितं, दैवस्य किं दूषणम् ॥

અર્થ—કરીરના ઝાડ ઉપર પાંદડાં ન આવે તેમાં વસંત ઋતુનો શો દોષ? ઘુવડ પક્ષીને દિવસે ન દેખાય તેમાં સૂર્યનો શો અપરાધ? જળની ધારા ચાતક પક્ષીના મુખમાં નથી પડતી તેમાં મેઘનો શો દોષ? અને એ જ પ્રકારે લલાટે લખાયેલ ભાગ્યાનુસાર ફળ ભોગવવું પડે તેમાં દૈવનો પણ શો દોષ ગણાય?

એ જ રીતે શ્રી દેવાધિદેવની મૂર્તિ તો શુભ ભાવનું જ કારણ છે. તથાપિ તેના દ્વેષી, દુષ્ટ પરિણામી અને હિતભાગી જીવોને ભાવ પેદા ન થાય તે ખરેખર તેમની જ કમનશીબી છે.

સૂર્યની સામે કોઈ ધૂળ ફેંકે કે સુગંધી પુષ્પ ફેંકે તો તે બન્ને ફેંકનાર તરફ જ પાછા ફરે છે, અથવા વજ્રમયી દિવાલ પર કોઈ મણી કે પત્થર ફેંકે તો તે વસ્તુઓ ફેંકનાર તરફ જ પાછી આવે છે અથવા ચક્રવર્તી રાજાની કોઈ નિંદા કે સ્તુતિ કરે તેથી તેનું કાંઈ બગડતું કે સુધરતું નથી. પણ નિંદક આત્મા પોતે જ દુઃખનો પાત્ર બને છે અને સ્તુતિ કરનાર પોતે જ ઉત્તમ ફળને મેળવે છે.

અથવા બીજી રીતે જોઈએ તો જેમ પથ્ય આહાર કરવાથી ખાનાર મનુષ્યને સુખ મળે જ અને અપથ્ય ભોજન કરવાથી ભોજન કરનારને જ દુ:ખ પ્રાપ્ત થાય છે. પણ આહારમાં વપરાયલી વસ્તુને કાંઈ થતું નથી.

તે જ પ્રમાણે પરમાત્મ-મૂર્તિની સ્તુતિ ભક્તિ કે નિંદા હીલના કરવાથી અલિપ્ત પરમાત્માને કાંઈ થતું નથી. પરંતુ નિંદક પોતે જ દુર્ગતિનું કર્મ ઉપાર્જન કરે છે અને પૂજક શુભ કર્મોપાર્જન કરી સ્વયમેવ સુગતિનું ભાજન બને છે.

બીજી વાત વિચારવાની એ છે કે—બ્રહ્મચારી મહાત્માઓને સ્ત્રીની મૂર્તિ જોવાનો નિષેધ કર્યો. પરંતુ સાક્ષાત સ્ત્રીના હાથે આહાર પાણી લેવાનો નિષેધ કર્યો નહિ.

સ્ત્રીઓ દર્શન કરવા કે વંદન કરવા આવે, કલાકો સુધી વ્યાખ્યાન સાંભળવા બેસી રહે. ધર્મચર્ચા સંબધી પૂછપરછ કે વાર્તાલાપ કરે. ઇત્યાદિ કાર્યોમાં સ્ત્રીનો સાક્ષાત પરિચય હોવા છતાં નિષેધ ન કર્યો અને સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં વસવાનો નિષેધ કર્યો. તેનુ શું કારણ ?

ચિત્રામણની સ્ત્રીની આકૃતિ માત્રથી કાંઈ આહાર પાણી મળી શકતા નથી કે બોલવું ચાલવું થઈ શકતું નથી. ચિત્રામણની સ્ત્રી ઊઠીને સ્પર્શ કરી શકતી નથી. છતાં શાસ્ત્રકારોએ તેનો નિષેધ કર્યો. કારણ એટલું જ કે—

ચિત્ર કે મૂર્તિ તરફ જેવી ચિત્તની એકાગ્રતા થાય, મનમાં ખરાબ સંકલ્પ વિકલ્પ ઊઠે, ધર્મધ્યાનમાં બાધા પહોંચે તથા કર્મ-બંધન થવાના પ્રસંગો ઉપસ્થિત થાય તેવા, ધર્મનિમિત્તે સાક્ષાત પરિચયમાં આવનાર સ્ત્રી-પ્રસંગમાં સંભવતા નથી. કારણકે ત્યાં અશુભ માર્ગે ચિત્તની એકાગ્રતા કરવાનો અવસર સાધુને ભાગ્યે જ મળે છે.

ત્યારે, મકાનમાં સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર હોય તો તે તરફ વારંવાર ધારી ધારીને નિહાળવાનું અને તેમાં ચિત્તની તથા મનની લીનતા

થવાનું અવશ્ય બની આવે તથા પરિણામે દિલમાં કામ વિકારો જાગૃત થઈ આવે એ વગેરે અનિષ્ટોનો પૂરેપૂરો ભય છે.

સૂત્રકાર મહર્ષિઓની આજ્ઞા નિષ્પ્રયોજન કે વિના વિચાર્યે હોઈ શકે નહિ. એ ઉપરથી નિશ્ચય થાય છે કે મનને સ્થિર કરી શુભ ધ્યાનમાં લાવવા માટે શુભ એવું સ્થિર આલંબન શ્રી જિનરાજની શાંતમૂર્તિ જેવું બીજું એક પણ નથી.

આથી બીજી વાત એ પણ સિદ્ધ થાય છે કે ઉત્તમ ધ્યાન અને મનની એકાગ્રતા કરવાની અપેક્ષાએ શ્રી જિનમૂર્તિનો દરજ્જો સાક્ષાત જિનરાજ કરતાં પણ વધી જાય છે. અને એવા જ કારણે શ્રી રાયપસેણીય આદિ શાસ્ત્રગ્રંથોમાં સાક્ષાત તીર્થંકર દેવને વંદન નમસ્કાર કરતી વેળા देवयं चेइयं ઇત્યાદિ પાઠો છે. અર્થાત્ જેવી હું જિનપ્રતિમાની ભક્તિ કરૂં છું તેવી જ અંતરંગ પ્રીતિથી આપની (સાક્ષાત અરિહંતની) ભક્તિ કરૂં છું.

વળી સાક્ષાત ભગવાનને નમસ્કાર કરતી વખતે—सिद्धिगइ नामधेयं, ठाणं संपाविउ कामस्स—સિદ્ધિગતિ નામના સ્થાનને મેળવવાની ઇચ્છાવાળા એમ બોલવામાં આવે છે અને શ્રી જિનપ્રતિમાની સામે—सिद्धिगई नामधेयं ठाणं संपत्ताणं—સિદ્ધિ ગતિ નામના સ્થાનને પ્રાપ્ત થઈ ચુકેલા. એમ કહેવામાં આવે છે. એ વગેરે પાઠોનું ખરું રહસ્ય સમજી, પૂર્વાચાર્યોએ અત્યંત બહુમાનપૂર્વક પ્રમાણિક કરેલ શ્રી જિનપ્રતિમાનો અંતરંગ આદર કરવો જોઈએ.

પ્રશ્ન ૬—જિન પ્રતિમાને નમસ્કાર કરવાથી તે નમસ્કાર મૂર્તિને થયો, ભગવાનને નહિ.

ઉત્તર—મૂર્તિ અને ભગવાન સર્વથા જુદા નથી. એ બેમાં કથંચિત્ત અભેદ છે, મૂર્તિ એ જિનેશ્વરની સ્થાપના છે. શ્રી જિન મૂર્તિને નમસ્કાર કરતી વખતે શ્રી જિનેશ્વર ભગવાનનો ભાવ લાવીને નમસ્કાર કરવામાં આવે છે. માટે જુદા ન કહેવાય.

જેમ અહીં બેઠાં મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજતા શ્રી સીમંધર સ્વામીને સર્વે જૈનો નમસ્કાર કરે છે. ત્યારે માર્ગમાં લાખ્ખો ઘર, વૃક્ષો, પર્વતો આદિ અનેક વસ્તુઓ આડી આવે છે તો નમસ્કાર તે વસ્તુને થયો કે શ્રી સીમંધર સ્વામીને ?

જો કહેશો કે—નમસ્કાર કરવાનો ભાવ ભગવાનને હોવાથી ભગવાનને જ નમસ્કાર થયો. બીજી વસ્તુને નહિ. તથા કેવળજ્ઞાનથી ભગવાન પણ તે વંદનાને તેમ જ જાણે છે.

તો પછી—તેવી રીતે મૂર્તિદ્વારા પણ ભગવાનનો ભાવ લાવી વંદન પૂજન કરવામાં આવે તેને શું ભગવાન નથી જાણતા ?

એ રીતે સાધુને વંદન નમસ્કાર કરતાં પણ, તેમના શરીરને વંદન થાય છે કે જીવને ? જો શરીરને નમસ્કાર કરવામાં આવે છે તો, જીવ તો શરીરથી જુદી વસ્તુ છે અને જો જીવને નમસ્કાર કરવામાં આવે છે તો વચમાં કાયાની આડ રહેલી છે. અને કાયાએ જીવથી જુદું પુદ્ગળ દ્રવ્ય છે.

જો કહેશો કે—એ પુદ્ગળ દ્રવ્ય સાધુનું જ ને !

તો પછી—મૂર્તિ પણ દેવાધિદેવ શ્રી વીતરાગ પ્રભુની જ છે એમ કેમ વિચારી શકતા નથી ?

મુનિની કાયાને વંદન કરવાથી જેમ મુનિને વંદન થાય છે તેમ શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિને વંદન કરવાથી સાક્ષાત શ્રી વીતરાગ પ્રભુને જ વંદન થાય છે.

પ્રશ્ન ૭—મૂર્તિમાં શું વીતરાગના ગુણો છે ?

ઉત્તર—એક અપેક્ષાએ છે અને એક અપેક્ષાએ નથી, પૂજક-પુરૂષ મૂર્તિમાં વીતરાગભાવનું આરોપણ કરીને પૂજા કરે છે ત્યારે તે મૂર્તિ વીતરાગ સદૃશ જ બને છે. એ અપેક્ષાએ શ્રી જિનમૂર્તિ શ્રી જિનવર સમાન છે.

દુષ્ટ પરિણામવાળા પુરુષને મૂર્તિના દર્શન આદિથી કાંઈ ફાયદો થતો નથી. ઊલટો અશુભ પરિણામથી કર્મનો બંધ થાય એ અપેક્ષાએ મૂર્તિ વીતરાગ સદૃશ નથી એમ કહેવું હોય તો કહી શકાય. પણ તેથી તેનામાં તારવાની શકિત છે તે ચાલી જતી નથી.

સાકર મીઠી છતાં ગર્દભને ભાવતી નથી, ઊલટું નુકસાન કરે છે. તેથી કાંઈ સાકરનો સ્વાદ નષ્ટ થઈ જતો નથી.

તેમ મૂર્તિ પણ મિથ્યાદષ્ટિ જીવોને ન રુચે તો તેની મોક્ષદાયકતા ચાલી જતી નથી.

પ્રશ્ન ૮—પત્થરની મૂર્તિમાં પ્રભુના ગુણોનું આરોપણ શી રીતે થાય?

ઉત્તર—શણ વગેરે હલકી વસ્તુઓને સ્વચ્છ કરી તેના સફેદ કાગળો બને છે. તે કાગળો ઉપર પ્રભુની વાણીનાં શાસ્ત્રો લખાય છે, ત્યારે તે શાસ્ત્રોને તમામ જાતના લોકો પ્રભુ તુલ્ય પૂજનીય ગણે છે. તેમ, ખાણના પત્થરોમાંથી મૂર્તિ બને છે અને તે મૂર્તિમાં ગુરુઓ સૂરિમંત્રના જાપ વડે પ્રભુના ગુણોનું આરોપણ કરે છે, તે વખતે એ મૂર્તિ પણ પ્રભુતુલ્ય પૂજનીય બને છે.

કોઈ ગૃહસ્થને દીક્ષા આપતી વખતે ગુરુ તેને દીક્ષાનો મંત્ર (કરેમી ભંતે સૂત્ર) સંભળાવે છે કે તુરત લોકો તેને સાધુ માની વંદના કરે છે. જો કે તે વખતે તે નવદીક્ષિત સાધુમાં સાધુના સત્તાવીશ ગુણો પ્રગટી નીકળેલા જ હોય તેવો નિયમ નથી. છતાં તે ગુણોનું તેનામાં આરોપણ કરીને તેને વંદના થાય છે.

તેમ મૂર્તિ પણ ગુણારોપણ બાદ પ્રભુ તુલ્ય વંદનીય બને છે. તેથી લોકો તેને વાંદે પૂજે અને નમસ્કાર આદિ કરે તે તદ્દન વ્યાજબી છે.

પ્રશ્ન ૯—નિરાકાર ભગવાનની ઉપાસના ધ્યાનદ્વારા થઈ શકે છે. તો પછી મૂર્તિ પૂજા માનવાનું શું કારણ?

ઉત્તર—મનુષ્યના મનમાં એવી તાકાત નથી કે તે નિરાકારનું ધ્યાન કરી શકે. ઇંદ્રિયોથી ગ્રહણ થઈ શકે તેટલી જ વસ્તુઓનો વિચાર મન કરી શકે છે. તે સિવાયની વસ્તુઓની કલ્પના પણ મનને આવી શકતી નથી.

જેટલા રંગ જોવામાં આવે, જે જે વસ્તુનો સ્વાદ લેવામાં આવે, જેનો જેનો સ્પર્શ કરવામાં આવે, ગંધ સુંઘવામાં આવે કે શબ્દો શ્રવણ કરવામાં આવે તેટલાનો જ વિચાર મન કરી શકે છે તે સિવાયના રંગ, રૂપ, ગંધ આદિનું ધ્યાન, સ્મરણ કે કલ્પના કરવી તે પણ મનુષ્ય શક્તિની બહારની વાત છે.

કોઈએ પૂરણચંદ નામના મનુષ્યનું નામ સાંભળ્યું છે તેને નજરે જોએલ નથી તેમ તેની છબી પણ જોઈ નથી. તો શું નામ માત્રથી પુરણચંદ નામના માણસનું ધ્યાન થઈ શકવાનું હતું? નહિ. તેમ ભગવાનને પણ સાક્ષાત અથવા તેમની મૂર્તિદ્વારા જેમણે જોયા નથી તેઓ તેમનું ધ્યાન કેવી રીતે કરી શકવાના હતા?

જ્યારે જ્યારે ધ્યાન કરવું હશે ત્યારે ત્યારે કોઈને કોઈ વસ્તુ દષ્ટિ સમીપ રાખવી જ પડશે. ભગવાનને જ્યોતિ સ્વરૂપ માની તેમનું ધ્યાન કરનાર તે જ્યોતિને શુકલ, શ્યામ આદિ કોઈને કોઈ વર્ણવાળી માનીને જ તેનું ધ્યાન કરી શકશે.

સિદ્ધ ભગવંતોમાં એવું કોઈ પણ પૌદ્ગલિક રૂપ છે જ નહિ સિદ્ધોનુ રૂપ અપૌદ્ગલિક છે. તેને સર્વજ્ઞ કેવળજ્ઞાની મહારાજ સિવાય કોઈ જાણી શકતું નથી. શ્રી સિદ્ધચક્ર યંત્રમાં શ્રી સિદ્ધ ભગવંતોની લાલ વર્ણ તરીકે કલ્પના કરવામાં આવી છે તે ફક્ત ધ્યાનની સગવડતા માટે છે, પરંતુ વાસ્તવિક નથી. નિરાકાર સિદ્ધનું ધ્યાન અતિશય જ્ઞાની સિવાય બીજા કોઈ પણ કરવાને સમર્થ નથી.

કોઇ કહેશે કે—અમે મનમાં માનસિક મૂર્તિને કલ્પીને સિદ્ધ ભગવાનનું ધ્યાન કરીશું. પરંતુ પત્થરની જડ મૂર્તિને નહિ માનીએ.

તો તેઓનું આ કથન પણ વગર વિચાર્યું જ છે. કારણ કે તેઓને પૂછવામાં આવે કે—તમારી માનસિક મૂર્તિનો રંગ કેવો છે? લાલ, કાળો કે સફેદ? તો તેઓ શું જવાબ આપશે?

જો કહેશે કે—તેને રૂપ નથી, રંગ નથી કે વર્ણ નથી. માટે તેને કેવી રીતે બતાવી શકીએ?

તો તેઓને કહેવાનું કે—જેના રૂપ, રંગ કે વર્ણ નથી તેનું ધ્યાન કરવાની તમારી તાકાત પણ નથી.

આ રીતે પ્રગટપણે મૂર્તિ માનવાની વાતમાંથી છટકવા માટે માનસિક મૂર્તિ માનવા જતાં અંતે ધ્યાનરહિત દશા આવીને ઉભી રહે છે. જો મૂર્તિ વગર ધ્યાન બનતું જ નથી તો પછી તેને પ્રગટપણે માનવામાં હરકત શું છે?

માનસિક મૂર્તિ અદૃશ્ય અને અસ્થિર છે ત્યારે પ્રગટ મૂર્તિ દૃશ્ય અને સ્થિર છે તેથી ધ્યાનાદિ માટે અત્યંત અનુકૂળ છે.

વળી ભગવાન શ્રી તીર્થંકર દેવના સમવસરણમાં પણ ભગવાન પૂર્વાભિમુખે બેસે છે અને બાકીની ત્રણ બાજુ ભગવાનની ત્રણ મૂર્તિઓનું દેવતાઓ સ્થાપન કરે છે. એમ શ્રી સમવસરણ પ્રકરણ, શ્રી સમવાયાંગ સૂત્ર ટીકા. શ્રી તત્વાર્થ સૂત્ર ટીકા વગેરે પ્રાચીન ગ્રંથો સાક્ષી પૂરે છે.

કેટલાક કહે છે કે—ભગવાનના અતિશયથી ચાર મુખ દેખાય છે પણ ત્રણ તરફ મૂર્તિ છે એમ નહિ.

આ વાત પણ ખોટી છે. કારણ કે કોઈ પણ શાસ્ત્રોમાં એ રીતે કહ્યું નથી. સમવસરણની રચનાથી પણ ચિત્તની એકાગ્રતાને માટે મૂર્તિની આવશ્યકતા સિદ્ધ થાય છે.

ભગવાનની ભવ્ય મૂર્તિના દર્શનથી તેમના ગુણો આવતાં શ્રદ્ધાવાળા મનુષ્યને સાક્ષાત ભગવાન મળ્યા જેટલો આનંદ થાય છે. અને

મૂર્તિને સાક્ષાત ભગવાન સમજી ભાવયુક્ત ભક્તિ થાય છે, તે વખત ભક્તિ કરનારના મનના અધ્યવસાયો કેટલા નિર્મળ થતા હશે તથા તે વખતે તે જીવ કેવા શુભ કર્મને ઉપાર્જતો હશે તેનો સાચો અને પરિપૂર્ણ ખ્યાલ સર્વજ્ઞ સિવાય બીજાને આવી શકવો અશક્ય છે.

જેઓ સ્વકપોલ કલ્પનાથી પરમાત્માનું માનસિક ધ્યાન કરવાનો આડંબર કરે છે તેઓ શા માટે સેંકડો કે હજારો કોશ વાહન વગેરેમાં બેસી, પંચેંદ્રિય સુધીના જીવોનો વિનાશ કરી સ્વગુરુ વગેરેને વંદનાદિ કરવા જતા હશે? શું ગુરુનું માનસિક ધ્યાન ઘેર બેઠાં નથી થઈ શકતું? કે જેથી ગુરુના મૂર્તિમય શરીરને વાંદવા માટે આરંભ (હિંસા) કરીને હજારો કોશ જવાની જરૂર પડે છે?

આ સંસારમાં મનુષ્યો અનેક પ્રકારની ચિંતા, જંજાળ અને ઝગડાઓમાં હંમેશા અટવાયેલા રહે છે. કોઈ ધનની ચિંતામાં, કોઈ પુત્રની ચિંતામાં તો કોઈ એશ આરામમાં અને કોઈ ટંટાબખેડામાં —એમ જગતના જીવો અનેક ઉપાધિઓથી ગ્રસ્ત થઈ રહેલા હોય છે. આલંબન વિના તેઓને શુભ ધ્યાનની પ્રાપ્તિ થવી શું રસ્તામાં પડી છે?

અસ્થિર મન અને ચંચળ ઈંદ્રિયોને કાબૂમાં રાખવી એ બચ્ચાંઓનાં ખેલ નથી. કોઈ વાજાં, સિતાર કે તબુરાના સુરવાળું મધુર ગાયન કાને પડ્યું કે તરત ચંચળ મન તે તરફ ચાલ્યું જાય છે. તેવે સમયે ધ્યાનની વાતો ક્યાંય ઉડી જાય છે. એવી ચંચળવૃત્તિવાળા મનુષ્યોને શ્રી જિનની પૂજામાં લીન થવું એ જ એક પરમ ધ્યાન છે.

અનેક ઉપાધિવાળા ગૃહસ્થપણામાં શ્રી જિનપૂજાનો અનાદર કરવો તે લાભને બદલે કેવળ હાનિ ઉઠાવવા બરાબર છે. દુનિયાદારીની અનેક વિટંબણાઓથી ઘેરાયેલા ગૃહસ્થોને મૂર્તિના આલંબન વગર માનસિક ધ્યાન થવું સર્વથા અસંભવિત છે. શ્રી જિનપૂજાના આદરથી અને મૂર્તિદ્વારા શ્રી જિનેશ્વરદેવના ગુણ ગ્રામ વગેરે કરવાથી ચંચળ મન સ્થિર

થાય છે. અને સ્થિર થયેલા મનમાં સંસારની અસારતા આદિકનું ભાન સહેલાઈથી કરાવી શકાય છે.

સુખદુઃખમાં જ્યાં સુધી સમાનભાવ નથી આવ્યો ત્યાં સુધી મોટા યોગીરાજની જેમ નિરાલંબન ધ્યાનની વાતો કરવી નિરર્થક છે.

જે વખતે તે તે સમભાવવાળી સ્થિતિ આવશે તે વખતે આલંબન પોતાની મેળે છૂટી જશે.

શ્રી જૈન ધર્મના મર્મને જાણનાર પૂર્વાચાર્ય મહર્ષિઓએ દરેક જીવોને પોતપોતાના ગુણસ્થાનક મુજબ ક્રિયા અંગીકાર કરવાનું ફરમાવ્યું છે. વર્તમાનમાં કોઈ પણ જીવ સાતમા ગુણસ્થાન ઉપરાંત ચડી શકતો નથી. સાતમા ગુણસ્થાનકનો કુલ સમય એકત્ર કરતાં તેનો સરવાળો એક અંતર્મુહૂર્તથી અધિક બનતો નથી. તેથી મુખ્ય રીતે ઊંચામાં ઊંચું છઠ્ઠું જ ગુણઠાણું વર્તમાનના જીવોને સમજવાનું છે.

છઠ્ઠું ગુણસ્થાનક પ્રમાદવાળું હોવાથી તે ગુણસ્થાનકે રહેલો જીવ પણ નિરાલંબન ધ્યાન કરવાને અશક્ત છે. આમ છતાં જેઓ છઠા ગુણસ્થાનકની હદે પણ પહોંચ્યા નથી અને અનેક સાંસારિક ખટપટોમાં રચ્યાપચ્યા રહેલા છે. તેઓ નિરાલંબન ધ્યાનની વાતોથી દેખાવ કરે તે કેવળ આડંબર સ્વરૂપ છે.

શ્રાવક ચોથે પાંચમે ગુણસ્થાનકે હોવાથી દ્રવ્યભાવ બન્ને પ્રકારની પૂજા કરવાના અધિકારી છે. (દ્રવ્ય પૂજા નિરવદ્ય જ હોવી જોઈએ—ન. ગિ. શેઠ) ત્યારે તેનાથી ઊંચે એટલે છઠે ગુણ સ્થાનકે હોવાથી મુનિ માત્ર ભાવ પૂજાના અધિકારી છે.

ગુણસ્થાનકની ઊંચી દશાએ પહોંચતાં ક્રિયામાં ફેરફાર થતો જાય છે પગથીઆં છોડી એકદમ કુદકો મારી મેડા ઉપર ચડવાનો અવિચારી પ્રયત્ન કરવાથી મેડો તો ઘણો દૂર રહી જાય છે પણ ઊલટો હેઠો પડવાથી વધારામાં હાથપગને તોડાવો થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે—સંસાર પર રાગ ઘટાડ્યો અને પ્રભુ પર વધાર્યો તો પણ રાગ તો કાયમ રહ્યો ને? જ્યાં સુધી રાગદ્વેષ રહિત ન બનાય ત્યાં સુધી મુક્તિ કેવી રીતે મળે?

આ પ્રશ્ન પણ સમજણ વિનાનો છે. સર્વથા રાગરહિત થવાની શક્તિ ન આવે ત્યાં સુધી પ્રભુ પર રાગ કેળવવાથી સંસારના અશુભ રાગથી અને તેનાથી બંધાતા ખોટા કર્મથી બચી જવાય છે. ઘરમાં બેઠાં અનેક પ્રકારની વૈભાવિક વર્તુણુંક થાય છે, તેટલી જિનમંદિરમાં થઈ શકતી નથી.

પ્રભુની શાંત મૂર્તિના દર્શનથી અને તેમના ગુણગ્રામમાં લીન થવાથી ચિત્તમાં દુષ્ટ ભાવ તથા દુર્વિચારો ટકી શકતા નથી. એટલું જ નહિ પણ તેને દૂર હઠાવવાનું એક પરમ સાધન મળી જાય છે. જ્યાં સુધી પૂર્ણ વિશુદ્ધિ થઈ નથી ત્યાં સુધી જીવને ઊંચે ચઢવાનો આ એક ઉત્કૃષ્ટ માર્ગ છે. જેઓ આ માર્ગને માનતા નથી પણ પોતાને પૂરા વિશુદ્ધ થએલા માની સમભાવને ધારણ કરનારા ગણે છે તેઓને પૂછવાનું કે—

જો તમે ખરેખર જ રાગરહિત છો તો પછી તમે તમારા ગુરુ અગર અન્ય નેતાઓનું બહુમાન કરી તેમના ઉપર રાગ કેમ રાખો છો? તેમના આહાર, વસ્ત્ર અને પાત્ર આદિ વડે ભક્તિ સન્માન આદિ કેમ કરો છો? તે શું રાગરહિતપણાનું ચિન્હ છે?

સમભાવમાં લીન રહેનારને સદા સામાયિક છે (એમ કહો છો) તો પછી ગુરુ પાસે જઈ સામાયિક અને પ્રતિક્રમણ આદિ કરવાનું શું પ્રયોજન છે? પોતાના ધર્મનું મંડન અને અન્યના ધર્મનું ખંડન તથા એ માટે પુસ્તકો છપાવવા કે ભાષણો આપવા એ શું સમભાવનાં કાર્યો છે?

સ્ત્રી પુત્ર આદિ પ્રિય વસ્તુના સંયોગથી હર્ષ અને તેમના વિયોગથી શોક, લક્ષ્મી, માલ, મિલ્કત, મકાન, હાટ વગેરેના લૂંટાવાથી સંતાપ અને તેની પ્રાપ્તિથી હર્ષ, તેમજ કોઈ દુષ્ટ પુરુષો ગાળો તથા કષ્ટ આપે ત્યારે ક્રોધ અને સન્માન આપે ત્યારે આનંદ ઇત્યાદિ પ્રકારે રાગદ્વેષ તો પ્રત્યક્ષ દેખાય છે. ત્યાં વળી 'કારણ' કે 'આલંબન' વિના સમભાવ પેદા કરવાની વાત કરવી એ શું ઢોંગ નથી?

મારૂં ઘર, મારી સ્ત્રી, મારૂં ધન, મારો પુત્ર, મારો નોકર ઇત્યાદિ મારૂં તારૂં કરવાનો સ્વભાવ નિર્મૂળ થયો નથી તેને સમાન દષ્ટિવાળા શી રીતે કહેવાય? જેઓ સંપત્તિ તથા વિપત્તિમાં, શત્રુ કે મિત્રમાં. સુવર્ણ કે પત્થરમાં, સ્ત્રીઓમાં કે તૃણ સમૂહમાં કાંઈ પણ ભિન્ન ભાવ રાખતા નથી તેઓ જ ખરેખર સમભાવશાળી, આત્મજ્ઞાની અને ઉચ્ચ દરજ્જે ચઢેલા છે. હાલના સમાજમાં એવા મહાન આત્માઓ કેટલા છે?

મોટા ભાગની દુનિયા દુનિયાદારીની ખટપટોમાં ફસાયલી છે. તેઓએ પોતે આધ્યાત્મિક હોવાનો ડોળ કરવો અને પોતાને ઉચિત કાર્યનો નિરાદર કરવો યોગ્ય નથી. યોગ્યતા વિના મિથ્યાભિમાન રાખવાથી કાંઈપણ સ્વાર્થસિદ્ધ નઈ શકતો નથી.

ઇન્દ્રિયો તથા મનને અંકુશમાં લાવ્યા સિવાય નિરાલંબન ધ્યાનની વાતો કરનારાઓને શાસ્ત્રકારો કેવી ઉપમા આપે છે તે નીચેના શ્લોકથી સમજાશે.

सम्प्राज्यैर्ज्वलनैर्विना रसवती,पाकं चिकीर्षुः कुधी-
स्त्यक्त्वा पोतमगाधवाधितरणं, दोर्भ्यां विधित्सुश्च सः।

बीजानां वपनैर्विनेच्छति स च, क्षेत्रेषु धान्योदगमं,
योऽक्षाणां विजयैर्विना स्पृहयति, ध्यानं विधातुं शुभम् ॥

અર્થ—જે માણુસ ઇંદ્રિયોને જીત્યાવિના જ શુભ ધ્યાન ધરવાને ઇચ્છે છે તે કુબુદ્ધિ માણુસ દેદીપ્યમાન અગ્નિ વિના રસોઈ પકવવાને

ઇચ્છે છે, વહાણુ છોડીને બે હાથે અગાધ સમુદ્રને તરવાને ઇચ્છે છે તથા બીજ વાવ્યા વિના જ ક્ષેત્રમાં ઉત્પત્તિ કરવાને ઇચ્છે છે.

પ્રશ્ન ૧૦—નિરંજન નિરાકારની મૂર્તિ કેવી રીતે બની શકે ?

ઉત્તર—તમામ મતના દેવ તથા શાસ્ત્રોના રચનાર નિરાકાર નથી થયા પણુ સાકાર જ થયા છે. દેહધારી સિવાય કોઈથી શાસ્ત્રો રચી શકાય જ નહિ. તમામ શાસ્ત્રો અક્ષરસ્વરૂપ છે. અક્ષરનો સમૂહ તાલુ, ઓષ્ઠ, દંત વગેરે સ્થાનોથી ઉત્પન્ન થાય છે. અને તે સ્થાનો દેહધારી જ હોય છે. તેથી તે દરેકની મૂર્તિ અવશ્ય હોઈ શકે છે.

મોક્ષમાં ગયા પછી તેઓ અવશ્ય નિરાકાર હોય છે તો પણુ તેમને ઓળખાવવા માટે પણુ મૂર્તિની આવશ્યકતા રહે છે. જેમ કે—શાસ્ત્રના રચનારા દેહધારીઓના મુખથી નીકળેલો અક્ષરોનો સમૂહ ખાસ કોઈ આકારનો હોતો નથી. છતાં તેનો આકાર કલ્પીને શાસ્ત્રનાં પાનાંઓ ઉપર દાખલ કરવામાં આવ્યો છે અને તો જ તેનો બોધ થાય છે.

તેમ નિરાકાર એવા સિદ્ધ ભગવાનનો આકાર પણુ આ દુનિયામાં તેમનો જે છેલ્લો ભવ થયો તે મુજબ કલ્પી, મૂર્તિમાં ઉતારવામાં આવે છે. તથા નિરાકાર સિદ્ધ ભગવાનનું સ્વરૂપ પણુ સમજી શકાય છે અને સાક્ષાત સિદ્ધની પેઠે તેનું ધ્યાન કરનારનાં સઘળાં ઇચ્છિતો પણુ પૂર્ણ થાય છે.

એવો એક નિયમ છે કે—કોઈ પણુ નિરાકાર વસ્તુને ઓળખાવવી હોય તો તેને સાકાર બનાવીને જ ઓળખાવી શકાય છે. એ માટે પ્રસિદ્ધ દૃષ્ટાંત સર્વ પ્રકારની લિપિઓનું છે.

પોતાના મનનો આશય બીજાને શબ્દો દ્વારા જ સ્પષ્ટપણે સમજાવી શકાય છે, અને એ શબ્દો જે વર્ણના બનેલા છે તે વર્ણને

જુદા જુદા આકાર આપવાથી જ પોતાના અર્થોનું સ્પષ્ટ ભાન કરાવાય છે. માટે નિરાકાર વસ્તુનો સ્પષ્ટ બોધ તેને આકાર આપ્યા સિવાય કરી શકાતો જ નથી.

પ્રશ્ન ૧૧.—શ્રી ઋષભદેવ સ્વામીના બાકીના ત્રેવીશ તીર્થંકરોના જીવ સંસારમાં ભટકતા હતા છતાં તે સમયે તેમને વંદન કરવામાં ધર્મ કેવી રીતે સંભવે?

ઉત્તર—શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં બાકીના ત્રેવીશ તીર્થંકરોને વંદના કરવાનો વિષય **દ્રવ્ય નિક્ષેપાને** આશ્રયી છે. દ્રવ્ય વગર ભાવ, સ્થાપના કે નામ કશું યે ન હોઈ શકે.

શ્રી ઋષભદેવ ભગવાને જે જીવોને મોક્ષ ગામી બતાવ્યા તે સર્વે પૂજવા લાયક છે. જેમ કોઇ ધનાઢય શાહુકારનાં હાથે લખાએલી તેની સહી સીક્કાવાળી અમુક મુદતની હુંડી હોય તો તેની રકમથી મુદત પૂરી થયાં પહેલાં પણ કામ કાઢી શકાય છે. તેવી રીતે મોક્ષગામી ભવ્ય જીવોની શ્રી ઋષભદેવ સ્વામીએ આપેલી ખાત્રી રૂપી હુંડી, તેનો કોણ વિચારવંત પુરુષ અસ્વીકાર કરશે?

ભગવાનની ખાત્રી રૂપ પ્રબળ કારણને લઈને બાકીના ત્રેવીશ તીર્થંકરો તે સમયને આશ્રયીને વંદનીય હતા. વળી એ સંબંધમાં શ્રી આવશ્યક સૂત્રમાં મૂળ પાઠ પણ છે કે—

चत्तारि अट्ठ दस दोय वंदिआ जिणवरा चउव्वीसं

અર્થાત્—ચારે દિશામાં અનુક્રમે ચાર, આઠ, દશ તથા બે એમ ચોવીશ તીર્થંકરોનાં બિંબ શ્રી ભરત મહારાજાએ અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કરેલાં છે.

એ બાબતમાં નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામીએ ખુલાસો કર્યો છે કે—

ભરતરાજાએ શ્રી ઋષભદેવ સ્વામીને આ ચોવીશીમાં થનારા તીર્થંકરોના નામ, લાંછન, વર્ણ શરીરનું પ્રમાણ વગેરે પૂછીને તે પ્રમાણે શ્રી અષ્ટાપદ ગિરિ ઉપર જિનમંદિર બનાવી સર્વ તીર્થંકરોની પ્રતિમા આબેહુબ આકારની સ્થાપન કરી.

આથી સિદ્ધ થાય છે કે ત્રેવીશ તીર્થંકરો થયા પહેલાં પણ તેમની મૂર્તિઓ મંદિરો વગેરે દ્વારા ભક્તિ કરવાનો રિવાજ સનાતન કાળથી ચાલ્યો આવે છે. અને તેને મહાન જ્ઞાની પુરુષોએ પણ સ્વીકારેલો છે.

પ્રશ્ન ૧૨—મૂર્તિ તો એકેન્દ્રિય પાષાણની હોવાથી પહેલા ગુણસ્થાનકે છે તેને ચોથા પાંચમા ગુણસ્થાનકવાળા શ્રાવક તથા છઠા સાતમા ગુણસ્થાનકવાળા સાધુ કેમ વંદન પૂજન કરે ?

ઉત્તર—પહેલાં તો મૂર્તિને એકેન્દ્રિય કહેનાર પુરુષ જૈન શાસ્ત્રોથી અજ્ઞાત છે. ખાણમાંથી ખોદી કાઢેલ પત્થર શસ્ત્રાદિ લાગવાથી સચિત્ત રહેતો નથી એમ શાસ્ત્રકારો ફરમાવે છે. અચિત્ત વસ્તુમાં ગુણસ્થાનક ન હોય.

હવે જો ગુણસ્થાનક રહિત વસ્તુને માનવાનો સર્વથા નિષેધ કરશો તો પણ મહાદોષના ભાગી થવાશે કારણ કે સિદ્ધ ભગવાન સર્વથા ગુણસ્થાનક રહિત છે. છતાં તેઓશ્રી અરિહંત દેવ પછી સર્વથી પ્રથમ નંબરે પૂજવા લાયક છે, ગુણ ઠાણા સંસારી જીવોને હોય છે, સિદ્ધના જીવોને નહિ.

બીજી વાત એ છે કે—જેમ પત્થરની મૂર્તિને ગુણસ્થાનક નથી તેમ કાગળ આદિથી બનેલાં પુસ્તકોને પણ કયું ગુણસ્થાનક છે ? છતાં પ્રત્યેક મતના અનુયાયીઓ પોતપોતાના ગ્રંથોનું બહુમાન કરે છે; ઊંચે આસને મૂકે છે તથા મસ્તકે ચડાવે છે. તેની સર્વ પ્રકારની આશાતનાઓ વર્જે છે. થૂંકના છાંટા કે પગની ઠોકર તેને લાગી જાય

તો તેને પણ મહાદોષરૂપ ગણે છે. જગતમાં કોઈ પણ મત એવો નહિ નીકળે કે જે પોતાના ઇષ્ટદેવની વાણીરૂપ શાસ્ત્રને મસ્તકે ચઢાવી તેનો બહુમાન પૂર્વક આદરસત્કાર કરતો ન હોય!

શ્રી જૈન મતના શ્રી ભગવતી સૂત્રમાં પણ नमो बंभीए लिवीए કહી શ્રી ગણધર ભગવંતોએ અક્ષરરૂપ બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે. તો તેમાં કયું ગુણસ્થાનક હતું?

મૃતક સાધુનું શરીર પણ અચેત હોવાથી ગુણસ્થાનક રહિત છે છતાં લોકો બીજાં કામ પડતાં મૂકી તેનાં દર્શન કરવાં કેમ દોડી જાય છે? તથા તે મૃત શરીરને પણ ધામધુમથી ચંદનના લાકડાથી કેમ બાળવામાં આવે છે? એ કાર્યને ગુરુ ભક્તિનુ કાર્ય ગણી શકાય કે કેમ? જો ગણી શકાય તો પ્રતિમાને વંદન પૂજન આદિ જિન ભક્તિનું કાર્ય કેમ ન ગણી શકાય?

પ્રશ્ન ૧૩—મૂર્તિ તો પાષાણમય છે. તેને પૂજવાથી શું ફળ મળે? મૂર્તિને કરેલી સ્તુતિ મૂર્તિ થોડી જ સાંભળવાની હતી?

ઉત્તર—લોકોને ઉન્માર્ગે દોરી જવાને માટે આ જાતિના કૂટ પ્રશ્નો મૂર્તિપૂજાના વિરોધી વર્ગ તરફથી ઉભા કરવામાં આવે છે. પરંતુ તેની પાછળ ભારોભાર અજ્ઞાન અને કુટિલતા છૂપાયેલી છે.

મૂર્તિપૂજક લોક જો પત્થરને જ પૂજતા હોત તો સ્તુતિ પણ તેઓ પત્થરની જ કરતા હોત કે—હે પાષાણ! હે અમૂલ્ય પત્થર! તું બહુ કિંમતી તથા ઉપયોગી છે. તારી શોભા પાર વિનાની છે. તું અમુક સ્થળની ખાણમાંથી નીકળ્યો છે. તને ખાણમાંથી કાઢનાર કારીગર બહુ હોંશિયાર છે. અમે તારી સ્તુતિ કરીએ છીએ.

પણ આ રીતે પત્થરના ગુણ ગ્રામ કરતું કોઇ દેખાતું નથી અને સર્વ લોક પત્થરની મૂર્તિમાં આરોપિત શ્રી વીતરાગદેવની સ્તુતિ કરતું

જ નજરે પડે છે કે--હે નિરંજન! નિરાકાર! નિર્મોહી! નિષ્કાંક્ષી! અજર! અમર! અકલંક! સિદ્ધ સ્વરૂપી! સર્વજ્ઞ! વીતરાગ! ઇત્યાદિ ગુણો વડે એ ગુણવાળા પરમાત્માની જ સૌ કોઈ સ્તુતિ કરે છે.

શું પત્થરમાં આ ગુણો રહેલા છે કે જેથી પત્થરની ઉપાસના કરવાનો ખોટો દોષ ચડાવી લોકોને આડે માર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવે છે?

જ્યારે પૂજક પુરુષ મૂર્તિમાં પૂજ્યપણાના ગુણોનું આરોપણ કરે છે ત્યારે તેને મૂર્તિ એ સાક્ષાત વીતરાગ જ હોય એમ પ્રતિભાસિત થાય છે. અને જે જેવા ભાવથી મૂર્તિને જુએ છે. તેને તે તેવા ફળની આપનારી થાય છે.

સાક્ષાત ભગવાન પણ તરણતારણ હોવા છતાં તેમની આશાતના કરનાર બૂરા ફળને ચાખે છે. તેમ મૂર્તિ પણ તારક હોવા છતાં તેની આશાતના કરનારને સંસારમાં ડૂબાવનારી પણ થાય છે.

પ્રશ્ન ૧૪—**શ્રી** પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં પાંચ સંવર દ્વારમાં ચૈત્ય લખ્યાં નહિ અને આસ્રવદ્વારમાં ચૈત્ય લખ્યાં. શું કારણ?

ઉત્તર—આ ઠેકાણે પણ **ચૈત્યનો દેવમંદિર એવો અર્થ તમામ જૈનો** કરે છે. એ ભૂલવું જોઈએ નહિ.

શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં સંવરદ્વારમાં ચૈત્ય એટલે જિનમંદિરની સાધુ વૈયાવચ્ચ કરે તેથી નિર્જરા થાય એમ સાફ કહ્યું છે. ત્યાં ચૈત્યનો અર્થ ઊલટો કરવો અને અહીં આસ્રવદ્વારમાં તેજ શબ્દનો અર્થ 'મંદિર' કરવો એ ન્યાય કોના ઘરનો?

ચૈત્યનો અર્થ મંદિર છે એ સ્વીકાર્યા બાદ તેને જે આસ્રવ દ્વારમાં ગણાવેલ છે તેનું કારણ તે ચૈત્યો મ્લેચ્છ આદિનાં સમજવાનાં છે. તે સંબંધી ત્યાં સ્પષ્ટ લખ્યું છે કે—

कयरे जे ते सो परिया मच्छवं घासाउणिया जाव कूरकम्मकारी इमेव बहवे मिलेच्छाजाति किं ते सव्वेजवणा.

ભાવાર્થ—કોનાં ચૈત્ય? તો કે—કસાઈ, વાઘરી, માછલાં પકડનાર ધીવર, પક્ષીમાર, યાવત મહાક્રૂર કર્મ કરનારા, ઇત્યાદિક ઘણા મ્લેચ્છ જાતિ, તે સર્વ યવન લોક તથા પ્રતિમા માટે જીવોને હણે તે સર્વ આસ્રવદ્વાર છે.

એમાં અથવા બીજા કોઈ પણ સૂત્રમાં શ્રાવક ચૈત્ય કરાવે તો આસ્રવદ્વાર કહેવાય એમ કહ્યું નથી. સૂત્રકાર મહાપુરુષ તો મ્લેચ્છ તથા સર્વ યવન જાતિ વિષે કહે છે. તો શું શ્રાવકની કરણી મ્લેચ્છોની બરાબર છે?

મ્લેચ્છોનાં ચૈત્ય આસ્રવમાં લખ્યાં તથા સંવરદ્વારમાં સાધુને ચૈત્યની વૈયાવચ્ચ કરવી લખી. અર્થાત્ સાધુ ઉપદેશ દઈ ચૈત્યની આશાતના ટળાવે, દેવદ્રવ્ય ખાતા હોય તેને ઉપદેશ દઈ તેમાંથી છોડાવે. ઇત્યાદિ વૈયાવચ્ચ કરવાથી નિર્જરા થાય એમ કહ્યું. એથી સ્પષ્ટ થાય છે કે શ્રી જિન ચૈત્યની ભક્તિને આસ્રવ દ્વારમાં ગણી જ નથી.

પ્રશ્ન ૧૫—ચૈત્ય શબ્દનો અર્થ કેટલાક 'સાધુ' કે 'જ્ઞાન' કરે છે તે શું ઉચિત છે?

ઉત્તર—ચૈત્યનો અર્થ સાધુ કે જ્ઞાન કોઈ રીતે થઈ શકે નહિ. તેમજ શાસ્ત્રના સંબંધમાં તે અર્થ બંધબેસતો પણ નથી.

સાધુને ઠેકાણે તમામ સૂત્રોમાં साहु वा साहुणी वा અથવા भिक्खु वा भिक्खुणी वा એમ કહેલ છે. પણ चैत्यं वा चैत्यानि वा એવું તો ક્યાંય કહેલ નથી.

ભગવાન શ્રી મહાવીર સ્વામીના ચૌદ હજાર સાધુ હતા એમ કહ્યું છે. પણ "ચૌદ હજાર ચૈત્ય' એમ કહ્યું નથી. એ રીતે વળી બીજા સર્વ તીર્થંકરો, ગણધરો, આચાર્યો વગેરેના આટલા હજાર સાધુ હતા એમ કહ્યું છે પણ "ચૈત્ય હતા" એવા શબ્દો કોઈ સ્થળે કહ્યા નથી.

તથા ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરે તો પછી સાધ્વીને વાસ્તે નારી જાતિમાં કયો શબ્દ તેમાંથી નીકળી શકશે? કારણ કે ચૈત્ય શબ્દ સ્ત્રીલિંગમાં બોલાતો નથી.

શ્રી ભગવતીસૂત્રમાં (૧) અરિહંત, (૨) સાધુ અને ચૈત્ય એમ ત્રણ શરણાં કહ્યાં છે.

ત્યાં જો ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરે તો તેમાં 'સાધુ' શબ્દ જુદો કેમ કહ્યો? તથા જ્ઞાન અર્થ કરે તો અરિહંત શબ્દથી જ્ઞાનનો સંગ્રહ થઈ ગયો. કેમકે જ્ઞાન અરૂપી છે તે જ્ઞાની સિવાય હોય નહિ. માટે ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાનો અર્થ જ થવાનો. અરિહંત એવો અર્થ પણ સંભવે નહિ કારણ કે અરિહંત પણ પ્રથમ સાક્ષાત શબ્દમાં જ ઠરે છે.

ચૈત્ય શબ્દનો જ્ઞાન એવો અર્થ કરવો એ પણ તદ્દન અસત્ય છે. કારણ કે **નંદીસૂત્ર** આદિમાં જ્યાં જ્યાં પાંચ પ્રકારના જ્ઞાનના અધિકાર આવે છે ત્યાં ત્યાં नाणं पंचविहं पण्णत्तं એમ કહ્યું છે પણ चेइयं पंचविहं पण्णत्तं એમ તો કયાંય લખ્યું નથી.

વળી તેના નામોમાં—મતિજ્ઞાન વગેરે નામોમાં પણ नाण જ્ઞાન શબ્દ વાપરેલ છે પણ કયાંય 'મતિચૈત્ય' એમ કહી ચૈત્ય શબ્દ વાપર્યો નથી.

તે જ્ઞાન ધણીને મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, કેવળજ્ઞાની ઈત્યાદિ શબ્દથી ઓળખાવ્યા છે પણ "મતિ ચૈત્યી" વગેરે એવો પ્રયોગ કયાંય પણ કર્યો નથી.

શ્રી ભગવતી સૂત્રમાં જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓના અધિકારે चेइयाइं શબ્દ છે. તથા બીજે ઘણે ઠેકાણે તે શબ્દ વપરાયેલ છે. તેનો અર્થ જ્ઞાન કરશો તો જ્ઞાન તો એકવચને છે. અને चेइयाइं બહુવચને છે. માટે તે અર્થ ખોટો છે.

વળી શ્રી નંદીશ્વરદ્વીપમાં અરૂપી જ્ઞાનનું ધ્યાન કરવા જવાની શી જરૂર? પોતાને સ્થળે તે ધ્યાન થઈ શકે છે. માટે ત્યાં પ્રતિમાઓની જ મતલબ છે.

હવે ચૈત્યનો અર્થ સાધુ કે જ્ઞાન કરનારાઓ પણ ઘણે સ્થળે પ્રતિમા અર્થ કરે છે. તેનાં થોડાંક દૃષ્ટાંત—

(૧) શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં આસ્રવ દ્વારે ચૈત્ય શબ્દનો અર્થ મૂર્તિ કર્યો છે.

(૨) શ્રી ઉવવાઈ સૂત્રમાં पुण्णभद्द चेइय होत्था છે ત્યાં ચૈત્યનો અર્થ મંદિર અને મૂર્તિ કરે છે.

(૩) શ્રી ઉવવાઈ સૂત્રમાં बहवे अरिहंत चेइयाइं છે ત્યાં પણ મંદિર અને મૂર્તિ એવો અર્થ કરે છે.

(૪) વ્યવહાર સૂત્રની ચૂલિકામાં દ્રવ્યલિંગીઓ "ચૈત્ય સ્થાપના" કરવા લાગી જશે એમ કહ્યું છે ત્યાં "મૂર્તિની સ્થાપના" કરવા લાગી જશે એવો અર્થ કર્યો છે.

(૫) શ્રી જ્ઞાતાસૂત્ર, ઉપાસક દશાંગસૂત્ર તથા વિપાકસૂત્રમાં पुण्णभद्द चेइए છે ત્યાં પૂર્ણભદ્રની મૂર્તિ કે મંદિરનો અર્થ કરે છે.

(૬) શ્રી અંતગડ દશાંગ સૂત્રમાં પણ જ્યાં યક્ષનાં ચૈત્ય કહ્યાં છે ત્યાં તેનો ભાવાર્થ મંદિર કે મૂર્તિ બતાવે છે.

પ્રશ્ન ૧૬—શ્રી જિનપ્રતિમાથી જિનબિંબ નહિ લેતાં શ્રી વીતરાગદેવના નમૂના તુલ્ય સાધુને ગ્રહણ કરે છે તે વ્યાજબી છે?

ઉત્તર—તેમની તે માન્યતા મનઃકલ્પિત અને જૂઠી છે. સૂત્રોમાં સ્થળે સ્થળે શ્રી જિનપ્રતિમા શ્રી જિનવર તુલ્ય કહેલી છે.

શ્રી જીવાભિગમ આદિ સૂત્રોમાં જ્યાં જ્યાં શાશ્વતી પ્રતિમાનો અધિકાર છે ત્યાં ત્યાં '**સિદ્ધાયતન**' એટલે 'સિદ્ધ ભગવાનોનું મંદિર'

એમ કહ્યું છે પણ 'મૂર્તિ આયતન' કે 'પ્રતિમા આયતન' કહ્યું નથી. તેથી પણ શ્રી સિદ્ધ સમાન છે એમ સાબિત થાય છે.

વળી શ્રી રાયપસેણી, દશાશ્રુત સ્કંધ, ઉવવાઈ સૂત્ર આદિ ઘણા સૂત્રોમાં ભાવ તીર્થંકરોને વંદના કરવા જતી વખત શ્રાવકોના અધિકારે કહ્યું છે કે—देवयं चेइयं पज्जुवासामि એટલે દેવસ્વરૂપ ચૈત્યસ્વરૂપ (પ્રતિમા સ્વરૂપ)ની પર્યુપાસના કરૂં છું. ઇત્યાદિ અનેક સ્થળોએ ભાવ તીર્થંકર તથા સ્થાપના તીર્થંકરની એક સરખી પર્યુપાસના કરવાનો પાઠ છે. તેથી બંનેમાં કાંઈ ફરક નથી.

ભાવ કે સ્થાપના એમાંથી ગમે તેની ભક્તિ અને પૂજા જેવા જેવા ભાવથી કરવામાં આપે છે તે તે પ્રમાણે એક સરખું ફળ મળે છે.

શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીના પૂજનના અધિકારે જિન મંદિરને 'જિનગૃહ' કહ્યું છે પણ 'મૂર્તિગૃહ' કહ્યું નથી. તેથી પણ જિનમૂર્તિને જ જિનની ઉપમા ઘટે છે, નહિ કે સાધુને.

સાધુ વસ્ત્ર, પાત્ર, રજોહરણ અને મુહપત્તિ આદિ ઉપકરણોએ સહિત છે ત્યારે ભગવાનને તેમાંનું કશું નથી. ભગવાન અતિશયોએ સહિત હોય છે. સાધુને એમાંનું કશું હોતું નથી. તો પછી સાધુ એવા વીતરાગની બરાબરી કેવી રીતે કરી શકે?

પર્યંકાસને રહેલી સૌમ્ય દૃષ્ટિવાળી વીતરાગ અવસ્થાની પ્રતિમા તે શ્રી અરિહંત ભગવાન તુલ્ય છે. વીતરાગનો નમૂનો વીતરાગની મૂર્તિને કહેવાય પણ સાધુને કહેવાય નહિ. સાધુના નમૂનાને જ સાધુ કહેવાય.

શ્રી અંતગડ દશા સૂત્રમાં કહ્યું છે કે—હરિણગમેષી દેવની પ્રતિમાને આરાધવાથી તે દેવ આરાધ્ય થયો. તેમ શ્રી વીતરાગની મૂર્તિને આરાધવાથી શ્રી વીતરાગદેવ આરાધ્ય થાય છે,

પ્રશ્ન ૧૭—જિનપ્રતિમાને જોવાથી કે પૂજવાથી કોઇને જ્ઞાન ઉત્પન્ન થયાનું સાંભળ્યું છે?

ઉત્તર—શ્રી રાજપ્રશ્નીય વગેરે સૂત્રોમાં મૂર્તિપૂજા કલ્યાણકારી મંગળકારી કહી છે. અને એ માટેના દૃષ્ટાંતો નીચે મુજબ છે—

૧. અનાર્ય દેશનો રહેનાર **શ્રી આર્દ્રકુમાર** જિનપ્રતિમાના દર્શનથી જાતિ સ્મરણજ્ઞાન પામી વૈરાગ્ય દશામાં લીન થયો. તેનું વર્ણન શ્રી સૂત્રકૃતાંગના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનની ટીકામાં છે.

કેટલાક કહે છે કે—આર્દ્રકુમાર મુહપત્તિ દેખી પ્રતિબોધ પામ્યા છે. આ વાત ગપ છે. કારણકે સૂત્રમાં તો પ્રથમ जिन पडिमा એમ સ્પષ્ઠ પાઠ છે. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિમા જોઈને પ્રતિબોધ પામેલ છે.

૨. શ્રી મહાવીર સ્વામીના ચોથા પટ્ટધર તથા શ્રી દશવૈકાલિક સૂત્રના કર્તા **શ્રી શય્યંભવ સૂરિ** શ્રી શાંતિનાથજીની પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામ્યાનું શ્રી કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં કહ્યું છે.

૩. **શ્રી દ્વીપસાગર પન્નતિ** તથા શ્રી હરિભદ્રસૂરિકૃત આવશ્યકની મોટી ટીકામાં લખેલ છે કે—

શ્રી જિનપ્રતિમાના આકારની માછલીઓ સમુદ્રમાં હોય છે. તેમને જોઈ અનેક ભવ્ય જીવ માછલીઓને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને બાર વ્રત ધારણ કરી સમ્યકત્વ સહિત આઠમે દેવલોકે જાય છે.

આ પ્રમાણે તિર્યંચ જાતિને પણ જિન પ્રતિમાના આકાર માત્રના દર્શનથીય અવશ્ય લાભ મળે છે, તો મનુષ્યને મળે તેમાં શી શંકા?

૪. શ્રી જ્ઞાતાસૂત્રમાં તીર્થંકર ગોત્ર બાંધવાના વીશ સ્થાનક કહ્યાં છે. તે મુજબ રાવણ રાજાએ પ્રથમ અરિહંત પદની આરાધના અષ્ટાપદ પર્વત પર રહેલ તીર્થંકર દેવની તેમની મૂર્તિ દ્વારા કરી તીર્થંકર ગોત્ર બાંધ્યું એમ રામાયણમાં કહ્યું છે.

૫. તે જ ગ્રંથમાં લખ્યું છે કે—રાવણે શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ સામે બહુરૂપિણી વિદ્યા સાધી અને તે સિદ્ધ થઈ ગઈ.

પ્રશ્ન ૧૮—કોઇ વિધવા પોતાના મરણ પામેલા પતિની મૂર્તિ બનાવી પૂજા સેવા કરે તો શું તેથી તેને કામની શાંતિ કે પુત્રની ઉત્પત્તિ થાય? ન થાય. તો પછી પરમાત્માની શાંત મૂર્તિથી પણ શું ફાયદો થવાનો

ઉત્તર—આ એક કુતર્ક છે. તેનો ઉત્તર તેવી જ રીતે આપવો જોઈએ.

પતિના મરણ બાદ તેની સ્ત્રી એક આસન પર બેસી હાથમાં જપ માળા લઈ પતિના નામનો જપ કરે તો શું તે સ્ત્રીની ઇચ્છા પૂરી થશે અથવા તેને સંતાનની પ્રાપ્તિ થશે? નહિ જ.

તો પછી પ્રભુના નામની જપ માળા ગણવી પણ તમારા હિસાબે નિરર્થક સિદ્ધ થશે. પ્રભુના નામથી કાંઇ પણ લાભ ન થાય એમ કોઈ પણ કહી શકે તેમ નથી.

ઊલટું, તે જ વિધવા સ્ત્રીને પતિનુ નામ સાંભળવાથી જે આનંદ અને સ્મરણ આદિ થશે તેના કરતાં બમણો આનંદ અને સ્મરણ આદિ તેની મૂર્તિ કે ચિત્ર જોવાથી થશે, તેથી નામ કરતાં મૂર્તિમાં વિશેષ ગુણ રહેલો જ છે.

જે પુરુષે અમુક માણસને પ્રત્યક્ષ જોયો નથી, માત્ર નામ જ સાંભળ્યું છે તે પુરુષની પાસે થઈને પણ કોઇ વખત તે માણસ નીકળશે તો પણ ઓળખી નહિ જ શકે. પરંતુ જેણે તે માણસની છબી જોઇ હશે તે તો તુરત જ ઓળખી લેશે કે—"આ અમુક માણસ છે." આથી પણ સિદ્ધ થાય છે કે પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ ઓળખવા માટે નામ જેટલું ઉપયોગી છે તેના કરતાં મૂર્તિ અથવા આકાર વિશેષ ઉપયોગી છે.

પ્રશ્ન ૧૯—ભગવાનની મૂર્તિ એ જ ભગવાન હોય તો તેમના અલંકાર પાપી લોકો કેમ ચોરી જાય છે? તેમની હજારોની રકમો લોકો હજમ કેમ કરી જાય છે? તથા તેમની મૂર્તિ તે દુષ્ટ લોકો ખંડિત કેમ કરી નાંખે છે? વળી ભગવાન સર્વજ્ઞ છે તો તેમની મૂર્તિને જમીનમાંથી ખોદીને કેમ કાઢવી પડે? શાસન દેવો એ કાર્ય કેમ કરતા નથી?

ઉત્તર—શ્રી વીતરાગના ગુણોનું આરોપણ કરીને ભકિત માટે જડ વસ્તુની બનાવેલી મૂર્તિ જમીનમાંથી એની મેળે કેમ ન નીકળે કે તેમના અલંકારો આદિને ચોરી જતાં પાપી લોકોને શાસન દેવતા કેમ ન અટકાવે? એ પ્રશ્ન જ ઉદ્ધતાઇ ભર્યો છે.

જડ સ્થાપનામાં એ સામર્થ્ય કયાંથી આવે અને શાસનદેવ હરેક પ્રસંગે આવીને ઊભા રહે એવો નિયમ કયાં છે?

ભગવાન શ્રી મહાવીરદેવ વિદ્યમાન હતા તે વખતે તેમની સેવામાં લાખો દેવો હાજર રહેતા હતા છતાં મંખલીપુત્ર ગોશાલાએ તેજો લેશ્યા વડે ભગવાનની સમક્ષ તે બે શિષ્યોને બાળી નાખ્યા અને ભગવાનને તેથી લોહીખંડ ઝાડાનો વ્યાધિ થયો તે વખતે શાસનદેવોએ કાંઈ કર્યું નહિ તેથી શું તેઓની ભકિતમાં ફરક પડી ગયો?

કેટલાક ભાવો એવા હોય છે કે જેને દેવતાઓ પણ ફેરવી શકતા નથી. જે કાળે જે બનવાનું હોય તે કોઈ કાળે પણ મિથ્યા થતું નથી. ખુદ તીર્થંકર મહારાજા પાસે અનેક સ્ત્રી પુરુષોએ દીક્ષા ગ્રહણ કરીને વિરોધી થયા છે, અનેક પ્રકારના પાખંડ મત સ્થાપન કર્યા છે અને ભગવાનની નિંદા કરી છે. તો શું સર્વજ્ઞ ભગવાન નહોતા જાણતા કે—આ પાખંડીઓ ચારિત્ર વિરાધશે અને મિથ્યાત્વ પ્રરૂપશે? જાણતા જ હતા છતાં કેમ દીક્ષા આપી? એજ માટે કે તેવા ભાવિભાવ આદિને પણ એ તારકો જાણતા હતા.

વળી હાલમાં શ્રી વીતરાગનો ધર્મ અતિ અલ્પ પ્રમાણમાં રહી ગયો છે. તેમાં પણ અનેક પ્રકારની જુદી જુદી શાખાઓ પડી છે. અને ધર્મ ચાળણીની માફક ચળાઈ રહ્યો છે. ઉત્સૂત્ર ભાષણો કરવામાં મિથ્યાત્વ અને દુરાગ્રહને આધીન થયેલા આત્માઓ કાંઈ બાકી રાખતા નથી. તો પછી આવા નિંદકો અને પ્રત્યનિકને રોકીને શાસનદેવ સત્ય માર્ગ કેમ ઉપદેશતા નથી ?

લોકોને શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીની પાસે લઇ જઈને તેમનાં દર્શન કરાવી શુદ્ધ ધર્મનો પ્રતિબોધ કેમ કરાવતા નથી ?

માટે દેવતાઓને હાથે પણ જે જે ચમત્કારો થવા નિર્મિત થયા હોય તેટલા જ થાય છે, વધારે નહિ. એમ માનવું જ જોઇએ.

વળી હાલમાં પણ ઘણી મૂર્તિઓ જેવી કે—શ્રી ભોયણીજીમાં શ્રી મલ્લીનાથ ભગવાન અને પાનસરમાં શ્રી મહાવીર સ્વામી ભગવાન આદિ માટે શાસનદેવો સ્વપ્ન આપી અનેક પ્રકારના ચમત્કાર પણ દેખાડે છે. અસંખ્યાતા વર્ષોની મૂર્તિઓની રક્ષા પણ કરે છે. એ સિવાય કેટલાક ઉપસર્ગ આદિનું નિવારણ પણ કરે છે અને કેટલાકનું નથી પણ કરતા. કારણ કે હરેક વખતે શાસનદેવો સહાય કરે જ એવો નિયમ નથી.

તો પછી હાલના વખતમાં કેટલાક હરામખોરો જિનમંદિરમાં ચોરી વગેરે દુષ્ટ કાર્ય કરતા હોય તો તેનું ફળ તેઓ અવશ્ય ભોગવશે. તેથી શાસન દેવતાઓને કલંક લાગી જતું નથી. અથવા તેથી સ્થાપના અરિહંતનો મહિમા ઘટી જતો નથી.

સ્થાપના અરિહંતનો મહિમા તો જ ઘટે કે સ્થાપના અરિહંતની ભક્તિ કરનાર આત્માઓને, એ ભક્તિથી વીતરાગ પરમાત્માના ગુણો આદિનું સ્મરણ ન થતું હોય કે વીતરાગ ભાવ, દેશવિરતિ કે સર્વવરતિના પરિણામ, સંયમ અને તપને વિષે વીર્યોલ્લાસ, ભવભ્રમણનું નિવારણ કે

મોક્ષ સુખની નિકટતા આદિ ન થતું હોય. તે વગેરે ફાયદાઓનો કોઇથી પણ ઇન્કાર થઈ શકે તેમ નથી.

પ્રશ્ન ૨૦—આનંદ આદિ શ્રાવકોએ જિન મંદિર કરાવ્યાનો પાઠ કયા સૂત્રમાં છે?

ઉત્તર—આનંદ આદિ શ્રાવકોનાં મૂર્તિ વંદનનો પાઠ શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં છે. તે સૂત્રની હકીકત વિષે શ્રી નંદી સૂત્રમાં તથા સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે કે—

उवासकदसासु णं उवासगाणं नगराणि उज्जनति चेइयाइ वणखंडाइं राया अम्मापियरो समोसरणाइं धम्णायरिया धम्माकहाइं परलोगाइं इद्ढिविशेसो.

ભાવાર્થ—શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં શ્રાવકોનાં નગર, ઉદ્યાન, ચૈત્ય (જિનમંદિર), વનખંડ, રાજા, માતા, પિતા, સમોસરણ આદિક ધર્માચાર્ય, ધર્મકથા, પરલોક આદિ તથા ઋદ્ધિ વિશેષ વર્ણવેલ છે.

એ રીતે કરેલા શ્રાવકોના જિન મંદિરોમાં આનંદ આદિ શ્રાવકોનાં દેહરાં પણ આવી ગયાં. શ્રાવકોને વાસ્તે જિન મંદિર બનાવવાની આજ્ઞા ન હોત તો તેનું વર્ણન અત્રે શા માટે આવત?

પ્રશ્ન ૨૧—દેવો તો પોતાનો જીત આચાર સમજી પૂજા કરે તેમાં પુણ્ય કેમ હોય?

ઉત્તર—પહેલાં જીત આચાર કોને કહેવાય તે સમજવું જોઈએ.

જીત એટલે અવશ્ય કરવા યોગ્ય એટલે અવશ્ય કરવા યોગ્ય કાર્યને જીત આચાર કહેવાય.

જેમકે—શ્રાવકનો જીત વ્યવહાર રાત્રી ભોજનનો ત્યાગ, અભક્ષ્ય-અનંત કાયનો ત્યાગ, સામાયિક આદિ ક્રિયાનું કરવું એ વગેરે છે તેથી પુણ્ય બંધાય કે નહિ? જો કહેશો કે "જરૂર બંધાય"

તો પછી દેવતાએ જીત આચાર તરીદે કરેલી મૂર્તિપૂજા પણ ધર્મપક્ષમાં તથા પુણ્યબંધનું કારણ જ ગણાશે. ભગવાને પણ તેમ જ ફરમાવ્યું છે.

છતાં જો જીત આચારથી પુણ્ય કે પાપ કાંઈ ન થવાનું કહેશો તો શાસ્ત્રમાં "જીવ સમય સમયમાં સાત કે આઠ કર્મ બાંધે" એમ કહ્યું છે તે કેમ મળતું આવશે?

કદાચ કહેશો કે—પાપ બંધ થાય. તો તે કહેવુ તદ્દન જુઠું છે. કારણકે ભગવાને તો એ કરણીનું મોક્ષ ફળ બતાવ્યું છે. વળી પૂજા વખતે દેવો ઉત્કૃષ્ટ શુભ ભાવમાં વર્તે તો તેવા શુભ ભાવનું ફળ ઊલટું અશુભ મળે એ શુ ઘટિત છે? કદી નહિ. ભક્તિ કરતાં મનુષ્યને તો પુણ્ય થાય અને દેવતાઓને કર્મબંધન થાય એ કેવળ મનના યથેચ્છ પ્રલાપ સિવાય બીજું કંઈ નથી.

પ્રશ્ન ૨૨—દેવો તો આખી જિંદગીમાં એક જ વાર મૂર્તિપૂજા કરે છે પછી નહિ. તથા સમ્યગ્દ્દષ્ટિ, મિથ્યાદ્દષ્ટિ બન્ને વર્ગના દેવો તેમ કરતા હોવાથી તે જીત આચાર જ કહેવાય. તેને શુભ કરણી કેમ કહેવાય?

ઉત્તર—શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવે જ્યારે પૂછ્યું કે—"મારે પહેલાં તથા પછી હિતકારી અને કરવા યોગ્ય શું છે?" ત્યારે તેના સામાનિક દેવોએ કહ્યું કે—

> તમારે **પહેલાં અને પછી** શ્રી જિનેશ્વર ભગવાનની અર્ચા, વંદના, પર્યુપાસના હિતકારી અને કરવા યોગ્ય છે.

આ ઉપરથી સમ્યગ્દ્દષ્ટિ સૂર્યાભ આદિ દેવોએ શ્રી જિનપ્રતિમાની અર્ચાવંદના **નિત્યકરણી તથા હિતકારી સમજી નિરંતર કરી છે એમ સમજવું જોઈએ.**

કોઇ પણ મિથ્યાદૃષ્ટિ દેવે શ્રી જિનપૂજા કરી હોય એવો ક્યાંય પણ સૂત્રમાં દાખલો નથી. તેથી એ કરણી સમસ્ત દેવોની નહિ પણ ફક્ત સમ્યગ્ દૃષ્ટિ દેવોની જ છે.

શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં પણ કહ્યું છે કે—

> अन्नेसि बहुणं वेमाणियाणं देवाण य देवीण अच्चणिज्जाओ
> **અર્થ—બીજા પણ ઘણા દેવો તથા દેવીઓને પૂજવા લાયક છે.**

ઇત્યાદિ પાઠથી સ્પષ્ટ જણાય છે કે ફક્ત સમ્યગ્ દૃષ્ટિ દેવો જ પૂજે છે. જો તમામ દેવોની એ કરણી હોય તો सव्वेसिं वेमाणियाणं देवाण य એમ સર્વે દેવોને ઉદ્દેશીને પાઠ હોવો જોઈએ.

દેવોનો વિવેક

દેવો બે જાતના હોય છે.—(૧) સમ્યગ્દૃષ્ટિ અને (૨) મિથ્યાત્વી.

મિથ્યાત્વી દેવો તીર્થંકર, સાધુ, શ્રાવકને ઉપદ્રવ કરે છે ત્યારે સમ્યગ્દૃષ્ટિ દેવો ભક્તિપૂર્વક તે ઉપદ્રવોનું નિવારણ કરે છે. સમ્યગ્દૃષ્ટિ દેવોએ ઘણા જણાને ધર્મમાં પ્રવર્તાવ્યા છે.

શ્રી ભગવતી સૂત્રમાં દેવોને ચારિત્રની અપેક્ષા એ नो धम्मिआ કહ્યા છે તેમ बाल પણ કહ્યા છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણે મોક્ષના માર્ગમાંથી દેવતાને સમ્યગ્ જ્ઞાન, તથા દર્શન હોય છે પણ ચારિત્રની પ્રાપ્તિ નહિ હોવાથી **नो संयति** પણ કહ્યા છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં સમ્યકત્વને સંવર ધર્મરૂપ કહેલ છે. અને શ્રી જિનપ્રતિમાનું વંદન પૂજન એ સમ્યકત્વની કરણી છે તેથી એ

હિસાબે સમ્યગ્દષ્ટિ દેવોને ચારિત્રની અપેક્ષાએ नो धम्मिआ, बाल કે नो संयति કહેલા છે. પણ સમ્યગ્દર્શન કે જ્ઞાનની અપેક્ષાએ નહિ. नो संयति આદિ પદોનો અર્થ अधर्मी કે असंयति આદિ કરવાનો નથી પણ ઇષત્ધર્મી, ઇષત્સંયમી આદિ કરવાનો છે.

શ્રી ભગવતી સૂત્રના પાંચમા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે—

દેવતાને અસંયતિ ન કહેવાય અને કોઈ એમ બોલે તો મહાનિષ્ઠુર વચન બોલ્યું ગણાય. દેવતાને સંયતિ કહીએ તો અભ્યાખ્યાન લાગે અને દેવોને સંયતાસંયતિ કહીએ તો અસદ્ભૂત વચન કહેવાય, માટે દેવતાઓને नो संयति કહેવા.

શ્રી આચારાંગ સૂત્ર, દશાશ્રુત સ્કંધ સૂત્ર, જ્ઞાતા સૂત્રમાં કહ્યું છે કે—લોકાંતિક દેવતાઓ અનંતાકાળથી સ્વયંબુદ્ધ એવા શ્રી તીર્થંકર દેવોને દીક્ષાના કાળનું સ્મરણ કરાવવા પ્રતિબોધે છે કે— "હે ભગવન ! જગતને હિતકર તીર્થ પ્રવર્તાવો !"

શ્રી દશવૈકાલિક સૂત્રમાં દેવતાઓને મનુષ્ય કરતાં મહાવિવેકી અને બુદ્ધિમાન કહ્યા છે—

> धम्मो मंगल मुक्किठ्ठं, अहिंसा संजमो तवो ।
> देवावि तं नमं संति, जस्स धम्मेंसया मणो ॥

અર્થ—જેમનું મન ધર્મના વિષયમાં સદા પ્રવર્તમાન છે તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે (તો મનુષ્ય કરે તેમાં નવાઈ શી ?)

વળી **શ્રી ઠાણાંગ સૂત્ર**માં દેવતાઓ કેવી શુદ્ધ ભાવના ભાવી પોતાના આત્માને નિંદે છે તથા પોતાના પૂર્વ જન્મના ગુરુનું કેટલું બધું સન્માન કરે છે તે નીચેના પાઠથી સમજાશે—

(મૂળ પાઠ લાંબો હોઈ છોડી દીધો છે પણ તેનો અર્થ નીચે આપ્યો છે—ન. ગિ. શેઠ)

અર્થ—દેવ લોકમાં નવો ઉત્પન્ન થયેલો દેવતા દિવ્ય કામ ભોગમાં મૂચ્છિત થતો નથી. કામ ભોગોને અનિત્ય જાણી અતિ ગૃદ્ધ, અતિ આસકત થતો નથી. તે મનમાં વિચારે છે કે—મારા મનુષ્ય ભવના ધર્મોપદેષ્ટા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગચ્છના સ્વામી કે જેમના પ્રભાવથી આ પ્રત્યક્ષ દેવતાની ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય દેવપ્રભાવ હું સમ્યગ્ભાવે પામ્યો છું. માટે હું જાઉં, તે ઉપકારી ભગવંતને હું વાંદું, નમસ્કાર કરૂં, સત્કાર કરૂં, સન્માન કરૂં. કલ્યાણકારી દેવચૈત્ય-જિનપ્રતિમાની સેવા કરીએ તેમ સેવા કરૂં. ઇત્યાદિ.

ભાવાર્થ—(વળી દેવો એવો વિચાર કરે છે કે—) મનુષ્ય ભવમાં મોટા મોટા જ્ઞાની મહાત્માઓ છે અને તપસ્વીઓ છે, અતિ ઉત્કૃષ્ટ કરણીના કરનાર છે, સિદ્ધગુફા, સર્પબિલે કાઉસ્સગ્ગ કરનારા છે. દુષ્કર બ્રહ્મચર્યને પાળનાર છે. માટે હું જાઉં, એવા ભગવાનને વાંદું, નમસ્કાર કરૂં. યાવત્ સેવા ભકિત કરું.

ફરી પણ તેઓ ખેદ કરે છે કે—

અહો હો! દશ દષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પામી પૂર્વભવમાં ગુરુ મહારાજના યોગે તપ સંયમ ગ્રહણ કરી પ્રમાદ છોડ્યો નહિ, તપ સંયમ રૂડી રીતે પાળ્યા નહિ, આળસથી ગુરુ તથા સાધર્મીની વૈયાવચ્ચ પૂર્ણ રીતે કરી નહિ, સિદ્ધાંત પૂરું ભણ્યો નહિ, ચારિત્રની મર્યાદા લાંબા વખત સુધી ઉત્તમ રીતે પાળી નહિ, હવે એવો સંજોગ ફરી હું કયાં પામીશ અને કયારે હું હૃદયમાં શુભ ધ્યાનને ધ્યાવીશ, મોક્ષપદને હું કયારે પ્રાપ્ત કરીશ? જેથી ગર્ભાવાસમાં ફરીથી આવવાનુ છૂટી જાય.

ઇત્યાદિ ઠાણાંગ સૂત્રમાં કહ્યા મુજબ દેવો ઘણે પ્રકારે શુભ ભાવનામાં લીન થાય છે અને જિનરાજની આજ્ઞાનું પાલન કરે છે.

સમ્યગ્દષ્ટિ દેવતાઓએ સાધુ તથા શ્રાવકને ઉપદેશ આપી જૈન

ધર્મમાં સ્થિર કરી. દુર્ગતિમાં પડતા કેવી રીતે અટકાવ્યા છે તે નીચેની સૂત્રોમાંની વિગતો ઉપરથી સમજાશે.

શ્રી નિરયાવલી સૂત્રોમાં કહ્યું છે કે—મહા મિથ્યાત્વી સોમીલ તાપસ રાત્રિએ ધ્યાન લગાવી, નેતર જેવા કોમળ કાષ્ઠની મુખ મુદ્રા બનાવી, મુખમાં ઘાલી, બને છેડા કાને ચડાવી, ઉત્તર દિશામાં મુખ રાખી બેઠો છે.

ત્યાં એક દેવે આવી કહ્યું કે—હે સોમીલ! આ તારી પ્રવ્રજ્યા (દીક્ષા) દુઃપ્રવ્રજયા છે. માટે શ્રી જિનેશ્વર ભગવાને કહેલી સુપ્રવ્રજ્યા અંગીકાર કર.

પણ સોમીલે તે ઉપર કાંઈ લક્ષ ન આપ્યું. દેવ એમ પાંચ દિવસ સુધી કહેતો રહ્યો કે—સોમીલ! આ તારી દીક્ષા જૂઠી છે. આ તારૂં કષ્ટ અજ્ઞાન કષ્ટ છે. માટે વારંવાર વિચાર કર.

આવાં હિતનાં વચનો વારંવાર સાંભળી સોમીલે શુદ્ધ જૈન ધર્મને માન્ય કરી, મિથ્યાત્વનું દુષ્કૃત્ય આલોવી, શુદ્ધ તપ જપ અને સયમનું આરાધન કર્યું. અંતે તે મહાશુક્ર દેવ વિમાનમાં ઉત્પન્ન થયો. તથા આગામી ભવે મોક્ષે જશે.

તે દેવે ભગવાન મહાવીર પરમાત્મા સન્મુખ નાટક પણ કર્યું હતું.

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં ગોશાલક મતનાં ઉપાશક સદ્દાલ-પુત્રને દેવતાએ શ્રી મહાવીર સ્વામી પાસે જવાનો ઉપદેશ કરી ધર્મમાં દૃઢ કર્યો.

શ્રી જ્ઞાતા સૂત્રમાં ફરમાવ્યું છે કે—મહામોહાંધ તેતલીપુત્ર મંત્રીને પોટિલ નામના દેવે ઘણા ઉપાય કરી ધર્મ બોધ આપ્યો. તેથી તેણે જૈન દીક્ષાનો સ્વીકાર કર્યો તથા તે જ વેળા તે કેવળ જ્ઞાનને પામ્યો.

એથી ઊલટું, **મિથ્યાત્વી દેવની વાત જુઓ.** શ્રી ઉપાસક દશાંગસૂત્રમાં—ગોશાળાના ભક્ત મિથ્યાત્વી દેવે કુંડકોલિક શ્રાવકને જૈન ધર્મથી ભ્રષ્ટ કરવા ઘણા ઉપાય કર્યા. કુંડકોલિકે તે દેવને ઘણી યુક્તિથી શુદ્ધ ધર્મનો બોધ કર્યો છતાં તેણે પોતાની હઠ ન છોડી.

શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં કહ્યું છે કે સૂર્યાભદેવે તેના આભિયોગિક દેવોની સાથે ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે આવી વંદના કરીને પછી સમવસરણ રચી ભક્તિ કરવાની ઇચ્છા જાહેર કરે છે. ત્યારે શ્રી વીર પ્રભુએ શ્રીમુખે ફરમાવ્યું છે કે—

ચિર કાળથી દેવતાઓએ આ કામ કર્યું છે. હે દેવાનુપ્રિય! તમારો એ આચાર છે, તમારું એ કર્તવ્ય છે, તમારી એ કરણી છે. તમારે એ આદરવા યોગ્ય છે. મેં તથા બીજા તમામ તીર્થંકરોએ અનુજ્ઞા આપેલી છે.

આ પ્રમાણે સાક્ષાત ભગવાને જ વખાણ કરેલ છે.

ભગવાનનાં પાંચે કલ્યાણકો વખતે દેવો ભારે મહોત્સવ કરે છે. એમ **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં** કહ્યું છે.

શ્રી જિનેશ્વરદેવનાં અસ્થિઓને કેવા ઉત્તમ ભાવથી અનેક અસુરકુમાર દેવદેવીઓ તથા ચમર અસુરેંદ્ર વગેરે પૂજે છે તેનું વર્ણન તથા ફળ શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી શ્રી મહાવીર પરમાત્માએ **શ્રી ભગવતી આદિ સૂત્રોમાં** ફરમાવ્યું છે.

શ્રી જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પણ દાઢાના અધિકારે કહ્યું છે કે—કેટલાક દેવો જિન ભક્તિ જાણી તથા કેટલાક ધર્મ જાણી પ્રભુની દાઢા અસ્થિઓને લીએ છે.

શ્રી આવશ્યક સૂત્રમાં देवाणं आसायणाए એ પાઠ કહી દેવતાની આશાતનાનો मिच्छामी दुक्कडं દેવામાં આવે છે.

શ્રી ઠાણાંગ સૂત્રના પાંચમા ઉદ્દેશે કહ્યું છે કે—સમ્યગ્દષ્ટિ દેવોની આશાતના કે નિંદા કરવાથી જીવ ચીકણાં કર્મ બાંધે છે અને દુર્લભબોધિ થાય છે એટલે તેને જૈન ધર્મની પ્રાપ્તિ જન્માંતરમાં દોહિલી થાય છે.

પાંચ સ્થાનકે જીવ દુર્લભબોધિપણાનું કર્મ બાંધે અને જૈનધર્મની પ્રાપ્તિ દોહિલી કરે છે તે આ પ્રમાણે—

(૧) અરિહંત ભગવાનના અવર્ણવાદ-નિંદા કરવાથી.

(૨) અરિહંત ભગવાને પ્રરૂપેલ ધર્મના અવર્ણવાદ બોલવાથી.

(૨) આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી.

(૪) ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલવાથી.

(૫) પાછલા ભવમાં પરિપૂર્ણ તપ તથા બ્રહ્મચર્ય શુદ્ધપણે પાળવાથી દેવપણું પામ્યા એવા સમ્યગ્દષ્ટિ દેવોની નિંદા અવર્ણવાદ બોલવાથી.

આ પાંચ કારણથી જીવ દુર્લભબોધિપણાને ઉપાર્જન કરે. તેથી શ્રદ્ધાપૂર્વક જૈનધર્મની ફરીવાર પ્રાપ્તિ થવી મુશ્કેલ થઈ જાય.

અને તેમના ગુણગ્રામ કરવાથી જીવ **સુલભ બોધિ** થાય એટલે જિનભાષિત ધર્મને સુખે કરી પામવાવાળો થાય.

પ્રશ્ન ૨૭—અસંખ્યાત વર્ષોની પ્રતિમાઓ હોવાનું કહો છો પણ પુદ્ગળની સ્થિતિ તેટલા વર્ષની ન હોવાથી શી રીતે રહી શકે?

ઉત્તર—શ્રીભગવતી સૂત્રમાં પુદ્ગળની સ્થિતિ બતાવી છે તે દેવસહાય વિનાની સ્વાભાવિક સ્થિતિ વર્ણવેલી છે. પણ જેની દેવ રક્ષા કરે તે તો અસંખ્યાત વર્ષ રહી શકે છે.

શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં લખ્યું છે કે—

"ભરત ચક્રવર્તી દિગ્વિજય કરી ઋષભકૂટ પહાડ પર આવી, આગળ થઈ ગયેલા અનેક ચક્રવર્તીઓનાં નામ લખેલાં જોઈ, એક ચક્રવર્તીનું નામ ભુંસાડી નાખી પોતાનું નામ લખે."

હવે વિચાર કરો કે—ભરત ચક્રવર્તી પહેલાં અઢાર ક્રોડાક્રોડી સાગરોપમનો ભરતક્ષેત્રમાં ધર્મનો વિરહ રહેલો છે. તો તેટલા અસંખ્યાના કાળ સુધી મનુષ્ય લિખિત નામ રહ્યાં કે નહિ? રહ્યાં જ રહ્યાં. તો પછી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિથી મૂર્તિઓ દેવતાની મદદથી રહે તેમાં શી નવાઈ?

ઋષભકૂટ આદિ પહાડ શાશ્વતા છે. પણ નામ તો કૃત્રિમ છે. જો નામ પણ શાશ્વતાં હોય તો તે ભૂંસી શકાય નહિ.

વળી કોઈ કહે કે—પૃથ્વી કાય તો ૨૨૦૦૦ બાવીશ હજાર વર્ષથી વધારે ન રહે તો શું દેવતા આયુષ્ય વધારવાને સમર્થ છે!

તેના જવાબમાં કહેવાનું કે—મૂર્તિ પૃથ્વીકાય જીવ નથી પણ અજીવ વસ્તુ છે, તેને અનુપમ દેવશક્તિથી અગણિત વર્ષો પર્યંત પણ રાખી શકાય છે. કારણ કે જૈન શાસ્ત્રાનુસારે કોઈ પણ પુદ્ગળ દ્રવ્યનો સર્વથા નાશ અનંતા કાળે પણ ન થાય. અર્થાત્ દ્રવ્યની અપેક્ષાએ તમામ પુદ્ગળ શાશ્વતા છે! પર્યાયની અપેક્ષાએ અશાશ્વતા છે!

જેમકે પર્વતમાં એક પત્થરનો ટુકડો લીઓ તો તે ટુકડાના

પર્યાય બદલાશે પણ બિલકુલ નાશ તો કોઈ કાળે નહિ નહિ જ થાય. તે રીતે તમામ પુદ્‌ગળનું સમજવું.

વળી **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ**માં અવસર્પિણી કાળના પહેલા આરાનું વર્ણન કરતાં કહ્યું છે કે—

> "ગાઢ વનો, વૃક્ષો, ફળ, ફૂલોથી સુશોભિત, સારસ હંસ વગેરે જાનવરોથી ભરેલી, એવી વાવડીઓ તથા પુષ્કરિણી અને દીર્ઘિકાઓથી શ્રી જંબૂદ્વીપની શોભા થઈ રહી છે."

વિચાર કરો કે—પહેલા આરામાં આ વાવડીઓ વગેરે ક્યાંથી આવી ? આ ભરતક્ષેત્રમાં નવ ક્રોડાક્રોડી સાગરોપમથી તો યુગલીઆ રહેતા હતા. તેઓ તો બનાવે નહિ. જો તે શાશ્વતી નથી તો પછી કોણે બનાવી ? જેમ એ વાવડીઓ એટલાં અસંખ્યાતા વર્ષની કાયમ રહી તો પછી દેવતાઓની મદદથી મૂર્તિઓ પણ કાયમ કેમ ન રહે ?

પ્રકરણ સત્તાવીસમું

પૂજા

લેખક : મુનિશ્રી જયવિજયજી મહારાજ

*

પૂજાનો અર્થ

पूज्यते इति पूजा જેનાથી પવિત્ર થવાય તેને પૂજા કહે છે.

સામાયિક, પ્રતિક્રમણાદિક શુભ ક્રિયાઓથી વૃત્તિઓ સ્થિર ન થતી હોય, તેને જ્ઞાનીઓ પૂજાની પ્રવૃત્તિ તરફ દોરે છે. સામાન્ય કોઈ પદાર્થ ઉપર ત્રાટક કરી યોગની સ્થિરતાપૂર્વક ધ્યાન કરવાથી વૃત્તિઓ સ્થિર થાય છે, પણ ભાવના જાગ્રત થતી નથી, તેથી ઇષ્ટદેવની પ્રતિમાનો આકાર દૃષ્ટિ સન્મુખ રાખી ધ્યાન કરવા માટે પ્રભુપૂજા એ સાધન છે,

પ્રભુ પ્રતિમા પાસે નમસ્કાર તથા સ્તવના અને પ્રભુની પૂજા કરી આસનસ્થિરતા, દૃષ્ટિસ્થિરતા તથા માનસિક સ્થિરતા કરી પ્રભુના આત્મિક ગુણોને અંતરમાં પ્રગટ કરવાથી હૃદય પવિત્ર થાય તેને પૂજા કહે છે.

સ્થિરતા વિનાનું પૂજન અંતર પવિત્ર કરનાર થઇ શકતું નથી. મંદિરોમાં જઈ ધમાધમ કરતાં પ્રતિમાને પાંચ પચીશ તિલક કરવાનું નામ પૂજા નથી પણ પ્રવૃત્તિ છે.

હાલની દર્શન પૂજનની ક્રિયા

ગોંસાઇજીના મંદિરોમાં દર્શન વખતે સ્ત્રી-પુરુષોની ગિરદી તથા પરસ્પર સંઘર્ષણ જોઇ જૈનો હસે છે, તેને અનુચિત માને છે તેજ જૈનો મધ્યસ્થપણે ઘડીભર વિચાર કરે તો શત્રુંજય (પાલીતાણાના પહાડ)ના મુખ્ય મંદિરમાં પૂજા વખતે પચીશ પચાશ માણસો એક જ પ્રતિમા પાસે દોડાદોડ કરવાથી એક બીજાના શરીર ઘસાય, સ્ત્રી-પુરૂષની એક બીજામાં અથડામણ થાય, વખતસર પ્રભુના ઉપર પણ પડી જાય તે વખતે તથા દેરાસરોમાં દર્શન વખતે હજારોની ભીડ થાય છે.

પૂજનક્રિયા એ માનસિક સ્થિરતા તથા પવિત્રતા માટે હતી તેને મોજશોખ તથા શૃંગાર વૃદ્ધિના કારણોથી ઇંદ્રિય પોષણમાં પૂજનક્રિયાનો સમાવેશ થઇ ગયો છે. દેરાસરો તથા પ્રભુ પ્રતિમાઓ માત્ર ભક્તિ અને આત્મિક બળ ઉત્પન્ન કરવા માટે હતાં, તે આરંભ, સમારંભ તથા ઉપાધિ માટે થઇ પડયાં છે.

ઉઘાડા કમાડના મંદિરો

આજે તો દેરાસરો તે મોટી વખારો તથા બેંકોના જેવાં થઇ પડયાં છે. લાખો રૂપીઆ દેરાસરોમાં એકઠા કરી તેનો વેપાર ચલાવે છે. મીલના કારખાના ચાલે ત્યાં દેવદ્રવ્યથી પાપ લાગી જતું નથી, પણ તે પૈસાથી યુનીવર્સિટી સ્થાપવા, કોલેજ, હાઇસ્કૂલ કે હોસ્પીટલ ઉત્પન્ન કરવા વા હુન્નરશાળામાં ખરચવા કોશીષ થાય તો અરરરર ! ગજબ થાય ! દેવદ્રવ્યના પૈસાથી આવાં કાર્ય કરવામાં પાપ નડે, એવો ભય રાખનારા પાપમાં જ પોતાની જીંદગીનો વ્યય કરે છે.

રાજ્ય ચલાવનાર રાજા, પ્રજા ઉપર રેવન્યુટેક્ષ, ઇન્કમટેક્ષ વિગેરે

કરો નાખી લાખો રૂપીઆ એકઠા કરી પોતાના તથા કુટુંબના મોજશોખમાં ઉડાવે છે, તેમ હાલ કંચન કામિનીના મોહમાં લપટાયેલા ગોંસાઈજી વિગેરે ધર્મગુરુઓ કદાચ દેવના નામે લાખો રૂપીઆ મેળવી તેની ઉપર તાગડધિન્ના કરે તે તો ઠીક છે કે તે સંસારી છે. એટલે પોતાનો બચાવ કરી શકે.

પરંતુ કંચન-કામિનીના સંગથી પણ પાપ માનનાર જૈનસાધુઓ વીતરાગ દેવના નામે લાખો રૂપીઆ એકઠા કરવામાં, એક આંગી ભાંગી નાખીને બીજી ઘડાવવામાં, કુંડલ, મુગટ, હાર વિગેરે દાગીના ઘડાવવામાં જૈન પ્રજા નિર્ધન બનતી જાય છે. છતાં ગામોગામ ભીખ માગી એક બીજાની દેખાદેખીએ ખાસ પૈસા ઉઘરાવી દેરાસરો ચણાવવામાં, દારૂ, માંસ ખાનાર કારીગરોને રંગીન કામમાં લાખો રૂપીઆ આપવામાં, હજારો દીવાબત્તી ઉઘાડી સળગતી રાખી મુંબઈની દીવાળીનો ચિતાર કરવામાં, કોમળ ફુલોને કાતરી, સીવીને નિર્દયતા કરવામાં, ગ્યાસતેલ તથા વિજળીના દીવા બાળવામાં, ચરબીવાળી મીણબત્તીઓ સળગાવવામાં. વેશ્યાના તથા તરગાળાના છોકરાઓને પૈસા આપી ભાડુતી ભક્તિ કરાવી નાચ કરાવવામાં, કુવા ખોદાવવામાં, તથા બાગબગીચા કરાવવામાં ઉપદેશ આપે અથવા ધર્મ બતાવે એ ખરેખર દીલગીરીની વાત છે.

રાવણ રાજાએ પોતાની ભક્તિથી તીર્થંકરગોત્ર બાંધ્યું હતું; પણ ભાડૂતી ભક્તિથી તીર્થંકર પદ બાંધ્યું નથી. જ્યારે મુંબઈ જેવા શહેરમાં જૈનોની જ્યાં ઘણી વસ્તી છે તથા અમદાવાદ વિગેરે ઘણા શહેરોમાં નાટક કરનારા વિષય ભરપૂર તરગાળાના છોકરાઓને નચાવી,

જ્યાં કેવળ શૃંગાર અને વિષયની જ વૃદ્ધિ થતી હોય, ત્યાં ભક્તિ માનનારા અધમ આત્માઓ તીર્થંકરગોત્ર તો બાંધતાં બાંધશે; પણ પક્ષી ગોત્ર બાંધી વા તેનાથી પણ અધમ ગતિ ઉપાર્જન કરી સંસાર–ચક્રમાં ભમતા રહેશે.

દેરાસરના લાખો રૂા. સમેતશિખર વિગેરે તીર્થોના ઝગડા ઉઠાવી દારૂ માંસના ભક્ષક પરદેશીઓને આપવા, વકીલ, બેરીસ્ટરોના ખીસ્સા ભરવા, ટ્રેન, ઘોડાગાડીઓની મુસાફરી કરવા, કડીઆ, કારીગર કે સોનીને આપવા, બાગ–બગીચા કરાવવા, અમલદારોમાં ઉડાવવા, ભીસો વિગેરે હિંસાજનક કારખાના ચલાવવા, સ્થળે સ્થળે પત્થરા ખડકાવવા, દીવાબત્તીની રોશની સળગાવવા તથા ટ્રસ્ટી કે શેઠીઆઓના વેપાર ચલાવવામાં ખરચાય **ત્યાં પાપ ન લાગે, પણ સામાજિક ઉન્નતિના કાર્યોમાં, જનસમાજના શ્રેયમાં, વિદ્યા, વેપાર તથા હુન્નરના કાર્યો ખીલવવામાં, ચૈતન્ય પ્રજાના પોષણમાં ખરચવાથી પાપ લાગે.**

ખરી વાત છે કે કુડ, કપટ, છળ, પ્રપંચ અસત્ય, અનીતિના અધમ અનુયાયીઓના ધર્માદાના ફંડો પાપને જ માર્ગે પ્રલય થાય. તેવા પાપમય પૈસાનો સદુપયોગ થાય જ કયાંથી? જે મંદિરો આત્મસિદ્ધિ માટે હતાં. તે મંદિરો માલમિલકત વધવાથી કલેશ, કજીયા, બહારની ખોટી શોભા તથા શૃંગારને માટે થઈ ગયાં છે. આવી અધમ પ્રવૃત્તિઓ ૧૪–૧૫ માં સૈકામાં ભ્રષ્ટ ગુરુઓનું બળ વધારે હોવાથી તે વખતે ચાલતી હતી, **તેથી જ સ્થાનકવાસી (જૈન આર્ય સમાજી અથવા મૂર્તિ પૂજક નહિ) સમાજને અલગ થવાનો વખત આવ્યો.** મૂર્તિ માટે બંનેની ભૂલ થઈ છે, તે સ્પષ્ટતાથી સમજવા માટે એક દૃષ્ટાંત આપી આ વિષયને સમાપ્ત કરીશ.

સ્થાનકવાસી દેરાવાસીની ભૂલ સમજાવતું દૃષ્ટાંત

હીરાલાલ અને **મોતીલાલ** નામે બે શેઠ હતા. તેઓ સરળ અને ભદ્રિક હૃદયના હતા. એક વખતે મોતીલાલે હીરાલાલ પાસેથી ૧૦૦૦ રૂા. ઉધારે લીધા. લેનારે કે દેનારે ચોપડાને પાને રૂા. એક હજાર લખ્યા પણ અંકે લખ્યા નહિ. તેમજ ખત, પત્ર કે સહી વિગેરે કાંઇ પણ કર્યું નહિ; કારણ કે બંનેના હૃદય નિષ્પાપી અને સરલ હતા.

થોડા વખત પછી બંને શેઠ મરણ પામ્યા એટલે પાછળથી હીરાલાલના પુત્ર **મોહનલાલે** પોતાનાં ચોપડામાં **મોતીલાલ**ના નામે રૂા. એક હજાર જોઇ, એક હજારની સંખ્યા ઉપર એક મીંડું વધારે ચડાવી. રૂા. દશ હજાર મોતીલાલના પુત્ર માણેકલાલ પાસે માગ્યા.

માણેકલાલે તેને કહ્યું કે—' ચોપડા તપાસી રકમ નીકળશે તો અવસ્ય આપીશ. '

તપાસ કરતાં પોતાના ચોપડામાં રૂા. એક હજારની રકમ જોઇ માણેકલાલ વિચારમાં પડયો કે—" આમાં સાચું શું ? મોહનના ચોપ-ડામાં રૂા. ૧૦ હજારની રકમ લેણી નીકળે છે અને મારા ચોપડામાં રૂા. એક હજારની રકમ દેણી નીકળે છે. આમાં ભૂલ કોની ? મારા કે તેના બાપની ભૂલ ? કે હીરાલાલે જાણી જોઈને એક મીંડું વધાર્યું હશે ? કે ભૂલ થઇ હશે ? મારા પિતા એક મીંડું લખતાં ભૂલી ગયા હશે ? કે જાણી જોઇ ઓછું લખ્યું હશે ? અથવા અમારા બંનેના પિતા મરણ પામ્યા પછી હીરાલાલના પુત્ર મોહને એક મીંડું વધાર્યું હશે ? બાપ બંનેના મરણ પામ્યા છે. હવે મસાણે પૂછીને ખુલાસો મળે તેમ છે નહિ, ત્યારે સાચું કોણ ?

કોણ સાચું છે તેનો નિર્ણય થવો મુશ્કેલ છે. માટે એક હજાર રૂા. ની હા કહીશ, તો કદાચ દશ હજાર પણ આપવા પડશે. માટે સમૂળગી ના જ કહું. કેમકે ખતપત્ર કે સહી જેવું કાંઈ છે નહિ. તેથી ફરિયાદ ચાલે તેમ નથી. માટે સાવ ના કહેવાગાં જ સાર છે."

દૃષ્ટાંતનો ઉપનય

તેમ મૂર્તિની સ્થિતિ પણ તેવી થઇ પડી છે. સાતમા સૈકામાં ચૈત્યવાસી (ભ્રષ્ટ ગુરુઓ)ની શરૂઆત થઇ, દશામામાં વધારે વૃદ્ધિ થઈ અને તેરમાંથી પંદરમાં સુધીમાં તો હદ ઉપરાંત પોપ ગુરુઓનું રાજ્ય વધવાથી જનસમાજને પોતાના પક્ષમાં રાખવા તથા દેરાસર અને ધર્માદાના નામે લાખો રૂપીઆ મેળવી પોતાના મોજશોખમાં ઉડાડવા તથા અગ્રેસર શેઠીઆઓના વેપાર ચલાવવા માટે આવા રસ્તાઓ કહાડી વરઘોડા, પૂજા તથા સ્વપ્ના વિગેરેના ચડાવામાં, પ્રતિષ્ઠા વખતે પ્રભુ બેસાડવા, ધ્વજા, દંડ વિગેરેના ચડાવા, ઉંપધાન તથા માળ પહેરવાના ચડાવા, એવા અનેક ધંધાઓ વધારી. પૈસા એકત્રિત કરવાના અનેક પ્રપંચો ઉત્પન્ન કરી જે **પ્રતિમા ધ્યાન તથા સ્થિરતા માટે હતી, તે મૂળ લક્ષ્ય ભૂલી જઈ શાસ્ત્રથી વિરુદ્ધ પ્રવૃત્તિ વધારવાથી મૂર્તિ પૂજકોએ હજારના દશહજાર કરવાનું કર્યું. ત્યારે સ્થાનકવાસી (હાલના આર્યસમાજી) વિગેરે લોકોએ જોયું કે—'આ તો જુલમ થાય છે, ધર્મ તથા દેવના નામે લોકો માયામાં લપેટાઇ, ધન કમાવા માટે અનેક પ્રપંચો ઉભા કરી જનસમાજને ઉન્માર્ગે દોરવે છે. જો મૂર્તિને માનીશું તો તે નિમિત્તથી થતી શાસ્ત્રવિરુદ્ધ એવી કેટલીક પ્રવૃત્તિઓ માનવી પડશે. માટે હાલ તો આવા માર્ગભ્રષ્ટ ધર્મગુરુઓ તથા શાસ્ત્રવિરુદ્ધ થતી કેટલીક પ્રવૃત્તિઓથી સમાજને બચાવવા માટે મૂર્તિ માનવાની જરૂર નથી.' એમ જાણી**

હજારની ના-મંજુરી કરી. અર્થાત્ 'મૂર્તિ જ શાસ્ત્રમાં નથી.' એવી ભાવના જનસમાજમાં ફેલાવી.

"દુનિયા તો ઝુકતી હય. ઝુકાનેવાલા ચાહિએ" જનસમાજ જેમ દોરો તેમ દોરવાય છે. આ ગોટાળાની રકમને ૫૦૦ વરસ થયા હજી તેનું સમાધાન થયું નથી.

મૂર્તિપૂજક દેરાવાસી તથા સ્થાનકવાસી બંને મહાવીરના સૂત્રોથી જ એકબીજાનું ખંડનમંડન કરી, મહાવીરના નામની મૂર્તિને માટે જ કલેશ કજીયા કરી, એક જ ધર્મને માનનારા છતાં વૈર-વિરોધ વધારી મહાવીરના માર્ગથી લાખો અને કરોડો ગાઉ દૂર પડી ગયા છે.

જૈનદેવ-નિર્ગ્રંથ (ધન ધાન્યાદિ બાહ્ય તથા રાગ-દ્વેષાદિ આભ્યંતર ગ્રંથિ-એ બંને ગ્રંથિ એટલે દોષ-બંધનરહિત) છે. તેના નિમિત્તથી આત્માને શાંતિ થવી જોઈએ. પણ કલેશ, કજીયા કે સોનારૂપાના વધારા કરી ભૂખે મરતી ભારતની આર્યપ્રજાની ભૂખમાં વધારો કરવાનું હોય જ નહિ.

પૂજામાં એકાગ્રતા

પૂજા એ આત્માની ભાવના છે. આભ્યંતર અવલોકન પૂર્વક બાહ્ય સાધનોથી પૂજા કરતાં આંતરિક નિર્મળતા, જાગ્રતી તથા સ્થિરતા પ્રાપ્ત થાય, તેને જ પૂજા કહી શકાય છે.

સ્ત્રી, ધન તથા છોકરાં સાચવવા પોતે તૈયાર રહે છે અને જેને ઇષ્ટદેવ માને છે, તે પ્રભુની પ્રતિમા સાચવવા પાંચ દશ રૂપીઆનો પગારદાર નોકર (પૂજારી)ને રાખી, તેને પ્રભુ ભળાવી દીએ. પોતે કદાચ નવરો થાય તો બે ચાર તિલક કરતો ભાગે. ત્યાં પ્રભુ પૂજા ક્યાં રહી?

પ્રભુપૂજન વખતે પરમાત્મ ભાવના જાગૃત થવાથી મન, વચન, કાયાની સ્થિરતા થવાથી, પ્રભુગુણનું સ્તવન કરતાં અપૂર્વ ભક્તિ-ઉલ્લાસ ઉદ્ભવવાથી તેને પોતાના શરીરનું કે જગતનું ભાન જ ન રહે. પ્રભુમય એક તાન જાગવાથી તેની પાસે સર્પ કે સિંહ આવીને ઊભો રહે, કે તેના શરીર ઉપર અગ્નિ પડે તો પણ જેને દેહલક્ષ્ય કે દેહભાવના જાગે નહિ, **ત્યારે જ પૂજા થઈ કહેવાય. તેવી પૂજા કરનાર જ પ્રભુની દશા પામી શકે છે** પણ સુગંધી કેસરનું લલાટે તિલક કર્યું હોય અને અંતર, વિષય-કષાયાદિ દોષો રૂપ મેલથી મલિન થતું હોય, તો તે પૂજા નહિ, પણ ધર્મપણું બતાવવાનો કુળાચાર છે.

—લેખકના સદ્બોધ સંગ્રહ પુસ્તકમાંથી સાભાર-ઉધ્ધૃત

પ્રકરણ અઠાવીશમું

જૈનોને સંબોધન

આપણો અંધાપો

એક સુંદર શહેરના એક જ દરવાજાવાળા કિલ્લાને હાથ દઇ એક આંધળો શહેરની અંદર જવા માટે દરવાજો શોધતો હતો. દરવાજો આવતાં જ તેને ખુજલી આવતી. ચાલતાં ચાલતાં જ તે ખજવાળતો અને દરવાજો વટાવી જતો. એમ દરવખત દરવાજા પાસે આવતી વખતે જ ખુજલી આવે અને ખજવાળતાં ખજવાળતાં જ દરવાજો વટાવી જાય.

આ પ્રમાણે આંધળો ઘાંચીના બળદની માફક કિલ્લાને ફરતા આટા માર્યા જ કરે પણ તેને દરવાજો હાથ ન લાગ્યો. તોપણ તે પોતાની સહનશીલતા અને સમતા માટે તે મગરૂરી કર્યા જ કરે છે.

આપણે ખરા ધર્મનો દરવાજો કે મોક્ષનો દરવાજો શોધનારા અંધા જ છીએ.

પક્ષવાદ રૂપ ખુજલીને આપણે દાબી શકતા નથી.

અને શુદ્ધ ધર્મરૂપી મોક્ષનો દરવાજો શોધી શકતા નથી,

* + *

જમાનો બદલાયો છે
નવયુવકો ધર્મવિમુખ બનતા જાય છે
જૈનોની સંખ્યા ગણીગાંઠી રહી છે
જીવન મરણનો સવાલ ઉભો થયો છે.
જીવતા રહેવું હોય તો
ધર્મનો હ્રાસ થતો અટકાવવાની જરૂર છે
નહિ તો વિનાશ તો નક્કી છે જ
આવે વખતે પણ
ગંભીરતા પૂર્વક એક્તાનો વિચાર કરવાનું
આપણને સુઝતું નથી
ધિક્કાર હો! આપણને!
શરમ છે આપણને!

ઓ સંપ્રદાયો! સંસ્થાઓ! સભાઓ!

આ વિષમ કાળમાં ટકવું છે,
તરવું છે કે ભવભ્રમણ વધારવું છે?
આપવડાઈ અને કુસંપથી
સર્વનાશ નોતરાય છે.
સંપ્રદાયવાદનું ઝેર
ધર્મદેહને જર્જરિત બનાવી રહેલ છે

વિનાશથી બચવા માટે
વિરોધો દાબી દેવામાં ડહાપણ વાપરો
શુદ્ધ જૈનધર્મ એક જ છે તે ભૂલશો નહિ
ધર્મને સારી રીતે સમજો, સમજાવો, અનુસરો
એક્તાનો ધર્મ
વાદપક્ષ વિનાનો ધર્મ
હુંપદના ત્યાગનો ધર્મ
વેરઝેર વિનાનો ધર્મ
સ્વાર્થ ત્યાગનો ધર્મ
વીરતા નીડરતાનો ધર્મ
સ્યાદ્‌વાદનો ધર્મ
એવા સાચા ધર્મનો જ ફેલાવો કરો

ઓ જૈનો! શ્રાવકો! સાધુઓ!

બાહ્ય ધાર્મિક ક્રિયાના ઝઘડા છોડો.
ક્રિયાનો સાચો અર્થ—ભાવ સમજો, સમજાવો.
સાચા ધર્મભાવવાળી ક્રિયા આદરો, અદરાવો.
ઘમંડ છોડી ઐકય સાધો.
પક્ષભેદ છોડી પરમાર્થને પકડો
એક જ અવાજથી બોલો
એક જ માર્ગ પર ચાલો.

વિવિધતા ફક્ત કાર્યક્ષેત્રની વહેંચણીમાં રાખો
થોડાકો વિદ્યાવૃદ્ધિની યોજનામાં લાગો
થોડાકો સમાજ સુધારાના યુદ્ધમાં મચો
થોડાકો ઐક્યના ચોકીદાર બનો.
અને માત્ર થોડાકો
ધર્મમાં, સિદ્ધાંતમાં નિષ્ણાત બનીને
મતભેદો મટાડવામાં મશગુલ રહો

જૈન નામધારી દરેક પક્ષના સાધુઓ!

પક્ષવાદ છોડો! સંપ્રદાયવાદ છોડો!
ભગવાન મહાવીરે એક જ ધર્મ પ્રરૂપ્યો છે.
ભગવાનના વચનના ખોટા અર્થ ન કરો.
એકાંતવાદ પકડીને પક્ષો પાડયા છે તે
સાચો ધર્મ નથી.
સંપ્રદાયવાદના ઈજારદાર ન બનો
પૂર્વજોએ પાડેલા પક્ષભેદના પાપનું પ્રાયશ્ચિત કરો.
સત્યધર્મ–મૂળધર્મ સમજો, સમજાવો.
પોતાની નિર્બળતા કબૂલ કરવી તે
પ્રામાણિકતા છે
પોતાની નિર્બળતાની છૂટ ભગવાનના નામે
ચડાવવી તે અધર્મ છે.
હજીએ બાજી હાથમાં છે.

પક્ષભેદથી ધર્મનો હ્રાસ થતો અટકાવો
જૈનધર્મના વિકાસ-પ્રચારમાં ઉદ્યમવંત થાઓ.
તમે શ્રાવકોના પૂજ્ય છો
શ્રાવકો તમને જ અનુસરે છે
ધર્મમાં એકતા લાવવી તે તમારા જ હાથમાં છે.
કર્તવ્ય ચૂકશો તો પસ્તાશો
પ્રાંતેપ્રાંત અને ગામેગામના જૈનોમાં
એકતા, વિદ્યા, સમાજસુધારણા અને
ઉત્સાહનો પવન ફુંકો.
રાજદ્વારી હિલચાલથી અલગ રહેજો.
લોકોને જ્ઞાનનાં ચક્ષુ આપો
એકતાની હુંફ આપો
ઉત્સાહની શક્તિ આપો
લોકોની સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ કેળવો.
ખોટી માન્યતાઓ દૂર કરો.
વરઘોડા, પૂજાના ઠઠેરા, મોંઘા જલસા, ખરચાળ
ઉજમણાં, ચોમાસામાં ગુરુદર્શન વગેરે
વગેરે પાછળ નકામા ખર્ચ કરતા લોકોને રોકો
ધર્મજ્ઞાન વધારવાના ઉપાયો યોજો
સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનાં હૃદયમાં
નવું ચેતન રેડી
શક્તિવાન બનાવો

લોકોના વહેમ, સ્વાર્થ, લોભ, અભિમાન આળસ
વગેરે ખામીઓ દૂર કરો

યુગ પલટાયો છે

યુગ પ્રધાન ઉત્પન્ન કરો

યુગપ્રધાન તમારામાંથી જ પાકશે
અને પાકવો જોઇએ એવી શ્રદ્ધા રાખો

યાદ રાખો—

જેવાને તેવું જ મળે છે
જેવા આપણે હોઇએ તેવા જ
ગુરુ કે નેતા મળે છે.

માટે—

યુગપ્રધાન ઉત્પન્ન કરવો એ જ તમારૂં ધ્યેય હોવું જોઇએ.
યુગપ્રધાનનાં સ્વપ્નાં એ જ તમારો આનંદ હોવો જોઇએ
યુગપ્રધાન! યુગપ્રધાન!

એ જ તમારૂં જીવન, આશા અને મંત્ર હોવો જોઇએ
તેને માટે જમીન તૈયાર કરો
તેવા આંદોલન ફેલાવો

યુગપ્રધાનનું કાર્ય સરળ બનાવવા માટે—

યાદ રાખો કે

નબળો સબળાની કદર કરી શકતો નથી
મૂર્ખ જ્ઞાનીને પીછાની શકતો નથી

માટે—

યુગપુરુષને ઓળખે અને સમજે
તેવો યોગ્ય સમાજ બનાવો
સ્ત્રી પુરુષોને બુદ્ધિશાળી અને બહાદુર બનાવો
કે જેથી—

યુગપુરુષને ઓળખી શકે
યુગપુરુષનું મહાત્મ્ય સમજી શકે
યુગપુરુષનો ઉપદેશ ગ્રહણ કરી શકે
યુગપુરુષની આજ્ઞા આચારમાં મૂકી શકે
અને ધર્મની એકતા સાધી શકે
ખોટી માન્યતાઓ, શંકાઓને તિલાંજલી આપો
યુગપ્રધાનના સૈનિક બનવા
સાચા ધર્મને માર્ગે ચડવા, ચડાવવા
આજથી જ તત્પર બનો
અને

જૈનધર્મની એકતાનો ડંકો વગાડો

☆